॥ श्री जिनाय नमः ॥

# ॥ श्री धम्मिलकुमार चरित्र ॥

( मूळकर्त्ता–श्री जयशेखरसूरि )

ગુજરાતી ભાષાંતર સહિત છાપી પ્રસિદ્ધ કરનાર


## વીઠલજી હીરાલાલ લાલન.

જામનગરવાળા.



વીર સં. ૨૪૫૬ વિક્રમ સં. ૧૯૮૬

સને–૧૯૩૦

કિં. રૂા. ૬–૦–૦

આ ગ્રંથ પ્રસિદ્ધકર્ત્તાએ પોતાના સૂર્યોદય પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

જામનગર.

# પ્રસ્તાવના.

સુજ્ઞ વાચકો,

આ "ધમ્મિલકુમાર ચરિત્ર" નામનો ગ્રંથ મૂળ સંસ્કૃત શ્લોકો અને તેના ભાષાંતર સહિત બહાર પાડતાં મને અનહદ આનંદ થાય છે. આ ગ્રંથના મૂળ કર્તા કવિવર્ય અંચલગચ્છી શ્રીમાન્ જયશેખરસૂરિજી મહારાજ સં. ૧૪૫૬ના અરસામાં થયેલા છે. આ ગ્રંથ ફક્ત મૂળ એટલે ભાષાંતરવિના પહેલી આવૃત્તિની પ્રેસ કોપી (મારા સ્વ. પિતાજી પં. હીરાલાલભાઇએ) જુની પ્રતઉપરથી લખી, અને અમે છાપી, બાદ બીજી આવૃત્તિ પણ અમે છાપેલ, બાદ ત્રીજી આવૃત્તિ ભાષાંતર સહિતની પ્રત આકારે ચાર ભાગમાં છાપી, આ ભાષાંતર સ્વ. પંડિત હીરાલાલભાઇની નિગેબાની નીચે મારા ભાઇ મનઃસુખલાલે કર્યું, તે તમામ પ્રતો ખપી જવાથી અને ચાલુ માંગણી રહેવાથી આ સાહસ મેં કર્યું, અને આ વખતે બુક આકારે આપની સમક્ષ રજુ કરૂં છું.

આ ગ્રંથની સંસ્કૃત કવિતા એટલી બધી રસવાળી અને પ્રાસ સહિત છે કે જે વાંચતાં તેના શોખીનોને ઘણોજ આનંદ થાય તેમ છે. વળી આ ચરિત્રમાં વાર્તાની રચના અને દૃષ્ટાંતો એવાં પ્રાસંગિક અને રસવાળાં મુકયાં છે કે જે બુક હાથમાં લીધા પછી મુકવાનું મન નહિ થાય. તેમજ થોડા સંસ્કૃત અભ્યાસવાળાને પોતાની મેળે પંડિત વિના પણ અભ્યાસ વધી શકે તેવી સગવડવાળું ભાષાંતર હોઇને તેમને અતિ ઉપયોગી છે. તેમજ આ ગ્રંથ કેટલો રસિક અને માનનીય છે તેનો ખ્યાલ તેની આ ચોથી આવૃત્તિ કરવી પડી તેથીજ બસ થઇ રહેશે. ભાષાંતર સહિતની ત્રીજી આવૃત્તિની આ ગ્રંથની ચારે ભાગની કિંમત તે વખતે રૂ. ૧૩॥ રાખવામાં આવી હતી, આ વખતે વધારે લાભ લેવાય તે માટે તેની કિંમત ફકત રૂ. ૬) રાખવામાં આવી છે, જેથી જ્ઞાનભંડારો તથા લાયબ્રેરી વિગેરે સુખેથી લઇ શકશે.

હું પંડિત કે વિદ્વાન્ નથી, સાધારણ સંસ્કૃત અભ્યાસ સાથે અનુભવ ૨૫) વર્ષો થયાં સ્વ. પંડિતજી સાથેનો લખવા વાંચવાનો હોઇને આ મહાન્ ગ્રંથનાં પ્રુફો બહુ કાળજીથી વાંચી બહાર પાડેલ છે, છતાં કાંઇ ભુલ લાગે તો સુધારી વાંચવા નમ્ર વિનંતિ છે.

જામનગર<br>સં. ૧૯૮૬ જયેષ્ઠ શુદ ૭ } સેવક,<br>વીઠલજી હીરાલાલ લાલન.

# આ ધમ્મિલચરિત્રમાં અંતર્ગત દૃષ્ટાંતો

## નીચે મુજબ છેઃ-


| | |
|---|---|
| | પૃષ્ઠ. |
| ૧ પરીક્ષા કર્યાવિના સ્ત્રી પરણવામાટે ધર્મદત્તનું દૃષ્ટાંત ... | ૩૨ |
| ૨ સ્ત્રી ન પરણવામાટે ધમ્મિલે આપેલું ગોપલ-કવિનું દૃષ્ટાંત | ૮૩ |
| ૩ વગર વિચાર્યું કાર્ય કરવા માટે સોમિલ બ્રાહ્મણનું દૃષ્ટાંત | ૧૦૯ |
| ૪ ભવિતવ્યતા ઉપર શિવ બ્રાહ્મણનું દૃષ્ટાંત ... ... | ૧૧૭ |
| ૫ ધર્માદિરણે ગુણવર્મનું દૃષ્ટાંત ... ... ... ... | ૧૬૯ |
| ૬ અગલદત્ત મુનિએ સ્વમુખે પોતનું કહેલું દૃષ્ટાંત ... ... | ૨૨૫ |
| ૭ સતિશિરોમણિ ધનશ્રીનું દૃષ્ટાંત ... ... ... ... | ૩૩૯ |
| ૮ મહાસતી શીલવતીનું દૃષ્ટાંત ... ... ... ... | ૩૮૯ |
| ૯ સ્વચ્છંદતા ઉપર વસુદત્તા તથા અરિદમનનું દૃષ્ટાંત ... | ૪૪૭ |



**નોટઃ**—દરેક જાતનું બુકવર્ક કામ ખંતથી નિયમિત રીતે સંતોષકાક કરી આપશું, તેમજ સંસ્કૃત પ્રુફ-રીડીંગનું કામ કરતા હોઇને છપાવનારને દરેક સગવડ અમારે ત્યાં થશે. તેમજ કાગળો વિગેરે ટ્રાન્શાપથી મંગાવતા હોઇને તેમાં પણ ફાયદો થશે. તો અમારા સાથે કામ પાડી ખાત્રી કરવા ભલામણ છે.



સૂર્યોદય પ્રેસ—જામનગર.

# श्री धम्मिलकुमार चरित्र.

## ( मूलकर्ता—श्री जयशेखरसूरि. )

—ભાષાંતર સહિત છાપી પ્રસિદ્ધ કરનાર—

વીઠલજી હીરાલાલ શાહ—( જામનગરવાળા. )

बोधिबीजं सतां स्वांत—भूमौ वप्तुमना इव ॥
योऽधाद् वृषं पदोपांते । स श्रीमान् ऋषभः श्रिये ॥ १ ॥

અર્થ:—સંતપુરૂષોનાં અંત:કરણરૂપી ભૂમિને વિષે સમ્યક્ત્વનું બીજ વાવવાની જાણે ઇચ્છા થઇ હોય નહિ! (એવા હેતુથી) જેણે બળદને પોતાની પાસે રાખેલો છે એવા શ્રીમાન્ ઋષભદેવપ્રભુ (અમારા) કલ્યાણમાટે (થાઓ). ॥ ૧ ॥

यस्यांह्रिसेवया स्थैर्य—मपि सत्वरगत्वरौ ॥
भेजतुः श्रीः कुरंगश्च । स श्रीशांतिजिनो मुदे ॥ २ ॥

અર્થ:—જેના ચરણની સેવાથી ચપળગતિવાળા એવા પણ લક્ષ્મી અને હરિણ સ્થિરપણું પામ્યા છે તે શ્રીશાંતિનાથપ્રભુ હર્ષને-માટે ( થાઓ. ) ॥ ૨ ॥

जलजीवोऽप्यभूच्छंखो । मांगल्यमधुरध्वनिः ॥
यस्यांह्रिसेवापुण्येन । तं श्रीनेमिनमानुमः ॥ ३ ॥

અર્થ:—જેના ચરણની સેવાના પુણ્યથી જલજંતુ એવો શંખ પણ મંગલિક મધુર ધ્વનિવાળો થયો, તે શ્રીનેમિનાથપ્રભુની અમો સ્તુતિ કરીયે છીયે. ॥ ૩ ॥

૧ સૂર્યોદય પ્રેસ—જામનગર.

पार्श्वो जयति यो दीपा—नुच्चैः फणिमणिच्छलात् ॥
तेने तमोभृते लोके । सतां मुक्तौ यियासतां ॥ ४ ॥

અર્થ:—મોક્ષમાં જવાની ઇચ્છાવાળા સતપુરુષોને માટે અંધકારથી ભરેલા જગતમાં સર્પના મણિઓના મિષથી જેણે દીપકો ઉંચે ધરી રાખેલા છે તે શ્રીપાર્શ્વનાથપ્રભુ જય પામે છે. ॥ ૪ ॥

नारीद्वयोदरस्थित्यो—त्खातारोपितशालिवत् ॥
योऽक्षतश्रीः क्रमाज्जातः । श्रिये स ज्ञातनंदनः ॥ ५ ॥

અર્થ:—બે સ્ત્રીઓની કુક્ષિમાં રહેવાથી ઉખેડીને ફરીથી વાવેલા શાલિની પેઠે જે અનુક્રમે અક્ષતની શોભાવાળા ( સિદ્ધ ) થયા તે શ્રી મહાવીરપ્રભુ લક્ષ્મીમાટે ( થાઓ. ) ॥ ૫ ॥

येषु धुर्येष्विव न्यस्य । शासनस्य धुरं जिनाः ॥
निश्चिंता निर्वृतिं भेजु—स्ते मुदे गणधारिणः ॥ ६ ॥

અર્થ:–જેમ બળદ ઉપર તેમ જેઓના પર શાસનની ધુરા સ્થાપીને જિનેશ્વરો નિશ્ચિંતપણે મોક્ષ પામ્યા છે તે ગણધરો હર્ષમાટે (થાઓ.)

जयत्यर्थपयःपूर—प्रीणितप्राणिमंडला ॥
तत्कालजापि जैनी गौ—श्चरंती विश्वगोचरे ॥ ७ ॥

અર્થ:—તત્કાલ જન્મેલી એવી પણ જૈની વાણી ( ગાય ) જગતમાં ફરતી અને અર્થરૂપી દૂધના સમૂહથી લોકોના મંડલને ખુશી કરતીથકી જય પામે છે. ॥ ૭ ॥

इह विश्वजनप्रेय—श्छायानां सर्वशर्मणां ॥
धर्मोऽनुपहतो हेतु—र्बीजं भूमीरुहामिव ॥ ८ ॥

અર્થ:—સર્વલોકોને આનંદકારી છાયાવાળાં વૃક્ષોનો હેતુ જેમ બીજ છે તેમ આ જગતમાં સર્વ સુખનો અનિવાર્ય હેતુ ધર્મ છે.

निःशेषक्षत्रनक्षत्र—चक्रे चक्रेश्वरः श्रिया ॥
यच्चंद्रमायितं धत्ते । तद्धर्मस्य विजृंभितं ॥ ९ ॥

અર્થ:—સઘળા ક્ષત્રિયરૂપી નક્ષત્રોના સમૂહમાં ચક્રવર્તી (રાજા) શોભાથી જે ચંદ્રપણાને પામે છે તે ધર્મનુંજ માહાત્મ્ય છે. ॥ ૯ ॥

सुरांगनासमारब्ध—संगीतप्रीतलोचनः ॥
दिवींद्रो देवसंसेव्यो । जन्यते पुण्यतेजसा ॥ १० ॥

અર્થ:—પુણ્યના પ્રકાશથીજ દેવલોકમાં રહેલો ઇંદ્રિ પણ અપ્સરાઓએ કરેલા ગાયનોમાં પ્રીતિયુક્ત નેત્રવાળો દેવોને સેવવાલાયક થાય છે. ॥ ૧૦ ॥

भवेत् त्रिदशकोटीर—कोटीरत्नांचितक्रमः ॥

प्रभुस्त्रिभुवनस्यापि । प्राक्तनैः सुकृतैर्जिनः ॥ ११ ॥

અર્થ:—જિનેશ્વર પણ પૂર્વે કરેલાં સુકૃત્યોથીજ દેવતાઓના મુકુટમાં રહેલા ક્રોડાગમે રત્નોથી પૂજાએલા ચરણવાળા અને ત્રણે ભુવનના પણ સ્વામી થાય છે. ॥ ૧૧ ॥

जीवाः सुखेच्छवः सर्वे । सुखं धर्मात्प्रजायते ॥

जीवनं तस्य कारुण्यं । प्राहुः स्तन्यं शिशोरिव ॥ १२ ॥

અર્થ:—સર્વ પ્રાણિઓ સુખના અભિલાષી છે અને તે સુખ ધર્મથીજ થાય છે, તથા જેમ બાલકનું જીવન સ્તનપાન છે તેમ ધર્મનું જીવન દયા છે. ॥ ૧૨ ॥

यथा मौलिः प्रतीकेषु । हृषीकेषु यथेक्षणं ॥

यथा सुरद्रुः सालेषु । विशालेषु यथा नभः ॥ १३ ॥

यथा हरिरमर्त्येषु । मर्त्येषु च यथा नृपः ॥

दयाधर्मस्तथा धर्म—कृत्येषु स्यात्पुरस्सरः ॥ १४ ॥ युग्मं ॥

અર્થ:—અવયવોમાં જેમ મસ્તક, ઇંદ્રિયોમાં જેમ ચક્ષુ, વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, વિશાલપદાર્થોમાં જેમ આકાશ, દેવોમાં જેમ ઇંદ્રિ, તથા મનુષ્યોમાં જેમ રાજા તેમ ધર્મકૃત્યોમાં દયાધર્મ મુખ્ય છે. ॥ ૧૩ ॥ ૧૪ ॥

सत्यशीलतपोऽस्तेय—पांडित्यप्रमुखोऽखिलः ॥

गुणग्रामः कृपाहीनो । निर्नाथनगरोपमः ॥ १५ ॥

અર્થ:—સત્ય શીલ તપ ચોરી નહિ કરવી તે અને વિદ્વતા વિગેરે સઘળા ગુણોનો સમૂહ દયા વિના નિર્નાયકનગરસમાન છે. ॥ ૧૫ ॥

आरोग्यभाग्यसौभाग्य—रूपभूपादिसंपदः ॥

कृपालुतालतायाः स्यात् । पुष्पौघो निर्वृतिः फलं ॥ १६ ॥

અર્થ:—આરોગ્યતા ભાગ્ય સૌભાગ્ય રૂપ અને રાજ્યાદિકસંપદા દયારૂપી વેલડીના પુષ્પોના સમૂહરૂપ છે. તથા તેના ફળરૂપ મોક્ષ છે.

वैरिवारिविषव्याल—व्याधिबंधादिबाधया ॥

तृषेव पीतपीयूषः । पीड्यते न कृपापरः ॥ १७ ॥

અર્થ:—અમૃતપાન કરનાર જેમ તૃષાથી તેમ દયાલુ માણસ શત્રુ જલ વિષ સર્પ તથા બંધન વિગેરેની પીડાથી પીડાતો નથી. ॥ ૧૭ ॥

वृणोति सकला संपत् । करुणाभाजनं जनं ॥
चरित्रं धम्मिलस्यात्र । साक्षात्कुर्मः प्रतीतये ॥ १८ ॥

અર્થ:—દયાલુ માણસને સઘળી સંપદાઓ પ્રાપ્ત થાય છે (તેની) પ્રતીતિ માટે અહિં અમો ધમ્મિલકુમારનું ચરિત્ર પ્રત્યક્ષ કહીયે છીયે. ॥ ૧૮ ॥

तथाहि–जंबूरित्यस्त्ययं द्वीपो । यः सुमेरुमहीभृता ॥
बिभर्त्ति जगतीभित्ति—रेकस्तंभालयश्रियं ॥ १९ ॥

અર્થ:-તે કહે છે-જંબૂનામે દ્વીપ છે કે જે જગતીરૂપી ભીંતવાળો થયો થકો મેરૂપર્વતવડે કરીને એક સ્તંભવાળા મહેલની શોભાને ધારણ કરે છે. ॥ ૧૯ ॥

द्वीपस्यास्य सुवृत्तस्य । प्रमदावदनाकृतेः ॥
भालशोभालयं भाति । क्षेत्रं भरतनामकं ॥ २० ॥

અર્થ:—( ત્યાં ) ભરતનામનું ક્ષેત્ર સ્ત્રીના મુખની આકૃતિવાળા ગોળાકાર એવા આ જંબૂદ્વીપના લલાટની શોભાને ધારણ કરે છે. ॥૨૦॥

मध्ये देशनिवेशेन । तस्यापि तिलकायितं ॥
अस्ति वर्ण्यसुवर्णश्रि । कुशाग्रपुरपत्तनं ॥ २१ ॥

અર્થ:—તેના પણ મધ્ય ભાગમાં આવવાથી તિલકસરખું ઉંચા સુવર્ણની ( ઉંચજાતિના લોકોની ) શોભાવાલું કુશાગ્રપુર નામે શહેર છે. ॥ ૨૧ ॥

युवानो यत्र खेलंति । विमानेष्विव वेश्मसु ॥
मेषोन्मेषादिचेष्टाभि—र्मन्यंते मानवा इति ॥ २२ ॥

અર્થ:—જે નગરમાં દેવો જેમ વિમાનમાં તેમ મનુષ્યો ઘરોમાં ક્રીડા કરે છે. પરંતુ નેત્રના પલકારા આદિકની ચેષ્ટાથીજ તે મનુષ્યો છે એમ જણાય છે. ॥ ૨૨ ॥

मणिवेश्मसदोद्योते । यत्र रात्रिः प्रतीयते ॥
विकसत्कुमुदामोदा । व्योम्नि च ज्योतिरीक्षणात् ॥ २३ ॥

અર્થ:—મણિમય ઘરના નિરંતર પ્રકાશવાળા એવા જે શહેરમાં રાત્રિ તો માત્ર પ્રફુલ્લિત કુમુદોની સુગંધિથી તથા આકાશમાં તારાએ જોવાથીજ જણાય છે. ॥ ૨૩ ॥

यत्र जैनगृहाग्रस्थ–कल्याणकलशोद्भवैः ॥
गभस्त्यगस्तिभिर्ग्रस्ताः । पौराणां दुरितार्णवाः ॥ २४ ॥

અર્થ:—જે શહેરમાં જિનમંદિરપર રહેલા સુવર્ણકુંભોથી ઉત્પન્ન થયેલા કિરણોરૂપી અગસ્તિમુનિઓએ નગરજનોનાં દુઃખરૂપી સમુદ્ર પીધેલા છે. ॥ ૨૪ ॥

तत्रामित्रतमःस्तोमं । विजित्य विधृतोदयः ॥
ग्रहराज इव व्योम्नि । रेजे राजा परं तपः ॥ २५ ॥

અર્થ:—ત્યાં શત્રુરૂપી અંધકારના સમૂહને જીતીને આકાશમાં રહેલા સૂર્યની પેઠે ઉદયયુક્ત મહાતેજસ્વી રાજા શોભતો હતો. ॥ ૨૫ ॥

क्षारोऽब्धिः पंकजं पद्मं । कलंकींदुः शठो हरिः ॥
इत्येषु द्वेषिणी श्रीर्यं । निर्दोषमभजन्मुदा ॥ २६ ॥

અર્થ:—સમુદ્ર ખારો છે, કમલ કાદવમાં ઉત્પન્ન થયેલું છે, ચંદ્ર કલંકી છે, અને વિષ્ણુ ઠગ છે, એવું જાણીને તેઓ પ્રત્યે નાખુશ થયેલી લક્ષ્મી નિર્દોષ એવા જે રાજાને હર્ષથી ભજતી હતી. ॥ ૨૬ ॥

वैरिवृंदैरमृदिता । मुदिता दानवारिभिः ॥
व्यानशे मंक्षु यत्कीर्त्ति–वल्ली ब्रह्मांडमंडपं ॥ २७ ॥

અર્થ:—જે રાજાની કીર્તિરૂપી વેલડી વેરીઓના સમૂહોથી નહિ કચડાએલી તથા દાનરૂપી જલથી પુષ્ટ થયેલી જગતરૂપી મંડપ ઉપર તુરત વિસ્તાર પામી હતી. ॥ ૨૭ ॥

समरे धनुषा यस्या–ऽदर्शि पृष्टं विरोधिनां ॥
नश्यंतः सत्वरं पृष्टं । स्पर्धयेवास्य तेऽप्यदुः ॥ २८ ॥

અર્થ:—રણસંગ્રામમાં જેના ધનુષ્યે શત્રુઓપ્રત્યે પોતાની પીઠ દેખાડી ત્યારે તેની સ્પર્ધાથીજ જાણે હોય નહિ તેમ નાશતા શત્રુઓએ પણ તુરતજ પોતાની પીઠ આપી (દેખાડી) ॥ ૨૮ ॥

धारिणी शीलभूषायाः । सद्वाक्पीयूषसारिणी ॥
हारिणीमाश्रिता शोभां । दशोः पत्न्यस्य धारिणी ॥ २९ ॥

અર્થ:—તે રાજાને શીલરૂપી અલંકારને ધારણ કરનારી, મધુરવચનરૂપી અમૃતની નહેર સમાન, અને ચક્ષુઓની મનોહર શોભાને ધારણ કરનારી ધારિણી નામની પત્ની ( રાણી ) હતી. ॥ ૨૯ ॥

यदीयं हृदयं मुक्ता—स्रक् सिषेवे सुसंहिता ॥
अध्येतुमिव नैर्मल्यं । सद्गुणानां ह्यसौ स्थितिः ॥ ३० ॥

અર્થઃ—સારીરીતે ગોઠવેલી મોતીની માળા જાણે નિર્મલપણાનો અભ્યાસ કરવા માટેજ હોય નહિં તેમ જે રાણીના હૃદયને સેવતી હતી, કારણકે સદ્દગુણીઓની એજ રીતી હોય છે. ॥ ૩૦ ॥

रंगभूरंगभूस्तस्याः । पितुः प्रीतेरजायत ॥
अमित्रदमनो नाम । वपुष्मानिव मन्मथः ॥ ३१ ॥

અર્થ:—તે રાણીને પિતાની પ્રીતિની રંગભૂમિ સરખો અને દેહધારી કામદેવ જેવો અમિત્રદમન નામે પુત્ર થયો. ॥ ૩૧ ॥

चित्रं प्रगुणयन् धर्मं । विनार्त्तिं योधवद्धनी ॥
समुद्रदत्तस्तत्रासी—दत्रासी मार्गणौघतः ॥ ३२ ॥

અર્થ:—આશ્ચર્ય છે કે યોદ્ધાની પેઠે બાણોના સમૂહથી ( યાચકોના સમૂહથી ) નહિ ડરનારો અને દુ:ખવિના ધર્મને મેળવનારો સમુદ્રદત્ત નામે ( એક ) ધનવાન્ ( શ્રેષ્ઠી ) ત્યાં વસતો હતો.

क्वचिद्रत्नैः प्रवालैश्च । क्वचित् क्वचन मौक्तिकैः ॥
मेदुरं मंदिरं तस्य । समुद्रोदरतां गतं ॥ ३३ ॥

અર્થ:—ક્યાંક રત્નોથી ક્યાંક પ્રવાલાઓથી અને ક્યાંક મોતીઓથી ભરેલું તેનું ઘર સમુદ્રના મધ્ય ભાગ જેવું લાગતું હતું. ॥ ૩૩ ॥

निकाये यस्य सच्छाये । चिरं विश्रम्य पद्मया ॥
भुवनभ्रमणोद्भूत—खेदच्छेदो व्यलीयत ॥ ३४ ॥

અર્થ:—જે શેઠના ઉતમ છાયાવાળા ઘરમાં ચિરકાલ વિશ્રામ લઈને લક્ષ્મીએ જગતમાં ભમવાથી ઉત્પન્ન થયેલા પોતાના પસીનાનો વિનાશ કર્યો. ॥ ૩૪ ॥

प्रेयसि प्रेयसी भक्तिः । सूक्तिपीयूषकामधुक् ॥
जनी सार्वजनीनास्य । सुभद्रा नामतोऽजनि ॥ ३५ ॥

અર્થ:—ભર્તારમાં પ્રીતિયુક્ત ભક્તિવાળી, સદ્વચનરૂપી અમૃતની ( દૂધની ) કામધેનુ સરખી તથા સર્વલોકોને માનનિક એવી સુભદ્રા નામની તે શેઠની પત્ની હતી. ॥ ૩૫ ॥

प्रीतिप्रेरणयामंस्त । श्रेष्ठी तां जिवितेश्वरीं ॥
सा पुनर्विनयादासी–दासींमन्या प्रियंप्रति ॥ ३६ ॥

અર્થ:—તે સુભદ્રાને પ્રીતિની પ્રેરણાથી શેઠ પોતાના જીવનની માલિક સમાન માનતો હતો, અને તેણી પણ વિનયથી ( પોતાના ) તે પતિ તરફ દાસીપણે વર્તતી. ॥ ૩૬ ॥

कालो भूयान् मिथःप्रेम—गुणनिःस्यूतयोस्तयोः ॥
गृहमंडनयोर्दंड—वैजयंत्योरिवागमत् ॥ ३७ ॥

અર્થ:—પરસ્પર પ્રેમરૂપી દોરાથી સીવાયેલા દંડ અને પતાકાની પેઠે ઘરના મંડનરૂપ એવા તે બન્નેનો ( દંપતીનો ) ઘણો કાલ વ્યતીત થયો. ॥ ૩૭ ॥

नयश्रीर्निशि निद्राणा—ऽन्यदानिमिषनायकं ॥
ददर्श दर्शनानंदं । स्वप्ने श्वेतेभवाहनं ॥ ३८ ॥

અર્થ:—એક દિવસે ન્યાયયુક્ત લક્ષ્મીવાળી ( તે સુભદ્રાએ ) રાત્રિને સમયે સુતાં થકાં સ્વપ્નમાં શ્વેતહસ્તિના વાહનવાળા તથા આનંદી દર્શનવાલા ઇંદ્રને જોયો. ॥ ૩૮ ॥

तन्वि ते तनयो भावी । श्रीमान् धीमांश्च निश्चितं ॥
स्वप्न एवेति साश्रौषी—त्तस्यामृतकिरं गिरं ॥ ३९ ॥

અર્થ:—અને હે કોમલાંગી ! તને ખરેખર લક્ષ્મીવાન્ અને બુદ્ધિવાન્ પુત્ર થશે, એવી તેની અમૃતઝરતી વાણી તેણીએ સ્વપ્નમાં સાંભળી. ॥ ૩૯ ॥

स्वप्ने निवेदिते पत्यु—स्तया विद्राणनिद्रया ॥
अश्रावि वंशशृंगार—पुत्रलाभमयं फलं ॥ ४० ॥

અર્થ:—જાગેલી એવી તેણીએ (પોતાના) પતિને તે સ્વપ્ન કહે છતે (તેમના મુખથી) કુલના મંડનરૂપ પુત્રના લાભનું ફળ સાંભલ્યું.

दध्रेऽथ गर्भमक्रूर—मंकूरमवनीव सा ॥
प्रायः स्वप्नश्रुतं दिव्यं । विपर्यस्यति नो वचः ॥ ४१ ॥

અર્થ:—હવે પૃથ્વી જેમ અંકુરને તેમ તેણીએ ઉત્તમ ગર્ભ ધારણ કર્યો, કારણકે સ્વપ્નમાં સાંભળેલી દેવવાણી પ્રાયે મિથ્યા થતી નથી. ॥ ૪૧ ॥

सुतं प्रासूत सा काले । सीतांशुमिव पूर्णिमा ॥
आलोकमात्रसंप्रीत—लोकलोचनकैरवं ॥ ४२ ॥

અર્થ:—જોવા માત્રથીજ લોકોના નયનકમળને ખુશી કરનારા ચંદ્રને જેમ પૂર્ણિમા તેમ તેણીએ યોગ્યકાલે પુત્રને જન્મ આપ્યો. ॥૪૨॥

नाले नालीकवक्त्रस्य । बालस्यास्य भुवस्तले ॥
निखायमाने निर्भिन्न—सादः प्रादुरभून्निधिः ॥ ४३ ॥

અર્થ:—ઉત્તમ મુખવાળા આ બાળકની નાળ જમીનમાં દાટતે છતે ત્યાં દુઃખ દૂર કરનારો ધનનો ભંડાર પ્રકટ થયો. ॥ ૪૩ ॥

चेटैराकस्मिकप्राप्ति—तुष्टैः श्रेष्ठ्यवबोधितः ॥
योगीव ब्रह्मरंध्रं त—न्निधानमुदजीघटत् ॥ ४४ ॥

અર્થ:—અકસ્માત્ ( તે નિધાનની ) પ્રાપ્તિથી ખુશી થયેલા નોકરો મારફતે ખબર મલવાથી યોગી જેમ બ્રહ્મદ્વારને તેમ શેઠે તે નિધાન ખોલાવ્યું. ॥ ૪૪ ॥

दारिद्र्यदारुदाहाय । दवानलशिखासखं ॥
रुक्मराशिमसौ तत्र । निरीक्ष्य मुमुदेतरां ॥ ४५ ॥

અર્થ:—દારિદ્રયરૂપી કાષ્ટને બાળવાને દાવાનલની જ્વાલા સરખા તેમાં રહેલા સુવર્ણના સમૂહને જોઇને તે શેઠ ઘણો ખુશી થયો. ॥ ૪૫ ॥

पुण्यैः प्रकाशितः पुत्र—स्यैवायमिति वार्त्तयन् ॥
स्वर्णांतरेकं तत्रासा—वत्रासं मणिमैक्षत ॥ ४६ ॥

અર્થ:—આ નિધાન પુત્રના પુણ્યથીજ પ્રગટ થયેલો છે, એમ વાત કરતાં થકાં તેણે તે નિધાનની અંદર રહેલા એક મનોહર મણિને જોયો. ॥ ૪૬ ॥

कोऽयं किमनुभावो वा । मणिरित्यात्तसंशयः ॥
तत्र पत्रमिति श्लोक—सुभगं लब्धवानसौ ॥ ४७ ॥

અર્થ:—આ મણિ કઈ જાતનો અને શું પ્રભાવવાળો હશે? એવી રીતે શંકિત થયેલા એવા તેને ત્યાં આવી રીતના શ્લોકથી મંડિત થયેલો એક પત્ર મલ્યો. ॥ ૪૭ ॥

एतत्संस्पर्शपूतेन । परिपीतेन पाथसा ॥
पुमान् पशूपमोऽपि स्या—द्विद्याधरितवाक्पतिः ॥ ४८ ॥

અર્થ:—આ મણિના સ્પર્શથી પવિત્ર થયેલું પાણી પીવાથી પશુ સરખો પુરૂષ પણ વિદ્વાન્ થઇને બૃહસ્પતિને પણ જીતનારો થાય છે.

**महिमानममुं मत्वा । मणेः श्रेष्टी व्यभावयत् ॥**

**अहो निरवधिर्भाग्यो-दधिर्बालस्य दृश्यतां ॥ ४९ ॥**

અર્થ:—તે મણિનું આવું માહાત્મ્ય જાણીને તે શ્રેષ્ટીએ વિચાર્યું કે અહો! આ બાલકનો અપાર ભાગ્યસમુદ્ર તો જુઓ? ॥ ૪૯ ॥

**श्रीकारणं निधिरसौ । धीकारणमयं मणिः ॥**

**ऐंद्रं वचो दृढयतः । प्रादुर्भूयास्य जन्मनि ॥ ५० ॥**

અર્થ:—લક્ષ્મીના કારણભૂત એવા આ નિધાને તથા બુદ્ધિના કારણભુત એવા આ મણિએ આ બાલકના જન્મ સમયે પ્રકટ થઇને ઇંદ્રિનું વચન દૃઢ કરેલું છે. ॥ ૫૦ ॥

**अंगजाताद्विनश्यंति । केऽपि दुष्टव्रणादिव ॥**

**फलात् कर्कंधव इव । लभंते ताडनां परे ॥ ५१ ॥**

અર્થ:—શરીરમાં ઉત્પન્ન થયેલા ગુમડાંથી જેમ તેમ કેટલાક ( મનુષ્યો ) પુત્રથી નાશ પામેછે. તથા કેટલાક ફળથી બોરડીની પેઠે તાડના પામે છે. ॥ ૫૧ ॥

**एकोऽहमेव धन्योऽस्मि । यदवाप्तोऽस्मि भासुरं ॥**

**पुत्ररत्नं प्रसूयामुं । रत्नाकरसपत्नतां ॥ ५२ ॥**

અર્થ:—માટે ( ખરેખર ) હુંજ એક ધન્ય છું, કે જે આવા કાંતિયુક્ત પુત્રરત્નને પામ્યો છું, તેમજ જે આ પુત્રરત્નને ઉત્પન્ન કરીને રત્નાકરની તુલ્યતાને પ્રાપ્ત થયો છું. ॥ ૫૨ ॥

**कार्यो निधिरयं सर्वो—ऽप्यस्य जन्मोत्सवेऽर्थिसात् ॥**

**अयमेव चिरायुः स्ता—न्न दूरे संपदः पुनः ॥ ५३ ॥**

અર્થ:—માટે આ સઘલું નિધાન આ પુત્રના જન્મોત્સવમાં મારે ભિક્ષુકોને આપી દેવું જોઇએ, ફક્ત આ પુત્રજ દીર્ઘાયુ થાઓ, કેમકે દ્રવ્ય પ્રાપ્તિ કંઇ દૂર નથી. ॥ ૫૩ ॥

**व्यधान्निधानव्ययतः । सोऽथ तज्जननोत्सवं ॥**

**तथा यथाधुनान्मौलि—मिलानाथोऽपि विस्मितः ॥ ५४ ॥**

અર્થ:—( એમ વિચારી ) તેણે તે નિધાન વાપરીને એવો તો તે પુત્રનો જન્મોત્સવ કર્યો કે જેથી રાજાને પણ આશ્ચર્યપૂર્વક પોતાનું મસ્તક ધુણાવવું પડયું. ॥ ૫૪ ॥

नीतः सुरेन्द्रदत्ताख्यां । पित्रा स्वप्नानुसारतः ॥

शिशुः शशी शुक्लपक्ष । इवावर्धत स क्रमात् ॥ ५५ ॥

અર્થ:—પછી પિતાએ સ્વપ્નને અનુસારે તેનું સુરેંદ્રદત્ત નામ રાખ્યું. તથા શુકલપક્ષમાં ચંદ્રની પેઠે તે બાળક ( પણ ) અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. ॥ ૫૫ ॥

काले कलाकलापांभः—सरसे विश्वभूतये ॥

उपाध्यायाय तातस्त–मध्यापयितुमार्पयत् ॥ ५६ ॥

અર્થ:—પછી અવસરે તેના પિતાએ તેને અભ્યાસ માટે કલાના સમૂહરૂપી જલના સરોવર સરખા વિશ્વભુતિ નામના અધ્યાપકને સોંપ્યો. ॥ ૫૬ ॥

मणिपूतपयःपान–पुष्टया सारकाष्टया ॥

सुबुद्धिवेडया शास्त्रां—भोधिं सर्वमगाहत ॥ ५७ ॥

અર્થ:—તે ( સુરેંદ્રદત્ત પણ ) મણિથી પવિત્ર થયેલા જલપાનથી પુષ્ટ થયેલી તથા સારભૂત ઉત્કર્ષવાળી ( ઉત્તમકાષ્ટથી બનેલી એવી ) ઉત્તમ બુદ્ધિરૂપી હોડીવડે કરીને સઘળો શાસ્ત્રસમુદ્ર તરી ગયો. ॥૫૭॥

शास्त्रं दुर्बोधमन्यैर्यत् । तत्राप्यस्यास्फुरन्मतिः ॥

मुक्तापि गलिभिर्न स्याद् । धूर्धोरेयस्य दुर्धरा ॥ ५८ ॥

અર્થ:—જે શાસ્ત્ર બીજાઓને સમજવું મુશકેલ હતું તેમાં પણ આ સુરેંદ્રદત્તની બુદ્ધિ ફેલાતી હતી. કારણકે ગળીયા બળદોએ છોડી દીધેલું ધોંસરૂં બળવાન બળદને ઉપાડવું કંઈ મુશ્કલ પડે નહિ. ॥ ૫૮ ॥

अमित्रदमनोऽप्यत्र । सूनुर्वसुमतीपतेः ॥

समं सुरेन्द्रदत्तेन । तेनाध्येतुं प्रचक्रमे ॥ ५९ ॥

અર્થ:—અમિત્રદમન નામનો રાજાનો પુત્ર પણ અહિં તે સુરેંદ્રદત્તની સાથેજ અભ્યાસ કરવા લાગ્યો. ॥ ૫૯ ॥

इतश्च सागरः श्रेष्टी । तत्राभूगुदृणसागरः ॥

यस्यानुवेलं वर्धिष्णो–रस्ताघः कमलोदयः ॥ ६० ॥

અર્થ:—હવે તે નગરમાં ગુણોના સમુદ્ર સરખો સાગર નામે શેઠ ( વસતો હતો ) ક્ષણે ક્ષણે ઉન્નતિ પામતા ( વેર વખતે વૃદ્ધિ પામતા ) એવા જે શેઠનો લક્ષ્મીનો ઉદય અપાર હતો. ॥ ૬૦ ॥

सत्यभामोदरसरः–पद्मिनी तस्य नंदिनी ॥
सुभद्राभूदनिद्राणां–भोजविभ्राजिलोचना ॥ ६१ ॥

અર્થ:—તે શેઠને સત્યભામા નામની સ્ત્રીના ઉદરરૂપી તળાવમાં કમલિની સરખી તથા વિકસિત કમળસરખી શોભિતી આંખોવાળી સુભદ્રા નામની પુત્રી હતી. ॥ ६१ ॥

सापि बाल्याच्चकोरीव । कलावत्यनुरागिणी ॥
अधीयती सतीर्थ्याभूद् । भूपतिश्रेष्टिपुत्रयोः ॥ ६२ ॥

અર્થ:—ચંદ્રપ્રત્યે જેમ ચકોરી તેમ બાલ્યપણાથીજ કલાવાન-પ્રત્યે સ્નેહવાળી તે સુભદ્રા પણ તે રાજપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર બન્નેની સાથે વિદ્યાભ્યાસ કરતી હતી. ॥ ६२ ॥

पठन् पश्चादभूद्भूप–सूनुः प्रकृतिबालिशः ॥
महामतेः सुरेन्द्रस्य । जंघालस्येव मंथरः ॥ ६३ ॥

અર્થ:—જેમ ધીમે ચાલનારો માણસ ઉતાવળી ચાલના માણસની પાછળ રહી જાય છે, તેમ સ્વભાવથી સ્વલ્પબુદ્ધિવાળો રાજપુત્ર અભ્યાસમાં મહાબુદ્ધિવાન્ સુરેંદ્રદત્તની પાછળ રહી ગયો. ॥ ६३ ॥

अध्येत्रापि प्रयत्नेन । सलीलमपि पाठितः ॥
नासौ मिमिल सामुद्रे–र्बालो यून इवाध्वनि ॥ ६४ ॥

અર્થ:—અધ્યાપકે મહેનત લેઇને સહેલીરીતે ભણાવતાં છતાં પણ તે રાજપુત્ર માર્ગમાં બાળક જેમ યુવાનને તેમ સુરેંદ્રદત્તને પહોંચી શકયો નહિ. ॥ ६४ ॥

प्रायो दुर्गेऽपि शास्त्राध्व–न्यध्वगस्येभ्यजन्मनः ॥
न छाययेव देहस्य । व्यभिचेरे सुभद्रया ॥ ६५ ॥

અર્થ:—પ્રાયે કરીને કઠિન શાસ્ત્રોના અભ્યાસમાં પણ શરીરની છાયાની પેઠે તે સુભદ્રા તે શ્રેષ્ઠીપુત્રથી જુદી પડી નહિ. ॥ ६५ ॥

स्वप्रतिभानुमानेन । संगृह्णाना गुरोर्गिरः ॥
अन्येऽपि तत्र शालायां । छात्राः पेठुः परे शताः ॥ ६६ ॥

અર્થ:—વળી તે શાળામાં પોતપોતાની બુદ્ધિ પ્રમાણે ગુરૂવચન અંગીકાર કરનારા બીજા પણ સેંકડોગમે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. ॥ ६६ ॥

कदाचन विनेयानां । गुरुः प्रज्ञां परिक्षितुं ॥
गांभीर्यवारिधेर्वीची–सध्रीचीं वाचमूचिवान् ॥ ६७ ॥

અર્થ:—એક દિવસે વિદ્યાર્થીઓની બુદ્ધિની પરીક્ષા કરવા માટે ગુરુ ગંભીરતારુપી સમુદ્રના મોજાંસરખી વાણી બોલ્યા. ॥ ૬૭ ॥

हंहो शृणुत सर्वेऽपि । शिष्या अक्षामबुद्धयः ॥
पद्भ्यामास्तिघ्नते भूपं । यः स कं दंडमर्हति ॥ ६८ ॥

અર્થ:—હે બુદ્ધિમાન્ શિષ્યો! તમો સઘળા સાંભળો જે કોઇ રાજાને પોતાના બન્ને પગથી મારે તે કયા દંડને લાયક થાય? ॥૬૮॥

मार्यः कार्योऽथवा छिन्न–पादः स ध्रुवमल्पधीः ॥
इति सर्वेषु जल्पत्सु । सामुद्रिर्मौनमत्यजत् ॥ ६९ ॥

અર્થ:—તે અલ્પબુદ્ધિને મારી નાખવો જોઇએ, અથવા તેના પગ છેદવા જોઇએ એમ સર્વ વિદ્યાર્થીઓ જ્યારે બોલ્યા ત્યારે સુરેંદ્રદત્ત બોલ્યો કે, ॥ ૬૯ ॥

आः किं वितथ गुरोर्वाचां । परमार्थमविंदवः ॥
पद्भ्यां क्रमति भूपं यः । पूज्य एव स धीमतां ॥ ७० ॥

અર્થ:—અરે તમો ગુરૂના વચનનો પરમાર્થ જાણ્યા વિના આ શું બોલો છો? જે માણસ પગથી રાજાને મારે છે તે બુદ્ધિવાનોને પૂજવા લાયકજ થાય છે. ॥ ૭૦ ॥

कथं कथमितिप्रश्नो–त्तालकोलाहलाकुले ॥
विनेयमंडले प्रोचे । स पुनः श्रेष्टिनंदनः ॥ ७१ ॥

અર્થ:—એમ કેમ? એમ કેમ? એવી રીતે પ્રશ્નપૂર્વક વિદ્યાર્થીવર્ગે ઘણો કોલાહલ કરતે છતે તે શ્રેષ્ઠીપુત્ર બોલ્યો કે, ॥ ૭૧ ॥

को ज्वलज्ज्वलनज्वालां । स चैतन्यः पिपासति ॥
को वा स्फारस्फटारत्नं । फणिभर्त्तुर्जिघृक्षति ॥ ७२ ॥

અર્થ:—બળતી અગ્નિજવાળાને કયો બુદ્ધિવાન્ પીવાની ઇચ્છા કરે? અથવા નાગરાજની વિસ્તીર્ણ ફણપર રહેલા મણિને કોણ લેવાની ઇચ્છા કરે? ॥ ૭૨ ॥

को जागृतो मृगेंद्रस्य । केसराण्युद्दिधीर्षति ॥
पादाभ्यां पृथिवीशं को । विशंकः स्कंतुमिच्छति ॥ ७३ ॥

અર્થ:—જાગતા સિંહની કેશવાળી ખેંચવાની ઇચ્છા કોણ કરે? તેમજ કયો માણસ નિ:શંકપણે પગથી રાજાને મારવા ઇચ્છે? ॥૭૩॥

परं क्रोडे परिक्रीड—माण उद्ध्र्वदमः पुरः ॥
आस्कंदति नृपं तातं । पद्भ्यां प्राणप्रियः सुतः ॥ ७४ ॥

અર્થ:—પરંતુ ખોળામાં રમતો પ્રાણપ્રિય પુત્ર પોતાના પિતા એવા રાજાને પણ ઉછાંછળો થયો થકો પગથી મારે છે. ॥ ૭૪ ॥

पादैराक्रांतरत्नाद्रि—रिव कल्पद्रुमांकुरः ॥
स राज्ञो राज्यसर्वस्वं । मार्यः पूज्योऽथवोच्यतां ॥ ७५ ॥

અર્થ:—મૂળીયાંથી દબાવેલ છે મેરુ પર્વત જેણે એવા કલ્પવૃક્ષના અંકુરાની પેઠે રાજ્યની સર્વ મિલ્કતરૂપ એવા રાજાના તે પુત્રને મારવો કે પૂજવો તે કહો? ॥ ૭૫ ॥

धियं निध्याय सामुद्रे—र्धुन्वन्नध्यापको शिरः ॥
तस्मिन्नध्यापनायासं । सौवं मेने फलेग्रहि ॥ ७६ ॥

અર્થ:—એવી રીતની સુરેંદ્રદત્તની બુદ્ધિને ધ્યાનમાં લઈને તે અધ્યાપક ( પોતાનું ) મસ્તક ધુણાવતો થકો તેને અભ્યાસ કરાવવા માટે પોતે કરેલા શ્રમને સફળ માનવા લાગ્યો. ॥ ૭૬ ॥

कलंकिनीव शिष्यौघे । त्रपया न्यग्मुखे व्यधात् ॥
सुभद्रा न्युंछनं तस्य । चलाचलदृगंचलैः ॥ ७७ ॥

અર્થ:—( તે સમયે ) જાણે કલંકિત થયો હોય નહિ તેમ વિદ્યાર્થીઓનો સમૂહ લજ્જાથી જ્યારે નીચાં મુખવાળો થયો ત્યારે સુભદ્રા ચપળ કટાક્ષોથી તેનું ન્યુંછન કરવા કરવા લાગી ( સ્નેહ પૂર્વક તેના તેના તરફ જોવા લાગી ) ॥ ૭૭ ॥

नायं क्लेशस्य रोषस्य । जातु हेतुर्ममाभवत् ॥
अदर्शयच्च न स्नेह—विभेदं पितृवन्मयि ॥ ७८ ॥
मन्येऽदर्शि सदोपास्ति—तुष्टैर्देवैरसौ मम ॥
तत्तानेव पुनः सेवे—ऽमुष्य मंगलकाम्यया ॥ ७९ ॥
ध्यात्वेति विहितस्नानो । वसानः शुक्लवाससी ॥
धृताल्पहेमालंकारो । विकारोज्झितमानसः ॥ ८० ॥
स्वं मंत्रपूतं निर्माय । प्राणायामपुरस्सरं ॥
देवार्चां प्रावृतत् कर्तु—मुपाध्यायो यथाविधि ॥ ८१ ॥

અર્થ:—હવે તે ઉપાધ્યાય વિચારવા લાગ્યો કે આ સુરેંદ્રદત્ત કદાપિ પણ મને કલેશ કે ક્રોધના હેતુરૂપ થયો નથી તેમજ તેણે મારા

પ્રત્યે પિતાની પેઠે અભિન્ન સ્નેહ દેખાડેલ છે. ॥ ૭૮ ॥ વળી હું એમ માનું છું કે હમેશની પૂજાથી સંતુષ્ટ થયેલા દેવોએ મને આ સુરેંદ્રદત્ત દેખાડ્યો છે, માટે તેના કલ્યાણની ઈચ્છાથી હું તેજ દેવોને સેવું, ॥ ૭૯ ॥ એમ વિચારીને સ્નાન કરી શ્વેત વસ્ત્ર પહેરીને તથા સ્વલ્પ સ્વર્ણાલંકારો ધારણ કરીને વિકારરહિત મનથી ॥૮૦॥ પ્રાણાયામપૂર્વક પોતાના આત્માને મંત્રથી પવિત્ર કરીને વિધિપૂર્વક દેવપૂજા કરવા લાગ્યો. ॥ ૮૧ ॥

स्वर्णवर्णां पद्ममाला—मानयत सचेतनाः ॥
इत्यसौ पद्मपूजार्थी । शिष्यान्न्यक्षान् समादिशत् ॥ ८२ ॥

અર્થ:—કમલપૂજાના અર્થી ઉપાધ્યાયે સર્વ શિષ્યોને હુકમ કર્યો કે બુદ્ધિવાનો! તમો સોનેરી રંગની કમળમાળા લાવો? ॥ ૮૨ ॥

तेऽपि भ्रांत्वा सुवर्णाब्ज—मालां मालाकृदापणात् ॥
सरसश्च समानिन्यु—रहंपूर्विकया रयात् ॥ ८३ ॥

અર્થ:—ત્યારે તેઓ પણ સ્પર્ધાપૂર્વક ભમીને માળીની દુકાનેથી તથા તળાવમાંથી સોનેરી કમળની માળા લાવ્યા. ॥ ૮૩ ॥

सारसौरभसंभार-भ्रमितभ्रमरौघया ॥
देवानर्चंस्तया विप्रः । सामुद्रेर्भद्रमैहत । ८४ ॥

અર્થ:—ઉત્તમ સુગંધના સમૂહથી ( લલચાયેલા ) ભ્રમરના સમૂહ જેની આસપાસ ભમી રહ્યા છે એવી તે માળાથી દેવોને પૂજતો એવો તે બ્રાહ્મણ સુરેંદ્રદત્તનું કલ્યાણ ઇચ્છવા લાગ્યો. ॥ ૮૪ ॥

तावद् भूपालसूः पद्म-मालाख्यां कनकच्छविं ॥
दासीमानीतवान्नीति-मंदधीरात्ममंदिरात् ॥ ८५ ॥

અર્થ:—તેટલામાં વ્યવહારમાં મંદમતિવાળો રાજપુત્ર પોતાના ઘેરથી સોનેરી કાંતિવાળી ( રૂપવાન ) પદ્મમાલા નામની દાસીને ત્યાં લાવ્યો. ॥ ૮૫ ॥

किमेतदिति पृष्टश्चो-पाध्यायेन यथातथं ॥
सोऽभ्यधान्न प्रभुः प्रायो । मृदुधीर्मंतुनिह्नवे ॥ ८६ ॥

અર્થ:—ત્યારે ઉપાધ્યાયના પૂછવાથી તેણે પણ ખરેખરું કહ્યું, કેમકે પ્રાયે ભોળો મનુષ્ય પોતાનો ગુન્હો છુપાવવાને સમર્થ થતો નથી.

बिडालीं शकुनार्थीव । दासीं दृष्ट्वार्दितो गुरुः ॥
दध्यावध्यावितोऽप्येष । धीवंध्यो ही दृषद्यते ॥ ८७ ॥

અર્થ:—શકુન જોનારો માણસ જેમ બીલાડીને તેમ દાસીને જોઇને ખેદ પામેલા ગુરુએ વિચાર્યું કે અરે આ તો ભણાવ્યા છતાં નિર્બુદ્ધિ પત્થર જેવોજ રહ્યો. ॥ ૮૭ ॥

मखे वीक्ष्य पशुव्रात-घातं जातकृपेण किं ॥
स एष मेषः पुंवेषः । ससृजे विश्वरेतसा ॥ ८८ ॥

અર્થ:—યજ્ઞમાં થતી પશુસમૂહની હિંસાને જોઇને જાણે દયાથીજ વિધાતાએ આને પુરૂષરૂપે ઘેટોજ બનાવ્યો હોય નહિ તેમ લાગે છે.

उद्यमे सति कापेयं । व्यत्ययेऽजगरायितं ॥
यशो द्विधाप्यवसरा-ऽनभिज्ञानां हि दुर्लभं ॥ ८९ ॥

અર્થ:—અવસરને નહિ જાણનારા માણસનો ઉદ્યમ કપિચાપલ્ય-તરીકે, તથા તેનું આલસ અજગરના આચરણસરખું ગણાય છે, એવી રીતે તેઓને બન્ને રીતે યશ મળવો દુર્લભ છે. ॥ ૮૯ ॥

अप्यंबुभूषालोकाद्या । विनावसरमप्रियाः ॥
धूलिधूमांधकाराद्या । हृद्या अवसरे पुनः ॥ ९० ॥

અર્થ:—વળી અવસર વિનાના જલ આભૂષણ તથા નાટક આદિ પણ અપ્રિય થઇ પડે છે, અને અવસરે તો ધૂળ ધૂમાડો તથા અંધ-કાર આદિક પણ પ્રિય થાય છે. ॥ ૯૦ ॥

क्व देवपूजावसरः । क्व दासी दुरितास्पदं ॥
गोपालेनेव गोपाल-सुवेत्यपि न चिंतितं ॥ ९१ ॥

અર્થ:—ગોવાળીઆ સરખા આ રાજપુત્રે એટલું પણ વિચાર્યું નહિ કે ક્યાં આ ( મારો ) દેવપૂજાનો અવસર ! અને ક્યાં આ પાપોના સ્થાનકરૂપ દાસી ! ॥ ૯૧ ॥

फूत्कुर्वतोऽग्निनिर्वाण—मिव भस्मावगुंठनं ॥
अमुं पाठयतः कंठ—शोष एव फलं मम ॥ ९२ ॥

અર્થ:—ઠરી ગયેલા અગ્નિને ફુંકતો માણસ જેમ રાખથી આચ્છાદિત થાય છે, તેમ આને ભણાવવામાં કેવળ કંઠશોષરૂપ ફલ મને ( મલ્યું છે )

सुरेंद्रदत्तश्रेयोऽर्थं । दैवतं वरिवस्यतः ॥
मुदासीनस्य दासीयं । यन्मे दृग्गोचरं मता ॥ ९३ ॥

અર્થ:—સુરેંદ્રદત્તના કલ્યાણમાટે દેવનું પૂજન કરતી વખતે હુર્ષથી બેઠેલા એવા મને જે આ દાસી નજરે પડી છે, ॥ ૯૩ ॥

तन्मन्ये प्रागसौ भूत्वा । श्रिया श्रीदस्य सोदरः ।

अंते विपत्स्यते नीच-वनिताजनितार्त्तितः ॥ ९४ ॥

અર્થ:—તેથી હું એમ ધારૂં છું કે પ્રથમ તે લક્ષ્મીથી કુબેર સરખો થઇને અંતે નીચ સ્ત્રીથી ઉત્પન્ન થયેલી પીડાથી આપદા પામશે. ॥ ૯૪ ॥

विचार्येत्यशुचिंमन्यो । दासीदर्शनतो द्विजः ॥

रजोभृत इव स्नानं । पुनश्चक्रेऽमलैर्जलैः ॥ ९५ ॥

અર્થ:—એમ વિચારીને તે બ્રાહ્મણે તે દાસીના દર્શનથી પોતાને અપવિત્ર થયેલો માનીને ધૂળથી ભરાયેલા મનુષ્યનીપેઠે ફરીથી સ્નાન કર્યું. ॥ ૯૫ ॥

हसितोऽथापरैश्छात्रै—र्विशेषेण सुभद्रया ॥

दध्यौ त्रपाक्षपाम्लान—मुखाब्जो भूपभूरिति ॥ ९६ ॥

અર્થ:— હવે અન્ય વિદ્યાર્થિઓથી તથા સુભદ્રાથી વિશેષે કરીને હાંસીપાત્ર થયેલા, અને લજ્જારૂપી રાત્રિથી કરમાઇ ગયેલું છે, મુખકમલ જેનું એવા તે રાજપુત્રે વિચાર્યું કે, ॥ ૯૬ ॥

किमकार्षमहं कर्म । प्राग्भवे यद्विपाकतः ॥

न्यमांक्षमेवमज्ञान—सिंधौ सिंधुरयादिव ॥ ९७ ॥

અર્થ:—અરે પૂર્વભવમાં મેં એવું તે શું કર્મ કરેલું છે! કે નદીના વેગસરખા જેના ઉદયથી હું અજ્ઞાનસમુદ્રમાં ડુબેલો છું. ॥૯૭॥

छात्रा धन्या अमी मज्ञा । विज्ञातग्रंथकोटयः ॥

धन्योऽहमप्यदः मज्ञा—परभागस्य पोषकः ॥ ९८ ॥

અર્થ:—ગ્રંથોનો રહસ્ય જાણનારા આ વિદ્યાર્થીઓને ધન્ય છે, તેમજ મૂર્ખાઇનું પોષણ કરનારા એવા મને પણ ધન્યજ છે ! ॥ ૯૮ ॥

विधे विधेहि मे द्वेधी-भावं भावंचिते हृदि ॥

येनेदं जाड्यजंबालं । कदाचिच्छोषमोषति ॥ ९९ ॥

અર્થ:—હે દૈવ ! મારા બુદ્ધિહીન હૃદયના તું બે ટુકડા કરી નાખ ? કે જેથી ( તેમાં રહેલો ) મૂર્ખાઇરૂપી કાદવ કોઇ પણ સમયે સૂકાઇ જાય. ॥ ૯૯ ॥

ब्रह्महा भ्रूणहा नाहं । न जनंगमसंगमी ॥

किं न स्पृशसि मां देवि । हास्येनापि सरस्वति ॥ १०० ॥

અર્થ:—વળી હું બ્રહ્મહત્યા કે બાલહત્યા કરનાર નથી, તેમ નીચની સોબત કરનાર પણ નથી, તો હે સરસ્વતી દેવી! કેવલ હાસ્યથી પણ તું મારો સ્પર્શ કેમ કરતી નથી! ॥ ૧૦૦ ॥

**मातः स्वजातिसाम्यात्त्वं । यद्यस्यां रज्यसे स्त्रियां ॥**

**तत्किमेतेषु न मयि । पंक्तिभेदो हि दुस्सहः ॥ १ ॥**

અર્થ:—વળી હે સરસ્વતી દેવી! સ્વજાતિના તુલ્યપણાથી જ્યારે તું આ સ્ત્રી પ્રત્યે ( સુભદ્રાપ્રત્યે ) સંતુષ્ટ થયેલી છે ત્યારે આ બીજા વિદ્યાર્થીઓ પ્રત્યે શા માટે તુષ્ટ થયેલી છે? અને મારા પ્રત્યે કેમ તુષ્ટ નથી? માટે ખરેખર ( એવી રીતનો ) પંક્તિભેદ તો સહન ન થઇ શકે તેવો છે. ॥ ૧ ॥

**एवं चिंताचिताधूम—धूसरास्यं नृपांगजं ॥**

**ऊचे सुरेंद्रः स्वमणिं । स्नपयन् कृपयेरितः ॥ २ ॥**

અર્થ:—એવી રીતે ચિંતારૂપી ચિતાના ધુમાડાથી ઝાંખા મુખવાળા તે રાજપુત્રને કૃપાથી પ્રેરાએલા સુરેંદ્રદત્તે પોતાના મણિને સ્નાન કરાવતાં થકાં કહ્યું કે, ॥ ૨ ॥

**सखे सखेदतां मुंच । पिबेदं पावनं पयः ॥**

**इयं स्वयंवरा देवी । भारती त्वां वुवुर्षति ॥ ३ ॥**

અર્થ:—હે મિત્ર! તું ખેદ તજીને આ પવિત્ર જળનું પાન કર? આ સ્વયંવરા સરસ્વતી દેવી તને વરવાને ઇચ્છે છે. ॥ ૩ ॥

**तवात्मनिंदनादेव । कर्माज्ञानविपाकिमं ॥**

**दृढमप्यगलन्मन्ये । हिमं तीव्रातपादिव ॥ ४ ॥**

અર્થ:—હું એમ ધારૂં છું કે આ આત્મનિંદાથી તારૂં ઉદય આવેલું નિબિડ જ્ઞાનાવરણીય કર્મ પણ તીવ્રતાપથી હિમની પેઠે નષ્ટ થયું છે. ॥ ૪ ॥

**एवं वाक्यामृतं पूर्वं । सामुद्रेर्भूपभूः पपौ ॥**

**ततस्तदर्पितं विद्या—मणिस्नात्रोज्ज्वलं जलं ॥ ५ ॥**

અર્થ:—એવી રીતના સુરેંદ્રદત્તના વચનરૂપી અમૃતને પીધાબાદ તેણે આપેલું તે મણિનું નિર્મળ સ્નાત્રજલ તેણે પીધું. ॥ ૫ ॥

**अथ जातान्यजन्मेव । कुमारस्तत्क्षणादभूत् ॥**

**कंठपीठलुठत्सर्व—सारसारस्वतः स्वतः ॥ ६ ॥**

અર્થ:—હવે જાણે તેનો પુનર્જન્મ થયો નહિ તેમ તે રાજકુમારના હૃદયમાં તેજ સમયે સર્વ વિદ્યાનો સાર પોતાની મેળેજ પ્રકટ થયો.

**अमानं मणिमंत्रादि—महिमानं विभावयन् ॥**

**दोर्भ्यां सुरेंद्रमाश्लिष्यो—वाच वाचमिमामसौ ॥ ७ ॥**

અર્થ:—મણિમંત્રાદિકના અપાર મહિમાને વિચારતો થકો તે રાજકુમાર બન્ને હાથોથી સુરેંદ્રદત્તને આલિંગન કરીને આવી રીતે બોલવા લાગ્યો. ॥ ૭ ॥

**त्वया तन्मे कृतं भ्रात—र्यत्पित्रोरपि दुष्करं ॥**

**तौ हेतू येन देहस्य । तस्य ज्ञानात्मनः पुनः ॥ ८ ॥**

અર્થ:—હે ભાઇ! તેં મારાપર એવો (ઉપકાર) કર્યો છે કે જે માતાપિતા પણ કરી શકે નહિ; કેમકે તેઓ તો આ ( બાહ્ય ) શરીરના હેતુ-ભૂત છે અને તેં તો મને જ્ઞાનરૂપી અંતરંગ શરીર આપ્યું છે. ॥૮॥

**धीमतामपि दुर्बोधं । निर्विवेकं पशोरपि ॥**

**नारीणामपि हास्यार्हं । प्रतिबोधयताद्य मां ॥ ९ ॥**

**गलीर्धुरीणतामंधः । सदृक्त्वं हंसतां द्विकः ॥**

**कुहूर्ज्योत्स्नात्वमश्मा तु । मणित्वं प्रापितस्त्वया ॥१०॥ युग्मं ॥**

અર્થ:—બુદ્ધિવાનોને પણ દુર્બોધ, પશુથી પણ નિર્વિવેકી, અને અને સ્ત્રીઓને પણ હાંસીપાત્ર એવા મને પ્રતિબોધીને, તેં ગલીયા બળદને બળવાન બળદપણાને, અંધને સનેત્રપણાને, કાગડાને હંસ-પણાને, અમાવાસ્યાને ચાંદનીપણાને તથા પત્થરને મણિપણાને પ્રાપ્ત કર્યો છે. ॥ ૯ ॥ ૧૦ ॥

**अहं तवोपकारस्या—ऽनृणः स्यामित्यसंगतं ॥**

**बालचापलतो लोल—जिह्वः किंचिद् ब्रुवे पुनः ॥ ११ ॥**

અર્થ:—હું તારા ઉપકારના કરજથી રહિત થઇ શકું એ અસં-ભવિત છે, તો પણ બાલ્યપણાના ચપલ સ્વભાવથી વાચાલ થઇને કિંચિત્ કહું છું. ॥ ૧૧ ॥

**यदा राज्यमहं धास्ये । धुर्यो धुरमिवानसः ॥**

**त्वं लप्सीष्टास्तदा श्रेष्टि—पदं सारथितामिव ॥ १२ ॥**

અર્થ:—ગાડીના ધોંસરાને જેમ બળદ તેમ જ્યારે હું રાજ્ય ધારણ કરીશ ત્યારે તું સારથીસરખી શેઠની પદવી પામીશ. ॥ ૧૨ ॥

इत्युक्तिनध्रिकानद्धा–नन्यमानसयोस्तयोः ॥

प्रीतिः स्थिराभून्निःशेषा–मधीतिं सहकुर्वतोः ॥ १३ ॥

અર્થ:—એવી રીતના વચનોરૂપી બાધરથી ( ચર્મની દોરીથી ) બંધાયેલાં છે પરસ્પર મન જેઓનાં, તથા સાથે રહીનેજ અભ્યાસ કરતા એવા તેઓ બન્નેની પ્રીતિ સ્થિર થઈ. ॥ ૧૩ ॥

काले सांयात्रिकाः प्राप्त–रत्ना रत्नाकरादिव ॥

गुरोरधीतिनः सर्वे । छात्राः स्वं स्वं गृहं ययुः ॥ १४ ॥

અર્થ:—હવે કેટલેક કાળે રત્નો મેળવીને વહાણવટીઓ જેમ સમુદ્રથકી તેમ તે સર્વે વિદ્યાર્થિઓ ગુરુપાસેથી વિદ્યા મેળવીને પોતપોતાને ઘેર ગયા. ॥ ૧૪ ॥

सुभद्राध्यापिता शास्त्रा । शास्त्राब्धेः पारदृश्वरी ॥

अध्युवास वयो यूनां । धैर्यध्वंसनिबंधनं ॥ १५ ॥

અર્થ:—તે ગુરુએ ભણાવેલી તથા શાસ્ત્રસમુદ્રના પારને પહોંચેલી તે સુભદ્રા પણ યુવકોનાં ધૈર્યને નાશ કરનારી યુવાવસ્થા પામી.

गुणाश्रयो वरः कः स्या–दस्या इति वितर्कयन् ॥

पित्रा प्रोच्यत मंदाक्षो । मंदाक्षरतया तया ॥ १६ ॥

અર્થ:—હવે આ મારી પુત્રીનો કોણ ગુણવાન્ સ્વામી થશે? એવા વિચારથી ચિંતાતુર થયેલા પોતાના પિતાને તેણીએ ધીમે રહીને કહ્યું કે, ॥ ૧૬ ॥

नाश्नासि न च निद्रासि । मत्पाणिग्रहचिंतया ॥

किं तात तव वक्ष्येऽहं । काले योग्यं वरं स्वयं ॥ १७ ॥

અર્થ:—હે પિતાજી! આપ મારાં લગ્નની ચિંતાથી નથી ભોજન કરતા કે નથી નિદ્રા લેતા પરંતુ અવસરે હું પોતેજ યોગ્ય વરને સૂચવીશ.

बालाथ कालमालीनां । लीना केलिरसेऽत्यगात् ॥

दृढं हृत्पंजरक्रोडे । रुध्ध्वानंगविहंगमं ॥ १८ ॥

અર્થ:—હવે તે બાલિકા સખીઓ સાથે રમતગમતમાં લીન થઈને તથા કામદેવરૂપી પક્ષીને પોતાના હૃદયરૂપી પાંજરમાં દૃઢરીતે રોકીને પોતાનો સમય ગાળવા લાગી. ॥ ૧૮ ॥

सुरभिः पुरभिद्दग्धं । जीवयन्नथ मन्मथं ॥

व्यजृंभद् भुवि भ्राम्यद्–भृंगरंगक्षमद्रुतः ॥ १९ ॥

અર્થ:—એવામાં શંકરે બાળેલા કામદેવને જીવાડતી તથા ભમતા ભમરાઓને ખુશકારક વૃક્ષોવાળી વસંતઋતુ પૃથ્વીપર વિસ્તાર પામી.

मंजरीपिंजरीभूता—च्चूताद्यत्र कुहूध्वनिं ॥
किं पिका अपठन्निंदु—बिभ्यद्विरहिणीमुदे ॥ २० ॥

અર્થઃ—તે વખતે માંજરથી પીળાશ મારતા આમ્રવૃક્ષોપર રહેલી કોયલો જાણે ચંદ્રથી ડરતી વિરહિણી સ્ત્રીના હર્ષમાટે અવાજ કરવા લાગી. ॥ ૨૦ ॥

उद्यच्छता जगज्जेतुं । कुसुमास्त्रेण सज्जिता ॥
आयुधालीव यत्रांत—र्वनं पुष्पावली बभौ ॥ २१ ॥

અર્થ:—જગતને જીતવાને તૈયાર થયેલા કામદેવે હથિયારોની પંક્તિ તૈયાર કરેલી હોય નહિ, તેમ વનની અંદર પુષ્પોની શ્રેણિ શોભવા લાગી. ॥ ૨૧ ॥

निजालोकादशोका ये । पांथान् जघ्नुर्वियोगिनः ॥
लग्ना भृंगच्छलात् पाप—स्तबकास्तेष्वमी किमु ॥ २२ ॥

અર્થ:—આ અશોકવૃક્ષો કે જેઓએ વિયોગી પંથિઓને મારેલા છે, તેઓને વિષે ભમરાઓના મિષથી શું આ પાપોના ગુચ્છાઓ વળગેલા ઉપયોગી છે! ॥ ૨૨ ॥

वियोगाग्नौ दहत्यंगं । पांथानां पथि धावतां ॥
आचरन्मित्रमौचित्य—ममिलन्मलयानिलः ॥ २३ ॥

અર્થ:—માર્ગે ચાલતા પંથિઓને વિયોગરૂપી અગ્નિ બાળતે છતે પોતાની મિત્રાઇ પ્રકટ કરતો મલયાચલનો વાયુ ( તે અગ્નિને ) મળી ગયો. ॥ ૨૩ ॥

आचिक्रीडिषवः पौराः । काननानि तदा ययुः ॥
भोगिनां योगिनां वापि । तान्येवेष्टार्थसिद्धये ॥ २४ ॥

અર્થ:—તે સમયે નગરના લોકો ક્રીડા કરવાની ઇચ્છાથી વનમાં ગયા, કેમકે ભોગી અથવા યોગીઓને ઇચ્છિત અર્થ સાધવામાં તે વનજ છે. ॥ ૨૪ ॥

समं सुरेंद्रदत्तोऽपि । स्वमित्रैस्तारकैरिव ॥
सुभूमिभागमुद्यानं । प्राप चंद्र इवांबरं ॥ २५ ॥

અર્થ:—તારાઓ સહિત ચંદ્ર જેમ આકાશમાં આવે છે, તેમ સુરેંદ્રદત્ત પણ તે સમયે પોતાના મિત્રો સહિત બગીચામાં આવ્યો.

तत्र सोऽन्यकृताः पश्य—न्निर्निमेषेक्षणः क्षणं ॥
दोलाजलावगाहाद्याः । केलीः स्वयमपि व्यधात् ॥ २६ ॥

અર્થ:—ત્યાં તે અન્યોએ કરેલી હિંચોળા જલસ્નાન આદિકની ક્રીડા ક્ષણવારસુધી એકી નજરે જોઈને પોતે પણ તેમ કરવા લાગ્યો.

स नंदनवनक्रोड—क्रीडत्त्रिदशविभ्रमः ॥
विशश्राम श्रमस्वेद—च्छिते सांद्रच्छदे तरौ ॥ २७ ॥

અર્થ:—નંદનવનની અંદર ક્રીડા કરતા દેવસરખા તે સુરેંદ્રદત્તે થાકથી થયેલો પસીનો દૂર કરવા માટે ઘાટાં પત્રોવાળા વૃક્ષો નીચે વિશ્રામ કર્યો. ॥ २७ ॥

तत्रापि गायनोद्गीत—गीतप्रीतश्रवा असौ ॥
जातः सुधाघ्रात इव । भोगाः सर्वत्र भोगिनां ॥ २८ ॥

અર્થ:—ત્યાં પણ ઉંચે સ્વરે ગવાતાં ગાયનોથી શ્રવણેંદ્રિયનું સુખ મેળવીને જાણે અમૃતપાનથી ધરાયો હોય નહિ તેવો થયો, કેમકે ભોગીલોકોને સર્વ જગોએ ભોગો મળે છે. ॥ २८ ॥

उपेत्य श्रवणोपांत—मेकेन सुहृदा तदा ॥
अषडक्षीणमंत्रेण । व्यज्ञप्यत समुद्रभूः ॥ २९ ॥

અર્થ:—તે સમયે એક મિત્રે સુરેંદ્રદત્તના કર્ણપાસે આવીને જેમ કોઈ ત્રીજો માણસ સાંભળે નહિ તેમ કહ્યું કે, ॥ २९ ॥

तवानेयोऽद्य वानेयो—ऽलंकारः कश्चिदित्यहं ॥
प्रेप्सुः प्रचुरपुष्पौघं । वनेऽस्मिन्नेकतोऽगमं ॥ ३० ॥

અર્થ:—તારે માટે હું આજે એક પુષ્પાભૂષણ લાવું તો ઠીક, એમ વિચારીને પુષ્પોનો સમૂહ લેવા માટે હું આ બગીચામાં એક બાજુએ ગયો હતો. ॥ ૩૦ ॥

तावत्तत्रागमल्लक्ष्मी—रिव सागरसंभवा ॥
सुभद्रा रूपनिधिभिः । सखीभिः शोभिताभितः ॥ ३१ ॥

અર્થ:—એવામાં ત્યાં સાગરશેઠની લક્ષ્મીસરખી પુત્રી સુભદ્રા રૂપના ભંડારસરખી સખીઓથી શોભીતી થયેલી ત્યાં આવી. ॥૩૧॥

स्मितपुष्पा स्तनफला । मुखाब्जाधरपल्लवा ॥
कर्णदोला भुजलता । प्रश्वासमलयानिला ॥ ३२ ॥

सा नवेव वसंतश्रीः । स्मरास्त्रार्थमिवाचिनोत् ॥
चलत्किसलयाऽभेद—भाजा पुष्पाणि पाणिना ॥३३॥ (युग्मं)

અર્થ:—હાસ્યરુપી પુષ્પોવાળી, સ્તનરુપી ફલવાળી, મુખરુપી કમલવાળી, હોઠરુપી પલ્લવવાળી, કર્ણરુપી હીંચોળાવાળી, ભુજારુપી લતાવાળી, તથા શ્વાસોશ્વાસરુપી મલયાચલના વાયુવાળી, એવી તે નવી વસંતલક્ષ્મી સરખી જાણે કામદેવના શસ્ત્રોમાટે હોય નહિ તેમ ચલાયમાન પલ્લવસરખા હાથવડે કરીને પુષ્પો એકઠાં કરતી હતી. ॥ ૩૨ ॥ ૩૩ ॥

सख्यस्तामूचिरे तद्धि । वराक्षि विजनं वनं ॥
सत्यं वद वृणोषि त्वं । न वरं कारणात्कुतः ॥ ३४ ॥

અર્થ:—ત્યાં સખીઓ તેણીને કહેવા લાગી કે, હે ઉત્તમ નેત્રોવાળી! આ વન મનુષ્યરહિત છે, માટે સત્ય કહે કે તું શામાટે પતિને વરતી નથી? ॥ ૩૪ ॥

स्त्रीणां कुलकलारूप—लीलालवणिमादयः ॥
विलासा इव निःस्वाना—मपत्नीनां वृथा गुणाः ॥ ३५ ॥

અર્થ:—જેમ નિર્ધનોના વિલાસો વૃથા છે, તેમ પતિ વિનાની સ્ત્રીઓના કુલ કલા રુપ લીલા તથા લાવણ્ય આદિક ગુણો વૃથાજ છે.

वासस्तव वरार्हायाः । सरले यत्पितुः कुले ॥
जनप्रवादकंदस्य । तदेव जलसेचनं ॥ ३६ ॥

અર્થ:—વળી હે મુગ્ધે! ઉમરલાયક છતાં પણ તું જે હવે પિતાને ઘેર રહી છું, તુ લોકાપવાદના મૂલને જલ સિંચવા જેવું છે. ॥ ૩૬ ॥

आरोहति द्रुमं वल्ली । विद्युदाश्रयतेंऽबुदं ॥
भर्त्राधारा स्त्रियो हीति । ज्ञातं निश्चेतनैरपि ॥ ३७ ॥

અર્થ:—વેલડી વૃક્ષપર ચડે છે, વીજળી વર્ષાદનો આશ્રય લે છે, એવીરીતે સ્ત્રી પણ ભર્તારના આધારથી રહી શકે છે, એમ નિશ્ચેતનોએ પણ જાણેલું છે. ॥ ૩૭ ॥

भोगेभ्यश्चेद्विरक्तासि । तत् किं भजसि न व्रतं ॥
गृहे वासश्च कौमारं । चेति स्त्रीषु विरुध्यते ॥ ३८ ॥

અર્થ:—કદાચ તું ભોગોથી વિરક્ત થયેલી હોય, તો પછી દીક્ષા શા માટે લેતી નથી? કેમકે ઘરમાં રહેવું અને કુમારીપણું પાળવું, એ સ્ત્રીઓને માટે અયોગ્ય છે. ॥ ૩૮ ॥

मानुषीं मूर्त्तिमापन्ना । भारतीवेभ्यनंदिनी ॥
अभ्यधत्ताथ युष्माभि—र्युक्तमेवोक्तमालयः ॥ ३९ ॥

અર્થ:—મનુષ્યપણાના આકારને ધરનારી જાણે સરસ્વતીજ હોય નહિ એવી તે શેઠની પુત્રી બોલી કે, હે સખીઓ! તમો યુક્તજ કહો છો, ॥ ૩૯ ॥

परं भजामि भर्त्तारं । प्रेमविश्रामधामकं ॥
निर्विज्ञानैर्जनैः प्रायो । लोकेऽस्मिन्निभृतं भृतं ॥ ४० ॥

અર્થ:—પરંતુ પ્રીતિ અને વિશ્રામના સ્થાનરૂપ ભર્તારને મેલવવા હું ઇચ્છું છું, કેમકે પ્રાયે અજ્ઞાની લોકોથી આ જગત્ ભરેલું છે.

परिणेयः पुमानेकः । स्त्रिया चेत् सोऽपि निर्गुणः ॥
तदाप्नोतु कथंकारं । काराक्षिप्तेव सा सुखं ॥ ४१ ॥

અર્થ:—સ્ત્રી એકજ પુરુષને પરણી શકે છે અને તે પણ જો નિર્ગુણી નિવડ્યો, તો તેણી જાણે કેદખાનામાં પડી હોય નહિ તેમ શીરીતે સુખ પામી શકે? ॥ ૪૧ ॥

पांसोरिवांशोः का भीति—र्जनोक्तेः शीलशालिनः ॥
व्रतं क्वास्मादृशां राज्य—मिव कातरचेतसां ॥ ४२ ॥

અર્થ:—સૂર્યને જેમ ધૂળનો તેમ શીલવંત મનુષ્યને જનપ્રવાદનો શો ડર છે? તેમજ મારાજેવી કાયર મનવાળીને રાજ્યસરખું વ્રત મેલવવું ક્યાં સહેલું છે? ॥ ૪૨ ॥

न न जानामि तत्पित्रो—र्हृदि शल्यायितास्म्यहं ॥
परं करोमि किं योग्यं । पतिं दैवादविंदती ॥ ४३ ॥

અર્થ:—વલી માબાપના મનમાં હું એક શલ્ય સરખી થઇ પડી છું, તે વાતને પણ હું નથી જાણતી તેમ નથી, પરંતુ શું કરૂં કે દૈવયોગે યોગ્ય પતિને હું મેલવી શકતી નથી. ॥ ૪૩ ॥

ततः कस्ते वरः प्रेया—मिति पृष्टालिभिः पुनः ॥
स्पष्टमाचष्ट सा बाला । कामव्यालांकुशं वचः ॥ ४४ ॥

અર્થ:—ત્યારે સખીઓએ તેણીને પૂછ્યું કે તને કયો વર પ્રિય છે? ત્યારે તે બાલિકા કામદેવરૂપી હાથીને ( વશ કરવામાં ) અંકુશ-સરખું વચન બોલી કે, ॥ ૪૪ ॥

सुकृतस्यात्र किं सारं । किं सारं नरजन्मनः ॥
विद्यायाश्चापि किं सारं । किं सारं शर्मणां पुनः ॥ ४५ ॥

અર્થ:—આ જગતમાં પુણ્યનો સાર શું? મનુષ્ય જન્મનો સાર શું? વિદ્યાનો સાર શું? અને સુખનો સાર શું? ॥ ૪૫ ॥

एतत्प्रश्नचतुष्कं यो । व्याचष्टे परमार्थतः ॥
तमेवाहं परिणये । सख्योऽहं जातु नान्यथा ॥ ४६ ॥

અર્થ:—એવી રીતનાં આ ચારે પ્રશ્નોનો ઉત્તર જે પરમાર્થથી કહે, તેનેજ હે સખીઓ! હું પરણનારી છું, અન્યથા પરણીશ નહિ.

वृक्षांतर्हि तमप्रेक्ष्य—माणानां मां रहःकृतां ॥
तासामित्युक्तिमापीय । त्वां ज्ञापयितुमागमं ॥ ४७ ॥

અર્થ:—હું વૃક્ષની પાછળ સંતાયેલો હોવાથી તેઓ મને જોઇ શકી નથી, માટે એવી રીતે તેઓએ ગુપ્ત કરેલી વાત સાંભળીને હું તને તે જણાવવામાટે આવ્યો છું. ॥ ૪૭ ॥

सुरेंद्रोऽथ स्वहस्तेन । पत्रे सर्वस्ववन्निधेः ॥
चतुःप्रश्नोत्तरश्लोक—मलिखच्चतुराग्रणीः ॥ ४८ ॥

અર્થ:—(તે સાંભળી) મહાચતુર સુરેંદ્રદત્તે પોતાને હાથે પત્રમાં નિધાનના સર્વસ્વરૂપ તે ચારે પ્રશ્નોના ઉત્તરનો શ્લોક લખ્યો. ॥૪૮॥

बबंध बंधुरमति—र्व्यावृत्तोऽसौ गृहंप्रति ॥
पत्रं तस्य तरोर्मूर्ध्नि । देवधाम्न इव ध्वजं ॥ ४९ ॥

અર્થ:—પછી ત્યાંથી ઘરતરફ વળતાં તે બુદ્ધિવાન્ સુરેંદ્રદત્તે દેવમંદિરપર ધ્વજાનીપેઠે તે પત્ર તે વૃક્ષોની ટોંચે બાંધ્યો. ॥ ૪૯ ॥

अयं गुरुस्तरुः सेयं । लता बहुलतास्पदं ॥
दीर्घेयं दीर्घिका चेति । चिरं भ्रांत्वाश्रितश्रमा ॥ ५० ॥
पतिमार्गानुगामित्वा-दिव तेनैव वर्त्मना ॥
निवृत्ता पत्रकं तत्र । सुभद्रा तन्निरैक्षत ॥ ५१ ॥ युग्मं ॥

અર્થ:—આ વૃક્ષ મોટું છે, આ વેલ બહુ ફેલાયેલી છે તથા આ વાવ લાંબી છે એમ (વિનોદ કરતી) ઘણો કાળ ભમીને થાકેલી જાણે પતિના માર્ગને અનુસરનારી હોય નહિ તેમ તે સુભદ્રાએ તેજ માર્ગે પાછાં ફરતાં થકાં ત્યાં તે પત્ર જોયો. ॥ ૫૦ ॥ ૫૧ ॥

पत्रे पत्रे सुधासत्रे । चपलाभिरथालिभिः ॥
आनीय दत्ते श्लोकं सा । वाचयामास वाग्मिनी ॥ ५२ ॥

અર્થ:-એવામાં તે ચંચલ સખીઓએ નેત્રોપ્રતે અમૃતની ધારાસરખો તે પત્ર લાવીને આપતેછતે તે વિદુષી સુભદ્રા તે શ્લોક વાંચવા લાગી.

सुकृतस्य कृपा सारं । सत्कर्म नरजन्मनः ॥
विद्यायास्तत्त्वधीः सारं । संतोषः शर्मणां पुनः ॥ ५३ ॥

અર્થ:—પુણ્યનો સાર દયા, મનુષ્યજન્મનો સાર સત્કાર્ય, વિદ્યાનો સાર તત્વબુદ્ધિ તથા સુખનો સાર સંતોષ છે. ॥ ૫૩ ॥

श्लोकेऽत्रालोकिते हार्दा—भिप्रायपिशुनेऽनया ॥
अवापि वपुषः स्थूलं—करणी धोरणिर्मुदां ॥ ५४ ॥

અર્થ:—પોતાના હૃદયના અભિપ્રાયને જણાવનારા તે શ્લોકને જોવાથી સુભદ્રા શરીરને પ્રફુલ્લિત કરનારી હર્ષની શ્રેણિ પામી. ॥૫૪॥

अस्या दृग्भ्यां विकसितं । कपोलाभ्यां प्रफुल्लितं ॥
उरोजाभ्यामुच्छ्वसितं । ततः प्रिय इवेक्षिते ॥ ५५ ॥

અર્થ:—તે સમયે જાણે ભર્તારનેજ મળવાથી હોય નહિ તેમ તેણીની આંખો વિકસ્વર થઇ, ગાલ પ્રફુલ્લિત થયા, તથા સ્તનો ઉચ્છ્વસિત થયાં. ॥ ૫૫ ॥

विनापि वेणुवीणादि—वादित्रं ननृते तया ॥
आह्लादश्च विषादश्च । स्त्रीणां प्रायेण दुर्जरौ ॥ ५६ ॥

અર્થ:—વાંસલી તથા વીણાઆદિક વાજીંત્રવિના પણ તે નાચવા લાગી, કેમકે પ્રાયેં સ્ત્રીઓ હર્ષ તથા ખેદને જીરવી શકતી નથી. ॥૫૬॥

वाचालीभूतजिह्वाथो—वाचालीः सा ससंभ्रमं ॥
अये मत्कृपया कोऽपि । कृतो विश्वकृता कृती ॥ ५७ ॥

અર્થ:—વાચાલ થયેલી છે જિહ્વા જેની એવી તે સંભ્રમસહિત સખીઓને કહેવા લાગી કે અહો વિધાતાએ મારાપર કૃપા કરીને કોઇકને કૃતાર્થ કરેલો છે. ॥ ૫૭ ॥

अद्यापि निश्चितं नास्ति । निष्कोविदमिदं जगत् ॥
अद्यापि हंत संत्येव । सतीनां सत्त्वसिद्धयः ॥ ५८ ॥

અર્થ:—ખરેખર હજુ પણ આ જગત પંડિતરહિત થયેલું નથી, તેમજ હજુ પણ સતીઓના સત્ત્વની સિદ્ધિ રહેલી છે. ॥ ૫૮ ॥

महच्चित्रमिदं दूर—स्थोऽप्येष विविदे कथं ॥
श्लोकार्थमेतं मच्चेतो—धाम्नि धीभूगृहस्थितं ॥ ५९ ॥

અર્થ:—પરંતુ આ એક મહોટું આશ્ચર્ય છે કે, દૂર રહેલા એવા પણ તેણે મારા ચિત્તરૂપી ઘરના બુદ્ધિરૂપી ભોંયરામાં રહેલા આ શ્લોકાર્થને શીરીતે જાણ્યો! ॥ ૫૯ ॥

प्रियचंद्रोदयस्फीते । ममानंदमहोदधौ ॥
स ज्ञेयः कथमित्येका । शंका हालाहलायते ॥ ६० ॥

અર્થ:—મારા પ્રિયરૂપી ચંદ્રના ઉદયથી ઉલ્લસિત થયેલા આનંદરૂપી સમુદ્રમાં હવે તેને શીરીતે ઓળખવો? એજ એક ચિંતા ઝેરસમાન થઈ પડી છે. ॥ ૬૦ ॥

यावदेवं ब्रुवाणा सा । ग्रस्यते मोहरक्षसा ॥
तावत्पत्रलिपिं सम्य—गवगम्येत्यभाषत ॥ ६१ ॥

અર્થ:—એમ બોલતીથકી જેટલામાં તે મોહરૂપી રાક્ષસથી ગ્રસાય છે, તેટલામાં તે પત્રની લીપીને સારીરીતે ઓળખીને બોલી કે, ॥૬૧॥

जितं जितं मया सख्यः । शांतं शांतममंगलं ॥
प्राप्तः प्राप्तः प्रियः सोऽयं । यूयं नृत्यत नृत्यत ॥ ६२ ॥

અર્થ:—હે સખીઓ હું જીતી જીતી, વિઘ્ન શાંત થયું શાંત થયું, તે પ્રીતમ મલ્યો મલ્યો, માટે તમો નાચો નાચો ? ॥ ૬૨ ॥

असौ सुरेन्द्रदत्तो हृ—त्तोषभूरेभिरक्षरैः ॥
ज्ञातः समुद्रदत्तेभ्य—वंशमुक्तामणिर्मया ॥ ६३ ॥

અર્થ:—આ અક્ષરોથી મારા હૃદયના સંતોષના સ્થાનસરખા તથા સમુદ્રદત્તશેઠના વંશમાં મુક્તામણિસરખા તે સુરેંદ્રદત્તને મેં ઓળખી કહાડયો છે. ॥ ૬૩ ॥

उपोपाध्यायमध्याय—परया शैशवे मया ॥
कौशलं कौशलंधाक्ष्यः । साक्षादस्यान्वभूयत ॥ ६४ ॥

અર્થ:—વળી હે કમલસરખા નેત્રવાળી સખીઓ! બાલ્યપણામાં ઉપાધ્યાયપાસે અભ્યાસ કરતી વખતે મેં તેની કુશલતા સાક્ષાત્ અનુભવેલી છે. ॥ ૬૪ ॥

स्वधिया निर्जितोऽनेना—ददानो दर्शनं दिवा ॥
भीतभीत इव व्योम्नि । निशि भ्रमति वाक्पतिः ॥ ६५ ॥

અર્થ:—તેણે પોતાની બુદ્ધિથી જીતેલો બૃહસ્પતિ દિવસે દર્શન ન આપતો થકો બીકણની પેઠે રાત્રિએ આકાશમાં ભમે છે. ॥ ૬૫ ॥

मन्येऽमुना तृणीचक्रे । स्वगांभीर्येण वारिधिः ॥
ऊर्वानलो ज्वलन्नेतं । ग्रसते कथमन्यथा ॥ ६६ ॥

અર્થ:—હું એમ માનું છું કે તેણે પોતાની ગંભીરતાથી સમુદ્રને તૃણસમાન કરેલો છે, જો એમ ન હોય તો બળતો ઊર્વાનલ શામાટે તેને ગ્રસી જાય છે? ॥ ૬૬ ॥

भग्नरंग इवानंग—स्तस्य रूपनिरूपणात् ॥
शंभोस्तृतीयनेत्राग्नि—कुंडे मृत्युमसाधयत् ॥ ६७ ॥

અર્થ:—તેનું રુપ જોવાથી જાણે નિરાશ થયો હોય નહિ તેમ કામદેવ મહાદેવના ત્રીજા નેત્રરુપી અગ્નિકુંડમાં પડીને બળી મર્યો છે.

बुधा मुधा सुधामाहु—स्तद्गिरा तृप्तिभागिनः ॥
हित्वा भुवं दिवं भेजे । ततः सापत्रपेव सा ॥ ६८ ॥

અર્થ:—તેની વાણીથી સંતુષ્ટ થયેલા દેવો અમૃતને નકામું ગણે છે, અને તેથી તે અમૃત જાણે લજ્જાતુર થયું હોય નહિ તેમ પૃથ્વી તજીને દેવલોકમાં ગયું છે. ॥ ૬૮ ॥

तस्मिन् ज्ञातेऽपि नाद्यापि । मनसो मम निर्वृतिः ॥
कदाचिदप्यसौ मद्व—द्यदि प्रश्नं विधास्यति ॥ ६९ ॥

અર્થ:—વળી તેને ઓળખ્યા છતાં પણ હજુ મારા મનને શાંતિ થતી નથી, કેમકે કદાચ તે પણ મારીપેઠે જો પ્રશ્ન કરશે તો, ॥૬૯॥

तदा मया मंदधिया । दास्यते कथमुत्तरं ॥
विनोत्तरं तु दयिती—कर्त्ता मां बालिशां न सः ॥ ७० ॥

અર્થ:—મંદબુદ્ધિ એવી હું શીરીતે તેને ઉત્તર આપી શકીશ? અને ઉત્તર આપ્યાવિના મને નિર્બુદ્ધિને તે પોતાની સ્ત્રી તરીકે સ્વીકારશે નહી. ॥ ૭૦ ॥

अहो अद्यापि वीवाहं । पश्यामि बहुविघ्नकं ॥
यद्वालं चिंतया दैवे । विश्वव्यापारपारगे ॥ ७१ ॥

અર્થ:—અહો! હજુ પણ હું મારા વિવાહને ઘણા વિઘ્નોવાળો જોઉં છું, અથવા જગતનો વ્યાપાર દૈવાધીન હોવાથી ચિંતાવડે કરીને સર્યું! ॥ ૭૧ ॥

आलपंतीति सा प्राप । पुरः परिसरं त्वरात् ॥
दह्यमाना वियोगेन । तृणपुलीव वह्निना ॥ ७२ ॥

અર્થ:—એમ બોલતીથકી તે અગ્નિથી જેમ તૃણની પૂળી તેમ વિયોગથી બળતીથકી જલ્દી નગરપાસે આવી. ॥ ૭૨ ॥

पिंडीभूतमिव यशो—राशिं कारयितुः पुरः ॥
मनःप्रसादहेतुं सा । जैनप्रासादमैक्षत ॥ ७३ ॥

અર્થ:—જાણે બનાવનારના યશનો સમૂહ એકઠો થયો હોય નહિ, એવું એક મનોરંજક જિનમંદિર ત્યાં તેણીએ જોયું. ॥ ૭૩ ॥

तत्र प्रविश्य सार्हतं । तुष्टा तुष्टाव भावतः ॥
निर्वापयंती संतापं । हार्दं नयनवारिभिः ॥ ७४ ॥

અર્થ:—તેમાં જઇને નયનાશ્રુથી હૃદયના સંતાપને દૂર કરીને હર્ષથી ભાવપૂર્વક તેણીએ શ્રી અરિહંતપ્રભુની સ્તુતિ કરી. ॥ ૭૪ ॥

जय त्वं जगदाधार । जगद्बंधो जगद्गुरो ॥
जगन्नाथ जगद्ध्येय । जगदानंददायक ॥ ७५ ॥

અર્થ:—હે જગતના આધારભૂત! હે જગતના બંધુ! હે જગતના સ્વામી! તથા જગતને ધ્યાન ધરવા લાયક! તું જગતને આનંદ આપનારો છે. ॥ ૭૫ ॥

शीतार्त्तानामिवार्चिष्मान् । दिग्मूढानामिवांशुमान् ॥
आतुराणामिव भिषक् । दुःखिनां त्वं गतिर्जिन ॥ ७६ ॥

અર્થ:—વળી હે જિનેશ્વર! ઠંડીથી પીડાયેલાઓને જેમ અગ્નિ, દિગ્મૂઢોને જેમ ચંદ્ર, તથા રોગીઓને જેમ વૈદ્ય તેમ દુઃખિઓને તુંજ આશ્રય કરવા યોગ્ય છે. ॥ ૭૬ ॥

भवांभोधौ विपद्वारि—पूरभाजि निमज्जतां ॥
नरजन्मतरीलाभे । भवान्निर्यामकायते ॥ ७७ ॥

અર્થ:—આપદારૂપી જલના સમૂહથી ભરેલા આ સંસારસમુદ્રમાં મનુષ્યજન્મરૂપી હોડી મલતે છતે તું તેમાં નિર્યામકસમાન છે. ૫૭૭૫

वैद्यो हु नीरुजं दत्ते । गीः प्रज्ञां भूपतिर्धनं ॥
त्वमेकः सर्वकार्येषु । प्रभुः केनोपमीयसे ॥ ७८ ॥

અર્થ:—વૈદ્ય નીરોગીપણું આપે છે, સરસ્વતી બુદ્ધિ આપે છે, રાજા ધન આપે છે, પરંતુ તું તો એકજ સર્વ :કાર્યોમાં સમર્થ છે, માટે તને કોની ઉપમા આપું? ॥ ૭૮ ॥

सा ममापदपि प्रीत्यै । यथा त्वं ध्यायसेऽनिशं ॥
साम्राज्येनापि तेनालं । यत्र त्वं न प्रपद्यसे ॥ ७९ ॥

અર્થ:—તે દુ:ખ પણ મને આનંદકારી છે, કે જ્યાં તારૂં હમેશાં ધ્યાન ધરી શકાય છે, પરંતુ જ્યાં તું પ્રાપ્ત થતો નથી તે રાજ્યની પણ મારે જરૂર નથી. ॥ ૭૯ ॥

तव प्रसादप्रासाद-श्रृंगाग्रमधितस्थुषः ॥
प्रभूयते विपद्व्याघ्री । धावमानापि नार्दितुं ॥ ८० ॥

અર્થ:—તારી કૃપારુપી મહેલના શિખરના અગ્રભાગપર રહેલા પ્રાણીને દોડતી એવી પણ આપદારુપી વાઘણ દુ:ખ દેઇ શકતી નથી.

देवो गुरुः पिता माता । सखा स्वामी त्वमेव मे ॥
तत्प्रसद्य विपन्मग्नां । मां कृपालय पालय ॥ ८१ ॥

અર્થ:—મારો દેવ ગુરૂ પિતા માતા મિત્ર તથા સ્વામી તુંજ છે, માટે હે કૃપાલય! કૃપા કરીને આપદામાં બુડેલી એવી જે હું તેનું તું રક્ષણ કર? ॥ ૮૧ ॥

नंस्याम्यहं सदैव त्वां । भूयासं च स्तवात्तव ॥
क्षमासमाधिमाधातुं । प्रिये प्रश्नं प्रकुर्वति ॥ ८२ ॥

અર્થ:—હું હંમેશાં આપનાં દર્શન કરીશ, તથા આપની સ્તુતિના પ્રભાવથી જ્યારે મારો સ્વામી પ્રશ્ન કરે ત્યારે હું તેનો ઉત્તર આપવાને સમર્થ થાઉં તો વધારે સારૂં થાય. ॥ ૮૨ ॥

इत्युक्त्वा साऽलुठत् पाद—पीठस्य पुरतः प्रभोः ॥
पितृभ्यामपि येनार्ति—भाजां देवगुरू प्रियौ ॥ ८३ ॥

અર્થ:—એમ કહીને તે પ્રભુના આસનપાસે લોટી પડી, કારણ કે દુ:ખીઓને માબાપ કરતાં પણ દેવ ગુરૂ વધારે પ્રિય હોય છે. ૮૩

बभूवुर्जिनभक्त्या च । कृपया च प्रणोदिताः ॥
साहाय्यकारिणस्तस्या—श्चैत्याधिष्टायकाः सुराः ॥ ८४ ॥

અર્થ:—એવી રીતની જિનભક્તિથી તથા દયાથી પ્રેરાયેલા ચૈત્યના અધિષ્ટાયક દેવો તેણીને સહાય કરનારા થયા. ॥ ૮૪ ॥

देवं जिनेंद्रं भर्त्तारं । सुरेंद्रं च प्रपेदुषी ॥
ततः सतीशिरोरत्नं । निजं धाम जगाम सा ॥ ८५ ॥

અર્થ:—હવે જિનેશ્વરને દેવતરીકે તથા સુરેંદ્રદત્તને ભર્તારતરીકે સ્વીકારતી તે સતીશીરોમણિ સુભદ્રા પોતાને ઘેર ગઇ. ॥ ૮૫ ॥

अथ कामः सामदाना—द्युपायेषु पराङ्मुखः ॥
अबलामपि तां चक्रे । केवलं दंडगोचरां ॥ ८६ ॥

અર્થ:—હવે કામદેવ પણ સામ દાન આદિક ઉપાયોને તજીને તે અબલાને પણ કેવલ દંડગોચર કરવા લાગ્યો. ॥ ૮૬ ॥

भूषणं दूषणं वस्त्रं । शस्त्रं स्वभवनं वनं ॥
कामार्त्तया तथा पुष्प—माला ज्वाला इवेक्षिता: ॥ ८७ ॥

અર્થ:—એવીરીતે કામથી પીડાયેલી તે આભૂષણને દૂષણતરીકે, વસ્ત્રને શસ્ત્રતરીકે, પોતાના ભુવનને વનતરીકે તથા પુષ્પમાલાને અગ્નિની જ્વાલાતરીકે જોવા લાગી. ॥ ૮૭ ॥

सौकुमार्यमहो तस्या—यत्पौष्पैरपि सायकैः ॥
अनंगेनाहता भेजे । दशां जीवितनाशिनीं ॥ ८८ ॥

અર્થ:—અહો! તેણીનું સુકુમાલપણું તો જુઓ? કે જે કામદેવ-વડે કરીને પુષ્પનાં બાણોથી હણાતીથકી પણ પ્રાણહારક દશાને પ્રાપ્ત થઇ. ॥ ૮૮ ॥

अथ तस्या वयस्याभिः । सुरेंद्रोपयमस्पृहां ॥
बोधितः सागरोऽहृष्य—द्योग्यजामातृलाभतः ॥ ८९ ॥

અર્થ:—હવે સખીઓએ સુરેંદ્રદત્તને પરણવાની તેણીની ઇચ્છા જણાવ્યાથી સાગરશ્રેષ્ઠી પણ લાયક જમાઇની પ્રાપ્તિથી ખુશી થયો.

प्रैषीच्चाप्तान्नरांस्तस्मै । पुत्रीं दातुं तदोकसि ॥
याचतां ददतां वापि । कन्यां किंचिन्न लाघवं ॥ ९० ॥

અર્થ:—પછી પોતાની પુત્રી આપવામાટે તેણે પોતાના માન્ય પુરુષોને તેને ઘેર મોકલ્યા, કેમકે કન્યા માગવામાં અથવા દેવામાં કંઈ પણ હલકાઇ થતી નથી. ॥ ૯૦ ॥

समुद्रदत्तं समुदः । प्रजजल्पुरुपेत्य ते ॥
तवोपयच्छतां सूनुः । सागरस्यांगजामिति ॥ ९१ ॥

અર્થ:—તેઓ સમુદ્રદત્તપાસે આવીને હર્ષસહિત કહેવા લાગ્યા કે તમારા પુત્રને સાગરશ્રેષ્ઠીની કન્યા સાથે પરણાવો ? ॥ ૯૧ ॥

सुरेन्द्रोऽसौ महातेजा । विमलस्त्रासवर्जितः ॥
तप्तगांगेयगौरांगी । सुभद्रापि शुभाकृतिः ॥ ९२ ॥

અર્થ:—આ સુરેંદ્રદત્ત મહાતેજસ્વી નિર્મલ તથા નિર્ભય છે, તેમ સુભદ્રા પણ તપેલાં સુવર્ણસરખાં ગોર શરીરવાળી અને સુંદર આકારવાળી છે. ॥ ૯૨ ॥

अनयोर्योगमाधातुं । मणिमुद्रिकयोरिव ॥
विधिरेव कलादः स्या—त्तद्गृह्याः के पुनर्वयं ॥ ९३ ॥

અર્થ:—મણિ અને મુદ્રિકાનીપેઠે આ બન્નેનો યોગ મેળવવાને વિધાતાજ સોનાર બની શકે તેમ છે, માટે અમો તો આ બાબતમાં શું હિસાબમાં છીયે ? ॥ ૯૩ ॥

एवं वाग्गौरवं तन्वन् । समुद्रः प्रतिपद्यते ॥
यावत्तेषां वचस्तावत् । सुरेंद्रः प्रोचिवानिति ॥

અર્થ:—એવી રીતે વચનગૌરવને વિસ્તારતોથકો સમુદ્રદત્ત જેવામાં તેઓનું વચન સ્વીકારે છે, તેવામાં સુરેંદ્રદત્ત બોલ્યો કે, ॥ ૯૪ ॥

संयोज्य दूरे भवतः । पितरौ सारथी इव ॥
भर्त्रैव योषिन्निर्वाह्या । धूर्धुर्येणेव केवलं ॥ ९५ ॥

અર્થ:—માબાપ તો સારથિનીપેઠે જોડીને દૂર થઇ જાય છે, પછી તો બળદને જેમ ધોંસરાંનો તેમ માત્ર ભર્તારનેજ સ્ત્રીનો નિર્વાહ કરવો પડે છે. ॥ ૯૫ ॥

सद्वंश्या सगुणा नम्रा । स्मर्त्तव्या संकटे दृढा ॥
अभंगुरा च भाग्यैः स्या—द्धनुर्यष्टिरिवांगना ॥ ९६ ॥

અર્થ:—ઉત્તમ વંશની ( સારા વાંસવાળી ) ગુણવાન્ ( દોરીવાળી ) નમ્ર, સંકટસમયે યાદ કરવા લાયક, દઢ તથા ધૈર્યવાળી ( ભાંગી ન જાય તેવી ) ધનુષ્યના કામઠાસરખી સ્ત્રી ભાગ્યથીજ મળી શકે છે. ॥ ૯૬ ॥

क्रियते निर्वृतेर्हेतो—र्जाया सा यदि निर्गुणा ॥
तदायःशूलिकाप्रोतं । नरं मन्यामहे वरं ॥ ९७ ॥

અર્થ:—પોતાના સુખમાટે સ્ત્રી સ્વીકારાય છે, પણ કદાચ જો તે નિર્ગુણી નિવડે તો તેના કરતાં તો લોખંડની શૂલીમાં પરોવાયેલા પુરુષને હું શ્રેષ્ઠ માનું છું. ॥ ૯૭ ॥

वार्त्तयापि विवाहस्य । नरः को नात्र नृत्यति ॥
पाशे पिपतिषुः पक्षी । चायतिं न तु पश्यति ॥ ९८ ॥

અર્થ:—( પોતાના ) વિવાહની વાતથી પણ અહીં કયો પુરુષ ખુશી થતો નથી ? કેમકે પાશમાં પડવાની ઇચ્છાવાળો પક્ષી કંઇ પોતાનું ભવિષ્ય જોતો નથી. ॥ ૯૮ ॥

उद्धता स्वैरचारा च । किरती दुर्वचोरजः ॥
तृणं वात्येव दुष्टा स्त्री । भ्रमयत्यचिरान्नरं ॥ ९९ ॥

અર્થ:—ઉદ્ધત સ્વેછાચારી તથા દુર્વચનરૂપી રજને ઉડાડતી એવી વાયુસરખી દુષ્ટ સ્ત્રી તૃણનીપેઠે પુરુષને એકદમ ભમાવે છે.

ये बहिर्महिमाधारा । उदारा राजपूजिताः ॥
गृहायाता कुभार्यातो । दासवत्तेऽपि बिभ्यति ॥ २०० ॥

અર્થ:—જે પુરુષો બહાર મહિમાવાળા ઉદાર તથા રાજાના માનીતા છે, તે પણ ઘેર આવ્યા કે દાસનીપેઠે કુભાર્યાથી ડરતા રહે છે. ॥ ૨૦૦ ॥

अपरीक्ष्याहृतं प्रांते । विशीर्णं कूटहेमवत् ॥
कलत्रं क्लेशयत्येव । नरं सर्वस्वनाशतः ॥ १ ॥

અર્થ:—પરીક્ષા કર્યાવિના સ્વીકારેલું ખોટું સુવર્ણ છેવટે જેમ વિખરાઇને સર્વ ધનના નાશપૂર્વક કલેશ આપે છે, તેમ કુભાર્યાથી પણ તેવુંજ ફલ મલે છે. ॥ ૧ ॥

एकमत्र मया तात । बालेनापि निदर्शनं ॥
वस्तुतत्वेक्षणं चक्षु—स्तार्त्तीयिकं निगद्यते ॥ २ ॥

અર્થ:—આના સંબંધમાં હે પિતાજી! હું બાલક છતાં પણ વસ્તુતત્વ જોવામાં ત્રીજા લોચનસરખું એક દૃષ્ટાંત આપને નિવેદન કરૂં છું. ॥ ૨ ॥

तथाहि भारतं क्षेत्र—मिदमस्त्यत्र चित्रकृत् ॥
पुंस्त्रीगजाश्वरत्नानि । जायंते यत्र धान्यवत् ॥ ३ ॥

અર્થ:—આ જંબૂદ્વીપમાં એક ભરત નામે આશ્ચર્યકારી ક્ષેત્ર છે, કેમકે તેમાં પુરૂષ, સ્ત્રી, હાથી, ઘોડા તથા રત્નો ધાન્યનીપેઠે ઉત્પન્ન થાય છે. ॥ ૩ ॥

तत्रास्ति हास्तिकाश्वीय—राथ्यपौरप्रपूरिता ॥
पूरिताशेषविद्वेषि—भयोल्लापा वराणसी ॥ ४ ॥

અર્થ:—તેમાં હાથી ઘોડા રથ તથા નગરના લોકોના સમૂહથી ભરેલી તથા જ્યાં વચનમાત્રથી પણ શત્રુનો ભય નથી એવી વારાણસી નામની નગરી છે. ॥ ૪ ॥

भूपालः पालयामास । राज्यं तत्र महाबलः ॥
संतप्ता यत्प्रतापेन । वनं भेजुररातयः ॥ ५ ॥

અર્થ:—ત્યાં મહાબલ નામનો રાજા રાજ્ય કરતો હતો, કે જેના પ્રતાપથી તપેલા વૈરીઓ વનમાં રહેતા હતા. ॥ ૫ ॥

राज्ञस्तस्यातिगौरव्यो । द्रव्योपायविशारदः ॥
अभूद्यशोधरश्रेष्टी । श्रिया श्रीद इवापरः ॥ ६ ॥

અર્થ:—તે રાજાનો અતિ માનનીક તથા દ્રવ્ય મેલવવામાં હુશિયાર અને લક્ષ્મીથી બીજા કુબેરસરખો યશોધર નામે એક શેઠ ત્યાં વસતો હતો. ॥ ૬ ॥

गौरीव गिरिशस्यास्या—ऽजनि जाया मनोरमा ॥
यया संगम्य भर्त्ताभू—दनिशं वृषभासितः ॥ ७ ॥

અર્થ:—મહાદેવની જેમ પાર્વતી તેમ તેની મનોરમા નામે સ્ત્રી હતી, કે જે સહિત તે હમેશાં ધર્મથી શોભાયમાન ( વૃષભના આસનવાળો ) હતો. ॥ ૭ ॥

अपुत्रयोस्तयोर्याति । काले युगलिनोरिव ॥
धर्मदत्तोऽभवत्पुत्रः । कृतपुण्यप्रभावतः ॥ ८ ॥

અર્થ:—યુગલીયાંનીપેઠે અપુત્ર એવા તેઓ બન્નેનો ( કેટલોક ) સમય ગયાબાદ તેઓને ( પૂર્વે ) કરેલાં પુણ્યના પ્રભાવથી ધર્મદત્ત નામે પુત્ર થયો. ॥ ૮ ॥

वार्धितोऽध्यापितः पित्रा । युवा स परिणायितः ॥
श्रीशेषश्रेष्टिनः पुत्रीं । सुरूपां नामतोऽर्थतः ॥ ९ ॥

અર્થ:—ઉમરલાયક થયે છતે પિતાએ તેને ભણાવીને શ્રીશેષશેઠની ઉત્તમ રૂપવાળી સુરૂપા નામની પુત્રીસાથે પરણાવ્યો. ॥ ૯ ॥

पितुः प्रसादात्तीरस्थो । गृहव्यापारवारिधेः ॥
धर्मदत्तस्तया पत्न्या—ऽभुंक्त भोगाननारतं ॥ १० ॥

અર્થ:—પિતાની મહેરબાનીથી ઘરના વ્યાપારરૂપી સમુદ્રને કાંઠે બેઠેલો એટલે ઘરકામની અંદર ધ્યાન આપવાની જરૂરતવિનાનો તે ધર્મદત્ત તે સ્ત્રીસાથે હમેશાં એશ માણવા લાગ્યો. ॥ ૧૦ ॥

अन्यदा स्वःसरिद्वीची—समे संवीय वाससी ॥
पुण्यद्रोः पक्किमफलैः । शोभितः स्वर्णभूषणैः ॥ ११ ॥
वक्रस्वभावया श्वश्व—दध्यापित इव श्रिया ॥
कुर्वन् वक्रक्रमन्यासं । स चचार चतुष्पथे ॥ १२ ॥ युग्मं ॥

અર્થઃ—એકદિવસે આકાશગંગાનાં મોજાંસરખા ( અતિ ઉજ્જવલ ) વસ્ત્રો પહેરીને તથા પુણ્યરૂપી વૃક્ષનાં પાકેલાં ફલસરખાં સ્વર્ણના આભૂષણોથી શોભાયુક્ત થઇને હમેશાં વક્રસ્વભાવવાળી લક્ષ્મીએ જાણે ભણાવેલો હોય નહિ તેમ વાંકા વાંકા પગલાં મુકતોથકો તે ચહુટામાં ચાલવા લાગ્યો. ॥ ૧૧ ॥ ૧૨ ॥

तं गंधमृगवद्वीक्ष्य । सारसौगंध्यबंधुरं ॥

कः प्राणायामकारीव । नोध्द्र्वश्वासो जनोऽजनि ॥ १३ ॥

અર્થઃ—કસ્તૂરીયાં હરિણનીપેઠે ઉત્તમ સુગંધિથી મનોહર બનેલા એવા તેને જોઇને જાણે પ્રાણાયામ કરતો હોય નહિ તેમ કયો માણસ ઉધ્દ્ર્વશ્વાસવાળો ન થયો? ॥ ૧૩ ॥

केचिदूचुरहो अस्य । भाग्यं सौभाग्यशालिनः ॥

जन्मना यन्मनुष्योऽपि । भाति देव इव श्रिया ॥ १४ ॥

અર્થઃ—કેટલાકો કહેવા લાગ્યા કે અહો! આ સૌભાગ્યવાન્ ધર્મદત્તનું કેવું ( ઉમદું ) નશીબ છે! કે જે જન્મથી મનુષ્ય છતાં પણ લક્ષ્મીથી દેવસરખો શોભે છે. ॥ ૧૪ ॥

अपरे स्माहुरेतस्य । खलु कृत्वाऽप्रशंसनं ॥

यः पित्रा स्वीकृतां लक्ष्मीं । भुनक्ति जननीमिव ॥ १५ ॥

અર્થઃ—કેટલાકો તેની નિંદા કરીને કહેવા લાગ્યા કે અરે! આ તો પિતાએ સ્વીકારેલી ( પોતાની ) માતાસરખી લક્ષ્મીને ભોગવે છે.

प्रशस्यस्तात एवास्य । य एवं क्षमते व्ययं ॥

बुधो विधोरिव क्लीवः । पुत्रोऽपि स्यादरिः पितुः ॥ १६ ॥

અર્થઃ—ધન્ય છે એના પિતાને કે જે તેનું આવીરીતનું ઉડાઉપણું સહન કરે છે, ચંદ્રનો જેમ બુધ તેમ અકર્મી પુત્ર પણ પિતાનો વૈરી થાય છે. ॥ ૧૬ ॥

एवं जनाननान्नाना—लापं श्रुत्वा स दध्यिवान् ॥

परोक्तमेषु पूर्वोक्ता—न्मान्यं व्याकरणेष्विव ॥ १७ ॥

અર્થઃ—એવી રીતે લોકોના મુખથી નાનાપ્રકારનાં વચનો સાંભળીને તે ધર્મદત્ત વિચારવા લાગ્યો કે જેમ વ્યાકરણમાં તેમ ( અહિં પણ ) પ્રથમ મનુષ્યના વચન કરતાં પાછળના મનુષ્યનું વચન માનવાલાયક છે. ॥ ૧૭ ॥

सत्यवादिषु कः कोपः । सत्यवादी हि दुर्लभः ॥

जानेऽहमपि न न्याय्यो । यूनां पितृधनव्ययः ॥ १८ ॥

અર્થ:—વળી સત્યવાદીઓપ્રતે કોપ કરવો શા કામનો છે? કેમકે સત્ય કહેનાર દુર્લભ હોય છે, તેમ હું પણ જાણું છું કે ઉમરલાયક પુત્રે પિતાનું ધન ઉડાવવું એ યોગ્ય નથી. ॥ ૧૮ ॥

व्ययीत विभवं पैत्र्यं । कुणिः पंगुर्भवेद्यदि ॥
अन्यथा दुर्यशोवल्ल्यं—कूरावेव करौ क्रमौ ॥ १९ ॥

અર્થ:—પુત્ર જો લુલો અથવા પાંગલો હોય તો તે ભલે પિતાએ ઉપાર્જન કરેલું ધન ખરચે, પરંતુ જો તેમ ન હોય તો તેના હાથપગ અપયશરૂપી વેલડીના અંકુરા સમાન જાણવા. ॥ ૧૯ ॥

एवं विकल्पदुर्वात—क्षुब्धे तच्चित्तवारिधौ ॥
धनार्जनाशाकल्लोलै—रुद्धतैर्व्यानशे जगत् ॥ २० ॥

અર્થ:—એવી રીતનાં વિકલ્પોરૂપી તોફાની પવનથીતેનો મનરૂપી સમુદ્ર ક્ષોભાયમાન થયો, તથા તેમાં ઉછળેલાં ધન કમાવાની આશારૂપી મોજાંઓ સમસ્ત જગતમા વ્યાપી ગયાં. ॥ ૨૦ ॥

अथागत्य निजं धाम । पितरं स व्यजिज्ञपत् ॥
दूरदेशांतरं गंतु—कामः कामनया श्रियः ॥ २१ ॥

અર્થ:—હુવે તે પોતાને ઘેર આવીને પિતાને કહેવા લાગ્યો કે હે પિતાજી ધન કમાવાની ઇચ્છાથી હું દૂરદેશાંતરમાં જવા ચાહું છું.

वारितोऽपीति पित्रासौ । न जहौ निजमाग्रहं ॥
भृशायंते निषिद्धेऽर्थे । युवानो ह्यातुरा इव ॥ २२ ॥

અર્થ:—ત્યારે પિતાએ નિવાર્યાં છતાં પણ તેણે પોતાનો આગ્રહ છોડ્યો નહી, કેમકે યુવકો આતુરની પેઠે નિષેધેલું કાર્ય કરવાને વધારે હઠ કરે છે. ॥ ૨૨ ॥

संगृह्य भांडसारं स । लक्ष्मीलाभायलग्नकः ॥
जवाद्विवाहकारी वा—ऽस्तोकं लोकममेलयत् ॥ २३ ॥

અર્થ:—વિવાહ કરનારનીપેઠે ધન મેળવવામાટે આતુર બનીને સર્વ સરંજામ એકઠો કરીને તેણે ત્યાં ઘણા લોકોને ભેગા કર્યા. ॥૨૩॥

सुरूपा तमथैकांते । कांतेन वचसा जगौ ॥
त्वया समं समेष्यामि । स्वामिन्नहमपि ध्रुवं ॥ २४ ॥

અર્થ:—હુવે સુરૂપાએ તેને એકાંતે મનોજ્ઞ વચનથી કહ્યું કે, હે સ્વામી! હું પણ ખરેખર તમારી સાથે આવીશ. ॥ ૨૪ ॥

मावादीस्त्वं विमुग्धासि । लोको वैदेशिकः शठः ॥
शिरीषसुकुमारांगी । त्वं च पंथा सुदुःकरः ॥ २५ ॥

અર્થ:—( ત્યારે ધર્મદત્તે તેણીને કહ્યું કે ) હે પ્રિયે! આ બાબતમાં તું કંઈ બોલીશ નહિ, તું તો ભોળી છે, પરદેશી લોકો લુચ્ચા હોય છે, વળી તું સરસવના પુષ્પસરખી સુકુમાલ શરીરવાળી છે, અને દેશાટન કરવું કંઇ સહેલું નથી. ॥ ૨૫ ॥

एवं भर्त्रा निषिद्धापि । साऽमुंचन्न कदाग्रहं ॥
वारयामासतुर्युक्त्या । ततस्तां श्वसुरावपि ॥ २६ ॥

અર્થ:—એવી રીતે ભર્તારે નિષેધ્યા છતાં પણ તેણીએ જ્યારે કદાગ્રહ તજ્યો નહિ, ત્યારે યુક્તિપૂર્વક સાસુ સસરાએ પણ તેણીને નિવારી. ॥ ૨૬ ॥

कथंचनाप्यनुत्सृष्टा—ग्रहामात्तव्रतामिव ॥
पत्नीं प्रीत्या सहादाया—ऽनलसः प्रचचाल सः ॥ २७ ॥

અર્થ:—જોગણનીપેઠે કોઇ પણ રીતે આગ્રહ ન તજવાથી પ્રીતિપૂર્વક તેણીને સાથે લેઇને તે આલસ તજીને ચાલતો થયો. ॥ ૨૭ ॥

तया दयितयाधिष्ण्य—धृतिं मार्गेऽपि लंभितः ॥
प्रियजानिः प्रयाणानि । ददौ कतिपयानि सः ॥ २८ ॥

અર્થ:—એવી રીતે પ્રીતિના વશથી સાથે લેવાથી માર્ગમાં હરકત પડવા છતાં પણ તેણે કેટલીક મજલો કરી. ॥ ૨૮ ॥

पथ्यस्य पार्थिवस्येव । संवाह्य नयतो जनं ॥
विप्रो वररुचिर्नाम । धीधाम समगच्छत ॥ २९ ॥

અર્થ:—રાજાનીપેઠે લોકોને લઇને ચાલતા એવા તે ધર્મદત્તને માર્ગમાં વરરુચિ નામના એક મહાબુદ્ધિવાન બ્રાહ્મણનો મેલાપ થયો. ॥૨૯॥

समं तेन प्रियालापैः । पीयूषास्वादसोदरैः ॥
पद्मनालमिवांभोभि—स्तस्य मैत्र्यमवर्धत ॥ ३० ॥

અર્થ:—તેની સાથે થયેલા અમૃતના સ્વાદસરખા મિષ્ટ વચનોથી જેમ જલવડે કરીને કમલની નાલ તેમ તેની મિલાઇ વૃદ્ધિ પામી.

सखायं सुखमत्येतुं । मार्गमेकरथस्थितं ॥
कथामवितथामेकां । विप्रं पप्रच्छ सोऽन्यदा ॥ ३१ ॥

અર્થ:—વિનોદપૂર્વક માર્ગ ઓળંગવામાટે એકજ રથમાં બેઠેલા એવા તે બ્રાહ્મણપ્રતે તેણે એક દિવસે એક વાર્તા પૂછી. ॥ ૩૧ ॥

सोऽप्यूचे मित्र संजात–स्तव तावत्कथारसः ॥
रसिकस्य हि कार्पण्यं । न कामिन इवोचितं ॥ ३२ ॥

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણે પણ તેને કહ્યું કે, હે મિત્ર તને હવે કથાનો રસ લાગ્યો છે, માટે કામીનીપેઠે રસિકને કૃપણપણું રાખવું એ ઉચિત નહિ. ॥ ૩૨ ॥

दीनाराणामदीनास्य । देहि पंचशतानि मे ॥
यथाऽपूर्वकथास्वाद—कौतुकं पूरयामि ते ॥ ३३ ॥

અર્થ:— માટે હે તેજસ્વી મુખવાળા ! તું મને પાંચસો સોનામહોરો આપ ? કે જેથી તારૂં અપૂર્વ કથાના સ્વાદનું કૌતુક હું સંપૂર્ણ કરૂં. ॥ ૩૩ ॥

सोऽपि तस्मै ददौ मंक्षु । दीनारशतपंचकं ॥
न बाहुबलिनो द्रव्यं । व्ययतः शंकते मनः ॥ ३४ ॥

અર્થ:—( તે સાંભળી ) તે ધર્મદત્તે પણ તેને તુરત પાંચસો સોનામહોરો આપી, કેમકે ભુજાબલવાળાનું મન ધન ખરચતાં શંકા પામતું નથી. ॥ ૩૪ ॥

अथ सोऽकथयत्तस्मै । कथामिति मिताक्षरां ॥
न नीचजनसंपर्कः । कार्यः स्वहितमिच्छता ॥ ३५ ॥

અર્થ:—પછી તે બ્રાહ્મણે પણ તેને આવી રીતની એક ટુંકાક્ષરી કથા કહી કે, પોતાનું હિત ઇચ્છનારે નીચ માણસનો સંગ કરવો નહિ.

ततः किमिति तेनोक्तो—ऽवादीदहसनो द्विजः ॥
धीमन्नियमियत्येव । कथास्त्यथ स ऊचिवान् ॥ ३६ ॥

અર્થ:—તે કેમ ? એમ ધર્મદત્તે પૂછવાથી તે બ્રાહ્મણ ભારે મહોઢું રાખીને બોલ્યો કે હે બુદ્ધિવાન્! આ કથા એટલીજ હતી, ત્યારે વળી તે બોલ્યો કે, ॥ ૩૬ ॥

भोः किमेतत्त्वया प्रोक्तं । बालानामपि हास्यकृत् ॥
मम त्वमुत्तमर्णीव । मुधैव धनमग्रहीत् ॥ ३७ ॥

અર્થ:—અરે! બાલકોને પણ હસવું આવે એવું આ તું શું બોલ્યો ? ખરેખર તેં લેણીયાતનીપેઠે મારૂં ધન ફોકટ લેઇ લીધું. ॥૩૭॥

अपूर्वगोरसाकांक्षा—ऽस्त्यद्यापि मम तादृशी ॥
उत्पन्ना च विलीना च । कथमेषा कथागवी ॥ ३८ ॥

અર્થ:—અપૂર્વ વચનરસ ( ગોરસ ) ચાખવાની મારી ઇચ્છા તો હજુ પણ તેવીને તેવીજ રહી છે, માટે આ તારી કથારુપી ગાય તે કેવી! કે જે જન્મ્યા ભેળીજ નાશ પામી! ॥ ૩૮ ॥

इत्यार्त्तं तं द्विजः प्रोचे । मा शुचः कथयाल्पया ॥
अल्पापीयं कथा मित्र । लोकद्वयसुखावहा ॥ ३९ ॥

અર્થ:—એવી રીતે ખેદ કરતા એવા તે ધર્મદત્તને બ્રાહ્મણે કહ્યું કે હે મિત્ર! તું આ સ્વલ્પ કથાથી ખેદ ન કર? કેમકે આ સ્વલ્પ કથા પણ બન્ને લોકમાં સુખકારી છે. ॥ ૩૯ ॥

पुनः कथां रसाधिक्या—त्कर्करायितशर्करां ॥
चेत्पिपाससि दीनार—सहस्रं देहि मे ततः ॥ ४० ॥

અર્થ:—વળી હજુ પણ રસના અધિકપણાથી ઉમદા સાકરસરખા કથારસને જો તારે પીવાની ઇચ્છા હોય તો મને એક હજાર સોનામહોરો આપ? ॥ ૪૦ ॥

कथारंगच्छिदा दुःखं । लक्षेणापि न यास्यति ॥
इति सोऽदत्त दीनार—सहस्रमपि साहसी ॥ ४१ ॥

અર્થ:—કથારંગના ભંગથી ( થયેલું ) દુઃખ લાખ ( સોનામહોરોથી ) પણ જશે નહી, એમ વિચારી તે સાહસિકે તેને એક હજાર સોનામહોરો પણ આપી. ॥ ૪૧ ॥

सोऽथ प्रोवाच विश्वासः । कार्यो नार्या न धीमता ॥
कथाद्वयं विधृत्येदं । धृतिच्छेदं न लप्स्यसे ॥ ४२ ॥

અર્થ:—હવે તે બ્રાહ્મણ બોલ્યો કે બુદ્ધિવાને સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ, અને આ બન્ને કથા હૃદયમાં ધારવાથી તું દુઃખી થઇશ નહિ.

व्यमृशत् सोऽथ विप्रोऽय—महो लोभमहोदधिः ॥
यो मामेवं कथाव्याजा—न्मुग्धाशयमदंडयत् ॥ ४३ ॥

અર્થ:—હવે તે ધર્મદત્તે વિચાર્યું કે અહો! આ બ્રાહ્મણ તો લોભનો મહાસાગર છે, કે જેણે મને ભોળાને આવી રીતે કથાના મિષથી દંડ્યો છે. ॥ ૪૩ ॥

लोभोऽयं भापितो बीत—रागैः क्वास्थामलप्स्यत ॥
नाभविष्यन्महास्थान—स्वरूपा यद्यमी द्विजाः ॥ ४४ ॥

અર્થ:—વળી આવા મહાસ્થાનસરખા જો બ્રાહ્મણો (દુનિયામાં) ન હોત તો વીતરાગોએ ડરાવેલો લોભ ક્યાં પોતાનું રહેઠાણ મેળવી શકત?

यत्तृष्णा कमलौघेन । धनेनापि न शाम्यति ॥

वाडवा वाडवाग्नेस्तत्—सखायः प्रस्फुरच्छिखाः ॥ ४५ ॥

અર્થ:—બ્રાહ્મણોની તૃષ્ણા ઘણા ધનના સમૂહથી ( વરસાદથી ) પણ શાંત થતી નથી, માટે ખરેખર તે બ્રાહ્મણો શિખાવાળા ( ચોટલીવાળા ) વડવાનલના મિત્રસરખા છે. ॥ ૪૫ ॥

प्रायः प्रियजला विप्रा—स्तृष्णातापातुरा इव ॥

भाले सतिलकाः प्राप्त—साम्राज्या इव लोभिषु ॥ ४६ ॥

અર્થ:—વળી બ્રાહ્મણો તૃષ્ણારૂપી તાપથી જાણે વ્યાકુલ થયા હોય નહિ તેમ તેઓને હમેશાં જલ વહાલું છે, અને લોભી માણસોમાં જાણે રાજા હોય નહિ તેમ તેઓ કપાલોમાં (રાજ્યાભિષેકના ચિન્હરૂપ) તિલકને ધારણ કરે છે. ॥ ૪૬ ॥

नास्ति त्रिष्वपि लोकेषु । लुब्धो मत्सदृशोऽपरः ॥

इति रेखात्रयं सूत्र—व्याजाद् बिभ्रत्यमी हृदा ॥ ४७ ॥

અર્થ:—ત્રણે લોકમાં મારાસરખો બીજો કોઇ લોભી નથી, એવું દેખાડવાનેજ આ બ્રાહ્મણો હમેશાં જનોઇના મિષથી હૃદયમાં ત્રણ રેખાઓ ધારણ કરે છે. ॥ ૪૭ ॥

उदंगुलिः कृतोऽमीभि—र्यद्वेदाध्ययने करः ॥

ततोऽभ्यासात्तथैवासौ । भवति प्रतिदायकं ॥ ४८ ॥

અર્થ:—વળી આ બ્રાહ્મણો વેદ ભણતી વખતે ઉંચી આંગળીઓવાળો જે પોતાનો હાથ કરે છે, તે અભ્યાસથીજ તે દાતરપ્રતે પોતાનો હાથ પ્રસારે છે. ॥ ૪૮ ॥

ब्राह्मणानां तनुरियं । ननु तृष्णातरंगिणी ॥

नो चेत्कटीतटीदेशे—ऽदभ्रदर्भोदयः कथं ॥ ४९ ॥

અર્થ:—બ્રાહ્મણોનું આ શરીર ખરેખર તૃષ્ણાની નદીરૂપ છે, જો એમ ન હોત તો તેઓના કટીપ્રદેશપર પ્રકટરીતે દર્ભની ઉત્પત્તિ ક્યાંથી હોત? ॥ ૪૯ ॥

यल्लोभादमुनात्तं त—द्याचमानास्त्रपामहे ॥

देयं चेत्प्राग्भवस्याभू—च्छुटिताःस्मस्तदा वयं ॥ ५० ॥

અર્થ:—લોભને વશ થઇ આ બ્રાહ્મણે મારી પાસેથી જે ધન લીધું છે, તે પાછું માગતાં મને લજ્જા થાય છે, માટે જો તેનું પૂર્વભવનું દેવું હશે તો તે આપીને હું તો છુટી ગયો છું. ॥ ૫૦ ॥

एवं वितर्कयंस्तेन । सह वर्त्म विलंघ्य सः ॥
पारं पोत इवांभोधे—र्जगाम श्रीपुरं पुरं ॥ ५१ ॥

અર્થ—એમ વિચારતોથકો તે ધર્મદત્ત તે બ્રાહ્મણ સહિત માર્ગ ઉલ્લંઘીને વહાણ જેમ સમુદ્રને કાંઠે તેમ શ્રીપુરનગરપ્રતે ગયો. ।।૫૧।।

तस्माद् बहिः पटकुटी—रज्जुस्खलितसंचरं ॥
सार्थं सोऽस्थापयद्युक्त्या । चमूमिव चमूपतिः ॥ ५२ ॥

અર્થ:-ત્યાં તેણે નગરની બહાર દોરીઓથી મજબૂત કરેલા તંબૂઓ નાખ્યા, તથા સેનાપતિ જેમ સૈન્યને તેમ તેણે ત્યાં સગવડથી પોતાનો સાર્થ સ્થાપ્યો. ॥ ૬૨ ॥

पथकः कथकश्चाथ । स विप्रः समुपेत्य तं ॥
आलपीन्मधुरालापै—र्गृहं गंतुमना निजं ॥ ५३ ॥

અર્થ:—હવે તે માર્ગે મળેલા અને કથા કહેનાર તથા પોતાને ઘેર જવાના મનવાળા તે બ્રાહ્મણે તેની પાસે આવીને મધુર સ્વરે કહ્યું કે, ૫૩

पुरेऽस्मिन्नेव वास्तव्यः । सोऽहं वररुचिश्चिरं ॥
बहिर्भ्रांत्वाथ यास्यामि । गृहं नीडमिवांडजः ॥ ५४ ॥

અર્થ:—હું આ વરરુચિ નામનો બ્રાહ્મણ ઘણા કાળથી આજ નગરમાં રહું છું તથા દેશાટન કરીને પક્ષી જેમ પોતાના માળાપ્રતે તેમ હવે મારે ઘેર જઇશ. ॥ ૫૪ ॥

त्वं मे प्रियवयस्योऽसि । सौहृदं मा स्म विस्मरेः ॥
पतितः संकटे बुद्धि—घस्मरे मां स्मरेः पुनः ॥ ५५ ॥

અર્થ:—તું મારો પ્રિય મિત્ર છે, માટે તારે મિત્રાઈ વિસરવી નહી, તેમજ બુદ્ધિગમ્ય સંકટ પડતી વખતે વળી મને તું યાદ કરજે.

गृहाण त्वं जवादेतान्, यवान् मैत्र्या लवानिव ॥
यथा तथामी कस्यापि । न प्रकाश्या रहस्यवत् ॥ ५६ ॥

અર્થ:—વળી તું આપણી મિત્રાઇના લેશસરખા આ યવોને ગ્રહણ કર? વળી ગુપ્ત વાતનીપેઠે તારે કોઇને પણ સહેજ વાતમાં આ જવ સંબંધિ વિવેચન કરવું નહિ. ॥ ૫૬ ॥

अमी उप्ता जलैः सिक्ता । मित्र मंत्रपवित्रिताः ॥
अत्युग्रपुण्यवत्सद्यः । परोहंति फलंति च ॥ ५७ ॥

અર્થ:—મંત્રથી પવિત્ર થયેલા આ યવો વાવીને જલથી સિંચવાથી અતિશય પુણ્યનીપેઠે તુરત ઉગીને ફળે તેવા છે. ॥ ૫૭ ॥

सोऽथादाय यवांस्तस्मा—न्निजपत्न्याः समार्पयत् ॥
ययौ विप्रोऽपि धाम स्वं । प्रियापत्यदिदृक्षया ॥ ५८ ॥

અર્થ:—હવે તે યવો તેની પાસેથી લેઇને તેણે પોતાની સ્રીને આપ્યા, તથા તે બ્રાહ્મણ પણ પોતાની સ્રી તથા સંતાનોને મળવાની ઇચ્છાથી પોતાને ઘેર ગયો. ॥ ૫૮ ॥

समादाय समं श्रेष्टि—सुतोऽपि प्राभृतं मुदा ॥
सदाचारस्ततः सिंह–द्वारमाप क्षमापतेः ॥ ५९ ॥

અર્થ:—પછી તે સદાચારવાળો શ્રેષ્ઠિપુત્ર ધર્મદત્ત પણ ભેટણું લેઇને હર્ષથી રાજાના દરબારમાં ગયો. ॥ ૫૯ ॥

कश्चिद्देव दिदृक्षुस्त्वा—मिभ्यः प्राभृतपाणिकः ॥
द्वारे विलंबितोऽस्तीति । वेत्री भूपं व्यजिज्ञपत् ॥ ६० ॥

અર્થ:—ત્યારે છડીદારે જઇને રાજાને વિનંતિ કરી કે, હે સ્વામી! કોઇક શાહુકાર હાથમાં ભેટણું લેઇને આપને મળવાની ઇચ્છાથી બારણે આવેલો છે. ॥ ૬૦ ॥

द्राक्तं समानयात्रेति । नृपादिष्टेन वेत्रिणा ॥
अलिः परिमलेनेव । पुष्पं निन्ये स पर्षदं ॥ ६१ ॥

અર્થ:—તેને જલદી અહીં લાવ? એવી રીતે રાજાએ હુકમ કરવાથી પરિમલ જેમ ભમરાને પુષ્પપ્રતે લેઇ જાય છે તેમ તે છડીદાર તેને સભામાં લેઇ ગયો. ॥ ૬૧ ॥

उपदामुपपादांते । मुक्त्वा भूपं ननाम सः ॥
पीठे तद्दापिते हंस । इवाब्जे निषसाद च ॥ ६२ ॥

અર્થ:—ચરણમાં ભેટણું મૂકીને તે રાજાને નમ્યો, તથા હંસ જેમ કમલપર તેમ રાજાએ અપાવેલાં આસનપર તે બેઠો. ॥ ૬૨ ॥

राज्ञश्च तस्य चापालाः । प्रावर्त्तंत परस्परं ॥
पूरयंतः सिताक्षोद–स्यूतचूतरसस्पृहां ॥ ६३ ॥

અર્થ:—પછી પરસ્પર સાકરના ચૂરાસાથે મળેલા આંબાના રસની ઇચ્છાને પૂરતો એવો વચનવિનોદ તેની અને રાજાની વચ્ચે થયો ॥૬૩॥

भक्त्या च स्नेहलोक्त्या च । तोषितस्तस्य भूपतिः ॥
मुमोच सकलं शुल्कं । गुणाढ्यः क्व न पूज्यते ॥ ६४ ॥

અર્થઃ—તેની ભક્તિથી તથા સ્નેહયુક્ત વચનોથી ખુશી થયેલા રાજાએ તેનું સઘલું દાણ માફ કર્યું, કેમકે ગુણવાન માણસ કયાં પૂજાતો નથી ? ॥ ૬૪ ॥

**इह स्थितस्त्वमागच्छे–रनिशं मम संसदि ॥**

**इत्यादेशं नरेशस्य । स वितेने शिखामणिं ॥ ६५ ॥**

અર્થઃ—અહીં જ્યાંસુધિ રહો ત્યાંસુધિ હમેશાં તમારે મારી સભામા આવવું, એવી રીતના રાજાના હુકમને તેણે પણ મસ્તકે ચડાવ્યો. ॥ ૬૫ ॥

**त्रिभूमं नगरस्यांत—स्तस्यावस्थितये नृपः ॥**

**अदत्त सौधं तुष्टा हि । भूपाः कल्पद्रुमा इव ॥ ६६ ॥**

અર્થઃ—પછી રાજાએ તેને રહેવામાટે નગરની અંદર ત્રણ મજલાનો મહેલ સોંપ્યો, કેમકે ખુશી થયેલા રાજાઓ કલ્પવૃક્ષસમાન થઇ પડે છે. ॥ ૬૬ ॥

**तस्थुषस्तत्र तस्याथ । क्रयविक्रयकारिणः ॥**

**विटेन गंगदत्तेन । सौहृदमप्यजायत ॥ ६७ ॥**

અર્થઃ—હવે ત્યાં રહીને લેવડદેવડ કરતા એવા તે ધર્મદત્તને ગંગદત્ત નામના એક લફંગા માણસસાથે મિત્રાઇ થઈ. ॥ ૬૭ ॥

**बब्बूलेनेव रंभाया । राहुणेव सितद्युतेः ॥**

**बिडालेनेव हंसस्य । हुताशेनेव शाखिनः ॥ ६८ ॥**

અર્થઃ—બાવળસાથે જેમ કેળની, રાહુસાથે જેમ ચંદ્રની, બિલાડાસાથે જેમ હંસની તથા અગ્નિસાથે જેમ વૃક્ષની ॥ ૬૮ ॥

**एतेन क्रूरचित्तेन । संगतिस्तव नोचिता ॥**

**इत्युक्तोऽपि जनैरब्धि–र्विषवत्तं न सोऽत्यजत् ॥ ६९ ॥**

અર્થઃ—તેમ ક્રૂર મનવાળા એવા આ ગંગદત્તની સાથે સોબત કરવી તને ઉચિત નથી, એવી રીતે લોકોએ કહ્યા છતાં પણ સમુદ્ર જેમ વિષને તેમ તેણે તેને તજ્યો નહિ. ॥ ૬૯ ॥

**विनापि धर्मदत्तं सो—ऽवतंसः सर्वमायिनां ॥**

**समं सुरूपया चक्रे । हास्यकेलिकुतूहलं ॥ ७० ॥**

અર્થઃ—( અનુક્રમે ) ધર્મદત્તની ગેરહાજરીમાં પણ તે કપટીનો શિરોમણિ ગંગદત્ત સુરુપા સાથે હાસ્ય ક્રીડા વિનોદ આદિક કરવા લાગ્યો. ॥ ૭૦ ॥

तज्ज्ञानन्नपि नाक्षुभ्य-द्भ्यभूः सरलाशयः ॥
घ्रातो घ्रात इवाशेषः । साधुः साध्वेव पश्यति ॥ ७१ ॥

અર્થ:—તે બાબતને જાણતાં છતાં પણ તે સરલ આશયવાળો શ્રેષ્ટિપુત્ર ધર્મદત્ત ક્ષોભ પામ્યો નહિ, કેમકે ધરાયેલો સર્વને ધરાયેલા તથા સજ્જન સર્વને સજ્જનજ જુએ છે. ॥ ७१ ॥

क्रमादवाप्तप्रसरः । स तस्यां विप्लुतोऽभवत् ॥
विकारकारणं कुक्षि-निक्षिप्तोऽपि खलः खलु ॥ ७२ ॥

અર્થ:—અનુક્રમે અવસર મેલવીને તે તેણીની સાથે ભોગવિલાસ પણ કરવા લાગ્યો, કેમકે હૃદયમાં (પેટમાં) સ્થાપેલો પણ દુર્જન (ખોળ) ખરેખર વિકાર કરનારો થાય છે. ॥ ७२ ॥

जनेभ्यस्तदपि श्रुत्वा । ऋजुरध्यायदिभ्यसूः ॥
भुंजानः स्वगृहे हंत । परतप्तिकरो जनः ॥ ७३ ॥

અર્થ:—આ વૃત્તાંત પણ લોકોના મુખથી સાંભલ્યા છતાં તે ભોળો ધર્મદત્ત એમ વિચારવા લાગ્યો કે લોકો તો પોતાના ઘેર ખાઇપીને પરનીજ ઓદણી કર્યા કરે છે. ॥ ७३ ॥

लोकोऽयं परविघ्नेच्छुः । सोढा न स्नेहमावयोः ॥
ब्रूतेऽस्मिन्नपि यद्दोषान् । दुग्धे किं पूरकानिव ॥ ७४ ॥

અર્થ:—લોકો પરવિઘ્નસંતોષી હોવાથી અમારા બન્ને વચ્ચેનો સ્નેહ સહન કરી શકતા નથી, કેમકે દુધમાં પૂરાની પેઠે તેઓ ગંગદત્તમાં પણ દોષો કહે છે. ॥ ७४ ॥

एवं धीराशयेऽप्यस्मिन् । विटः प्रकटमत्सरः ॥
रहः प्रोवाच तत्पत्नीं । दौःशील्येनात्मसात्कृतां ॥ ७५ ॥

અર્થ:—એવી રીતે શુભ આશયવાળા એવા પણ આ ધર્મદત્ત પ્રત્યે પ્રકટ રીતે દ્વેષ કરનારો તે ગંગદત્ત એક દિવસે પોતાના દુ:શીલપણાથી વશ કરેલી એવી તેની સ્ત્રીને ગુપ્ત રીતે કહેવા લાગ્યો કે,

मार्यते धर्मदत्तश्चे-द्वार्यते वा विशन् गृहं ॥
जाये जायेत तद्भोग—रंगो निर्भयमावयोः ॥ ७६ ॥

અર્થ:—હે પ્રિયે! જો ધર્મદત્તને મારી નાખવામાં આવે અથવા અહીં ઘેર આવતો અટકાવવામાં આવે તો પછી આપણા બન્નેનો ભોગરંગ નિર્ભયપણે થાય. ॥ ७६ ॥

एवमेवैतदित्यस्य । वचः साप्यन्ववर्त्तत ॥
क्रौर्यनिर्जितशस्त्रीणां । धिक् स्त्रीणां चपलं मनः ॥ ७७ ॥

અર્થ:—એમજ કરવું ઠીક છે, એમ કહી તેણીએ પણ તેનું વચન સ્વીકાર્યું. ક્રૂરપણાથી જીતેલ છે શસ્ત્રો જેણીએ એવી સ્ત્રીઓના ચંચલ મનને ધિક્કાર છે. ॥ ૭૭ ॥

ततः स विततद्रोह—प्ररोहः श्रेष्टिनः सदा ॥
सुतप्ततपसः कोप । इवाभूत् पारिपार्श्वकः ॥ ७८ ॥

અર્થ:—પછી જેમ ક્રોધ તપસ્વીનો સોબતી થાય છે, તેમ તે ગંગદત્ત ( મનમાં ) દ્વેષનો અંકુરો લાવીને શેઠનો સોબતી થયો. ॥ ૭૮ ॥

अन्यदा सह मित्रेण । सदःस्थं तं नृपोऽभ्यधात् ॥
किं क्वचिच्चित्रमालोकि । भवता भ्राम्यता भुवं ॥ ७९ ॥

અર્થ:—એક દિવસે તે મિત્રસહિત સભામાં બેઠેલા તે ધર્મદત્તને તે રાજાએ કહ્યું કે હે ધર્મદત્ત તેં પૃથ્વી પર દેશાટન કરતાં થકાં કોઇ પણ જગોએ શું કઇ આશ્ચર્ય જોયું છે? ॥ ૭૯ ॥

सोऽप्यूचे देव दंभेन । दृग्बंधात्करलाघवात् ॥
दृश्यंते यानि चित्रैस्तै—र्न चित्रीयामहे वयं ॥ ८० ॥

અર્થ:—ત્યારે તેણે પણ કહ્યું કે હે સ્વામી! કપટથી નજરબંધીથી અથવા હાથચાલાકીથી જે કંઇ આશ્ચર્યો દેખાય છે, તેથી અમોને કંઇ આશ્ચર્ય થતું નથી. ॥ ૮૦ ॥

गृहे मम यवाः संति । चित्रियावल्लिपल्लवाः ॥
सद्यस्त्वदंह्रिसेवेव । स्थाने न्यस्ता फलंति ते ॥ ८१ ॥

અર્થ:—પરંતુ મારે ઘેર ચિત્રાવેલીના પલ્લવસરખા જવ છે, કે જે જવો એક જગોએ વાવ્યાથી આપના ચરણની સેવાની પેઠે તુરત ફલે છે. ॥ ૮૧ ॥

तत् श्रुत्वा विस्मिते राज्ञि । दिदृक्षारभसाज्जने ॥
धुनान्मौलिं गंगदत्त—स्तत्कथाज्ञः पुनः पुनः ॥ ८२ ॥

અર્થ:—તે સાંભળીને તે યવોને જોવાની ઇચ્છાના વેગથી રાજા તથા સભાલોક આશ્ચર્ય પામતે છતે તે યવના વૃત્તાંતને જાણનારો ગંગદત્ત વારંવાર મસ્તક ધુણાવવા લાગ્યો. ॥ ૮૨ ॥

किं वाताहतशाखीव । शिरो धूनयसीति सः ॥

पृष्टो राज्ञा जगौ प्रीतः । प्राप्य प्रेत इव च्छलं ॥ ८३ ॥

અર્થઃ—વાયુથી કંપેલા વૃક્ષનીપેઠે તું મસ્તક કેમ ધુણાવે છે, એવી રીતે રાજાએ પૂછવાથી તે દુષ્ટ પ્રેતની પેઠે લાગ જોઇને ખુશી થઇ બોલ્યો કે, ॥ ૮૩ ॥

असमंजसवादित्व—ममुष्य तव चार्जवं ॥

आश्चर्यकारणं वीक्ष्य । शिरः कस्य न कंपते ॥ ८४ ॥

અર્થઃ—આ ધર્મદત્તનું જુઠું બોલવાપણું તથા આપની સરલતા, એ બન્ને આશ્ચર્યકારક જોઇને કોનું મસ્તક કંપે નહિ ! ! ॥ ૮૪ ॥

धनस्य संनिपातस्ये—वोष्मणा मलपंति ये ॥

तद्वाचि तात्विकी बुद्धिः । स्वामिन्ननुचिता तव ॥ ८५ ॥

અર્થઃ—હે સ્વામી ! સંનિપાતસરખા ધનના તાપથી (પ્રેરાયેલા) જે મનુષ્યો બબડે છે, તેના વચનમાં આપે તત્વબુદ્ધિ રાખવી એ ઉચિત નથી. ॥ ૮૫ ॥

धूर्त्तोक्तिषु दधानस्य । धृतिं धीवंध्यचेतसः ॥

तव पालयतो राज्यं । मनोऽपि मम कंपते ॥ ८६ ॥

અર્થઃ—ધૂર્તોના વચનોમાં વિશ્વાસ રાખનારા તથા બુદ્ધિરહિત ચિત્તવાળા એવા આપ જે આ રાજ્ય નિભાવી શકો છો ! તેથી તો મારૂં મન પણ થરથરે છે ! ॥ ૮૬ ॥

गृह्णातु मम सर्वस्वं । स चेद्यदेष सत्यवाक् ॥

नो चेत्करद्वयग्राह्यं । वस्तु देयमनेन मे ॥ ८७ ॥

અર્થઃ—વળી જો આ ધર્મદત્ત સત્ય બોલનારો ઠરે તો મારી સર્વ મિલ્કત તે લેઇ લે, અને જો તેમ સાબીત ન થાય તો તેના ઘરમાંથી મારા બે હાથોવડે જે વસ્તુ હું લેઉં તે તેણે મને આપવી.

तन्मेने धर्मदत्तोऽपि । सत्योऽहमिति निश्चयात् ॥

बभूव भूपतिः साक्षी । पणबंधे तयोस्तदा ॥ ८८ ॥

અર્થઃ—હું તો સત્ય છું એવા નિશ્ચયથી ધર્મદત્તે પણ તે શરત સ્વીકારી, તથા તે સમયે રાજા તેઓ બન્નેની તે શરતમા સાક્ષી થયો.

सत्याऽसत्यपरीक्षेयं । प्रातः सर्वापि भोत्स्यते ॥

वदन्निति नृपास्थाना—द्धर्मदत्तो विनिर्ययौ ॥ ८९ ॥

અર્થ:—હવે આ સત્ય અસત્યની પરીક્ષા સઘળી સવારે જણાઇ રહેશે, એમ બોલતોથકો ધર્મદત્ત રાજસભામાંથી ગયો. ॥ ૮૯ ।

**ममैव धाम्नि संत्येते । यवास्तत्किं विषिद्यते ॥**

**इत्यनाकुल एवासौ । लग्नो वाणिज्यकर्मणि ॥ ९० ॥**

અર્થ:—મારા ઘરમાંજ તે જવો છે, માટે મારે ચિંતા શું કરવી? એમ વિચારી તે તો કંઇ પણ આકુલતાવિના પોતાના વ્યાપારમાં જોડાઇ ગયો. ॥ ૯૦ ॥

**विटस्तद्धाम गत्वोक्त्वा । सुरूपाया यथातथं ॥**

**यवांस्तान् प्रार्थयामास । स्वयं न्यासीकृतानिव ॥ ९१ ॥**

અર્થ:—હવે તે લફંગો ગંગદત્ત ધર્મદત્તને ઘેર જઇને તથા બનેલો વૃત્તાંત સુરૂપાને કહીને જાણે પોતે થાપણતરીકે રાખ્યા હોય નહિ તેમ તે યવોને માગવા લાગ્યો. ॥ ૯૧ ॥

**यवानिभ्यतनूजस्य । जीवितादपि वल्लभान् ॥**

**प्रदाय तान् विटायान्यां—स्तेषां स्थाने न्यधत्त सा ॥ ९२ ॥**

અર્થ—તે શ્રેષ્ઠિપુત્રના જીવિતથી પણ અતિવલ્લભ એવા તે યવો તે લફંગાને દેઇને તેણીએ તેઓની જગોએ બીજા સ્થાપ્યા. ॥ ૯૨ ॥

**ऊचे च नाथ गृह्णीथा—स्तदा पाणिद्वयेन मां ॥**

**भर्ताहं पाणिनैकेना—दता द्वाभ्यां पुनर्भवान् ॥ ९३ ॥**

અર્થ:—વળી તેણીએ તેને કહ્યું કે, હે સ્વામી! તે સમયે બન્ને હાથોથી મનેજ લેજે, ભર્તારે તો મને એક હાથે લીધી છે, પરંતુ તારે મને બે હાથે લેવી. ॥ ૯૩ ॥

**मास्म गृद्धिं भजे रत्न—रुक्मरूप्यादिवस्तुषु ॥**

**लाभे सचेतनाया मे । कामना का ह्यचेतने ॥ ९४ ॥**

અર્થ:—વળી તે વખતે રત્ન સુવર્ણ તથા રૂપાઆદિક વસ્તુમાં લાલચ નહિ કરજે, કેમકે મારો સચેતનનો જ્યારે તને લાભ થાય છે, ત્યારે સુવર્ણાદિક અચેતનની ઇચ્છા કરવી શા કામની છે? ॥ ૯૪ ॥

**तस्या धैर्यापहर्त्रीभि—रिति स्नेहोक्तिभल्लिभिः ॥**

**विद्धोऽपि जीवितंमन्यः । स ततो निरगाद् द्रुतं ॥ ९५ ॥**

અર્થ:—એવીરીતનાં ધૈર્યને હરનારાં તેણીનાં સ્નેહવચનરૂપી ભાલાંઓથી વિંધાયેલો એવો પણ તે ગંગદત્ત પોતાને જીવતો માનતોથકો ત્યાંથી તુરત નિકળી ગયો. ॥ ૯૫ ॥

समये धर्मदत्तोऽपि । समायातः स्वमंदिरं ॥
सुहृद्वादं जगौ पत्न्या । ऋजुर्गुह्यं रिपोरिव ॥ ९६ ॥

અર્થઃ—હવે અવસરે ધર્મદત્ત પણ ઘેર આવીને સરલ માણસ જેમ પોતાની ગુપ્ત વાત શત્રુને કહે તેમ મિત્રસાથે થયેલો વિવાદ સ્રીને કહ્યો. ॥ ૯૬ ॥

शाठ्यभूः साप्यवग् नेतः । किमेतद्विहितं त्वया ॥
चेन्मामेवैष हस्ताभ्यां । दध्यात्तत्को निषेधकः ॥ ९७ ॥

અર્થઃ—ત્યારે લુચ્ચાઇના સ્થાનસરખી તે સુરૂપા પણ બોલી કે હે સ્વામી! આ તમોએ શું કર્યું? તે વખતે કદાચ જો તે મનેજ પોતાના બે હાથોથી લેશે તો તેને કોણ અટકાવશે? ॥ ૯૭ ॥

अथ सोपपतिध्याना–दन्यचित्ता विपर्ययात् ॥
निर्मिमाणाखिलं हर्म्य—कर्म भर्त्रा न्यगद्यत ॥ ९८ ॥

અર્થઃ—હવે તે પોતાના યારનાજ ધ્યાનથી વ્યાકુળ થયેલી હોવાથી ઘરનું સર્વ કામકાજ જ્યારે ઉલટું કરવા લાગી ત્યારે ધર્મદત્તે તેણીને કહ્યું કે, ॥ ૯૮ ॥

जानानोऽस्मि बिभेषि त्व—मस्माच्छागी वृकादिव ॥
मा भीरु भैरिदं मित्रं । मयि द्रुह्यति जातु न ॥ ९९ ॥

અર્થઃ—હે પ્રિયે! હું એમ ધારૂં છું કે તું વરૂથી જેમ બકરી તેમ તે ગંગદત્તથી ડરે છે, પરંતુ તું ડર નહી, કેમકે તે મારો મિત્ર મારાપર કદાપિ પણ દ્રેષ કરે તેવો નથી. ॥ ૯૯ ॥

इति तेनोदिता तोषं । कृत्रिमं सा विवृण्वती ॥
कृच्छ्रेण निन्येऽहोरात्र—मंतर्विटवियोगिनी ॥ ३०० ॥

અર્થઃ—તેણે એમ કહેવાથી ઉપરઉપરની ખુશી દેખાડતીથકી પરંતુ મનમાં તે લફંગાના વિયોગનેજ ચિંતવતી એવી તેણીએ કેટલીક મુશ્કેલીએ તે રાત્રિદિવસ પસાર કર્યો. ॥ ૩૦૦ ॥

प्रातरादाय तद्दत्तान् । यवान् विश्वासवंचितः ॥
धर्मदत्तो ययौ राज—समाजं सुहृदा सह ॥ १ ॥

અર્થઃ—હવે પ્રભાતે વિશ્વાસથી ઠગાયેલો તે ધર્મદત્ત તેણીએ આપેલા યવો લેઇને ગંગદત્તસહિત રાજસભામાં ગયો. ॥ ૧ ॥

तत्र स प्रेरितो राज्ञा । कौतुकोपेतचेतसा ॥
पार्षद्यैः प्रेक्षितः प्रीति—पूरस्फारितलोचनैः ॥ २ ॥

कटाक्षितः कुटिलया । दृशा पल्लविकेन च ॥
यवानुवाप भूपीठे । मृदा प्रच्छादिते ततः ॥ ३ ॥ युग्मम् ॥

અર્થ:—ત્યા કૌતુકી મનવાળા રાજાએ પ્રેરેલો તથા પ્રીતિના સમૂહથી વિકસ્વર લોચનોથી સભાસદોવડે કરીને જોવાએલો ॥ ૨ ॥ તથા તે લફંગા ગંગદત્તવડે કરીને કરડી નજરથી જોવાએલો તે ધર્મદત્ત માટીથી છાવેલા પૃથ્વીતલપર યવોને વાવવા લાગ્યો. ॥ ૩ ॥

इत्वरीकरदावाग्नि—दग्धा इव न ते यवाः ॥
प्ररोहंतिस्म संसिक्ता । अपि नीरैर्निरंतरं ॥ ४ ॥

અર્થ:—કુલટાના હાથરૂપી દાવાનલથી જાણે બળી ગયેલા હોય નહિ તેમ તે યવો જલથી નિરંતર સિંચ્યા છતાં પણ ઉગ્યા નહિ. ॥૪॥

सेचं सेचं स निर्विण्णो । घोषं घोषं गुरुर्यथा
नांकूरोऽपि यवेष्वासीद् बोधिलाभो जडेष्विव ॥ ५ ॥

અર્થ:—ગુરૂ જેમ કહી કહીને થાકે તેમ તે સીંચી સીંચીને થાક્યો, પરંતુ જડનેવિષે જેમ બોધિલાભ તેમ તે યવોમાં અંકુરો પણ ફુટ્યો નહિ. ॥ ૫ ॥

फलं दूरेऽस्तु नांकूर—मात्रमप्येषु वीक्ष्यते ॥
पुरः क्षितिपतेरेवं । त्राट्कृत्य न्यगदद्विटः ॥ ६ ॥

અર્થ:—ત્યારે તે લુચ્ચો ગંગદત્ત એકદમ તડાકો કરીને રાજાપ્રતે બોલ્યો કે ફલ તો દૂર રહ્યું, પરંતુ માત્ર અંકુરો પણ આમાં દેખાતો નથી. ॥ ૬ ॥

अहो अद्भुतकारित्व—महो सत्यप्रतिज्ञता ॥
अहो कलासु कौशल्य—महो अस्य विवेकिता ॥ ७ ॥

અર્થ:—અહો આનું આશ્ચર્યકારીપણું ! અહો આનું સત્યપ્રતિજ્ઞાપણું ! અહો કલાની બહાદુરી ! તથા અહો આનું વિવેકીપણું !

यन्मे देयमनादेय-वचसा श्रेष्टिनामुना ॥
तद्दापय प्रजापाल । साक्ष्यसि त्वं यदावयोः ॥ ८ ॥

અર્થ:—માટે હે રાજન્! હવે આ જુઠાબોલા શેઠપાસેથી મને જે અપાવવાનું છે તે આપ અપાવો? કેમકે આપ અમારા બન્નેના સાક્ષી છો. ॥ ૮ ॥

राज्ञोचे सौम्य संजात—मद्य माध्यंदिनं दिनं ॥
प्रातर्निर्वाह्य वादं ते । दास्ये चास्येऽशनं त्वनु ॥ ९ ॥

અર્થ:—ત્યારે રાજાએ ગંગદત્તને કહ્યું કે ભલા માણસ! આજ તો બપોર થઇ ગયા છે, માટે પ્રભાતે તારા વાદનો નિશ્ચય કરીને તને અપાવીશ, અને ત્યારબાદ હું ભોજન કરીશ. ॥ ૯ ॥

स्वयमेव कदाप्येष । तावत्त्वद्देयमर्पयेत् ॥
तदौषधं विना व्याधि—विध्वंसः समजायत ॥ १० ॥

અર્થ:—વળી એટલામાં તે પોતેજ તને આપવાનું જો આપી દે તો ઔષધવિનાજ રોગનો નાશ થઇ જશે. ॥ ૧૦ ॥

प्रमाणयन् नृपादेशं । गंगदत्तो विनिर्ययौ ॥
अनन्यमतिरन्यस्तु । गृहं वररुचेर्ययौ ॥ ११ ॥

અર્થ:—એવી રીતના રાજાના હુકમને સ્વીકારીને ગંગદત્ત ત્યાંથી નિકલ્યો, અને ધર્મદત્ત તો બીજો ઉપાય ન સૂજવાથી વરરૂચિબ્રાહ્મણને ઘેર ગયો. ॥ ૧૧ ॥

तेनात्याकुलताहेतुं । पृष्टः श्रेष्टी यथातथं ॥
यवोदंतं जगौ स्थूलं । स्थूलाश्रुपटलं किरन् ॥ १२ ॥

અર્થ:—ત્યારે વરરૂચિએ અતિ ગભરાટનું કારણ પૂછવાથી તેણે બોરબોરજેવડાં આંસુ પાડતાંથકાં યવોનો વૃત્તાંત કહ્યો. ॥ ૧૨ ॥

ऊचे वररुचिर्वत्स । न वत्सरशतैरपि ॥
सर्वज्ञस्य वचांसीव । विघटंते यवा मम ॥ १३ ॥

અર્થ:—ત્યારે વરરૂચિએ કહ્યું કે હે વત્સ! સર્વજ્ઞના વચનોનીપેઠે સેંકડો વર્ષે પણ મારા યવો જૂઠા પડે તેમ નથી. ॥ ૧૩ ॥

मन्ये यवविपर्यासो । विहितस्तव भार्यया ॥
सा विटे गंगदत्तेऽस्मिन् । नूनमस्त्यनुरागिणी ॥ १४ ॥

અર્થ:—હું ધારૂં છું કે તારી સ્ત્રીએ યવોને બદલાવી નાખ્યા છે, અને ખરેખર તે તારી સ્ત્રી લફંગા ગંગદત્તપ્રતે રાગવાળી થઇ છે.

किं न स्मरसि भो यत्त्वं । पाठितोऽभूस्तदा मया ॥
विश्वासं योषितो नीचैः । संसर्गं मा कृथा इति ॥ १५ ॥

અર્થ:—અરે! તને શું યાદ નથી? મેં તે વખતેજ તને શિખાવ્યું હતું કે સ્ત્રીનો વિશ્વાસ તથા નીચનો સંગ કરવો નહિ. ॥ ૧૫ ॥

सतामग्राह्यनामासौ । गंगदत्तः सुहृत्तव ॥
कुर्वती कृत्रिमं प्रेम । प्रियापि स्वैरिणी तव ॥ १६ ॥

અર્થ:—જેનું નામ પણ સજ્જનોને લેવાલાયક નથી, એવો તે તારો મિત્ર ગંગદત્ત છે, તથા ઉપરથી જુઠો પ્રેમ બતાવનારી તારી સ્ત્રી પણ કુલટા છે. ॥ ૧૬ ॥

यदि विस्मृतवान् वत्स । मच्छिक्षामंत्रमुत्तमं ॥
पिशाचाभ्यामिवैताभ्यां । संप्रति च्छलितोऽसि तत् ॥ १७ ॥

અર્થ:—વળી હે વત્સ! મારી શિખામણરૂપી ઉત્તમ મંત્રને જો તું વિસરી ગયો, તો હમણા પિશાચસરખા આ બન્નેએ તને છલ્યો છે

धर्मदत्तोऽभ्यधात्पत्नी । मम गंगाजलोज्ज्वला ॥
न तस्याः शीलशालिन्या । अन्यायं वक्तुमर्हसि ॥ १८ ॥

અર્થ:—(તે સાંભળી) ધર્મદત્તે કહ્યું કે અરે! મારી સ્ત્રી તો ગંગાજલસરખી પવિત્ર છે! એ બિચારી શીલવંતી મહાસતીનું દૂષણ બોલવું એ તમોને યુક્ત નથી. ॥ ૧૮ ॥

द्विजः स्माह ऋजोऽद्यापि । स्त्रीचरित्रं न बुध्यसे ॥
मया सर्वं प्रियावृत्तं । तव प्रकटयिष्यते ॥ १९ ॥

અર્થ:—વરરૂચિએ કહ્યું કે અરે મૂર્ખ! તું હજુ સ્ત્રીચરિત્ર જાણતો નથી, હું તારી સ્ત્રીનું સઘલું ચરિત્ર તને દેખાડી આપીશ. ॥ ૧૯ ॥

भूपे प्रातर्गृहायाते । पत्नीमारोप्य कुट्टिमे ॥
निःश्रेणीं दूरतो मुंचे–रिति विप्रः शशास तं ॥ २० ॥

અર્થ:—હવે પ્રભાતે રાજા જ્યારે ઘેર આવે ત્યારે તારી સ્ત્રીને માળપર ચડાવીને તારે નિસરણી દૂર મૂકવી, એવી રીતે બ્રાહ્મણે તેને શિખામણ આપી. ॥ ૨૦ ॥

इमं तस्योपदेशं स । हसयन्निजमानसे ॥
निर्व्याजमानशे तोषं । तीर्णार्णव इव क्षणं ॥ २१ ॥

અર્થ:—તેના આ ઉપદેશને સારવિનાનો જાણી મનમાં હસતોથકો ધર્મદત્ત ક્ષણવાર જાણે સમુદ્ર તરી ગયો હોય નહિ તેમ સંતોષ માનવા લાગ્યો. ॥ ૨૧ ॥

गंगदत्तो द्वितीयेऽह्नि । नरनाथं व्यजिज्ञपत् ॥

त्वयि साक्षिणि नो लभ्यं । लभे कोऽयं नयः प्रभो ॥ २२ ॥

અર્થ:—બીજે દિવસે ગંગદત્તે રાજાને વિનંતિ કરી કે હે સ્વામી! આપ સાક્ષી છતાં હજુ મારૂં લેણું મને મળતું નથી એ ન્યાય કેવો! ॥ ૨૨ ॥

प्रार्थना प्रियमित्रेऽत्र । कारणं यद्यपि ह्रियः ॥

लभ्यवस्तुपरित्याग–स्तथापि खलु दुःसहः ॥ २३ ॥

અર્થ:—વળી આ મારા વહાલા મિત્રપાસે માગવું એ જો કે શરમ ભરેલું છે, તો પણ લેણી વસ્તુ તજવી એ ખરેખર મુશ્કેલ છે.

धर्मदत्ते रुषं धत्ते । यावत्तद्वचसा नृपः ॥

तावदागत्य तेनैव । विज्ञप्तो विनयांचितं ॥ २४ ॥

અર્થ:—એવી રીતના તેના વચનથી રાજા જેવામાં ધર્મદત્તપર ગુસ્સે થાય છે, તેવામાં ધર્મદત્તેજ ત્યાં આવી વિનયપૂર્વક રાજાને વિનંતિ કરી કે, ॥ ૨૪ ॥

देव मे सेवकस्यौकः । स्वकपादैः पवित्रय ॥

यथार्हदापनादस्या—धमर्णान्मां च मोचय ॥ २५ ॥

અર્થ:—હે સ્વામી! મારૂં સેવકનું ઘર આપના ચરણોવડે પવિત્ર કરો? અને ગંગદત્તને તેની ઇચ્છામુજબ અપાવીને મને તેના કરજથી છોડાવો. ॥ ૨૫ ॥

मुक्तकोपस्ततो भूपः । पौरव्रातवृतोऽचलत् ॥

गृहेऽस्य किं गृहीतासौ । कराभ्यामिति कौतुकी ॥ २६ ॥

અર્થ:—( તે સાંભળી ) ક્રોધ તજીને રાજા આને ઘેર બેહાથે આ ગંગદત્ત જોઇએ શું લે છે? એવી રીતનાં કૌતુકવાળો થઇને નગરના લોકોના સમૂહથી યુક્ત થયોથકો ચાલવા લાગ્યો. ॥ ૨૬ ॥

पौरेभ्यः पुरतो भूत्वा । त्वरितत्वरितैः पदैः ॥

गत्वा निजगृहं धर्म–दत्तः पत्नीमवोचत ॥ २७ ॥

અર્થ:—તે વખતે ધર્મદત્ત ઉતાવળે પગે નગરના લોકોથી આગળ નીકળી પોતાને ઘેર જઇ સુરૂપાને કહેવા લાગ્યો કે, ॥ ૨૭ ॥

उत्तिष्ट दयिते मुंच । प्रपंचमखिलं पुरः ॥

निवेशयासनश्रेणि—मयमायाति भूपतिः ॥ २८ ॥

અર્થ:—હે પ્રિયે! તું જલદી ઉભી થા? બીજું બધું કાર્ય છોડી દે? રાજાજી આવે છે માટે આસનોની શ્રેણિ માંડ? ॥ ૨૮ ॥

मत्कामना मनागद्य । फलितेव निरीक्ष्यते ॥

इति सा द्विगुणोत्साहा । तेने सर्वं तथैव तत् ॥ २९ ॥

અર્થ:—આજે મારી ઇચ્છા કંઈક ફળેલી દેખાય છે, એમ વિચારી બેવડા ઉત્સાહથી સુરુપાએ સઘલું તેજ મુજબ કર્યું. ॥ ૨૯ ॥

मालोपरि स्थितं सिंहा—सनमानय भूभुजे ॥

इति भर्त्रा समादिष्टा । साध्यारोहदधित्यकां ॥ ३० ॥

અર્થ:—હવે તું મજલાપર રહેલું સિંહાસન રાજામાટે લાવ? એવી રીતે ભર્તારે હુકમ કર્યાથી સુરુપા નીસરણીપર ચડીને મજલાપર ગઈ. ॥ ૩૦ ॥

नीताऽनयाऽनयाप्येषा । प्रोच्चैरिति रुषेव सः ॥

निःश्रेणीं दूरतोऽमुंचत् । सापराधां प्रियामिव ॥ ३१ ॥

અર્થ:—આ દુરાચારી સ્ત્રીને પણ આ નીસરણી ઉપર લેઇ ગઇ, તેથી ઉત્પન્ન થયેલા અતિ રોષથીજ જાણે હોય નહિ તેમ તે ધર્મદત્તે અપરાધી સ્ત્રીનીપેઠે તે નીસરણીને (ત્યાંથી ખેસવીને) દૂર મૂકી.

वरत्रां कूपके क्षिप्त्वा । कथं हा कांत कृंतसि ॥

इत्यारटंतीं तामेड । इवोपेक्षां चकार सः ॥ ३२ ॥

અર્થ:—હે સ્વામી! મને કુવામાં ઉતારીને હવે તું દોરી શામાટે કાપે છે? એવી રીતે પોકાર કરતી એવી તે સુરુપાની જાણે પોતે બહેરો હોય નહિ તેમ ધર્મદત્તે કંઈ દરકાર કરી નહિ. ॥ ૩૨ ॥

श्रेष्टी तत्रागते राज्ञि । पौरपूरांतरागतं ॥

स्वं मूर्त्तमिव सत्कर्मा—ऽद्राक्षीद्वररुचिं द्विजं ॥ ३३ ॥

અર્થ:—હવે રાજા જ્યારે ત્યાં આવ્યો ત્યારે નગરના લોકોના સમૂહથી અંદર પોતાના મૂર્તિવંત શુભ કર્મસરખા તે વરરુચિ બ્રાહ્મણને પણ આવેલો શેઠે જોયો. ॥ ૩૩ ॥

ततः प्रविततस्फूर्ति—रसौ तारस्वरं जगौ ॥

मंगदत्त गृहाण त्वं । वस्तु यद्रोचते तव ॥ ३४ ॥

અર્થ:—અને તેથી હિમ્મત લાવીને તેણે મોટે સ્વરે કહ્યું કે, હે ગંગદત્ત! જે વસ્તુ તને ગમે તે તું લેઇ લે? ॥ ૩૪ ॥

सोऽपि चंचलदृक्पश्यं-स्तस्य गेहमितस्ततः ॥

तां चित्तचौरिकां कामा-कुलो नालोकत क्वचित् ॥ ३५ ॥

અર્થ:—ત્યારે ચપલદૃષ્ટિવાળો તે કામાતુર ગંગદત્ત આમ તેમ તેનું ઘર જોવા લાગ્યો, પરંતુ પોતાના ચિત્તને ચોરનારી તે સુરુપાને તેણે ક્યાંય પણ જોઇ નહિ. ॥ ૩૫ ॥

तस्यात्याकुलचित्तस्य । स्वं ज्ञापयितुमातनोत् ॥

मालोपरि गता कासं । भृशं भुक्तगुडेव सा ॥ ३६ ॥

અર્થ:—એવી રીતે વ્યાકુલ ચિત્તવાળા તે ગંગદત્તને પોતાનું સ્થાન જણાવવામાટે મજલાપર રહેલી સુરુપા જાણે ખુબ ગોળ ખાઇને બેઠી હોય નહિ તેમ ખાંસી કરવા લાગી. ॥ ૩૬ ॥

तां मत्वा चंद्रशालास्था—मवतारयितुं विटः ॥

पाणिद्वयेन जग्राह । निःश्रेणीं निरपत्रपः ॥ ३७ ॥

અર્થ:—ત્યારે તેણીને મજલાપર રહેલી જાણીને ત્યાંથી ઉતારવામાટે તે નિર્લજ્જ લફંગાએ પોતાના બન્ને હાથે નિસરણી પકડી.

यावन्मुंचति निःश्रेणीं । स्वस्थाने तावदिभ्यभूः ॥

संकेतितो वररुचि—द्विजेनोचे स्फुटाक्षरं ॥ ३८ ॥

અર્થ:—પછી જેવો તે નિસરણીને તેની યોગ્ય જગોએ મુકે છે, તેવોજ શ્રેષ્ટિપુત્ર ધર્મદત્ત વરરુચિ બ્રાહ્મણે સંકેત કરવાથી પ્રકટ રીતે બોલ્યો કે, ॥ ૩૮ ॥

हंहो मा मुंच निःश्रेणीं । पाणिभ्यां स्वयमादतां ॥

नृपः साक्ष्यस्ति शृण्वंतु । सर्वे नगरवासिनः ॥ ॥ ३९ ॥

અર્થ:—અરે! તેં પોતાની મેળેજ બન્ને હાથે પકડેલી નિસરણીને હવે છોડ નહિ. કેમકે આ બાબતમાં રાજા સાક્ષી છે, તેમ હે નગરલોકો! તમો પણ સાંભળો? ॥ ૩૯ ॥

इहैता हेममंजूषा । इमे रत्नसमुद्गकाः ॥

संति किंत्वस्य निःश्रेण्या—मेव दृष्टिररज्यत ॥ ४० ॥

અર્થ:—આ અહીં સુવર્ણની પેટીઓ, તથા આ રત્નોના ડાભડાઓ પણ પડેલા છે, પરંતુ આ (મારા મિત્રની) નજર તો આ નિસરણીમાંજ ખુશી થયેલી છે. ॥ ૪૦ ॥

उपमर्दोचिता साधु—काष्टोच्चारोहकारणं ॥

सद्मश्रीकृत्करात्तेयं । किं त्याज्या सुवधूरिव ॥ ४१ ॥

અર્થ:—વળી આ નિસરણી ઉત્તમ સ્ત્રીનીપેઠે ઉપમર્દન કરવા-લાયક (આલિંગન કરવાલાયક) ઉત્તમ કાષ્ટવાળી (શરીરના મનોહર બાંધાવાળી) તથા ઉપર ચડવાલાયક ઘરની શોભા કરનારી અને હાથે કરીને ઝાલેલી હવે શું તારે તજવી જોઇયે! ॥ ૪૧ ॥

साधुसाध्विति जल्पाकै—र्ग्रांम्यवन्नागरैरपि ॥

दत्ततालं ततोऽहासि । विटो हास्यास्पदं हि सः ॥ ४२ ॥

અર્થ:—વ્યાજબી છે વ્યાજબી છે, એમ કહીને નગરના લોકોએ પણ ગામડીઆઓની પેઠે તાળી દેઇને તે લફંગાની હાંસી કરી, કેમકે તે હાંસીને લાયકજ હતો. ॥ ૪૨

अस्य दुःशीलतामर्म । धर्मदत्तेन बोधितः ॥

नृपस्तं विषयव्याप्त—मपि निर्विषयं व्यधात् ॥ ४३ ॥

અર્થ:—પછી ધર્મદત્તે તેના દુરાચારનો મર્મ રાજાને જાહેર કર્યો, ત્યારે રાજાએ તે વિષયવાળા ગંગદત્તને પણ વિષયરહિત એટલે દેશ-પાર કર્યો. ॥ ૪૩ ॥

माभूदमंगलं छिन्न—नक्रासौ पुरवासिनां ॥

इति निर्वासिता मृत्वा । सुरूपा दुर्गतिं गता ॥ ४४ ॥

અર્થ:—પછી તે સુરૂપાનું પણ નાક કાપ્યું, અને હવે આ નકટી નગરના લોકોને અપશકુન કરનારી થવી જોઇયે નહિ એમ વિચારી (રાજાએ) ત્યાંથી કાઢી મૂકેલી તે સુરૂપા મરીને દુર્ગતિમાં ગઇ. ૪૪

वनिताजनितामंद—दुःखांदोलितमानसं ॥

अथैवमन्वशाद्धर्म—दत्तं वररुचिः सखा ॥ ४५ ॥

અર્થ:—એવી રીતે સ્ત્રીથી ઉત્પન્ન થયેલા અત્યંત દુઃખથી અસ્થિર મનવાળા તે ધર્મદત્તને વરરૂચિમિત્રે શિખામણ આપી કે,

दीनाराणां शतैः पंच—दशभिः पाठितोऽभवः ॥

तथापि विप्रलुब्धोऽसि । वत्साभ्यां धिक् तवार्जवं ॥ ४६ ॥

અર્થ:—હે વત્સ! પંદરસો સોનામહોરો લેઇને મેં તને ભણાવ્યો હતો તો પણ તું તે બન્નેથી ઠગાયો, માટે તારી મૂર્ખાઇને ધિક્કાર છે. ॥ ૪૬ ॥

लभते निर्मलात्मापि । नीचसंगाद् गुणच्युतिं ॥
पश्य क्षारीभवेन्मेघ—पयः पतितमूषरे ॥ ४७ ॥

અર્થ:—નીચના સંગથી નિર્મલ માણસ પણ પોતાના ગુણો ગુમાવી બેસે છે, તું જો કે ઉપરભૂમિપર પડેલું વરસાદનું પાણી પણ ખારૂં થઇ જાય છે. ॥ ૪૭ ॥

निष्कलः कुकलत्रेण । मिलितः स्यान्महानपि ॥
कलाहीनः कुहूयोगे । किं न राजापि जायते ॥ ४८ ॥

અર્થ:—ખરાબ સ્રીના સંગથી મહાન્ પુરૂષ પણ કલારહિત થાય છે, કેમકે અમાવાસ્યાના સંગથી ચંદ્ર પણ શું કલારહિત થતો નથી?

विषवल्ली विनाशाय । प्रायः पार्श्वे निषेदुषां ॥
भवद्वयविनाशाय । ध्यातमात्रा अपि स्त्रियः ॥ ४९ ॥

અર્થ:—ઝેરી વેલડી પ્રાયે કરીને પાસે બેઠેલા પ્રાણીઓનો નાશ કરે છે, પરંતુ સ્રીઓ તો તેણીના ફક્ત ધ્યાનથીજ બન્ને ભવોમાં વિનાશ કરનારી થાય છે. ॥ ૪૯ ॥

अमुच्यमाना ज्वलिता—लानवत्तापहेतवः ॥
नार्योऽनार्योचिता दूरे । विमुक्ता यैर्जयंतु ते ॥ ५० ॥

અર્થ:—જો તે સ્રીઓને તજવામાં ન આવે તો તેઓ બળેલા થાંભલાનીપેઠે તાપ કરનારી થાય છે, માટે એવી નીચને ગ્રહણ કરવાલાયક સ્રીઓ જેઓએ દૂર તજી છે, એવા તે ( મુનિઓ ) જયવંતા વર્તો? ॥ ૫૦ ॥

इति तद्वाक्यचंद्रांशु—स्फीतवैराग्यसागरः ॥
भवोद्विग्नो नवक्षेत्र्यां । सोऽव्ययीदखिलं धनं ॥ ५१ ॥

અર્થ:—એવી રીતનાં વરરૂચિનાં વચનોરૂપી ચંદ્રના કિરણોથી ધર્મદત્તનો વૈરાગ્યરૂપી સમુદ્ર ઉલ્લાસાયમાન થયો, અને તેથી સંસારથી કંટાળીને તેણે પોતાનું સઘલું ધન નવ ક્ષેત્રોમાં વાપર્યું. ॥ ૫૧ ॥

घनेन तपसा भेत्तु—कामः संसारपंजरं ॥
स्त्रीविरक्तः प्रवव्राज । स पार्श्वे सुमतेर्गुरोः ॥ ५२ ॥

અર્થ:—નિબિડ ( ઘણરૂપ ) તપથી સંસારરૂપી પાંજરાંને ભાંગવાની ઇચ્છાથી સ્રીથી વિરક્ત થઇને તેણે સુમતિ નામના ગુરુની પાસે દીક્ષા લીધી. ॥ ૫૨ ॥

एकादशांगपारीणो । विहरन् स महीतले ॥
पुरीं वाराणसीमेव । स्वामेव तपसा ययौ ॥ ५३ ॥

અર્થ:—(અનુક્રમે) અગ્યારે અંગોનો પારંગામી એવો તે ધર્મદત્તમુનિ તપપૂર્વક પૃથ્વીપર વિહાર કરતો થકો પોતાની (જન્મભૂમિ) એવી વારાણસી નગરીમાં ગયો. ॥ ૫૩ ॥

वंदनायातलोकाना—मुपदेशं दिशन्नसौ ॥
तत्रार्हद्धर्मसाम्राज्य—मेकच्छत्रमपप्रथत् ॥ ५४ ॥

અર્થ:—ત્યાં વંદનમાટે આવેલા લોકોને ઉપદેશ દેતોથકો તે મુનિ શ્રીજૈનધર્મનું એક છત્રવાલું સામ્રાજ્ય વિસ્તારવા લાગ્યો. ॥ ૫૪ ॥

चिरं पुत्रवियोगार्त्तो । दुःखविस्मृतये क्षणं ॥
दयितासहितः श्रेष्टी । तं ववंदे यशोधरः ॥ ५५ ॥

અર્થ:—ઘણા કાળથી પુત્રના વિયોગથી દુ:ખી થયેલા યશોધરશેઠે પોતાની સ્ત્રીસહિત ક્ષણવાર દુ:ખ વિસારવામાટે (ત્યાં આવી) મુનિને વાંદ્યા. ॥ ૫૫ ॥

वेषान्यत्वाच्च काश्यर्याच्च । ताभ्यामनुपलक्षितः ॥
प्रतीत्य पितरौ तेने । व्याख्यामेष विशेषतः ॥ ५६ ॥

અર્થ:—વેષ બદલાઇ જવાથી તથા દુર્બલતાથી તેઓ તેને ઓળખી શકયા નહિ, પરંતુ મુનિ તો તેઓને ઓળખીને વિશેષ પ્રકારે વ્યાખ્યાન વિસ્તારવા લાગ્યા. ॥ ૫૬ ॥

ततस्तौ मुनिना दीन—वदनौ दुःखकारणं ॥
पृष्टौ पुत्रवियोगार्त्ति—मेव चक्रतुरुत्तरं ॥ ५७ ॥

અર્થ:—પછી દીનમુખવાળા એવા તેઓને મુનિએ દુ:ખનું કારણ પૂછવાથી તેઓએ પણ પુત્રવિયોગના દુ:ખરૂપી ઉત્તર આપ્યો. ॥૫૭॥

मुनिः प्रोवाच वां स्नेहः । कोऽयमस्मिंस्तनूरुहे ॥
प्राप्तेषु पुत्रतां नाना—भवैरखिलजंतुषु ॥ ५८ ॥

અર્થ:—મુનિએ કહ્યું કે નાનાપ્રકારના ભવોમાં સર્વ પ્રાણીઓને જ્યારે પુત્રપણું પ્રાપ્ત થાય છે, ત્યારે વળી તે પુત્રમાં તમારે સ્નેહ કરવો શું કામનો છે? ॥ ૫૮ ॥

तथापि यदि वां पुत्र—प्रेम्णा विह्वलितं मनः ॥
तदा मामेव तं धर्म—दत्तं जानीतमात्मजं ॥ ५९ ॥

અર્થ:—તો પણ પુત્રના પ્રેમથી જો તમારૂં મન વ્યાકુલ થતું હોય તો પછી આ મનેજ પોતાનો પુત્ર ધર્મદત્ત તમારે જાણી લેવો.

ततः स्वरवयोऽवस्था—विशेषैरुपलक्ष्य तं ॥
आः किमेतत्त्वयाऽकारी—त्युच्चकैस्तावरोदितां ॥ ६० ॥

અર્થ:—પછી સ્વર ઉમર તથા અવસ્થાવિશેષથી તેને ઓળખ્યાબાદ અરે પુત્ર! તેં આ શું કર્યું! એમ કહી તેઓ મોટેથી રડવા લાગ્યા. ॥ ૬૦ ॥

तयोरथावबोधाय । शिक्षामेवमदान्मुनिः ॥
युवयोर्न वयो धर्म—योग्यं मोहमथार्हति ॥ ६१ ॥

અર્થ:—પછી તેઓને પ્રતિબોધવામાટે મુનિએ ઉપદેશ આપ્યો કે હવે તમારી આ ધર્મલાયક ઉમર મોહ કરવામાટે યોગ્ય નથી. ૬૧

धनं सनिधनं प्रांते । वनिता जनितार्त्तयः ॥
भोगा रोगास्पदं कूट—कोटीकटुकुटुंबकं ॥ ६२ ॥

हंत किं तद्भवे येन । भवेदसुमतां धृतिः ॥
उत्खातपातकोद्रेक—मेकमेव हितं व्रतं ॥ ६३ ॥ युग्मं ॥

અર્થ:—ધન અંતે વિનશ્વર છે, સ્ત્રીઓ દુઃખ આપનારી છે, ભોગો રોગોના સ્થાનસરખા છે, તથા કુટુંબ પણ કોડોગમે કૂટોથી કડવું છે.

અર્થ:—અરે! આ સંસારમાં એવી કઇ વસ્તુ છે? કે જેથી પ્રાણીઓને ધીરજ મળે! માટે પાપોના ઉછાળાને ઉખેડનારૂં વ્રત લેવું એજ એક હિતકારી છે. ॥ ૬૩ ॥

प्राप्य रत्नत्रयं पुत्रः । संयमश्रीसमन्वितः ॥
किं दूरादहमायातो । न जातो भवतोर्मुदे ॥ ६४ ॥

અર્થ:—હું તમારો આ પુત્ર કે જે દૂર દેશથી ત્રણ રત્નો લેઇને સંયમલક્ષ્મી સહિત આવેલો છું, તે શું તમોને હર્ષ કરનારો નથી થતો? ॥ ૬૪ ॥

बोधितौ तौ ततस्तेन । तृणवत्त्यक्तसंपदौ ॥
मुनेः पार्श्वे जगृहतु—र्व्रतं वैराग्यशालिनौ ॥ ६५ ॥

અર્થ:—એવી રીતે મુનિએ પ્રતિબોધ આપ્યાથી તેઓ બન્ને પણ વૈરાગ્યથી શોભતાથકા તૃણની માફક સંપદા તજીને દીક્ષા લેતા [illegible]

त्रयोऽपि तपसा तेऽग्नि—त्रयीतुलिततेजसः ॥
दग्धकर्मेंधनाः काले । लेभिरे परमं पदं ॥ ६६ ॥

અર્થ:—પછી અગ્નિત્રયસરખા તેજવાળા તેઓ ત્રણે કર્મરૂપી કાષ્ટો બાળીને મોક્ષપદ પામ્યા. ॥ ૬૬ ॥

एवं तात कृतातंकं । श्रुत्वा वृत्तं कुयोषितां ॥
अपरीक्ष्य कथं कन्या—माद्रियंते महाधियः ॥ ६७ ॥

અર્થ:—એવી રીતનું દુરાચારી સ્ત્રીનું ભયંકર વૃત્તાંત સાંભળીને હે પિતાજી! બુદ્ધિવાનો પરીક્ષા કર્યાવિના કન્યાનો કેમ સ્વીકાર કરે?

निश्चलः स्नेहलः कोऽत्र । कः प्रकाशो निरंतरः ॥
को वा सर्वोत्तमो लाभः । किं च रूपमविस्रसं ॥ ६८ ॥

અર્થ:—અહીં નિશ્ચલ સ્નેહી કોણ? નિરંતર પ્રકાશ કયો? તથા સર્વોત્તમ લાભ કયો? અને અવિનશ્વર રૂપ કયું? ॥ ૬૮ ॥

एवं प्रश्नानि चत्वारि । या तु प्रत्युत्तरिष्यति ॥
तात सा तत्वतः प्राण—वल्लभा मे भविष्यति ॥ ६९ ॥

અર્થ:—હે પિતાજી! એવી રીતનાં મારા આ ચાર પ્રશ્નોનો જે ઉત્તર આપશે તે તત્વથી મારી પ્રાણવલ્લભા સ્ત્રી થશે. ॥ ૬૯ ॥

इत्यस्य निश्चयं मत्वा । समुद्रो न्यगदत्तरां ॥
मा भूः कदाग्रही वत्स । विलंबः खलु कार्यहा ॥ ७० ॥

અર્થ:—એવી રીતનો તેનો નિશ્ચય જાણીને સમુદ્રદત્તે કહ્યું કે, હે વત્સ તું કદાગ્રહી ન થા, કેમકે (આવાં કાર્યમાં) વિલંબ કરવાથી કાર્ય બગડી જાય છે. ॥ ૭૦ ॥

संबंधी सागरः कन्या । सुभद्रा स्वजना अमी ॥
पुनरेतत्त्रयीयोगो । मया वत्स क्व लप्स्यते ॥ ७१ ॥

અર્થ:—કેમકે હે વત્સ! સાગરશેઠજેવો સંબંધી, સુભદ્રાજેવી કન્યા તથા આવા સ્વજનો, એ ત્રણેનો યોગ ફરીને હું ક્યાં મેળવીશ?

सुरेंद्रोऽवग् वृथा स्यान्मे । नोक्तं किं चिंतयानया ॥
यः पाणिमसृजत्पाणि—गृहीतीमपि स ध्रुवं ॥ ७२ ॥

અર્થ:—ત્યારે સુરેંદ્રદત્તે કહ્યું કે હે પિતાજી! મારું વચન વૃથા થશે નહિ, વળી આમ ચિંતા કરવાથી શું થશે? કેમકે જેણે મારો હાથ સરજ્યો છે, તે ખરેખર હાથને ગ્રહણ કરનારી પણ સરજશે. ॥ ૭૨ ॥

यत्तत्प्रजल्पनं यत्त—द्भक्षणं यत्तदासनं ॥

बाल एव प्रकुर्वाणो । विभाति न पुनर्युवा ॥ ७३ ॥

અર્થ:—જે તે બોલવું, જે તે ખાવું તથા જ્યાં ત્યાં બેસવું, એ બાલકને શોભે છે, પરંતુ યુવાનને શોભે નહિ. ॥ ૭૩ ॥

बलात्कारेण विवाहः । कारितो न शुभायतिः ॥

इति ध्यात्वा न्यवर्त्तंत । स्वयमाप्तनरास्ततः ॥ ७४ ॥

અર્થ:—હવે બલાત્કારે કરાવેલો વિવાહ પરિણામે સારો નિવડતો નથી, એમ વિચારી તે આપ્ત પુરૂષો પોતાની મેળેજ ત્યાંથી પાછા ગયા. ॥ ૭૪ ॥

विवाहविघ्नं तेऽभ्येत्य । सागरश्रेष्टिनः पुरः ॥

प्रश्नानि च सुभद्रायां । छन्नं दत्तश्रुतौ जगुः ॥ ७५ ॥

અર્થ:—તેઓએ આવીને સાગરશેઠને વિવાહના વિઘ્ન સંબંધિ વૃત્તાંત કહ્યો, તથા તે પ્રશ્નો પણ કહ્યાં, તે વખતે ત્યાં ગુપ્ત રહેલી સુભદ્રાએ પણ તે સઘલું સાંભલ્યું. ॥ ૭૫ ॥

एतज्ज्ञातमभूत् पूर्वं । हा सख्यः किं भविष्यति ॥

इति पूत्कुर्वती बाला । व्यालात्तेव रुरोद सा ॥ ७६ ॥

અર્થ:—હે સખીઓ મેં તો પહેલેથીજ આમ થવાનું જાણ્યું હતું, હવે શું થશે! એમ પોકાર કરતી તે બાલિકા જાણે અજગરે પકડી હોય નહિ તેમ રડવા લાગી. ॥ ૭૬ ॥

तदा तैरार्हतैर्देवै—र्वितेने व्योमनीति वाक् ॥

मा शोचीः पुत्रि तिष्टाम—स्तत्र संनिहिता वयं ॥ ७७ ॥

અર્થ:—તે વખતે તે જૈની દેવોએ એવી રીતની આકાશવાણી કરી કે, હે પુત્રિ! તું શોક કર નહિ, અમો તને સહાય કરનારા તૈયાર ઉભા છીયે. ॥ ૭૭ ॥

तत्सांनिध्यादनध्यायं । विषादस्य विधाय सा ॥

सद्यः प्रश्नोत्तरश्लोकं । पूर्वाधीतमिवापठत् ॥ ७८ ॥

અર્થ:—હવે તેઓના સહાયથી શોક તજીને જાણે પહેલેથીજ ભણી રાખ્યો હોય નહિ તેમ ~~તુરત પ્રશ્નોના~~ ઉત્તરનો શ્લોક તે બોલી કે, ॥ ૭૮ ॥

निश्चलस्नेहलो धर्म—श्चित्प्रकाशो निरंतरः ॥
विद्या सर्वोत्तमो लाभः । शीलं रूपमविस्रसं ॥ ७९ ॥

અર્થ:—નિશ્ચલ સ્નેહવાળો ધર્મ છે, નિરંતર પ્રકાશવાલું જ્ઞાન છે, વિદ્યા એ સર્વથી ઉત્તમ લાભ છે, તથા શીલ એ અવિનશ્વર રૂપ છે. ॥ ૭૯ ॥

लिखित्वासौ तथा श्लोकः । स्वसखीभ्यः समर्पितः ॥
हर्षवीचीविहस्ताभि—स्ताभिस्तज्जनकाय च ॥ ८० ॥

અર્થ:—પછી તે શ્લોક લખીને તેણીએ પોતાની સખીઓને આપ્યો, તથા હર્ષના મોજાંઓથી પ્રેરાયેલી એવી તેઓએ તે શ્લોક તેણીના પિતાને આપ્યો. ॥ ૮૦ ॥

हस्ताद्धस्तेन संचारी । तनयः श्रीपतेरिव ॥
अयत्नं स समुद्रस्य । द्राग् ययौ कर्णगोचरं ॥ ८१ ॥

અર્થ:—એવી રીતે ધનવાનના પુત્રનીપેઠે એકના હાથમાંથી બીજાના હાથમાં જતો એવો તે શ્લોક પ્રયત્ન વિનાજ સમુદ્રદત્તશેઠને કાને ગયો. ॥ ૮૧ ॥

पितुः पार्श्वे निषण्णेन । सुरेंद्रेण प्रवाचितः ॥
श्लोको लोकोत्तरानंद—वारिधेश्चंद्रतां दधौ ॥ ८२ ॥

અર્થ:—ત્યારે પિતાપાસે બેઠેલા સુરેંદ્રદત્તે પણ વાંચેલો એવો તે શ્લોક તેના અનુપમ આનંદરૂપી સમુદ્રપ્રતે ચંદ્રપણાને ધારણ કરવા લાગ્યો. ॥ ૮૨ ॥

दध्यौ सामुद्री बालाया । अप्यस्याः कीदृशी मतिः ॥
वयोवृद्धा अपि यया । मूर्धानं धूनिता न के ॥ ८३ ॥

અર્થ:—હવે તે સુરેંદ્રદત્ત વિચારવા લાગ્યો કે અહો! આ બાલિકાની પણ કેવી બુદ્ધિ છે! કે જેથી કયા વૃદ્ધને પણ પોતાનું મસ્તક નથી ધુણાવવું પડયું! ॥ ૮૩ ॥

किंचिल्लोचनमस्त्यस्या । नूनं नेत्रद्वयाधिकं ॥
येनेतरैर्दुरालोका—नर्थानेवं निरीक्षते ॥ ८४ ॥

અર્થ:—ખરેખર તેણીની પાસે આ કુદરતી બે લોચન શિવાય ત્રીજું પણ કંઇંક લોચન હોવું જોઇયે, કે જેથી તે બીજાઓને અગમ્ય એવા પણ અર્થોને જોઇ શકે છે. ॥ ૮૪ ॥

तृणानीव सरस्वत्या—स्तरंत्युपरि भूरयः ॥

हृदयग्राहीणस्तस्याः । सुवंश्या एव केचन ॥ ८५ ॥

અર્થ:—ઘાસનીપેઠે સરસ્વતીની (તે નામની નદીની) ઉપરઉપરતો ઘણાઓ તરે છે, પરંતુ તેણીના સારને ( તલીયાંને ) ગ્રહણ કરનારા તો કોઇક કુલીનજ ( ઉત્તમ જાતિના વાંસજ ) હોઇ શકે છે. ॥ ૮૫ ॥

नूनमेवंविधोक्तीनां । भाजनं सा गुणास्पदं ॥

अस्यामपि न रज्ये चे—त्तन्मत्तः कोऽपरः पशुः ॥ ८६ ॥

અર્થ:— માટે ખરેખર એવી રીતનાં વચનોના ભાજનસરખી તે સુભદ્રા ગુણોના સ્થાનરૂપ છે, અને હવે આ સુભદ્રામાં પણ જો હું ખુશી ન થઉં તો પછી મારાથી બીજો કયો પશુસમાન છે? ॥ ૮૬ ॥

इति विज्ञाय पुत्रस्या—भिप्रायं तत्कृते कृती ॥

सुभद्रां प्रीतिपूरेण । समुद्रः प्रत्यपद्यत ॥ ८७ ॥

અર્થ:—હવે એવી રીતનો પુત્રનો અભિપ્રાય જાણીને કૃતાર્થ થયેલા સમુદ્રદત્તે હર્ષપૂર્વક તેનેમાટે સુભદ્રાનો સ્વીકાર કર્યો. ॥ ૮૭ ॥

श्रुते तस्मिन् व्यतिकरे । सागरो मुमुदेतरां ॥

मन्यमाना सुभद्रापि । फलितं स्वमनोरथं ॥ ८८ ॥

અર્થ:—તે વૃત્તાંત સાંભલવાથી સાગરશેઠ પણ અત્યંત ખુશી થયો, અને સુભદ્રા પણ પોતાનો મનોરથ ફળેલો માનીને આનંદ પામી. ॥ ૮૮ ॥

अथ द्वयोस्तयोर्गेहे । प्रारेभे वनिताजनः ॥

कर्म वैवाहिकं सर्वं । स्फुरद्धवलमंगलं ॥ ८९ ॥

અર્થ:—હવે તેઓ બન્નેને ઘેર સ્ત્રીઓ ધવલમંગલસહિત વિવાહનાં કાર્યો કરવા લાગી. ॥ ૮૯ ॥

पुनः पुनर्मनोदूती—कृत्य निर्विण्णयोर्मिथः ॥

वरवध्वोरगुर्दुःख—मंगुल्या गणिता दिनाः ॥ ९० ॥

અર્થ:—ફરી ફરીને મનને દૂતરૂપ કરીને પરસ્પર થાકેલા એવા તે બન્ને વરવહુના આંગલીએ ગણેલા દિવસે વ્યતીત થયા. ॥ ૯૦ ॥

अथ लग्नक्षणे स्नातः । संवीत. शुचिवाससी ॥

विलिप्तश्चंदनैर्दिव्यै—र्मंडितो मणिभूषणैः ॥ ९१ ॥

અર્થ:—હવે લગ્નવખતે સ્નાન કરીને, પવિત્ર વસ્ત્રો પહેરીને, ચંદનથી વિલેપન કરીને, તથા દિવ્ય રત્નજડિત આભૂષણો પહેરીને ॥૯૧॥

आरूढस्तुरगं भूरि—श्रीकरीवारितातपः ॥
गीतोंगनाभिः परितः । परीतः पौरमंडलैः ॥ ९२ ॥

અર્થ:—ઘોડાપર ચડેલો તથા ઘણી છત્રીઓથી દૂર કરેલ છે સૂર્યનો તાપ જેણે એવો, ચારે બાજુથી જેને સ્ત્રીઓ ગીત ગાઇ રહી છે એવો, તથા નગરના લોકોના સમૂહુથી ઘેરાએલો ॥ ૯૨ ॥

सागरस्य गृहद्वारं । प्राप्तो वातायनस्थया ॥
वरः सखीप्रेरितया । संबभाषे सुभद्रया ॥ ९३ ॥

અર્થ:—સુરેંદ્રદત્ત ( અનુક્રમે ) સાગરશેઠના ઘરના દરવાજાપાસે આવ્યો, ત્યારે ઝરૂખામાં બેઠેલી તથા સખીઓએ પ્રેરેલી એવી સુભદ્રાએ તે વરરાજાને કહ્યું કે, ॥ ૯૩ ॥

वरराज न राजंते । डंबरेण महाधियः ॥
श्रिये च दाक्ष्यमेवैकं । तदर्थं ज्ञास्यते तव ॥ ९४ ॥

અર્થ:—હે વરરાજા! મહાબુદ્ધિવાનો કંઈ આડંબરથી શોભતા નથી, ફક્ત એક ચતુરાઇજ શોભા કરનારી છે, અને તે તમારી ચતુરાઇ હવે માલુમ પડશે. ॥ ૯૪ ॥

वद क्रूरं समाख्यांति । कं पृथिव्यंबुचारिषु ॥
कं वा प्रसुप्तराजीव—राजीजागरणक्षमं ॥ ९५ ॥

અર્થ:—તમો કહો કે ભૂચર તથા જલચરનેવિષે ક્રૂર કોને કહે છે? તથા બીડાએલાં કમલોની શ્રેણિને પ્રફુલ્લિત કરવાને કોણ સમર્થ છે?

अत्राहिमकरमिति । प्रोत्तरय्याभ्यधत्त सः ।
कृते प्रतिकृतं कुर्या—दिति वाक्यं स्मरन्निव ॥ ९६ ॥

અર્થ:—ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, 'અહિમકર' અહિ એટલે સર્પ એ ભૂચરોમાં તથા મકર એટલે મગરમચ્છ એ જલચરોમાં ક્રૂર છે, તથા 'અહિમકર' એટલે સૂર્ય એ કમલોને વિકસ્વર કરે છે. હવે 'કરેલા પ્રતે સામું કરવું' એવાં વાકયને દયા કરનારનીપેઠે સુરેંદ્રદત્ત પણ બોલ્યો કે, ॥ ૯૬ ॥

पृच्छकाः संति भूयांसो । दुर्लभास्तूत्तरप्रदाः ॥
एकं प्रश्नोत्तरं ब्रूहि । मम त्वमपि धीमति ॥ ९७ ॥

અર્થ:—પૂછનારા તો ઘણા હોય છે, પરંતુ તેનો ઉત્તર દેનારા દુર્લભ હોય છે, માટે હે બુદ્ધિવાળી! તું પણ મારાં એક પ્રશ્નનો ઉત્તર કહે? ॥ ૯૭ ॥

**अपोहतीह संदेह–संदोहं कीदृशो गुरुः ॥**

**लूकाभिहतलोकानां । को वा संजिवनौषधं ॥ ९८ ॥**

અર્થ:—અહિં કેવો ગુરૂ સંદેહનો સમુહ દૂર કરે? અથવા લૂથી હણાએલા લોકોને જીવાડનારાં ઔષધસરખું કોણ છે? ॥ ૯૮ ॥

**घनागम इति प्रश्न–स्योत्तरं प्रवितीर्य सा ॥**

**ऊचे दिवापि संकोचं । भजत्यंभोरुहं कुतः ॥ ९९ ॥**

અર્થ:—'ઘનાગમ' એટલે જેને ઘણું જ્ઞાન છે એવો ગુરૂ, તથા વરસાદનું આવવું, એવો ઉત્તર આપીને વળી તે બોલી કે દિવસે પણ કમલ શામાટે સંકોચાય છે? ॥ ૯૯ ॥

**सोऽवग् मध्ये सरः स्नांत्या । मुखं वीक्ष्य मृगीदृशः ॥**

**दिवापि संकुचत्यंभो । रुहं चंद्रोदयभ्रमात् ॥ ४०० ॥**

અર્થ:—સુરેંદ્રદત્તે કહ્યું કે તળાવમાં સ્નાન કરતી યુવતીનું મુખ જોઇને ચંદ્રોદયના ભ્રમથી દિવસે પણ કમલ સંકોચાય છે. ॥ ૪૦૦ ॥

**सापि त्रिदशसाहाय्यात् । पटुंमन्याभ्यधादथ ॥**

**वद किं दीयत दीपो । वक्रग्रीवं महेलया ॥ १ ॥**

અર્થ:—પછી દેવની સહાયતાથી પોતાને પંડિત માનતી સુભદ્રા પણ બોલી કે તમો કહો કે સ્ત્રી વાંકી ડોક રાખીને શામાટે દીવો આપે છે? ॥ ૧ ॥

**दूरस्थदयितध्यान—क्षरदश्रुनिपाततः ॥**

**भीतया दीयते दीपो । वक्रग्रीवं महेलया ॥ २ ॥**

અર્થ:—દેશાંતર ગયેલા (પોતાના) સ્વામીના ધ્યાનથી ખરતાં આંસુ પડવાની બીકથી સ્ત્રી વાંકી ડોક રાખીને દીવો આપે છે. ॥ ૨ ॥

**एतां प्रत्युत्तरत्यैवं । तुरगादुत्तरन्नसौ ॥**

**मेने सुयोषिल्लाभेन । स्वं विश्वोपरिवर्तिनं ॥ ३ ॥**

અર્થ:—એવી રીતે તેણીને ઉત્તર આપીને ઘોડાપરથી ઉતરતો એવો તે ઉત્તમ સ્ત્રી મળવાથી પોતાને જગતમાં સર્વથી શ્રેષ્ટ માનવા લાગ્યો. ॥ ૩ ॥

तत्वतस्तद्वचोभंग्या । सिद्धार्घ्यप्रक्रियो वरः ॥

अर्घ्यं श्वश्रूकृतमपि । मत्यैच्छदूव्यवहारतः ॥ ४ ॥

અર્થ:—તત્વથી તો તે તે વચનભંગીથી થયેલ છે અર્ઘ્યક્રિયા જેની એવા તે વરરાજાએ સાસુએ કરેલા અર્ઘ્યને પણ વ્યવહારથી સ્વીકાર્યું. ॥ ૪ ॥

ततः सर्वांगशृंगार—सुभगां कमलामिव ॥

अच्युतश्रीरुपायंस्त । क्षणे सल्लक्षणे स तां ॥ ५ ॥

અર્થ:—પછી સર્વ શરીરે શૃંગાર કરવાથી મનોહર લક્ષ્મીસરખી તે સુભદ્રાને અખંડિત શોભાવાળો ( વિષ્ણુની શોભાવાળો ) તે સુરેંદ્રદત્ત ઉત્તમ ક્ષણે પરણ્યો. ॥ ૫ ॥

धनकोटीरसौ लेभे । श्वशुरात्करमोचने ॥

करस्य ग्रहणादाढ्यो—भवंतं भूपतिं हसन् ॥ ६ ॥

અર્થ:—કર લેવાથી ધનવાન થતા રાજાની પણ હાંસી કરતા એવા તેણે સસરાપાસેથી હસ્તમોચનસમયે ક્રોડોગમે ધન મેળવ્યું. ॥ ૬ ॥

महोत्सवैः समं वध्वा । समेतः स स्ववेश्मनि ॥

अभुंक्त सततं भोगान् । मनुष्योऽप्यमरोपमान् ॥ ७ ॥

અર્થ:—પછી મહોત્સવપૂર્વક સ્ત્રીસહિત પોતાને ઘેર આવીને મનુષ્ય છતાં પણ તે દેવસરખા ભોગો હમેશાં ભોગવવા લાગ્યો. ॥૭॥

पूर्वं परीक्षितान्योऽन्य—कलाकौशलयोस्तयोः ॥

बिभिदे न मनः प्रीति—तंतुस्यूतमिव क्वचित् ॥ ८ ॥

અથ:—પહેલેથીજ પરસ્પર કલાકોશલ્યની પરીક્ષા કરવાથી તેઓ બન્નેનું મન જાણે પ્રીતિરૂપી દોરાથી સીવેલું હોય નહિ તેમ કોઇ પણ બાબતમાં જુદું પડયું નહિ. ॥ ૮ ॥

एकचित्तौ कदाचित्तौ । समस्यान्योक्तिभंगिभिः ॥

जल्पाकौ जीवभारत्यो—र्भ्रमं कस्य न तेनतुः ॥ ९ ॥

અર્થ:—કોઇક વખતે એકમનવાળા તેઓ બન્ને સમસ્યા તથા અન્યોક્તિથી બોલતાથકા કોને બૃહસ્પતિ તથા સરસ્વતીનો ભ્રમ ન ઉપજાવતા? ॥ ૯ ॥

कदापि स्वादयंतौ तौ । मिथः सारकथारसं ॥

ध्रातावि न जज्ञाते—ऽन्नवेलां गतामपि ॥ १० ॥

અર્થ:—કોઇક વખતે પરસ્પર ઉત્તમ કથાના રસનો સ્વાદ લેતા એવા તેઓ બન્ને જાણે ધરાઇ ગયા હોય નહિ તેમ વીતી ગયેલી ભોજનવેળાને પણ ન જાણવા લાગ્યા. ॥ ૧૦ ॥

एवमन्योऽन्यकेलीभिः । प्रियप्रेम्णा च मोहिता ॥
सुभद्रा तद्विसस्मार । यत्मपन्नं जिनाग्रतः ॥ १२ ॥

અર્થ:—એવી રીતની પરસ્પર ક્રીડાથી તથા સ્વામિના પ્રેમથી મોહિત થયેલી સુભદ્રા જે જિનેશ્વરપ્રભુપાસે નિયમ લીધો હતો તે વિસરી ગઇ. ॥ ૧૨ ॥

चिरं सोढवियोगा सा । प्राप्तभोगेषु लोलुपा ॥
दूरेऽस्तु चैत्यं नानंसीत् । प्रतिमा गृहगा अपि ॥ १३ ॥

અર્થ:—ઘણા કાળસુધિ વિયોગ સહન કર્યાબાદ મળેલા ભોગોમાં લોલુપ થયેલી સુભદ્રા જિનમંદિરે જવું તો દૂર રહ્યું, પરંતુ ઘરમાં રહેલી જિનપ્રતિમાને પણ નમવા ન લાગી. ॥ ૧૩ ॥

कदलीव फलं भोग—सुखं स्वादु मनोहरं ॥
संदर्शः क्षीयते नृणां । प्रायशः पुण्यभावना ॥ १४ ॥

અર્થ:—સ્વાદિષ્ટ તથા મનોહર ભોગોના સુખરૂપી ફ્લ મલ્યાબાદ કેળનીપેઠે માણસોની પુણ્યભાવના પ્રાયે કરીને નાશ પામે છે. ॥૧૪॥

समुद्रोऽथ समुद्भूत—जराजर्जरयौवनः ॥
मनःसमक्षमक्षाम—मतिरेवं व्यभावयत् ॥ १५ ॥

અર્થ:—હવે ઘડપણ આવવાથી જેનું યૌવન નષ્ટ થયેલું છે એવો તે બુદ્ધિવાન્ સમુદ્રદત્તશેઠ વિચારવા લાગ્યો કે, ॥ ૧૫ ॥

मया श्रियोऽर्जनोद्भोगा—दर्थकामौ कृतार्थितौ ॥
अथैतद्द्वयमूलस्य । धर्मस्यावसरो मम ॥ १६ ॥

અર્થ:—મેં લક્ષ્મી કમાઇને તથા ભોગવીને અર્થ તથા કામને તો કૃતાર્થ કર્યા, હવે તે બન્નેના મૂલરૂપ ધર્મ કરવાનો મારો અવસર છે.

प्रयाणेऽप्यल्पकालीने । जनाः कुर्वंति सूत्रणां ॥
परलोकप्रयाणे किं । निश्चिता हंत जंतवः ॥ १७ ॥

અર્થ:—સ્વલ્પ કાલના દેશાટનમાટે પણ લોકો તૈયારી કરે છે, ત્યારે પરલોકના પ્રયાણમાટે પ્રાણીઓએ શામાટે નિશ્ચિત રહેવું જોઇએ? ॥ ૧૭ ॥

सामान्यरिपुभीत्यापि । न निद्रांति सुखं जनाः ॥
नित्यं मृत्युरिपुः पार्श्वे । मूढाः स्वस्थास्तथाप्यहो ॥ १८ ॥

અર્થ:—સામાન્ય શત્રુના ડરથી પણ માણસો સુખે નિદ્રા કરતા નથી, અને મૃત્યુરૂપી શત્રુ તો હમેશાં પાસે રહેલો છે, તો પણ મૂઢ માણસો તો નીરાંતે બેઠેલા છે. ॥ ૧૮ ॥

निधास्येऽहमतो गेह—भारं भारक्षमे सुते ॥
आदास्ये चार्हतीं दीक्षां । दूतीमिव शिवश्रियः ॥ १९ ॥

અર્થ:—માટે હું તો હવે ભાર ઉપાડવાને સમર્થ એવા આ પુત્રને ઘરનો ભાર સોંપીશ, અને મોક્ષલક્ષ્મીની દૂતીસરખી શ્રીઅરિહંતપ્રભુની દીક્ષા લેઇશ. ॥ ૧૯ ॥

धाम व्योमेव तित्यक्षुः । स्वं व्यापारं स सूनवे ॥
ददाविंदुरिवोद्योतं । दिनेशाय दिनोदये ॥ २० ॥

અર્થ:—આકાશને તજવાની ઇચ્છાવાળો ચંદ્ર જેમ પોતાનું તેજ સૂર્યને આપે છે, તેમ પોતાનું ઘર તજવાની ઇચ્છાવાળા સમુદ્રદત્તે દિનોદય સમયે પોતાનો વ્યાપાર પુત્રને સોંપ્યો. ॥ ૨૦ ॥

स्वयं पुनर्घनधन—व्ययादव्ययसौख्यदं ॥
महेभ्यादिव जग्राह्य—ऽाग्रही रत्नत्रयं गुरोः ॥ २१ ॥

અર્થ:—પછી દીક્ષા લેવામાટે આગ્રહી એવા તેણે પોતે ઘણું ધન ખરચીને શાહુકારપાસેથી જેમ તેમ ગુરૂપાસેથી અક્ષય સુખ દેનારાં ત્રણ રત્નો ગ્રહણ કર્યાં. ॥ ૨૧ ॥

तप्त्वा सुदृढकर्मैधा—मालाकालानलं तपः ॥
समाधिमृत्युनाध्यासा—मास वासवपत्तनं ॥ २२ ॥

અર્થ:—પછી દ્દઢ કર્મરૂપી કાષ્ટની શ્રેણિને (બાળવામાટે) કલ્પાંતકાલના અગ્નિસરખો તપ તપીને સમાધિ પૂર્વક મૃત્યુ પામી તે ઇંદ્રના નગરમાં ગયો. ॥ ૨૨ ॥

अमित्रदमनस्ताते । जाते परभवाध्वगे ॥
बभार लीलया राज्य—भारं जंभारिविक्रमः ॥ २३ ॥

અર્થ:—પછી ઇંદ્રસરખા પરાક્રમવાળો અમિત્રદમન કુમાર પણ પોતાનો પિતા મૃત્યુ પામ્યાબાદ લીલાપૂર્વક રાજ્યભાર ધારણ કરવા લાગ્યો. ॥ ૨૩ ॥

कृतज्ञः स्वप्रतिज्ञात—मसौ ध्यायन् सदा हृदा ॥
सुरेंद्रं सुहृदं श्रेष्टि—पदवीं समलंभयत् ॥ २४ ॥

અર્થ:—પછી હુમેશાં પોતાની પ્રતિજ્ઞા હૃદયમાં વિચારતા એવા તેણે પોતાના મિત્ર સુરેંદ્રદત્તને નગરશેઠની પદવી આપી. ॥ ૨૪ ॥

अभूत् प्रभुप्रसादेऽपि । नायं न्यायविवर्जितः ॥
राजमानोऽप्यमर्यादो । यादोनाथो भवेत् किमु ॥ २५ ॥

અર્થ:—એવી રીતે રાજાની કૃપા છતાં પણ તે સુરેંદ્રદત્ત ન્યાયરહિત થયો નહિ, કેમકે ચંદ્રના સન્માનવાળો એવો પણ સમુદ્ર શું મર્યાદા રહિત થાય? ॥ ૨૫ ॥

सुभद्रा भर्तृसंमान—मसीमानमुपेयुषी ॥
कालं निनाय देवीव । धर्मकर्मपराङ्मुखी ॥ २६ ॥

અર્થ:—ભર્તારના અત્યંત સન્માનને પ્રાપ્ત થયેલી સુભદ્રા તો ધર્મકાર્ય વિસરી જઇને દેવીનીપેઠે પોતાનો સમય નિર્ગમન કરવા લાગી. ॥ ૨૬ ॥

अथ तेऽचिंतयन्नंत—र्व्यंतराश्चैत्यवासिनः ॥
अहो माया सुभद्रायां । यदेवं वंचिता वयं ॥ २७ ॥

અર્થ:—તેથી તે ચૈત્યવાસી વ્યંતરો મનમાં વિચારવા લાગ્યા કે અહો! સુભદ્રા કેવી કપટી નીવડી! કે જેણીએ આપણને આવી રીતે ઠગ્યા. ॥ ૨૭ ॥

इयं जिनप्रसादेन । साधितस्वप्रयोजना ॥
भोगाप्त्या व्यस्मरज्जन्मां—तरितेव निजं वचः ॥ २८ ॥

અર્થ:—જિનેશ્વરપ્રભુની કૃપાથી પોતાનું કાર્ય સાધ્યાબાદ ભોગોની પ્રાપ્તિથી જાણે જન્માંતરમાં ગઇ હોય નહિ તેમ તે પોતાનું વચન વિસરી ગઇ છે. ॥ ૨૮ ॥

भक्तिः दूरेऽस्तु चैत्यस्य । कुसुमाभरणादिका ॥
गतरोगेव वैद्यस्य । नासौ नतिमपि व्यधात् ॥ २९ ॥

અર્થ:—જિનમંદિરની પુષ્પઆભૂષણ આદિકથી ભક્તિ તો દૂર રહી, પરંતુ રોગ ગયાબાદ ~~જેમ વૈદ્યને~~ તેમ તેણી પ્રભુપ્રતિમાને નમસ્કાર પણ કરતી નથી. ॥ ૨૯ ॥

यद्यपि प्रतिपन्नेयं । पुत्रीति परिणायिता ॥
तथापि पितृवत् किंचि—च्छिक्षणीया प्रमादिनी ॥ ३० ॥

અર્થ:—જો કે તેણીને આપણે પુત્રી જાણીને પરણાવી છે, તો પણ હવે પ્રમાદી થવાથી પિતાનીપેઠે તેણીને કંઇક શિક્ષા પણ આપવી જોઇયે. ॥ ૩૦ ॥

न्यरुंधन्नथ संभूय । ते तस्या गर्भसंभवं ॥
लग्नतः पंचमा दुर्नि—ग्रहाः पंचग्रहा इव ॥ ३१ ॥

અર્થ:—એમ વિચારી લગ્નથી પાંચમા (એવા) પાંચ દુષ્ટગ્રહોની-પેઠે તેઓએ એકઠા થઇને તેણીની ગર્ભોત્પત્તિ રોકી રાખી. ॥ ૩૧ ॥

तद्वस्तु नास्ति लोकेऽपि । नासीद्यन्मंदिरे तयोः ॥
एकं मनः प्रियं मुक्त्वा । बालकेलिकुतूहलं ॥ ३२ ॥

અર્થ:—મનને આનંદકારી એવા એક બાળકની ક્રીડાના કૌતુક શિવાય તેઓને ઘેર તે વસ્તુ નહોતી કે જે દુનિયામાં પણ નહોતી.

निशावसाने सान्येद्यु—र्गृहद्वारमुपेयुषी ॥
प्राप्तामवस्करं शोध्धुं । कांचन स्त्रियमैक्षत ॥ ३३ ॥
स्कंधस्थं दधतीं बाल—मेकमंगुलिगं परं ॥
बिभ्रतीमितरं कुक्षौ । लतां सुफलितामिव ॥ ३४ ॥ युग्मं ॥

અર્થ:—એક દિવસે પરોઢીયે જ્યારે તે ઘરના બારણા પાસે બેઠી હતી ત્યારે ત્યાં (શેરીમાં) કચરો સાફ કરવામાટે આવેલી કોઇએક સ્ત્રીને તેણીએ જોઇ. ॥ ૩૩ ॥

અર્થ:—તેણીએ પોતાના એક બાળકને ખભે ચડાવ્યો હતો, બીજાને આંગલીએ વળગાડ્યો હતો, તથા ત્રીજાને કાંખમાં તેડ્યો હતો, એવી રીતે ફળેલી લતાસરખી તે સ્ત્રીને તેણીએ જોઇ. ॥૩૪॥

तस्या व्यापारवंध्याया । इति चिंता तदीक्षणात् ॥
निरौषधाया अक्षीण । इव व्याधिरवर्द्धत ॥ ३५ ॥

અર્થ:—ઔષધ વિનાની સ્ત્રીનો નહિ નષ્ટ થયેલો રોગ જેમ વૃદ્ધિ પામે, તેમ વ્યાપારવિનાની એવી સુભદ્રાને તેણીને જોવાથી આવી રીતે ચિંતા ઉત્પન્ન થઇ. ॥ ૩૫ ॥

तनया यस्य भूयांसः । स स्यात् प्रायेण निर्धनः ॥
धनं यस्य न तस्यामी । धिग्विधे तव चेष्टितं ॥ ३६ ॥

અર્થ:—જેને ઘણા પુત્રો હોય તે પ્રાયેં નિર્ધન હોય, અને જેને ધન હોય તેને પુત્રો ન હોય, માટે હે વિધિ! તારી તે ચેષ્ટાને ધિક્કાર છે.

भीरुत्वाच्छंकनीयत्वात् । कष्टं स्त्रीजन्म सर्वदा ॥
तत्रापि मम वंध्यात्वं । दग्धोर्ध्वे स्फोटकायते ॥ ३७ ॥

અર્થ:—બીકણપણાથી તથા શંકાશીલપણાથી સ્ત્રીનો અવતાર હમેશાં દુ:ખદાઇ છે, તેમાં પણ મને જે વંધ્યાપણું પ્રાપ્ત થયું છે તે દાઝયાપર ફોડલાજેવું થયું છે. ॥ ૩૭ ॥

यथा सरो विना नीरं । यथा वीरं विरूथिनी ॥
प्रासादश्च विना केतुं । विना हेतुं यथा वचः ॥ ३८ ॥

અર્થ:—જેમ જલવિના સરોવર, જેમ સુભટવિના સેના, ધ્વજાવિના દેવમંદિર, કારણવિનાનું બોલવું, ॥ ૩૮ ॥

यथा भूपो विना न्यायं । विना चायं यथा व्ययः ॥
चक्षुर्विना यथैवास्यं । लास्यं तूर्यं विना यथा ॥ ३९ ॥

અર્થ:—ન્યાયવિના રાજા, આવકવિના ખરચ, ચક્ષુવિના મુખ, વાજિત્રવિના નાટક, ॥ ૩૯ ॥

यथा वक्षो विना हारं । सदाचारं विना गुरुः ॥
तथा न मे गृहं चित्ता–नंदनं नंदनं विना ॥ ४० ॥

અર્થ:—હારવિના વક્ષ:સ્થલ, તથા સદાચારવિના જેમ ગુરૂ તેમ ચિત્તને આનંદ કરનારા એવા પુત્રવિના મારૂં ઘર શોભતું નથી. ૪૦

न मुदे मम देव्योऽपि । या नित्यमनपत्यकाः ॥
धन्यानां धुरि मन्येऽहं । कृमिलाः कुर्कुटीरपि ॥ ४१ ॥

અર્થ:—જેઓ હમેશાં સંતાનરહિત છે એવી દેવીઓ પણ મને હર્ષદાયક થતી નથી, પરંતુ ઘણા સંતાનવાળી એવી કુકડીઓને પણ હું અતિ ધન્ય માનું છું. ॥ ૪૧ ॥

अभद्राया सुभद्रेति । मम नाम वितन्वती ॥
पितृस्वसापि सा मन्ये । स्खलिता नाम कर्मणि ॥ ४२ ॥

અર્થ:—હું ધારૂં છું કે અભદ્ર એટલે અમંગલરૂપ એવી જે હું તેનું સુભદ્રા નામ પાડનારી મારી તે ફઇ પણ નામ પાડવામાં ભૂલી હોય એમ જણાય છે. ॥ ૪૨ ॥

अशिश्वीं वृद्धिकार्येषु । सुभद्रामपि नामतः ॥
रिक्तां तिथिमिवाशेषो । जनो मां दूरयिष्यति ॥ ४३ ॥

અર્થ:—વધામણીના કાર્યમાં નિરૂપયોગી એવી ભદ્રા નામની રિક્તા તિથિનીપેઠે મને સર્વ લોકો દૂર કરશે. ॥ ૪૩ ॥

एवं विकल्पदावाग्नि—दग्धनिवृतिपादपा ॥
पादपातेन मंदेन । सौधमध्यमियाय सा ॥ ४४ ॥

અર્થ:—એવી રીતનાં વિકલ્પોરૂપી દાવાનલથી પોતાના આનંદરૂપી વૃક્ષના બળી જવાથી મંદ મંદ પગલાંથી તે ઘરની અંદર આવી.

उदियाय दिनेशोऽथा—नेशन्नैशं तमो भुवि ॥
तस्या आस्येऽनपत्य—दुःखोत्थं ववृधे पुनः ॥ ४५ ॥

અર્થ:—એવામાં સૂર્ય ઉગ્યો, તથા રાત્રિસંબંધિ અંધકાર નષ્ટ થયો, પરંતુ તેણીના મુખપર વંધ્યાપણાના દુ:ખથી ઉત્પન્ન થયેલો અંધકાર વૃદ્ધિ પામ્યો. ॥ ૪૫ ॥

प्रससुस्तन्मुखाच्चैत्य—निःस्वा निःश्वासवायवः ॥
अंतर्दीप्तांगभूश्चिंता—चितापरिचिता इव ॥ ४६ ॥

અર્થ:—અંતરમાં સળગેલી પુત્રની ચિંતારૂપી ચિતાના પરિચયવાળા જાણે હોય નહિ તેમ તેણીના મુખથી ઉષ્ણ નિ:શ્વાસના વાયુઓ નિકળવા લાગ્યા. ॥ ૪૬ ॥

न सस्नौ न पपौ नापि । जघास न जहास च ॥
जातसर्वस्वनाशेव । केवलं प्ररुरोद सा ॥ ४७ ॥

અર્થ:—જાણે પોતાની સર્વ મિલ્કત નાશ પામી હોય નહિ તેમ તે સ્નાન કરતી નથી, જલ પીતી નથી, ખાતી નથી, તથા હસતી નથી, પરંતુ કેવલ રડ્યાજ કરે છે. ॥ ૪૭ ॥

सा मुक्तसर्वव्यापारा । नंदनादरसंगता ॥
विलक्षदृगभूत्पुत्र—वियोगिन्यपि योगिनी ॥ ४८ ॥

અર્થ:—તજેલ છે સર્વ કાર્ય જેણીએ એવી, તથા પુત્રના આદરમાંજ ( નંદનવનના આદરમાંજ ) લીન થયેલી તથા વિલક્ષદૃષ્ટિવાળી ( અદૃશ્યરૂપવાળી ) અને પુત્રના વિયોગવાળી છતાં પણ તે યોગિનીસરખી થઇ. ॥ ૪૮ ॥

नृपांतिकात्तदायातः । श्रेष्टी तां वीक्ष्य तादृशीं ॥
संक्रांतं हृदयादर्शे । वहंस्तद्दुःखमभ्यधात् ॥ ४९ ॥

અર્થ:—રાજાપાસેથી આવેલા શેઠે તેણીને તેવી રીતની જોઇને (પોતાના) હૃદયરૂપી આરીસામાં દાખલ થયેલા તેણીના દુ:ખને ધારણ કરતાંથકાં કહ્યું કે ॥ ૪૯ ॥

दुःखं किमद्य चित्तेऽभू—दयि ते दयिते वद ॥
येन धत्से तमोग्रस्त–शीतत्विषिसखं मुखं ॥ ५० ॥

અર્થ:—હે પ્રિયે! આજે તારા હૃદયમાં શું દુ:ખ થયું છે? તે કહે, કે જે દુ:ખથી અંધકારવડે ગ્રસ્ત થયેલા ચંદ્રસરખા મુખને તું ધારણ કરે છે. ॥ ૫૦ ॥

अयं च दैवोपालंभ—पूर्वमाघूर्णयन् शिरः ॥
यतीव गेहव्यापार–वंध्यः किं ते परिच्छदः ॥ ५१ ॥

અર્થ:—વળી કર્મને ઉપાલંભ આપવાપૂર્વક પોતાના મસ્તકને ધુણાવતો એવો તારો આ પરિવાર યતિનીપેઠે ઘરના કામકાજમાં કેમ શૂન્ય થયેલો છે? ॥ ૫૧ ॥

यन्निदाघोदधिप्रायं । प्रागभूज्जनतारवैः ॥
तज्जातमधुना मौन—व्रतधारीव धाम ते ॥ ५२ ॥

અર્થ:—જે તારૂં ઘર પૂર્વે માણસોના કોલાહલથી ઉનાળાના સમુદ્રસરખું ગાજી રહ્યું હતું તે આજે મૌનવ્રત ધરનારનીપેઠે કેમ સૂનું થયેલું છે? ॥ ૫૨ ॥

योग्योऽस्मि मां स्वदुःखाना—मुक्त्वा कुरु विभागिनं ॥
युज्यते ह्येकचित्तानां । न भेदः सुखदुःखयोः ॥ ५३ ॥

અર્થ:—હું પણ યોગ્ય છું માટે તારૂં દુ:ખ કહીને મને તેનો ભાગીદાર કર? કેમકે એકમનવાળાને સુખદુ:ખનો ભેદ હોવો જોઇયે નહિ.

अथ कज्जलकालाश्रु—जलमार्जनतो निजं ॥
वासो वितन्वती नीली—रक्तं व्यक्तं जगाद सा ॥ ५४ ॥

અર્થ:—હવે કાજળવાળાં શ્યામ આંસુઓને લુછવાથી પોતાની સાડીને કાબરચીતરી બનાવતી એવી તે સુભદ્રા પ્રકટરીતે બોલી કે,

दुःखं दयित मा प्राक्षीः । स्वकार्याण्येव साधय ॥
दुःखं स नाम सहतां । यः पापं प्राग्भवेऽकरोत् ॥ ५५ ॥

અર્થ:—હે સ્વામી! આપ મને દુઃખની વાત પૂછો નહિ, આપ તો પોતાનું કાર્યજ કરો? દુઃખ તો તેણેજ સહન કરવું જોઇયે કે જેણે પૂર્વભવમાં પાપ કરેલું હોય. ॥ ૫૫ ॥

यदशक्यप्रतीकारं । देवैः किमुत मानवैः ॥
श्रोतुर्वृथा व्यथाकारि । तद्दुःखं किं प्रकाश्यते ॥ ५६ ॥

અર્થ:—જે દુઃખનો ઉપાય દેવો પણ કરી શકે તેમ નથી ત્યારે માણસોનું તે શું કહેવું? માટે એવી રીતનું સાંભળનારને ફોકટ દુઃખ કરનારૂં વચન શામાટે પ્રકાશવું જોઇયે? ॥ ૫૬ ॥

पुनरत्याग्रहात् पृष्टा । सा पत्युरनपत्यतां ॥
कथंचित् कथयामास । बीजं दुःखमहीरुहः ॥ ५७ ॥

અર્થ:—ત્યારે ફરીને અતિ આગ્રહથી પૂછવાથી કેટલીક મહેનતે તેણીએ (પોતાના) દુઃખરૂપી વૃક્ષના બીજસરખું (પોતાનું) અનપત્યપણું ભર્તારને કહી બતાવ્યું. ॥ ૫૭ ॥

आवामेकाकिनावेव । परिवारे महत्यपि ॥
दृक्पाटवेऽपि जात्यंधा–वेव देव सुतं विना ॥ ५८ ॥

અર્થ:—મહોટો પરિવાર છતાં પણ આપણ બન્ને પુત્રવિના એકાકીજ છીયે, અને તેથી આંખો છતાં પણ જન્માંધજ છીયે. ॥ ૫૮ ॥

अपुत्रस्य शुभा लोका । न संतीति श्रुतेर्वचः ॥
तत्ते पुत्रमुखालोकं । विना लोकद्वयं हतं ॥ ५९ ॥

અર્થ:—પુત્રરહિત મનુષ્યનો પરલોક કલ્યાણકારી થતો નથી એમ શ્રુતિનું વચન છે, માટે (હે સ્વામી!) પુત્રનું મુખ જોયાવિના આપના બન્ને લોકો નષ્ટ થયેલા જાણવા. ॥ ૫૯ ॥

विक्राम्यसि विपुत्रस्त्वं । यामुपार्जयितुं श्रियं ॥
सापि नारीव निर्नाथा । नंदिष्यति कियत् प्रिय ॥ ६० ॥

અર્થ:—વળી હે સ્વામી! પુત્રરહિત એવા આપ જે લક્ષ્મીને ઉપાર્જન કરવામાટે યત્ન કરો છો, તે પણ સ્વામીરહિત સ્રીનીપેઠે કેટલો વખત નભી શકશે? ॥ ૬૦ ॥

त्वत्तः पश्चाज्जरद्भूते । कीर्त्तिश्चाहं च ते प्रिये ॥
क्रमिष्यावः क्रममपि । पुत्रालंबं विना कथं ॥ ६१ ॥

અર્થ:—વળી હે સ્વામી ! આપની પાછળ આપની પ્રિયારુપ એવી કીર્તિ અને હું ઘડપણને લીધે પુત્રરુપી આલંબનવિના એક પગલું પણ શીરીતે ચાલી શકીશું ? ॥ ૬૧ ॥

यत्नतो यस्त्वया निन्ये । वृद्धिं तत्त्वदनंतरं ॥
भवनं च धनं चान्ये । भोक्ष्यंति तनयं विना ॥ ६२ ॥

અર્થ:—વળી આપે યત્નથી જે આ ઘર તથા ધન વધાર્યું છે, તે પુત્રવિના આપની પાછળ બીજાઓ ભોગવશે. ॥ ૬૨ ॥

इति तद्वाग्नदीस्रोतो–धूतधीरिमपर्वतः ॥
श्रेष्टी जगाद तां युक्त—मुक्तमेतत्त्वया प्रिये ॥ ६३ ॥

અર્થ:—એવી રીતનાં તેણીનાં વચનરુપી નદીના પ્રવાહથી નષ્ટ થયેલ છે ધૈર્યરુપી પર્વત જેનો એવા તે શેઠે તેણીને કહ્યું કે હે પ્રિયા તેં આ યુક્ત કહેલું છે. ॥ ૬૩ ॥

जानेऽहमपि यद्दुःखं । गृहिणां नास्त्यतः परं ॥
परं प्रभूयते दैवा—यत्ते कार्ये नरैः कथं ॥ ६४ ॥

અર્થ:—હું પણ જાણું છું કે ગૃહસ્થીઓને આથી બીજું વધારે દુ:ખ નથી, પરંતુ દૈવાધીન કાર્યમાં મનુષ્ય શીરીતે સમર્થ થઇ શકે?

यतिष्यते तथापींदु—वदने नंदनेच्छया ॥
बलवत्प्राक्तनं कर्म । बलवान् सोऽप्युपक्रमः ॥ ६५ ॥

અર્થ:—તો પણ હે ચંદ્રમુખિ ! હું પુત્રમાટે પ્રયત્ન કરીશ, કેમકે જેમ પૂર્વનું કર્મ બલવાન છે તેમ ઉદ્યમ પણ બલવાન છે. ॥ ૬૫ ॥

कर्मणा ग्लानतां नीतो । न वैद्यैः किं चिकित्स्यते ॥
मंत्राद्यैः स्यान्न किं धीमान् । जडीभूतोऽपि कर्मणा ॥ ६६ ॥

અર્થ:—જે માણસ કર્મથી રોગી થયો હોય તે શું વૈદ્યોથી સાજો થતો નથી ? તેમજ જે કર્મથી મૂર્ખ હોય તે પણ શું મંત્ર-આદિકથી બુદ્ધિવાન થતો નથી ? ॥ ૬૬ ॥

कर्मणा पातितो नद्यां । तार्यते तारकैर्न किं ॥
नात्मा किं कर्मभिर्बद्धो । मुक्तौ धर्मेण नीयते ॥ ६७ ॥

અર્થ:—કર્મે નદીમાં પાડેલાને શું તારૂઓ નથી તારી શકતા ? તેમજ કર્મે બાંધેલા આત્માને શું ધર્મ મુક્તિમાં નથી લેઇ જતો ? ૬૭

फलं प्रलंबद्रुशिरोऽधिरोहि । निरीक्ष्य ताम्यंत्यलसाः प्रकृत्या ॥
तदेव कृत्वा कुटिका(लकुटी)प्रयोगं । गृह्णंति ये वीर्यधना जनाः स्युः

અર્થ:—ઉંચાં વૃક્ષની ટોચપર રહેલાં ફલને જોઇને સ્વભાવથી આલસુ માણસો ખેદ પામ્યા કરે છે, પરંતુ જે માણસો ઉદ્યમવાન છે તેઓ લાકડીનો પ્રયોગ કરીને તે લહે છે. ॥ ૬૮ ॥

इत्याश्वास्य प्रियां प्रीति—वचनैरुन्मनायितां ॥
श्रेष्टी शुश्राव पुत्रार्थं । यत्तत्सर्वं विनिर्ममे ॥ ६९ ॥

અર્થ:—એવી રીતે ખેદિત થયેલી પ્રિયાને મીઠાં વચનોથી શાંત કરીને શેઠે જે જે કંઈ સાંભલ્યું તે તે સઘલું પુત્રમાટે કર્યું. ॥ ૬૯ ॥

पुरे तत्रागमज्ज्ञानी । युगंधरमुनीश्वरः ॥
भवांभोधिपतज्जंतु—जातपोतायितक्रमः ॥ ७० ॥

અર્થ:—એવામાં તે નગરમાં સંસારસમુદ્રમાં પડતા પ્રાણીઓને વહાણસરખા છે ચરણો જેના એવા યુગંધર નામના જ્ઞાની મુનિરાજ પધાર્યા. ॥ ૭૦ ॥

तं सिषेविषवः पौराः । प्राचलन्नेकया दिशा ॥
न ह्यलीनां गतिर्भिन्ना । द्रुमे कुसुमिते सति ॥ ७१ ॥

અર્થ:—તેમને સેવવાની ઇચ્છાવાળા નગરના લોકો એક દિશાએ ચાલ્યા, કેમકે વૃક્ષપર જ્યારે પુષ્પો આવે ત્યારે ભમરાઓનું અન્ય સ્થલે ગમન થાય નહિ. ॥ ૭૧ ॥

श्रेष्टी सुरेंद्रदत्तोऽपि । रथमध्यास्य सप्रियः ॥
अवंदिष्ट मुनिं दिष्ट—त्रितयज्ञमुपेत्य तं ॥ ७२ ॥

અર્થ:—( તે વખતે ) સુરેંદ્રદત્તે પણ પ્રિયાસહિત રથમાં બેશીને તથા ત્યાં આવીને ત્રિકાલજ્ઞાની એવા તે મુનિરાજને વાંદ્યા. ॥ ૭૨ ॥

नामं नामं निषण्णेषु । नागरेषु निधिर्धियां ॥
वितेने देशनां साधु—र्माधुर्यौघरितामृतां ॥ ७३ ॥

અર્થ:—પછી નમી નમીને નગરના લોકો બેઠાબાદ તે બુદ્ધિવાન્ મુનિ માધુર્યથી અમૃતને પણ દૂર કરનારી દેશના દેવા લાગ્યા. ૭૩

भो भो भव्या भवारण्ये । भ्रमता भविना भृशं ॥
आसाद्यतेऽमृतरस—समानो मानवो भवः ॥ ७४ ॥

અર્થ:—હે ભવ્યલોકો! આ ભવરૂપી વનમાં અત્યંત ભમતો પ્રાણી ( મુશ્કેલીથી ) અમૃતરસસરખો મનુષ્યજન્મ મેળવી શકે છે.

तत्पालौ केनचिन्नाना—दर्शनद्रुममध्यगः ॥
भाग्येन लक्ष्यते जैनो । धर्मः कल्पद्रुमोपमः ॥ ७५ ॥

અર્થઃ—તે વનના નિકુંજોમાં વિવિધ દર્શનોરુપી વૃક્ષોની વચ્ચે રહેલા કલ્પવૃક્ષસરખા જૈનધર્મને કોઇકજ ભાગ્યથી જોઇ શકે છે. ૭૫

बोधिर्मूलं कृपा स्कंधः । शाखा दानादयो गुणाः ॥
पत्राणि संपदः कीर्त्तिः । पुष्पं यस्य फलं शिवः ॥ ७६ ॥

અર્થઃ—તે વૃક્ષનું સમ્યકત્વરુપી મૂલ છે, દયારુપી થડ છે, દાન-આદિક ગુણો શાખાઓ છે, સંપદારુપી પત્રો છે, કીર્તિરુપી પુષ્પ છે તથા જેનું મોક્ષરુપી ફલ છે. ॥ ૭૬ ॥

मिथ्यात्वतिमिरध्वस्त—विवेकमयलोचनाः ॥
दूरीभवंति किंपाक—बुध्ध्या तस्मात्कुबुद्धयः ॥ ७७ ॥

અર્થઃ—પરંતુ મિથ્યાત્વરુપી અંધકારથી જેઓનાં વિવેકરુપી ચક્ષુઓ નષ્ટ થયેલાં છે એવા કુબુદ્ધિઓ તેને ઝેરી વૃક્ષ માનીને તેથી દૂર નાશતા ફરે છે. ॥ ૭૭ ॥

श्रुत्वेति देशनां लोके । गते श्रेष्टी तमस्तुवत् ॥
लोकद्वयार्त्तिभित्कोऽपि । नास्ति त्वदपरो भुवि ॥ ७८ ॥

અર્થઃ—એવી રીતની દેશના સાંભલીને લોકો ગયાબાદ સુરેંદ્ર-દત્તશેઠ તે મુનિની સ્તુતિ કરવા લાગ્યા કે, હે ભગવન્! આ પૃથ્વીપર બન્ને લોકોનાં દુઃખોનો નાશ કરનાર આપ શિવાય બીજો કોઇ નથી.

यथा धर्मकथाभिस्त्वं । परलोकहितोऽभवः ॥
उक्त्वा तथा सुतोपायं । देहि मे हितमैहिकं ॥ ७९ ॥

અર્થઃ—જેમ આપ ધર્મોપદેશ દેઇને પરલોકના હિતકારી થયા છો તેમ પુત્રોત્પત્તિનો ઉપાય કહીને મને આ લોકનું હિત પણ આપો?

निश्चितं पुण्यवानस्मि । यत्प्राप्तं तव दर्शनं ॥
त्वां ह्यपुण्या न वीक्षंते । कौशिका इव भास्करं ॥ ८० ॥

અર્થઃ—ખરેખર હું પુણ્યવાન છું, કેમકે મને આપનું દર્શન પ્રાપ્ત થયું છે, વળી ઘુવડો જેમ સૂર્યને તેમ આપને પુણ્યરહિત માણસો જોઇ શકતા નથી. ॥ ૮૦ ॥

विद्यमानापि विद्या चेद्—दुःखिनां नोपयुज्यते ॥
समानेऽनुपकारित्वे । तत्ते मे च किमंतरं ॥ ८१ ॥

અર્થ:—છતી વિદ્યા પણ જો દુઃખીઓને ઉપયોગી ન થાય તો પછી તુલ્ય અનુપકારીપણું થવાથી આપમાં અને મારામાં શું તફાવત રહ્યો? ॥ ૮૧ ॥

तं प्रत्यूचे ततः साधु—रहो सावद्यमीदृशं ॥
न ब्रूमहे महेभ्यामी । वयं धर्माधिकारिणः ॥ ८२ ॥

અર્થ:—( તે સાંભળી ) મુનિરાજે તેને કહ્યું કે હે શેઠજી! અમો આવું આરંભયુક્ત કહી શકીયે નહિ, કેમકે અમો તો આ ધર્મના અધિકારી છીયે. ॥ ૮૨ ॥

साधवः शमयंत्यार्त्ति—मिति सत्यैव वाग्यतः ॥
एषां सा कापि शिक्षा या । लोकद्वैताधिनाशिनी ॥ ८३ ॥

અર્થ:—સાધુઓ દુઃખ શાંત કરે છે એ વાત સત્ય છે, પરંતુ તેઓ કોઈ એવી શિખામણ આપી શકે કે જે બન્ને લોકનાં દુઃખોને નાશ કરનારી હોય. ॥ ૮૩ ॥

आस्तामपत्यं त्रैलोक्या—धिपत्यमपि दुर्घटं ॥
न यतः प्रयतस्त्वं तं । धर्ममेव विधेहि भोः ॥ ८४ ॥

અર્થ:—સંતાન તો એક બાજુ રહ્યાં, પરંતુ જેથી ત્રણે લોકનું સ્વામીપણું મેળવવું પણ અશક્ય નથી એવો, ધર્મ તું પ્રયત્નપૂર્વક કર? ॥ ૮૪ ॥

देवता दुर्बला यत्र । यत्र कुंठा पराक्रमाः ॥
मंत्रादिभिरसाध्यं यत् । तद्धर्मेणाशु साध्यते ॥ ८३ ॥

અર્થ:—જે કાર્યમાં દેવોનું પણ ચાલી શકતું નથી, જ્યાં ઉદ્યમ પણ નિષ્ફલ જાય છે, તથા જે મંત્ર આદિકથી પણ સાધી શકાતું નથી તે ( સઘલું ) ધર્મથી જલદી સાધી શકાય છે. ॥ ૮૬ ॥

ये सुखानि समीहंते । नरा धर्मप्रमद्धराः ॥
जडा बीजमनूप्यानाः । फलाय स्पृहयंति ते ॥ ८७ ॥

અર્થ:—જે માણસો ધર્મમાં પ્રમાદી રહીને સુખોને ઇચ્છે છે તે મૂર્ખાઓ બીજ વાવ્યાવિના ફલની ઇચ્છા રાખે છે. ॥ ૮૭ ॥

व्यवसायं विना नार्थो । न श्रुतार्थो धियं विना ॥
न वारिदं विना वृष्टि—र्न पुष्टिर्भोजनं विना

અર્થઃ—વ્યાપારવિના ધન મલતું નથી, બુદ્ધિવિના શાસ્ત્રોનો અર્થ મળતો નથી, વાદળાંવિના વરસાદ થતો નથી, તથા ભોજન વિના પુષ્ટિ થતી નથી, ॥ ૮૮ ॥

**योधं विना न संग्रामो । न ग्रामो मानुषं विना ॥**
**न सद्भावं विना सख्यं । न सौख्यं सुकृतं विना ॥ ८९ ॥**

અર્થઃ—સુભટવિના યુદ્ધ થતું નથી, મનુષ્યવિના ગામ વસતું નથી તથા સત્ય ભાવવિના જેમ મિત્રાઇ થતી નથી તેમ પુણ્યવિના સુખ મળતું નથી. ॥ ૮૯ ॥

**चैत्ये पूजा गुरौ भक्ति–र्दीने दानं जपस्तपः ॥**
**सर्वाधिदुर्गभंगाय । पंचैते वज्रमुद्गराः ॥ ९० ॥**

અર્થઃ—જિનેશ્વરપ્રભુની પૂજા, ગુરૂની ભક્તિ, દીન લોકને દાન, જપ તથા તપ એ પાંચે સર્વ દુ:ખોરૂપી કિલ્લાને તોડવામાં વજ્રના મુદ્‌ગરસરખાં છે. ॥ ૯૦ ॥

**प्रकृत्या निर्मलः श्रेष्टी । तां प्रभाकरभामिव ॥**
**शिक्षां प्राप्य मुनेर्जज्ञे । सूर्याश्मेवाधिकद्युतिः ॥ ९१ ॥**

અર્થઃ—સ્વભાવથીજ નિર્મલ એવો તે સુરેંદ્રદત્તશેઠ સૂર્યની કાંતિ સરખી મુનિની તે શિખામણ મેલવીને સૂર્યકાંત મણિનીપેઠે અધિક કાંતિવાળો થયો. ॥ ૯૧ ॥

**चैत्यपूजां मुनिमुखा—त्तदाकर्ण्य सुभद्रया ॥**
**कन्यात्वे यत्प्रतिज्ञातं । तत् स्वप्नमिव सस्मरे ॥ ९२ ॥**

અર્થઃ—વળી મુનિના મુખથી જિનપૂજાનું વૃત્તાંત સાંભલીને સુભદ્રાએ કન્યાપણામાં જે પ્રતિજ્ઞા કરી હતી તેને તે સ્વપ્નનીપેઠે યાદ કરવા લાગી, ॥ ૯૨ ॥

**दध्यौ च ही प्रमादेन । जाताहं स्ववचश्च्युता ॥**
**विवाहछद्ममदिरा–पानचोरितचेतना ॥ ९३ ॥**

અર્થઃ—તથા વિચારવા લાગી કે વિવાહના મિષરૂપી મદિરાપાનથી ભાન ભૂલી જઇને મેં મારૂં વચન પાલ્યું નથી. ॥ ૯૩ ॥

**न जल्पतामपि तथा । ~~म्रियेमम नृणामृणं~~ ॥**
**अजल्पतोऽपि देवस्या—ऽनंतसंसारकृद्यथा ॥ ९४ ॥**

અર્થ:—નહિ બોલતા એવા પણ દેવનું કરજ જેવું અનંત સંસાર કરનારૂં થાય છે, તેવું બોલતા એવા પણ માણસોનું કરજ મને ભયાનક લાગતું નથી. ॥ ૯૪ ॥

पततः पर्वतस्याध—स्तैरधारि स्वमस्तकं ॥

देवदाये विपर्यासो । यैरकारि प्रमादिभिः ॥ ९५ ॥

અર્થ:—જે પ્રમાદી માણસોએ દેવના કરજનો વિપર્યાસ કરેલો છે, તેઓએ પડતા પર્વતની નીચે પોતાનું મસ્તક ધરવાસરખું કર્યું છે.

यां जिनस्य प्रतिज्ञाया-ऽवज्ञामज्ञानतो व्यधां ॥

तस्या वंध्यत्वमेतन्मे । विषवल्लेरिवांकुरः ॥ ९३ ॥

અર્થ:—પ્રતિજ્ઞા લેઇને પણ મેં અજ્ઞાનથી જિનેશ્વરપ્રભુની જે અવજ્ઞા કરેલી છે, તેથી ઝેરી વેલડીના અંકુરાસરખું આ વંધ્યાપણું મને પ્રાપ્ત થયું છે. ॥ ૯૬ ॥

विधाय भक्तिं चैत्यस्य । मया भोक्तव्यमद्य तत् ॥

इति ध्यात्वा सहालीभिः । सा ययौ जिनमंदिरं ॥ ९७ ॥

અર્થ:—માટે આજે તો મારે જિનપ્રતિમાની ભક્તિ કર્યાબાદજ ભોજન કરવું છે, એમ વિચારીને તે સખીઓસહિત જિનમંદિરે ગઇ.

तत्र मुग्धमुखी बाला । पितॄनिव जिनेश्वरान् ॥

स्वमागः क्षमयामास । पूजयामास चादृता ॥ ९८ ॥

અર્થ:—ત્યાં ભદ્રક બાલિકા જેમ માબાપપાસે તેમ તે જિનેશ્વરપાસે પોતાનો અપરાધ ખમાવીને આદરપૂર્વક તેમની પૂજા કરવા લાગી. ॥ ૯૮ ॥

क्षमयित्वाखिलांश्चैत्य—वासिनो व्यंतरानपि ॥

सा संजनितपुत्रेव । तत्र तेने महोत्सवं ॥ ९९ ॥

અર્થ:—વળી સઘળા ચૈત્યવાસી વ્યંતરોને પણ ખમાવીને જાણે પુત્રને જન્મ આપ્યો હોય નહિ તેમ ત્યાં તેણીએ મહોત્સવ કર્યો. ૯૯

अथारुह्य रथं भर्त्रा । प्रहितं गृहमागता ॥

बुभुजे हृष्टहृदया । समं परिजनेन सा ॥ ५०० ॥

અર્થ:—પછી તે ભર્તારે મોકલેલા રથપર ચડીને ઘેર આવી, તથા ખુશ મનથી પરિવારસાથે ભોજન કરવા લાગી. ॥ ૫૦૦ ॥

तदादि विधिना सूत्रो-क्तेन निर्वृजिनं जिनं ॥

उपवैणवमानर्च । श्रेष्ठी सूरिवचः स्मरन् ॥ १ ॥

અર્થ:—વળી ત્યારથી માંડીને શેઠ પણ આચાર્યનાં વચનને યાદ કરતાથકા શાસ્ત્રમાં કહેલી વિધિમુજબ કષાયરહિત જિનની વાજિત્ર-નાદપૂર્વક પૂજા કરવા લાગ્યા. ॥ ૧ ॥

नित्यं गुरुपदांभोज—रजः संस्पर्श्य पावनं ॥
सुभगं भावुको भाल—भृंगस्तस्याऽभवत्तरां ॥ २ ॥

અર્થ:—હમેશાં ગુરૂચરણરૂપી કમલની પવિત્ર અને મનોહર રજનો સ્પર્શ કરીને તે ભાવિક શેઠ તેપ્રતિ પોતાના લલાટરૂપી ભમરાવાળો થયો. ॥ ૨ ॥

सदापदापगामग्नान् । दीनानुद्धर्त्तुमंजसा ॥
सोऽसज्जयन्निजां लक्ष्मी—मंगिनीमंगीनीमिव ॥ ३ ॥

અર્થ:—વળી તેણે હમેશાં આ આપદારૂપી નદીમાં ડુબેલા એવા દીન મનુષ્યોનો જલદીથી ઉદ્ધાર કરવામાટે પોતાની લક્ષ્મીને દેહધારી હોડીસરખી બનાવી. ॥ ૩ ॥

स च पंचनमस्कार–स्मृतिपीयूषधारया ॥
सदा सदारः स्वां जिह्वां । पुनातिस्म पदे पदे ॥ ४ ॥

અર્થ:—વળી તે પત્નીસહિત હમેશાં પંચપરમેષ્ઠિના નમસ્કારના સ્મરણરૂપી અમૃતની ધારાથી પગલે પગલે પોતાની જિહ્વાને પવિત્ર કરવા લાગ્યો. ॥ ૪ ॥

तपस्तपर्त्तुवत्तीव्रं । तेनाचाम्लादि निर्ममे ॥
अभजद्भावनासिंधु—स्तत्र चित्रं न तानवं ॥ ५ ॥

અર્થ:—ઉષ્ણકાલનીપેઠે તે આયંબિલઆદિક તીવ્ર તપ તપવા લાગ્યો, અને તે વખતે તેનો ભાવનારૂપી સમુદ્ર જે વિસ્તાર પામ્યો તેમાં કંઈ આશ્ચર્ય નથી. ॥ ૫ ॥

अभयं घोषयामास । राजादेशमवाप्य सः ॥
कारयामास जैनेषु । चैत्येष्वष्टाह्निकामहं ॥ ६ ॥

અર્થ:—વળી તેણે રાજાનો હુકમ મેલવીને અમારીપટહ વજડાવ્યો, તથા જિનમંદિરોમાં અઠાઇમહોત્સવ કરાવ્યો. ॥ ૬ ॥

अथानुभावाद्धर्मस्य । सांनिध्याच्च दिवौकसां ॥
माणिक्यमिव मेदिन्या । दध्रे गर्भः सुभद्रया ॥ ७ ॥

અર્થ:—હવે ધર્મના પ્રભાવથી તથા દેવોના સહાયથી પૃથ્વી જેમ માણિક્યને તેમ સુભદ્રાએ ગર્ભને ધારણ કર્યો. ॥ ૭ ॥

कौसुंभे बिभ्रती वस्त्रे । चिराद्वितिमिराननाः ॥

अंतर्गूढसुतादित्या । प्रातःसंध्येव सा बभौ ॥ ८ ॥

અર્થ:—કસુંબી વસ્ત્રને ધારણ કરનારી તથા ઘણે કાળે અંધકારરહિત (શોકરહિત) મુખવાળી, તથા ગુપ્તરીતે અંદર ઉત્પન્ન થયેલી પુત્રરુપી સૂર્યવાળી એવી તે સુભદ્રા પ્રભાતકાળની સંધ્યાસરખી શોભવા લાગી. ॥ ૮ ॥

अंतर्वर्त्नीं वीक्ष्य पत्नीं । सुतसंभावनाजुषः ॥

जज्ञे यः श्रेष्टिनः सोऽपि । हर्षो वाचामगोचरः ॥ ९ ॥

અર્થ:—(પોતાની) પત્નીને ગર્ભવંતી જોઇને હવે પુત્ર થશે, એવા વિચારવાળા શેઠને જે હર્ષ થયો તે વચનથી કહ્યો જાય તેમ નથી. ॥ ૯ ॥

सदालिदयितं लक्ष्मी—निलयं सुगुणोदयं ॥

सुभद्रा समयेऽसूत । सरसीवाब्जमंगजं ॥ १० ॥

અર્થ:—સજ્જનોની શ્રેણિના સ્વામિસરખા (હમેશાં ભમરાઓને આનંદ આપનારા) લક્ષ્મીના સ્થાનરૂપી તથા ઉત્તમ ગુણોના ઉદયવાળા (સારા તંતુઓના ઉદયવાળા) એવા કમલને જેમ તળાવડી તેમ સુભદ્રાએ (યોગ્ય) સમયે પુત્રને જન્મ આપ્યો. ॥ ૧૦ ॥

मन्वानो लक्षकोटीनां । लाभादभ्यधिकं सुतं ॥

युक्तं तज्जन्मनि द्रव्य—मव्ययल्लक्षशः पिता ॥ ११ ॥

અર્થ:—લાખો ક્રોડોના લાભથી પણ અધિક એવા પુત્રને માનનારા પિતાએ તેના જન્મસમયે જે લાખોગમે દ્રવ્ય ખરચ્યું તે યુક્તજ છે.

राजमान्यः स राजेव । तेने तनयजन्मनः ॥

वर्यतूर्यत्रयप्रीत—पौरलोकं महोत्सवं ॥ १२ ॥

અર્થ:—રાજાના માનીતા એવા તે શેઠે રાજાનીપેઠે ત્રણે પ્રકારનાં વાજિત્રોથી ખુશી થયેલ છે નગરના લોકો જેથી એવો પુત્રનો જન્મોત્સવ કર્યો ॥ ૧૨ ॥

मया विदधता धर्म—मयं लब्ध इति व्यधात् ॥

सूनोर्धम्मिल इत्याख्यां । स नामकरणक्षणे ॥ १३ ॥

અર્થ:—મને આ પુત્ર ધર્મ કરતાં થકાં મળ્યો છે, એમ વિચારી શેઠે નામ પાડતી વખતે તેનું 'ધમ્મિલ' નામ પાડ્યું. ॥ ૧૩ ॥

यथावसरमायात—धात्र्यः पंच जगत्प्रियं ॥

तिथयः शुक्लपक्षीया । इवेंदुं तमवर्द्धयन् ॥ १४ ॥

અર્થ:—જગતને આનંદ આપનારા ચંદ્રને જેમ શુકલપક્ષની તિથિઓ તેમ યોગ્ય અવસરે આવતી પાંચ ધાત્રીઓ તેને પોષવા લાગી.

भोजनं भाषणं क्षौर—मुत्थानं गमनं तथा ॥

जगाम सर्वमप्यस्य । पित्रोरुत्सवहेतुतां ॥ १५ ॥

અર્થ:—આ ધમ્મિલકુમારનું ભોજન ભાષણ હજામત ઉઠવું તથા ચાલવું એ સઘલું માબાપને આનંદના હેતુરુપ થયું. ॥ ૧૫ ॥

वयसा वपुषा वर्द्ध—मानोऽभूत्पंचवार्षिकः ॥

यदा तदा मुदा पित्रा । कलाचार्यस्य सोऽर्पितः ॥ १६ ॥

અર્થ:—પછી ઉમર અને શરીરથી વૃદ્ધિ પામતો તે જ્યારે પાંચ વર્ષનો થયો ત્યારે પિતાએ હર્ષથી કલાચાર્યને સોંપ્યો. ॥ ૧૬ ॥

साक्षिमात्रीकृताचार्यो—ऽपरिजूरितमस्तकः ॥

कलयामास स स्वल्प—कालेन सकलाः कलाः ॥ १७ ॥

અર્થ:—માત્ર સાક્ષીરુપ કરેલ છે ગુરૂ જેણે એવો તે કંઇ પણ તકલીફવિના સ્વલ્પ સમયમાંજ સઘળી કલાઓ શીખી ગયો. ॥૧૭॥

शिरःशून्याः कलाः सर्वा । एकां धर्मकलां विना ॥

इति तं धर्मबोधाय । श्रेष्टी साध्वंतिकेऽमुचत् ॥ १८ ॥

અર્થ:—એક ધર્મકળાવિના સઘલી કળાઓ મસ્તકવિનાની છે એમ વિચારીને શેઠે ધાર્મિક જ્ઞાન મેલવવામાટે તેને સાધુઓપાસે મોકલ્યો.

स साधुभ्यः श्रुतं धर्म्य—मधीयानो नवं नवं ॥

सूक्ष्मेष्वपि विचारेषु । विद्वान् साधुरिवाभवत् ॥ १९ ॥

અર્થ:—ત્યાં તે સાધુઓપાસેથી નવાં નવાં ધર્મશાસ્ત્ર ભણીને સાધુનીપેઠે સૂક્ષ્મ વિચારોમાં પણ પ્રવીણ થયો. ॥ ૧૯ ॥

जीवाऽजीवादिकास्तस्य । पदार्था हृदये नव ॥

सप्रपंचाः स्फुरंतिस्म । रंगभूमौ नटा इव ॥ २० ॥

અર્થ:—રંગભૂમિપર જેમ નટો તેમ તેના હૃદયમાં જીવ અજીવઆદિક નવ તત્વો ભેદસહિત સ્ફુરાયમાન થયા. ॥ ૨૦ ॥

बाल्यसीमामथोल्लंघ्य । स ययौ यौवनं वनं ॥

न तु प्राप स्मरव्याध—शरव्रातशरव्यतां ॥ २१ ॥

અર્થ:—પછી બાલ્યાવસ્થા ઓળંગીને તે યૌવનરૂપી વનમાં આવ્યો, પરંતુ ત્યાં કામદેવરૂપી પારાધિના બાણોના સમૂહથી વિંધાયો નહિં. ॥ ૨૧ ॥

अस्ताधे श्रुतपाथोधौ । निलीनं मीनवन्मनः ॥
अशकध्वंसकः काम—बकस्तस्य न धर्षितुं ॥ २२ ॥

અર્થઃ—શાસ્ત્રરૂપી અગાધ સમુદ્રમાં મત્સ્યનીપેઠે લીન થયેલા તેના મનને કામદેવરૂપી હિંસક બગલો પકડવાને શક્તિવાન થયો નહિ.

पंचेंद्रियहया लोलाः । प्रकृत्या दुर्दमा अपि ॥
त्याजिता गुरुवाग्वल्गा—भियोगात्तेन चापलं ॥ २३ ॥

અર્થ:—સ્વભાવથીજ દુર્દમ અને ચપલ એવા પણ પંચેંદ્રિયરૂપી ઘોડાઓ ગુરૂના વચનરૂપી લગામના પ્રયોગથી તેણે ચપલતારહિત કર્યા. ॥ ૨૩ ॥

सुरेंद्रः प्राप्ततारुण्य—मथोद्वाहयितुं सुतं ॥
उत्तमा कतमा कन्या । योग्यास्येति व्यचारत् ॥ २४ ॥

અર્થ:—હવે યુવાવસ્થા પામેલા પુત્રને પરણાવવાને તેનામાટે કઇ કન્યા યોગ્ય છે એમ સુરેંદ્રદત્તશેઠે વિચાર્યું. ॥ ૨૪ ॥

करपीडनतो बिभ्यत् । करं पीडनतो यथा ॥
धम्मिलो जनकस्यांह्री । प्रणम्येति व्यजिज्ञपत् ॥ २५ ॥

અર્થ:—જેમ હાથને પીલવાથી ડરે તેમ વિવાહથી બીતો ધમ્મિલ પિતાને ચરણે નમીને વિનંતિ કરવા લાગ્યો કે, ॥ ૨૫ ॥

विधास्ये न पितर्दार—कर्म शर्मविदारकं ॥
शास्त्रार्थामृततृप्तस्य । प्रयांतु दिवसा मम ॥ २६ ॥

અર્થ:—હે પિતાજી ! સુખને નાશ કરનારો વિવાહ હું કરીશ નહિ, શાસ્ત્રાર્થરૂપી અમૃતથી થયેલી તૃપ્તિપૂર્વક મારા દિવસો વ્યતીત થવા દો. ॥ ૨૬ ॥

भार्याभृत्यादयः पाल्या । वर्ध्या श्रीः संततिश्च मे ॥
इति चिंता कृतोद्वाह—नरस्य सुखशोषिणी ॥ २७ ॥

અર્થ:—જે પુરૂષ વિવાહ કરે છે તેને સુખનો નાશ કરનારી એવી ચિંતા થાય છે કે મારે સ્ત્રી ચાકર આદિક પાળવા પડશે, અનેલક્ષ્મી તથા સંતતિ વધારવી પડશે. ॥ ૨૭ ॥

कलाकौशलकारुण्य—कवितादिगुणावली ॥
विलीयते ध्रुवं नारी—संगादत्र कथां शृणु ॥ २८ ॥

અર્થ:—વળી સ્ત્રીના સંગથી કલાની કુશલતા દયા તથા કવિપણાઆદિક ગુણોની શ્રેણિ ખરેખર નાશ પામે છે, તે માટે અહીં એક દૃષ્ટાંત સાંભલો ? ॥ ૨૮ ॥

आसीत्पुरा पुरे भोग—पुरे राजारिमर्दनः ॥
प्रतापाक्रांतदिक्चक्रः । श्रिया शक्र इवापरः ॥ २९ ॥

અર્થ:—પૂર્વે ભોગપુર નામના નગરમાં અરિમર્દનનામે રાજા હતો, તે પોતાના પ્રતાપથી દિક્ચક્ર જીતીને લક્ષ્મીથી બીજા ઇંદ્ર સરખો શોભતો હતો. ॥ ૨૯ ॥

इतश्च कोऽपि गोपाल—श्चारयन् धेनुकं वने ॥
सांद्रद्रुमतलासीनः । सहसोल्लासमासदत् ॥ ३० ॥

અર્થ:—એવામાં કોઇ એક ગોવાળ વનમાં ઘાટાં વૃક્ષનીચે બેશીને ગાયો ચરાવતોથકો એકદમ ઉલ્લાસ પામ્યો. ॥ ૩૦ ॥

अज्ञानतिमिरभ्रंशे । तस्यापभ्रंशभाषया ॥
उन्मिमील कवित्वाख्यं । ज्योतिराकस्मिकं तदा ॥ ३१ ॥

અર્થ:—તે વખતે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થવાથી તેને અપભ્રંશ ભાષામાં અકસ્માત કવિપણાની શકિત ઉત્પન્ન થઇ. ॥ ૩૧ ॥

पाशुपाल्यं ततस्त्यक्त्वा । पशुसाम्यकरं नृणां ॥
कलाफलार्थी गोपालो । भूपालस्य सभां ययौ ॥ ३२ ॥

અર્થ:—પછી માણસોને પશુસમાન કરનારૂં પશુપાલપણું તજીને તે ગોવાળ પોતાની કલાનું ફલ મેળવવા માટે રાજાની સભામાં ગયો. ॥ ૩૨ ॥

अर्थैरभिनवैः प्रौढ—कवीनामप्यगोचरे ॥
कृत्वा हृद्यानि पद्यानि । स तुष्टाव धराधवं ॥ ३३ ॥

અર્થ:—મહાકવિઓને પણ અગમ્ય એવા નવીન અર્થોથી મનોહર કાવ્યો રચીને તે રાજાની સ્તુતિ કરવા લાગ્યો. ॥ ૩૩ ॥

चमत्कृतमना भूपः । स्वांतिके तमतिष्ठिपत् ॥
वल्लीषु कल्पवल्लीव । कलासु किल वाकला ॥ ३४ ॥

અર્થ:—ત્યારે રાજાએ મનમાં ચમત્કાર પામીને તેને પોતાની પાસે રાખ્યો, કેમકે વેલડીઓમાં જેમ કલ્પવલ્લી તેમ કલાઓમાં વચનકલા શ્રેષ્ઠ છે. ॥ ૩૪ ॥

राज्ञा रत्नाकरेणेव । कल्पिताखिलवृत्तिकः ॥

पाल्यमानश्च पित्रेव । सोऽर्थानापन्नवान्नवान् ॥ ३५ ॥

અર્થ:—પછી મહાસાગર સરખા રાજાએ તેની સર્વ આજીવિકા કરી આપી, તથા પિતાનીપેઠે પાલ્યો, અને તેથી તે પણ નવીન ધનને પ્રાપ્ત થયો. ॥ ૩૫ ॥

स्वैराहारविहारादि—चेष्टासंतुष्टचेतसा ॥

शतानि पंच गाथाना—मनिशं तेन तेनिरे ॥ ३६ ॥

અર્થ:—ઇચ્છામુજબ ભોજન તથા વિહાર આદિકની ચેષ્ટાથી મનમાં આનંદ પામેલો તે કવિ હમેશાં પાંચસો ગાથાઓ રચવા લાગ્યો. ॥ ૩૬ ॥

ये महाकवयः शास्त्र—पारीणाः प्रतिभाजुषः ॥

तानवज्ञापदं कुर्वन् । राजारज्यत्तदुक्तिभिः ॥ ३७ ॥

અર્થ:—જે શાસ્ત્રોના પારંગામી તથા બુદ્ધિવાન્ મહાકવિઓ હતા, તેઓની પણ અવજ્ઞા કરીને રાજા ફક્ત તેનીજ વાણીથી ખુશી થવા લાગ્યો. ॥ ૩૭ ॥

ते दध्युरमुना राजा । हहा मूढेन मोहितः ॥

यद्वा गोपेन गोपेऽयं । प्रीयते तत् किमद्भुतं ॥ ३८ ॥

અર્થ:—ત્યારે તે મહાકવિઓ વિચારવા લાગ્યા કે અરે ! આ મૂઢે તો રાજાને મોહિત કર્યો ! અથવા ગોપાલથી ( ગોવાળથી ) ગોપાલ ( રાજા ) ખુશી થાય તેમાં શું આશ્ચર્ય છે ! ॥ ૩૮ ॥

सत्काव्येभ्योऽपि भूपानां । प्रायो नीचोक्तयः प्रियाः ॥

दुर्वृत्ता दयिता दास्यः । कुलस्त्रीभ्योऽपि कामिनां ॥ ३९ ॥

અર્થ:—ઉત્તમ કવિઓનાં કાવ્યો કરતાં પણ પ્રાયે રાજાઓને નીચના વચનો પ્રિય લાગે છે, કેમકે કામી પુરૂષોને કુલીન સ્ત્રીઓ કરતાં દુરાચારી દાસીઓ પ્રિય થઇ પડે છે. ॥ ૩૯ ॥

राजप्रसादानध्यायः । कलावत्स्वखिलेष्वपि

अयमत्र समायातो । दारिद्र्यं च गृहेषु नः ॥ ४० ॥

અર્થઃ—આ તો સર્વ કલાવાનોપ્રતે રાજાની અકૃપાનો અવસર આવ્યો અને તેથી આપણા ઘરોમાં તો હવે દરિદ્રપણું દાખલ થયું.

**यद्येतद्विषयं किंचिद् । भूभुजोऽस्माभिरुच्यते ॥**
**ईर्ष्यापदे निपतति । तत्सर्वं किं प्रकुर्महे ॥ ४१ ॥**

અર્થઃ—વળી આના સંબંધમાં જો આપણે રાજાને કંઈ કહીએ છીએ તો તે પણ સઘલું ઈર્ષ્યા તરીકે ગણાય છે, માટે હવે આપણે શું કરવું ? ॥ ૪૧ ॥

**उपायांतरमासृत्य । ततस्ते जगदुर्नृपं ॥**
**नवः कविरयं देव । भाग्यैरासादितस्त्वया ॥ ४२ ॥**

અર્થઃ—પછી તેઓએ એક ઉપાય શોધીને રાજાને કહ્યું કે હે સ્વામી! ભાગ્યના ઉદયથીજ આપને આ નવો કવિ મળેલો છે. ॥ ૪૨ ॥

**पशुपालोऽयमित्यस्य । न विधेयावहीलना ॥**
**दधाति पशुपालाख्यं । गिरीशोऽपि न किं हरः ॥ ४३ ॥**

અર્થઃ—વળી આ પશુપાલ છે એમ વિચારી તેની અવગણના ન કરવી, કેમકે ગિરીશ એવો મહાદેવ પણ શું પશુપાલનું નામ ધારણ કરતો નથી ? ॥ ૪૩ ॥

**अर्थोल्लेखः कवित्वेऽस्य । प्राकृतेऽपि स कश्चन ॥**
**अस्माकं दिव्यवाग्भाजा–मपि यो देव दुर्लभः ॥ ४४ ॥**

અર્થઃ—વળી હે સ્વામી ! આની પ્રાકૃત કવિતામાં પણ કોઇક એવા પ્રકારની અર્થચમત્કૃતિ રહેલી છે કે જે અમારી સંસ્કૃત વાણીમાં પણ આવવી મુશ્કેલ થઈ પડી છે. ॥ ૪૪ ॥

**न भाषानियमः कोऽपि । स्तुमः काव्येऽर्थसंगतिं ॥**
**गौरव्यं गोरसे न्यूने । यद्वा तद्वापि भोजनं ॥ ४५ ॥**

અર્થઃ—વળી ભાષામાટે કંઇ વિચારવાજેવું નથી, ફક્ત કાવ્યની અર્થચમત્કૃતિ અમો વખાણીયે છીયે, કેમકે ગોરસ કદાચ ન્યૂન હોય તો પણ સારીરીતે બનાવેલું ભોજન આદર કરવાલાયક થાય છે. ૪૫

**परमीदृग्गुणोऽप्येष । सति त्वय्यपि नायके ॥**
**आस्ते वंठ इवैकाकी । तन्मनोऽतिदुनोति नः ॥ ४६ ॥**

અર્થઃ—પરંતુ આવો ગુણવાન છતાં અને આપ તેના સ્વામી છતાં તે વાંઢાનીપેઠે જે એકાકી રહેલો છે, તેથી અમારૂં મન બહુ કચવાય છે. ॥ ૪૬ ॥

देवाश्च ऋषयश्चैव । मानवाः पशुपक्षिणः ॥

सर्वे द्वंद्वचरा देव । कविरेव किमेककः ॥ ४७ ॥

અર્થ:—વળી હે સ્વામી! દેવો ઋષિઓ મનુષ્યો પશુઓ તથા પક્ષિઓ એ સર્વે દંપતીધર્મવાળા હોય છે, ત્યારે ( આપનો ) આ આ કવિ શામાટે એકાકી રહે ? ॥ ૪૭ ॥

उदूह्य पुत्रपौत्रादि—वेष्टितोऽनुभविष्यति ॥

यदा कुटुंबितामेष । कीर्त्त्युन्मेषस्तदैव ते ॥ ४८ ॥

અર્થ:—માટે તે પરણીને પુત્રપૌત્રાદિકના પરિવારવાળો થયોથકો જ્યારે કુટુંબીપણું અનુભવશે ત્યારેજ આપની કીર્તિ ફેલાશે. । ૪૮ ।

नृपोऽथ तद्वचः सत्यं । मन्वानो मंक्ष्वयाचत ॥

कन्यां कस्यापि रूपाढ्यां । शठैः को नात्र वंच्यते ॥ ४९ ॥

અર્થ:—હવે એવી રીતનું તેઓનું વચન સત્ય માનીને રાજાએ ( તે કવિ માટે ) કોઈકની સ્વરૂપવાન કન્યાની તુરત માગણી કરી, કેમકે અહીં ઠગોથી કોણ વંચિત થતો નથી ? ॥ ૪૯ ॥

कन्यामवश्यमुद्वाह्यां । सोऽपि तस्मै ददौ मुदा ॥

वैवाहिकीभवन् भूमी—पतिः कस्मै न रोचते ॥ ५० ॥

અર્થઃ—કન્યાને તો અવશ્ય પરણાવવીજ જોઇયે ( એમ વિચારીને ) તેણે પણ હર્ષથી તે કવિને કન્યા આપી, કેમકે વહેવાઈ થતો રાજા કોને રૂચે નહિ ? ॥ ૫૦ ॥

कविर्भूमिभुजा क्लृप्त—पाणिग्रहणमंगलः ॥

वधूमादाय तद्दत्त—गृहे पृथगवस्थितः ॥ ५१ ॥

અર્થ:—પછી રાજાએ પરણાવ્યાબાદ તે કવિ પત્નિને લેઇ રાજાએ આપેલા ઘરમાં જુદો રહ્યો. ॥ ૫૧ ॥

अथ तैलं घृतं चाद्य । नास्तीत्याद्युक्तिभिस्तया ॥

व्यदार्यत कुठारीभि—रिव तस्य हृदन्वहं ॥ ५२ ॥

અર્થ:—પછી આજે તેલ નથી, આજે ઘી નથી, ઈત્યાદિ કુહાડી સરખાં વચનોથી તે હંમેશાં તેનું હૃદય વિદારવા લાગી. ॥ ૫૨ ॥

उदरिण्यामथो तस्यां । भाविस्वव्ययशंकया ॥

स ममज्ज निरालंबं । चिंतावार्द्धौ कवीश्वरः ॥ ५३ ॥

અર્થ:—પછી જ્યારે તે ગર્ભવંતી થઇ ત્યારે તે થનારા ધનના ખરચની શંકાથી તે કવીશ્વર નિરાધાર થઇને ચિંતારૂપી સમુદ્રમાં ડુબ્યો. । ૫૩ ।

तन्वंगीतनयग्रास—वासःसंसाधनं धनं ॥
ध्यायतस्तस्य गलितं । कवित्वकलया क्रमात् ॥ ५४ ॥

અર્થ:— સ્ત્રી તથા પુત્રના ભોજન તથા કપડાંના સાધનરૂપ ધનનું જ ધ્યાન ધરતાં થકાં અનુક્રમે તેની કવિત્વશક્તિ ઘટતી ગઇ. । ૫૪ ।

आस्तां पंचशती तस्या—न्यदा गाथे उभे अपि ॥
आस्तां चिंताशिलाक्रांते । इवोत्थातुमनीश्वरे ॥ ५५ ॥

અર્થ:—અને તેથી તેની પાંચસો ગાથાઓ તો એક બાજુ રહી, પરંતુ બે ગાથા પણ જાણે ચિંતારૂપી પત્થરથી દબાઇ ગઇ હોય નહિ તેમ ( તેના મુખથી ) પ્રકટ થઇ શકી નહિ. ॥ ૫૫ ॥

भ्रष्टप्रज्ञार्चिषं क्षीण—कलं दर्श शशांकवत् ॥
तमन्यदा नृपोऽप्राक्षीद् । भोः किमेतदजायत ॥ ५६ ॥

અર્થ:—એવી રીતે અમાવાસ્યાના ચંદ્રનીપેઠે તેનું બુદ્ધિરૂપી તેજ નષ્ટ થવાથી અને કવિત્વકલાનો ક્ષય થવાથી રાજાએ તેને એક દિવસ પુછયું કે અરે કવીશ્વર! આ તને શું થઇ ગયું ? ॥ ૫૬ ॥

त्वं सदाशुकविर्भूत्वा । मच्चेतःपंजरे स्थितः ॥
काकायसे किमद्याथ । श्लोकमेकं पपाठ सः ॥ ५७ ॥

અર્થ:—તું તો ( હમણાસુધી ) શીઘ્રકવિ ( શુકરૂપ ) થઇને હમેશાં મારા ચિતરૂપી પાંજરામાં રહ્યો હતો, ત્યારે આજે આમ કાકસરખો કેમ જણાય છે ? ત્યારે તે કવિ એક શ્લોક બોલ્યો કે, । ૫૭ ।

अनंता गृहचिंतेयं । तोयराशिसमा नृप ॥
यदेकया स्त्रिया नष्टा । गाथापंचशतीं मम ॥ ५८ ॥

અર્થ:—હે રાજન્ ! ઘરસંબંધી આ અનંતી ચિંતા મહાસાગર સમાન છે, કેમકે ફક્ત એક સ્ત્રી પરણવાથી મારી પાંચસો ગાથાઓ નાશ પામી છે. ॥ ૫૮ ॥

एवं तात कलाभंग—मंगनाभ्यो विदन्नपि ॥
पाणिग्रहणपर्याये । पाशे पत्स्याम्यहं कथं ॥ ५९ ॥

અર્થ:—એવી રીતે હે પિતાજી સ્ત્રીઓથી થતો કલાઓનો વિનાશ જાણતા છતા વિવાહ નામના પાશમાં હું શામાટે પડું ? ॥ ૫૯ ॥

सुरेंद्रोऽथालपत्पित्रो—रेवं दुर्वाक्यपर्शुभिः ॥
आशालतां चिरोद्भुतां । वत्स नोच्छेत्तमर्हसि ॥ ६० ॥

અર્થ:—ત્યારે સુરેંદ્રદત્તે કહ્યું કે હે વત્સ! એવી રીતનાં દુર્વચનો રૂપી કુહાડીઓથી ઘણા કાળથી ઉગેલી માતાપિતાની આશારૂપી વેલડીને ઉખેડી નાખવી એ તને યોગ્ય નથી. ॥ ૬૦ ॥

बध्वालानं विना जात—तारुण्यारण्यचारिणः ॥
गजा इव भवंत्येवां—गजा न्यायद्रुमद्रुहः ॥ ६१ ॥

અર્થ:—વળી ઉત્પન્ન થયેલી યુવાવસ્થારૂપી વનમાં ફરનારા પુત્રો સ્ત્રીરૂપી બંધનસ્તંભવિના હાથીઓનીપેઠે ન્યાયરૂપી વૃક્ષને ઉખેડી નાખનારા થાય છે. ॥ ૬૧ ॥

अनभ्यासात् कलानाशे । यद्योषिद्दोषपोषणं ॥
तत्कोलखादिते क्षेत्रे । महिषीसुतकुट्टनं ॥ ६२ ॥

અર્થ:—અભ્યાસવિના થતા કલાના નાશમાટે જે સ્ત્રીના દોષો બોલવા તે તો શિયાળોએ ક્ષેત્રનું ભક્ષણ કરવાથી ( તેને બદલે ) પાડાને મારવાસમાન છે. ॥ ૬૨ ॥

क्वचित्कलाप्रकर्षोऽपि । सुकलत्राद्भवेन्नृणां ॥
पश्य पूर्णिमया चंद्रः । किं न पूर्णकलः कृतः ॥ ६३ ॥

અર્થ:—વળી કોઇક વખતે તો ઉત્તમ સ્ત્રીથી પુરૂષોની કલામાં વૃદ્ધિ પણ થાય છે, જુઓ કે પૂર્ણિમાએ શું ચંદ્રને સંપૂર્ણ કલાવાળો નથી કર્યો ? ॥ ૬૩ ॥

नारी मृदुः सुखं निंद्या । निपुणैर्न पुनः पुमान् ॥
हिमो दहति वृंताकीं । यथा न तु तथा वटं ॥ ६४ ॥

અર્થ:—સ્ત્રી જાતેજ કોમલ છે, તેથી પંડિતો તેણીની સુખે નિંદા કરી શકે છે, પરંતુ પુરૂષની કરતા નથી, કેમકે હિમ જેમ રીંગણીને બાળી નાખે છે તેમ વડને બાળી શકતો નથી. ॥ ૬૪ ॥

एवं निर्वचनीकृत्य । सुरेंद्रो निजनंदनं ॥
इभ्यानुद्भिन्नतारुण्य—कन्या द्रुतमयाचत ॥ ६५ ॥

અર્થ:—એવી રીતે પોતાના પુત્રને બોલતો બંધ કરીને સુરેંદ્રદત્તે તુરત કેટલાક શાહુકારોપાસે ખીલતી જુવાનીવાળી ( તેઓની ) કન્યાઓ માગી. ॥ ૬૫ ॥

तेऽपि तत्सौहृदय्येन । कलाभिर्धम्मिलस्य च ॥
क्रीताः स्वाः स्वा ददुः कन्या-स्तस्मै सौभाग्यशालिने ॥६६॥

અર્થ:—તેઓએ પણ તેની મિત્રાઇથી તથા ધમ્મિલની કલાઓથી વશ થઇને પોતપોતાની કન્યા તે ભાગ્યવાન ધમ્મિલને આપી. ॥ ६६ ॥

धम्मिलोऽपि वयस्यैः स्वै—र्बोधयामास तान् रहः ॥
हंहो अहमुदूढोऽपि । न मोक्ष्ये साधुसंगतिं ॥ ६७ ॥

અર્થ:—પરંતુ ધમ્મિલે પોતાના મિત્રો મારફતે તે શાહુકારોને ગુપ્તરીતે જણાવ્યું કે હું પરણ્યાબાદ પણ મુનિઓનો સંગ ત્યજીશ નહિ. ॥ ६७ ॥

विचारपयसां काम—गवीर्वाचो महात्मनां ॥
दूषयंत्यो न मे नार्यो । मार्जार्य इव संमताः ॥ ६८ ॥

અર્થ:—વિચારરૂપી દૂધની કામધેનુસરખી મહાત્માની વાણીને દૂષિત કરનારી બિલાડીસરખી સ્ત્રીઓને ( પરણવામાટે મારી ) સંમતિ નથી. ॥ ६८ ॥

वराणां शतमर्हंति । कुमार्य इति वादिनः ॥
अन्येभ्य इभ्यपुत्रेभ्य—स्ते स्वपुत्रीर्ददुस्ततः ॥ ६९ ॥

અર્થ:—( તે સાંભળીને ) કુંવારી કન્યાઓને માટે સેંકડો વર મળી શકે છે એમ કહી તેઓએ પોતાની પુત્રીઓ બીજા શાહુ-કારોના પુત્રોને આપી. ॥ ६९ ॥

अथो धनवसुस्तत्र । पुरेऽभूत् श्रेष्टिकुंजरः ॥
अनवच्छिन्नदानेन । प्रीणितार्थिमधुव्रतः ॥ ७० ॥

અર્થ:—હવે તે નગરમાં નિરંતર દાનથી ( મદથી ) યાચકોરૂપી ભમરાઓને ખુશી કરનારો હાથીસરખો ધનવસુ નામે શેઠ ( વસતો ) હતો. ॥ ७० ॥

धनदत्ता प्रिया तस्य । प्रियालापैकसारणिः ॥
सद्यशाः सन्मतिः पुत्री । तयोरासीद्यशोमती ॥ ७१ ॥

અર્થ:—તેને પ્રિય વચનોથી એક નહેરસરખી ધનદત્તા નામની સ્ત્રી હતી, તથા તેઓને ઉત્તમ યશવાળી અને સદ્બુદ્ધિવાળી યશો-મતી નામે પુત્રી હતી. ॥ ७१ ॥

पुत्रेभ्योऽपि प्रियतरी । वर्द्धमाना क्रमेण सा ॥
अपाठि समये पित्रा । कला योषिज्जनोचिताः ॥ ७२ ॥

અર્થ:—પુત્રોથી પણ વધારે વહાલી તથા અનુક્રમે વૃદ્ધિ પામેલી તે યશોમતી યોગ્ય સમયે સ્ત્રીને લાયક કલાઓ શીખી. ॥ ૭૨ ॥

**का मे वपुषि हेमामे । विभूषा हेममंडनैः ॥**

**इति सा शास्वतीं भूषां । गुणरत्नमयीं दधौ ॥ ७३ ॥**

અર્થ:—મારાં સુવર્ણસરખાં શરીરમાં સુવર્ણના આભૂષણોની શી જરૂર છે ? એમ વિચારીને તેણીએ ગુણોરૂપી રત્નોવાલું શાશ્વતું આભૂષણ ધારણ કર્યું. ॥ ૭૩ ॥

**सा तातं स्माह दत्ताहं । सुरेंद्रांगरुहे त्वया ॥**

**मयापि खलु भर्त्तेति । स एव हृदि धारितः ॥ ७४ ॥**

અર્થ:—તેણીએ પોતાના પિતાને કહ્યું કે હે પિતાજી ! આપે મને સુરેંદ્રદત્તશેઠના પુત્ર ધમ્મિલપ્રતે આપેલી છે, અને મેં પણ તેનેજ મારા સ્વામીતરીકે હૃદયમાં ધારણ કર્યો છે. ॥ ૭૪ ॥

**ततोऽपरं वरं कंचित् । कुर्वती कामलालसा ॥**

**सर्वसंपन्नदीशैले । शीले स्यामवकीर्णिनी ॥ ७५ ॥**

અર્થ:—માટે હુવે કામની ઇચ્છાથી જો હું કદાચ બીજો વર કરૂં તો હું સર્વ સંપદારૂપ નદીને ઉત્પન્ન કરવામાં પર્વતસરખા શીલનો ભંગ કરનારી થાઉં. ॥ ૭૫ ॥

**यादृशस्तादृशो वास्तु । पतिर्मे धम्मिलः पुनः ॥**

**सकृत्कन्याः प्रदीयंत । इति न्यायो हि दुस्त्यजः ॥ ७६ ॥**

અર્થ:—માટે તે ગમે તેવો હોય તો પણ મારો પતિ તો ધમ્મિલજ છે, કેમકે કન્યા એકજ વાર અપાય છે, એ નીતિ ત્યજી શકાય તેમ નથી. ॥ ૭૬ ॥

**एवं गाढाग्रहां लग्ने । शुभे बहुभिरुत्सवैः ॥**

**धम्मिलस्तामुपायंस्त । सत्वरं पितुराज्ञया ॥ ७७ ॥**

અર્થ:—એવી રીતે દૃઢ નિશ્ચયવાળી તે યશોમતિને શુભ લગ્ને ઘણા મહોત્સવથી ધમ્મિલ પિતાની આજ્ઞાથી તુરત પરણ્યો. ॥ ૭૭ ॥

**स ध्यायंस्तं क्षणं शास्त्र—रसरिक्तमपार्थकं ॥**

**बध्वा हस्तात्तया हस्त—भूषां ससार पुस्तकं ॥ ७८ ॥**

અર્થ:—શાસ્ત્રના રસથી રહિત એવા પરણવાના તે સમયને તે નિરર્થક જતો ગણવા લાગ્યો, તથા સ્ત્રીના હસ્તમેલાપસમયે તેણે પોતાના હાથના ભૂષણરૂપ પુસ્તક યાદ કર્યું. ॥ ૭૮ ॥

**कोटिमात्रं धनं लेभे । यदसौ करमोचने ॥**

**ददतोऽर्थिषु तत्तस्य । गृहादर्वाग् व्यशीर्यत ॥ ७९ ॥**

અર્થ:—વળી હસ્તમોચનસમયે જે ક્રોડાગમે ધન ( શ્વશુર તરફથી) મળ્યું. તે ધન ( માર્ગમાંજ ) તેણે યાચકોને આપી દેવાથી ઘેર પહોંચતાં પહેલાંજ ખલાસ થયું. ॥ ૭૯ ॥

**परिणीतोऽप्यसौ साधु–रिव भोगपराङ्मुखः ॥**

**सुखं विषसखं धन्यः । कामोपज्ञममन्यत ॥ ८० ॥**

અર્થ:—( એવી રીતે ) પરણ્યા છતાં પણ તે સાધુનીપેઠે ભોગોથી વિમુખ થયો, તથા તે ભાગ્યવાન વિષયસુખને ઝેરસમાન માનવા લાગ્યો. ॥ ૮૦ ॥

**आहारं षड्रसाधारं । देहस्थित्यर्थमेव सः ॥**

**अभुंक्त तृप्तिमापच्च । शास्त्रैर्न च रसैः पुनः ॥ ८१ ॥**

અર્થ:—વળી તે ફક્ત શરીરને જાળવવા માટે ષડ્રસ ભોજન કરવા લાગ્યો, અને તૃપ્તિ તો શાસ્ત્રોથીજ પામ્યો, પરંતુ રસોથી નહિ. ॥ ૮૧ ॥

**अप्रमादी समादाय । निशीथे खटिकामसौ ॥**

**मुक्ततल्पो लाक्षणिकान् । प्रयोगान्निरपीपदत् ॥ ८२ ॥**

અર્થ:—વળી મધ્ય રાત્રિએ પણ બિછાનામાંથી ઉઠીને તે પ્રમાદરહિત ખડી લઈને વ્યાકરણના પ્રયોગો સાધવા લાગ્યો. ॥ ૮૨ ॥

**पूर्वाधीताः स्मरिष्यामि । गृहीष्ये च नवाः कलाः ॥**

**इति वैयग्र्यतस्तेन । दिना यांतो न जज्ञिरे ॥ ८३ ॥**

અર્થ:—પૂર્વે ભણેલી કલા હું યાદ કરીશ અને નવી ગ્રહણ કરીશ એવા વિચારમાંજ લીન થઇને તે જતા દિવસોને પણ ન જાણવા લાગ્યો. ॥ ૮૩ ॥

**यशोमती पितुर्गेहं । गता तद्भर्तृचेष्टितं ॥**

**आचष्ट सकलं मातु—र्गोष्टीयं हि मृगीदृशां ॥ ८४ ॥**

અર્થ:—હવે પિતાને ઘેર ગયેલી યશોમતીએ ( પોતાના ) સ્વામીનો સઘળો વૃત્તાંત ( પોતાની ) માતાને કહ્યો, કેમકે સ્ત્રીઓવચ્ચે આવીજ વાતો થયા કરે છે. ॥ ૮૪ ॥

सुभद्रायाः पुरोऽभ्येत्य । धनदत्ताप्यगर्हत ॥
कलाविलासं जामातु–र्धिक् स्त्रीणां चित्तचापलं ॥ ८५ ॥

અર્થ:—ત્યારે ધનદત્તાએ સુભદ્રાપાસે આવીને (પોતાના) જમાઇના કલાભ્યાસની નિંદા કરી, ધિક્કાર છે સ્ત્રીના ચિત્તની ચપલતાને ! ॥ ૮૫ ॥

सुभद्रापि तदुक्त्याति—दूनेति प्रियमाक्षिपत् ॥
अनात्मदृष्टयो नार्यः । किं न कुर्युः परेरिताः ॥ ८६ ॥

અર્થ:—તેણીના વચનથી સુભદ્રા પણ અતિ ખેદ પામીને પોતાના ભર્તારને ઉપાલંભ દેવા લાગી, કારણકે પરથી પ્રેરાયેલી કાચા મનની સ્ત્રીઓ શું નથી કરતી ? ॥ ૮૬ ॥

प्राप्तोऽपि यौवनं सोऽथ । बालवत्पठनाग्रही ॥
न वेत्ति कंचनाचारं । गृहिणामेष धम्मिलः ॥ ८७ ॥

અર્થ:—યુવાન થયા છતાં આપણો આ ધમ્મિલ બાલકનીપેઠે અભ્યાસમાંજ લીન થઇને ગૃહસ્થીસંબંધિ કંઇ પણ આચાર જાણતો નથી. ॥ ૮૭ ॥

यस्य नार्थो न वा कामो । न वा प्रणयिपोषणं ॥
द्विपदस्य यशोस्तस्य । व्यसनं शास्त्रसंग्रहः ॥ ८८ ॥

અર્થ:—વળી તે ધન અથવા કામ અથવા પ્રેમીજનના પોષણ સંબંધી કંઈ પણ જાણતો નથી, કેવળ બે પગવાળા પશુસરખાં એવા શાસ્ત્રોનો ( જ્ઞાનનો ) સંગ્રહ કરવાનું વ્યસન લાગ્યું છે. ॥ ૮૮ ॥

व्यवहारपरिज्ञान—मंतरेण पुमान्ननु ॥
पठितोऽपि भवेन्मूर्खः । प्रियश्रोत्रियविप्रवत् ॥ ८९ ॥

અર્થ:—વ્યવહાર જાણ્યાવિના ભણેલો પુરૂષ પણ વેદીયા બ્રાહ્મણનીપેઠે મૂર્ખ રહે છે. ॥ ૮૯ ॥

चेत्पाठयितुकामोऽसि । शास्त्राणि सुतमन्वहं ॥
तत् किं धनवसोः पुत्र्यां । वृथा वैरमपोषयः ॥ ९० ॥

અર્થ:—જો તમારે પુત્રને હમેશાં શાસ્ત્રો ભણાવવાનીજ ઇચ્છા હોતી તો પછી ફોકટ ધનવસુની પુત્રીસાથે શામાટે વેર વસાવ્યું ?

गोष्ठीं त्याजय निःक्षीण—कर्मणा विदुषां ततः ॥
अमुं संगमयानंग—निष्ठैर्ललितगोष्ठिकैः ॥ ९१ ॥

અર્થ:—માટે હવે કર્મરહિત મુનિઓની સોબત તેને છોડાવો, અને કામવિલાસ જાણનાર વ્યભિચારિઓની સોબત કરાવો ? ॥ ૯૧ ॥

अतुच्छः स्वच्छहृदयो । दीर्घदर्शिमतिस्ततः ॥
सुरेंद्रो वाक्यपीयूषै—रोषतप्तामसिक्त तां ॥ ९२ ॥

અર્થ:—હવે એવી રીતે ક્રોધથી તપેલી પ્રિયાને ગંભીર નિર્મલ મનવાળો તથા દીર્ઘદર્શી બુદ્ધિવાળો સુરેંદ્રદત્ત ( નીચેમુજબ ) વચનરૂપી અમૃતથી સિંચવા લાગ્યો. ॥ ૯૨ ॥

प्रिये मुग्धासि शांतोऽस्य । कामो नोपेत्य दीप्यते ॥
को नाम दंडाघातेन । शयितं बोधयत्यहिं ॥ ९३ ॥

અર્થ:—હે પ્રિયા ! તું તો મુગ્ધ છે, તેનો કામ શાંત પડેલો છે તેને છંછેડવો ફાયદાકારક નથી. કેમકે સુતેલા સર્પને લાકડી મારી કોણ જગાડે ? ॥ ૯૩ ॥

अशिक्षिता अपि नृणां । प्रादुःषंति कुबुद्धयः ॥
सुशिक्षिता अपि नृणां । प्रच्यवंते शुभाः क्रियाः ॥ ९४ ॥

અર્થ:—મનુષ્યોને દુર્બુદ્ધિઓ તો શિખવ્યાવિના પણ પ્રકટ થાય છે, પરંતુ શુભ કાર્યો તો શિખાવ્યા છતાં પણ નષ્ટ થાય છે. ॥ ૯૪ ॥

प्रकृत्या निम्नगं वारि । प्रकृत्या चंचलः कपिः ॥
भवंति विषयासक्ताः । प्रकृत्यैव शरीरिणः ॥ ९५ ॥

અર્થ:—જલ સ્વભાવથીજ નીચે જનારું છે, તથા વાનર પણ સ્વભાવથીજ ચપલ હોય છે. તેમ પ્રાણીઓ પણ સ્વભાવથીજ વિષયોમાં આસક્ત થાય છે. ॥ ૯૫ ॥

श्यामताभिमता देहे । पांडुजन्मा न गौरता ॥
तमः सर्वोत्तमं मन्ये । न प्रदीपनजं महः ॥ ९६ ॥

અર્થ:—શરીરે શ્યામપણું સારું છે, પરંતુ કોઢથી થયેલું ગોરપણું સારું નથી, વળી અંધકારને સર્વથી હું સારો માનું છું, પરંતુ આગ લગાડીને પ્રકાશ કરવો સારો નથી. ॥ ૯૬ ॥

ग्रामेऽभिरामं शून्यत्वं । न वासतस्करैः कृतः ॥
वरं मौग्ध्यं न वैदग्ध्यं । कुसंसर्गसमुद्भवं ॥ ९७ ॥

અર્થ:—ગામમાં ઉજજડપણું સારું, પરંતુ તેમાં તસ્કરોએ કરેલો નિવાસ સારો નહિ, એવી રીતે મુગ્ધપણું સારું છે, પરંતુ કુસંગથી ઉત્પન્ન થયેલી ચતુરાઇ સારી નથી. ॥ ૯૭ ॥

यौवने नीचसंसर्गात् । कालुष्यं निर्मले कुले ॥
के के नो जनयंतिस्म । पटे पंकलवा इव ॥ ९८ ॥

અર્થ:—વળી વસ્ત્રમાં જેમ કાદવના અંશો, તેમ યુવાવસ્થામાં નીચની સોબતથી કયા કયા માણસો ( પોતાના ) નિર્મલ કુલમાં કલંક લગાડતા નથી ? ॥ ૯૮ ॥

त्रिदोषगहनस्यास्य । प्रतीकारो विकारिणः ॥
को नाम सुश्रुतादन्यो । यौवनस्यामयस्य च ॥ ९९ ॥

અર્થ:—ત્રિદોષવાળા ( સન્નિપાતવાળા ) અને વિકાર કરનારા આ યૌવનરૂપી રોગનો ઉત્તમ શાસ્ત્રવિના ( સુશ્રુત નામના વૈદ્યક શાસ્ત્રવિના ) બીજો કયો ઇલાજ છે ? ॥ ૯૯ ॥

मोहावर्त्तममानमानमकरं रागोर्मिसंवर्मितं ।
तृष्णावेगमनंगसंगसलिलं पापौघपंकाकुलं ॥
ये कापि स्खलिता न यौवनसरित्पूरं तरंतो महा—
सत्वास्ते खलु तारकाः किमितरैर्वंध्यावतारैर्नरैः ॥ १ ॥

અર્થ:—મોહરૂપી ભમરીવાળા, અતિ અહંકારરૂપી મગરવાળા, રાગરૂપી મોજાંઓથી ભરેલા, તૃષ્ણારૂપી વેગવાળા, કામસંગરૂપી પાણી-વાળા તથા પાપોના સમૂહરૂપી કીચડવાલા યૌવનરૂપી નદીના પૂરને તરનારા જે મહા વીર્યવાન માણસો ક્યાંય પણ સ્ખલના પામ્યા નથી તેજ ખરેખરા તારનારા છે, તે શિવાયના ફોકટ જન્મેલા પુરૂષો શું કામના છે ? ॥ ૧ ॥

तत्त्वं तत्वदृशेक्षस्व । मुंच मुंच कदाग्रहं ॥
भाग्यैर्नस्तनुजः शास्त्र—ध्यानेऽधीयत यौवने ॥ २ ॥

અર્થ:—માટે ( હે પ્રિયે ! ) તું તત્વદૃષ્ટિથી જો ? અને કદાગ્રહ છોડી દે ? ભાગ્યોથીજ આપણો આ પુત્ર યુવાવસ્થામાં પણ શાસ્ત્ર-ધ્યાનમાં જોડાયો છે. ॥ ૨ ॥

तेनेत्युक्तापि तत्याज । सा यदा न कदाग्रहं ॥
श्रेष्टी तदाह्वयामास । सद्यो ललितगोष्टिकान् ॥ ३ ॥

અર્થ:—એવી રીતે તેણે કહ્યા છતાં પણ જ્યારે તેણીએ કદાગ્રહ ત્યજ્યો નહિ ત્યારે શેઠે તુરત વ્યભિચારી પુરુષોને બોલાવ્યા. ॥ ૩ ॥

नारीनुन्नो न कुरुते । किमनात्मवशो नरः ॥
वात्येरितो दहत्यत्र । पावकः पावनं वनं ॥ ४ ॥

અર્થ:—સ્ત્રીએ પ્રેરેલો પુરુષ પરાધીન થઇને શું નથી કરતો? કેમકે આ જગતમાં વાયુએ પ્રેરેલો અગ્નિ પવિત્ર વનને પણ બાળી નાખે છે. ॥ ૪ ॥

तैराह्वानक्षणायातै-रंगजं संयमय्य सः ॥
श्रेष्टीति प्रीतये पत्न्या । मनोबाह्यमवोचत ॥ ५ ॥

અર્થ:—બોલાવતી વખતેજ આપેલા તે વ્યભિચારીસાથે પોતાના પુત્રને જોડીને શેઠે મન નહિ છતાં પણ સ્ત્રીને રાજી રાખવામાટે તેઓને કહ્યું કે, ॥ ૫ ॥

अर्पितोऽस्त्येष युष्माकं । क्रियतां कामतत्ववित् ॥
पूरके मयि भेतव्यं । न द्रव्यव्ययतः क्वचित् ॥ ६ ॥

અર્થ:—આજથી આ ( અમારો પુત્ર ) તમોને સોંપ્યો છે, તેને તમારે કામગોષ્ટામાં પ્રવીણ કરવો; વળી હું તમોને દ્રવ્ય પૂરું પાડીશ, માટે ક્યાંય પણ ખરચથી તમારે ડરવું નહિ. ॥ ૬ ॥

ततस्ते द्यूतनाट्यादि—शालाः स्वैरविहारिणः ॥
समं तेन चिरं तीर्थ-भूमीरिव सिषेविरे ॥ ७ ॥

અર્થ:—પછી તે વ્યભિચારી મિત્રો પોતાની ઇચ્છામુજબ ધમ્મિલને સાથે લેઇને જુગારખાનાં તથા નાટકશાળા આદિકોને તીર્થભૂમીની પેઠે ખૂબ સેવવા લાગ્યા. ॥ ૭ ॥

अगम्यां भूरिमायानां । व्यक्तमुक्ताफलागमां ॥
साधुशालां पुनः दूरे । जहुः सिंहगुहामिव ॥ ८ ॥

અથ:—અતિ કપટીઓને ( શિયાળોને ) અગમ્ય તથા પ્રકટ-રીતે મોક્ષફલના ( મુકતાફલના ) લાભવાળી સિંહગુફાસરખી સાધુઓની ધર્મશાલાને તો તેઓએ દૂર છોડી. ॥ ૮ ॥

धम्मिलो मृगवन्मुग्धः । कृष्णसारैरिवाग्रगैः ॥
यत्र यत्र च नीतस्तै—स्तत्र तत्रानुगोऽगमत् ॥ ९ ॥

અર્થ:—કૃષ્ણસારો જેમ હરિણને તેમ અગાડી ચાલનારા તે વ્યભિચારી મિત્રો જ્યાં જ્યાં તે મુગ્ધ ધમ્મિલને લેઇ જતા ત્યાં ત્યાં તેઓની પાછળ જવા લાગ્યો. ॥ ૯ ॥

निन्ये सोऽन्येद्युरुद्यानं । तैर्नष्टतपनातपं ॥
यत्र सांद्रद्रुमच्छन्ने । तमः क्रीडति निर्भयं ॥ १० ॥

અર્થ:—પછી એક દિવસે તેઓ નષ્ટ થયેલ છે સૂર્યનો તાપ જ્યાં એવા એક બગીચામાં તેને લેઇ ગયા, કે જે બગીચો ઘાટાં વૃક્ષોથી છવાયેલો હોવાથી ત્યાં અંધકાર તો નિર્ભયપણે ક્રીડા કરી રહ્યો હતો. ॥ ૧૦ ॥

लतानां लास्यलीलायां । गायना यत्र षट्पदाः ॥
नाट्याचारत्वमातेने । मंदं मंदं स्फुरन्मरुत् ॥ ११ ॥

અર્થ:—વળી ત્યાં વેલડીઓ નાચતી હતી, તથા ભમરાઓ ગાયન કરી રહ્યા હતા, તથા મંદ મંદ વાતો વાયુ નાટ્યાચાર્યનું કાર્ય કરતો હતો. ॥ ૧૧ ॥

विकस्वरसरोजास्यै—रुत्पश्या यत्र दीर्घिकाः ॥
जडाशया अपि प्रीति–प्रदा गोपांगना इव ॥ १२ ॥

અર્થ:—તેમજ જ્યાં વિકસ્વર કમલોરૂપી મુખોથી ઉંચુ જોનારી વાવડીઓ જલાશય ( જડ આશયવાળી ) છતાં ગોપીઓનીપેઠે આનંદ આપતી હતી. ॥ ૧૨ ॥

त्वमत्रोच्चिनु पुष्पाणि । हंसलीलां जले भज ॥
मित्रेष्विति ब्रुवाणेषु । धम्मिल्लेनाभ्यधीयत ॥ १३ ॥

અર્થ:—અહીં ધમ્મિલને તે મિત્રોએ કહ્યું કે તું અહીં પુષ્પો એકઠાં કર? તથા જલમાં હંસનીપેઠે ક્રીડા કર ! ત્યારે ધમ્મિલે કહ્યું કે,

अतो न वः स्वयं प्रज्ञा । न वा गीतार्थसंगतिः ॥
यदेवं व्यक्तनिःशूका । श्रृणुतागमभाषितं ॥ १४ ॥

અર્થ:—અરે ! આથી તો એમ જણાય છે કે તમોને સ્વાભાવિક અક્કલજ નથી, અથવા તમોને ગીતાર્થોનો સંગ થયો નથી, કે જેથી આવી રીતે પ્રગટપણે તમો નિર્દય થાઓ છો, સિદ્ધાંતનું વચન સાંભલો ? ॥ ૧૪ ॥

भूर्जलं ज्वलनो वायु—स्तरवश्चेति पंचधा ॥
भवंत्येकेंद्रिया जीवा–स्ते ह्यसंख्या दृगध्वगाः ॥ १५ ॥

અર્થ:—પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, એ પાંચ પ્રકારના એકેંદ્રિય જીવો છે, અને તે અસંખ્યાતા દૃષ્ટિગોચર થાય છે. ॥ ૧૫ ॥

यन्नराजजर्जरो यूना । दृढमुष्ट्या हतोऽश्नुते ॥
कष्टं संघटनेनापि । तस्मादेकेंद्रियोऽधिकं ॥ १६ ॥

અર્થ:—વળી એક યુવાન માણસે જોરથી મુક્કો મારવાથી અતિ વૃદ્ધ માણસ જે કષ્ટ ભોગવે છે, તેથી પણ અધિક કષ્ટ ફક્ત સંઘટનથી પણ એકેંદ્રિય જીવને સહન કરવું પડે છે. ॥ ૧૬ ॥

अनर्थदंडं जानानः । को धीमानंतकांतिकं ॥
नयत्येतावतो जंतून् । नमंतून् केलिकौतुकैः ॥ १७ ॥

અર્થ:— ( માટે એવી રીતે ) અનર્થદંડને જાણનારો કયો બુદ્ધિવાન માણસ એટલા બધા નિરપરાધી પ્રાણીઓને ફક્ત ક્રીડાના કૌતુકથી મારે ? ॥ ૧૭ ॥

एवं प्राक्तनसंस्कारा—नुदगिरंतं निरीक्ष्य तं ॥
ते सर्वे तुमुलोत्ताल—हस्तताला बभाषिरे ॥ १८ ॥

અર્થ:—એવી રીતે તેને પૂર્વના સંસ્કારો ઉચ્ચારતો જોઇને તેઓ સઘળા કોલાહલપૂર્વક તાલીઓ દેઈને બોલી ઉઠયા કે, ॥ ૧૮ ॥

वाक्प्रपंचममुं मुंच । वंचितः सर्वथासि रे ॥
विमुग्धः साधुधूर्तैस्त्व—मसत्कल्पनयाऽनया ॥ १९ ॥

અર્થ:—અરે ! આ સઘળી વાત તું છોડી દે, ખરેખર તને મુગ્ધને આવી આવી જુઠી કલ્પનાથી ધૂર્ત સાધુઓએ બિલકુલ ઠગેલો છે.

पृथ्व्यप्तेजोमरुद्रूणां । जीवान् श्रद्दधमहे कथं ॥
प्रत्यक्षादिप्रमाणाना—मगम्यान् व्योमपुष्पवत् ॥ २० ॥

અર્થ:—વળી પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ તથા વનસ્પતિના જીવો કે જે પ્રત્યક્ષ આદિક પ્રમાણોને અગોચર છે, તેઓની આકાશપુષ્પની પેઠે અમો કેમ શ્રદ્ધા કરીયે ? ॥ ૨૦ ॥

पुष्पोच्चयपयःक्रीडा—दोलास्त्रीनाट्यगीतयः ॥
हास्यं कौतुकिता चेति । यौवनद्रोः फलावली ॥ २१ ॥

અર્થ:—વળી પુષ્પો એકઠાં કરવાં, જલક્રીડા, હીંચોળા, સ્ત્રી, નાટક, ગીત, હાસ્ય તથા કૌતુક એ યૌવનરૂપી વૃક્ષની ફલશ્રેણિ છે.

पुरःस्था यद्वयं कुर्म । कर्म कार्यं त्वयापि तत् ॥
मार्गे बहुजनक्षुण्णे । चरतः का तव क्षतिः ॥ २२ ॥

અર્થ:—માટે અગાડી રહીને અમો જે કાર્ય કરીયે તે તારે પણ કરવું, કેમકે જે માર્ગે ઘણા માણસો ચાલે ત્યાં ચાલવામાં તને શું નુકશાન છે ? ॥ ૨૨ ॥

इति तैः प्रेरितः पूर्वं । सर्वं चक्रे स शंकितः ॥
अनश्यत्तस्य शंकापि । काले वीते च पापतः ॥ २३ ॥

અર્થ:—એવી રીતે તેઓએ પ્રેર્યાથી પ્રથમ તો તે શંકાસહિત સઘલું કરવા લાગ્યો, પરંતુ વખત જાતે તેની પાપની શંકા પણ દૂર થઇ. ॥ ૨૩ ॥

सुबुद्धिर्वह्यते दुःखं । सुखं च भ्रश्यते जनैः ॥
अत्रस्तः सौधनिर्माण—भंगावेव निदर्शनं ॥ २४ ॥

અર્થ:—બુદ્ધિવાન માણસને સારે રસ્તે ચડાવવામાં જરા કષ્ટ પડે છે, પરંતુ તેને સારે રસ્તેથી પાડવો સહેલો છે. અહીં એક મહેલને બનાવવાનું દૃષ્ટાંત જાણી લેવું ॥ ૨૪ ॥

इतश्च निश्चितानंग—रंगभूरिति नागरैः ॥
वसंततिलकेत्यासीत् । पुरे तत्र पणांगना ॥ २५ ॥

અર્થ:—હવે તે નગરમાં એક વસંતતિલકા નામની વારાંગના રહેતી હતી, કે જેણીને નગરના લોકો કામદેવની ભૂમિસરખી જાણતા હતા. ॥ ૨૫ ॥

लावण्याब्धौ यदंगे दृग्–द्रोणी यूनां तरंत्यपि ॥
पारं न प्राप वक्षोज—गिरावास्फालितांतरा ॥ २६ ॥

અર્થ:—લાવણ્યના મહાસાગરસરખા તેણીના શરીરમાં યુવાન પુરૂષોની દૃષ્ટિરૂપી હોડી તરતાં છતાં પણ વચ્ચે તેણીના સ્તનરૂપી ખરાબાપર અથડાવાથી કિનારે પહોંચી શકતી નહોતી. ॥ ૨૬ ॥

करौष्टपल्लवा हास्य—पुष्पा स्तनफलान्विता ॥
या वल्लीव कृता धात्रा—ऽनंगतापच्छिदे नृणां ॥ २७ ॥

અર્થ:—હાથ અને હોઠરૂપી પલ્લવોવાળી, હાસ્યરૂપી પુષ્પોવાળી તથા સ્તનરૂપી ફલોવાળી એવી જેણીને વિધાત્રાએ પુરૂષોના કામદેવરૂપી તાપને નાશ કરનારી વેલડી સરખી બનાવી હતી. ॥ ૨૭ ॥

हरिण्मयानि सौभाग्य—जुषा यद्देहयष्टिना ॥
भूषणान्यपि भूष्यत्वं । निन्यिरे निजसंगमे ॥ २८ ॥

અર્થ:—જેણીના સાભાગ્યવાન શરીરે પોતાના સંગથી (ઉલટાં) સુવર્ણના આભૂષણોને પણ શોભાવ્યાં હતાં. ॥ ૨૮ ॥

अभ्यस्याभ्यस्य सा नाटय—कलाकोटिमुपागता ॥
सभां भूमिभुजो भेजे । ज्ञापितुं सकलाः कलाः ॥ २९ ॥

અર્થ:—અભ્યાસ કરી કરીને નૃત્યકલાની ટોચે પહોંચેલી તે વારાંગના પોતાની સર્વ કલા દેખાડવામાટે રાજસભામાં ગઇ. ॥ ૨૯ ॥

नाटयकौतूहलोत्ताल–मनसस्तत्र लक्षशः ॥
ईयुः पौरा युवानश्च । तेऽपि सर्वे सधम्मिलाः ॥ ३० ॥

અર્થ:—નૃત્યનું કુતૂહલ જોવામાટે ઉત્સુક મનવાળા લાખોગમે નગરના લોકો ત્યાં આવ્યા, તથા ધમ્મિલ્લસહિત તે સઘળા યુવાનીઆઓ પણ ત્યાં આવ્યા. ॥ ૩૦ ॥

कलां परीक्षितुं स्वस्या । विज्ञप्तो नृपतिस्तया ॥
परीक्षानिपुणं कंचित् । पौरलोकानयाचत ॥ ३१ ॥

અર્થ:—પછી પોતાની કલાની પરીક્ષા કરવા માટે તેણીએ વિનવેલા રાજાએ નગરના લોકોપાસે માગણી કરી કે તમારામાંના કોઇક નિપુણ માણસે આની પરીક્ષા કરવી. ॥ ૩૧ ॥

सदसद्भावभेदज्ञो–ऽस्मासु पक्षिषु हंसवत् ॥
एक एवायमस्तीति । तै राज्ञोऽदर्शि धम्मिलः ॥ ३२ ॥

અર્થ:—પક્ષિઓમાં જેમ હંસ તેમ સત્યાસત્ય ભેદને જાણનારો અમારામાં આ એકજ છે, એમ કહી તેઓએ ધમ્મિલને દેખાડયો.

पौरचक्रे पुरश्चक्रे । तमेवाथ नरेश्वरः ॥
वंद्यो ह्येककलोऽपींदुः । किं पुनः स कलानिधिः ॥ ३३ ॥

અર્થ:—ત્યારે રાજાએ પણ નાગરિકોના સમૂહમાંથી તેનેજ અગાડી કર્યો, કેમકે જ્યારે એક કલાવાળો ચંદ્ર પણ નમવાલાયક છે, ત્યારે કલાઓના ભંડાર સરખા તે ધમ્મિલનું તો કહેવુંજ શું ? ॥ ૩૩ ॥

धम्मिले साक्षिणि क्षोणी–भुजः सदसि सा क्षणात् ॥
कर्त्तुं रंभेव जंभारे—रारेभे नाट्यमद्भुतं ॥ ३४ ॥

અર્થ:—હવે ધમ્મિલ સાક્ષિ હોતે છતે ઇંદ્રની સભામાં જેમ રંભા તેમ રાજાની સભામાં તેણીએ તુરત આશ્ચર્યકારક નૃત્ય કરવા માંડયું.

चक्षुश्चषकाचांतोऽपि । यत्र न त्रुटितो रसः ॥

पश्यंस्तन्नृत्यमाश्चर्यान् । मूर्द्धानं धम्मिलोऽधुनोत् ॥ ३५ ॥

અર્થ:—નેત્રરૂપી પ્યાલાઓથી પીધા છતાં પણ જેનો રસ ખૂટયો નહિ, એવું તે નૃત્ય જોઇને ધમ્મિલે આશ્ચર્યથી પોતાનું મસ્તક ધુણાવ્યું. ॥ ૩૫ ॥

तं चमत्कृतमालोक्य । कलावंतमिलापतिः ॥

धनराशिं ददौ तस्यै । केलिशैलसमं श्रियः ॥ ३६ ॥

અર્થ:—એવી રીતે તે કલાવાન ધમ્મિલને આશ્ચર્ય પામેલો જાણીને રાજાએ તેણીને લક્ષ્મીને ક્રીડા કરવાના પર્વતસરખો ધનનો ઢગલો આપ્યો. ॥ ૩૬ ॥

धीमतोऽस्यैव सांनिध्या-ल्लब्धं धनमियन्मया ॥

इति सा धम्मिले प्रेम-सर्वस्वं तत्प्रभृत्यधात् ॥ ३७ ॥

અર્થ:—આ બુદ્ધિવાન પુરૂષના સહાયથીજ મને આટલું બધું ધન મળ્યું છે, એમ વિચારીને તે ત્યારથી ધમ્મિલપ્રતે પોતાનો સર્વ પ્રેમ ધારણ કરવા લાગી. ॥ ૩૭ ॥

अथ मन्मथकेलिना-मर्होऽयमिति धम्मिलः ॥

नीतः पणांगनावीथीं । वयस्यैरित्यभाषत ॥ ३८ ॥

અર્થ:—હવે આ કામક્રીડાને લાયક છે, એમ વિચારીને તેના મિત્રો તેને વેશ્યાઓના પાડામાં લેઇ ગયા, ત્યારે ધમ્મિલે તેઓને કહ્યું કે, ॥ ૩૮ ॥

तन्वंग्यश्च भुजंग्यश्च । तुल्याः साधुभिरूचिरे ॥

इमा विशेषतो वेश्याः । शुभलेश्यानिशुंभिकाः ॥ ३९ ॥

અર્થ:—સ્ત્રીઓ અને નાગણો બન્નેને સાધુઓએ તુલ્ય કહેલી છે, તેમાં પણ વિશેષે કરીને વેશ્યાઓ તો શુભ લેશ્યાઓનો નાશ કરનારી છે. ॥ ૩૯ ॥

गणिकाः कणिकामात्र—सुखसंपत्तिहेतवः ॥

सर्वतः पर्वतप्रायं । दुःखं ददति रागिणां ॥ ४० ॥

અર્થ:—વેશ્યાઓ કિંચિત્ માત્ર સુખસંપત્તિ આપનારી છે, પરંતુ તેના રાગીઓને તે ચારે બાજુથી પર્વત જેવડું દુ:ખ આપે છે. ॥ ૪૦ ॥

अन्यो हृदि वचस्यन्य—श्चान्य एव पुमान् दृशि ॥

एवं यासां विरोधोंगे । कस्ताभ्यः सुखमिच्छति ॥ ४१ ॥

અર્થ:—જેણીના હૃદયમાં અન્ય, વચનમાં તેથી અન્ય, અને આંખમાં વળી તેથી પણ અન્ય પુરુષ રહેલો છે, એમ જેઓનાં શરીરમાં પણ વિરોધ ભરેલો છે, તેઓથી સુખની કોણ ઇચ્છા કરે ? ૪૧

क्लीवो भटोऽपि निःश्रीकः । श्रीमानप्यत्र जायते ॥
मध्ये पुरमिदं चौर-स्थानं राजापि नावति ॥ ४२ ॥

અર્થ:—વળી આ વેશ્યાના પાડામાં ( આવીને ) સુભટ પણ વિકારી મનવાળો થાય છે, તથા ધનવાન પણ નિર્ધન થાય છે, એવી રીતે નગરના મધ્ય ભાગમાં રહેલા આ ચોરનાં સ્થાનનું રાજા પણ રક્ષણ કરી શકતો નથી. ॥ ૪૨ ॥

नोचितं सच्चरित्राणा—मत्र स्थातुं मनागपि ।
तन्मुच्यतामिदं मंक्षु । स्थानमन्यत्र गम्यतां ॥ ४३ ॥

અર્થ:—અહીં ઉત્તમ આચરણવાળા મનુષ્યે જરા પણ રહેવું યોગ્ય નથી, માટે આ સ્થાન જલદી તજીને આપણે અન્ય જગોએ ચાલો ? ॥ ૪૩ ॥

धम्मिलेऽभिदधत्येवं । तेऽवज्ञापूर्वमभ्यधुः ॥
रे रे कदाग्रहग्रस्त । कस्तवायं मतिभ्रमः ॥ ४४ ॥

અર્થ:—ધમ્મિલે એમ કહે છતે તેઓએ તેની અવજ્ઞા કરીને કહ્યું કે અરે કદાગ્રહી આ તારી બુદ્ધિ કેમ ફરી ગઇ છે ! ॥ ૪૪ ॥

एता असारसंसार-जंगलाध्वनिचारिणः ॥
सुखयंति जनान् दृष्टा । मिष्टांभःकूपिका इव ॥ ४५ ॥

અર્થ:—આ વેશ્યાઓ તો અસાર સંસારરૂપી જંગલના માર્ગમાં ચાલનારા મનુષ્યોને નજરે પડેલી મીઠા પાણીની કુઇસરખી છે. ॥ ૪૫ ॥

स्वभर्त्तुरेव सुखदाः । श्रूयंते हि कुलस्त्रियः ॥
मन्ये धन्या इमा एव । या विश्वोपकृतिक्षमाः ॥ ४६ ॥

અર્થ:—કુલીન સ્ત્રીઓ તો ફક્ત પોતાના ભર્તારનેજ સુખ આપનારી છે, પરંતુ હું તો આ વેશ્યાઓનેજ ધન્ય માનુ છું, કે જેઓ સમસ્ત પુરૂષોપર ઉપકાર કરી શકે છે. ॥ ૪૬ ॥

इत्युक्तिभिः समुल्लास्य । लास्यस्थानं मनोऽसुवः ॥
वसंततिलकायास्ते । निन्यिरे धाम धम्मिलं ॥ ४७ ॥

અર્થ:—એવી રીતના વચનોથી ધમ્મિલને ઉશ્કેરીને તેઓ કામદેવને નૃત્ય કરવાનાં સ્થાનસરખા વસંતતિલકાને ઘેર લેઇ ગયા. ॥ ૪૭ ॥

भद्रासने समासीना ॥ पश्यंति मुकुरे मुखं ॥
रुपाधिदैवतं साथ । तैः सहास्यमभाष्यत ॥ ४८ ॥

અર્થ:—ત્યાં સિંહાસનપર બેઠેલી તથા દેવાંગનાથી પણ અધિક રૂપવાળી અને દર્પણમાં પોતાનું મુખ જોતી એવી તે વસંતતિલકાને તેઓએ હાસ્યસહિત કહ્યું કે, ॥ ૪૮ ॥

भद्रे सुरेंद्रभूरेष । प्राप्तः पुण्यैः पुरातनैः ॥
साक्षान्निधिरिवाराध्यो । धम्मिलो निर्भरं त्वया ॥ ४९ ॥

અર્થ:—હે ભદ્ર ! તારાં પૂર્વનાં પુણ્યોથી આ સુરેંદ્રદત્તશેઠનો પુત્ર ધમ્મિલ તારે ત્યાં આવેલો છે, તેને તારે સાક્ષાત નિધાનનીપેઠે ખુબ સેવવો. ॥ ૪૯ ॥

तस्यै समर्प्य तं वीरा । वारीक्षिप्तगजा इव ॥
व्यावर्तंत वयस्यास्ते । फलितस्वपरिश्रमाः ॥ ५० ॥

અર્થ:—હવે જેમ હાથીને ખાડામાં નાખે તેમ તેણીને ધમ્મિલને સોંપીને તે મિત્રો પોતાનો પરિશ્રમ સફલ થયેલો માનીને ત્યાંથી પાછા ગયા. ॥ ૫૦ ॥

अनन्यभेदमप्यस्या । हृदयं वज्ररत्नवत् ॥
सूचीमुखसखप्रज्ञः । स भीत्वा लीलयाविशत् ॥ ५१ ॥

અર્થ:— હવે અન્યથી ન ભેદી શકાય એવાં પણ તેણીના વજ્ર-સરખાં હૃદયને ક્રીડામાત્રમાં ભેદીને કુશાગ્રબુદ્ધિવાળો તે ધમ્મિલ તેમાં દાખલ થયો. ॥ ૫૧ ॥

सापि तं मधुरालापै—रालापीच्चारुलोचना ॥
चित्तचौरगिरां यस्मा—त्ता एवोत्पत्तिभूमयः ॥ ५२ ॥

અર્થ:—પછી મનોહર નેત્રોવાળી તેણીએ તેને મિષ્ટવચનોથી બોલાવ્યો, કેમકે ચિત્તને ચોરનારાં વચનોની ઉત્પત્તિનાં સ્થાનકરૂપ તે વેશ્યાઓજ છે. ॥ ૫૨ ॥

स्वागतं स्वागतं प्राण—प्रिय पादोऽवधार्यतां ॥
महान् मयि प्रसादोऽयं । श्रयतामिदमासनं ॥ ५३ ॥

અર્થ:—હે પ્રાણપ્રિય ! આપ ભલે પધાર્યા, અહીં આપનો ચરણન્યાસ કરો ? આજે આપે મારાપર ઘણી કૃપા કરી છે, આ આસનપર બીરાજો. ॥ ૫૩ ॥

कल्पं विना सिद्धरसः । सेवधिः शासनं विना ॥
पुष्पं विना फलं लेभे । सहसाद्य त्वदागमे ॥ ५४ ॥

અર્થ:—આજે આપના પધારવાથી મને અચાનક કલ્પવિના સિદ્ધરસ મલ્યો, કોઈના કહેવાવિના નિધાન મલ્યું, તથા પુષ્પવિના ફલ મલ્યું છે. ॥ ૫૪ ॥

कलापरीक्षणेऽभूस्त्वं । प्रियो मे नृपसंसदि ॥
इमं गेहमिदं देहं । तन्नीतिज्ञ कृतार्थय ॥ ५५ ॥

અર્થ:—રાજસભામાં મારી કલાની પરીક્ષાસમયે આપ મને પ્રિય થઇ પડયા છો, માટે હે નીતિજ્ઞ ! આપ આ મારું ઘર અને શરીર કૃતાર્થ કરો ? ॥ ૫૫ ॥

सौभागिनेय नेयत्या–र्थनया यदि तिष्टसि ॥
तत्प्रयास्यसि मे हत्या—पापपंकस्य पात्रतां ॥ ५६ ॥

અર્થ:—વળી હે સૌભાગ્યવાન મારી આટલી પ્રાર્થનાથી પણ જો આપ નહિ રહો તો હું જે આપઘાત કરીશ તે પાપરૂપી કાદવના આપને છાંટા ઉડશે. ॥ ૫૬ ॥

नवाधिकारिभिस्तस्या । वचनैस्तन्मनः स्थिताः ॥
निरवास्यंत ते साधू—पदेशाः प्राग्नियोगिनः ॥ ५७ ॥

અર્થ:—એવી રીતે તેણીના વચનોરૂપી નવા અધિકારીઓએ તેના મનમાં રહેલા સાધુઓના ઉપદેશરૂપી પૂર્વના અધિકારીઓને દૂર કર્યા. ॥ ૫૭ ॥

यातायातं पुरा पौरा–श्चक्रुस्तन्मंदिरे न के ॥
स्थिरलग्न इवायातः । सौरेंद्रिर्न पुनर्ययौ ॥ ५८ ॥

અર્થ:—પૂર્વે તેણીને ઘેર કયા પુરૂષો ન આવતા તથા પાછા જતા ? પરંતુ આ ધમ્મિલ તો જાણે સ્થિરલગ્નમાં આવ્યો હોય નહિ તેમ ત્યાંથી પાછો વલ્યો નહિ. ॥ ૫૮ ॥

एतदाकर्ण्य मित्रेभ्यः । सुभद्रा मुमुदेतरां ॥
दृष्ट्वा मोदं सधर्मिण्याः । सुरेंद्रोऽप्यन्वमोदत ॥ ५९ ॥

અર્થ:—હવે તે મિત્રો પાસેથી તે વૃતાંત સાંભળીને સુભદ્રા અત્યંત હર્ષ પામી, તથા પોતાની સ્ત્રીના હર્ષ જોઇને સુરેંદ્ર પણ તેનું અનુમોદન કરવા લાગ્યો. ॥ ૫૯ ॥

स्वस्थानगाया वेश्यायाः । सुरेंद्रः प्राहिणोदथ ॥
अधमर्णीव दीनारा—ष्टसहस्रं दिने दिने ॥ ६० ॥

અર્થ:—હવે તે સુરેંદ્રદત્ત જાણે તે વેશ્યાનો કરજદાર હોય નહિ તેમ તેણીને ઘેર બેઠાંજ રોજે રોજ આઠ હજાર સોનામહોરો મોકલી આપતો હતો. ॥ ૬૦ ॥

घेवरार्हं घृतं गव्यं । भस्मनीव मया हहा ॥
कुपात्रे न्यस्यते न्याय—पुण्यक्षेत्रोचितं धनं ॥ ६१ ॥

અર્થ:—અરેરે ! ઘેવર બનાવવાલાયક ગાયનું ઘી જેમ રાખમાં તેમ ન્યાયપૂર્વક પુણ્યક્ષેત્રમાં વાપરવાલાયક ધન હું કુપાત્રને આપું છું,

परं करोमि किं नारी—वाग्दाक्षिण्यनियंत्रितः ॥
सुवृत्तोऽपि गले बद्धः । स्त्रीभिः क्षिप्तोऽवटे घटः ॥ ६२ ॥

અર્થ:—પરંતુ શું કરૂં કે સ્ત્રીના વચનની દાક્ષિણ્યતાથી બંધાયેલો છું, કેમકે ઉત્તમ ગોળાકાર ઘડાને પણ સ્ત્રીઓ ગળામાં (દોરડું) બાંધીને કુવામાં ઉતારે છે. ॥ ૬૨ ॥

एवं चिंतयतस्तस्य । पस्पंदे वाममीक्षणं ॥
जीवतो मे न पुत्रोऽयं । संगतेत्युन्निनाय सः ॥ ६३ ॥

અર્થ:—એમ વિચારતાંથકાં તેની ડાબી આંખ ફરકી, અને તેથી તેણે વિચાર્યું કે હવે મારા જીવતાં આ પુત્રનો મને મેલાપ થવો નથી. ॥ ૬૩ ॥

स्नानभोज्यादिभक्त्याथ । सा तथा तमरंजयत् ॥
न मातरं न पितरं । न बंधून् स यथास्मरत् ॥ ६४ ॥

અર્થ:—હવે સ્નાન તથા ભોજન આદિકની ભક્તિથી તે વેશ્યા તે ધમ્મિલને એવો તો ખુશી કરવા લાગી કે જેથી તેને માતા પિતા કે બંધુઓ પણ યાદ આવ્યા નહિ. ॥ ૬૪ ॥

स्वं स्वं मनःपणं कृत्वा । कदाचित्तौ परस्परं ॥
मुत्कंदबीजसंकाशैः । सारिपाशैरदीव्यतां ॥ ६५ ॥

અર્થ:—પછી કોઇક સમયે તેઓ બન્ને પોતપોતાના મનની શરત કરીને પરસ્પર હર્ષરૂપી કંદના બીજસરખા સોગઠાં પાસાઓથી રમતા હતા. ॥ ૬૫ ॥

आदौ मृदु ततो मध्यं । ततस्तारं कदाचन ॥
तौ गायंतावशोभिष्टां । किं न किन्नरयुग्मवत् ॥ ६६ ॥

અર્થ:—વળી પ્રથમ ધીરે પછી મધ્યમ રીતે તથા પછી ઉંચે સ્વરે ગાતા એવા તેઓ બન્ને શું કિન્નરની જોડીનીપેઠે શોભતાં નહોતાં? ॥ ૬૬ ॥

प्रश्नोत्तरैः प्रहेलाभिः । समस्याभिर्वदावदैः ॥
कदाचिदनुचक्राते । गीष्पतिं च गिरं च तौ ॥ ६७ ॥

અર્થ:—વળી કોઇ વખતે પ્રશ્નોત્તર હુરીયાલી સમસ્યા તથા વાદવિવાદથી તેઓ બન્ને બૃહસ્પતિ તથા સરસ્વતીનું અનુકરણ કરતા હુતા. ॥ ૬૭ ॥

यः पूर्वं कामिनीनाम—श्रवणेनाप्यखिद्यत ॥
वेश्यावश्योऽभवत्सोऽपि । धिग्धिगिंद्रियचापलं ॥ ६८ ॥

અર્થ:—જે ધમ્મિલ પૂર્વે સ્ત્રીનું ફક્ત નામ સાંભળવાથી પણ કંટાળતો હુતો, તે પણ વેશ્યાને વશ થઇ ગયો, માટે ધિક્કાર છે ઇંદ્રિઓની ચપલતાને. ॥ ૬૮ ॥

यो नाभुंक्त पुरा पित्रो—रप्रणम्य क्रमांबुजे ॥
तच्छुद्धिमपि नाप्राक्षी—देष धिग् रमणीरसं ॥ ६९ ॥

અર્થ:—જે પૂર્વે માતપિતાના ચરણકમલોને નમ્યાવિના ભોજન પણ કરતો નહિ, તે આ આજે તેઓના ખુશીખબર પણ પૂછતો નથી, માટે ધિક્કાર છે સ્ત્રીરસને. ॥ ૬૯ ॥

योऽभूत्प्राग् निर्निमेषाक्षो । मुनीनां मुखवीक्षणे ॥
तन्नामास्य शिरःशूलं । चक्रे धिक्कामवामतां ॥ ७० ॥

અર્થ:—જે પૂર્વે મુનિઓનું મુખ જોવામાં નિમેષરહિત ચક્ષુઓવાળો હુતો, તેને આજે તે મુનિઓનું નામ પણ મસ્તકમાં શૂલ ઉપજાવનારૂં લાગે છે, માટે ધિક્કારછે કામના વિપરીતપણાને. ॥ ૭૦ ॥

धर्म्यश्रुतैर्नवनवै—र्यन्मनः प्रागवास्यत ॥
तद्रुद्धं गणिकावाक्यै—र्धिग्यौवनविडंबनां ॥ ७१ ॥

અર્થ:—જેના મનમાં પૂર્વે નવા નવાં ધર્મશાસ્ત્રોનાં વચનો વસી રહ્યાં હતાં, વે મન આજે વેશ્યાના વાકયોએ રોધી રાખ્યું, માટે ધિક્કાર છે યૌવનની વિડંબનાને. ॥ ૭૧ ॥

यैर्बयस्यैः समं मीतिः । प्रागभूद्विरहासहा ॥

सोऽमंस्त भोगविघ्नाय । तद्गोष्ठीं धिग्मतिभ्रमं ॥ ७२ ॥

અર્થ:—જે મિત્રોસાથે પૂર્વે જરા પણ વિરહ ન સહન થઇ શકે એવી પ્રીતિ હુતી, તેઓની મિત્રાઇને આજે તે પોતાના ભોગોના વિઘ્નરુપ માનવા લાગ્યો, માટે ધિક્કાર છે તેના મતિભ્રમને. ॥ ૭૨ ॥

एवं काले हयारूढ । इव सत्वरगत्वरे ॥

तज्जनन्यन्यदावादी—द्विमुक्ताऽदीनकं धवं ॥ ७३ ॥

અર્થ:—એવી રીતે જાણે ઘોડે ચડયો હોય નહિ તેમ કેટલોક સમય ગયાબાદ તેની માતાએ એક દિવસે નિશ્ચિંત થઇ બેઠેલા પોતાના ભર્તારને કહ્યું કે, ॥ ૭૩ ॥

समर्पितः सुतः स्वामि—न्नैपुण्याय पणस्त्रियः ॥

तदस्तु दूरे दुःमापं । तस्य दर्शनमप्यभूत् ॥ ७४ ॥

અર્થ:—હે સ્વામી ! જે ચતુરાઇ શીખવવામાટે આપણે પુત્રને વેશ્યાને સોંપ્યો છે, તે ચતુરાઇ તો તેની દૂર રહી, પરંતુ હવે તો તેનું દર્શન પણ દુર્લભ થઇ પડયું. ॥ ૭૪ ॥

बहुभिर्दिवसैरास्य—मपि पुत्रस्य विस्मृतं ॥

हाहा दुःखाग्निना दग्धा । सुभद्राद्यापि जीवति ॥ ७५ ॥

અર્થ:—ઘણા દિવસો વ્યતીત થવાથી હું તો પુત્રનું મુખ પણ વિસરી ગઇ છું, અરેરે ! એવા દુઃખાગ્નિથી બળેલી આ સુભદ્રા હજુ જીવતી બેઠી છે ! ॥ ૭૫ ॥

घटी घस्रति घस्रोऽपि । मासत्येषोऽपि वर्षति ॥

वर्षं युगति मे हर्षं । पुत्रालोकोद्भवं विना ॥ ७६ ॥

અર્થ:—પુત્રને જોવાથી ઉત્પન્ન થયેલા હર્ષવિના મને એક ઘડી એક દિવસ જેવી લાગે છે, અને દિવસ મહિના જેવડો લાગે છે, અને મહિનો પણ વર્ષ જેવડો લાગે છે, અને વર્ષ એક યુગ જેવડું થઇ પડેલું છે. ॥ ૭૬ ॥

चेन्मामिच्छसि जीवंतीं । तदा तनयमानय ॥

अन्यथा मे म्रियमाणा । न तिष्टंति धृता अपि ॥ ७७ ॥

અર્થ:—હવે હે સ્વામી ! જો આપ મને જીવતી જોવાને ઇચ્છતા હોતો પુત્રને લાવો ? નહિંતર મારા આ વહાલા પ્રાણ ઝાલી રાખ્યાથી પણ રહેવાના નથી. ॥ ૭૭ ॥

जानन्नपि धियां धाम । सुरेंद्रस्तदनागमं ॥
प्रैषीदुपसुतं भृत्यान् । सद्यः पत्न्याः समाधये ॥ ७८ ॥

અર્થ:—ત્યારે તે બુદ્ધિવાન સુરેંદ્રદત્તે વિચાર્યું કે હવે તે ધમ્મિલ પાછો તો આવવાનો નથી, તો પણ તેણે પોતાની સ્ત્રીના મનના સમાધાનમાટે તુરત નોકરોને પોતાના પુત્રપાસે મોકલ્યા. ॥ ૭૮ ॥

गतास्ते वेश्म वेश्यायाः । एवं धम्मिलमूचिरे ॥
वत्स वत्सलमाता ते । सकृद्दर्शनमिच्छति ॥ ७९ ॥

અર્થ:—તેઓએ વેશ્યાને ઘેર જઇ ધમ્મિલને કહ્યું કે હે વત્સ! તારી પ્રેમાળ માતા તને એકવાર જોવાને ઇચ્છે છે. ॥ ૭૯ ॥

जातोऽप्यजातवन्मातु—स्त्वं जातोऽसि गुणाकर ॥
यत्तुल्यं त्वदनालोक—दुःखमद्यापि पूर्ववत् ॥ ८० ॥

અર્થ:—વળી હે ગુણવાન! તું જન્મ્યા છતાં પણ તારી માતાને તો અજન્મ્યા જેવો છું, કેમકે તને નહિ જોવાનું તેણીનું દુઃખ તો હજુ પણ પૂર્વનીપેઠે સરખુંજ રહ્યું છે. ॥ ૮૦ ॥

गतागतं जगत्यत्र । ऋतवः षट् प्रकुर्वते ॥
अंगे ग्रीष्मो दृशोर्वर्षा । मातुस्ते ध्रुवतां ययुः ॥ ८१ ॥

અર્થ:—આ જગતમાં છ ઋતુઓ ગમનાગમન કરે છે, પરંતુ તારી માતાના શરીરમાં તો ઉનાળો અને આંખોમાં વર્ષાઋતુ નિશ્ચલ રહેલા છે.

तदेहि देहि सौहित्यं । मातुरातुरयोर्दृशोः ॥
जिनानामपि यन्मान्या । माता दुःकरकारिणी ॥ ८२ ॥

અર્થ:—માટે તું ચાલ અને તારી આતુર માતાની આંખોને ઠંડક આપ? કેમકે જિનેશ્વર પ્રભુઓને પણ માતા માનનીક છે, કારણ કે તે પુત્રમાટે ઘણું કષ્ટ સહન કરનારી છે. ॥ ૮૨ ॥

महीनिहितदृक्सोऽथ । प्रत्यूचे तानपत्रपः ॥
इहस्थस्यैव मे पित्रोः । प्रणामं कथयेत भोः ॥ ८३ ॥

અર્થ:—ત્યારે જમીનતરફ દૃષ્ટિ કરીને તે નિર્લજ્જ ધમ્મિલે કહ્યું કે, મારા માતપિતાને તમારે કહેવું કે હું અહીં બેઠોજ આપને નમસ્કાર કરૂં છું. ॥ ૮૩ ॥

मयेदं निर्वृतिस्थानं । प्राप्तं पुण्यप्रसादतः ॥
ततः किं वलितः कोऽपि । यद्वालयति मामितः ॥ ८४ ॥

અર્થ:—વળી પુણ્યયોગેજ મને આ નિવૃત્તિનું સ્થાન મળ્યું છે, તેમ તેવાં નિવૃત્તિસ્થાનથી શું કોઈ પાછો વળ્યો છે? કે જે મને અહીં તે પાછો વાળવાનો પ્રયત્ન કરે છે! ॥ ૮૪ ॥

माता प्रिया भवेद् बाल्ये । प्रियेयं यौवने पुनः ॥
वितन्वंति वयोवस्था—व्यत्ययं न विवेकिनः ॥ ८५ ॥

અર્થ:—માતા તો બાલ્યાવસ્થામાં પ્રિય હોય છે, પરંતુ યૌવનાવસ્થામાં તો સ્ત્રી પ્રિય થઇ પડે છે, માટે વિવેકી પુરૂષો ઉમરયોગ્ય વ્યવસ્થામાં ફેરફાર કરતા નથી. ॥ ૮૫ ॥

ततो निवृत्य भृत्यास्तत्–प्रणामं जनकांबयोः ॥
जगुः समग्रतच्छुद्धि–निवेदनपुरस्सरं ॥ ८६ ॥

અર્થ:—પછી તે નોકરોએ ત્યાંથી પાછા ફરીને ધમ્મિલના માતપિતાને તેના સર્વ સમાચાર કહીને તેણે ( ત્યાં બેઠાજ કરેલો ) નમસ્કાર કહ્યો. ॥ ૮૬ ॥

दुर्दर्शं दर्शसंपृक्तं । बुध्ध्वा विधुमिवांगजं ॥
सुभद्रां रुदतीं मुक्त–कंठं श्रेष्टी न्यवारयत् ॥ ८७ ॥

અર્થ:—અમાવાસ્યાના ચંદ્રનીપેઠે પુત્રને દુર્દર્શ જાણીને મોટેથી રડતી સુભદ્રાને શેઠે નિવારી. ॥ ૮૭ ॥

वद कल्याणि कोऽयं ते । विषादः परुषावहः ॥
असृक्पललशोषार्थ—मकांडे समुपस्थितः ॥ ८८ ॥

અર્થ:—વળી તે બોલ્યો કે હે કલ્યાણિ ! આ અચાનક રુધિરમાંસને શોષનારો અતિશય ખેદ તને શું પ્રાપ્ત થયો છે ? ॥ ૮૮ ॥

स्वतो वा परतो वापि । यस्य नास्ति विवेकदृक् ॥
अस्तोकतोयकूपांतः । पातस्तस्य न चित्रकृत् ॥ ८९ ॥

અર્થ:—પોતાની મેળે અથવા પરથી જેને વિવેકદૃષ્ટિ નથી, તે ઉંડા જલવાળા કુવામાં પડે તેમાં શું નવાઇ છે ? ॥ ૮૯ ॥

उपवेश्यं स्वयं प्रेष्य । पुत्रं भूयो दिदृक्षसे ॥
अहो जयति जाडयेन । कामिनी पौषयामिनी ॥ ९० ॥

અર્થ:—વળી તું પોતે પુત્રને વેશ્યાપાસે મોકલીને ફરીને તેને જોવાની ઇચ્છા કરે છે ! અહો ! પોષ માસની રાત્રિસરખી સ્ત્રી જાડયથી ( મૂર્ખાઇથી ) વર્તે છે. ॥ ૯૦ ॥

जालान्मुच्येत मीनोऽपि । वीतंसाद्याति पक्ष्यपि ॥
गजोऽपि गच्छत्यालानात् । स्त्रीपाशान्न पुनर्नरः ॥ ९१ ॥

અર્થ:—મત્સ્ય પણ જાલમાંથી મૂકાય છે, પક્ષી પણ પાશમાંથી છુટી જાય છે, તથા હાથી પણ તેના બંધસ્તંભથી છુટી જાય છે, પરંતુ પુરૂષ સ્ત્રીના પાશથી છુટી શકતો નથી. ॥ ૯૧ ॥

पित्रादिषु प्ररूढस्य । स्नेहस्यापि न दुर्घटं ॥
धान्यवद्दलनं यत्र । स्त्रीघरट्टः न नूतनः ॥ ९२ ॥

અર્થ:—જ્યાં સ્ત્રીરુપી આશ્ચર્યજનક ઘંટી રહેલી છે, ત્યાં માતપિતાદિકમાં ઉત્પન્ન થયેલા સ્નેહનું પણ ધાન્યનીપેઠે દળાવું કંઈ અસંભવિત નથી. ॥ ૯૨ ॥

यत्कर्माऽदीर्घदृश्वानः । कुर्वंति कुमतीरिताः ॥
कालेऽनुशेरते तेन । तेऽनिशं स इव द्विजः ॥ ९३ ॥ तथाहि—

અર્થ:—જે માણસો કુમતિથી પ્રેરાઇને દીર્ઘદ્દષ્ટિ પહોંચાડયાવિના કાર્ય કરે છે, તેઓ પાછળથી બ્રાહ્મણનીપેઠે હમેશાં પશ્ચાત્તાપમાં પડે છે. તે બ્રાહ્મણનું દૃષ્ટાંત કહે છે—

कोल्लाकसन्निवेशेऽभूद् । भूदेवः सोमिलाभिधः॥
बाल्ये त्यक्तः पितृभ्यां यो । दारिद्र्येणादृतः पुनः ॥ ९४ ॥

અર્થ:—કોલ્લાકનામે ગામમાં સોમિલ નામે એક બ્રાહ્મણ રહેતો હતો, પરંતુ બાલ્યપણામાં જ્યારે માતાપિતાએ તેને તજી દીધો, ત્યારે દરિદ્રતાએ પાછો તેને ગ્રહણ કર્યો. ॥ ૯૪ ॥

संचिकाय धनं किंचि-द्याचं याचं जनानसौ ॥
दारकर्म च निर्माय । भेजे स्नातकतामपि ॥ ९५ ॥

અર્થ:—પછી તેણે લોકોપાસે ભીખ માગી માગીને કંઇક ધન એકઠું કર્યું, તથા પછી તે પરણીને ગૃહસ્થપણામાં પડ્યો. ॥ ૯૫ ॥

पुत्रपौत्रादिविस्तारं । तारं प्राप क्रमेण सः ॥
बीजेऽल्पेऽपि कियान् जातो । वटवृक्षस्य डंबरः ॥ ९६ ॥

અર્થ:—પછી અનુક્રમે તેને પુત્રપૌત્રાદિકનો ઘણો પરિવાર થયો, જુઓ કે સ્વલ્પ બીજમાંથી પણ વડનો કેવડો વિસ્તાર થાય છે? ॥૯૬॥

कदाचिच्चिंतयामास । निशांते स निशातधीः॥

तावन्मनाग्मया लब्ध-मधनेनाधुना धनं ॥ ९७ ॥

અર્થ:—એક દિવસે તે બુદ્ધિવાન બ્રાહ્મણ પરોઢીયે વિચારવા લાગ્યો કે, અરે! મને નિર્ધનને હવે કંઇક ધન પણ મળ્યું છે, ॥ ૯૭ ॥

वीक्षितानेकदुःखस्य । न मे कृपणतोचिता ॥

को वेत्ति विद्युदुद्योत-चंचलायाः श्रियो गतिं ॥ ९८ ॥

અર્થ:—મેં ઘણાં ઘણાં દુઃખો સહન કર્યાં છે, માટે હવે મારે લોભ કરવો ઉચિત નથી, કેમકે વિજળીના ચમકારાસરખી ચંચલ લક્ષ્મીની ગતિ કોણ જાણી શકે? ॥ ૯૮ ॥

कारयिष्ये सरः स्वल्पं । तदल्पविभवोऽप्यहं ॥

पश्चादपि जनो येन । जानीते नाम मामकं ॥ ९९ ॥

અર્થ:—માટે સ્વલ્પ ધન છતાં પણ હું એક તળાવ બનાવીશ, કે જેથી પાછળથી પણ લોકો મારૂં નામ જાણી શકે. ॥ ૯૯ ॥

अथो किंचिद्धनबलात् । किंचिद्वपुरुपक्रमात् ॥

स विभाव्य भुवं भव्यां । तडागं निरपीपदत् ॥ ७०० ॥

અર્થ:—પછી તેણે સારી જમીન જોઇને કંઈક ધનબલથી તથા કંઈક શરીરબલથી ત્યાં એક તળાવ બનાવ્યું. ॥ ૭૦૦ ॥

समये ग्रीष्मभीष्मत्व—वारिणा मेघवारिणा ॥

सत्रा मनोरथैस्तस्या-ऽपालिप्रांतमपूरि तत् ॥ १ ॥

અર્થ:—પછી વર્ષાકાળમાં ઉનાળાની ભયંકરતાને વારનારા વરસાદના જલથી તેના મનોરથસાથે તે તળાવ છેક પાળની કિનારીસુધી ભરાઈ ગયું. ॥ ૧ ॥

छाया छायाद्रुमैरेव । वारिपूर्णेऽपि पल्वले ॥

दृष्टिः स्पष्टापि शोभेत । किमु भ्रू वल्लरीं विना ॥ २ ॥

અર્થ:—જલથી ભરેલા તળાવમાં પણ છાયાવાળા વૃક્ષોથીજ છાયા થઇ શકે છે, કેમકે એકલી આંખ ભમરવિના કંઇ શોભે? ॥ ૨ ॥

इत्यसौ कुंदमाकंद-मुख्यान् वृक्षानरोपयत् ॥

तत्पालौ पालितास्तेन । ते निजांगा इवाभवन् ॥ ३ ॥

અર્થ:—એમ વિચારીને તેણે તે તળાવને કિનારે ઉંબર આંબા-આદિક વૃક્ષો રોપ્યાં, તથા તેઓનું રક્ષણ કર્યાથી તેઓ પોતાના અંગ-નીપેઠે ઉછરી આવ્યાં. ॥ ૩ ॥

विधाप्य स्वोचितं देव—कुलमाराममंडनं ॥
स तत्राभिष्टदेवस्य । प्रतिमां समतिष्टपत् ॥ ४ ॥

અર્થ:—પછી ત્યાં તે બગીચાને શોભાવનારૂં એક દેવમંદિર પોતાની શક્તિ મુજબ કરાવીને તેમાં તેણે પોતાના અભિષ્ટ દેવની મૂર્તિ સ્થાપન કરી. ॥ ૪ ॥

प्रतिवत्सरमेकैकं । तत्पुरः स द्विजब्रुवः ॥
अकल्पयदजं हंतु—मबलं बलिकर्मणे ॥ ५ ॥

અર્થ:—પછી તે કહેવાતો બ્રાહ્મણ તે દેવનીપાસે દર વર્ષે એક નિર્બલ બકરાને મારીને બલિદાન કરવા લાગ્યો. ॥ ૫ ॥

पापाधिकरणं धर्म—मिषादेवं प्रवर्त्त्य सः ॥
बभार परमां प्रीतिं । क नु मिथ्यादृशां कृपा ॥ ६ ॥

અર્થ:—એવી રીતે ધર્મને બહાને તે પાપારંભનું કાર્ય કરીને અત્યંત ખુશી થવા લાગ્યો, કેમકે મિથ્યાદૃષ્ટિઓને દયા તે ક્યાંથી હોય?

पुत्रेषूपदिशंश्छाग—बलिं स मरणक्षणे ॥
विपद्य सद्यस्तध्ध्यान—वशः पशुगतिं गतः ॥ ७ ॥

અર્થ:—પછી મરણસમયે તે પોતાના પુત્રોને બકરાના બલિદાનનો ઉપદેશ દેઈ મરીને તુરત તેજ ધ્યાનને લીધે તે તિર્યંચગતિમાં ગયો.

तस्मिन्नुपरते तस्य । तनयाः प्रतिवत्सरं ॥
पूर्ववन्निःकृपास्तत्रै—कैकमालेभिरे पशुं ॥ ८ ॥

અર્થ:—હવે તેના મૃત્યુબાદ તે પુત્રો દર વર્ષે પૂર્વનીપેઠે નિર્દય થઇને ત્યાં એકેક પશુને મારવા લગ્યા. ॥ ૮ ॥

स एव पितृजीवाजो-ऽन्यदा तैः पशुवाटके ॥
ददृशेऽविमरीसेन । मत्तोऽयमिति चाददे ॥ ९ ॥

અર્થ:—પછી એક દિવસે બકરારૂપ થયેલો તેજ પોતાના પિતાનો જીવ તેઓએ પશુઓના વાડામાં જોયો, ત્યારે ગાડરનું દૂધ પી પીને પુષ્ટ થયેલો આ બકરો ઠીક છે, એમ વિચારીને તેઓએ તે લીધો.

अथ स्वभवनं पश्यं—श्चिरं परिचितं पुरा ॥
प्राग्जन्मनः स सस्मार । भाविमृत्योर्बिभाय च ॥ १० ॥

અર્થ:—હવે તે બકરો પૂર્વે ઘણો કાળ ભોગવેલા પોતાના ઘરને જોઇને પૂર્વનો જન્મ યાદ કરવા લાગ્યો, તથા ( પોતાનાં ) થનારાં મૃત્યુથી ડરવા લાગ્યો. ॥ ૧૦ ॥

अथावधिदिने प्राप्ते । करुणारसजंगलैः ॥
क्रूरैर्वृकैरिवोल्लुंठ—बटुभिर्वेष्ट्यतेस्म सः ॥ ११ ॥

અર્થ:—પછી જ્યારે નિર્ણય કરેલો દિવસ આવ્યો ત્યારે નિર્દય તથા ક્રૂર વરૂસરખા તે ઉદ્ધંઠ બ્રાહ્મણોએ તેને ઘેર્યો. ॥ ૧૧ ॥

वाद्यानि वैदिकोद्गारा । गौरीणां कलगीतयः ॥
नास्य शुष्कतृणास्वाद—स्यापि तुल्यामदुर्मुदं १२ ॥

અર્થ:—તે વખતે વાગતાં વાજિત્રો, વેદના ધ્વનિ, તથા સ્ત્રીઓનાં મનોહર ગીતો તે બકરાને સુકા ઘાસના સ્વાદ સરખો હર્ષ પણ ન દેવા લાગ્યાં. ॥ ૧૨ ॥

कथंचिद् बालबटुभिः । क्रम्यमाणः पदात्पदं ॥
छगलः स गले बध्ध्वा । ग्रामाद्बहिरनीयत ॥ १३ ॥

અર્થ:—બ્રાહ્મણના બાલકોથી કેટલીક મહેનતે પગલે ચલાવાતા તે બકરાને ગળે બાંધીને ગામની બહાર લેઇ ગયા. ॥ ૧૩ ॥

द्विजानुद्वेजयंतं तं । कुर्वंतं बर्करारवं ॥
वीक्ष्य वृक्षतलासीनः । साधुः कोऽप्येवमूचिवान् ॥ १४ ॥

અર્થ:—એવી રીતે બ્રાહ્મણોને કંટાળો આપતા તથા દીન સ્વરથી પોકાર કરતા તે બકરાને જોઇને ત્યાં વૃક્ષનીચે બેઠેલા કોઇક સાધુએ કહ્યું કે, ॥ ૧૪ ॥

स्वयमेव कृतं सरस्त्वया । तरवश्च स्वयमेव रोपिताः ॥
विधृतः स्वकृत्योपयाचिते । छगल त्वं बिबिबीति रौषि किं ॥

અર્થ:—હે બકરા તેં પોતેજ તળાવ બનાવ્યું છે, અને વૃક્ષો પણ તેં પોતેજ રોપ્યાં છે, તેમ તેં પોતે કરેલી માનતામાંજ તું પકડાયો છે, માટે તું બેંબેં કરતો શામાટે રડે છે? ॥ ૧૫ ॥

एवं मुनिनरेंद्रस्य । श्रुत्वा वाग्मंत्रमुत्तमं ॥
अनश्यन्मंक्षु मेषस्य । दुःखं विषमिवौरगं ॥ १६ ॥

અર્થ:—એવી રીતે તે મુનિરાજના વચનરૂપી ઉત્તમ મંત્ર સાંભળીને સર્પના ઝેરનીપેઠે તે બકરાનું દુઃખ તુરત નાશ પામ્યું. ॥ ૧૬ ॥

अथ सांतव्यथं मेष—मशब्दं मंक्षु चारिणं ॥
विलोक्य विस्मिता विप्रा । अप्राक्षुर्मुनिपुंगवं ॥ १७ ॥

અર્થ:—હવે તે બકરાને દુઃખરહિત કંઈ પણ શબ્દવિના જલદી ચાલતો જોઇને આશ્ચર્ય પામેલા બ્રાહ્મણોએ મુનિને પૂછ્યું કે, ॥૧૭॥

किमभाणि त्वया भिक्षो । येनायं निर्वृतः पशुः ।
इति तैर्भाषितोऽभाणी—न्मुनिस्तामेव गीतिकां ॥ १८ ॥

અર્થ:—હે ભિક્ષુ! તેં શું કહ્યું કે જેથી આ પશુ શાંત થઈ ગયો? એવી રીતે તેઓએ પૂછવાથી મુનિએ તેજ કાવ્ય કહ્યો. ॥ ૧૮ ॥

विद्मस्त्वदुक्तभावार्थं । वयं नोत्तानबुद्धयः ॥
इति विप्रैर्मुनिः प्रोक्त—श्छागस्य प्राग्भवं जगौ ॥ १९ ॥

અર્થ:—અમો ઓછી બુદ્ધિવાળા તમારાં વચનનો ભાવાર્થ સમજી શકતા નથી, એવી રીતે બ્રાહ્મણોએ કહેવાથી મુનિએ બકરાનો પૂર્વભવ કહ્યો. ॥ ૧૯ ॥

ततो जातिमदाध्मात—कोपाः सर्वेऽपि वाडवाः ॥
वाडवाग्निवदुज्ज्वाला—श्चुक्रुशुस्तं तपःकृशं ॥ २० ॥

અર્થ:—ત્યારે જાતિમદથી ક્રોધાતુર થયેલા તે સર્વે બ્રાહ્મણો વડવાગ્નિનીપેઠે જાજ્વલ્યમાન થઇને તપથી દુર્બલ થયેલા તે મુનિપ્રતે કોપ કરવા લાગ્યા. ॥ ૨૦ ॥

किमेवं भाषसे भिक्षो । वातकीवासमंजसं ॥
पिता नः स्वरभूल्लेखो । मेषोऽयमपरः पुनः ॥ २१ ॥

અર્થ:—અરે ભિક્ષુ! તું વાએલની માફક આવું જુઠું શામાટે બોલે છે? અમારો પિતા તો દેવલોકમાં દેવ થયો છે, આ બકરો તો કોઇક બીજો છે. ॥ ૨૧ ॥

यः स्वमंत्रबलान्नैकान् । नाकं निन्ये पशूनपि ॥
दुर्गतिं वदतस्तस्य । जिह्वा ते शटिता न किं ॥ २२ ॥

અર્થ:—વળી હે ભિક્ષુ! જે અમારા પિતાએ પોતાના મંત્રબલથી અનેક પશુઓને દેવલોકમાં પહોંચાડ્યા છે, તેની દુર્ગતિ કહેતાં તારી જીભ સડી કેમ ન ગઇ? ॥ ૨૨ ॥

ऊचे सुधामुचं वाचं । वाचंयमशिरोमणिः ॥
अहो द्विजा अज्ञानद्भिः । किं वृथैवं प्रजल्प्यते ॥ २३ ॥

અર્થ:—ત્યારે તે મુનિરાજ અમૃતસરખી વાણી બોલ્યા કે અહો બ્રાહ્મણો! અજ્ઞાનને લીધે તમારે ફોકટ શામાટે એમ કહેવું પડે છે?

यतयो जीवितांतेऽपि । भाषंते न मृषा ततः ॥
स्वस्थाः स्थः संशयं मेष । एष एवापनेष्यति ॥ २४ ॥

અર્થ:—મુનિઓ જીવ જાય તો પણ જુઠું બોલે નહિ, માટે જો તમો ધીરા થશો તો આ બકરોજ તમારો સંશય દુર કરશે. ॥ ૨૪ ॥

अयं जातिस्मरश्छागः । क्रियतां मुक्तबंधनः ॥
नीतः स्वं सदनं गुप्तं । धनं वो दर्शयिष्यति ॥ २५ ॥

અર્થ:—આ બકરાને જાતિસ્મરણ જ્ઞાન થયું છે, માટે તેને બંધનરહિત કરી પોતાને ઘેર લેઇ જવાથી તે પોતે ગોપવેલું ધન તમોને દેખાડશે. ॥ ૨૫ ॥

ततस्तैर्विस्मितैर्निन्ये । विबंधः स्वं गृहं छगः ॥
अदर्शयत् खुराघातै-र्धरांतर्निहितं धनं ॥ २६ ॥

અર્થ:—ત્યારે તેઓ આશ્ચર્ય પામીને તેને બંધનરહિત કરી પોતાને ઘેર લેઇ ગયા. તથા ત્યાં તેણે પોતાની ખરીથી ખોદીને જમીનમાં દાટેલું ધન દેખાડ્યું. ॥ ૨૬ ॥

अजाद् द्विजातयो जैने । मते जातप्रतीतयः ॥
एत्य साधुं स्वापराधं । क्षमयामासुराशु ते ॥ २७ ॥

અર્થ:—એવી રીતનાં બકરાના આચરણથી જૈનધર્મમાં પ્રતીતિવાળા થયેલા તે બ્રાહ્મણો તુરત તે મુનિપાસે આવીને પોતાનો અપરાધ ખમાવવા લાગ્યા. ॥ ૨૭ ॥

मुनिर्ज्ञानखनिर्मत्वा । भाविनस्तानुपासकान् ॥
न्यवेदयद्दयाधर्म—मन्यतीर्थिदुरासदं ॥ २८ ॥

અર્થ:—જ્ઞાનની ખાણસરખા તે મુનિએ પણ તેઓને શ્રાવકો થનારા જાણીને અન્યતીર્થીઓને દુર્લભ એવો દયાધર્મ તેઓપાસે નિવેદન કર્યો. ॥ ૨૮ ॥

भो भोः केलिप्रियाः केऽपि । कारयंति वधं सुराः ॥
केलिमात्रं भवेत्तेषा—मन्येषां जीवितत्रुटिः ॥ ॥ २९ ॥

અર્થ:—અરે કેટલાક ગમ્મતી દેવો જીવહિંસા કરાવે છે, તેમાં તેઓને તો ફક્ત ગમ્મત મળે છે, પરંતુ અન્યોના જીવિતનો વિનાશ થાય છે. ॥ ૨૯ ॥

वेदोक्तोऽपि भवेज्जीव—वधः पापनिबंधनं ॥
अंभोदादपि संभूता । दहति चपला न किं ॥ ३० ॥

અર્થ:—વેદમાં કહેલી જીવહિંસા પણ પાપોના કારણરૂપ થાય છે, કેમકે વાદળાંમાંથી ઉત્પન્ન થયેલી વીજળી પણ શું બાળતી નથી?

नीरागाः स्वर्गतौ छागा । हूयंते श्रोत्रियैर्यथा ॥
प्रियस्वर्ग तथा विप्र—कुलं किं ते न जुह्वति ॥ ३१ ॥

અર્થ:—સ્વર્ગમાં મોકલવામાટે જેમ તે વેદીયા બ્રાહ્મણો નિરપરાધી બકરાઓને ( અગ્નિમાં ) હોમે છે, તેમ સ્વર્ગાભિલાષી બ્રાહ્મણકુલને તેઓ શામાટે હોમતા નથી? ॥ ૩૧ ॥

आत्मानं जुहुयुश्चेत्ते । तत्पश्चादकुतो भयं ॥
तृणाद्यपि छागकुलं । भुंक्ते स्वर्गाधिकं सुखं ॥ ३२ ॥

અર્થ:—વળી જો તેઓ પોતાનેજ ( અગ્નિમાં ) હોમી દે તો પછી તેઓને કોઇનો પણ ભય રહે નહિ, અને ઘાસ ખાનારૂં બકરાનું કુલ પણ સ્વર્ગથી અધિક સુખ ભોગવે. ॥ ૩૨ ॥

वधं विदधते येऽत्र । वैधेया धर्महेतवे ॥
तेंगारभारं वर्षंति । विवर्द्धयिषवो वनं ॥ ३३ ॥

અર્થ:—જે નીચ પુરૂષો અહીં ધર્મને બહાને વધ કરે છે, તેઓ અંગારાનો વરસાદ વરસાવી વનને વધારવાની ઇચ્છા કરે છે. ॥ ૩૩ ॥

मिथ्यात्वलूकाकुलिता–शंसाः संसारजंगले ॥
निपीय साधोरित्युक्ति–सुधां मुमुदिरे द्विजा ॥ ३४ ॥

અર્થ:—આ સંસારરુપી જંગલમાં મિથ્યાત્વરુપી લૂથી વ્યાકુલ થયેલા તે બ્રાહ્મણો સાધુનું એવી રીતનું વાણીરુપી અમૃત પીને અત્યંત આનંદ પામ્યા. ॥ ૩૪ ॥

अथाभयं ददुर्विप्राः । मपन्नजिनशासनाः ॥
न केवलं छगस्यास्य । सर्वेषामपि देहिनां ॥ ३५ ॥

અર્થ:—પછી તે બ્રાહ્મણોએ જૈનધર્મ અંગીકાર કરીને કેવલ તે બકરાને નહિ, પણ સર્વ પ્રાણીઓને અભયદાન આપ્યું. ॥ ૩૫ ॥

अजत्वे स द्विज इव । स्वकृतेनैव कर्मणा ॥
संमत्यनुशयाना त्वं । कमवष्टंभमाप्स्यसि ॥ ३६ ॥

અર્થ:—એવી રીતે હે પ્રિયે ! જેમ બકરો થયેલો તે બ્રાહ્મણ તેમ પોતેજ કરેલાં કાર્યથી હવે પશ્ચાતાપ કરવાથી તને કોણ આલંબનરુપ થશે ? ॥ ૩૬ ॥

विधाय रभसा कार्यं । यदेतदनुशोचनं ॥
भद्रे भद्राकृते मूर्ध्नि । तन्मुहूर्त्तविवेचनं ॥ ३७ ॥

અર્થ:—માટે એવી રીતે હે ભદ્ર ! સાહસ કાર્ય કરીને પછી જે પશ્ચાતાપ કરવો તે માથું મુંડાવ્યાબાદ મુહૂર્ત પૂછવા જેવું છે. । ૩૭ ।

साथ प्रोचे शुचा रुद्ध—कंठा कुंठाक्षरां गिरं ॥
प्राणेश मा क्षते क्षारं । क्षेप्सीर्मर्माविधोक्तिभिः ॥ ३८ ॥

અર્થ:—હવે શોકથી કંઠ રુંધાવાથી સુભદ્રાએ લથડતાં વચનથી કહ્યું કે હે સ્વામી ! આપ આવાં મર્મ ભેદનારાં વચનો બોલીને ઘા ઉપર ખાર નાખો નહિ. ॥ ૩૮ ॥

हिताहितविमर्शोऽयं । केवलं दुर्यशश्छिदे ॥
फलंति प्राक्कृतान्येव । कर्माण्यत्र शरीरिणां ॥ ३९ ॥

અર્થ:—વળી હિત અહિતનો આ વિચાર કેવલ અયશનો નાશ કરનાર છે, બાકી તો અહીં પ્રાણીઓના પૂર્વે કરેલાં કર્મોજ ફળે છે.

विचारपूर्वं कुर्वंतु । कार्यमार्यधियो जनाः ॥
दैवमेवानुवर्त्तंते । फलकाले तु सिद्धयः ॥ ४० ॥

અર્થ:—બુદ્ધિવાન માણસો ભલે વિચારપૂર્વક કાર્ય કરો, પરંતુ ફલસમયે કાર્યની સિદ્ધિ તો કર્મને અનુસારેજ થાય છે. ॥ ૪૦ ॥

दैवायत्ताः श्रियः सर्वा । नूनं गौणो गुणाग्रहः ॥
कुविंदाः पतिता गर्त्ते । शश्वद्गुणरता अपि ॥ ४१ ॥

અર્થ:—સર્વ સંપદાઓ દૈવને આધીન છે, ગુણોનું ગ્રહણ તો તેમાં ખરેખર ગૌણરૂપ છે, વણકરો જો કે હમેશાં ગુણોમાંજ ( તંતુઓમાંજ ) રક્ત છે, છતા તેઓ ખાડામાં પડેલા છે. ॥ ૪૧ ॥

व्यवहारविदे सूनो-र्यन्मया कर्म निर्ममे ॥
तदभूदंगदाहाय । धिगिमां वामतां विधेः ॥ ४२ ॥

અર્થ:—પુત્રને દુનિયાના વ્યવહારથી વાકેફ થવા માટે મેં જે કાર્ય કર્યું, તે ઉલટું ( મારાં ) શરીરને બાળનારૂં થયું, માટે વિધાતાના આ વિપરીતપણાને ધિક્કાર છે. ॥ ૪૨ ॥

यः शास्त्रे पारगः प्रेक्षा-पूर्वकारी कलास्पदं ॥
सोऽपि लीलायितं वेत्ति । न धातुः स इव द्विजः ॥ ४३ ॥

અર્થ:—જે શાસ્ત્રોનો પારંગામી, નજર પહોંચાડી કાર્ય કરનારો તથા કલાવાન છે, તે પણ બ્રાહ્મણની પેઠે વિધાતાની ચેષ્ટાને જાણી શક્તો નથી. ॥ ૪૩ ॥

तथाहि—

पदे पदे स्फुरद्वप्र—स्थपुटीकृतभूरिति ॥
दुर्भिक्षरक्षसो दुर्गो । देशोऽस्ति मगधाभिधः ॥ ४४ ॥

તે બ્રાહ્મણનું ઉદાહરણ કહે છે—

અર્થ:—પગલે પગલે ફાલેલાં ખેતરોથી જ્યાં જમીન ઢંકાઇ ગએલી છે, તથા જ્યાં દુષ્કાળરુપી રાક્ષસ આવી શકતો નથી એવો મગધનામે દેશ છે. ॥ ૪૪ ॥

तत्र ग्रामोऽभिरामोऽस्ति । सुग्राम इति विश्रुतः ॥
शाकान्नांबुसुखी पौरा—नजुगुप्सत यज्जनः ॥ ४५ ॥

અર્થ:—ત્યાં સુગ્રામ નામે એક પ્રખ્યાત અને મનોહર ગામ છે, ત્યાં રહેનારા માણસો શાક અનાજ તથા જલથી સુખી થયાથકા શાહેરના લોકોને પણ પોતાથી હલકા ગણતા હતા. ॥ ४५ ॥

ऋद्धेऽपि तत्र फलिते । तैलिनि तिलपिंजवत् ॥
द्विजो दौस्थ्यरजोलुप्त-देहश्रीरभवच्छिवः ॥ ४६ ॥

અર્થ:—એવી રીતે તે ગામ સમૃદ્ધિવાલું તથા ફળેલું હતું, છતાં પણ ત્યાં તેલીનું શરીર જેમ તલના કણોથી તેમ દારિદ્રયરૂપી રજથી જેના શરીરની શોભા નષ્ટ થયેલી છે, એવો એક શિવ નામે બ્રાહ્મણ વસતો હતો. ॥ ४६ ॥

मुक्त्वा दारिद्र्यमेकं स । नासीत् कस्यापि वल्लभः ॥
आसीन्न तस्य सत्तायां । किंचिदन्यत्क्षुधं विना ॥ ४७ ॥

અર્થ:—એક દારિદ્ર શિવાય તે કોઇને પણ વલ્લભ નહોતો, અને તેની માલિકીમાં પણ ભૂખશિવાય બીજું કંઇ પણ નહોતું. ॥ ४७ ॥

ब्राह्मण्यं ग्राहितः पित्रा । सोमदेवोऽस्य नंदनः ॥
आस्पदं रूपरेखायाः । सोमशर्मा च नंदिनी ॥ ४८ ॥

અર્થ:—પિતાએ જનોઇ આપેલો તેનો સોમદેવ નામે પુત્ર હતો, તથા અત્યંત રૂપવાળી સોમશર્મા નામની તેની પુત્રી હતી. ॥४८॥

बाल्य एव तयोर्माता । जाता प्रेताधिपातिथिः ॥
प्रायो ददाति दारिद्र्यं । सर्वासामापदां पदं ॥ ४९. ॥

અર્થ:—બાલ્યાવસ્થામાંજ તેઓની માતા મૃત્યુ પામી હતી, કારણકે પ્રાયેં કરીને દરિદ્રપણું સર્વ આપદા આપે છે. ॥ ४९ ॥

अस्या स्थाने न किं मामे—वाहरन्महिषध्वजः ॥
दुःखादिति वदन् विप्रः । कथंचित्तावबर्धयत् ॥ ५० ॥

અર્થ:—અરે ! આ મારી સ્ત્રીને બદલે યમ મને કાં ન લેઇ ગયો ! એવી રીતે દુ:ખથી બબડતા તે બ્રાહ્મણે કેટલીક મહેનતે તે બન્ને બાળકોને મહોટા કર્યા. ॥ ५० ॥

किं भजामि वनं यामि । दूरं खानिं खणामि वा ॥
एवं धनाशयानल्पान् । विकल्पान् विततान सः ॥ ५१ ॥

અર્થ:—શું હું વનમાં જાઉં ? કે દૂર જઇ ક્યાંય ખાણ ખોદું? એવી રીતે ધનની આશાથી તે અનેક વિકલ્પો કરવા લાગ્યો. ॥ ५१ ॥

दारुभारमुपानेतु—मन्नपाकाय सोऽन्यदा ॥
वनं जगाम न ग्राम—जुषामियमपत्रपा ॥ ५२ ॥

અર્થ:—એક વખતે તે રસોઇમાટે લાકડાનો ભારો લેવાને વનમાં ગયો, કેમકે ગામડીયાઓને આવું કાર્ય કરવામાં કંઈ શરમ થતી નથી. ॥ ૫૨ ॥

वने वनेचरेणेव । ददृशे भ्रमतामुना ॥
योगी यो गीयते नाम्ना । रसज्ञ इति विश्रुतः ॥ ५३ ॥

અર્થ:—ત્યાં પશુનીપેઠે વનમાં ભમતાંથકાં તેણે એક યોગીને જોયો, કે જે રસ જાણનાર યોગીના નામથી પ્રસિદ્ધ હતો. ॥ ૫૩ ॥

मन्येऽस्य दर्शनादेव । द्रुतं दारिद्र्यमुद्रया ॥
इत्यानंदादधंद्दिष्ट । भूत्वा दंडायितः स तं ॥ ५४ ॥

અર્થ:—હું ધારૂં છું કે આના દર્શનથીજ મારૂં દારિદ્રય તો ચૂર્ણ થઈ ગયું, એવી રીતે આનંદના આવેશથી તેણે જમીનપર લાંબા પડીને તેને વંદન કર્યું. ॥ ૫૪ ॥

अचिराद्वत्स भूयास्त्वं । श्रीमानित्युज्जगार सः ॥
तदाशावीरुधो वृध्ध्यै । वारिधारामिवाशिषं ॥ ५५ ॥

અર્થ:—ત્યારે તે યોગીએ પણ તેની આશારૂપી વેલડીને પોષવામાં જલધારાસરખી મોટેથી એવી આશીષ આપી કે હે વત્સ ! તું જલદી ધનવાન થા ? ॥ ૫૫ ॥

आस्तां श्रीस्त्वयि संतुष्टे । सकला अपि सिद्धयः
स्वयंवरा इवैष्यंति । मामित्यूचे द्विजोऽपि तं ॥ ५६ ॥

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણે પણ કહ્યું કે, હે યોગીરાજ ! આપની કૃપાથી લક્ષ્મી તો એક બાજુ રહી, પરંતુ સર્વ સિદ્ધિઓ સ્વયંવરાનીપેઠે મારીપાસે આવશે. ॥ ૫૬ ॥

स ततः सततं भक्तिं । व्यधादवितथां तथा ॥
शरदीव सरः प्राप । प्रसत्तिं योगिराट् यथा ॥ ५७ ॥

અર્થ:—પછી તે બ્રાહ્મણ તે યોગીરાજની હંમેશાં એવી તો ખરા દિલથી ભક્તિ કરવા લાગ્યો કે શરદ ઋતુમાં જેમ તળાવ તેમ તે યોગીરાજ પણ ખુશ થઇ ગયો. ॥ ૫૭ ॥

आनिन्ये माहिषं पुच्छं । सुस्नातः स तदाज्ञया ॥
शौचवादो भिया नश्य—त्युत्थिते लोभरक्षसि ॥ ५८ ॥

અર્થ:—પછી તે યોગીની આજ્ઞાથી સ્નાન કરીને પાડાનું પુછડું લેઇ આવ્યો, કેમકે લોભરુપી રાક્ષસ જ્યારે ઉભો થાય ત્યારે પવિત્રપણાની વાત તો ભયથી નાશીજ જાય છે. ॥ ૫૮ ॥

स्वयं कुर्वंस्तपस्वीव । रसत्यागं रसाशया ॥
स भिक्षालब्धतैलेन । पुच्छं चिरमभावयत् ॥ ५९ ॥

અર્થ:—વળી પોતે સિદ્ધરસની આશાથી તપસ્વીનીપેઠે સર્વ રસનો ત્યાગ કરીને ભીખ માગી મેળવેલાં તેલથી તે પાડાનું પુંછડું હંમેશા ભીંજાવવા લાગ્યો. ॥ ૫૯ ॥

आगच्छ वत्स श्रीवत्स—मिव श्रीमच्छिरोमणिं ॥
यथा मंक्षु करोमि त्वा—मिति वर्षन् वचोऽमृतं ॥ ६० ॥

અર્થ:—હે વત્સ ! હવે તું ચાલ કે જેથી તને વિષ્ણુનીપેઠે જલદી શ્રીમંતોનો શિરોમણિ બનાવું, એવીરીતે વચનામૃતને વરસતોથકો ॥ ૬૦ ॥

पुस्तकेन करस्थेन । सूचिताशेषपद्धतिः ॥
सह तेनाटवीं क्रामन् । प्राप योगी गिरिंपुरः ॥ ६१ ॥ युग्मं ॥

અર્થ:—તથા હાથમાં રહેલાં પુસ્તકથી દેખાડેલ છે સઘળી વિધિ જેણે એવો તે યોગી તે બ્રાહ્મણને સાથે લેઇને વનમાં ચાલતોથકો એક પર્વતપાસે આવી પહોંચ્યો. ॥ ૬૧ ॥

स चिरं संचरन्नद्रि—द्रोणीषु द्रविणाशया ॥
दृशद्विलिखनै रक्त—झराद्रिरभवद् द्विजः ॥ ६२ ॥

અર્થ:—હવે ધનની આશાથી પર્વતની મેખલાઓમાં ઘણો કાળ ભમવાથી તે બ્રાહ્મણ પત્થરના ઘસારાવડે કરીને રુધિરના ઝરણાવાળા પર્વતજેવો થયો. ॥ ૬૨ ॥

स्फुटस्फारस्फटाटोप—फणिफूत्कारदारुणं ॥
अस्थिरस्थपुटस्थूल—प्रस्थस्थलदुराक्रमं ॥ ६३ ॥

અર્થ:—પ્રગટરીતે વિસ્તારેલ છે ફણાનો આટોપ જેઓએ એવા સર્પોના ફુંફાડાથી ભયંકર લાગતા, તથા અસ્થિર ઢગલાસરખા મ્હોટા પથ્થરવાળી જમીનથી દુઃખે ઓલંગી શકાય એવા ॥ ૬૩ ॥

भानुभीततमःस्तोम—स्थानप्रदमविक्षतां ॥

श्वभ्रस्येव मुखं कल्य—बलाद्विवरमाप्य तौ ॥ ६४ ॥ युग्मं ॥

અર્થ:—તથા સૂર્યથી ભરેલા અંધકારના સમૂહને નિવાસસ્થાન આપનાર નરકના મુખસરખા એક ભોયરાપાસે આવીને તેઓ બન્ને મુશ્કેલીથી તેમાં પેઠા. ॥ ૬૪ ॥

स्निग्धमाहिषपुच्छाग्र—जाग्रज्ज्वलनतेजसा ॥

किंचित् प्रपंचिताध्वानो । लेभाते रसकूपिकां ॥ ६५ ॥

અર્થ:—તેલમાં ભીંજવેલા પાડાના પુંછડાને છેડે સળગાવેલા દીપકના તેજથી કઇંક માર્ગ જોતાથકા તેઓ બન્ને એક રસકૂપિકાપાસે આવ્યા. ॥ ૬૫ ॥

योगिना दर्शितं तत्र । प्रासादं प्राविशद् द्विजः ॥

निर्धूमवर्त्तिदीपाय-माननानामणीमयं ॥ ६६ ॥

અર્થ:—ત્યાં યોગીએ દેખાડેલા અને ધૂમાડા તથા વાટવિનાના દીપકરૂપ થયેલ છે વિવિધપ્રકારના મણિઓ જેમાં એવા એક મંદિરમાં તે બ્રાહ્મણ દાખલ થયો. ॥ ૬૬ ॥

योग्यूचे भो इमां देवीं । विद्धि सिद्धरसेश्वरीं ॥

एतां प्रसाद्य सद्यस्त्वं । हेमार्हं रसमाप्नुहि ॥ ६७ ॥

અર્થ:—પછી યોગીએ તેને કહ્યું કે હે દ્વિજ આ દેવીને તું સિદ્ધરસની માલિક જાણજે, તેણીને ખુશી કરવાથી તને સુવર્ણયોગ્ય રસ જલદી મળશે. ॥ ૬૭ ॥

सोऽपि सन्निहिताराम—पुष्पैरभ्यर्च्य देवतां ॥

पुरो बद्धांजलिः काव्यै—र्नव्यैरस्तुत तन्मनाः ॥ ६८ ॥

અર્થ:—પછી તે બ્રાહ્મણ પણ નજદીક રહેલા બગીચાના પુષ્પોથી તે દેવીને પૂજીને તથા તેણીનીપાસે હાથ જોડીને તલ્લીન થઇને નવાં કાવ્યો વડે સ્તુતિ કરવા લાગ્યો. ॥ ૬૮ ॥

सुरी परीक्षितुं तस्य । भक्तिं भक्तेषु वत्सला ॥

वत्स तुष्टास्मि किंचित्त्वं । पात्रं धेहीत्यवोचत ॥ ६९ ॥

અર્થ:—તે વખતે પોતાના ભક્તોપ્રતે વત્સલ એવી તે દેવી તેની ભક્તિની પરીક્ષા કરવા માટે બોલી કે હે વત્સ ! હું તારા પ્રતે તુષ્ટમાન થઇ છું, માટે તું કઇંક પાત્ર ધર ? ॥ ૬૯ ॥

तेन प्रसारिते वस्त्रां—चले चंचलचेतसा ॥
सा तत्कोपाग्निहव्याभं । यवमुष्टिं निचिक्षिपे ॥ ७० ॥

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણે વ્યાકુલ મનથી વસ્ત્રનો છેડો પાથર્યો, અને દેવીએ પણ તેના ક્રોધાગ્નિમાં ઘૃતસરખા યવો મુઠી ભરીને તેમાં નાખ્યા. ॥ ૭૦ ॥

यवावलोकनाज्जात—कोपो जातिगुणाद् द्विजः ॥
दध्यौ देव्या अहो दानं । तोषितायां नवैः स्तवैः ॥ ७१ ॥

અર્થ:—યવોને જોઇ પોતાના જાતિસ્વભાવથી ક્રોધાતુર થયેલા તે બ્રાહ્મણે વિચાર્યું કે અહો ! નવાં સ્તોત્રોથી ખુશ થયેલી આ દેવીનું દાન તો જુઓ !! ॥ ૭૧॥

वणिग्मात्रेऽपि संतुष्टे । लभ्यते खलु भोजनं ॥
यवमुष्टिं ददौ देवी । निर्विवेकं हि वैभवं ॥ ७२ ॥

અર્થ:—વણિક જેવો પણ જો સંતુષ્ટ થાય તો પણ ભોજન મલે છે, અને આ દેવીએ મને મુઠી ભરી યવ આપ્યા ! માટે વૈભવ ખરેખર વિવેકવિનાનો છે. ॥ ૭૨ ॥

यदर्थं घृष्टगात्रोऽस्मि । तस्य दानं यदीदृशं ॥
दूरस्था एव तद्रम्या । देवताः पर्वता इव ॥ ७३ ॥

અર્થ:—જેને માટે મારું શરીર આખું ઘસાઈ ગયું, તેણીનું દાન જ્યારે આવું છે ત્યારે દેવો તો ડુંગરની માફક દૂરથીજ રળીયામણા છે.

वरं भिक्षैव सा पात्रं । शालिना पूर्यते यया ॥
दुराराध्याः स्वल्पफला । न पुनर्देवयोनयः ॥ ७४ ॥

અર્થ:—માટે આના કરતાં તો તે ભીખજ સારી છે, કે જેવડે ભાજન તો ભાતથી ભરાય, પરંતુ જે દુઃખે આરાધી શકાય અને સ્વલ્પ ફલ આપે એવી દેવજાતિ કંઈ ઉપયોગની નથી. ॥ ૭૪ ॥

गृहं दूरे भुवि स्वापो । यवान्नं खलु दुर्जरं ॥
तदेते रूक्षविरसा । भोक्तुमत्रोचिता न मे ॥ ७५ ॥

અર્થ:—અહિં તો આટલો વખત ઘર દૂર ત્યજ્યું, ભોંયે પથારી કરી, અને દુઃખે પચી શકે તેવું યવાન્નનું ભક્ષણ કર્યું, પરંતુ હવે આ લુખું અને રસ વિનાનું ખાઈ અહિં બેસી રહેવું મને ઠીક લાગતું નથી. ॥ ૭૫ ॥

इति ध्यात्वा यवान् देवीं—प्रति क्षिप्त्वाभ्यधत्त सः ॥
क्षुर्याः कोशे गृहित्वामू—न्निःस्वे दुर्भिक्षतारकान् ॥ ७६ ॥

અર્થ:—એમ વિચારી તે યવોને દેવી તરફ ફેંકીને તે બોલ્યો કે, રાંડ દરિદ્રિ ! આ તારા જવને તારા ભંડારમાં ડાટી રાખજે કે જેથી કાળ દુકાળે તને ખાવાને કામ લાગશે. ॥ ૭૬ ॥

दुःस्थद्विजवधानिच्छु—र्देवी रोषारुणापि तं ॥
निचिक्षेपाश्मनं गोलं । यंत्रवाहीव दूरतः ॥ ७७ ॥

અર્થ:—હવે ક્રોધાતુર થયેલી તે દેવીને તે દરિદ્રી બ્રાહ્મણને મારી નાખવાની જો કે ઇચ્છા ન થઇ તો પણ ગોફણવાળો જેમ પથ્થરના ગોળાને તેમ તેણીએ તેને દૂર ફેંકી દીધો. ॥ ૭૭ ॥

उन्मीलितेक्षणस्तत्र । क्षणं पश्यन्नितस्ततः ॥
न प्रासादं न देवीं च । न च योगिनमैक्षत ॥ ७८ ॥

અર્થ:—પછી ત્યાં તે આંખ ઉઘાડીને જેવો આમ તેમ જુએ છે તો મંદિર દેવી કે યોગી તેમાંનું કંઇ પણ તેણે દીઠું નહિ. ॥ ૭૮ ॥

आः किमेतदिति ध्यान—विधुरः स निरैक्षत ॥
कतिचित्सिचये लग्नां—स्तीक्ष्णप्रांतान् हिरण्मयान् ॥ ७९ ॥

અર્થ:—અરે ! આ શું થઇ ગયું ! એમ વિચારથીજ ગભરાયેલા તે બ્રાહ્મણે પોતાના વસ્ત્રને છેડે વળગેલા કેટલાક તીક્ષ્ણ અણીદાર સુવર્ણના યવો જોયા. ॥ ૭૯ ॥

हैमा एवाऽभवन्नेते । यवाः श्रीवल्लिपल्लवाः ॥
सामान्ययववद् दृष्टा । हा मया दिव्यमायया ॥ ८० ॥

અર્થ:—અરે ! આ તો લક્ષ્મીરુપી વેલડીના પલ્લવસરખા સોનાના યવો હતા ! પરંતુ દિવ્ય માયાથી મેં મૂર્ખે તેઓને સામાન્ય યવોજેવા જોયા ! ॥ ૮૦ ॥

क्रोधधूमांधिताक्षश्चे—न्नाभविष्यमहं तदा ॥
तदावदान्या साऽदास्य—द्दास्यघ्नं देवता रसं ॥ ८१ ॥

અર્થ:—અરે ! તે વખતે જો હું ક્રોધરુપી ધૂમાડાથી આંધળો થયો ન હોત તો તે ઉદાર દેવી મને દાસ્યપણાનો નાશ કરનારો સિદ્ધરસ આપત. ॥ ૮૧ ॥

आत्मैव यदि मे वैरी । तदलं परिदेवनैः ॥
इति ध्यायन् वृथोपायः । सोऽचालीदेकया दिशा ॥ ८२ ॥

અર્થ:—વળી હું પોતેજ પોતાનો જ્યારે વૈરી થયો ત્યારે હવે ખેદ કરવાથી સર્યું, એમ વિચારી વૃથા પ્રયત્નવાળો તે બ્રાહ્મણ એક દિશાતરફ ચાલ્યો. ॥ ૮૨ ॥

आपदः श्वापदकृता । इच्छंस्तैरपि वर्जितः ॥
द्विजः स जीवितोद्विग्नो । जगाहे गहनं चिरं ॥ ८३ ॥

અર્થ:—ત્યાં તે વનચર પશુઓમારફતે પોતાના મરણને ઇચ્છવા લાગ્યો, પરંતુ તેઓ પણ તેને મળ્યાં નહિ. એવી રીતે જીવવાથી કંટાળેલો તે બ્રાહ્મણ ઘણો વખત વનમાં ભટક્યો. ॥ ૮૩ ॥

अदूरे ध्वनितं नृणां । श्रुत्वा तत्र जगाम सः ॥
कुद्दालशालिनः खानिं । खनतस्तान् ददर्श च ॥ ८४ ॥

અર્થ:—એવામાં નજીકમાં માણસોનો શબ્દ સાંભળીને તે ત્યાં ગયો, તથા ત્યાં તેણે તે માણસોને કોદાળીઓથી ખાણ ખોદતા જોયા.

क्षोणीखननसंरंभो । भोः किमेवं विधीयते ॥
पृष्टास्तेनेति ते प्रोचुः । शृणु वैदेशिकोऽसि यत् ॥ ८५ ॥

અર્થ:—તમો આ જમીન ખોદવાનું આવું કામ શા માટે કરો છો? એવી રીતે તેણે પૂછવાથી તેઓએ કહ્યું કે તું કોઇક પરદેશી લાગે છે, માટે સાંભળ? ॥ ૮૫ ॥

एष निःशेषदारिद्र्य—द्रोहणो रोहणो गिरिः ॥
विप्र वप्रतटी सेय—ममेयमणिजन्मभूः ॥ ८६ ॥

અર્થ:—આ સર્વ દારિદ્રયને નાશ કરનારો રોહણાચલ પર્વત છે, અને અગણિત મણિઓને પેદા કરનારી આ તેની મેખલા છે. ॥ ૮૬ ॥

खनित्वेमां समासाद्य । रत्नराशिं महद्द्युतिं ॥
दारिद्र्यस्योदकं दास्या—महे निजगृहे गताः ॥ ८७ ॥

અર્થ:—આ ભૂમિ ખોદીને તેમાંથી મહાતેજસ્વી રત્નોનો સમૂહ મેળવીને અમો અમારે ઘેર જઇ દારિદ્રયને જલાંજલિ દેઇશું. ॥ ૮૭ ॥

अथाप्रक्षोभलोभाब्धि—कल्लोलांदोलिताशया ॥
संजग्राह खनित्राद्यं । स हैमयवविक्रयात् ॥ ८८ ॥

અર્થ:—હવે ક્ષોભ પામેલા લોભરૂપી સમુદ્રના મોજાઓથી પ્રેરાયેલી આશાવડે કરીને તે બ્રાહ્મણે તે સુવર્ણયવો વહેંચીને કોદાળી આદિક ગ્રહણ કર્યું. ॥ ૮૮ ॥

खानिं खनन्ननिर्वेद—माददे स बहून् मणीन् ॥
कर्करत्यागतः साधु–र्दोषत्यागाद्गुणानिव ॥ ८९ ॥

અર્થ:—પછી થાકયાવિના ખાણ ખોદીને મુનિ જેમ દોષોને તજી ગુણોને ગ્રહણ કરે, તેમ તેણે કાંકરા તજીને ઘણા મણિ ગ્રહણ કર્યા. ॥ ૮૯ ॥

काले केलितरत्नौघो । हर्षझल्लरिझात्कृतैः ॥
आशानटीं मनोरंगे । नर्त्तयन् ववले द्विजः ॥ ९० ॥

અર્થ:—પછી કેટલેક વખતે રત્નોનો સમુહ એકઠો કરીને હર્ષરૂપી ઝાલરના ઝંકારાઓથી પોતાની મનરુપી રંગભૂમીમાં આશારુપી નટીને નચાવતોથકો તે બ્રાહ્મણ ત્યાંથી ( ઘરતરફ ) વલ્યો. ॥ ૯૦ ॥

अन्येऽपि खनकाः केऽपि । मार्गोपद्रवभीरवः ॥
द्विजः सर्वत्र मान्यः स्या—दिति संजग्मिरेऽमुना ॥ ९१ ॥

અર્થ:—બ્રાહ્મણ સર્વ જગોએ માનનીક હોય, એમ વિચારી માર્ગમાં ( ચોરઆદિકના ) ઉપદ્રવથી ડરનારા બીજા કેટલાક ખોદનારાઓ પણ તેની સાથે ચાલ્યા. ॥ ૯૧ ॥

तेऽन्योऽन्यवंचने गाढ—गृहीतशपथाः पथा ॥
ऋजुना त्वरितं चेरु—श्चापोत्तीर्णाः शरा इव ॥ ९२ ॥

અર્થ:—પરસ્પર એક બીજાને નહિ ઠગવામાટે આકરા સોગન લેઇને તેઓ ધનુષપરથી ફેંકાયેલાં બાણોની પેઠે ઝડપથી સીધે માર્ગે ચાલવા લાગ્યા. ॥ ૯૨ ॥

तेषां निशि विनिद्राणां । विश्रांत्यै क्वापि तस्थुषां ॥
दत्वा मूर्ध्नि मणिग्रंथिं । स्वधाम्नीवास्वपीद् द्विजः ॥ ९३ ॥

અર્થ:—પછી વિશ્રામમાટે કોઇક જગોએ રહેલા તેઓ સર્વે રાત્રિએ જયારે જાગતા હતા ત્યારે તે બ્રાહ્મણ તો મસ્તકનીચે તે મણિઓની પોટલી મૂકીને જેમ પોતાના ઘરમાં તેમ ત્યાં સુઇરહ્યો. ॥ ૯૩ ॥

निद्रामुद्रितनेत्रेऽस्मि—न्नकस्मादेत्य कुंजतः ॥
रत्नग्रंथिं कपिः कोऽपि । जह्रे मोदकलीलया ॥ ९४ ॥

અર્થ:—પછી જ્યારે નિદ્રાથી તેની આંખો મીચાઇ ગઇ ત્યારે અકસ્માત ઝાડીમાંથી કોઇક વાનરે આવી લાડુનાપેઠે તેની તે રત્નોની પોટલી ઉપાડી લીધી. ॥ ૯૪ ॥

मुष्टोऽस्मि ग्रंथिमादाय । यात्यसौ वानरो वनं ॥
वयस्या मुंचत स्वापं । समुत्तिष्टत धावत ॥ ९५ ॥

पूत्कुर्वतीति विप्रे ते—ऽधावंल्लगुडपाणयः ॥
न प्रापुर्वानरं कुंजे । लीनं मीनमिवोदधौ ॥ ९६ ॥ युग्मं ॥

અર્થ:—( એવામાં જાગી ઉઠેલો ) તે બ્રાહ્મણ પોકાર કરવા લાગ્યો કે, અરે હું તો લુંટાયો, મારી પોટલી લેઇને આ વાનર વનમાં નાશી જાય છે, માટે હે મિત્રો! તમો નિદ્રા છોડો ? ઉઠો અને દોડો ?

અર્થ:—ત્યારે તેઓ પણ હાથમાં લાકડીઓ લેઇને દોડયા, પરંતુ સમુદ્રમાં જેમ મત્સ્ય તેમ ઝાડીમાં ભરાઇ બેઠેલો તે વાનર તેઓને મળ્યો નહિ. ॥ ૯૬ ॥

आक्रंदंतं निरानंद—मथ तं पथिकाः परे ॥
अरुण्यरुदितैरेभिः । किं भवेदित्यबोधयन् ॥ ९७ ॥

અર્થ:—પછી રડતા તથા શોકાતુર થયેલા તે બ્રાહ્મણને તે બીજા પંથીઓ સમજાવવા લાગ્યા કે, આવી રીતે વનમાં વિલાપ કરવાથી હવે શું વળવાનું છે ? ॥ ૯૭ ॥

सर्वथा भाग्यहीनाना—मात्मानं मानयन् धुरि ॥
हत्याकारीव स म्लान—मुखः स्वमगमद् गृहं ॥ ९८ ॥

અર્થ:—પછી પોતાને તદ્દન ભાગ્યહીનોનો શિરોમણિ માનતોથકો તે બ્રાહ્મણ ખુનીનીપેઠે ઝાંખા મુખવાળો થયો થકો પોતાને ઘેર ગયો.

हस्तायातस्वनाशेन । घातेनेव यमस्य सः ॥
दोदूयमानोऽनुदिनं । व्यधात्तत्रापि रोदनं ॥ ९९ ॥

અર્થ:—તથા ત્યાં પણ તે હાથ આવેલાં ધનના નાશથી જાણે યમે પોતાને મારી નાખ્યો હોય નહિ તેમ હમેશાં દુભાતો થકો રડવા લાગ્યો. ॥ ૯૯ ॥

ग्रामाधिपस्ततस्तस्मै । शालेयं कृपया ददौ ॥
धेनुं च रोहिणीं नाम्ना । परार्था हि सतां श्रियः ॥ ८०० ॥

અર્થ:—ત્યારે તે ગામના ઠાકોરે તેને ( દુઃખી જોઇને ) એક ખેતર આપ્યું તથા એક રોહિણી નામની ગાય આપી, કેમકે સજ્જનોની લક્ષ્મી પરોપકાર માટે હોય છે. ॥ ૮૦૦ ॥

अन्यदा वनदावाग्नि—दाहद्रुहि घनागमे ॥
वप्रे विप्रो नवप्रौढि—शाली शालीनुवाप सः ॥ १ ॥

અર્થ:—એવામાં વનના દાવાનલને નાશ કરનારો જ્યારે વરસાદ આવ્યો ત્યારે નવી આબાદીથી ખુશ થએલા તે બ્રાહ્મણે તે ખેતરમાં ડાંગર વાવી. ॥ ૧ ॥

इतश्चासादिते व्योम—मणिग्रहणपर्वणि ॥
धनलाभाशया सर्वे । माद्यंतिस्म द्विजातयः ॥ २ ॥

અર્થ:—એવામાં સૂર્યગ્રહણનું પર્વ આવ્યાથી ધનપ્રાપ્તિની આશાથી સર્વ બ્રાહ્મણો હર્ષઘેલા બની ગયા. ॥ ૨ ॥

शालिर्विपच्यते याव—त्तावत्पर्वणि पूषणः ॥
गत्वा ग्रामांतरं कंचि—द्विभवं संचिनोम्यहं ॥ ३

અર્થ:—જેટલામાં આ ડાગર પાકે તેટલામાં આ સૂર્યગ્રહણના પર્વમાં કોઇક ગામ જઇને થાડુંક ધન એકઠું કરૂં, ॥ ૩ ॥

ध्यात्वेति रक्ष्यं शालेयं । पाल्येयं गुर्विणी च गौः ॥
युवाभ्यामिति पुत्रौ सो—ऽनुशिष्य प्रास्थित द्विजः ॥ ४ ॥

અર્થ:—એમ વિચારી તે બ્રાહ્મણ તમારે આ ડાંગરના ખેતરનું રક્ષણ કરવું તથા આ ગર્ભિણી ગાયને પણ પાળવી, એમ પોતાના બે સંતાનોને શિખામણ આપી ત્યાંથી ચાલતો થયો. ॥ ૪ ॥

द्विजे दूरं गते तस्मिन् । दारिद्र्य इव देहिनि ॥
श्रियमिच्छत्कलापात्रं । तत्रागान्नटपेटकं ॥ ५ ॥

અર્થ:—મૂર્તિવંત દારિદ્રયનીપેઠે તે બ્રાહ્મણ જેટલામાં દૂર ગયો તેટલામાં ધનની ઇચ્છાવાલું અને કલાવંત એવું એક નટોનું ટોળું તે ગામમાં આવ્યું. ॥ ૫ ॥

नटैः स्वकलया तत्र । तथारंजि चिरं जनः ॥
स्वयं स्पृहाधिकं तेभ्यो । यथा वित्तमदत्त सः ॥ ६ ॥

અર્થ:—તે નટોએ પોતાની કળાથી ત્યાંના લોકોને એવા તો ખુશી કર્યા કે જેથી તેઓએ તેઓને પોતાનીમેળેજ ઇચ્છાથી પણ અધિક ધન આપ્યું. ॥ ૬ ॥

सोमदेवस्तदालोक्य । व्यमृशत्क्षुद्रधीर्हृदि ॥
अहो एषां कला कीदृग् । अहो लोकः कलाप्रियः ॥ ७ ॥

અર્થ:—તે જોઇને તુચ્છબુદ્ધિ સોમદેવ મનમાં વિચારવા લાગ્યો કે, અહો આ નટોની કેવી કલા છે ! તથા લોકો પણ કલાને ચાહુનારા છે. ॥ ૭ ॥

क्वापि किंचिन्न लभते । याचमानोऽपि मे पिता ॥
याश्चां विना ह्यमी प्रापु—रापत्तापहरं धनं ॥ ८ ॥

અર્થ:—અને મારો બાપ તો ભીખી ભીખીને થાકયો, તો પણ તેને કયાંય કંઈ મળતું નથી, અને આ નટોને તો માગ્યાવિનાજ દારિદ્રયરૂપી તાપને હરનારૂં ધન મળી ગયું ! ॥ ૮ ॥

धिग् ब्राह्मण्यं शुक्लवृत्त्या । कर्णपंचकपूरकं ॥
विद्यास्थानान्यपि वृथा । कंठशोषकराणि धिक् ॥ ९ ॥

અર્થ:—માટે આ બ્રાહ્મણપણાનેજ ધિક્કાર છે, કે જેમાં ભીખ માગીને ઉદરપૂરણા કરવી પડે છે, તેમજ વિદ્યાશાળાઓ પણ ફોકટ કંઠશોષ કરનારી છે, માટે તેને પણ ધિક્કાર છે. ॥ ૯ ॥

साम्यमेति श्रिया हीनो । नरो निर्वाणवह्निना ॥
यथा तथा वा श्रीरर्ज्या । जातिकर्मकुलैरलं ॥ १० ॥

અર્થ:—નિર્ધન માણસ ઠરી ગયેલા અગ્નિસરખો એટલે રાખના મેળમાં છે, માટે ગમે તેમ કરીને પણ ધન મેળવવું, તે માટે જાત કર્મ કે કુલની પરવા કરવાની નથી. ॥ ૧૦ ॥

पद्मस्य पंकयोनित्वं । गोपालत्वं मुरद्विषः
कलंकित्वं विधोर्लक्ष्मी—वतः कोऽत्र विगायति ॥ ११ ॥

અર્થ:—લક્ષ્મીવાન કમળના કાદવથી થયેલા જન્મને, વિષ્ણુના ગોવાળીયાપણાને તથા ચંદ્રના કલંકીપણાને કોણ અહિં વગોવી શકે છે ? ॥ ૧૧ ॥

निश्चित्येति कुलाशंका—मपास्य मिलतिस्म सः ॥
नटानां धनलोभेन । स हि नामांतरं मधु ॥ १२ ॥

અર્થ:—એમ નિશ્ચય કરીને કુલાચારની શંકા છોડીને તે સોમદેવ તો ધનના લોભથી તે નટો સાથે મળી ગયો, કેમકે તે ધન નામફેર મધલાર સરખું છે. ॥ ૧૨ ॥

यूनैकेन स्वसारेण । स्वसा तस्य स्वसात्कृता ॥
फलं सुसिक्ता वल्लीवा—ऽचिराद्गर्भमधारयत् ॥ १३ ॥

અર્થ:—તેની બહેન સોમશર્માને કોઇક ધનવાન યુવાને પોતાને સ્વાધીન કરી, તથા સારી રીતે સીંચાયેલી વેલડી જેમ ફળને તેમ તેણીએ ગર્ભને ધારણ કર્યો. ॥ ૧૩ ॥

अशोध्यमानः केनापि । कर्मौघैरसुमानिव ॥
उदारः शालिकेदारः । सर्वतश्छादितस्तृणैः ॥ १४ ॥

અર્થ:—વળી કોઇએ પણ નહિ શોધ્યાથી કર્મના સમૂહોથી જેમ જીવ તેમ તે ફાલેલું ડાંગરનું સઘળું ખેતર ઘાસથી છવાઇ ગયું. ॥ ૧૪ ॥

अचिरादेव वल्लीव । पालनं पोषणं विना ॥
व्यशुष्यद्रोहिणी धेनु—रपि दृष्टफलोदया ॥ १५ ॥

અર્થ:—તુરતમાં વીયાનારી રોહીણી ગાય પણ પાલનપોષણવિના વેલડીનીપેઠે તુરત સૂકાઇ ગઇ. ॥ ૧૫ ॥

ईषल्लब्धधनः सोऽथा—गतो विप्रो निरैक्षत ॥
गृहमेकांतं निःक्रांत-पात्रनाटकसंनिभं ॥ १६ ॥

અર્થ:—પછી થોડુંક ધન મેળવી ઘેર આવેલા તે બ્રાહ્મણે જેમાંથી પાત્રો ચાલ્યા ગયાં છે એવી નાટકશાળાસરખું ઉજાડ પડેલું પોતાનું ઘર જોયું. ॥ ૧૬ ॥

किमकस्मादिदं जात—मिति संभ्रांतचेतसः ॥
तस्य कोऽप्यखिलोदंत—दीपकं श्लोकमब्रवीत् ॥ १७ ॥

અર્થ:—અરે ! આ અચાનક શું થઇ ગયું ! એવી રીતે મનમાં ગભરાટ પામેલા તે બ્રાહ્મણને કોઇએ તેનું સઘળું સ્વરુપ જણાવનારો એક શ્લોક કહ્યો કે, ॥ ૧૭ ॥

सोमदेवो नटो जातः । सोमशर्मा च गुर्विणी ॥
शालिवप्रस्तृणैश्छन्नो । न प्रसूता च रोहिणी ॥ १८ ॥

અર્થ:—સોમદેવ તો નટ થઇ ગયો, અને સોમશર્મા ગર્ભવંતી છે, ડાંગરનું ખેતર ઘાસથી છવાઇ ગયું છે, અને રોહીણી ગાય વીયાઇ નથી. ॥ ૧૮ ॥

૧૭ સૂર્યોદય પ્રેસ—જામનગર

तत् श्रुत्वा जन्मतः स्वीय-वृत्तस्मरणदुर्मनाः ॥
अशक्तः सद्मनि स्थातुं । वनं गत्वाऽरुदच्छिवः ॥ १९ ॥

અર્થ:—તે સાંભળી છેક જન્મથી પોતાની સ્થિતિ યાદ આવવાથી તે શિવ બ્રાહ્મણ મનમાં ઘણોજ ખેદ પામી ઘરમાં નહિ રહી શકવાથી વનમાં જઇ રડવા લાગ્યો. ॥ ૧૯ ॥

प्रम्लानवदनं दुःख—सदनं वीक्ष्य सकृपः ॥
ऋषिः कोऽपि किमेवं भो । रोदिषीति तमालपत् ॥ २० ॥

અર્થ:—એવી રીતે અત્યંત શોકાતુર ચહેરાવાળા તથા દુ:ખના ઘરસરખા તે બ્રાહ્મણને ત્યાં જોઇને કોઇક મુનિએ કહ્યું કે, અરે તું શામાટે રડે છે? ॥ ૨૦ ॥

स्ववृत्तेऽभिहिते विप्रे—णाधिव्याधिमहौषधीं ॥
वाचमूचे मुनिर्भद्र । मा रोदीर्धेहि धीरतां ॥ २१ ॥

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણે પોતાનું વૃતાંત કહ્યાબાદ મુનિ તેની આધિવ્યાધિ દૂર કરવાને મહાન ઔષધિસરખી વાણી બોલ્યા કે, હે ભદ્ર! તું રડ નહિ અને ધૈર્ય રાખ? ॥ ૨૧ ॥

कस्य लक्ष्मी सुताः कस्य । कस्य वेश्मेति चिंतय ॥
सदेति याति चात्माय—मेक एव भवाद्भवं ॥ २२ ॥

અર્થ:—કોની લક્ષ્મી? કોના પુત્રો? અને કોનું ઘર? એ સઘલું તું વિચાર? આ આત્મા તો એકલોજ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે. ॥ ૨૨ ॥

स्वदृक्विकूणनाद्व्योम्नि । द्विचंद्रीं वीक्ष्यते यथा ॥
तत्तत्साम्यं दधत्यात्मा । स्वमनःकल्पनात्तथा ॥ २३ ॥

અર્થ:—પોતાની આંખો સંકોચવાથી આકાશમાં જેમ બે ચંદ્રો દેખાય છે, તેમ પોતાના મનની કલ્પનાથી આત્મા તે તે તુલ્યપણાને ધારણ કરે છે. ॥ ૨૩ ॥

विना जिनाधिपं सर्वे—गिनः स्वार्थैकवल्लभाः ॥
यस्तेषु प्रेमसंकल्पः । स कल्पद्रुभ्रमः स्नुहौ ॥ २४ ॥

અર્થ:—જિનેશ્વરવિના સર્વે પ્રાણીઓ ફક્ત સ્વાર્થમાંજ લીન

થયેલા છે, માટે તેઓમાં જે પ્રેમનો સંકલ્પ કરવો તે થોરમાં કલ્પ-વૃક્ષની ભ્રાંતિ કરવા જેવું છે. ॥ ૨૪ ॥

**स्वमित्यागृह्णते काम-ग्रहिला महिलादि यत् ॥**
**गच्छन्भवांतरं पृच्छ—त्यपि स्वैरीव तन्न तु ॥ २५ ॥**

અર્થ:—આ મારૂં છે એમ વિચારીને કામાતુર પુરૂષો સ્ત્રીઆદિકને જે ગ્રહણ કરે છે, તે ભવાંતરમાં જાતાથકા સ્વેચ્છાચારીનીપેઠે રજા પણ લેતા નથી. ॥ ૨૫ ॥

**धिगात्माकर्षं कुर्वेऽहं । कर्त्तास्मीदमितोच्छया ॥**
**धत्ते त्रैकालिकीं व्याप्तिं । विधेर्वाम्यं विदन्नपि ॥ २६ ॥**

અર્થ:—ધિક્કાર છે કે આત્મા વિધાતાનું વિપરીતપણું જાણ્યા છતાં એમ માને છે કે મેં આ કર્યું, હું કરૂં છું તથા હું કરીશ એવી ઇચ્છાથી તે ત્રિકાલવાળી વ્યાપ્તિ ધારણ કરે છે. ॥ ૨૬ ॥

**दाक्ष्यं दर्शयतां धत्तां । धियं धाम्ना विचेष्टतां ॥**
**जनः पुनः फले याति । दैवमेव प्रमाणतां ॥ २७ ॥ तथाहि—**

અર્થ:—ભલે માણસ ડહાપણ દેખાડે, બુદ્ધિ ધારણ કરે, તથા પ્રતાપપૂર્વક ચેષ્ટા કરે, તો પણ ફલસમયે તો દૈવજ પ્રમાણભૂત થાય છે. ॥ ૨૭ ॥ તેમાટે ઉદાહરણ કહે છે.

**विंध्याटवीषु गौरांगो । व्यहार्षीत्कोऽपि कुंजरः ॥**
**कुंजरत्तरुपत्रौघा-स्तरणं लंघयन् सुखं ॥ २८ ॥**

અર્થ:—વિંધ્યાચલના વનમાં કોઇક શ્વેત શરીરવાળો તથા પૃથ્વી પર પડેલાં વૃક્ષના જીર્ણ પત્રોના સમૂહનું બીછાનું કરી સુખે રહે-નારો હાથી વસતો હતો. ॥ ૨૮ ॥

**कपोलपालिमालीना । यस्य भृंगाः सहस्रशः ॥**
**रेजिरेऽजस्रं संवाहि-दानांभोबुद्बुदा इव ॥ २९ ॥**

અર્થ:—તેના ગંડસ્થલપર ચોંટેલા હજારો ગમે ભમરા હમેશાં ઝરનારા મદરૂપી જલના જાણે પરપોટા હોય નહિ તેમ શોભતા હતા.

**निशांते जाग्रता येनो—दस्तो हस्तो वनेचरैः ॥**
**दृष्टो नभस्तरोस्तारा-पुष्पाण्याप्तुमिवोच्छ्रितः ॥ ३० ॥**

અર્થ:—પરોઢીએ જાગેલા એવા તે હાથીએ પોતાની ઉંચી કરેલી

સુંઢ જાણે આકાશરૂપી વૃક્ષના તારારૂપી પુષ્પોને લેવા માટે ધારણ કરી હોય નહિ તેમ શોભતી હતી. ॥ ૩૦ ॥

कुंभांतर्यस्य यो मुक्ता-धनं कृपणवद्वहन् ॥
भाग्याधिकस्य कस्यापि । कृते वाहिकतां गतः ॥ ३१ ॥

અર્થ:—વળી તે કૃપણનીપેઠે કુંભસ્થલની અંદર મોતીરૂપી ધનને ધારણ કરતોથકો કોઇક ભાગ્યવાનના વાહનપણાને પ્રાપ્ત થયો હતો.

किमयं पादपः फुल्लः । किं वा सौधं वनश्रियः ॥
यं स्थानस्थं निरीक्ष्येति । क्षणं मूढाः खगा अपि ॥ ३२ ॥

અર્થ:—તેને કોઇ જગોએ ઉભેલો જોઇને શું આ કોઇ વૃક્ષ પ્રફુલ્લિત થયું છે ! અથવા આ વનલક્ષ્મીનો મહેલ છે ? એમ વિચારી વિદ્યાધરો ( પક્ષિઓ ) પણ મૂઢ થઇ જતા હતા. ॥ ૩૨ ॥

सोऽन्यदांतर्नदं कुंजा-च्चिखेलिषुरहर्मुखे ॥
लीलालसद्गतिः सौधा-दिव श्रीमान् विनिर्ययौ ॥ ३३ ॥

અર્થ:—એક દિવસે પરોઢીએ તે નદીની અંદર ક્રીડા કરવાની ઇચ્છાથી ધનવાન જેમ પોતાના મહેલમાંથી તેમ ધીમી ગતિથી ઝાડીમાંથી બહાર નિકલ્યો. ॥ ૩૩ ॥

इतश्च कश्चन व्याध—श्चापारोपितसायकः ॥
तत्राजगाम स्वग्रामा—द्वन्यजंतुजिघांसया ॥ ३४ ॥

અર્થ:—એવામાં ધનુષ્યપર બાણ ચડાવીને કોઇક પારાધી પોતાના ગામમાંથી ત્યાં વનવાસી પશુઓને મારવાની ઇચ્છાથી આવ્યો. । ૩૪ ।

सोऽहृष्यद्वीक्ष्य खेलंतं । सिंधुरं सिंधुरोधसि ॥
दिष्टया दृष्टिपथं प्राप्तो । ममायं शकुनेरितः ॥ ३५ ॥

અર્થ:—તે ત્યાં નદીકિનારે તે હાથીને ક્રીડા કરતો જોઇને ખુશીથી વિચારવા લાગ્યો કે અહો ! આજ તો સારૂં થયું કે શુભ શકુનને પ્રતાપે મને આ હાથી નજરે પડયો છે. ॥ ૩૫ ॥

हतेऽस्मिन् भद्रजातीये । मुक्तालाभो मम ध्रुवः ॥
अहो भाग्यभराल्लक्ष्मी—रद्यायाता स्वयंवरा ॥ ३६ ॥

અર્થ:— ખરેખર આ ભદ્રજાતિના હાથીને મારવાથી મને મોતી-

આનો લાભ થશે, અહો ! આજે તો ભાગ્યને લીધે મને લક્ષ્મી પોતાની મેળેજ વરવા આવેલી છે. ॥ ૩૬ ॥

ध्यात्वेति लघुहस्तोऽसौ । विषाक्तं संदधे शरं ॥
स ह्यद्रिरिव दुर्भेदो-ऽनल्पैरप्यपरैः शरैः ॥ ३७ ॥

અર્થ:—એમ વિચારીને હાથચાલાકીથી તેણે ઝેરી બાણ સાંધ્યું, કેમકે તે હાથી પર્વતનીમાફક બીજાં ઘણાં બાણોવડે કરીને પણ મરી શકે તેવો નહોતો. ॥ ૩૭ ॥

विहितालीढसंस्थानः । स यत्नान्मुमुचे शरं ॥
अपश्यन्निभदृष्टित्वात् । पादपृष्टस्थितं बिलं ॥ ३८ ॥

અર્થ:—પછી તેણે સ્થિર થઇને યત્નપૂર્વક બાણ માર્યું, પરંતુ તે વખતે તેની દૃષ્ટિ હાથી તરફ હોવાથી પગ પાછળ રહેલું બિલ તેણે જોયું નહિ. ॥ ૩૮ ॥

पिपासुः पवनं प्रात--र्बिलाद्व्यालो विनिर्गतः ॥
तं ददंश च हिंस्राः स्युः । खलवच्छलघातिनः ॥ ३९ ॥

અર્થ:—એવામાં પ્રભાતે પવન પીવાની ઇચ્છાથી તે સર્પ બિલમાંથી બહાર નિકલ્યો, અને તેને ડસ્યો, કેમકે હિંસક પ્રાણીઓ ખલનીપેઠે છલથી ઘાત કરનારા હોય છે. ॥ ૩૯ ॥

विद्धो व्याधेषुणा नागो । नगश्छिन्न इवापतत् ॥
व्याधोऽपि फणिना दष्टः । प्राणैस्त्यक्तावुभावपि ॥ ४० ॥

અર્થ:—હવે તે પારાધીના બાણથી વીંધાયેલો તે હાથી કપાયેલા પર્વતનીપેઠે પડયો, અને સર્પે ડંખેલો તે પારાધી પણ પડયો, અને તેઓ બન્ને પ્રાણરહિત થયા. ॥ ૪૦ ॥

व्याधेन पतता पृथ्व्यां । विषव्याकुलवर्ष्मणा ॥
क्षुण्णः शिलातलेनेव । सद्यः सर्पो व्यपद्यत ॥ ४१ ॥

અર્થ:—વિષથી વ્યાકુલ શરીરવાળા તથા શિલાનીપેઠે પૃથ્વીપર પડતા તે પારાધિએ ચગદેલો સર્પ પણ તુરત મરણ પામ્યો. ॥ ૪૧ ॥

कोऽपि विद्याधरो व्योम्ना । व्रजन्वीक्ष्य तदद्भुतं ॥
मूर्द्धानं धूनयामास । श्लोकमेकं पपाठ च ॥ ४२ ॥

અર્થ:—તે વખતે આકાશમાર્ગે ચાલતો કોઈક વિદ્યાધર તે આશ્ચર્ય જોઇને પોતાનું મસ્તક ધુણાવી એક શ્લોક બોલ્યો કે, ॥ ૪૨ ॥

अभूदिभस्य हृद्यन्य—द्वयाधस्यान्यत्पुनर्हृदि ॥
अहेश्चान्यद्विधिस्त्वन्य—देव चक्रे तदस्य धिक् ॥ ४३ ॥

અર્થ:—હાથીના મનમાં કંઇ હતું, અને પારાધિના હૃદયમાં વળી તેથી બીજુંજ હતું, સર્પના હૃદયમાં તેથી પણ અન્ય હતું. અને વિધાતાએ તો વળી તેથી પણ ઉલટુંજ કરી દીધું. માટે તેને ધિક્કાર છે.

उदंतं दंतिनः श्रुत्वा । सौम्य धर्मे मतिं कुरु ॥
विधातुर्विश्ववैलोम्यं । विद्वन् किमनुतप्यसे ॥ ४४ ॥

અર્થ:—માટે હે સૌમ્યદ્વિજ ! એવી રીતનું હાથીનું વૃત્તાંત સાંભલીને તું ધર્મમાં બુદ્ધિ કર ? વલી હે વિદ્વાન્ ! વિધાતાનું તો ( જગતમાં ) વિપરીત આચરણ છે, માટે તું શામાટે ખેદ કરે છે ?

चेतितो मुनिना चेति । शिवः श्रीस्त्रीपराङ्मुखः ॥
आददे चरणं युक्तं । तद्बलेन ययौ शिवं ॥ ४५ ॥

અર્થ:—એવી રીતે મુનિએ પ્રતિબોધ આપ્યાથી લક્ષ્મી અને સ્રીથી વિરક્ત થયેલા તે બ્રાહ્મણે ચરણ એટલે ચારિત્ર લીધું. અને તેના બલથી તે મોક્ષે ગયો એ યુક્તજ છે. ॥ ૪૫ ॥

आकर्ण्य शिवविप्रस्य । प्राणनाथ कथामिमां ॥
विद्धि दैवस्य वैवश्यं । दुर्बोधं सुधियामपि ॥ ४६ ॥

અર્થ:—માટે હે પ્રાણનાથ આ શિવ બ્રાહ્મણની કથા સાંભળીને બુદ્ધિવાનોને પણ અગમ્ય એવું આપે કર્મનું વિપરીતપણું જાણવું.

दंपती एवमन्योऽन्य-कथाव्याजेन संततं ॥
तौ किंचन मनोदुःखं । निरवासयतां बहिः ॥ ४७ ॥

અર્થ:—એવી રીતે તે દંપતી હંમેશાં પરસ્પર કથાના મિષથી પોતાના મનનું દુઃખ થોડું થોડું બહાર કહાડવા લાગ્યા. ॥ ૪૭ ॥

करोति यद् घुणः काष्टे । दुर्गंत्रो यच्च चिर्भटे ॥
त्वग्मात्रसारे तद्देहे । पुत्रदुःखं चकार तत् ॥ ४८ ॥

અર્થ:—કાષ્ટની અંદર રહેલો ઘુણ જે કાર્ય કરે, તથા ચીભડામાં રહેલો કીડો જે કામ કરે, તેવું કામ ચર્મમાત્રસારવાળાં તેઓનાં શરીરમાં પુત્રસંબંધિ દુઃખે કર્યું. ॥ ૪૮ ॥

नित्यपीडाप्रदात्पुत्र—वियोगात्क्षणिकव्यथं ॥
दारुणं बहुमेनाते । दारणं क्रकचेन तौ ॥ ४९ ॥

અર્થ:—હમેશાં પીડા આપનારા પુત્રના વિયોગ કરતાં ક્ષણિક દુ:ખ-વાલું અને ભયંકર એવું પોતાને કરવતથી કપાવું તેઓ સારૂં માનવા લાગ્યા. ॥ ૪૯ ॥

दीप्ते विरसचित्यायां—मपत्यविरहानले ॥
तयोः शुष्केण वपुषा । विदधे कार्यमेध्मनः ॥ ५० ॥

અર્થ:—બેચેનીરૂપી ચિતામાં પુત્રવિરહરૂપી અગ્નિ બળતે છતે તેઓનાં શુષ્ક શરીરે બળતણનું કાર્ય કર્યું. ॥ ૫૦ ॥

नित्यश्रावेव तटिनी । स्फुटनालेव कूपिका ॥
अश्रुश्रावा सदैवाभूद् । दृष्टिर्दुःखार्त्तयोस्तयोः ॥ ५१ ॥

અર્થ:— દુ:ખથી પીડાયેલા એવા તેઓ બન્નેનાં નેત્રો હમેશ વહે-નારી નદીનીપેઠે, તથા ફુટેલી સરવાણીવાળી કુઇનીપેઠે હમેશાં આંસુ-ઓને ઝરનારાં થયાં. ॥ ૫૧ ॥

गत्यागत्यादिकं कर्म । यद्भ्यधत्तां तदादि तौ ॥
तत्सर्वं पूर्वसंस्कारा—न्न तु चैतन्यपाटवात् ॥ ५२ ॥

અર્થ:—વલી ત્યારથી તેઓ બન્ને જે ગમનાગમનાદિકનું કાર્ય કરતા હતા, તે સઘલું તેઓ પૂર્વના સંસ્કારથીજ કરતા હતા, પરંતુ સાવધ મનથી કરતા નહોતા. ॥ ૫૨ ॥

तावधारयतां प्राणा—नपि दुःखकदर्थितान् ॥
आयुःकर्मोपरोधेन । न तु जीविततृष्णया ॥ ५३ ॥

અર્થ:—વળી તેઓ દુ:ખથી કંટાળેલા ( પોતાના ) પ્રાણોને પણ ફક્ત આયુકર્મના ઉપરોધથીજ ધારણ કરતા હતા, પરંતુ જીવવાની અભિલાષાથી ધારણ કરતા નહોતા. ॥ ૫૩ ॥

एह्येहि देहि देहि सौ—हित्यं वत्सल धम्मिल ॥
स्वप्नेऽपीति प्रलपंतौ । तौ व्यनिद्रयतां न कं ॥ ५४ ॥

અર્થ:—હે પુત્ર ધમ્મિલ તું આવ આવ? અને અમોને આનંદ આપ ? એવી રીતે સ્વપ્નામાં પણ બબડતા એવા તેઓ બન્ને કોને નિદ્રારહિત ન કરવા લાગ્યા ? ॥ ૫૪ ॥

एवं काले व्रजत्यात्मा । तयोः कायममुंचत ॥
को वा सोपप्लवं स्थानं । न मुंचति सचेतनः ॥ ५५ ॥

અર્થ:—એવી રીતે કેટલોક કાલ વીત્યાબાદ તેઓના આત્માએ શરીર ત્યજ્યું, કેમકે કયો બુદ્ધિવાન માણસ ઉપદ્રવવાલું સ્થાન છોડતો નથી ? ॥ ૫૫ ॥

विपन्नयोः श्वशुरयो–र्गते परिजनेऽखिले ॥
गेहगह्वर एकैव । सिंहीवास्थाद्यशोमतिः ॥ ५६ ॥

અર્થ:—એવી રીતે સાસુસસરાના મરણબાદ સઘળો પરિવાર પણ ચાલ્યો જવાથી યશોમતી પોતાના તે ઘરરૂપી ગુફામાં સિંહણ-નીપેઠે એકલીજ રહેવા લાગી. ॥ ૫૬ ॥

निरुद्ध्य बाढं हृदय–वार्यां मीनध्वजं गजं ॥
सा भर्तृशय्यामर्यादां । वार्धिवेलेव नाभिनत् ॥ ५७ ॥

અર્થ:—વળી તેણીએ પોતાના હૃદયરૂપી સાંકળમાં કામદેવરૂપી હાથીને દૃઢ બાંધીને ભર્તારની શય્યાની મર્યાદા સમુદ્રની વીરનીપેઠે લોપી નહિ. ॥ ૫૭ ॥

सवितर्यस्तमाप्तेऽपि । धम्मिलस्तां न कामिनीं ॥
भृशं भुक्तामपि जहौ । रसी भृंग इवाब्जिनीं ॥ ५८ ॥

અર્થ:—હવે એવી રીતે માબાપરૂપી સૂર્ય આથમ્યા પછી પણ રસ-લોલુપ ભમરો જેમ કમલિનીને તેમ અત્યંત ભોગવેલી એવી પણ તે ગણિકાને તે ધમ્મિલે તજી નહિ. ॥ ૫૮ ॥

कलाकेलिकलाकेलि—कीलितस्य पणस्त्रिया ॥
आहरैतनवत्तस्या—ऽतीये द्वादशवत्सरी ॥ ५९ ॥

અર્થ:—વેશ્યાએ પોતાની મનોહર ક્રીડાવાળી કલાની ક્રીડાથી વશ કરેલા તે ધમ્મિલના બાર વર્ષો એક દિવસનીપેઠે વ્યતીત થયાં.

पणस्त्रिया प्रणाल्येवा—कृष्यमाणं शनैः शनैः ॥
कुंडस्येव पयस्तस्य । धनमक्षीयताखिलं ॥ ६० ॥

અર્થ:—નહેરસરખી વેશ્યાએ ધીમે ધીમે ખેંચી લીધેલું તેનું સઘલું ધન કુંડના જલનીપેઠે ખૂટી ગયું. ॥ ૬૦ ॥

धने प्राग्वदनायाति । धनायंत्यथ कुट्टिनी ॥
अनुशिष्य निजां चेटीं । प्रैषीद्धम्मिलधामनि ॥ ६१ ॥

અર્થ:—હવે પૂર્વનીપેઠે ધન ન આવવાથી ધનને ઇચ્છતી કુટ્ટણીએ પોતાની દાસીને શિખાવીને ધમ્મિલને ઘેર મોકલી. ॥ ૬૧ ॥

इषुवद्धर्मनिर्मुक्ता । स्वलक्षेच्छुः क्षणाद्ययौ ॥
दूरे तद्धामनि घना—श्रयवीथीमतीत्य सा ॥ ६२ ॥

અર્થ:—બાણનીપેઠે ન્યાયથી (ધનુષથી) રહિત થયેલી તથા પોતાનાજ લક્ષ્યના ઇચ્છાવાળી (લાખોગમે ધનની ઇચ્છાવાળી) તે દાસી ઘણા ઘરોવાળી શેરી (ઘણા આશ્રયવાળી સુભટશ્રેણિ) ઓલંગીને દૂરસુધિ ધમ્મિલને ઘેર ગઇ. ॥ ૬૨ ॥

क्वचित् खरैः खुरैः क्षुण्णं । प्रवरैर्विपनीमिव ॥
आवृतं वृत्तिवत्क्वापि । वेल्लद्वल्लीवितानकैः ॥ ६३ ॥

અર્થ:—ત્યાં કોઇક જગોએ મોટા ખરોએ પોતાની ખરીઓથી ઉકરડાનીપેઠે ખોદેલું, તથા ક્યાંક વાડનીપેઠે દોલાયમાન થતી વેલડીઓના સમૂહોથી વીંટાયેલું, ॥ ૬૩ ॥

क्वचिन्मध्योद्गताश्वत्थ—मूलप्रभृष्टभित्तिकं ॥
क्वापि शुभ्रसुधास्थाने । लूतापुटकपूरितं ॥ ६४ ॥

અર્થ:—તથા કયાંક વચ્ચે ઉગેલા પીપળાના મૂળીયાંઓથી પડી ગયેલી ભીંતવાળું, તથા કયાંક સફેદ ચુનાને ઠેકાણે કરોળીયાઓના પડોથી ભરેલું, ॥ ૬૪ ॥

वज्रदंतकुलैः क्लृप्त—सुरंगमिव सर्वतः ॥
लालाजालेन लूताभि—रिव प्रकृततानकं ॥ ६५ ॥

અથ:—તથા સર્વ જગોએ ઉંદરોના સમૂહોએ જાણે સુરંગોવાળું કર્યું હોય નહિ તેવું, તથા કરોળીઆઓએ પોતાની લાળના જાળાંથી જાણે તાણાવાણાવાળું કર્યું હોય નહિ તેવું, ॥ ૬૫ ॥

विजनं वनवन्मौलि—प्ररूढतृणमद्रिवत् ॥
मूर्खोक्तिवदसंस्कारं । निःश्रीकं क्षीणदेहवत् ॥ ६६ ॥

અર્થ:—વનનીપેઠે ઉજડ, પર્વતનીપેઠે જેનાપર ઘાંસ ઉગી નીકળેલું છે એવું, તથા મૂર્ખના વચનની પેઠે સંસ્કારવિનાનું એટલે ખાડાખડબાવાળું, ક્ષીણ થયેલાં શરીરની પેઠે શોભાવિનાનું, ॥૬૬॥

श्यामीभूतसुधालेपं । पतदूद्वारं श्लथाररि ॥
परितोऽवस्कराकीर्णं । तद्दासी प्रविवेश सा ॥ पंचभिः कुलकं ॥

અર્થ:—કાળો પડી ગયેલ છે ચુનાનો લેપ જેમાં એવું, પડવાની અણીપર છે દ્વાર જેનું એવું, ઢીલી થઇ ગયેલ છે અર્ગલા જેની એવું, ચારે બાજુ કચરાથી ભરેલું, એવાં તે ધમ્મિલના ઘરમાં તે દાસીએ પ્રવેશ કર્યો. ॥ ૬૭ ॥

तत्राल्पाभरणां किंचि—ल्लूनपुष्पां लतामिव ॥
ईषदूम्लानतनुं रात्रि—शेषे शशिकलामिव ॥ ६८ ॥

અર્થ:—ત્યાં તેણીએ થોડાંક ચુંટાયેલાં પુષ્પોવાલી લતાની પેઠે સ્વલ્પ આભૂષણોવાળી તથા પ્રભાતકાળની સંધ્યાસમયે ચંદ્રની કળાનીપેઠે જરા મ્લાન શરીરવાળી, ॥ ૬૮ ॥

एकांते स्वामिनो नाम । जपंतीं योगिनीमिव ॥
शार्दूलीमिव दुर्द्धर्षा । सा लुलोके यशोमतीं ॥ ६९ ॥ युग्मं ॥

અર્થ:—તથા યોગિનીની પેઠે એકાંતે પોતાના સ્વામીનું નામ જપનારી, અને સિંહણની પેઠે અત્યંત સાવધપણે રહેલી એવી યશોમતીને દીઠી ॥ ૬૯ ॥

तां दशां सद्मनस्तस्या । अपि वीक्ष्य दरिद्रतां ॥
निश्चिकाय तथाप्येषा । धृत्वा धार्ष्ट्यमवोचत ॥ ७० ॥

અર્થ:—ઘરની તથા યશોમતીની તે અવસ્થા જોઇને તેણીએ નિશ્ચય કર્યો કે અહિં તો હવે કેવલ કંગાલપણુંજ છે, તોપણ ધિઠાઇ ધારણ કરીને કહ્યું કે, ॥ ૭૦ ॥

मां चंद्रवदने चंद्र-वदनेककलालयः ॥
तवोदंतं धनं चाप्तुं । प्राहिणोदिह धम्मिलः ॥ ७१ ॥

અર્થ—હે ચંદ્રમુખી! ચંદ્રની પેઠે અનેક કલાવાળા ધમ્મિલે મને અહિં તારા સમાચાર તથા ધન લેવા માટે મોકલી છે. ॥ ૭૧ ॥

प्रेषिताप्यक्कया तत्र । सा धम्मिलमुदाहरत् ॥
ही वेश्यानामलीकोक्तेः । कासिका दासिका अपि ॥ ७२ ॥

અર્થ:—જો કે તેણે કુટણીએ મોકલી હતી, તો પણ તેણીએ ધમ્મિલનું નામ આપ્યું! અરેરે! વેશ્યાઓની દાસીઓ પણ જુઠાં વચનોના રોગવાળી હોય છે. ॥ ૭૨ ॥

भर्त्तुर्नाम्ना श्रुतेनापि । चंचद्रोमांचकंचुका ॥
अवदत्प्रमदोत्फुल्ल—नेत्रांभोजा यशोमती ॥ ७३ ॥

અર્થ:—ભર્તારનું નામ સાંભલવાથી પણ જેણીના રોમાંચ ખડાં થયેલાં છે એવી તથા હર્ષથી પ્રફુલ્લિત નેત્રકમલવાળી યશોમતી બોલી કે, ॥ ૭૩ ॥

अहो महोत्सवः पुण्यै—रद्य जागरितं मम ॥
यदाकर्ण्यत जीवंत्या । स्वामिनाम श्रवःसुधा ॥ ७४ ॥

અર્થ:—અહો! આજે તો મારે મહોત્સવ થયો છે, તથા આજે મારાં પુણ્યો જાગ્યાં છે, કે જેથી આજે જીવતાં થકાં મેં કર્ણને અમૃત સરખું સ્વામીનું નામ સાંભળ્યું. ॥ ૭૪ ॥

कच्चित्कुशलवानस्ति । प्रियः स प्रियदर्शने ॥
तन्नाममंत्रस्मरणा—न्ममाप्यकुशलं कुतः ॥ ७५ ॥

અર્થ:—વળી હે પ્રિય દર્શનવાળી! મારા તે સ્વામિનાથ કુશલ તો છે? વળી તેમના નામરુપી મંત્રના સ્મરણથી મને પણ અકુશલ ક્યાંથીજ હોય? ॥ ૭૫ ॥

धनमानययां चक्रे । यद्भर्त्ता भर्तृदारिके ॥
आज्ञा मंगलदूर्वेव । मूर्ध्नि सारोपिता मया ॥ ७६ ॥

અર્થ:—વળી હે સપત્નિ! મારા સ્વામીએ જે ધન મંગાવ્યું તે તેમની આજ્ઞા મેં મંગલિક દુર્વાની પેઠે માથે ચડાવી છે. ॥ ૭૬ ॥

पुनः किं वच्मि निःपुण्या । यत्तादृक् श्वसुरो हितः ॥
सापि श्वश्रूर्ममाभाग्या—दध्यासातां परं भवं ॥ ७७ ॥

અર્થ:—વળી હું પુણ્યવિનાની તને શું કહું? જે મારો હિતેચ્છુ સસરો હતો તે, તથા તે મારી સાસુ, તે બન્ને મારાં અભાગ્યથી પરલોક પામ્યા છે. ॥ ૭૭ ॥

गतः परिजनः सर्वः । क्षीणं च माक्तनं धनं ॥
मरुभूमाविव मयि । कुतस्तत्कमलोदयः ॥ ७८ ॥

અર્થ:—સઘળો પરિવાર પણ ચાલ્યો ગયો, તેમજ પૂર્વનું ધન પણ નષ્ટ થયું, અને મરુભૂમીજેવી જે હું તેનાવિષે હવે લક્ષ્મીનો (કમલોનો) ઉદય ક્યાંથી હોય? ॥ ૭૮ ॥

तुभ्यमद्यानवद्यांगि । यद्द्यामल्पमेव तत् ॥

यज्जीवितेशसंदेशः । स्वर्णकोट्यापि दुर्लभः ॥ ७९ ॥

અર્થ:—વળી હે અનવદ્ય શરીરવાળી ! હું તને જે કંઇ આપું છું તે સ્વલ્પજ છે, કેમકે મારા પ્રાણનાથનો સંદેશો ક્રોડો સોનામહોરોથી પણ દુર્લભ છે. ॥ ૭૯ ॥

इमां भर्त्रा विना भार–करीं भूषां गृहाण तत् ॥

ममांगे शीलमेवैकं । भूषणं स्यादकृत्रिमं ॥ ८० ॥

અર્થ:—માટે ભર્તારવિના કેવળ ભાર કરનારાં મારાં આ આભૂષણોને તું ગ્રહણ કર ? મારાં શરીરપર ફક્ત એક શીલરૂપી સ્વાભાવિક ભૂષણજ ઠીક છે. ॥ ૮૦ ॥

इत्युक्त्वा निःस्वनं बाला । रुदती भूषणानि सा ॥

देहाद् द्रुमात्फलानीव । स्वहस्तेनोदतारयत् ॥ ८१ ॥

અર્થ:—એમ કહીને શબ્દરહિત રડતી એવી તે યશોમતીએ વૃક્ષપરથી જેમ ફલો તેમ પોતાને હાથે શરીરપરથી તે આભૂષણો ઉતાર્યાં. ॥ ૮૧ ॥

दासी जग्राह तच्छील–परिशीलनविस्मिता ॥

तानि हस्तेन न हृदा—ऽक्काभीत्या न च तृष्णया ॥ ८२ ॥

અર્થ:—તેણીના આચરણથી વિસ્મય પામેલી તે દાસીએ હૃદયથી નહિ પરંતુ હાથથી, તેમજ લોભથી નહિ પરંતુ કુટણીના ડરથી તે આભૂષણો લીધાં. ॥ ૮૨ ॥

तामनुज्ञाप्य निःशेष—योषिज्जातियशस्करीं ॥

गृहागताग्रतोऽमुंचत् । कुट्टिन्या भूषणानि सा ॥ ८३ ॥

અર્થ:—સર્વ સ્ત્રીજાતિનો યશ કરનારી એવી યશોમતીની રજા લેઇને તે દાસીએ ઘેર આવીને તે આભૂષણો કુટણીનીપાસે મેલ્યાં. ।૮૩।

तदास्यकूपतः पीतै–र्यशोमत्याः कथामृतैः ॥

जरती विस्मिता मौलिं । धुनतीति व्यभावयत् ॥ ८४ ॥

અર્થ:—તેણીના મુખરૂપી કુવામાંથી પીધેલાં યશોમતીની કથારૂપી અમૃતવડે કરીને વિસ્મય પામેલી તે ડોકરી કુટણી મસ્તક ધુણાવતીથકી વિચારવા લાગી કે, ॥ ૮૪ ॥

या प्रीणाति स्वभूषाभि—रीदृग्दशामपि प्रियं ॥
सर्वनारीशिरोरत्नं । सेयं जीयाद्यशोमती ॥ ८५ ॥

અર્થ:—જે આવી અવસ્થાવાલા ભર્તારને પણ પોતાના આભૂષણોથી ખુશ કરે છે એવી તથા સર્વ સ્ત્રીઓમાં મુકુટસરખી તે આ યશોમતી જયવંતી વર્તો. ॥ ૮૫ ॥

कठिनः कश्मलो यस्याः । प्रेमहेम परीक्षितुं ॥
कषपट्टायते भर्ता । सेयं जीयाद्यशोमती ॥ ८६ ॥

અર્થ:—જેણીના પ્રેમરૂપી સુવર્ણની પરીક્ષા કરવા માટે કઠીન અને શ્યામ ભર્તાર કસોટીસરખો થયેલો છે તે આ યશોમતી જયવંતી વર્તો. ॥ ૮૬ ॥

मृन्मण्योः सरमासिंह्योः । कुवलीरंभयोरिव ॥
गुर्वी भिन्मम यस्याश्च । सेयं जीयाद्यशोमती ॥ ८७ ॥

અર્થ:—માટી અને મણી, કુતરી અને સિંહણ, તથા કંથેર અને કેળવચ્ચે જેટલો તફાવત છે તેટલો મારા અને યશોમતીના વચ્ચે તફાવત છે, તે આ યશોમતી જયવંતી વર્તો. ॥ ૮૭ ॥

शैत्यमग्नौ महो ध्वांते । शमोऽहौ वारि जंगले ॥
स्नेहो भस्मनि लालित्यं । पाषाणे कमलं स्थले ॥ ८८ ॥
यथा तथा यदाचार—चारिम्णा मम चेतसि ॥
दुर्घटापि दयोदीये । सेयं जीयाद्यशोमती ॥ ८९ ॥ युग्मं ॥

અર્થ:—જેમ અગ્નિમાં શીતલતા, અંધકારમાં તેજ, સર્પમાં શાંતપણું, જંગલમાં પાણી, રાખમાં ચીકાશ, પાષાણમાં નરમાશ તથા તથા સ્થલપર જેમ કમલ, ॥ ૮૮ ॥

અર્થ:—તેમ જેણીના આચારની મનોહરતાથી મારા મનમાં કદાપિ પણ ન આવે એવી દયા ઉત્પન્ન થઇ છે, તે આ યશોમતી જયવંતી વર્તો. ॥ ૮૯ ॥

भृशोपभुज्यमानेभ्य—विभवा भोगवत्सटा ॥
सती निर्माल्यमेषा मे । भूषा न स्पृष्टुमर्हति ॥ ९० ॥

અર્થ:—ઘણાં વપરાયેલાં તથા શાહુકારના વૈભવસરખાં એવાં સતીએ નિર્માલ્ય કરેલાં આ આભૂષણને સર્પની ફેણાનીપેઠે મારે સ્પર્શ કરવો પણ યુક્ત નથી. ॥ ૯૦ ॥

अथाष्टाग्र्यसहस्त्रेण । स्वदीनारैः समन्वितां ॥
भूषां प्रत्यर्पयामास । यशोमत्यै तयैव तां ॥ ९१ ॥

અર્થ:—પછી તે કુટણીએ પોતાની એક હજાર ને આઠ સોના મહોરો સહિત તે આભૂષણો તે દાસી મારફતેજ યશોમતીને પાછા મોકલાવી આપ્યાં. ॥ ૯૧ ॥

नाघ्राता कुट्टिनीव्याघ्र्या । दृग्गोचरगतापि यत् ॥
अतः सा तां प्रभावाढ्या—मिव जग्राह गौरवात् ॥ ९२ ॥

અર્થ:—નજરે પડેલાં એવાં પણ આ આભૂષણ તે કુટણીરૂપી વાઘણે સુંઘ્યાં પણ નહી, માટે તેને પ્રભાવવાલાં માનીને તેણીએ ગૌરવપૂર્વક પાછાં ગ્રહણ કર્યાં. ॥ ૯૨ ॥

अथानागमनं भर्त्तु—र्निश्चित्याऽरोदि बालया ॥
हा त्वयीश तटस्थेऽपि । जाता प्रोषितपत्न्यहं ॥ ९३ ॥

અર્થ:—હવે મારો સ્વામી આવશે નહિ એમ નિશ્ચય કરીને તે બિચારી યશોમતી વિલાપ કરવા લાગી કે, હે સ્વામી આપ અહીંજ બેઠા છતાં પણ હું ભર્તારવિનાની સ્ત્રીસરખી થઇ છું. ॥ ૯૩ ॥

सोढः श्वशुरयोर्मृत्युः । सोढः संपत्क्षयो मया ॥
हा सोढव्यः कथं नाथ । यौवने विरहस्तव ॥ ९४ ॥

અર્થ:—મેં સાસુ સસરાનું મરણ સહન કર્યું, ધનનો વિનાશ સહન કર્યો પરંતુ હે સ્વામી ! આ યૌવનવયમાં આપનો વિરહ મારે શીરીતે સહન કરવો ? ॥ ૯૪ ॥

नलिनीव विना नीरं । निराधारा पतिं विना ॥
एकाकिनी कियत्काल—मबला किल नंदति ॥ ९५ ॥

અર્થ:—જલ વિના કમલિનીનીપેઠે પતિવિના નિરાધાર થયેલી એકલી અબલા કેટલો કાલ નભી શકે? ॥ ૯૫ ॥

दक्ष दक्षिणहस्तं मे । दत्वा स्वजनसाक्षिकं ॥
विपर्यस्तोऽसि यद्वाल—मालप्य पुरुषः प्रभुः ॥ ९६ ॥

અર્થ:—હે ચતુરસ્વામી! સ્વજનોની સમક્ષ મને પોતાનો જમણો હાથ આપીને હવે આપ ફરી બેઠેલા છો! અથવા આપને હું શું ઓલંભો દેઉં? પુરૂષ માલીક છે. ॥ ૯૬ ॥

अहं तत्राप्युपेत्य त्वा—मनुनीयानये ननु ॥
न चेद्विघ्नं विधत्तेऽसौ । पापा कुलवधूस्थितिः ॥ ९७ ॥

અર્થ:—વળી આ કુલવધૂની પાપી મર્યાદા જો મને વચ્ચે વિઘ્નકારી ન હોત તો હું તે વેશ્યાને ઘેર આવીને પણ આપને સમજાવીને પાછા લાવત. ॥ ૯૭ ॥

नित्यं वससि मच्चित्ते । मम वेत्सि न वेदनां ॥
ममाभाग्यैर्गतं यत्ते । ज्ञानं तन्नाथ मृष्यतां ॥ ९८ ॥

અર્થ:—આપ હમેશાં મારા ચિત્તમાં વસો છો, પરંતુ મારી વેદના જાણતા નથી, કેમકે મારા અભાગ્યોથી આપનું તે જ્ઞાન પણ નાશ પામેલું છે, માટે સ્વામી હવે આપ કંઇક વિચાર કરો ? ॥ ૯૮ ॥

यशोमती विलप्येति—विक्रीयावासमाशु तं ॥
त्यक्तसंसारसौख्याशा । पितुरावासमासदत् ॥ ९९ ॥

અર્થ:—એવી રીતે તે યશોમતી વિલાપ કરીને તથા જલદી તે ઘર વેચીને અને સંસારસુખની આશા છોડીને પોતાના પિતાને ઘેર આવી રહી. ॥ ૯૯ ॥

अथ बुध्ध्वाऽधनं श्रेष्टी—नंदनं स्वसुतां जगौ ॥
शंभली लोभलीनांतः—करणा करुणोज्झिता ॥ १०० ॥

અર્થ:—હવે શેઠનાં પુત્ર ધમ્મિલને નિર્ધન થયેલો જાણીને લોભી મનવાળી તથા નિર્દય કુટ્ટણીએ પોતાની વસંતતિલકાને કહ્યું કે, ॥૧૦૦॥

पुत्रि कृत्रिमरागेण । व्यापाराः पणयोषितां ॥
तत्त्वं किं तात्विकं प्रेम । धत्से तुच्छेऽत्र धम्मिले ॥ १ ॥

અર્થ:—હે પુત્રિ ! આપણો વેશ્યાઓનો વ્યાપાર તો કૃત્રિમ રાગવાળો હોય છે, તો પછી આ તુચ્છ ધમ્મિલપ્રતે તું આટલો પ્રેમ શા માટે ધારણ કરે છે ? ॥ ૧ ॥

कलाकुलीनतारूप–सौभाग्यप्रमुखाः गुणाः ॥
धनहीना न शोभंते । विसर्पिर्भोजनं यथा ॥ २ ॥

અર્થ.—જેમ ઘૃતવિનાનું ભોજન તેમ ~~કલા~~, કુલીનપણું, રૂપ તથા સૌભાગ્ય આદિક ગુણો ધન વિના શોભતા નથી. ॥ ૨ ॥

तदकिंचित्करं मुंच । निर्द्धनत्वेन धम्मिलं ॥
महाकविवदर्थैक-रसिका हि पणस्त्रियः ॥ ३ ॥

અર્થ:—માટે હવે નિર્ધનપણાથી નિરૂપયોગી એવા ધમ્મિલને તું છોડી દે, કેમકે વેશ્યાઓ તો મહાકવિની પેઠે ફક્ત એક (અર્થનાજ) ધનનાજ રસવાળી હોય છે. ॥ ૩ ॥

तदश्रुतिचरं श्रुत्वा । वचनं मातुरातुरा ॥
वंसततिलकाप्यादी-दविलंब्य वचस्ततः ॥ ४ ॥

અર્થ:—એવી રીતે માતાનું નહિ સાંભળવાલાયક વચન સાંભળીને ખેદ પામેલી વસંતતિલકા બોલી કે, ॥ ૪ ॥

आसन्ने मरणे मात-र्वैकल्यं किं तवागतं ॥
देवीनामपि दुःप्रापं । यत्त्याजयसि मामम्ुं ॥ ५ ॥

અર્થ:—હે માતા તારૂં મરણ નજીક હોવાથી શું તારી બુદ્ધિ ફરી ગઇ છે? કે જેથી દેવીઓને પણ દુર્લભ એવા ધમ્મિલને તજવાનું તું મને કહે છે! ॥ ૫ ॥

अयं रूपेण कंदर्पो । विवेकेन ब्रृहस्पतिः ॥
गांभीर्येण पयोराशि-रौदार्येण घनाघनः ॥ ६ ॥
कलाभिः कौमुदीकांतो । धीरिम्णामरभूधरः ॥
प्राप्तः प्राक्सुकृतैरेव । विनागस्त्यागमर्हति ॥ ७ ॥ युग्मं ॥

અર્થ:—આ ધમ્મિલ રૂપે કામદેવસરખો છે, વિવેકમાં બૃહસ્પતિ સમાન છે, ગંભીરતામાં સમુદ્રતુલ્ય છે, તથા ઉદારતામાં વરસાદ સમાન છે. ॥ ૬ ॥

અર્થ:—કલાઓમાં તે ચંદ્રસરખો છે, તથા ધૈર્યમાં મેરૂ સરખો છે, વળી તે પૂર્વના પુણ્યોથીજ આપણને પ્રાપ્ત થયો છે, માટે અપરાધ વિના તેનો ત્યાગ કરવો યુક્ત નથી.

गुणिन्येवानुरज्यंति । गुणज्ञा न धनाश्रये ॥
श्रीवृक्षमलयस्त्यक्त्वा । यांति जातिं कृशामपि ॥ ८ ॥

અર્થ:—ગુણજ્ઞ માણસો ગુણિમાંજ રંજીત થાય છે, પરંતુ ધનવાનમાં થતા નથી, કેમકે ભમરાઓ ચંદનને છોડીને દુર્બલ એવાં પણ જાઈના વૃક્ષ પ્રત્યે જાય છે. ॥ ૮ ॥

पश्याऽविभवमप्याशु । गुणाढ्यं रत्नकंबलं ॥

संगृह्णंते महीपाला । मातर्जातस्पृहा न किं ॥ ९ ॥

અર્થ:—વળી હે માતા તું જો કે અવિભવ એટલે શોભાવિનાનો (ઘેટાંના ઉનથી બનેલો) એવો પણ ગુણોવાળા (તંતુઓવાળા) રત્નકંબલને ઇચ્છાપૂર્વક શું રાજાઓ તુરત ગ્રહણ કરતા નથી? ॥ ૯ ॥

अदत्त यदसौ वित्तं । किं सिंधूर्मिसधर्मणा ॥

शांता न तेन ते तृष्णा । वाडवाग्निशिखासखी ॥ १० ॥

અર્થ:—વળી તેણે જે ધન આપ્યું છે, તે સમુદ્રના મોજાંસરખા ધનથી પણ શું તારી વડવાનલની જ્વાલાસરખી તૃષ્ણા નાશ પામી નહિ? ॥ ૧૦ ॥

यदीयतोऽपि द्रव्यस्य । दाता मातर्यथोज्झ्यते ॥

स्वं न श्वानं तदा मन्ये । मनाग्दातुः सदानुगं ॥ ११ ॥

અર્થ:—વળી હે માતા! આટલા બધા ધનના દાતારને પણ જો હું તજી દેઉં તો હું થોડું દેનારની પાછળ પણ હમેશાં જનારા એવા શ્વાનસરખા પણ મારા આત્માને હું માની શકું નહિ. ॥ ૧૧ ॥

इति तद्वचनाधार—धारधोरीकृतोऽमुचत् ॥

वचःस्फुलिंकानेव—मक्का कोपवृषाकपिः ॥ १२ ॥

અર્થ:—એવી રીતનાં તેણીનાં વચનનો તિરસ્કાર કરનારાં વચનરૂપી તણખાઓને ક્રોધરૂપી અગ્નિવાળી કુટણી છોડવા લાગી. ॥ ૧૨ ॥

अभूदभूतपूर्वस्ते । पुत्रि कोऽयं कदाग्रहः ॥

विचारश्चारुबुद्धीनां । न युक्तो गुरुशासने ॥ १३ ॥

અર્થ:—હે પુત્રિ! અગાઉ કોઇ પણ સમયે નહિ થયેલો એવો આ તને આજે શું કદાગ્રહ થયો છે? બુદ્ધિવાનોએ વડીલના હુકમમાટે વિચાર કરવો લાયક નથી. ॥ ૧૩ ॥

याः स्वलक्ष्यममुंचत्यः । कुर्वंति जनरंजनं ॥

योगिनीनामिवैतासां । वेश्यानां प्रेम दूषणं ॥ १४ ॥

અર્થ:—જેઓ પોતાના લક્ષ્યને છોડયાવિના લોકોને ખુશી કરે છે, એવી યોગિની સરખી વેશ્યાઓ માટે પ્રેમ એ એક દૂષણ છે. । ૧૪ ।

हीरार्थिनि दया व्याधे । कितवे सत्यसारता ॥

वानरे स्थैम वेश्यायां । प्रेमावश्यं विडंबना ॥ १५ ॥

અર્થ:—યાચકને લજ્જા, પારધિને દયા, ઠગારાને સત્ય, વાનરને સ્થિરપણું અને વેશ્યાનો પ્રેમ એ સઘલું વિડંબનારૂપ એટલે ન ઘટી શકે તેવું છે. ॥ ૧૫ ॥

विधाय तदमुं कंचि-दाढ्यं मुंच परं नरं ॥
व्रातीनता हि वेश्यानां । समायः शमिनामिव ॥ १६ ॥

અર્થ—માટે હવે કોઇ બીજા ધનવાન પુરુષને પોતાનો સ્વામી કરીને આને તજીદે ? કેમકે મુનિઓનીપેઠે વેશ્યાઓનું પણ સમાયરૂપ એટલે ધનના સારા લાભરૂપ (સામાયિકરૂપ) વ્રત છે. ॥ ૧૬ ॥

एवमग्न्यस्त्रवन्मत्वा । मातुः संतापकं वचः ॥
वारस्त्री वारुणास्त्राभं । संदधे सुंदरं वचः ॥ १७ ॥

અર્થ:—એવી રીતનાં પોતાની માતાના અગ્નિશસ્ત્રનીપેઠે સંતાપ-કારક વચન સાંભલીને, વસંતતિલકા વારુણાસ્ત્ર સરખું સુંદર વચન બોલી કે, ॥ ૧૭ ॥

यथा विचारः प्राज्ञानां । न युक्तो गुरुशासने ॥
किं प्रपन्नपरित्याग—स्तथा संगतिमंगति ॥ १८ ॥

અર્થ:—જેમ બુદ્ધિવાનોએ વડીલના હુકમમાટે વિચાર કરવો યોગ્ય નથી, તેમ સ્વીકારેલાનો ત્યાગ કરવો તે વાત પણ શું ઘટી શકે છે ?

पूर्वं न क्रियते स्नेहः । क्रियते वा कचिद्यदि ॥
श्रेयांस्तदयमूर्णायौ । लाक्षाराग इव ध्रुवः ॥ १९ ॥

અર્થ:—પ્રથમ તો સ્નેહજ કરવો નહિ, અને કદાચિત્ કરીએ તો તે ઉનના કાપડમાં જેમ મજીઠનો રંગ તેમ તે નિશ્ચલ કરવો તેજ કલ્યાણકારી છે. ॥ ૧૯ ॥

इयद्भिर्वासरैः प्रेम—प्रासादो योऽत्र निर्ममे ॥
स्थिरः समः समुत्तुंग—स्तं स्वयं पातये कथं ॥ २० ॥

અર્થ:—આટલા દિવસોમાં જે મેં આ સ્થિર, સીધો અને ઉંચો પ્રેમરૂપી મહેલ ચણ્યો છે, તેને હું મારે હાથે કેમ પાડું ? ॥ ૨૦ ॥

नान्यत्र रमते चेतो । निध्यातैतद्गुणं मम ॥
विश्राम्यति करीरे किं । रसालरसिकः पिकः ॥ २१ ॥

અર્થ:—આ ધમ્મિલના ગુણોનાજ ધ્યાનવાલું મારું ચિત્ત અન્ય-વિષે ખુશ થાય તેમ નથી, આંબાની રસીક કોયલ શું કંથેરપર વિશ્રામ કરશે ? ॥ ૨૧ ॥

मातर्मातः परं वोचः । शोचनीयमिदं वचः ॥

चेत्त्वं चारितवामासि । तर्हि पंथा ममापि सः ॥ २२ ॥

અર્થ:—માટે હે માતા ! હુવેથી તું આવું શોચનીય વચન બોલતી નહિ, અને જો તું તેને કહાડી મેલીશ તો મારો પણ તેજ માર્ગ તારે જાણવો? ॥ ૨૨ ॥

भूयानेवं गतः काल–स्तयोर्विवदमानयोः ॥

उपर्यधो वा नैकस्या । अपि पक्षोऽभवत्पुनः ॥ २३ ॥

અર્થ:—એવી રીતે વિવાદ કરતાંથકાં તેઓ બન્નેનો ઘણો કાળ ગયો, પરંતુ બન્નેમાંથી એકનો પણ પક્ષ ઉપર નીચે થયો નહિ ॥ ૨૩ ॥

अन्यदा कुंदसंकाश–रदा सा शरदागमे ॥

बुभुक्षुरीक्षुखंडानि । ययाचे मातरं मुदा ॥ २४ ॥

અર્થ:—પછી એક વખતે શરદઋતુસમયે ડોલરની કળીસરખા દાંતવાળી તે વસંતતિલકાએ સેલડી ખાવાની ઇચ્છાથી પોતાની માપાસે હર્ષથી તેના ટુકડા માગ્યા. ॥ ૨૪ ॥

तया समर्पितैर्यंत्र–पीडितपांडुपुंड्रकैः ॥

किं कूर्चकैः करोम्येभि–रिति सा प्रत्यवोचत ॥ २५ ॥

અર્થ:—ત્યારે તેણીએ યંત્રમાં પીલેલી શ્વેત શેરડી આપી, ત્યારે વસંતતિલકા બોલી કે આ કુચાઓને હું શું કરૂં ? ॥ ૨૫ ॥

साथ लब्धावकाशाऽक्क् । कोपकंप्रौष्टपल्लवा ॥

निःसारवस्त्वादरिणि । प्रियप्राप्तौ विषीद मा ॥ २६ ॥

અર્થ:—ત્યારે ક્રોધથી કંપતા ઓષ્ટપલ્લવવાળી તે કુટણીએ પોતાને અવસર મલવાથી કહ્યું કે હે નિઃસાર વસ્તુના આદરવાળી પુત્રિ ! તને આ મનગમતુંજ મલ્યું છે, માટે ખેદ ન કર? ॥ ૨૬ ॥

निःसारो यदि भर्तायं । जातस्ते प्रीतिकारणं ॥

तद्वस्त्रखाद्यभूषाद्यं । देयं निःसारमेव ते ॥ २७ ॥

અર્થ:—આ સારરહિત ભર્તાર જ્યારે તને પ્રીતિના કારણરૂપ થયો છે, ત્યારે વસ્ત્ર, ભોજન તથા આભૂષણઆદિક પણ તને સારરહિતજ દેવું જોઇયે. ॥ ૨૭ ॥

सा विज्ञाततदाकूता । वाचमूचे किमंब ते ॥

गतं दृग्धाम यन्नैषां । गुणं संतमपीक्षसे ॥ २८ ॥

અર્થ:—ત્યારે તેણીનો અભિપ્રાય જાણીને વસંતતિલકા બોલી કે હે માતા! શું તારૂં આંખોનું તેજ નષ્ટ થયું છે? કે જેથી આના છતા ગુણને પણ તું જોતી નથી. ॥ ૨૮ ॥

अग्निदग्धैरपि क्षारो । योऽमीभिः किल जायते ॥
वासोमलीमसं शोधु–मलं कस्तं विनापरः ॥ २९ ॥

અર્થ:—આ કુચાઓને અગ્નિમાં બાળવાથી તેનો જે ખાર થાય છે, તેનાવિના કપડાંનો મેલ કોણ કહાડી શકે તેમ છે? ॥ ૨૯ ॥

हेमंते हेमगौरांगी । सा कदाचिदयाचत ॥
तिलानक्कां मुदे हि स्या—द्गुरुदत्ता सुखादिका ॥ ३० ॥

અર્થ:—હેમસરખાં ગેોર શરીરવાળી તે વસંતતિલકાએ હેમંતઋતુમાં એક દિવસ પોતાની માતાપાસે તલ માગ્યા, કેમકે વડીલે આપેલી સુખડી હર્ષકારક થાય છે. ॥ ॥ ૩૦ ॥

खलं समर्प्य सा दत्त—पृष्टा पृष्टा तया रयात् ॥
उच्छृंखला खलापीडं । स्वं चक्रे प्राग्वदुक्तिभिः ॥ ३१ ॥

અર્થ:—ત્યારે તે પણ તેણીને ખોળ આપીને જેવી પાછી વળી, ત્યારે તેણીએ પુછવાથી તે ઉછૃંખલ કુટ્ટિની પૂર્વનીપેઠે વચનોથી પોતાના આત્માને ખળસમાન કરવા લાગી. ॥ ૩૧ ॥

सा प्रत्यूचे न किं वेत्सि । लभते यद्यमुं खलं ॥
सैरिभी तत्पयोदाना—दंब कादंबिनीयते ॥ ३२ ॥

અર્થ:—ત્યારે વસંતતિલકા બોલી કે, હે માતા! તું જાણતી નથી કે જો આ ખોળ ગાયને આપવામાં આવે તો તે દૂધ દેવામાં મેઘમાળાસરખી નીપજે. ॥ ૩૨ ॥

यावकं याचितान्येद्यु—स्तया क्रमनखश्रिये ॥
जरत्यदत्त पक्ष्माणि । निश्च्योतितरसानि सा ॥ ३३ ॥

અર્થ:—વળી એક દિવસે તેણીએ પગના નખો રંગવા માટે મજીઠ માગી ત્યારે તે ડાકરીએ તેણીને નીચોવેલ રસવાળાં તેનાં ફોતરાં આપ્યાં. ॥ ૩૩ ॥

पृष्टा प्राग्वत् प्रजल्पंती । तयाक्काऽवादि निष्टुरं ॥
मातर्मूढासि यद्दोषा—नेषु केवलमीक्षसे ॥ ३४ ॥

અર્થ:—પૂછવાથી પૂર્વનીપેઠે કહેનારી તે કુટણીને વસંતતિલકાએ નિર્ભ્રંછના પૂર્વક કહ્યું કે હે માતા! તું કેવળ મૂર્ખ છે, કે આ ફોતરાંમાં તું કેવળ દોષોજ જોયા કરે છે. ॥ ૩૪ ॥

दीपः क्रियेत यद्येत—द्वर्त्त्यो तद्गैरिकोपमं ॥
कंचित्प्रपंचयत्येवा—लोकमोकःप्रकाशकं ॥ ३५ ॥

અર્થ:—જો આ ઉતરાંઓની વાટથી દીપક કરવામાં આવે તો ઘરમાં તેજ કરનારો લાલ રંગનો પ્રકાશ થાય. ॥ ૩૫ ॥

अक्का दध्यौ ध्रुवमियं । धूर्त्तेनानेन वंचिता ॥
नो चेन्निर्धनमप्येतं । हा कथं धनदीयति ॥ ३६ ॥

અર્થ:—ત્યારે તે કુટણીએ વિચાર્યું કે ખરેખર તે ધૂર્તે આને ઠગેલી છે, જો એમ ન હોય તો આ નિર્ધન ધમ્મિલને પણ તે કુબેરસમાન કેમ જાણે? ॥ ૩૬ ॥

गंडशैल इव स्थूलो । मुधा रुध्ध्वा गृहं स्थितः ॥
यया कयाचिद् बुध्ध्येव । निर्वास्योऽबलया मया ॥ ३७ ॥

અર્થ:—મોટા ખડકનીપેઠે આ ફોકટ ઘર રોકીને બેઠો છે, માટે હવે કંઈક બુદ્ધિ ચલાવીને મારે આને કહાડી મેલવો જોઇયે. ॥ ૩૭ ॥

ततो द्रोहविनिद्रोहा—चांतचित्ता सदैव सा ॥
उत्सवच्छद्मना पान—गोष्टीमारभतान्यदा ॥ ३८ ॥

અર્થ:—પછી હમેશાં દ્રોહયુક્ત ખુટ્ટાવિચારવાળા મનવાળી તે કુટ્ટણીએ એક દિવસ ઉત્સવના મિષથી મદ્યપાનની ગોષ્ટીનો પ્રારંભ કર્યો.

वसंततिलका चान्यो—ऽपि च पण्यांगनाजनः ॥
दुरुपायविदाऽपायि । तया निःप्रसरं सुरां ॥ ३९ ॥

અર્થ:—તે સમયે દુષ્ટ ઉપાયને જાણનારી તે કુટણીએ વસંતતિલકાને તથા બીજી વેશ્યાઓને પણ ખુબ મદ્યપાન કરાવ્યું. ॥ ૩૯ ॥

उच्चावचगिरस्ताम्र—कपोला घूर्णितेक्षणाः ॥
प्रमदा मदयामासु—र्न कं पीतमदास्तदा ॥ ४० ॥

અર્થ:—તે વખતે મદ્યપાન કરનારી તે સ્ત્રીઓ ગલીચ વચનો બોલતીથકી લાલ ગંડસ્થલોવાળી તથા ઘેરાયેલી આંખોવાળી થઇ થકી કોને મદોન્મત્ત કરવા ન લાગી? ॥ ૪૦ ॥

अथायःशूलिकी स्वांते । वचनामृतसारणी ॥
शंभली दंभलीनात्मा—ऽन्वशिषद्धम्मिलं रहः ॥ ४१ ॥

અર્થ:—મનમાં લોખંડની શુલીસરખી, તથા વચનમાં અમૃતની નહેરસરખી તે દાંભિક કુટણી ગુપ્ત રીતે ધમ્મિલને કહેવા લાગી કે, ॥ ૪૧ ॥

वत्स नाद्रियसे मद्यं । वेश्यौकसि वसन्नपि ॥
केयं ते वैदुषी वस्तु—ऽन्यपदोषेऽपि रोषिणः ॥ ४२ ॥

અર્થ:—હે વત્સ ! તું વેશ્યાને ઘેર રહ્યા છતાં જે મદિરા પીતા નથી, તો આ નિર્દોષ વસ્તુમાં પણ રોષ કરનારો એવો જે તું, તેની આ ચતુરાઇ તે કેવા પ્રકારની? ॥ ૪૨ ॥

यदागतं वार्द्धिविलोडनेन । यदादृतं यादवनायकेन ॥
यद्द्युम्नदेहद्युतिवर्द्धनं च । तन्मद्यमुद्यच्छति को निषेद्धुं ॥ ४३ ॥

અર્થ:—જે આ મદ્ય સમુદ્ર વલોવવાથી મલ્યું છે, તથા જેનો યાદવોના સ્વામિ શ્રીકૃષ્ણે પણ આદર કર્યો છે, વળી જે બળ તથા શરીરની કાંતિ વધારનારૂં છે, તે મદ્યનો નિષેધ કરવાને કોણ ઉદ્યમવંત થાય ? ॥ ૪૩ ॥

हृदो मृषा शल्यमपैति येन । येन स्वदेहेऽपि ममत्वभंगः
आढ्ये दरिद्रेऽपि यतः समाधि—र्बुधा मुधा मद्यमिदं त्यजंति॥४४॥

અર્થ:—વલી જે મદ્યથી હૃદયનું ખોટું શલ્ય નિકલી જાય છે, તથા જેથી પોતાના શરીરની પણ મમતા રહેતી નથી, વલી જેથી તવંગર તથા ગરીબ બન્નેને સમાધિ થાય છે, માટે આવા ગુણવાલા મદ્યને તો પંડિત ફોકટ તજે છે. ॥ ૪૪ ॥

घर्षंत्येके हसंत्येके । जल्पंत्यन्ये यथा तथा ॥
तथापि दृढयोगीव । न क्षीवः क्वापि कुप्यति ॥ ४५ ॥

અર્થ:-વલી તે મદ્યપાન કરનાર મનુષ્યને કોઇ નિભ્રંછે છે, કોઇ હસે છે તથા કોઇ જેમ તેમ બોલે છે, તોપણ તે મહોટા યોગીનીપેઠે કોઇપર પણ ગુસ્સે થતો નથી. ॥ ૪૫ ॥

मधुपा यत्र खेलंति । मधु यत्रोपजायते ॥
तत्रांबुजे वसंती श्री—रपि विद्वेष्टि नो मधु ॥ ४६ ॥

અર્થ:—જ્યાં ભમરાઓ ક્રીડા કરે છે, તથા જેમાં મદ્ય ઉત્પન્ન થાય છે, તે કમલમાં રહેતી લક્ષ્મી પણ મદ્યને ધિક્કારતી નથી. ૪૬

दशधा कल्पवृक्षाणां । प्रथमे मद्यदायिनः ॥
चतुर्दशसु रत्नेषु । मद्यमंतरधीयते ॥ ४७ ॥

અર્થ:—દશ પ્રકારના કલ્પવૃક્ષોમાં પણ પહેલા મદ્ય દેનારાં કલ્પવૃક્ષો છે, તેમ ચૌદ રત્નોમાં પણ મદ્ય ગણાય છે. ॥ ૪૭ ॥

द्विषः सुखं कृषंतीभा । मद्योपचितशक्तयः ॥
आपणाः कल्पपालाना—मत एवोच्छ्रितध्वजाः ॥ ४८ ॥

અર્થ:—મદ્યપાનથી બળવંત થયેલા હાથીઓ શત્રુઓને સુખે મારી શકે છે, તથા તેથીજ કિલાલોની દુકાનોપર ધજાઓ ફરકે છે. ૪૮

तदाशु पिब मैरेयं । केयं बह्वी विमर्शना ॥
निजस्थानोचितं चेष्ट—मानो न खलु निंद्यते ॥ ४९ ॥

અર્થ:—માટે તું જલદી મદ્યપાન કર? શામાટે ઘણો વિચાર કરવો પડે છે? પોતાના સ્થાને ઉચિત આચરણ કરનારો કંઈ નિંદાતો નથી.

इत्युक्तः स तया भ्रष्ट—कुलाचारः सुरां पपौ ॥
यत्रैकं व्यसनं तत्र । संयुज्यंते पराण्यपि ॥ ५० ॥

અર્થ:—એવી રીતે તેણીના કહેવાથી ધમ્મિલે પણ કુલાચારથી ભ્રષ્ટ થઇને મદ્યપાન કર્યું, કેમકે જ્યાં એક વ્યસન હોય છે ત્યાં બીજા વ્યસનો પણ જોડાય છે. ॥ ૫૦ ॥

लुठन्निद्रालुवत्पृथ्व्यां । शिथिलांगो मुमुर्षुवत् ॥
परासुरिव निश्चेष्टः । स मद्येन क्रमात्कृतः ॥ ५१ ॥

અર્થ:—પછી મદ્યપાનથી તે અનુક્રમે નિદ્રાલુની પેઠે જમીનપર લોટવા લાગ્યો, મરનારનીપેઠે શિથિલ અંગવાળો થયો, તથા મરેલાની પેઠે ચેષ્ટારહિત થયો. ॥ ૫૧ ॥

स्त्रीराज्यमिव कुर्वाणे । गाणिक्ये जरतीगिरा ॥
पारे पुरं प्रदोषेऽसौ । दासीभिः परितत्यजे ॥ ५२ ॥

અર્થ:—સ્ત્રીરાજ્યનીપેઠે ગણિકાઓનો સમૂહ આચરતે છતે તે ડોકરીના વચનથી દાસીઓએ તે ધામ્મલને સંધ્યાસમયે નગરની બહાર ફેંકી દીધો. ॥ ૫૨ ॥

भूपीठे लुठतस्तस्य । सकलामपि शर्वरीं ॥
अभूत्प्रभूतभूच्छाय—मसहिष्णुर्दिनोदयः ॥

અર્થ:—ત્યાં આખી રાત પૃથ્વીપર લોટતાં થકાં પૃથ્વીપરના ઘણા છાયાને નહિ સહન કરનારો દિવસનો ઉદય થયો. ॥ ૫૩ ॥

तदार्हतेषु चैत्येषु । मांगल्यः कंबुरध्वनत् ॥
निशि प्रसुप्तं श्रीधर्म—भूपमुद्बोधयन्निव ॥ ५४ ॥

અર્થ:—તે સમયે જિનમંદિરોમાં રાત્રિએ સુતેલા ધર્મરૂપી રાજાને જાણે જગાડતો હોય નહિ તેમ મંગલિક શંખનાદ થવા લાગ્યો. ૫૪

अनुयांती विधुं कांतं । रात्रिस्तारकभूषणा ॥

न भास्करकरस्पर्श—मपि सेहे पतिव्रता ॥ ५५ ॥

અર્થ:—વળી તે વખતે તારારૂપી આભૂષણોવાળી રાત્રિરૂપી પતિવ્રતા સ્ત્રી પોતાના સ્વામી ચંદ્રની પાછળ જતીથકી સુર્યના કરસ્પર્શને પણ ન સહન કરવા લાગી. ॥ ૫૫ ॥

स्तोककालं ममाभावे । तमसा जग्रसे जगत् ॥

इति रोषादिवारक्त—मूर्तिर्मार्त्तंड उद्ययौ ॥ ५६ ॥

અર્થ:—મારી થોડા સમયની ગેરહાજરીમાં અંધકાર આખા જગતને ગળી ગયો, એમ વિચારી જાણે ક્રોધથી હોય નહિ તેમ લાલ મૂર્તિવાળો સૂર્ય ઉદય પામ્યો. ॥ ૫૬ ॥

अथ जागरितः पूष्णा । स्वकरैः कृपयेव सः ॥

स्वं भूरिभूरजोलिप्तं । निरीक्ष्येति व्यभावयत् ॥ ५७ ॥

અર્થ:—હવે સૂર્યે જાણે દયાથીજ પોતાના કિરણોથી જગાડેલો તે ધમ્મિલ પોતાને જમીનપરની ઘણી ધુડથી ખરડાએલો જોઇને વિચારવા લાગ્યો કે, ॥ ૫૭ ॥

क्व तत्सौधं क्व तत्तल्पं । क्व सा कांता मनोरमा ॥

ममादृश्यमभूद्दिव्य—मायामयमिवाखिलं ॥ ५८ ॥

અર્થ:—અરે! તે મહેલ, તે શય્યા તથા મનોહર સ્ત્રી વિગેરે ક્યાં ગયું! આ સઘલું મને દિવ્ય માયાનીપેઠે અદૃશ્ય થઇ ગયું છે! ૫૮

किमन्यजन्म किं स्वप्न—मुत मायाथवा भ्रमः ॥

यत्तादृशं सुखं भुक्त्वा । लुठन्नस्मि महीतले ॥ ५९ ॥

અર્થ:—શું મારો પુનર્જન્મ થયો છે? અથવા શું આ સ્વપ્ન છે? અથવા માયા કે ભ્રમ છે? કે જે હું તેવું સુખ ભોગવીને પૃથ્વીપર લોટતો પડયો છું! ॥ ૫૯ ॥

न मया कोपितः कोऽपि । नयेद्यो मामिमां दशां ॥

नूनं निर्धनतादोषा—जरत्या त्याजितस्तया ॥ ६० ॥

અર્થ:—મેં કોઇને ગુસ્સે કર્યો નથી કે જે મને આ દશાએ પહોંચાડે, ખરેખર નિર્ધનપણાના દોષથી મને તે ડોકરીએ કેંકાવી દીધો છે. ॥ ૬૦ ॥

दद्दे यस्यै पराभुतिः । पराभूतिस्ततो मया ॥

लेभे तदस्याः को दोषो । नाशो दत्तस्य नास्ति यत् ॥६१॥

અર્થઃ—જેણીને મેં પરાભૂતિ એટલે ઘણું ધન આપ્યું છે, તેણીના તરફથી મને પરાભૂતિ એટલે આ પરાભવ મલ્યો છે, તેમાં તેણીનો શું દોષ છે, કેમકે દાનનો નાશ નથી, અર્થાત્ જેવું દેવું તેવું લેવું છે.

परस्परं विरोधिन्यो । यासां चित्तवचःक्रियाः ॥

तासु लोभाभिभूतासु । विश्रंभः शंभलीषु कः ॥ ६२ ॥

અર્થઃ—જેઓના મન વચન અને ક્રિયા પરસ્પર વિરોધવાળાં છે, એવી તે લોભાંધ વેશ્યાઓમાં વિશ્વાસ શું કામનો છે? ॥ ६२ ॥

एता लूता इवावेष्ट्य । कृत्रिमप्रेमतंतुभिः ॥

मक्षिकामिव मुंचंति । निःसारीकृत्य पूरुषं ॥ ६३ ॥

અર્થઃ—આ વેશ્યાઓ કરોળીયાનીપેઠે પુરુષને કપટપ્રેમરૂપી તંતુ-ઓથી વીંટીને માખીનીપેઠે સારરહિત કરીને તજી દે છે. ॥ ૬૩ ॥

विड्योगे मिंतिकावद्या । अरक्ता अपि रागदाः ॥

सिचामिव गुणाढ्यानां । सतां ताभिर्न रंजनं ॥ ६४ ॥

અર્થઃ—વળી તે વેશ્યા પોતે અરક્ત છતાં વ્યભિચારીઓને રાગ આપનારી છે, પરંતુ તંતુઓવાળાં કપડાંનીપેઠે ગુણવાનોને તેઓસાથે રાગ થતો નથી. ॥ ૬૪ ॥

चेत्कोऽपि वसुधाराभिः । पर्जन्य इव वर्षति ॥

एताः स्थूलस्थलीप्राया । न तृप्यंति ततोऽप्यहो ॥ ६५ ॥

અર્થઃ—કદાચ કોઇ વરસાદનીપેઠે વસુધારાથી (ધનથી)વર્ષે તોપણ મોટી પત્થરવાળી ભૂમિનીપેઠે તે વેશ્યાઓની તૃષ્ણા મટતી નથી.

उत्पन्नः पौरधौरेय–श्रेष्ठिनो निर्मले कुले ॥

अवाप्नोमि हहा सोऽहं । बाह्यस्त्रीभ्यो विडंबनाः ॥ ६६ ॥

અર્થઃ—અરે! નગરના લોકોમાં મુકુટસમાન એવા શેઠના નિર્મલ કુલમાં ઉત્પન્ન થયેલો આ હું આવી રીતે વેશ્યાથી વિડંબના પામું છું!

बाल्येऽपि पंचधात्रीणा–मंकस्थो यो व्यवर्द्धिषि ॥

महीपीठे लुठन्नस्मि । स एवाहमनाथवत् ॥ ६७ ॥

અર્થઃ—બાલ્યપણામાં પાંચ ધાત્રીઓના ખોળામાં રહીને જે આ હું વૃદ્ધિ પામ્યો છું, તેજ હું આજે એક કંગાલનીપેઠે પૃથ્વીપર લોટ્યા કરું છું! ॥ ૬૭ ॥

जैनश्रुतामृतास्वाद—मनुभूयापि पापिनि ॥
किं सुरापानव्यसने । रसने गलितासि न ॥ ६८ ॥

અર્થ:—વળી એ પાપણી જિવ્હા! જૈન શાસ્ત્રરૂપી અમૃત સ્વાદ અનુભવ્યા છતાં પણ મદ્યપાન કરતી વેળાએ તું ગળી કેમ ન ગઇ?

अस्तं प्रयाति सूरोऽपि । वारुणीसंगतो ध्रुवं ॥
यदहं वारुणीयोगे । जीवन्नस्मि तदद्भुतं ॥ ६९ ॥

અર્થ:—મદ્યના (પશ્ચિમ દિશાના ) સંગથી શૂરો મનુષ્ય (સૂર્ય, પણ ખરેખર નાશ (અસ્ત) પામે છે, પરંતુ હું જે મદિરાના સંગથી પણ હજુ જીવતો રહ્યો છું તે આશ્ચર્ય છે! ॥ ૬૯ ॥

जाता ये योषिताभिष्टा—स्ते भ्रष्टा एव धर्मतः ॥
विषवल्लीवनं लीनाः । कचिज्जीवंति ते नराः ॥ ७० ॥

અર્થ:—જે પુરૂષો સ્ત્રીઓને ઇષ્ટ થયા તેઓ ધર્મથી ભ્રષ્ટ થયા છે, કેમકે વિષવલ્લીના વનમાં ગયેલા કોઇકજ પુરૂષો જીવતા રહી શકે છે. ॥ ૭૦ ॥

वरं वज्रनिपातेन । शतधा चूर्णितं शिरः ॥
न तु निर्धर्मनारीवा—ग्विश्वासोपहतं मनः ॥ ७१ ॥

અર્થ:—વજ્ર પડવાથી ચુરેચુરા થયેલું મસ્તક સારૂં છે, પરંતુ પાપી સ્ત્રીના વચનના વિશ્વાસથી હણાયેલું મન સારૂં નથી. ॥ ૭૧ ॥

धन्यास्ते मुनयो धीराः । शीलसन्नाहशालिनः ॥
योषावाग्विशिखा येषां । हृदयं व्यथयंति न ॥ ७२ ॥

અર્થ:—તે ધૈર્યવાન મુનિઓને ધન્ય છે કે જેઓ શીલરૂપી બખતરથી શોભી રહેલા છે, અને તેથી સ્ત્રીના વચનોરૂપી બાણો તેઓના હૃદયને ભેદી શકતા નથી. ॥ ૭૨ ॥

कुट्टिनीयं गुरुमाया । यस्याः शिक्षामिमां स्मरन् ॥
न पुनर्निपतिष्यामि । वाक्पाशे पणयोषितां ॥ ७३ ॥

અર્થ:—ખરેખર તે કુટણી મારી ગુરૂ થઇ છે, કે જેણીની આ શિક્ષા યાદ કરીને હું ફરીથી વેશ્યાઓના વચનપાશમાં પડીશ નહિ.

अथ गत्वा गृहं कुर्वे । चिंतां प्रणयिनामिति ॥
ध्यायन् पुरे प्रविश्यासौ । स्वसौधद्वारमासदत् ॥ ७४ ॥

અર્થ—હવે ઘેર જઇને મારાં સંબંધિઓની તપાસ કરૂં, એમ વિચારી નગરનાં જઇ તે પોતાના મહેલને બારણે આવ્યો. ॥ ७४ ॥

किं स्तः सुरेंद्रदत्तश्च । सुभद्रा च शुभास्पदे ॥
तेनेत्युत्कंठया पृष्टः । कश्चिन्निश्चितधीर्जगौ ॥ ७५ ॥

અર્થઃ—શું અહિં કલ્યાણના સ્થાનસરખા સુરેંદ્રદત્ત અને સુભદ્રા છે? એવી રીતે તેણે ઉત્કંઠાપૂર્વક પૂછ્યાથી કોઇક બુદ્ધિવાન માણસે તેને કહ્યું કે, ॥ ७५ ॥

प्रश्नो देशांतरे शांत—वेष वक्त्येष ते स्थितिं ॥
जगत्प्रतीतमप्येत—च्चेन्न जानासि तच्छृणु ॥ ७६ ॥

અર્થઃ—હે શાંતવેષવાળા! આ તારો પ્રશ્ન તું દેશાતરમાં રહેતો હોય એમ સૂચવે છે. દુનિયામાં પ્રસિદ્ધ એવા આ વૃત્તાંતને જો તું નથી જાણતો તો સાંભળ? ॥ ७६ ॥

वार्द्धकेऽभूत्सुरेंद्रस्य । सूनुः क्लेशेन धम्मिलः ॥
ययौ स यौवने दैव—वैवश्यादूगणिकागृहं ॥ ७७ ॥

અર્થઃ—સુરેંદ્રદત્તશેઠને તેની વૃદ્ધાવસ્થામાં કેટલેક કષ્ટે એક ધમ્મિલ નામે પુત્ર થયો હતો, પરંતુ કર્મયોગે યૌવનવયમાં તે વેશ્યાને ઘેર ગયો. ॥ ७७ ॥

तत्रानंगोरगापेत—चेतनः स चिरं स्थितः ॥
पित्राहूतोऽपि नायासीत् । प्राप्तसंयमधीरिव ॥ ७८ ॥

અર્થઃ—ત્યાં કામદેવરૂપી સર્પના દંશથી નિશ્ચેતન થઇને તે ઘણા કાળસુધી રહ્યો, તથા જાણે ચારિત્રની બુદ્ધિવાળો થયો હોય નહિ તેમ તેના માતપિતાએ બોલાવ્યા છતાં પણ તે પાછો આવ્યો નહિ. ॥ ७८ ॥

विपन्नौ पितरौ तस्य । व्ययाच्च निष्ठितं धनं ॥
गता विक्रीय वेश्मेदं । तद्वधूः सविधे पितुः ॥ ७९ ॥

અર્થઃ—પછી તેના તે માબાપ ગુજરી ગયાં, તથા તેના ખરચથી ધન પણ ખૂટી ગયું, અને તે ધમ્મિલની સ્ત્રી આ ઘર વેચીને પોતાના પિતાને ઘેર ગઇ. ॥ ७९ ॥

सतोऽसतो वा को वेत्ति । शुद्धिं तस्याथ पाप्मनः ॥
कुलप्रलयकाले हि । भवंत्येवंविधाः सुताः ॥ ८० ॥

અર્થ:—તે દુષ્ટ પુત્ર હવે છે કે નહિ એમ તેની શુદ્ધિ પણ કોણ જાણે છે? વળી કુલના વિનાશસમયે એવા પુત્રો પેદા થાય છે.

अथ पित्रोः श्रुते मृत्या—वत्याकुलितमानसः ॥
शंपासंपातसंकाशं । वहन् दुःखमचिंतयत् ॥ ८१ ॥

અર્થ:—હવે પોતાના માતપિતાનું મરણ સાંભળવાથી અત્યંત વ્યાકુલ મનવાળો ધમ્મિલ વીજળી પડવાસરખું દુઃખ ધારણ કરતો થકો વિચારવા લાગ્યો કે, ॥ ૮૧ ॥

स्वां कीर्त्तिमपि शृण्वंतो । लज्जंते केचिदुत्तमाः ॥
स्वामकीर्त्तिं स्वकर्णाभ्यां । शृण्वतोऽपि न मे त्रपा ॥ ८२ ॥

અર્થ:—કેટલાક ઉત્તમ મનુષ્યો પોતાની કીર્તિ સાંભળીને પણ લજ્જા પામે છે, ત્યારે પોતાનેજ કાને પોતાની અપકીર્તિ સાભળતાં છતાં પણ મને લજ્જા થતી નથી. ॥ ૮૨ ॥

यथायं तद्वदन्योऽपि । परोक्षे मे तनिष्यते ॥
दुर्यशः सकलो लोको । धिग् धिग् मां कुलपांसनं ॥ ८३ ॥

અર્થ:—જેમ આ માણસ તેમ બીજા પણ સઘળા લોકો પરોક્ષ મારી અપકીર્તિ વિસ્તારશે, માટે કુલમાં અંગારાસરખા એવા મને ધિક્કાર છે! ધિક્કારછે! ॥ ૮૩ ॥

आसंसारं ध्वनत्येव-मकीर्त्तिपटहे पटु ॥
ही वज्रहृदयो नोदर्ध्व-शोषं शुष्यति धम्मिलः ॥ ८४ ॥

અર્થ:—આ સમસ્ત સંસારમાં આવી રીતે મારો અપકીર્તિનો પટહ વાગતાં છતાં પણ વજ્રસરખાં મનવાળો આ હું ધમ્મિલ અરેરે! ઉભો ઉભો શોષાઇ પણ જતો નથી! ॥ ૮૪ ॥

पितरौ मे विपेदाते । मद्वियोगेऽपि वत्सलौ ॥
आः काठिन्यं तयोर्मृत्या—वपि ज्ञाते श्वसिम्यहं ॥ ८५ ॥

અર્થ:—મારા વહાલા માતપિતા મારા વિયોગથી મૃત્યુ પામ્યા, અને અરે! મારૂં હૃદય કેવું કઠણ છે કે તેઓનું મૃત્યુ જાણ્યા છતાં પણ હજુ હું જીવું છું! ॥ ૮૫ ॥

मृगनाभिर्मृगोच्छित्यै । मौक्तिकं शुक्तिकाभिदे ॥
फलं रंभानिशुंभाय । तथाहं जनकच्छिदे ॥ ८६ ॥

અર્થ:—જેમ કસ્તૂરી હરણનો નાશ કરે છે, મોતી છીપનો નાશ કરે છે, તથા કેળનાં ફલ જેમ કેળનો નાશ કરે છે, તેમ મેં પણ મારા માતપિતાનો નાશ કર્યો છે. ॥ ૮૬ ।

मरुदेशं मरालीव । महभागा यशोमती ॥
मां प्राप्य नीरसं नाथं ! न लेभे जातु निर्वृतिं ॥ ८७ ॥

અર્થ:—મરૂદેશ પામીને જેમ હંસણી તેમ મહાભાગ્યવાળી યશોમતી મારા જેવા નીરસ ભર્તારને પામીને કોઇ પણ સમયે સુખ પામી નહિ. ॥ ૮૭ ॥

संचिक्ये पूर्वजैर्लक्ष्मी—र्या कष्टं कणराशिवत् ॥
खादं खादं क्षयं निन्ये । मूषनेकेव सा मया ॥ ८८ ॥

અર્થ:—મારાં પૂર્વજોએ કષ્ટથી ધાન્યના ઢગલાનીપેઠે જે લક્ષ્મી એકઠી કરી હતી તે મેં ઉંદરનીપેઠે ખાઇ ખાઇને ખુટાડી. ॥ ૮૮ ॥

यन्मे पित्राश्रितं सिंहे—नेव मंदिरकंदरं ॥
ही तत्र विलसंत्यद्य । केऽप्यन्ये हूरवा इव ॥ ८९ ॥

અર્થ:—મારા જે ઘરરુપી ગુફામાં સિંહસરખા મારા પિતા રહેતા હતા, તે ઘરમાં આજે અરેરે! કોઇક ઘુવડપેઠે અન્ય મનુષ્યો વિલસી રહ્યા છે! ॥ ૮૯ ॥

खद्योतो द्युतिमत्सु काचशकलं रत्नेष्वगेषु स्नुही ।
मेषो योध्धृषु खेचरेषु मशको भारक्षमेषूंदिरः ॥
प्रेतो नाकिषु गोष्पदं जलधिषु स्थानेषु नाकुर्यथा ।
तद्वज्जातिविडंबनाय विहितो धात्रा मनुष्येष्वहं ॥ ९० ॥

અર્થ:—તેજવંતોમાં જેમ ખદ્યોત, રત્નોમાં જેમ કાચનો ટુકડો, વૃક્ષોમાં જેમ થોર, સુભટોમાં જેમ ઘેટો, પક્ષિઓમાં જેમ મચ્છર, મજુરોમાં જેમ ઉંદર, દેવોમાં જેમ પ્રેત, સમુદ્રોમાં જેમ ખાબોચીઉં તથા મકાનોમાં જેમ બિલ તેમ ફક્ત જાતિની નિંદામાટે વિધાતાએ મને મનુષ્યોમાં પેદા કર્યો છે. ॥ ૯૦ ॥

केचिज्जीवंति जीवंतो । म्रियंते च मृताः पुनः ॥
मृता अप्यपरे जीवं—त्यहं जीवन्मृतः पुनः ॥ ९१ ॥

અર્થ:—કેટલાક જીવતા થકા જીવે છે, અને મુઆબાદ મુએલા ગણાય છે, તથા બીજા કેટલાક મુઆ છતાં પણ જીવે છે, અને હું તો જીવતે મુઆજેવો થયો છું. ॥ ૯૧ ॥

अतःपरमयुक्ता त—त्कदाशा जीवितस्य मे ॥

प्राणैरमीभिः पर्याप्त—मपवादमलीमसैः ॥ ९२ ॥

અર્થ:—હવેથી મારે જીવવાની ખોટી આશા કરવી તે અયુક્તજ છે, કેમકે અપવાદોથી મલીન થયેલા આ પ્રાણોથી હવે સર્યું ! ।૯૨।

स्थितोऽसि जीव किं क्लीव । प्राणा व्रजत सत्वरं ॥

प्राणानां मार्गदानाय । भव रे हृदय द्विधा ॥ ९३ ॥

અર્થ:—અરે નીચ જીવ ! તું હજુ શામાટે બેઠો છે ? અરે પ્રાણો ! તમો જલદી ચલ્યા જાઓ ? વળી હે હૃદય ! તું પણ પ્રાણોને માગ આપવા માટે ચીરાઇને બે ટુકડા થઇ જા ? ॥ ૯૩ ॥

एवं विकल्पसंदोहै–र्दधानो मृत्युसाहसं ॥

जाताऽशुकनवद्गेह–द्वारादेवावलिष्ट सः ॥ ९४ ॥ युग्मं ॥

અર્થ:—એવી રીતના વિકલ્પોના સમૂહોથી મૃત્યુના સાહસને ધારણ કરતોથકો તે ધમ્મિલ જાણે અપશુકન થયું હોય નહિ તેમ તે ઘરને બારણેથી પાછો વલ્યો. ॥ ૯૪ ॥

शुष्यद्वल्लिगणं भ्रश्य—त्कूपं जीर्यन्महीरुहं ॥

ययौ बहुबिलं नाकु—संकुलं स जरद्वनं ॥ ९५ ॥

અર્થ:—પછી તે સુકાતી વેલડીઓના સમૂહવાળાં, પડી જતા કુવાવાળાં, જીર્ણ થતાં વૃક્ષોવાળાં, ઘણાં દરોવાળાં તથા ઉંદરોથી ભરેલા એવાં એક જીર્ણ વનમાં ગયો. ॥ ૯૫ ॥

तत्र निर्मुक्तसंसार--सुखाशो मरणाग्रही ॥

कृपाणं निजपाणिस्थ—मभ्यधादिभ्यनंदनः ॥ ९६ ॥

અર્થ:—ત્યાં સંસારસુખની આશા છોડીને મરવામાટે તૈયાર થયેલો શેઠનો પુત્ર તે ધમ્મિલ પોતાના હાથમાં રહેલાં ખડ્ગને કહેવા લાગ્યો કે, ॥ ૯૬ ॥

गतं धनं गता भार्या । गतस्तंत्रो गतं गृहं ॥

स्वामिभक्त त्वमेवासि । मम संनिहितोऽधुना ॥ ९७ ॥

અર્થ:—ધન ગયું, સ્ત્રી ગઇ, વ્યાપાર ગયો, ઘર ગયું, પરંતુ હે સ્વામિભક્ત ખડ્ગ! હવે તો તુંજ એક મારો નજીકનો સંબંધી છે.

तदेहि कंठपीठे मे । परिरभ्य दृढं पृणु ॥

चिरचिंतितमावन्न—मित्रमृत्युमनोरथं ॥ ९८ ॥

અર્થ:—માટે તું આવ? અને મારા કંઠને ખુબ ભેટીને ઘણા વખતથી ચિંતવેલો તથા દુ:ખીઓના મિત્રસરખો મારો મૃત્યુનો મનોરથ તું સફલ કર? ॥ ૯૮ ॥

वणिग्योगाद्रणे वैरि—वारणेऽनुपयोगिनः ॥
भवताद्वतारस्ते । दैवादेवं फलेग्रहिः ॥ ९९ ॥

અર્થઃ—દૈવયોગે તને વણિકનો સંગ થવાથી રણસંગ્રામમાં વૈરીઓને નિવારવામાં તું ઉપયોગી થઇ શકયો નથી, પરંતુ આજે આવી રીતે તારો અવતાર ફલીભૂત થાઓ? ॥ ૯૯ ॥

निस्त्रिंशोऽसि वधे पत्यु—र्मा शंकिष्टा मनागपि ॥
अनुशिष्येति सोऽकुंठं । कंठे खड्गमवाहयत् ॥ १००० ॥

અર્થઃ—તું નિસ્ત્રિંશ એટલે નિર્દય છો, માટે સ્વામીના વધમાટે તારે જરા પણ શંકા કરવી નહિ, એમ કહીને અટકાવવા વિના તેણે પોતાના કંઠપર તલવાર ચલાવી. ॥ ૧૦૦૦ ॥

तदा तं पवनोध्धूत—पत्रपाणिप्रकंपनैः ॥
न्यवारयन्निव जर—त्तरवो मृत्युसाहसात् ॥ १ ॥

અર્થ:—તે વખતે પવનથી કંપેલા પત્રોરુપી હાથ હલાવીને જીર્ણ વૃક્ષો તેને મૃત્યુના સાહસથી જાણે અટકાવવા લાગ્યાં. ॥ ૧ ॥

अव्यक्तवचनत्वात्तं । निषेधयितुमक्षमाः ॥
जहुरास्यात्कुशग्रासान् । हरिण्योऽप्यार्द्रदृष्टयः ॥ २ ॥

અર્થઃ—અવાચક હોવાથી તેને નિષેધવાને અસમર્થ એવી હારણીઓ પણ આંખોમાં આંસુ લાવીને પોતાના મુખમાંથી ઘાસના ગ્રાસને તજવા લાગી. ॥ ૨ ॥

संभूय तुमुलं व्योम्नि । तन्वंतस्त्यक्तचूणयः ॥
पक्षिणोऽपि क्षणं जाता—स्तं दृष्ट्वा दुःखभाजनं ॥ ३ ॥

અર્થ:—વળી તેને જોઇને આકાશમાં એકઠા થઇને કીકીયારી કરતા પક્ષીઓ પણ ચણ તજીને ક્ષણવાર દુઃખ અનુભવવા લાગ્યાં.

हहासौ श्रीमतः सूनु—रसमाप्तमनोरथः ॥
विधास्यति विपद्याद्य । वनं हत्यापवादि मे ॥ ४ ॥

અર્થ:—અરે આ ધનવાનનો પુત્ર મનોરથ સંપૂર્ણ થયાવિના આજે આપઘાત કરીને મારૂં વન હત્યાના અપવાદવાલું કરશે. ॥ ૪ ॥

इत्युल्लसितकारुण्या । मातेव वनदेवता ॥

कदलीदलवत्तस्य । मृदुधारं व्यधादसिं ॥ ५ ॥

અર્થઃ—એમ વિચારી દયા લાવીને માતાનીપેઠે વનદેવતાએ તેની તલવાર કેળના પત્રજેવી કોમળ ધારવાળી કરી. ॥ ૫ ॥

सर्वथा जीवितोद्विग्न—श्चिताग्नौ सोऽविशत्ततः ॥

चितां च शीतलीचक्रे । क्रीडावापीमिवामरी ॥ ६ ॥

અર્થઃ—પછી તે ધમ્મિલ જીવવાથી બિલકુલ કંટાળીને ચિતાની અગ્નિમાં પેઠો, ત્યારે તે દેવતાએ તે ચિતાને ક્રિડા કરવાની વાવસરખી શીતલ કરી નાખી. ॥ ૬ ॥

मायिचित्त इवागाधे । निर्ममज्ज ह्रदे ततः ॥

देवतातिशयात्तत्र । तरतिस्म तरंडवत् ॥ ७ ॥

અર્થઃ—ત્યારે તે ધમ્મિલ કપટીના ચિત્તનીપેઠે અગાધ એવા દ્રહમાં પડયો, પરતુ દેવતાના પ્રભાવથી તે તેમાં વહાણનીપેઠે તરવા લાગ્યો.

ततो विषं तालपुटं । सविषादश्चखाद सः ॥

जहार हारहूरावत् । तत्क्षुधं देवतेच्छया ॥ ८ ॥

અર્થઃ—પછી તેણે ખેદયુક્ત થઇને તાલપુટ ઝેર ખાધું, પરંતુ દેવતાની ઇચ્છાથી તે ઝેરે દ્રાક્ષનીપેઠે ઉલટી તેની ક્ષુધા દૂર કરી. ॥ ૮ ॥

अथ प्रसह्य वृक्षाग्र—मारुह्य स्वं मुमोच सः ॥

तस्य तूलीयितं पात—स्थानं दिव्यानुभावतः ॥ ९ ॥

અર્થઃ—પછી તેણે વૃક્ષની ટોચે ચડીને ત્યાંથી પડતું મેલ્યું, પરંતુ દિવ્ય પ્રભાવથી તેનું પડવાનું સ્થાન રૂના ઢગસરખું થઇ ગયું.

एवं सर्वैरप्युपायै—रविंदन्मरणोत्सवं ॥

दीनो दश दिशो दर्शं । दर्शं खिन्नः सदध्यिवान् ॥ १० ॥

અર્થઃ—એવી રીતે સર્વ ઉપાયોથી પણ આપઘાત ન કરી શકવાથી તે બિચારો ખેદ પામીને દશે દિશાઓ જોતોથકો વિચારવા લાગ્યો કે, ॥ ૧૦ ॥

अहो मे मंदभाग्यत्वं । यद्दृष्टप्रत्यया अपि ॥

पदार्था व्यघटंतामी । खड्गवह्निविषादयः ॥ ११ ॥

અર્થઃ—અરે આ મારૂં કેવું મંદ ભાગ્ય છે કે આ ખાતરીવાળા તલવાર અગ્નિ તથા ઝેરઆદિક ઉપાયો પણ વ્યર્થ ગયા. ॥ ૧૧ ॥

आस्तां यदपरे संप—त्स्यंते मम मनोरथाः ॥
अधुना निधनाशापि । निष्पुण्यस्य न पूर्यते ॥ १२ ॥

અર્થ:—મારા બીજા મનોરથો સંપૂર્ણ થવાની વાત તો એક બાજુ રહી, પરંતુ હમણા મારી નિષ્પુણ્યની મૃત્યુની આશા પણ પૂરી થતી નથી. ॥ ૧૨ ॥

आयुर्यदि पुनः सर्वो—त्कृष्टं मम भविष्यति ॥
दृश्यंते प्रायशः पृथ्व्यां । दुःखिनश्चिरजीविनः ॥ १३ ॥

અર્થ:—કદાચ મારૂં આયુ ઉત્કૃષ્ટું સંભવી શકે છે, કેમકે પ્રાયેં કરીને આ પૃથ્વીમાં દુઃખીઓ લાંબા આયુષ્યવાળા દેખાય છે. ૧૩

निर्हेतुः शत्रुरत्रास्ति । कोऽप्यलोचनगोचरः ॥
स्वेच्छया म्रियमाणस्य । यः प्रत्यूहं करोति मे ॥ १४ ॥

અર્થ:—ખરેખર અહિં કોઇક મારો અદૃશ્ય કારણવિનાનો શત્રુ હોવો જોઇએ, કે જે પોતાની મરજીમુજબ મને આપઘાત કરતાં વિઘ્ન કરે છે. ॥ ૧૪ ॥

इति मूढमतिर्याव—त्तत्र तिष्टति धम्मिलः ॥
मा मृत्युसाहसं कार्षी—स्तावद्व्योम्नीति वागभूत् ॥ १५ ॥

અર્થ:—એમ વિચારતોથકો તે ધમ્મિલ દિગ્મૂઢ થઇને જેવામાં ત્યાં ઉભો છે તેવામાં આકાશમાં એવી વાણી થઇ કે તું મૃત્યુનું સાહસ કર નહિ. ॥ ૧૫ ॥

ततोऽसौ विस्मयापन्नः । को मां मृत्योर्निषेधति ॥
इत्यैक्षिष्ट दिशः सर्वाः । पुनर्नैक्षिष्ट कंचन ॥ १६ ॥

અર્થ:—ત્યારે તે આશ્ચર્ય પામીને વિચારવા લાગ્યો કે મને મૃત્યુ માટે કોણ નિષેધ કરે છે? એમ વિચારીને તે સઘળી દિશાઓતરફ જોવા લાગ્યો, પરંતુ ત્યાં તેણે કોઇને પણ જોયો નહિ. ॥ ૧૬ ॥

दध्यौ च सेयं दैवी वा–गियं मान्यैव मानवैः ॥
हंहो निःपुण्यकेऽद्यापि । देवी किं मयि वीक्षते ॥ १७ ॥

અર્થ:—ત્યારે તે વિચારવા લાગ્યો કે ખરેખર આ દેવતાઇ વાણી છે, અને તે માણસોએ માનવીજ જોઇએ, વળી હું જે નિષ્પુણ્ય તેના તરફ પણ શું હજુ દેવી જુએ છે? ॥ ૧૭ ॥

अन्यच्चैवमकाले मे । बलान्मृत्युरसंगतः ॥
वक्ति लोकोऽपि यज्जीवन् । नरो भद्राणि पश्यति ॥ १८ ॥

અર્થ:—વળી આ અકાળે મારે બળાત્કારે મરવું યોગ્ય નથી, કેમકે લોકો પણ કહે છે કે જીવતો નર ભદ્ર પામે. ॥ ૧૮ ॥

मृतश्चेत्तर्हि दुःकीर्त्ति—र्मम स्थेमानमाप सा ॥
जीवन् पुनः कदाप्येतां । सच्चरित्रैः प्रजार्जये ॥ १९ ॥

અર્થ:—વલી જો હું આમ આપઘાત કરી મરી જઇશ તો મારી અપકીર્તિ તો એમની એમજ સ્થિર રહેશે, પરંતુ જો જીવતો રહીશ તો કોઇ વખતે પણ તે અપકીર્તિને હું મારાં સદાચરણોથી દૂર કરીશ.

एवमेवानपत्योऽसौ । म्रियते यदि धम्मिलः ॥
दत्ता सुरेंद्रदत्तेभ्य—कुलस्यास्तमिता कथा ॥ २० ॥

અર્થ:—વળી જો આ ધમ્મિલ આમને આમ સંતાનવિના મરી જાય તો સુરેંદ્રદત્તશેઠના કુલની કથા તો અસ્તજ પામે. ॥ ૨૦ ॥

महान्मम मतेर्मोहो । यद् ज्ञातजिनशासनः ॥
वधे स्वस्य निषिद्धेऽपि । नानोपायानहं व्यधां ॥ २१ ॥

અર્થ:—વળી ખરેખર મને આ મોટો મતિમોહજ થયો છે કે જેથી જિનધર્મ જાણ્યા છતાં પણ નિષેધેલા આપઘાતમાટે પણ મેં નાનાપ્રકારના ઉપાયો કર્યા. ॥ ૨૧ ॥

जीवतो मम जायेत । लक्ष्मीरपि कदाचन ॥
वीक्ष्यंते फलिताः काले । दवदग्धा अपि द्रुमाः ॥ २२ ॥

અર્થ:—જો હું જીવતો રહીશ તો મને કદાચ લક્ષ્મી પણ મળશે, કેમકે દાવાનલથી બળેલાં વૃક્ષો પણ કોઇક સમયે ફળેલાં દેખાય છે.

ध्यात्वेति देवतावाचा । सावष्टंभमना मनाक् ॥
स रयान्निरयाज्जीर्णो—द्यानाद्यमगृहादिव ॥ २३ ॥

અર્થ:—એમ વિચારીને તથા દેવતાના વચનથી જરા વિશ્વાસયુક્ત થઇને તે જેમ યમના ઘરમાંથી તેમ તે જીર્ણ ઉદ્યાનમાંથી જલદી પાછો વલ્યો. ॥ ૨૩ ॥

इतश्च लब्धचैतन्या । वसंततिलकापि सा ॥
अपश्यंती प्रियं कुत्रा—त्रैव बाढमदूयत ॥ २४ ॥

અર્થ:—હવે ચૈતન્ય મળ્યાબાદ તે વસંતતિલકા વેશ્યા પણ ત્યાં પોતાના પ્રિયતમને નહિ જોવાથી જાણે આંતરડાં કપાઇ ગયાં હોય નહિ, તેમ અત્યંત દુભાવા લાગી. ॥ ૨૪ ॥

मातः क्व मे प्रियोऽस्तीति । साथ पप्रच्छ कुट्टिनीं ॥

साप्याख्यत् पुत्रि जानाति । शुद्धिं तस्याधमस्य कः ॥ २५ ॥

અર્થ:—પછી તે કુટણીને પુછવા લાગી કે હે માતા! તે મારો પ્રિયતમ ક્યાં છે? ત્યારે તે પણ બોલી કે હે પુત્રી! તે નીચની કોને ખબર છે? ॥ ૨૫ ॥

मा मां पुनः पुनः प्राक्षी–र्न तस्य प्रतिभूरहं ॥

दरिद्रबहुले लोके । ज्ञायंते कति तादृशाः ॥ २६ ॥

અર્થ:—વળી તેનાવિષે મને ફરી ફરીને પુછીશ નહિ, હું કંઈ તેની જામીન નથી, કેમકે દરિદ્રોથી ભરેલી આ દુનિયામાં તેના જેવા તો કેટલાએ રખડે છે. ॥ ૨૬ ॥

द्विस्त्रिःप्रबोधितो वेत्ति । युक्तायुक्तं जडोऽपि हि ॥

वत्से स्वयं विदुष्यास्ते । कोऽयं लग्नः कदाग्रहः ॥ २७ ॥

અર્થ:—કોઇ મૂર્ખ પણ બે ત્રણવાર કેહેવાથી યુક્તાયુક્ત સમજી જાય છે, ત્યારે હે પુત્રિ! તું તો પોતેજ ચતુર છે, તો પછી તને આ કદાગ્રહ શું લાગ્યો છે? ॥ ૨૭ ॥

त्वामेष्यंत्यमुना मुक्ता—मथ स्मेराब्जलोचनां ॥

के के न तरुणाः पांथा । अग्राहां सरसीमिव ॥ २८ ॥

અર્થ:—મગરવિનાની તલાવડીપ્રતે જેમ વટેમાર્ગુઓ તેમ તેણે ત્યજેલી તથા પ્રફુલ્લિત નેત્રકમલવાળી એવી જે તું, તેનીપાસે હવે કયા કયા તરુણ પુરુષો નહિ આવે? ॥ ૨૮ ॥

सर्वथा निर्धनत्वाच्चे—द्यद्यसिन्नेव रज्यसि ॥

तद् ब्रूहि तादृशं येना—नये कंचिदकिंचनं ॥ २९ ॥

અર્થ:—વળી કદાચ બિલકુલ નિર્ધનપણાથી જો તું તે ધમ્મિલમાંજ ખુશી હો, તો કહે તો તેવા કોઇક કંગાલને હું લાવી આપું.

साथ व्यचिंतयन्नून—मनयैव मम प्रियः ॥

मधूत्सवच्छलात्पीता—सवः स निरवास्यत ॥ ३० ॥

અર્થ:—હવે તે વસંતતિલકા વિચારવા લાગી કે ખરેખર આ ડોકરીએજ મદ્યોત્સવના મિષથી ~~મદ્ય પાઇને~~ મારા પ્રિયતમને કહાડી મેલ્યો છે. ॥ ૩૦ ॥

रे रे हुताशन हताश मदंबिकायाः । सर्वस्वदातरि दुरुक्तिकरोऽसि कस्त्वं
यन्मुंचसि द्युपतिभूरसना कराला । ज्वालावलीमधुहविःपरितर्पितोऽपि

અર્થ:—અરે દુષ્ટ હુતાશન! પોતાનું સર્વસ્વ આપનારની નિંદા કરનાર એવો પણ તું મારી માતા પાસે શું હિસાબમાં છે? કે જેથી મધ ઘી આદિકથી તૃપ્ત કર્યાં છતાં પણ તું યમની જિહ્વાસરખી ભયંકર ઝાળોની શ્રેણી કહાડી રહ્યો છે. ॥ ૩૧ ॥

क्षीरप्रदेऽपि पुरुषे विषदायकत्वं । हंहो भुजंगम निजं गमयस्व गर्वं ॥
एषा मदीयजनी धनलक्षदेऽपि । यल्लीलया वदति तस्य विषं शतांशः ॥

અર્થ:—વળી હે સર્પ! દૂધ આપનાર પુરુષને પણ ઝેર દેવારૂપ તારા ગર્વને હવે તું છોડી દે? કેમકે લાખો ગમે ધન દેનારમાટે પણ આ મારી માતા ફક્ત સહેજમાં પણ જે ઉદ્‌ગારો કહાડે છે, તેની પાસે તારું ઝેર એક શતાંશ એટલે સોમે ભાગે છે. ॥ ૩૨ ॥

यथा मेऽतिप्रथामेति । प्रीतिस्तद्वचसाप्यहो ॥
परदत्तैः परोलक्षै-रपि स्वर्णैर्न सा तथा ॥ ३३ ॥

અર્થ:—અરેરે તે ધમ્મિલના વચનથી પણ મને જે પ્રીતિ થતી હતી તે બીજાએ આપેલ લાખોગમે સોનામહોરોથી પણ થવાની નથી. ॥ ૩૩ ॥

तनुगृहमनोऽपवरके । धीमंजूषामतिस्मृतिसमुद्गे ॥
निवसत् क्व तस्य वचनं । क्व कांचनं त्वगुपरिनिवासि ॥ ३४ ॥

અર્થ:—કેમકે મારા શરીરરૂપી ઘરમાં મનરૂપી ઓરડામાં બુદ્ધિરૂપી પેટીમાં મતિની યાદદાસ્તીરુપી ડાબડામાં વસનારું તે ધમ્મિલનું વચન પણ ક્યાં? અને માત્ર ચામડીપર વસનારૂં સુવર્ણ ક્યાં? ।૩૪।

क्व ते मे दिवसाः सार—सुधारसमया इव ॥
क्वामि तु मुर्मुरभ्राष्ट्—वडवाग्निसहोदराः ॥ ३५ ॥

અર્થ:—સારભૂત અમૃતરસસરખા તે મારા દિવસો ક્યાં? અને ધગધગતી ભઠીના વડવાનલસરખા આ દિવસો ક્યાં? ॥ ૩૫ ॥

अतःपरं शरीरे मे । लगत्येकः स धम्मिलः ॥
विरहव्याधिविध्वंसौ-षधं नो चेच्चितानलः ॥ ३६ ॥

અર્થ:—આજથી માંડીને જો તેના વિરહરૂપી વ્યાધિનો નાશ કરવામાટે ઔષધસમાન ચિતાગ્નિ મારા શરીરને ન લાગે તો પછી એક ધમ્મિલજ મારૂં શરીર ભોગવી શકશે. ॥ ૩૬ ॥

नास्वादयामि तांबूलं । भूषां वपुषि नो दधे ॥
वेणीबंधं न मुंचामि । यावत् पश्यामि न प्रियं ॥ ३७ ॥

અર્થ:—હવે હું જ્યાંસુધી મારા પ્રિયતમને જોઇશ નહિ ત્યાંસુધી હું તાંબૂલ ચાવીશ નહિ, શરીરપર આભૂષણ ધારણ કરીશ નહિ તથા વેણીબંધ છોડીશ નહિ. ॥ ૩૭ ॥

इत्यभिग्रहिणी खड्ग—धारातीव्रसतीव्रता ॥
अनैषीत्कुलबालेव । दिनान् दैववशंवदा ॥ ३८ ॥ युग्मं ॥

અર્થ:—એવી રીતના અગ્રહવાળી તથા ખડ્ગધારાસરખાં તીવ્ર સતીવ્રતવાળી તે વસંતતિલકા વેશ્યા દૈવને આધીન થઇને કુલીન સ્ત્રીનીપેઠે દિવસો વ્યતીત કરવા લાગી. ॥ ૩૮ ॥

धम्मिलोऽपि ततो जीर्णो—द्यानात्प्राप नवं वनं ॥
पचेलिमफलानम्र—द्राक्षामंडपमंडितं ॥ ३९ ॥

અર્થ:—હવે ધમ્મિલ પણ તે જીર્ણ વનમાંથી નિકળીને પાકેલાં ફલોથી નમી ગયેલ દ્રાક્ષના માંડવાઓથી શોભાવાળા એક નવીન બગીચામાં દાખલ થયો. ॥ ૩૯ ॥

सान्द्ररंभागृहक्रोड-क्रीडदव्रीडकामुकं ॥
क्षरत्पुष्परसासार—सुरभीभूतभूतलं ॥ ४० ॥ युग्मं ॥

અર્થ:—તે બગીચામાં ઘાટાં કેળનાં ઘરોની અંદર લજ્જા રહિત કામુકો ક્રીડા કરતા હતા, તથા ત્યાંનું પૃથ્વીતલ પણ ખરતાં પુષ્પોના મકરંદના વરસાદથી સુગંધી થયેલું હતું. ॥ ૪૦ ॥

किशलश्रीफलांभोज—रंभारस्तंभपिकारवैः
स्मार्यमाणः प्रियापाणि । स्तनास्योरुध्वनीनसौ ॥ ४१ ॥

અર્થ:—ત્યાં નવાં કુંપળો શ્રીફલો કમળ કેળના સ્તંભો તથા કોયલના નાદથી તે પોતાની પ્રિયાના હસ્ત સ્તન મુખ સાથળ તથા વચનોને યાદ કરવા લાગ્યો, ॥ ૪૧ ॥

भ्रमन् भ्रमरवत्तत्र । द्रुमालोकनतत्परः ॥
पुरः स्फुरद्गुणग्राम—रत्नरोहणरोहणं ॥ ४२ ॥

અર્થ:—ત્યાં વૃક્ષોને જોતોથકો ભ્રમરનીપેઠે તે ભમવા લાગ્યો; એવામાં અગાડીના ભાગમાં સ્ફુરાયમાન થતા ગુણોના સમૂહરુપી રત્નોને ઉત્પન્ન કરવામાં રોહણાચલ પર્વતસરખા, ॥ ૪૨ ॥

अदृश्यं भाग्यहीनाना—मस्पृश्यं सर्वपाप्मनां ॥
संकरं सारविद्याना—मविद्यानां भयंकरं ॥ ४३ ॥

અર્થ:—ભાગ્યહીનોને નજરે ન પડે એવા, સર્વ પાપીઓ જેનો સ્પર્શ ન કરી શકે એવા, ઉત્તમ વિદ્યાના સમૂહ સરખા અને અજ્ઞાનીઓને ભય કરનારા, ॥ ૪૩ ॥

आलयं धीरधर्माणां । मलयं च कुकर्मणां ॥
अशोकानोकहस्याधः । साधुमेकं ददर्श सः ॥ ४४ ॥ चतुर्भिः कलापकं ॥

અર્થ:—સ્થિર ધર્મોના સ્થાનસરખા તથા કુકર્મોનો નાશ કરનારા એવા એક સાધુને તેણે અશોક વૃક્ષનીચે બેઠેલા જોયા. ॥ ૪૪ ॥

निर्हेतुकोपकारी यो । भृशं प्रशमवानपि ॥
लुप्तसप्तभयभ्रांति—रपि प्रतिभयान्वितः ॥ ४५ ॥

અર્થઃ—અત્યંત શાંતિવાળા હોવા છતાં પણ તે મુનિ કંઇ પણ કારણ વિના પરનો ઉપકાર કરનારા હતા, તથા સાતેભયોની ભ્રાંતિ દૂર કર્યાં છતાં પણ તે પ્રતિભયાન્વિત એટલે બુદ્ધિયુક્ત હતા. ॥ ૪૫ ॥

वने स्थितोऽपि निःशेष—सत्त्वानामवने स्थितः ॥
सुधर्मास्थानिविष्टोऽपि । न देवानां प्रियः पुनः ॥ ४६ ॥

અર્થ:—વનમાં રહ્યા છતાં પણ તે સર્વ પ્રાણીઓના અવનમાં એટલે રક્ષણમાં તત્પર હતા, વળી સુધર્માસ્થા એટલે ઉત્તમ ધર્મની આસ્થામાં રહ્યા છતાં પણ તે દેવાનાં પ્રિય એટલે મૂર્ખ નહોતા. ૪૬

एकांते प्रमदाभोग—भागपि ब्रह्मनिर्मलः ॥
स्वयमाश्रवमुख्योऽपि । वारिताश्रवविप्लवः ॥ ४७ ॥

અર્થ:—એકાંતે પ્રમદાભોગભાગપિ એટલે હર્ષને અનુભવનારા હોવા છતાં પણ તે બ્રહ્મચર્યથી નિર્મલ હતા, તથા સ્વયમાશ્રવમુખ્યોઽપિ એટલે પોતાના નિયમો પાળવામાં તત્પર છતાં પણ તે આશ્રવોના ઉપદ્રવને નિવારનારા હતા. ॥ ૪૭ ॥

अस्य दूरेऽस्तु सुश्रूषा । वचोऽप्येकं सुखाकरं ॥
आस्तां वचोऽस्य निःशेष—दुःखोच्छेदाय वंदनं ॥ ४८ ॥

અર્થઃ—તેમની સેવા તો એક બાજુ રહી, પરંતુ તેમનું એક વચન પણ સુખ કરનારૂં હતું, વળી તેમનું વચન તો એક બાજુ રહ્યું, પરંતુ તેમનું વંદન સર્વ દુઃખોને નાશ કરનારૂં હતું. ॥ ૪૮ ॥

दूरेऽस्तु वंदनं वीक्षा—प्यस्य वश्यकरी श्रियां ॥

वीक्षाप्यस्तु ध्रुवं नाम—स्मृतिरप्यस्य पापभित् ॥ ४२ ॥

અર્થઃ—વલી તેમનું વદંન એક બાજુ રહ્યું, પરંતુ તેમનું દર્શન પણ લક્ષ્મીને વશ કરનારૂં હતું. વલી તેમનું દર્શન પણ એક બાજુ રહ્યું, પરંતુ તેમના નામનું સ્મરણ પણ ખરેખર પાપોને નાશ કરનાર હતું. ॥ ૪૯ ॥

तत्तत्परिभवार्चिष्म—द्भवा याभून्मम व्यथा ॥

बिभिदे जलदेनेव । साधुना साधुनामुना ॥ ५० ॥

અર્થઃ— તે તે પરાભવરૂપી અગ્નિથી ઉત્પન્ન થયેલી જે વ્યથા મને થઇ હતી, તે વ્યથા વરસાદથી જેમ તેમ આ સાધુના દર્શનથી મારી દૂર થઈ છે. ॥ ૫૦ ॥

स एवमालपन्नेव । सृष्टिवल्लीप्ररोहवत् ॥

मुदा प्रदक्षिणीचक्रे । तं पुण्यफलदं मुनिं ॥ ५१ ॥

અર્થઃ—એવી રીતે બોલતાથકા તે ધમ્મિલે વૃક્ષને જેમ વેલડીનો રોપો તેમ હર્ષપૂર્વક તે પુણ્યફલને દેનારા મુનિને પ્રદક્ષિણા કરી. ૫૧

तस्मै प्रणमते दत्वा । धर्मलाभाशिषं मुनिः ॥

ध्वनिधर्षितपर्जन्य—गर्जिरेवमुपादिशत् ॥ ५२ ॥

અર્થઃ—પછી પ્રણામ કરતા એવા તે ધમ્મિલને ધર્મલાભની આશીષ દેઇને તે મુનિએ મેઘના ગર્જારવને જીતનારા શબ્દથી આવી રીતે ઉપદેશ આપ્યો. ॥ ૫૨ ॥

भग्ननिःशेषविद्वेषि–कुलभाः सुलभाः श्रियः ॥

सुलभाः खलु भामिन्यो । लावण्योदकदीर्घिकाः ॥ ५३ ॥

અર્થઃ—સર્વ શત્રુઓના સમૂહની શોભાને નાશ કરનારી લક્ષ્મી સુલભ છે, તેમજ લાવણ્યરૂપી જલની વાવસરખી સ્ત્રીઓ પણ સુલભ છે.

सुलभा कलभाश्वादि--संपत्तिरपि देहिनां ॥

वल्लभो धीमतामेक । एव धर्मः सुदुर्लभः ॥ ५४ ॥

અર્થઃ—તેમ હાથી ઘોડાઆદિકની સંપત્તિ પણ પ્રાણીઓને સુલભ છે, પરંતુ બુદ્ધિવાનોને વલ્લભ એવો એક ધર્મજ દુર્લભ છે. ॥ ૫૪ ॥

धर्मः स्वर्मणिसंकाशो । धर्मः शर्मवनीघनः ॥

धर्मो वर्म द्विषां भीतौ । धर्मः कर्महतिक्षमः ॥ ५५ ॥

અર્થઃ—ધર્મ ચિંતામણિ સરખો, સુખરૂપી વનમાં વરસાદસમાન, શત્રુઓના ડરસમયે બખતરસમાન તથા કર્મોને નાશ કરવામાં સમર્થ છે.

गुरूक्तविधिना धर्म--निधेरधिगमे नृणां ॥
आविर्भवंति विघ्नाय । विषया व्यंतरा इव ॥ ५६ ॥

અર્થઃ—ગુરૂએ કહેલી વિધિથી માણસોને જ્યારે ધર્મરૂપી નિધાનની પ્રાપ્તિ થાય છે ત્યારે તેમાં વ્યંતરોની પેઠે વિષયો વિઘ્ન કરવા માટે તત્પર થાય છે. ॥ ૫૬ ॥

ये बिभीषिकयामीषां । क्षुभ्यंति मृदुचेतसः ॥
ते मोहोद्ग्रहिलीभूता । भ्रमंति भवचत्वरे ॥ ५७ ॥

અર્થઃ—જે કાચા હૃદયના માણસો તેઓના ડરથી ક્ષોભ પામે છે, તેઓ મોહથી ગ્રથિલ થયાથકા સંસારરૂપી ચહુટામાં ભમ્યા કરે છે.

ज्ञानादिरत्नसंदोह–मनिशं द्रोहबद्धिभिः ॥
दंड्यते विषयस्तेनै–र्जनः शिवपुराध्वगः ॥ ५८ ॥

અર્થઃ—મોક્ષમાર્ગે જતા મનુષ્યના જ્ઞાનાદિરૂપ રત્નોના સમૂહને હમેશાં દ્વેષબુદ્ધિવાળા વિષયરૂપી ચોરો લુંટી જાય છે. ॥ ૫૮ ॥

न कुर्वंति जना जैनं । धर्मं ये विषयेच्छवः ॥
लोभेन काचखंडानां । चिंतारत्नमहारि तैः ॥ ५९ ॥

અર્થઃ—જે માણસો વિષયના ઇચ્છક થઇને જૈન ધર્મ કરતા નથી, તેઓ કાચના ટુકડાના લોભી થઇને ચિંતામણિ રત્ન હારી જાય છે.

सांगारसारैर्भूषाशा । भोजनाशा विषेण सा ॥
कुंतैः कंडूयनाशा सा । विषयैर्या सुखस्पृहा ॥ ६० ॥

અર્થઃ—વિષયોથી સુખની જે ઇચ્છા કરવી તે અંગારાઓથી આભૂષણની આશા, વિષવડે ભોજનની આશા તથા ભાલાંથી ખરજ કરવાની આશા કરવાસરખું છે. ॥ ૬૦ ॥

माधुर्यमुपदर्श्यादौ । येंते दुःखं वितन्वते ॥
विषयेषु न विश्वासः । कार्यस्तेषु खलेष्विव ॥ ६१ ॥

અર્થઃ—જેઓ પ્રથમ મીઠાશ દેખાડીને છેવટે દુઃખ આપે છે, એવા તે ખલ સરખા વિષયોમાં વિશ્વાસ કરવો નહિ. ॥ ૬૧ ॥

विषयान्नरकाध्वन्य-ध्वन्यमायानपास्य ये ॥
उपासते सदा धर्मं । ते धन्या गुणवर्मवत् ॥ ६२ ॥ तथाहि—

અર્થ:—નરકના માર્ગમાં વટેમાર્ગુ સરખા વિષયોને તજીને જેઓ હમેશાં ધર્મની ઉપાસના કરે છે, તેઓને ગુણવર્મની પેઠે ધન્ય છે. ॥ ૬૨ ॥ તે ગુણવર્મનું ઉદાહરણ નીચેમુજબ છે.—

ध्रुवमानवरत्नार्ह-सुवर्णस्थितिसुंदरं ॥
इहास्ति हस्तिनापुरं । कुरुमंडलमंडनं ॥ ६३ ॥

અર્થ:—નિશ્ચળ મનુષ્યજન્મરૂપી રત્નને યોગ્ય એવા સુવર્ણ એટલે ઉત્તમ વર્ણના લોકોની સ્થિતિથી સુંદર થયેલું અને કુરુદેશને શોભાવનારૂં હસ્તિનાપુર નામે નગર છે. ॥ ૬૩ ॥

दृढधर्माख्यया ख्यात-स्तत्राभूद्वसुधाधवः ॥
यस्य खड्गलता स्वर्ग—दुर्गपद्येव विद्विषां ॥ ६४ ॥

અર્થ:—તે નગરમાં દૃઢધર્મ નામનો રાજા હતો, કે જેની તલવાર શત્રુઓને સ્વર્ગરૂપી કિલ્લાપર ચડવાને પગથીયાં સરખી હતી. ॥૬૪॥

चरितार्थाभिधा तस्या—ऽभवच्चंद्रानना प्रिया ॥
यद्रूपवीक्षणायेव । दधुर्देव्योऽनिमेषतां ॥ ६५ ॥

અર્થ:—તેને સાર્થક નામવાળી ચંદ્રાનના નામની રાણી હતી, કે જેણીનું રૂપ જોવા માટેજ જાણે હોય નહિ તેમ દેવીઓ અનિમેષપણાને ધારણ કરતી હતી. ॥ ૬૫ ॥

तस्याः पंचाननस्वप्न--सूचितादद्भुतविक्रमः ॥
बभूव गुणवर्मेति । कुमारः सुकुमारगीः ॥ ६६ ॥

અર્થ:—તેણીને સિંહના સ્વપ્નથી અદ્ભુત પરાક્રમ સૂચવનારો અને કોમલ વાણીવાળો ગુણવર્મા નામે કુમાર હતો. ॥ ૬૬ ॥

उद्यतो भास्करस्येव । प्रभा यस्य शिशोरपि ॥
विसारिवैरिध्वांतस्यो-ल्लासनाशमुपाविशत् ॥ ६७ ॥

અર્થ:—ઉગતા સૂર્યનીપેઠે તે બાળકની કાંતિ વિસ્તાર પામતા વૈરીઓરૂપી અંધકારના ઉલ્લાસનો નાશ કરવા લાગી. ॥ ૬૭ ॥

उवास सहवासस्य । लोभादिव यदंगके ॥
संकीर्णेऽपि शिशुत्वेन । निखिलं गुणमंडलं ॥ ६८ ॥

અર્થ:—તેની સાથે રહેનારા લોભથીજ હોય નહિ જાણે તેમ તેના બાલ્યપણાથી નાના શરીરમાં પણ સઘળો ગુણોનો સમૂહ રહેવા લાગ્યો. ॥ ૬૮ ॥

स पित्रा पाठितो यत्ना—दुपाध्यायस्य संन्निधौ ॥
विद्याविहंगविश्राम-विटपी समजायत ॥ ६९ ॥

અર્થ:—પિતાએ ઉપાધ્યાયપાસે યત્નપૂર્વક ભણાવેલો એવો તે ગુણવર્મા કુમાર વિદ્યારૂપી પક્ષીને વિશ્રામ લેવામાટે વૃક્ષસરખો થયો.

समं समंत्रिपुत्रेण । सागरेण गुणाब्धिना ॥
अभ्यस्यन्नन्वहं सर्व—कलाः शैशवमत्यगात् ॥ ७० ॥

અર્થ:—ગુણોના સમુદ્રસરખા મંત્રિપુત્રની સાથે સર્વ કલાઓનો હમેશાં અભ્યાસ કરતો તે બાલ્યપણુ ઉલ્લંઘી ગયો. ॥ ૭૦ ॥

तारं तारुण्यमाप्तोऽसो । रूपेण च बलेन च ॥
शल्यायतेस्म नारीणां । नानारीणां च चेतसि ॥ ७१ ॥

અર્થ:—મનોહર યુવાવસ્થાને પ્રાપ્ત થઇને તે રુપ અને બળથી સ્ત્રીઓના અને શત્રુઓના મનમાં શલ્યરુપ થયો. ॥ ૭૧ ॥

अन्यदा विनिविष्टेषु । पार्षद्येषु यथाक्रमं ॥
कुमारेऽस्मिन् गुणागारे । शृंगारयति संसदं ॥ ७२ ॥

અર્થ:—હવે એક દિવસ સભાસદો અનુક્રમે બેઠે છતે તથા ગુણવાન કુમાર પણ રાજસભાને શોભાવતે છતે ॥ ૭૨ ॥

एत्य पृथ्वीपतेः पादो—पांतं प्रणतिपूर्वकं ॥
वेत्री व्यजिज्ञपन्मौलि—कोटीरकीरितांजलिः ॥ ७३ ॥

અર્થ:—છડીદારે રાજાપાસે આવી મસ્તકપર હાથ જોડીને પ્રણામપૂર્વક વિનંતિ કરી કે, ॥ ૭૩ ॥

महीप श्रीपुरेशस्य । मंत्री श्रीषेणभूभुजः ॥
मूर्त्यंतरमिवायत—स्तिष्ठति द्वारि वारितः ॥ ७४ ॥

અર્થ:—હે સ્વામી! શ્રીપુર નગરના શ્રીષેણ રાજાનો રુપાંતરસરખો મંત્રી બારણે આવેલો છે, અને તેને મેં અટકાવ્યો છે. ॥ ૭૪ ॥

तमानयत मामत्र । मंक्ष्विति क्षितिजानिना ॥
आदिष्टोऽसौ ससन्मान—मानिन्ये मंत्रिणं सभां ॥ ७५ ॥

અર્થ:—તેને તુરત મારીપાસે લાવ? એવી રીતે રાજાએ હુકમ કર્યાથી તે સન્માનપૂર્વક તે મંત્રીને રાજસભામાં લાવ્યો. ॥ ૭૫ ॥

प्रणम्य प्रणयेनैनं । निविष्टं विष्टरे नृपः ॥

पप्रच्छ कुशलप्रश्न—पूर्वमागमकारणं ॥ ७६ ॥

અર્થ:—પ્રેમપૂર્વક નમસ્કાર કરીને જ્યારે તે આસનપર બેઠો ત્યારે રાજાએ કુશલ પૂછવાપૂર્વક તેને આવવાનું કારણ પૂછયું. ॥ ૭૬ ॥

कुशलः कुशलोदंत—मुदित्वा मंत्रिपुंगवः ॥

एवं निवेदयामास । कार्यतत्त्वं महीभुजः ॥ ७७ ॥

અર્થ:—ત્યારે તે ચતુર મંત્રી કુશલ સમાચાર કહીને નીચે મુજબ પોતાના રાજાનું કાર્ય કહેવા લાગ્યો. ॥ ૭૭ ॥

पुन्नाग नागकन्येव । भुवमुद्भिद्य निर्गता ॥

श्रीश्रीषेणमहीभर्त्तुः । श्रीपुरस्वामिनः कनी ॥ ७८ ॥

અર્થ:—હે ઉત્તમ પુરૂષ! પૃથ્વી ખોદીને નિકળેલ જાણે નાગકન્યા હોય નહિ તેમ અમારા શ્રીપુરનગરના સ્વામી શ્રીષેણ રાજાની એક કન્યા છે. ॥ ૭૮ ॥

नाम्ना कनकवत्यस्ति । कनकद्युतिरद्भुता ॥

मांगल्यदीपिकेवास्त—तमः कल्याणकारणं ॥ ७९ ॥

અર્થ:—તેણીનું નામ કનકવતી છે, તથા નષ્ટ કરેલ છે અજ્ઞાનરૂપી અંધકાર જેણીએ અને જાણે કલ્યાણના કારણરૂપ મંગલદીવી હોય નહિ તેવી અદ્ભુત સુવર્ણ સરખી કાંતિવાળી છે. ॥ ૭૯ ॥

कलाविलासिनीकेलि—वसतिः श्रुतपारगा ॥

अनाहार्यमलंकारं । वपुषः साप्युपद्वयः ॥ ८० ॥

અર્થ:—કલાઓરૂપી સ્ત્રીઓને ક્રીડા કરવાના ઘરસરખી તથા શાસ્ત્રોના પારને પહોંચેલી એવી તે શરીરની અનુપમ આભૂષણસરખી લાયક ઉમરને પહોંચેલી છે. ॥ ૮૦ ॥

तन्वाना शारदीं शोभां । लीलालसपदान्यदा ॥

हंसीवाब्जं पितुः क्रोडं । सदःसरसि साऽभजत् ॥ ८१॥

અર્થ:—શરદઋતુની શોભાને વિસ્તારતી એવી તે કન્યા એક દિવસે લીલાપૂર્વક ધીમાં પગલાં મુકતીથકી હંસી જેમ કમલપર તેમ સભારૂપી તળાવમાં બેઠેલા પોતાના પિતાના ખોળામાં આવી બેઠી.

खनीव रूपरत्नस्य । मंजूषेव गुणश्रियः ॥

चक्रे जामातृचिंतार्त्तं । चेतो दृष्टापि सा पितुः ॥ ८२ ॥

અર્થ:—રૂપરૂપી રત્નની ખાણસરખી તથા ગુણોરૂપી લક્ષ્મીની પેટીસરખી તેણીને જોવામાત્રથીજ રાજાનું મન જમાઇની ચિંતાથી પીડિત થયું. ॥ ૮૨ ॥

कः स्यादस्या वरो योग्यः । पद्मिन्या इव भास्करः ॥
इति पृष्टा विशांपत्या । कुलामात्या बभाषिरे ॥ ८३ ॥

અર્થ:—કમલિનીનો જેમ સૂર્ય તેમ આનો યોગ્ય ભર્તાર કોણ થશે? એમ રાજાએ પુછવાથી મ્હોટા મંત્રીઓ બોલ્યા કે, ॥ ૮૩ ॥

स्युर्नाथ कोटिशः कन्या । न कापि पुनरीदृशी ॥
रंगायोरगवल्ल्येव । भूयसीष्वपि वल्लिषु ॥ ८४ ॥

અર્થ:—હે સ્વામી ! આ દુનિયામાં ક્રોડોગમે કન્યાઓ હોય છે, પરંતુ આના સરખી કોઇ પણ નથી, કેમકે ઘણી વેલડીઓમાં પણ નાગરવેલજ આનંદ આપનારી છે. ॥ ૮૪ ॥

अस्या अस्थानविवाह—घटनाजन्मदुर्यशः ॥
अस्माकं पलितश्वेते । न मूर्ध्नि स्थातुमीश्वरं ॥ ८४ ॥

અર્થ:—આ કન્યાના અયોગ્ય જગોએ વિવાહ કરવાથી ઉત્પન્ન થયેલો અપયશ આ અમારાં શ્વેત વાળવાળાં મસ્તકપર રહી શકે તેમ નથી. ॥ ૮૪ ॥

मनुष्यो न क्षमोऽमुष्याः । प्रख्यातुमुचितं वरं ॥
येनेयं निर्मिता धात्रा । स एव स्याद्यदि प्रभुः ॥ ८६ ॥

અર્થ:—આને લાયક વર કહેવાને મનુષ્ય તો સમર્થ નથી, માટે જે વિધાતાએ આને બનાવી છે, તેજ કદાચ તેણીનો વર નિર્માણ કરી શકે તેમ લાગે છે. ॥ ૮૬ ॥

तदर्हति महीपाल । बाला सेयं स्वयंवरं ॥
पुण्यान्येवोपदेक्ष्यंति । तदस्या उचितं पतिं ॥ ८७ ॥

અર્થ:—માટે હે સ્વામી ! આ કન્યા તો સ્વયંવરને યોગ્ય છે, તથા તે વખતે તેણીનાં પુણ્યોજ તેણીનો ઉચિત વર દેખાડી આપશે.

तेषामेकांतभक्तानां । मेने भूमानिमां गिरं ॥
राज्ञां हि मंत्रिणो नेत्रं । त्वग्नेत्रे तु मुखश्रिये ॥ ८८ ॥

અર્થ:—એવી રીતે એકાંત ભક્તિવાળા તે મહામંત્રીઓનું વચન રાજાએ પણ માન્યું. કેમકે મંત્રીઓ રાજાઓની ખરી આંખ છે, બાકી ચર્મનેત્રો તો મુખની શોભા માટે છે. ॥ ૮૮ ॥

नृत्यद्वारांगनालुप्त-लोकलोचनचपलं ॥

हेमकुंभांशुसंभार——शाश्वतीकृतवासरं ॥ ८९ ॥

અર્થ:—પછી રાજાએ નાચતી વારાંગનાએ નષ્ટ કરેલ છે લોકોના નેત્રોની ચપલતા જેમાં એવો, તથા સુવર્ણકળશોના કિરણોના સમૂહથી જ્યાં શાશ્વતો દિવસજ ઉગી રહ્યો છે એવો, ॥ ૮૯ ॥

चलध्ध्वजांचलापास्त——जनजातपरिश्रमं ॥

शिल्पिभिः कल्पयामास । स स्वयंवरमंडपं ॥ ९० ॥

અર્થ:—તથા ઉડતી ધ્વજાઓના છેડાઓથી દૂર થયેલ છે લોકોનો પરિશ્રમ જ્યાં એવો એક સ્વયંવરમંડપ કારીગરોપાસે કરાવ્યો છે.

यत्र स्फटिकभूभागे । विचित्रोल्लोचबिंबनैः ॥

विना यत्नं भवच्चित्रं । चित्रं कस्य चकार न ॥ ९१ ॥

અર્થ:—જે મંડપમાં સ્ફટિકનું ભૂમિતલ બનાવ્યું છે, તેમાં ( ઉંચે બાંધેલ ) વિચિત્ર ચંદ્રવાના પ્રતિબિંબોથી પ્રયત્નવિનાજ થયેલું ચિત્રામણ કોને આશ્ચર્ય કરતું નથી ? ॥ ૯૧ ॥

यत्र स्तंभानवष्टभ्य । निश्चलांगतया स्थिताः ॥

जनसंमर्दभीत्येव । रेजिरे स्वर्णपुत्रिकाः ॥ ९२ ॥

અર્થ:—ત્યાં લોકોની ગીરદીના ડરથી જાણે સ્તંભોને આલીને નિશ્ચલ શરીરથી રહેલી સ્વર્ણની પુતલીઓ શોભી રહી છે. ॥ ૯૨ ॥

चतुर्दिगितभूपानां । संमुखीभवनेन यः ॥

आतिथ्यमिव निर्मातुं । चतुर्द्वारमुखोऽजनि ॥ ९३ ॥

અર્થ:—ચારે દિશાઓથી આવતા રાજાઓની સન્મુખ હોવાથી જાણે તેઓના આદરસત્કારમાટે હોય નહિ તેમ તે મંડપ ચાર દરવાજાવાળો થયો છે. ॥ ૯૩ ॥

महत्वाद्यत्र मंचेषु । प्राप्तेष्वासनमुख्यतां ॥

स्वर्णसिंहासनश्रेणी । बभार मुकुटायितं ॥ ९४ ॥

અર્થ:—મહોત્સવ હોવાથી મુખ્ય આસનપણાને પ્રાપ્ત થયેલી ખુરશીઓપર રહેલી સ્વર્ણના સિંહાસનોની શ્રેણી તેઓના મુકુટપણાને ધારણ કરે છે. ॥ ૯૪ ॥

दूतान् भूपुरुहूताना—माह्वानाय चतुर्दिशि ॥

प्रैषीन्नृपोऽथ पांथानां । वसंतः सीकरानिव ॥ ९५ ॥

અર્થઃ—પછી વસંત ઋતુ પંથિઓને બોલાવવા માટે જેમ મકરંદોને તેમ રાજાએ ભૂપોને ત્યાં બોલાવવામાટે ચારે દિશાએ દૂતોને મોકલ્યા છે. ॥ ૯૫ ॥

मां पुनर्भूमिसुत्रामा । त्वामाह्वातुं न्ययोजयत् ॥

तत्प्रसीद पुनीह्याशु । स्वदृशा श्रीपुरं पुरं ॥ ९६ ॥

અર્થઃ—અને આપને બોલાવવામાટે રાજાએ મને મોકલ્યો છે, માટે આપ કૃપા કરીને આપના ચક્ષુથી શ્રીપુર નગરને તુરત પવિત્ર કરો? ॥ ૯૬ ॥

नृपोऽध्यायदथायुक्तं । जरसालिंगितस्य मे ॥

चित्तमात्तव्रतस्येव । पाणिग्रहणपाटवं ॥ ९७ ॥

અર્થઃ—હવે રાજાએ વિચાર્યું કે હું તો હવે જરાયુક્ત થયો છું, માટે વ્રતધારીનીપેઠે મારે પરણવાનું મન કરવું અયુક્ત છે. ॥ ૯૭ ॥

अतीतयौवनस्यापि । दृष्ट्वा विषयविप्लवं ॥

वितनोति जरा युक्तं । पलितच्छलतः स्मितं ॥ ९८ ॥

અર્થઃ—યૌવનવય વીત્યાબાદ પણ જે વિષયમાં લોલુપ થાય છે, તેની શ્વેત વાળના મિષથી જરા જે હાંસી કરે છે તે યુક્તજ છે. ॥ ૯૮ ॥

युक्ता शिरीषमृद्वंगी । सुंदरी गुणवर्मणः ॥

अस्माकं तु दरी प्रस्थ—पुटस्थपुटितांतरा ॥ ९९ ॥

અર્થઃ—માટે તે સરસવના પુષ્પસરખી કોમલ શરીરવાળી સુંદરી ગુણવર્મ કુમારને યોગ્ય છે, અને અમોને તો હવે પત્થરોના સમૂહથી ભરેલા મધ્યભાગવાળી ગુફા આશ્રય કરવાલાયક છે. ॥ ૯૯ ॥

सन्मुहूर्ते कुमारं त—मथ प्रातिष्टपन्नृपः ॥

द्विपाश्वरथपत्त्योघ—पराभूतेंद्रवैभवं ॥ ११०० ॥

અર્થઃ—પછી રાજાએ હાથી ઘોડા રથ તથા પાયદળના સમૂહથી ઇંદ્રને પણ જીતી શકે તેવા ઠાઠમાઠથી ઉત્તમ મુહૂર્ત સમયે તે કુમારને પ્રયાણ કરાવ્યું. ॥ ૧૧૦૦ ॥

प्रयाणैरनवच्छिन्नैः । सोऽप्युर्वीं खर्वयन्निव ॥

विनोदैर्विदुषां कृत्त—क्लमो मार्गमलंघयत् ॥ १ ॥

અર્થઃ—તે કુમાર પણ અનવચ્છિન્ન પ્રયાણોવડે પૃથ્વીને આક્રમણ કરતો અને વિદ્વાનોના વિનોદોથી થાકને દૂર કરતોથકો માર્ગ ઉલ્લંઘવા લાગ્યો. ॥ ૧ ॥

स श्रीपुरमकूपार—पारं पोत इवाचिरात् ॥

अवाप प्रेरितो हृद्यैः । शकुनैः पवनैरिव ॥ २ ॥

અર્થ:—પવનથી પ્રેરાયેલું વહાણ જેમ સમુદ્રને કિનારે તેમ ઉત્તમ શકુનોથી પ્રેરાયેલો તે કુમાર તુરત શ્રીપુરાનગરમાં આવ્યો. ॥ ૨ ॥

कुमारमागतं श्रुत्वा । श्रीपुरप्रभुरभ्यगात् ॥

जनयित्वा जनः कन्यां । स्थाने स्थातुं लभेत कः ॥ ३ ॥

અર્થ:—હવે તે ગુણવર્મા કુમારને આવેલો જાણીને શ્રીપુરનો રાજા તેની સન્મુખ આવ્યો. કેમકે કન્યાને ઉત્પન્ન કરીને કોણ સુખે ઠેકાણે બેશી શકે છે? ॥ ૩ ॥

मुखैर्गवाक्षनिःक्रांतै—र्दिदृक्षूणां मृगीदृशां ॥

व्योमांभोजभ्रमं तन्वन् । पुरं प्रावीविशत् स तत् ॥ ४ ॥

અર્થ:—તેને જોવાને ઇચ્છાતુર થયેલી સ્ત્રીઓના ઝરૂખાઓમાંથી બહાર નિકળેલાં મુખોથી આકાશકમલોના ભ્રમને વિસ્તારતા તે કુમારે તે નગરમાં પ્રવેશ કર્યો. ॥ ૪ ॥

कुमारं सपरीवारं । व्यूढेऽवस्थाप्य वेश्मनि ॥

ग्रासघासादिसामग्रीं । समग्रामप्यपूरयत् ॥ ५ ॥

અર્થ:—પછી રાજાએ તે કુમારને તેના પરિવારસહિત એક વિશાળ મહેલમાં ઉતારો આપીને તેને માટે ભોજન ઘાંસ આદિકની સઘળી સામગ્રી કરાવી આપી. ॥ ૫ ॥

एवमेव समायाता: । प्रवेश्य परमोत्सवैः ॥

यथास्थाने न्यवेश्यंत । तेनान्येऽपि नरेश्वराः ॥ ६ ॥

અર્થ:—વલી એવીજ રીતે ત્યાં આવેલા બીજા રાજાઓને પણ મહોત્સવપૂર્વક પ્રવેશ કરાવીને તેણે યોગ્ય સ્થાનકે ઉતાર્યા. ॥ ૬ ॥

रज्ज्वाकृष्ट इवासीद—त्यथ वीवाहवासरे ॥

विदुर्षी व्यमृशद्भूप—दुहिता स्वहिताशया ॥ ७ ॥

અર્થ:—હવે જાણે દોરીથી ખેંચાયો હોય નહિ તેમ વિવાહનો દિવસ નજીક આવવાથી રાજાની તે ચતુર પુત્રી પોતાના હિતની આશાથી વિચારવા લાગી કે, ॥ ૭ ॥

सदसत्त्वं स्वयं तातो । राज्ञां विज्ञातुमक्षमः ॥

ददौ स्वयंवरं ताव—न्मह्यमत्यंतवत्सलः ॥ ८ ॥

અર્થ:—મારા પિતાએ પોતે રાજાઓના સદ્‌ગુણ અવગુણને નહિ જાણી શકવાથી મારાપર સ્નેહ લાવીને મારા માટે આ સ્વયંવર મંડપ રચ્યો છે. ॥ ८ ॥

ये तातेन स्फुरच्चारु—चक्षुषापि न लक्षिताः ॥
गृहकोणकुटुंबिन्यास्ते । लक्ष्या हि कथं मया ॥ ९ ॥

અર્થ:—હવે જે રાજાઓની મારા પિતા પોતાના સ્ફુરાયમાન મનોહર ચક્ષુથી પણ પરીક્ષા ન કરી શકયા તેઓની ઘરના ખુણામાં બેઠેલી હું શીરીતે પરીક્ષા કરી શકીશ? ॥ ९ ॥

अमी विश्वेऽपि विश्वैक—मल्ला मल्लाभलोलुपाः ॥
तदावदातनेपथ्या । दृक्ष्यंते सदृशा इव ॥ १० ॥

અર્થ:—જગતમાં એક સુભટસરખા મને પરણવાને લોલુપ થયેલા આ સર્વ રાજાઓ તે વખતે મનોહર વસ્ત્રાલંકારોવાળા મને તો સરખાજ દેખાશે. ॥ १० ॥

सुबोधं हि वयोवेष—रूपाद्यंभ इवोदधेः ॥
राजन्यकस्य दुर्बोधा । मुक्ता इव गुणाः पुनः ॥ ११ ॥

અર્થ:—સમુદ્રના જળનીપેઠે તે રાજપુત્રોના ઉમર વેષ તથા રૂપ આદિક તો સુખે ઓળખી શકાશે, પરંતુ મોતીનીપેઠે ગુણોને ઓળખવા મુશ્કેલ છે. ॥ ११ ॥

मया कश्चिदनिश्चित्य । निर्गुणश्चेद्वृतो वरः ॥
तज्जातो राजमेलोऽयं । व्ययमात्रफलः पितुः ॥ १२ ॥

અર્થ:—અને તેથી નિશ્ચય કર્યાવિના જો કદાચ નિર્ગુણી વર વરાઇ ગયો તો આ રાજાઓનો મેળો ફક્ત મારા પિતાને ખરચાળુજ થઇ પડેલો ગણાશે. ॥ १२ ॥

निष्फलं जन्म नारीणां । नायके निर्गुणे ननु ॥
तदद्य राजकं रात्रौ । प्रेक्ष्यं प्रच्छन्नया मया ॥ १३ ॥

અર્થ:—વળી જો સ્વામી નિર્ગુણ મલ્યો તો સ્ત્રીનો જન્મ નિષ્ફલ જાય છે, માટે આજે રાત્રિએ મારે છુપા વેશથી આ સર્વ રાજસમૂહની પરીક્ષા કરવી. ॥ १३ ॥

अथ सख्या सहाऽलक्ष्या—कृतिर्निशि निशातधीः ॥
राजसद्मसु सर्वेषु । बभ्राम भ्रमरीव सा ॥ १४ ॥

અર્થ:—પછી તે બુદ્ધિવાળી કુમારિકા વેષબદલ કરીને રાત્રીએ સખીસહિત ભમરીનીપેઠે તે સર્વ રાજાઓના ઉતારામાં ભમવા લાગી.

अयं विट इवाश्लील—वाक्पटुर्वीक्ष्यतां सखि ॥
अयं क्षीव इव स्वीय—कलागर्वेण मूर्छितः ॥ १५ ॥

અર્થ:—હે સખી! તું જો? આ રાજકુમાર તો લફંગાની પેઠે ગલીચ ભાષામાંજ ચતુર જણાય છે, અને આ તો બાયલાની પેઠે પોતાની કલાના ગર્વથીજ મૂર્છિત થયેલો છે. ॥ ૧૫ ॥

अयं व्याल इवोत्ताल-रोषणः प्रणयिष्वपि ॥
अयं विप्लुतवन्न्यास्थ—दावयोर्विकृतां दृशं ॥ १६ ॥

અર્થ:—આ તો સર્પનીપેઠે સ્નેહીઓમાં પણ અતિ રોષવાળો છે, અને આ તો લફંગાનીપેઠે આપણાપર પોતાની વિકારી દૃષ્ટિ ફેંકે છે. ૧૬

अयं ग्रामीणवद्विद्व-द्गोष्टीसुखबहिर्मुखः
अयं पशुरिवालापं । न तनोत्यतिथावपि ॥ १७ ॥

અર્થ:—આ તો ગામડીઆની માફક વિદ્વાનોસાથેના વાર્તાલાપથી રહિત છે, અને આ તો પશુનીપેઠે પરોણાસાથે પણ કંઈ વાતચીત કરતો નથી. ॥ ૧૭ ॥

वदंत्येवमसच्चित्त-त्तोषा दोषान्महीभुजां ॥
सा जगाम कुमारस्य । निवासं गुणवर्मणः ॥ १८ ॥ चतुर्भिः कलापकं ॥

અર્થ:—એવી રીતે રાજાઓના દોષોથી મનમાં અસંતુષ્ટ થયેલી તે કુમારીકા ગુણવર્મા કુમારને ઉતારે ગઇ. ॥ ૧૮ ॥

तत्र मित्रैः सह स्नेहं । दर्शयंतं मनाक् स्मितैः ॥
श्रुतामृतस्य तत्वज्ञैः । समीतिप्रीतमानसं ॥ १९ ॥

અર્થ:—ત્યાં મિત્રોસાથે જરા હાસ્યપૂર્વક સ્નેહ દેખાડતા, તથા શાસ્ત્રામૃતના તત્વને જાણનારાઓની સાથે પ્રીતિપૂર્વક ખુશથયેલ મનવાળા,

निक्षिपंतं दृशं स्निग्धां । पादपातिषु पत्तिषु ॥
कलावतां कलालोका—द्धुन्वानं विस्मयाच्छिरः ॥ २० ॥

અર્થ:—નમસ્કાર કરતા નોકરોપર સ્નેહયુક્ત દૃષ્ટિ નાખતા, કલાવાન લોકોની કલાઓ જોઇને આશ્ચર્યથી મસ્તક ધુણાવતા, ॥ ૨૦ ॥

**सर्वालंकारसुभग—मनाद्धत्यमहासनं ॥**

**आलुलोके कुमारं सा । भूमिष्टमिव वासवं ॥ २१ ॥ त्रिभिर्विशेषकं ॥**

અર્થ:—સર્વ અલંકારોથી મનોહર બનેલા, તથા ઉદ્ધતાઇ રહિત મહાન આસનવાળા જાણે પૃથ્વીપર રહેલ ઇંદ્ર હોય નહિ એવા તે ગુણવર્મા કુમારને તેણીએ જોયો. ॥ ૨૧ ॥

**अहो मूर्तिरहो स्फुर्त्ति—रहो अस्य प्रसन्नता ॥**

**ध्यायंत्या इत्यसौ तस्या—श्चकारोचितगौरवं ॥ २२ ॥**

અર્થ:—અહો ! આનું સ્વરૂપ ચાલાકી તથા પ્રસન્નપણું કેવું છે ! એમ વિચારતી એવી તે રાજકુમારીનો તેણે ઘણોજ આદરસત્કાર કર્યો.

**भूरिभूरमणस्थान—भ्रमसंजनितश्रमं ॥**

**कुमारे तत्र सच्छाये । स्थितमालीय तन्मनः ॥ २३ ॥**

અર્થ:—ઘણા રાજાઓના ઉતારે ભમવાથી થાકી ગયેલું "તેણીનું" મન મનોહર છબીવાળા તે ગુણવર્મા કુમારપ્રતે સ્થિર થયું. ॥ ૨૩ ॥

**आगादथ निजागारं । पतीयंती तमेव सा ॥**

**तत्रैव स्वं मनो मुक्त्वा । प्रियपादपरीष्टये ॥ २४ ॥**

અર્થઃ—પછી તેનેજ પોતાના સ્વામી તરીકે નિશ્ચય કરીને તે કુમારીકા પોતાના સ્વામિના ચરણની સેવા માટે પોતાનું મન ત્યાંજ મુકીને પોતાના ઘેર આવી. ॥ ૨૪ ॥

**हारं हार्दमिव स्नेहं । दत्वा संदेशकं च सा ॥**

**स्वधात्रीं प्रेषयामास । समीपे गुणवर्मणः ॥ २५ ॥**

અર્થ:—ત્યારબાદ પોતાના હૃદયના સ્નેહને જેમ, તેમ હાર તથા સંદેશો આપીને પોતાની એક ધાવમાતાને તે ગુણવર્મા કુમારપાસે તેણીએ મોકલી. ॥ ૨૫ ॥

**तेन गौरविता गाढं । विजनीकृत्य कृत्यवित् ॥**

**सा व्याजहार निर्व्याजं । हारहस्ता नृपांगजं ॥ २६ ॥**

અર્થ:—તે ચતુર કુમારે પણ એકાંતે તેણીનો ઘણો સત્કાર કર્યો, પછી તેણીએ હાથમાં હાર લેઇને કપટરહિત ગુણવર્મા કુમારને કહ્યું કે,

**कुमारं हारदंभेन । त्वत्कंठेऽस्ति निधापिता ॥**

**पुत्र्या कनकवत्येवं । वरमाला रमालय ॥ २७ ॥**

અર્થ:—હે લક્ષ્મીના સ્થાનરૂપ કુમાર ! મારી પુત્રી કનકવતીએ આ હારના મિષથી તમારા કંઠમાં આ વરમાલા આરોપી છે. । ૨૭ ।

वरिष्यति क्षितिशेषु । प्रातस्त्वामेव सा ध्रुवं ॥
शृणु तस्या इमामेकां । विज्ञ विज्ञापनां पुनः ॥ २८ ॥

અર્થ:—પ્રભાતે તે ખરેખર સર્વ રાજાઓમાં આપનેજ વરશે, પરંતુ હે ચતુર ! તેણીની એક વિનંતિ આપ સાંભળો? ॥ ૨૮ ॥

स्वामिन् वृत्तविवाहेऽपि । कियंत्यपि दिनान्यहं ॥
सेविष्ये ब्रह्ममाजिह्म—स्नेहोऽभूर्याचयानया ॥ २९ ॥

અર્થ:—હે સ્વામી! વિવાહ થયા બાદ પણ કેટલાક દિવસો સુધિ હું બ્રહ્મચર્યવ્રત પાળીશ, મારી આ માગણીથી આપે મારા પર સ્નેહ ઘટાડવો નહિ. ॥ ૨૯ ॥

स्नेहश्चायं वयश्चेदं । प्रार्थना पुनरीदृशी ॥
किं ब्रूमः सांप्रतं सर्व—मपि कालेऽवभोत्स्यते ॥ ३० ॥

અર્થ:—આવો સ્નેહ ! આવી યૌવનવય! અને પ્રાર્થના પાછી આવી રીતની! માટે અમો હાલ શું કહિયે? અવસરે સઘલું જણાઇ રહેશે. ॥ ૩૦ ॥

ध्यात्वेत्युरोगिरितटी—निर्झरायितमायतं ॥
दत्वा तस्मै निजं हारं । कुमारः प्रत्यवोचत ॥ ३१ ॥

અર્થ:—એમ વિચારીને પોતાના હૃદયરૂપ પર્વતમાં નદીના ઝરણા સરખો એક મોટો હાર તેણીને દેઇને કુમારે કહ્યું કે, ॥ ૩૧ ॥

वचनं जीवितेश्वर्या । वयं तस्याः कदाचन ॥
न लुप्स्यामस्ततः स्वस्था । सापि स्वस्थानमासदत् ॥ ३२ ॥

અર્થ:—તે પ્રાણપ્રિયાનું વચન અમો કદી પણ ઉથાપીશું નહિ, તે સાંભળી શાંત થયેલી તે ધાવમાતા પોતાને સ્થાનકે આવી. । ૩૨ ।

मेने हारः सनीहार—श्वेतशीतलमौक्तिकः ॥
राजकन्या वियोगिन्य । नलास्त्रं निहितो हृदि ॥ ३३ ॥

અર્થ:—બરફજેવાં શ્વેત અને શીતલ મોતીવાળા તે હારને હૃદયમાં ધારણ કરીને તે રાજકન્યા કુમારના વિયોગથી તેને અગ્નિશસ્ત્રસરખો માનવા લાગી. ॥ ૩૩ ॥

दूताहूतमथ प्रातः । क्षुभ्यदंभोधिसन्निभं ॥
राजन्यकं विवेशांतः । स्वयंवरणमंडपं ॥ ३४ ॥

અર્થ:—હવે પ્રભાતે ક્ષોભ પામેલા સમુદ્રસરખા સ્વયંવર મંડપમાં દૂતો મારફતે બોલાવેલો રાજાઓનો સમૂહ દાખલ થયો. ॥ ૩૪ ॥

मंचेषु सप्रपंचेषु । पंचेषुसममूर्त्तयः ॥
सिंहासनानि नामांका-न्यध्यास्यंत नरेश्वराः ॥ ३५ ॥

અર્થ:—ત્યાં ગોઠવેલી ખુરશીઓ ઉપર રહેલા પોતપોતાના નામના સિંહાસનોપર કામદેવસરખી મૂર્તિવાળા રાજાઓ આવીને બેઠા. ૩૫

अस्थायि मंचमारूढे । निध्याते गुणवर्मणि ॥
अपि मुक्तविवाहाशैः । क्षितिपैः सत्रपैरिव ॥ ३६ ॥

અર્થ:—પછી જ્યારે ગુણવર્મા કુમાર ખુરશીપર બેઠા ત્યારે તેમને જોવાથી બીજા રાજાઓ તો જાણે લજ્જા પામ્યા હોય નહિ તેમ (પોતાના) વિવાહુની આશા છોડી બેઠા. ॥ ૩૬ ॥

तदा स्नातविलिप्तांगी । धृतसर्वांगभूषणा ॥
पुंवाह्यं यानमारूढा । निगूढानंगविभ्रमा ॥ ३७ ॥

અર્થ:—હવે તે સમયે સ્નાન કર્યાબાદ શરીરે સુગંધી લેપ કરીને, સર્વ શરીરપર આભૂષણો ધારણ કરીને પુરૂષોએ ઉંચકેલી પાલખીમાં બેઠેલી તથા ગુપ્ત કામવિલાસોવાળી, ॥ ૩૭ ॥

पुरः प्रियसखीहस्त—विन्यस्तवरमालिका ॥
पृष्टे गीतगुणा स्त्रीभि—स्तत्रागान्नृपपुत्र्यपि ॥ ३८ ॥ युग्मं ॥

અર્થ:—આગાડી ચાલતી પ્રિય સખીના હાથમાં આપેલી છે વરમાલા જેણીએ એવી, પાછળ રહેલી સ્ત્રીઓ જેણીના ગુણો ગાઈ રહેલી છે એવી તે રાજકન્યા પણ ત્યાં આવી. ॥ ૩૮ ॥

का श्रीः का भारती रंभा । रती वा के अतः परे ॥
ध्यायतामिति भूपानां । पेतुस्तत्र समं दृशः ॥ ३९ ॥

અર્થ:—આ કુમારીશિવાય વળી બીજી લક્ષ્મી, સરસ્વતી, રંભા કે રતિ કોણ હશે? એમ વિચારતા તે સર્વ રાજાઓની દૃષ્ટિ એકી વખતે તેણીનાપર પડી. ॥ ૩૯ ॥

इयं भवतु वा मा वा । किं त्वस्या दर्शनेन नः ॥
दूराध्वश्रमसाफल्य—मासीद्दध्युर्नृपा इति ॥ ४० ॥

અર્થ:—આ કન્યા ભલે આપણને મળો અથવા ન મળો પરંતુ આના દર્શનથી આપણો દૂર દેશથી આવવાનો શ્રમ સફલ થયો છે, એમ તે રાજાઓ માનવા લાગ્યા. ॥ ૪૦ ॥

ततो ज्ञाताखिलक्ष्माप—नामस्थानगुणान्वया ॥
व्याजहार प्रतिहारी । कुमारीमित्युदारवाक् ॥ ४१ ॥

અર્થ:—પછી સર્વ રાજાઓના નામ સ્થાન ગુણ તથા વંશને જાણનારી વાચાલ પ્રતીહારી તે રાજકુમારીને કહેવા લાગી કે, ॥ ૪૧ ॥

रूपसंपज्जितानंगा । अमी श्राद्ध इव द्विजाः ॥
भूपा समुदीताः सर्वे—ऽप्यत्र त्वल्लाभकाम्यया ॥ ४२ ॥

અર્થ:—રૂપની સંપદાથી કામદેવને જીતનારા આ સર્વ રાજાઓ શ્રાદ્ધમાં જેમ બ્રાહ્મણો તેમ અહીં તને મેળવવાની ઇચ્છાથી એકઠા થયા છે. ॥ ૪૨ ॥

अमुमेतेषु निःशेष—द्वेषिशाखिदवानलं ॥
मालवेशं महीपालं । महाशालं निभालय ॥ ४३ ॥

અર્થ:—આ સર્વ રાજાઓમાં સર્વ શત્રુઓરૂપી વૃક્ષોને બાળવામાં દવાનલ સરખા માળવાના મહાશાલ રાજાને તું જો ? ॥ ૪૩ ॥

तपनातपतीव्रेण । यत्प्रतापेन पीडिताः ॥
वसंति सततं शीत—च्छाये वैरिनृपा वने ॥ ४४ ॥

અર્થ:—સૂર્યના તાપસરખા જેના તીવ્ર પ્રતાપથી ખેદ પામેલા વૈરી રાજાઓ હમેશાં શીતલ છાયાવાળાં વનમાં જઈ રહેલા છે. ૪૪

सच्छाये बंधुरस्कंधे । सत्पत्रे सुमनःप्रिये ॥
बालेऽमुष्मिन् महाशाले । वल्लीवल्लीयसे न किं ॥ ४५ ॥

અર્થ:—ઉત્તમ આકારવાલા ( છાયાવાલા, ) મનોહર ખભાવાલા ( સ્કંધવાલા, ) સંતોનું રક્ષણ કરનારા ( સારાં પત્રોવાલા ) વિદ્વાનોને પ્રિય ( પુષ્પોવડે પ્રિય લાગતા ) એવા આ મહાવૃક્ષસરખા મહાશાલ રાજાપ્રતે તું વલ્લીનીપેઠે શામાટે વીંટાતી નથી ? ॥ ૪૫ ॥

यद्येष मालवेशस्त—द्धुरि राज्ञां कथं स्थितः ॥
उपहासपरामेवं । कन्यां प्रोवाच सा पुनः ॥ ४६ ॥

અર્થ:—જો આ ' માલવેશ ' એટલે લેશમાત્ર લક્ષ્મીનો સ્વામી છે, ? તો પછી રાજાઓમાં તે અગાડી થઇને શા માટે બેઠો છે. ? એવી રીતે હાંસી કરનારી તે રાજકન્યાને વળી ફરીને તે પ્રતીહારીએ કહ્યું કે. ॥ ४६ ॥

पश्चात्प्रौढरणारूढे । यः स्वं धनुरनामयत् ॥
पूर्वमेव नमंतिस्म । शिरांसि रिपुभूभुजां ॥ ४७ ॥

અર્થ:—જેણે મહારણમાં ચડીને પોતાનું ધનુષ્ય તો હજુ પાછળથી નમાવ્યું, પણ તેની પહેલાંજ શત્રુરાજાઓનાં મસ્તકો તો નમી પડયાં છે, ॥ ४७ ॥

तमेनं नाथमंगानां । सिंहं सिंहौजसं वृणु ॥
अस्तु चंपाधुनाऽदृष्ट-कुहूका त्वन्मुखेंदुना ॥ ४८ ॥

અર્થ:—તે આ સિંહસરખા તેજવાળા અંગદેશના સિંહ નામના રાજાને તું વર ? કે જેથી તારાં મુખરૂપી ચંદ્રવડે કરીને ચંપા નગરી હવે અમાવાસ્યારહિત થાય. ॥ ४८ ॥

सा प्रोचे नन्वयं धीर—धुर्योऽहं त्वबला पुनः ॥
धीरकातरयोर्योगः । कियन्नंदति चिंतय ॥ ४९ ॥

અર્થ:—ત્યારે રાજકુમારી બોલી કે આતો સુભટોનો અગ્રેસરી છે, અને હું તો અબળા છું, માટે હે પ્રતિહારી ! તું વિચાર કે શૂરા અને કાયરનો સંયોગ કેટલુંક નભી શકે ? ॥ ४९ ॥

साथ गत्वाग्रतोऽवादी—दयं बाले महाबलः ॥
मगधाधिपतिः कीर्त्ति—मुखरीकृतमागधः ॥ ५० ॥

અર્થ:—ત્યારે તે પ્રતિહારી આગલ જઇને બોલી કે હે બાલા ! જેની કીર્તિ ભાટલોકો ગાઇ રહ્યા છે એવો આ મગધ દેશનો મહાબલ નામે રાજા છે. ॥ ५० ॥

येन राजगृहैश्वर्य—मेकच्छत्रं वितन्वता ॥
लोकेऽप्यनुगृहं राज-गृहता विहिता श्रिया ॥ ५१ ॥

અર્થઃ—આ રાજાએ રાજગૃહ નગરનું રાજ્ય એકછત્ર કરીને લક્ષ્મીવડે લોકોના દરેક ઘરમાં રાજાના ઘરેજેવું કરી દીધું છે. ૫૧

तन्व्येष स्वभुजाश्लेष--सुखी मंक्षु विधीयतां ॥
साप्यूचे ताततुल्योऽयं । मम प्रणतिमर्हति ॥ ५२ ॥

અર્થઃ—માટે હે તન્વિ! આ રાજાને તું પોતાની ભુજાના આલિંગનથી તુરત સુખી કર? ત્યારે કનકવતી બોલી કે આ તો મારા પિતાસરખો છે, માટે મારે તે નમવા યોગ્ય છે. ॥ ૫૨ ॥

ततोऽग्रतो गता साऽवक् । कासीवासी कलानिधिः ॥
वीरसेनो रसेनायं । व्रियतामुचितस्तव ॥ ५३ ॥

અર્થઃ—પછી આગળ જઇને તેણી બોલી કે આ કલાઓના ભંડાર સરખો વીરસેન નામનો કાશીનો રાજા તને લાયક છે, માટે તેને તું રસપૂર્વક વર?॥ ૫૩ ॥

आसमुद्रं गता शंख—श्वेता विबुधवल्लभा ॥
अस्य कीर्तिश्च गंगा च । पुनितः सकलामिलां ॥ ५४ ॥

અર્થઃ—છેક સમુદ્રસુધિ પહોંચેલી, શંખસરખી ઉજળી તથા પંડિતોને ( દેવોને ) વહાલી એવી તેની કીર્ત્તિ અને ગંગા બન્ને સમસ્ત પૃથ્વીને પવિત્ર કરે છે. ॥ ૫૪ ॥

यो देहेनेदृशः कृष्ण--स्तद्भूः कीर्तिः कथं सिता ॥
कुमार्येत्युदिते प्रोचे । प्रतिहारी गताग्रतः ॥ ५५ ॥

અર્થઃ—આ શરીરે તો આવો કાળો છે ત્યારે તેની કીર્તિ સફેદ ક્યાંથી થઇ? એમ રાજકુમારીએ કહેવાથી પ્રતિહારી આગળ ચાલીને બોલી કે, ॥ ૫૫ ॥

पिपर्त्ति संपदो यस्य । कोशाध्यक्ष इवोदधिः ॥
सोऽयं सूरः सुराष्ट्रायाः ।-पतिराश्रियतां पतिः ॥ ५६ ॥

અર્થઃ—ભંડારીનીપેઠે જેની સંપદાને સમુદ્ર પૂરી પાડે છે, તે આ સુરાષ્ટ્રના સૂરરાજાને તું પોતાના સ્વામી તરીકે સ્વીકાર? ॥ ૫૬ ॥

शत्रुंजयोज्जयंताख्ये । दूरभव्यैर्दुरासदे ॥
पत्यानेन सुखेन त्वं । महातीर्थे प्रणस्यसि ॥ ५७ ॥

અર્થ:—વળી આ સ્વામીની સાથે તું દૂરભવ્યોને દુર્લભ એવા શત્રુંજય અને ગીરનાર નામના મહાતીર્થોને સહેલાઈથી નમી શકીશ.

सावद्यांति सौराष्ट्रा । निशि निद्रासुखं कथं ॥
येषां संनिहितः कर्ण-स्फोटघोषः सदोदधिः ॥ ५८ ॥

અર્થ:—ત્યારે કનકવતી બોલી કે કાન ફોડી નાખે એવા શબ્દવાળો સમુદ્ર જેઓની નજીકમાં રહેલો છે એવા સુરાષ્ટ્રના લોકો સુખે નિદ્રા પણ કેમ કરી શકે? ॥ ૫૮ ॥

सर्वानेवं प्रतिहारी । व्याचचक्षे क्षमाभुजः ॥
चुक्षुभे न पुनर्बाला । स्वलयाद्योगिनीव सा ॥ ५९ ॥

અર્થ:—એવી રીતે પ્રતિહારીએ સર્વ રાજાઓનું વર્ણન કર્યું, પરંતુ તે રાજકન્યા યોગીનીપેઠે પોતાના નિશ્ચયથી ચલિત થઇ નહિ.

अभ्रच्छायेव सा कन्या । यमुपेयाय सोऽतुषत् ॥
यं मुमोच पुनः सोऽत्र । नृपः खेदमुपागतः ॥ ६० ॥

અર્થ:—વાદળાની છાયાનીપેઠે તે કન્યા અહિં જેનીપાસે આવી તે ખુશી થવા લાગ્યો, પરંતુ જેને છોડવા લાગી તે ખેદ પામવા લાગ્યો. ॥ ૬૦ ॥

क्रमागतं कुमारेंद्र-मुद्दिश्याथ जगाद सा ॥
गौरांगी गुणवानेष । गुणवर्मावगम्यतां ॥ ६१ ॥

અર્થ:—હવે અનુક્રમે આવેલા ગુણવર્મા કુમારને ઉદ્દેશીને પ્રતીહારી બોલી કે, હે ગૌર શરીરવાળી! આને તારે ગુણવર્મા નામે ગુણવાન રાજપુત્ર જાણવો. ॥ ૬૧ ॥

दृढधर्मकुलव्योम--सोमः कोमलगीरसौ ॥
कलाविलासभूः प्रीत--प्रणयिस्वांतकैरवः ॥ ६२ ॥

અર્થ;—આ કુમાર દૃઢધર્મ રાજાના કુલરૂપી આકાશમાં સૂર્યસમાન, કોમલ વાણીવાળો, કલાઓને વિલાસ કરવાની ભૂમિસરખો તથા સ્વજનોના હૃદયરૂપી કૈરવને ખુશ કરનારો છે. ॥ ૬૨ ॥

अस्यास्यशशिनि श्याम-परिवेष इवेक्षितः ॥
श्मश्रूभेदोऽभवद्भीति-करो वैरिकुलेऽखिले ॥ ६३ ॥

અર્થ:—આના મુખરૂપી ચંદ્રની આસપાસ રહેલ શ્યામ કુંડાળાંજેવી દેખાતી દહાડીમુછની ઉત્પત્તિ સર્વ વૈરીઓના સમૂહને ભય કરનારી થયેલી છે. ॥ ૬૩ ॥

विशालं विदधे वक्षो । यस्य धाता धियां निधिः ॥
सुखवासाय विद्यानां । विनयादिगुणैर्युजां ॥ ६४ ॥

અર્થ:—વિનયાદિ ગુણોવાળી વિદ્યાઓને સુખે રહેવામાટે બુદ્ધિશાળી વિધાતાએ આ કુમારનું વક્ષઃસ્થલ વિશાલ બનાવ્યું છે. ॥ ૬૪ ॥

विधित्ससि विधेः सृष्टि-साफल्यं चेद्विचक्षणे ॥
संगच्छस्व वरारोहे । रोहिणी वेंदुनामुना ॥ ६५ ॥

અર્થ:—હે ઉત્તમ અને વિચક્ષણ સ્ત્રી ! જો તું વિધાતાની સૃષ્ટિ સફલ કરવાને ઇચ્છતી હો તો ચંદ્રસાથે જેમ રોહિણી તેમ આનીસાથે તારો સંગમ કર ? ॥ ૬૫ ॥

बाला प्रोक्तेति हर्षाश्रु—पूरप्लावितलोचना ॥
स्वयमुत्कंठिता कंठे । तस्याक्षेप्सीद्वरस्रजं ॥ ६६ ॥

અર્થ:—એવી રીતે પ્રતિહારીએ કહ્યાબાદ હર્ષાશ્રુના સમૂહથી ભીંજાએલી આંખોવાળી તે કુમારિકાએ પોતેજ ઉત્કંઠિત થઇને તે ગુણવર્મા કુમારના કંઠમાં વરમાળા નાખી ॥ ૬૬ ॥

अहो सुष्टु वृतं सुष्टु । वृतमित्युल्लसद्गिरः ॥
तत्र विद्याधरा व्योम्नः । पुष्पवृष्टिं वितेनिरे ॥ ६७ ॥

અર્થ:—અહો ! ઠીક વરી, ઠીક વરી, એમ મોટેથી બોલતા વિદ્યાધરોએ ત્યાં આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. ॥ ૬૭ ॥

अथातिताडितातोद्य—ध्वनिध्वनितदिग्गणे ॥
गौरांगीगीयमानाग्र्य—धवलश्रेणिबंधुरे ॥ ६८ ॥

અર્થ:—હવે મોટેથી વગાડેલા વાજિત્રના નાદોથી દિશાઓના સમૂહ ગાજતે છતે, તથા મનોહર સ્ત્રીઓ મનોજ્ઞ ગીતોની શ્રેણિ ગાતે છતે,

स्वभावसंगतं साक्षी—कृत्य तद्राजमंडलं ॥
कुमारेणोत्सवैः पुत्रीं । श्रीषेणः पर्यणाययत् ॥ ६९ ॥ युग्मं ॥

અર્થ:—પ્રસંગે મળેલા તે સર્વ રાજાઓના સમૂહની સાક્ષીએ શ્રીષેણરાજાએ મહોત્સવપૂર્વક પોતાની પુત્રીને તે ગુણવર્મા કુમારસાથે પરણાવી. ॥ ૬૯ ॥

गजाश्वस्वर्णरत्नाद्यं । यद्यद्रम्यं रसातले ॥
अदान्मुदा तदा तत्तत् । कुमाराय नरेश्वरः ॥ ७० ॥

અર્થ:—હાથી, ઘોડા, સ્વર્ણ તથા રત્ન આદિક આ દુનિયામાં જે જે મનોહર વસ્તુઓ હતી, તે તે રાજાએ હર્ષથી તે ગુણવર્મા કુમારને આપી. ॥ ૭૦ ॥

छद्मनानेन नः सिद्धं । देशदर्शनमित्यलं ॥
प्रीताः परेऽपि सत्कृत्य । विसृष्टास्तेन भूभुजः ॥ ७१ ॥

અર્થ:—આ મિષથી આપણને આ દેશ જોવાણો તે પણ ઠીક થયું, એમ ધારી સંતોષ માનતા બીજા રાજાઓને શ્રીષેણરાજાએ સત્કારપૂર્વક વિસર્જન કર્યા. ॥ ૭૧ ॥

कुमारः कतिचित्तत्र । स्थित्वाहानि न्यवर्त्तत ॥
वधूमादाय रत्नाद्रे—रिव लब्धमणिर्वणिक् ॥ ७२ ॥

અર્થ:—હવે તે ગુણવર્મા કુમાર ત્યાં કેટલાક દિવસો રહીને વણિક જેમ મણિઓ મેલવીને રત્નાદ્રિથી તેમ પોતાની પત્નીને લેઇને ત્યાંથી પાછો વલ્યો. ॥ ૭૨ ॥

सह दत्वा प्रयाणानि । कतिचित्सप्रियो नृपः ॥
निवृत्तो रुदतीं पुत्री—मंके कृत्वैवमन्वशात् ॥ ७३ ॥

અર્થ:—રાણી સહિત રાજા પણ કેટલીક મજલ તેની સાથે આવીને પાછા વળતી વખતે પોતાની પુત્રીને ખોળામાં લઇને આવી રીતે શિખામણ દેવા લાગ્યો. ॥ ૭૩ ॥

अभ्युत्थानं गृहायाते । पत्यौ तस्यासनार्पणं ॥
शयनं शयिते तत्र । शय्यात्यागस्तदग्रतः ॥ ७४ ॥

અર્થ:—પતિ જ્યારે ઘેર આવે ત્યારે ઉભા થઇ તેની સામે જવું, તથા તેને આસન આપવું, તેના સુતાબાદ સુવું, તથા તેની પહેલાં ઉઠવું.

तत्प्रसादेऽप्यनुत्सेक—स्तदन्यैरप्रजल्पनं ॥
परवेश्मन्ययानं चा—लंकृतिर्योषितामियं ॥ ७५ ॥ युग्मं ॥

અર્થ:—પતિની ઘણી મહેરબાની થાય તો પણ ઘણો ઉત્સેક કરવો નહિ, તેના સિવાય અન્ય પુરૂષોસાથે બોલવું નહિ, અને પરઘર જવું નહિ, એ સ્રીઓને શોભાવનારાં છે. ॥ ૭૫ ॥

श्वश्रूसुश्रूषणं भर्तृ—भक्तिः स्वजनरंजनं ॥
भर्तृमित्रेषु च प्रीति-रिति रीतिर्मृगीदृशां ॥ ७६ ॥

અર્થઃ—સાસુની સેવા કરવી, ભર્તારની ભક્તિ કરવી, સ્વજનોને ખુશી કરવા, તથા પોતાના ભર્તારના મિત્રોપ્રતે પ્રીતિ રાખવી, એ સ્ત્રીઓની રીત છે. ॥ ७६ ॥

इमां प्राप्य पितुः शिक्षां । सुश्रीमिव चचाल सा ॥
पत्या विनोद्यमानाद्रि–द्रुमनद्यादिदर्शनैः ॥ ७७ ॥

અર્થઃ— એવી રીતની ઉત્તમ લક્ષ્મીજેવી પિતાની શિખામણ ગ્રહણ કરીને તે ત્યાંથી ચાલવા લાગી, તથા પતિ તેણીને માર્ગમાં પર્વત, વૃક્ષ તથા નદી આદિક દેખાડીને વિનોદ કરાવવા લાગ્યો. ॥ ७७ ॥

समं सैन्यैरतिक्राम—न्नध्वानं प्राप भूपभूः ॥
स्नेहादभिमुखायात–मिव द्राग् हस्तिनापुरं ॥ ७८ ॥

અર્થઃ—સૈન્યસહિત માર્ગ ઓલંગતો તે રાજપુત્ર સ્નેહથી જાણે સન્મુખ આવ્યું હોય નહિ તેમ તે તુરત હસ્તિનાપુરમાં આવી પહોંચ્યો.

अनुरागात्तमभ्यागा—ज्जनको जनकोटियुक् ॥
शीतांशावुदिते वार्द्धिः । किं स्थानस्थोऽवतिष्टते ॥ ७९ ॥

અર્થઃ—તે વખતે તેનો પિતા પણ સ્નેહથી ક્રોડોગમે મનુષ્યોસહિત તેની સામે આવ્યો, કેમકે ચંદ્ર ઉગતે છતે સમુદ્ર શું સ્થિર રહી શકે છે?

स्तुमः कुमारं यस्येयं । जाया जातेति पूरुषैः ॥
यस्याः पतिरयं धन्या । सा कन्येत्यंगनाजनैः ॥ ८० ॥

અર્થઃ—તે કુમારની અમો સ્તુતિ કરીયે છીયે કે જેની આ પત્ની થઇ છે એમ પુરૂષોથી, તથા જેણીને આ પતિ મલ્યો છે તે કન્યાને પણ ધન્ય છે એમ સ્ત્રીઓથી, ॥ ८० ॥

वर्ण्यमाने समानेनो—ल्लापेनैकमुखैरिव ॥
प्रावेशयन्नृपः सूनु—स्नुषे नृत्यध्ध्वजं पुरं ॥ ८१ ॥ युग्मं ॥

અર્થઃ—માનસહિત વચનોવડે અનેક મુખોથી વર્ણવાતે છતે ઉછળતી ધ્વજાઓવાળા નગરની અંદર રાજાએ પુત્રવધૂને પ્રવેશ કરાવ્યો.

शय्यासनधनैर्युक्ते । पृथग्वेश्मन्यतिष्टिपत् ॥
कांतामेकांतरक्तोऽपि । कुमारः सत्यसंगरः ॥ ८२ ॥

અર્થઃ—હવે એકાંત રક્ત એવા પણ કુમારે પોતે કરેલી પ્રતિજ્ઞા

પાળીને પોતાની તે પ્રિયાને શય્યા, આસન તથા ધનથી યુક્ત થયેલા જુદાજ ઘરમાં રાખી. ॥ ૮૨ ॥

क्रीड्यते सा कुमारेण । दिवसे स्ववशेव सा ॥
निशि दूरे परस्त्रीव । मुच्यतेस्म पुनः सदा ॥ ८३ ॥

અર્થઃ—દિવસે તો કુમાર પોતાની સ્ત્રીનીપેઠેજ તેણીની સાથે ક્રીડા કરે છે, પરંતુ રાત્રીએ હમેશાં પરસ્ત્રીનીપેઠે તેણીને મુકી દે છે.

आदित्योदयतोऽन्येद्यु—र्विद्यागोष्ट्या विनोद्यतां ॥
स्वसौधमध्यमध्यास्त । मध्याह्ने नृपनंदनः ॥ ८४ ॥

અર્થઃ—એક દિવસે તે રાજકુમાર સૂર્યોદયથી માંડીને વિદ્યાગોષ્ઠી-વડે તેણીને ખુશી કરીને છેક મધ્યાન્હ સમયે પોતાના મહેલમાં આવ્યો.

तत्र स्नातः समभ्यर्च्य । जिनान् परिजनान्वितः ॥
स यावद् बुभुजे ताव—द्योगी कश्चिदुपाययौ ॥ ८५ ॥

અર્થઃ—ત્યાં સ્નાન કરી પ્રભુને પૂજીને તે પરિવારસહિત જેવામાં જમવા બેસે છે તેવામાં ત્યાં કોઇક યોગી આવ્યો. ॥ ૮૫ ॥

भस्मना पांडुरं हस्त—न्यस्तदंडकमंडलु ॥
द्वीपित्वग्वसनं प्रेत—नेतारमिव तं पुरः ॥ ८६ ॥

અર્થઃ—ભસ્મથી પાંડુર બનેલા, હાથમાં દંડ અને કમંડલુવાળા, વ્યાઘ્રચર્મના વસ્ત્રવાળા તથા પ્રેતોના નાયકસરખા, ॥ ૮૬ ॥

वीक्ष्याभ्येत्य कुमारेंद्रः । प्रीतिप्रणतिपूर्वकं ॥
सहसागमने हेतुं । पृच्छतिस्म सविस्मयः ॥ ८७ ॥ युग्मं ॥

અર્થઃ—તે યોગીને પોતાપાસે આવેલો જોઇને કુમારે સામા આવી પ્રીતિથી પ્રણામ કરીને આશ્ચર્યથી ત્યાં અચાનક આવવાનું કારણ પૂછ્યું. ॥ ૮૭ ॥

सोऽवादीदाह्वयत्यद्य । गुरुर्मम वने स्थितः ॥
त्वां वीर भैरवाचार्यः । कार्यतत्वं तु वेद्मि न ॥ ८८ ॥

અર્થઃ—ત્યારે તે બોલ્યો કે હે વીર! વનમાં રહેલા મારા ગુરુ ભૈરવાચાર્ય આજે તમોને ત્યાં બોલાવે છે, પરંતુ તેનું પ્રયોજન હું જાણતો નથી. ॥ ૮૮ ॥

इत्युदित्वा निवृत्तं त—मनुगम्य नृपात्मजः ॥
मातरायात एवाय—महमिति लपन् स्थितः ॥ ८९ ॥ युग्मं ॥

અર્થ:—એમ કહીને પાછા વળેલા તે યોગીની પાછળ જઇને રાજપુત્ર બોલ્યો કે હું પ્રભાતમાંજ ત્યાં જરુર આવીશ. ॥ ૮૯ ॥

कोऽयं योगी किमाह्वानं । ममेत्यूहं वितन्वतः ॥
कथंचिदतिचक्राम । तस्य सर्वापि शर्वरी ॥ ९० ॥

અર્થ:—આ યોગી કોણ હશે ? મને તેણે શામાટે બોલાવ્યો હશે ? એમ વિચાર કરતાં થકાંજ કેટલીક મુશીબતે તેની સર્વ રાત્રી પસાર થઇ.

अथोत्क्षिप्त इवामुष्य । मनोरथवरत्रया ॥
उद्गच्छति सहस्रांशौ । जगौ मंगलपाठकः ॥ ९१ ॥

અર્થ:—હુવે જાણે તે ગુણવર્મા કુમારના મનોરથરુપી દોરીથી ઉંચો ખેંચાયો હોય નહિ તેમ સૂર્ય ઉગતે છતે મંગલપાઠક બોલ્યો કે, ॥ ૯૧ ॥

वीर ध्वांतरिपुध्वंसा—न्मित्रस्योदयदानतः ॥
ददत् पूर्वामुखे रागं । जातः प्राभातिकः क्षणः ॥९२ ॥

અર્થ:—હે વીર ! અંધકારરૂપી શત્રુના નાશથી તથા સૂર્યને (મિત્રને) ઉદય દેવાથી પૂર્વ દિશાના મુખમાં રંગ દેતો પ્રભાતનો સમય થયો છે. ॥ ૯૨ ॥

ततः क्ष्मापसुतस्त्यक्त—तल्पः स्वल्पपरिच्छदः ॥
प्रातस्त्यं कर्म निर्माय । निर्मायः स ययौ वनं ॥ ९३ ॥

અર્થ:—તે વખતે નિષ્કપટી રાજપુત્ર બિછાનું છોડીને પ્રાભાતિક કાર્ય કરીને સ્વલ્પ પરિવારસહિત વનમા ગયો. ॥ ૯૩ ॥

अग्निलिप्ता इव जटाः । कपिशा मूर्ध्नि बिभ्रतं ॥
जपस्रग्मणिसंचार—व्यग्रदक्षिणपाणिकं ॥ ९४ ॥

અર્થ:—જાણે અગ્નિથી લેપાએલા હોય નહિ તેમ પિંગળી જટાને મસ્તકપર ધારણ કરનારા, જપમાલાના મણકા ફેરવવામાં રોકાયેલ છે જમણો હાથ જેનો એવા, ॥ ૯૪ ॥

बद्धपद्मासनं रत्न—रोचिःसंकोचिलोचनं ॥
स तत्र भैरवाचार्य—मार्यबुद्धिरवंदत ॥ ९५ ॥ युग्मं ॥

અર્થ:—પદ્માસન વાળીને બેઠેલા તથા રત્નની કાંતિસરખા, સંકોચ પામેલા નેત્રોવાળા તે ભૈરવાચાર્યને ત્યાં શુદ્ધ બુદ્ધિવાળા તે રાજકુમારે વાંદ્યા. ॥ ૯૫ ॥

आशीः पूर्वं ददद्योगी । व्याघ्रचर्मासनं निजं ॥
नाहं पूज्यासनस्यार्हः । कुमारेणेत्यवार्यत ॥ ९६ ॥

અર્થઃ—આશીર્વાદપૂર્વક પોતાનું વ્યાઘ્રચર્મનું આસન દેનારા તે યોગિને હું આપ પૂજ્યના આસનને યોગ્ય નથી, એમ કહી તે કુમારે તેમ કરતાં અટકાવ્યા. ॥ ૯૬ ॥

निविश्य भृत्यमुक्तेऽथो–त्तरीये योजितांजलिः ॥
प्रभो नियुंक्ष्व मां योग्ये । कर्मणीति जगाद सः ॥ ९७ ॥

અર્થ:—પછી પોતાના નોકરે મુકેલા દુપટ્ટાપર બેશીને હાથ જોડીને કુમાર બોલ્યા કે હે પ્રભુ! મને યોગ્ય કાર્યમાં જોડો? ॥ ૯૭ ॥

आलापगोचरीचक्रे । योगी तं गीतविक्रमं ॥
हृदि नस्त्वं निविष्टोऽसि । वार्त्ता चर्मासनस्य का ॥ ९८ ॥

અર્થ:—પછી પ્રસિદ્ધ પરાક્રમવાળા તે કુમારસાથે યોગીએ વાત શિરુ કરી કે, હે કુમાર તું તો અમારા હૃદયમાંજ બેઠો છે, તો પછી આ ચર્માસનની તો વાતજ શું કરવી? ॥ ૯૮ ॥

श्रुताचारधनौदार्य–शमस्थाम्नां विभेदभिद् ॥
लोकोत्तरत्वं वक्त्येषां । कृतिन्नाकृतिरेव ते ॥ ९९ ॥

અર્થ:—વળી હે કૃતાર્થ! આ તારી આકૃતિજ જ્ઞાન, આચાર, ધન, ઉદારતા, શાંતતા, તથા પરાક્રમના ભેદવિનાનું તારું લોકોત્તરપણું સૂચવે છે. ॥ ૯૯ ॥

वज्रदंडौ द्विषां कंठे । पद्मनालोपमौ सतां ॥
बिभ्रतस्ते भुजौ शेष–शोभां भूभारधारणे ॥ १२०० ॥

અર્થ:—શત્રુઓના કંઠપર વજ્રદંડસરખા તથા સજ્જનોના કંઠપર કમલનાલસરખા તારા બન્ને હાથો પૃથ્વીનો ભાર ધારણ કરવામાં શેષનાગની શોભાને ધારણ કરે છે. ॥ ૧૨૦૦ ॥

परार्थैकधियो धन्या । मध्यास्तु स्वार्थसाधकाः ॥
न परार्थं च न स्वार्थं । साधयंत्यधमाः पुनः ॥ १ ॥

અર્થ:—ઉત્તમ મનુષ્યો એક પરોપકારનીજ બુદ્ધિવાળા હોય છે, અને મધ્યમ મનુષ્યો સ્વાર્થ સાધનારા હોય છે, પરંતુ અધમ મનુષ્યો તો પરમાર્થ કે સ્વાર્થમાંનું કંઈ પણ સાધી શકતા નથી. ॥ ૧ ॥

धनं क्वापि यशः क्वापि । पुण्यं क्वापि यथाक्रमं ॥
नीचमध्योत्तमैः प्रार्थ्य–मुपकारतरोः फलं ॥ २ ॥

અર્થ:—નીચ મધ્યમ અને ઉત્તમ પુરૂષો અનુક્રમે ઉપકારરૂપી વૃક્ષના ફલરૂપ ક્યાંક ધન ક્યાંક યશ અને ક્યાંક પુણ્યની માગણી કરે છે. ॥ ૨ ॥

तप्तविद्धे अपि स्वर्ण–मौक्तिके जगतः श्रिये ॥
सौरभ्यहेतू श्रीखंडा–गुरुक्षुण्णोपधावपि ॥ ३ ॥

અર્થ:—સ્વર્ણ અને મોતીને તપાવ્યાથી તથા વીંધ્યાથી પણ જગતને આભૂષણરૂપ થાય છે, તેમજ ચંદન અને અગુરુ ઘસ્યાથી તથા બાલ્યાથી પણ સુગંધના હેતુરૂપ થાય છે. ॥ ૩ ॥

रसाय पीडितोऽपीक्षु–र्बद्धमप्यंबु शस्यकृत् ॥
भृशं कुसुंभमंजिष्टे । रंगाय क्षुण्णखंडिते ॥ ४ ॥

અર્થ:—સેલડી પીલ્યા છતાં પણ રસ આપનારી થાય છે, બાંધેલું જલ પણ ધાન્ય નીપજાવનારૂં થાય છે, તેમ કસુંબો અને મજીઠ અત્યંત કચર્યાથી તથા ખાંડયાથી રંગ આપનારાં થાય છે. ॥ ૪ ॥

धान्याय भूर्हलैः कृष्टा । रत्नेभ्यो मथितोंबुधिः ॥
परार्थनिरताः संतः । स्वं दुःखं गणयंति न ॥ ५ ॥

અર્થ:—હળોથી ખેડેલી પૃથ્વી ધાન્ય દેનારી થાય છે, મથેલો સમુદ્ર રત્ન આપનારો થાય છે, એવી રીતે પરોપકારમાં રક્ત થયેલા પુરૂષો પોતાનું દુઃખ ગણકારતા નથી. ॥ ૫ ॥

श्रृणु सौम्य ममास्त्येको । मंत्रः सद्गुरुणार्पितः ॥
यं मे साधयतोऽगच्छ–द्वत्स संवत्सराष्टकं ॥ ६ ॥

અર્થ:—હવે હે સૌમ્ય ! તું સાંભલ ? મારી પાસે સદ્ગુરૂએ આપેલો એક મંત્ર છે કે જે મંત્રને સાધતાં થકાં હે વત્સ ! મારાં આઠ વર્ષો વ્યતીત થયાં છે. ॥ ૬ ॥

अथैकरजनीसाध्या । सिद्धिस्तस्यावशिष्यते ॥
सा च सत्त्ववदायत्ता । न स कोऽपीक्षितः क्षितौ ॥ ७ ॥

અર્થ:—હવે ફક્ત તેની સિદ્ધિ થવામાટે એક રાત્રિ બાકી રહે છે, પરંતુ તે મહાહિમ્મતવાન પુરૂષને આધીન છે, અને તેવો હિમતી માણસ કોઇ પણ પૃથ્વીપર દેખાતો નથી. ॥ ७ ॥

अद्य त्वयीक्षिते सत्त्व-वतां सीमनि मे मनः ॥
मनाक्सौम्य समाधत्त । दृष्टार्कमिव पंकजं ॥ ८ ॥

અર્થ:—પરંતુ હે સૌમ્ય! હિમતવાનોમાં શિરોમણિ એવા તને આજે જોવાથી, સુર્યને જોવાથી જેમ કમલ તેમ જરા મારા મનમાં સમાધાન થયું છે. ॥ ૮ ॥

तद्धीर धीयतां साधू—त्तरसाधकतां तथा ॥
मंत्रसिद्धिश्च कीर्त्तिश्च । मां च त्वां च यथांचतः ॥ ९ ॥

અર્થ:—માટે હે ધીર પુરૂષ! તું મારૂં ઉત્તરસાધકપણું એવી ઉત્તમ રીતે બજાવ કે જેથી મંત્રસિદ્ધિ મને અને કીર્તિ તને શોભાવે. ॥૯॥

कुमारोऽवग् नृकीटस्य । ममालं श्लाघयानया ॥
आदिशध्वं यतिष्ये वः । क्व कदा कार्यसिद्धये ॥ १० ॥

અર્થ:—ત્યારે ગુણવર્મા કુમાર બોલ્યો કે હે યોગીરાજ! મારી મનુષ્યરૂપ કીડાની આટલી બધી શ્લાઘા કરવાની કંઇ જરૂર નથી, પરંતુ કહો કે કયાં અને કયે સમયે આપના કાર્યમાટે હું પ્રયત્ન કરૂં?

अस्यां कृष्णचतुर्दश्यां । तिथौ यामे गते निशः ॥
श्मशानेऽहं समेष्यामि । सौम्य शिष्यत्रयान्वितः ॥ ११ ॥

અર્થ:—( ત્યારે યોગી બોલ્યા કે ) હે સૌમ્ય! આ કૃષ્ણ ચતુર્દશીને દિવસે પહોર રાત્રિ ગયા બાદ ત્રણ શિષ્યોસહિત હું શ્મશાનમાં આવીશ. ॥ ૧૧ ॥

तत्रागम्यं त्वयापीति । पीतवान् योगिनो वचः ॥
ओमित्युक्त्वा तदादेशा—द्ययौ स स्वं निकेतनं ॥१२॥युग्मं॥

અર્થ:—માટે તારે પણ ત્યાં આવવું. એવી રીતનો તેનો હુકમ સ્વીકારીને તે રાજકુમાર પોતાને ઘેર ગયો ॥ ૧૨ ॥

तिथावथ चतुर्दश्यां । कृतदैवसिकक्रियः ॥

निर्दोषः स प्रदोषेऽधा—द्वंठवेषमकुंठधीः ॥ १३ ॥

અર્થ:—હવે ચતુર્દશીને દિવસે દૈવસિક ક્રિયા કરીને તે નિર્દોષ અને તીક્ષ્ણબુદ્ધિવાળા ગુણવર્મા કુમારે મલ્લજેવો વેષ ધારણ કર્યો.

अननुज्ञाप्य पितरा—वनापृच्छ्य सखीनपि ॥

सोऽलक्ष्यस्तमसा खड्ग—सहायो निर्ययौ गृहात् ॥ १४ ॥

અર્થ:—પછી તે માતાપિતાને પણ જણાવ્યાવિના અને મિત્રોને પણ પૂછયા વિના અંધારામાં કોઇના પણ લક્ષમાં ન આવે એવી રીતે ખડ્ગ લેઇને ઘેરથી નિકલ્યો. ॥ ૧૪ ॥

अशूकशाकिनीकेलि—कंदुकन्नरमस्तकं ॥

एकरुंढार्थसंवाद—दायादायितराक्षसं ॥ १५ ॥

અર્થ:—કંઇ પણ સુગવિનાની શાકિનીઓમાટે ક્રીડા કરવાના દડાસરખી છે મનુષ્યોની તુંબડીઓ જ્યાં, તથા એક કલેવર લેવામાટે પિતરાઇયોનીપેઠે આચરણ કરતા છે રાક્ષસો જેમાં, ॥ ૧૫ ॥

कपालिपालिभिर्मंत्र—सिद्ध्यै निरसुवर्ष्मसु ॥

ध्रियमाणेसु भग्नाशैः । फेरंडैः कृतडिड्वरं ॥ १६ ॥

અર્થ:-કાપાલિક યોગીઓએ મંત્રસિદ્ધિમાટે મુડદાંઓને લેઇ લેવાથી નિરાશ થયેલા શિયાળીયાઓના પોકારવાલું, ॥ ૧૬ ॥

पारे पुरमसौ सत्व—संगतः सत्वरं गतः ॥

प्राप प्रेतवनं रंक—करंकशतसंकुलं ॥ १७ ॥ त्रिभिर्विशेषकं॥

અર્થ:—તથા સેંકડોગમે રંકોના મુડદાંઓથી ભરેલું એવું નગરની બહાર રહેલું જે પ્રેતવન તેમાં તે હિમ્મતવાન રાજકુમાર તુરત ગયો.

आगच्छागच्छ वत्सेति—वादिने प्राप्तपूर्विणे ॥

तत्रात्तहोमविधये । योगिने समगंस्त सः ॥ १८ ॥

અર્થ:—વત્સ! આવ આવ? એમ કહેતા તથા હુવનનો સરંજામ લેઇને તેની પહેલાંજ ત્યાં ગયેલા એવા તે ભૈરવનાથ યોગીને તે મલ્યો.

योगी तं स्माह मन्मंत्र—सिद्धिस्तव वशंवदा ॥

ऋभुक्षाकारभिक्षाका । एव शिष्या अमी मम ॥ १९ ॥

અર્થ:-પછી યોગીએ તેને કહ્યું કે મારા મંત્રની સિદ્ધિ તારે આધીન છે, આ મારા શિષ્યો તો ઇંદ્રનો વેષ ધરનારા ભિખારીસરખાજ છે. ॥ ૧૯ ॥

स स्माह यूयं मा भैष्ट । विघ्नेभ्यो मयि रक्षके ॥
स्वाधिने गरुडास्त्रे किं । भवेद्भौजंगमं भयं ॥ २० ॥

અર્થ:—ત્યારે ગુણવર્મા કુમાર બોલ્યો કે જ્યાંસુધી હું ઉત્તરસાધક છું ત્યાંસુધિ તમારે વિઘ્નોથી ડરવું નહિ, કેમકે જો ગરુડાસ્ત્ર સ્વાધીન હોય તો પછી સર્પનો ભય શું હોઇ શકે? ॥ ॥ ૨૦ ॥

कुमारं दिशि कौबेर्यां । करवालकरं ततः ॥
योगी तिसृषु काष्टासु । शिष्यांश्च त्रीनतिष्टपत् ॥ २१ ॥

અર્થ:—પછી તે યોગીરાજે ઉત્તરદિશામાં હાથમાં તલવારસહિત તે રાજકુમારને, તથા બીજી ત્રણ દિશાઓમાં પોતાના તે ત્રણ શિષ્યોને સ્થાપ્યા, ॥ ૨૧ ॥

स्वयं च मंडलं कृत्वा । शवमंतर्न्यवेशयत् ॥
अज्वालयच्च ज्वलनं । तस्य कुंड इवानने ॥ २२ ॥

અર્થ:—અને પોતે મંડલ કરીને તેની અંદર (મનુષ્યનું) એક શબ રાખ્યું, તથા જેમ કુંડમાં તેમ તે શબના મુખમાં તેણે અગ્નિ સળગાવ્યો. ॥ ૨૨ ॥

अनुच्चमुच्चरन् मंत्रं । स्वतंत्रोऽत्र जुहाव सः ॥
पुष्पाणि करवीरस्य । गुटिका गुग्गुलस्य च ॥ २३ ॥

અર્થ:—પછી ધીમે ધીમે મંત્રનો ઉચ્ચાર કરતો તે સ્વતંત્ર યોગી તેની અંદર કણેરનાં પુષ્પો તથા ગુગળની ગોળીઓ હોમવા લાગ્યો.

तं ततः शाकिनीरक्षो—भूतोद्भूता बिभीषिका ॥
वात्या इवाचलं पादैः । समं शिष्यैर्न दुद्रुवुः ॥ २४ ॥

અર્થ:—તે વખતે શાકિની રાક્ષસ તથા ભૂતોથી ઉત્પન્ન થયેલો ડર, વાયુ તેમ મેખલાસહિત પર્વતને જેમ શિષ્યોસહિત તેને ઉપદ્રવ કરી શક્યો નહિ. ॥ ૨૪ ॥

घोरघोषोऽथ निर्घात—स्तस्याग्रे सहसाभवत् ॥
ब्रह्मांडभिद्गिरिभ्रंश—वज्रपातसहोदरः ॥ २५ ॥

અર્થ:—એવામાં અચાનક તેની આગળ બ્રહ્માંડને ફોડી નાખે એવો, તથા પર્વતને તોડવામાટે કરેલા વજ્રપાતસરખો ભયંકર અવાજવાળો નિર્ઘાત થયો. ॥ ૨૫ ॥

शिष्येषु तेन बाधिर्यं । लंभितेषु धरातलं ॥

वक्षःस्थलं वियोगिन्या । इवाकस्माद्व्यदीर्यत ॥ २६ ॥

અર્થ:—તે અવાજથી તે ત્રણે શિષ્યો બહેરા થઇ ગયે છતે વિયોગિની સ્ત્રીનું જેમ વક્ષ:સ્થલ તેમ અકસ્માત પૃથ્વીનું તલ ફાટ્યું.

रंध्रादाविरभूत्तस्माद् ! बिलादिव महोरगः ॥

दवदेश्यशिरःकेश–ओतुदृग्भेरिनाशिकः ॥ २७ ॥

અર્થ:—હવે બિલમાંથી જેમ સર્પ તેમ તે બાકોરામાંથી દવાનળસરખા મસ્તકના કેશવાળો, બિલાડાસરખી આંખોવાળો, ભુંગળસરખાં નાકવાળો, ॥ ૨૭ ॥

अग्निज्वालाकरालास्य–कुहरः क्रोडदंष्ट्रिकः ॥

भग्नकुंभकपालाभ–गंडः कैरभकंधरः ॥ २८ ॥

અર્થ:—અગ્નિજવાલાથી ભયંકર મુખરૂપી કોતરવાળો, ડુક્કરસરખી દાઢોવાળો અને ભાગેલા ઘડાની ઠીબડીસરખા ગાલવાળો તથા ઉંટસરખી ગરદનવાળો, ॥ ૨૮ ॥

अलिंजलोदरस्ताल–बाहुः शैलतटीकटिः ॥

उदूखलपदः कोऽपि । वेतालः क्रूरदर्शनः ॥२९॥ त्रिभिर्विशेषकं

અર્થઃ—કોઠીસરખા પેટવાળો, તાડસરખા હાથવાળો, પર્વતની મેખલાસરખી કેડવાળો, તથા ખાંડણીઆસરખા પગવાળો ભયંકર દેખાવનો કોઇક વેતાલ પ્રકટ થયો. ॥ ૨૮ ॥

तेन दुष्टेन दृष्टेन । सर्वेऽप्युत्तरसाधकाः ॥

त्रेसुर्विना कुमारेंद्रं । मार्जारेणेव मूषकाः ॥ ३० ॥

અર્થ:-તે દુષ્ટને જોવાથીજ બીલાડાથી જેમ ઉંદરો તેમ તે ગુણવર્મા કુમારશિવાય તે સઘલા ઉત્તરસાધકો ત્રાસ પામ્યા. ॥ ૩૦ ॥

गुरुमुद्गरमुद्गोर्य । योगिनं निजगाद सः ॥

बलेन कस्य मद्भूमौ । मंत्रं साध्नोषि रे वद ॥ ३१॥

અર્થ:—પછી તે વેતાલ એક મોટું મુદ્દગર ઉગામીને યોગીને કહેવા લાગ્યો કે, અરે ! બોલ કે મારી ભૂમિમાં કોના બલથી તું મંત્ર સાધે છે ?

भविता मामनाराध्य । मंत्रसिद्धिः कथं तव ॥

परभूमौ विशन् श्वेव । लप्स्यसे प्रत्युतापदं ॥ ३२ ॥

અર્થ:—વળી મને આરાધ્યાવિના તારી મંત્રસિદ્ધિ કેમ થશે ? પરની ભૂમિમાં દાખલ થવાથી ઉલટો કુતરાનીપેઠે તું આપદા પામીશ.

यावत्तद्वचनैस्त्रास—करैः क्षुभ्यति योगिराट् ॥
कृपाणं नर्त्तयन् पाणौ । तावदूचे नृपात्मजः ॥ ३३ ॥

અર્થ:—પછી જેવામાં ત્રાસ કરનારાં તેનાં તે વચનોથી તે યોગીરાજ ત્રાસ પામે છે, તેવામાં હાથમાં તલવાર નચાવતોથકો તે ગુણવર્મા કુમાર બોલ્યો કે, ॥ ૩૩ ॥

अहो मम बलादेष । मंत्रं साध्नोत्यहं पुनः ॥
न क्षुभ्ये वह्निवद्वंश—त्राट्कारैर्वचनैस्तव ॥ ३४ ॥

અર્થ:—અરે પ્રેત! આ યોગીરાજ મારા બલથી મંત્ર સાધે છે, અને હું તારા વાંસના તડાકા સરખાં વચનોથી અગ્નિનીપેઠે ક્ષોભ પામું તેમ નથી ॥ ૩૪ ॥

यदि त्वं सांयुगीनोऽसि । तद्दौकस्व मया युधे ॥
योगी भिक्षाचरस्तस्य । तुदने किं यशस्तव ॥ ३५ ॥

અર્થ:—વળી જો તારી લડવાની ઇચ્છા હોય તો મારી સાથે યુદ્ધ કર? આ યોગી તો ભિક્ષાચર છે, તેને દુઃખ દેવાથી તારો શું યશ થવાનો છે? ॥ ૩૫ ॥

अयं खड्गरविः शत्रु—नेत्रकैरवभैरवः ॥
स्थितो मे पाणिपूर्वाद्रौ । त्वां तमिस्रमिवार्दितुं ॥ ३६ ॥

અર્થ:—શત્રુઓના નેત્રોરૂપી કેરવોને ભય પમાડનારો આ મારો ખડ્ગરૂપી સૂર્ય અંધકારસરખા તને નષ્ટ કરવા માટે મારા હાથરૂપી પૂર્વાચલમાં ઉદય પામ્યો છે. ॥ ૩૬ ॥

स प्रोचिवानहो बाल । कस्त्वया सह विक्रमः ॥
परार्थे मा वृथा याहि । फलं भज नृजन्मः ॥ ३६ ॥

અર્થ:—ત્યારે તે પ્રેત બોલ્યો કે અરે! તું તો હજુ બાલક છે, તારીસાથે બળ કરવું શા કામનું છે? ફોકટ પરને માટે તું મર નહિ, અને મનુષ્યજન્મનું ફલ ભોગવ? ॥ ૩૬ ॥

कुमारः स्माह भो बाल । इति मां मावजीगणः ॥
सिंहः शिशुरपि प्रौढं । किमु हंति न हस्तिनं ॥ ३७ ॥

અર્થ:—ત્યારે કુમાર બોલ્યો કે અરે! બાલક કહીને તું મારી અવગણના ન કર? કેમકે સિંહનું બચ્ચું પણ શું મોટા હાથીને મારતું નથી?

लघुर्दीपो गुरु ध्वांतं । लघु वज्रं गुरुर्गिरिः ॥
लघुः पर्शुर्गुरुर्वृक्षो । वद कः केन जीयते ॥ ३८ ॥

અર્થ:—દીપક લઘુ છે અને અંધકાર મ્હોટો છે, વજ્ર નાનું છે અને પર્વત મ્હોટો છે, કુહાડી નાની છે અને વૃક્ષ મ્હોટું છે, પરંતુ કહે કે કોણ કોને જીતે છે? ॥ ૩૮ ॥

यः परार्थः स हि स्वार्थः । स्वार्थः कोऽस्त्यपरः सतां ॥
को मेघस्यापरः स्वार्थो । जगदुज्जीवनं विना ॥ ३९ ॥

અર્થ:—વળી જે પરાર્થ છે તેજ સ્વાર્થ છે, સજ્જનોને તેના શિવાય બીજો કયો સ્વાર્થ છે? કેમકે જગતને જીવિતદાન આપવાશિવાય મેઘનો બીજો કયો સ્વાર્થ છે? ॥ ૩૮ ॥

परोपकरणात्पुण्य—यशसी पेशलं फलं ॥
फलं धनांगनारंगाः । फल्गु मानुष्यभूरुहः ॥ ४० ॥

અર્થ:—પુણ્ય અને યશ એ પરોપકારનું મનોહર ફલ છે, તેમજ ધન અને સ્ત્રીના ભોગવિલાસ એ મનુષ્યજન્મરુપી વૃક્ષનાં નકામાં ફલ છે.

यद्वोक्त्वालं स्वशक्तीडा । व्रीडाहेतुर्महात्मनां ॥
शूरोऽसि चेत्पुरस्तिष्ट । फले व्यक्तिर्भविष्यति ॥ ४१ ॥

અર્થ:—અથવા વધારે કહેવાથી સર્યું, કેમકે પોતાની શક્તિની જે સ્તુતિ કરવી તે મહાત્માઓને લજ્જા કરનારૂં છે, માટે જો તું શૂરો હોય તો મારી સામે આવીને ઉભ કે જેથી પ્રગટ ફલ જણાશે. ॥ ૪૧ ॥

कुमारस्येति सत्वोक्त्या । विस्मितात्मा स निर्जरः ॥
बभूव नटवत्त्यक्त--दुर्वेषो दिव्यरूपभाक् ॥ ४२ ॥

અર્થ:—એવી રીતનાં કુમારનાં હિમ્મત ભરેલાં વચનથી વિસ્મય પામેલો તે દેવ નટનીપેઠે પોતાનો ભયંકર આકાર તજીને દિવ્ય રૂપ ધરનારો થયો. ॥ ૪૨ ॥

ऊचे च धीर तुष्टोऽस्मि । तव सत्त्वाद्वरं वृणु ॥
सोऽप्यवग्योगिनोऽमुष्य । तत्पूरय समीहितं ॥ ४३ ॥

અર્થ:—પછી તે બોલ્યો કે હે ધીર! તારી હિમ્મતથી હું તુષ્ટમાન થયો છું, માટે તું વર માગ? ત્યારે કુમાર બોલ્યો કે જો એમ છે તો આ યોગીની ઇચ્છા તું સંપૂર્ણ કર? ॥ ૪૩ ॥

देवोऽवादीन्मया मंत्र-सिद्धिस्तस्य कृतैव भोः ॥
त्वं वदस्व प्रियं किंचि-दमोघं देवदर्शनं ॥ ४४ ॥

અર્થ:—ત્યારે દેવે કહ્યું કે હે કુમારેંદ્ર! મેં તેની મંત્રસિદ્ધિ કરી આપીજ છે, હવે તું પણ કંઇક ઇચ્છિત માગ? કેમકે દેવદર્શન નિષ્ફલ હોય નહિ. ॥ ૪૪ ॥

कुमारः स्माह यद्येवं । देव तद्वद मे प्रिया ॥
धत्ते हेतोः कुतः शीलं । स्नेहलापि युवत्यपि ॥ ४५ ॥

અર્થ:—હવે કુમાર બોલ્યો કે જો એમ છે તો હે દેવ! તું કહે કે મારી સ્ત્રી (મારાપ્રતે) સ્નેહવાળી તથા યુવાવસ્થાવાળી છે, છતાં તે શામાટે શીલ ધારણ કરે છે? ॥ ૪૫ ॥

अवधिज्ञानतो बुध्ध्वा-ऽभ्यधत्त विबुधस्ततः ॥
पश्य प्राभातिकं लग्न-मेतत् प्राच्यामुदित्वरं ॥ ४६ ॥

અર્થ:—ત્યારે તે દેવ અવધિજ્ઞાનથી જાણીને બોલ્યો કે તું જો? આ પ્રભાતકાલનું લગ્ન પૂર્વ દિશામાં ઉગવાની તૈયારીમાં છે. ॥ ૪૬ ॥

अयं निशावसानोत्थ-घटिकाघातनिःस्वनः ॥
शक्तिवेधमिवाधत्त । नारीषु स्वैरिणीषु च ॥ ४७ ॥

અર્થ:—આ પરોઢીયાની ઘડીઆલના ટકોરાનો અવાજ સ્વેચ્છાચારી સ્ત્રીઓના મર્મસ્થાનોને ભેદી નાખે છે. ॥ ૪૭ ॥

विज्ञाय सूरमायांत-ममी निर्वसुडंबराः ॥
पलायनाय विरली-भवंति व्योम्नि तारकाः ॥ ४८ ॥

અર્થ:—વળી આ સૂર્યને (શૂરા સુભટને) આવતો જોઇને તેજના આડંબરવિનાના તારાઓ આકાશની અંદર નાશવા માટે છુટવછુટ થઇ જાય છે. ॥ ૪૮ ॥

तज्जातेयं गतप्राया । क्षपा स्त्रीवत्त्रपातुरा ॥
बहुकालोपदेश्यं त—द्यत्पृच्छति भवान् पुनः ॥ ४९ ॥

અર્થ:—માટે આ રાત્રી સ્ત્રીનીપેઠે લજ્જાતુર થઇથકી નષ્ટપ્રાય થયેલી છે, અને તું જે પૂછે છે તે ઘણે વખતે કહી શકાય તેવું છે.

तदेतमंजनं यौगं । गृहीत्वा स्वगृहं व्रज ॥
अनेनादृश्यमूर्त्तस्ते । सर्वं साक्षाद्भविष्यति ॥ ५० ॥

અર્થ:—માટે આ યૌગિક અંજન લઇને તું તારે ઘેર જા ? અને તે અંજનથી અદૃશ્ય થઇને જ્યારે તું જોઇશ ત્યારે તને સઘળું સાક્ષાત દેખાશે. ॥ ૫૦ ॥

इत्युदित्वा सुरो दत्वा । तस्यादृश्यांजनं ययौ ॥
कृतकृत्यः कुमारोऽपि । ननामोपेत्य योगिनं ॥ ५१ ॥

અર્થ:-એમ કહીને તે દેવ તેને અદૃશ્ય કરનારૂં અંજન દેઇને ગયો, તથા કૃતાર્થ થયેલો તે કુમાર પણ આવીને યોગીને નમ્યો. ॥ ૫૧ ॥

जगौ सगौरवं योगी । वत्स त्वत्संगतेर्गतः ॥
साफल्यं मे श्रमो मंत्र–साधनस्याष्टवार्षिकः ॥ ५२ ॥

અર્થ:—ત્યારે તે યોગી પણ તેનું સન્માન કરીને બોલ્યો કે, હે વત્સ ! તારા સહાયથી મારો આઠ વર્ષોસુધી સાધેલા મંત્રનો શ્રમ સફલ થયો છે. ॥ ૫૨ ॥

अहं तवोपकारस्या—ऽनृणः स्यां न कदाचन ॥
तत्किं करोमि किं स्तौमि । प्रियं किं ते ददामि वा ॥ ५३ ॥

અર્થ:—વળી હું તારા ઉપકારના કરજથી કોઇ પણ દિવસે મુક્ત થઇ શકું તેમ નથી, માટે હું શું કરૂં ? શું તારી સ્તુતિ કરૂં ? અથવા તને શું પ્રિય વસ્તુ આપું ? ॥ ૫૩ ॥

समस्ति चेत्प्रसत्तिस्ते । तत्काम्यं किमतः परं ॥
वदन्निति निशांतेऽगा–न्निशांते भूपभूस्ततः ॥ ५४ ॥

અર્થ:—જો આપની કૃપા છે, તો પછી તેથી બીજું શું જોઇએ ? એમ કહીને પરોઢીએ તે રાજકુમાર ત્યાંથી ઘેર ગયો. ॥

अनुभूय क्षणं निद्रा–सुखमुन्मीलितेक्षणः ॥
बालातपनकाश्मीर–लिप्तामिवैक्षत क्षितिं ॥ ५५ ॥

અર્થ:—ત્યાં ક્ષણવાર નિદ્રાસુખ અનુભવીને જેવામાં તે આંખ ઉઘાડે છે તેવામાં ઉગતા સૂર્યના તેજથી જાણે કેસરથી લીંપાયેલી હોય નહિ એવી પૃથ્વીને તે જોવા લાગ્યો. ॥ ૫૫ ॥

सहसा त्यक्ततल्पोऽथ । कृतप्राभातिकक्रियः ॥
जगाम धाम कनक–वत्या अत्यादरेण सः ॥ ५६ ॥

અર્થ:—પછી તે એકદમ બિછાનું છોડીને તથા પ્રભાતની નિત્યક્રિયા કરીને અત્યંત આદરમાનપૂર્વક કનકવતીને આવાસે ગયો. ॥ ૫૬ ॥

समं तयैकतल्पस्य । तस्य गोष्टीं वितन्वतः ॥

तां दिदृक्षुरिव व्योम–मध्यमध्यास्त भास्करः ॥ ५७ ॥

અર્થઃ—ત્યાં એક બિછાનાપર બેસીને તેણીના સાથે તે વાર્તાવિનોદ કરવા લાગ્યો, અને એમ કરતાંથકાં જાણે તેણીને જોવામાટેજ હોય નહિ તેમ સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવ્યો. ॥ ૫૭ ॥

अथ स्वावसथं प्राप्य । स्नात्वा भुक्त्वा समुत्थितः ॥

विजिज्ञासुः प्रियावृत्त । कुमारश्चकमे निशं ॥ ५८ ॥

અર્થ:—પછી પોતાને આવાસે આવીને સ્નાન તથા ભોજન કરીને ઉઠેલો તે ગુણવર્મા કુમાર પોતાની સ્ત્રીનું વૃત્તાંત જાણવાની ઇચ્છાથી હવે તુરત રાત્રી થાય તો ઠીક એમ ઇચ્છવા લાગ્યો. ॥ ૫૮ ॥

अहमस्मि त्रिजगतो—ऽथादृश्यीकरणक्षमा ॥

स्वस्यैव त्वमिति ज्योति—र्दंभात्तमहसन्निशा ॥ ५९ ॥

અર્થ:—હું તો ત્રણે જગતને અદૃશ્ય કરવાને સમર્થ છું, અને તું તો ફક્ત પોતાનેજ અદૃશ્ય કરવાને સમર્થ છો, એમ વિચારી તારાઓના મિષથી રાત્રિ તેની હાંસી કરવા લાગી. ॥ ૫૯ ॥

चलचित्तोऽप्यसौ मित्रै–र्गोष्टीरंगं तरंगयन् ॥

गते यामे त्रियामाया । विससर्ज परिच्छदं ॥ ६० ॥

અર્થ:—હવે તે કુમાર ઉચક મનવાળો હોવા છતાં પણ મિત્રોસાથે વાર્તા વિનોદ કરીને રાત્રિનો પહેલો પહોર ગયાબાદ પરિવારને વિસર્જન કર્યો. ॥ ૬૦ ॥

भूत्वा सिद्ध इवादृश्य—रूपः सिद्धांजनेन सः ॥

सारं सत्वं कृपाणं चा—ऽमुंचन् पत्न्या ययौ गृहं ॥ ६१ ॥

અર્થ:—પછી તે સિદ્ધાંજનથી સિદ્ધનીપેઠે અદૃશ્ય થઇને હિમ્મતથી તલવાર સાથે લઇને પોતાની સ્ત્રીને આવાસે ગયો. ॥ ૬૧ ॥

निस्तंद्रश्चंद्रशालाया—मारुह्य विजने स्थितः ॥

जाग्रतीं तां कुरंगाक्षी—मद्राक्षीद्दीपिकामिव ॥ ६२ ॥

અર્થ:—ત્યાં તે પ્રમાદરહિત અગાસીપર ચડીને એકાંતે બેઠો, તે વખતે તેણે દીવીનીપેઠે જાગતી એવી તે કનકવતી મૃગાક્ષીને દીઠી.

जागर्त्येषा किमद्यापी–त्येकचित्ते नृपांगजे ॥

अतीये कियती रात्रि—रिति पप्रच्छ सा सखीं ॥ ६३ ॥

અર્થ:—કેમ આ હજીસુધી જાગે છે? એમ વિચારી તે રાજકુમાર જેવામાં એક ચિત્તથી જોયા કરે છે, તેવામાં તે કનકવતીએ પોતાની સખીને પૂછ્યું કે કેટલી રાત્રિ ગઈ છે? ॥ ૬૩ ॥

नभो निभाल्य साभाणीत् । क्षणः सोऽभूद्विचक्षणे ॥
त्वर्यतां क्रियतां सार—शृंगारस्तत्र गम्यतां ॥ ६४ ॥

અર્થ:—ત્યારે તેણીએ આકાશ તરફ જોઇને કહ્યું કે હે વિચક્ષણ તે વખત થઇ ગયો છે, માટે મનોહર શૃંગાર કરો અને ત્યાં ચાલો?

तां वीक्ष्याथ कृतस्नानां । सर्वालंकारधारिणीं ॥
युगपत्कामकोपाभ्यां । कुमारो व्याकुलीकृतः ॥ ६५ ॥

અર્થ—હવે તેણીને સ્નાન કરેલી તથા સર્વાલંકારોથી શોભીતી બનેલી જોઇને ગુણવર્મા કુમાર એકીહારે કામ અને કોપથી વ્યાકુલ થયો.

अपास्य कामवैवश्य—मथासौ दध्यिवानिति ॥
धिग् योषा निखिला दोषा । इव घोरतमोमयीः ॥ ६६ ॥

અર્થ:—પછી તે કામદેવની વ્યાકુલતા છોડીને વિચારવા લાગ્યો કે, અરે રાત્રિનીપેઠે ઘોર અંધકાર (અજ્ઞાન) વાળી સર્વ સ્ત્રીઓને ધિક્કાર છે. ॥ ૬૬ ॥

अस्या अवगतं शील—स्वरूपं चेष्टयानया ॥
श्राद्धं दीपालिकायां चे—त्तत्संदेहः कुलस्य कः ॥ ६७ ॥

અર્થ:—આવાં આચરણથી તેણીના શીલનું સ્વરુપ તો હવે જાણી લીધું, જો દિવાળીને દિવસેજ શ્રાદ્ધ હોય તો પછી કુલના (નાશનો) સંદેહ શું કરવો? ॥ ૬૭ ॥

मम ब्रह्मप्रतिज्ञाय । खेलत्येषा यथारुचि ॥
मृषावाक्सहजा स्त्रीणां । न्यग्गतिः सरितामिव ॥ ६८ ॥

અર્થ:—મને પોતાનું બ્રહ્મચર્ય જણાવીને આ તો મરજી મુજબ ખેલ્યા કરે છે, માટે નદીની નીચાણમાં જેમ સ્વાભાવિક ગતિ છે, તેમ સ્ત્રીઓની પણ મૃષા વાણી સ્વાભાવિકજ છે. ॥ ૬૮ ॥

तदेनामसिनानेना—ऽधुनैव करवै द्विधा ॥
यद्वा नेयमनिर्णीत—दुर्वृत्ता वधमर्हति ॥ ६९ ॥

અર્થ:—માટે હમણાજ તેણીના આ તલવારથી બે ટુકડા કરી નાખું, અથવા તેણીના દુરાચારની ખાતરી કર્યા વિના મારવી એ યોગ્ય નહિ. ॥ ૬૯ ॥

एवं संवृतकोपेऽस्मि—न्नारुढा बलभीममीः ॥
विमानं मंत्रसिद्धेव । हुंकारेणाचकर्ष सा ॥ ७० ॥

અર્થ:—એમ વિચારી કુમારે જ્યારે પોતાના ક્રોધને અટકાવ્યો ત્યારે તે કનકવતીએ ભયરહિત અગાસી પર ચડીને મંત્રસિદ્ધની પેઠે હુંકારામાત્રમાં એક વિમાનને ખેંચી લીધું. ॥ ७० ॥

विमानं तत्पुरः प्रादु—रासीदाशु विभासुरं ॥
चलध्ध्वजभुजैर्नृत्य—दिव तद्रूपवीक्षणात् ॥ ७१ ॥

અર્થ:—તુરતજ દેદીપ્યમાન તથા તેણીનું રૂપ જોઈને ચાલતી પતાકાઓરૂપી હાથોથી જાણે નાચતું હોય નહિ તેમ એક વિમાન તેણીની પાસે આવી ઉભું. ॥ ७१ ॥

तत्र सख्या सहारूढां । कुमारोऽन्वारुरोह तां ॥
पथि नैकाकिनी योग्या । स्त्रीति नीतिं स्मरन्निव ॥ ७२ ॥

અર્થ:—માર્ગમાં સ્ત્રીને એકલી મોકલવી યોગ્ય નહિ એવી નીતિને જાણે યાદ કરતો હોય નહિ તેમ તે કુમાર સખીસહિત તે વિમાનપર ચડેલી કનકવતીની પાછળ ( અદૃશ્યપણે ) ચડી બેઠો. ॥ ७२ ॥

किमितो यास्यति स्वर्ग—मेषा लेखैश्चिखेलिषुः ॥
किंवा वैताढ्यमत्याढ्य—विद्याधररिरंसया ॥ ७३ ॥

અર્થ:—શું આ અહીંથી દેવોસાથે ક્રીડા કરવાની ઇચ્છાથી સ્વર્ગમાં જશે? અથવા મહાસંપત્તિવાળા કોઇ વિદ્યાધરનીસાથે ક્રીડા કરવાની ઇચ્છાથી શું વૈતાઢ્યપર્વતપર જશે? ॥ ७३ ॥

इत्याद्यनल्पसंकल्प—तल्पस्थे गुणवर्मणि ॥
मणिरुग्मथितध्वांते । प्रतस्थे तन्नभोऽध्वनि ॥ ७४ ॥

અર્થ:—એવી રીતે અનેક પ્રકારના સંકલ્પોરૂપી બિછાનામાં ગુણવર્મા કુમાર બેસતે છતે મણિઓની કાંતિથી દૂર થયેલ છે અંધકાર જેમાંથી એવા આકાશમાર્ગે તે વિમાન ચાલવા લાગ્યું. ॥ ७४ ॥

विमानं खर्वयन् मानं । मनसस्त्वरया ततः ॥
उत्तरस्यां विमानं त—द्ययौ किंचिन्महासरः ॥ ७५ ॥

અર્થ:—પછી પોતાના વેગથી મનના પ્રમાણ વિનાના વેગને પણ જીતતું થકું તે વિમાન ત્યાંથી ઉત્તર દિશામાં કોઇક સરોવર પ્રતે ગયું.

वनं तदा तदासन्नं । दासन्नंदनमाप्य तत् ॥
तस्थौ चिराध्वसंचार—परिश्रांतमिव स्वयं ॥ ७६ ॥

અર્થ:—ત્યાં નજીક રહેલાં તથા નંદનવનને જીતનારાં એવાં એક વનમાં જઇને તે વિમાન ઘણા વખત માર્ગે ચાલવાથી જાણે થાકી ગયું હોય નહિ તેમ પોતાની મેળેજ સ્થિર થયું. ॥ ७६ ॥

विमानतः समुत्तीर्य । सा चचाल वनाध्वना ॥
पृष्टस्थितः कुमारोऽपि । दंपत्योः किं पृथग्गतिः ॥ ७७ ॥

અર્થ:—હવે તે કનકવતી વિમાનથી ઉતરીને વનને માર્ગે ચાલી, તેની પાછલ તે ગુણવર્મા કુમાર પણ ચાલ્યો, કેમકે સ્ત્રીભરતારની શું જુદી ગતિ હોય? ॥ ७७ ॥

पुरः स जैनं भवनं । वनशृंगारमैक्षत ॥
स्फुरद्रत्नप्रभाऽपास्त–ब्रह्मांतरतमोभरं ॥ ७८ ॥

અર્થ:—આગલ ચાલતાં તેણે વનને શોભાવનારૂં તથા રત્નોની કાંતિથી બહારના તથા અંદરના અંધકારના સમૂહને દૂર કરનારૂં એક જિનમંદિર જોયું. ॥ ७८ ॥

प्रियया पारिपार्श्विक्या । प्रविशन् जिनवेश्म सः ॥
वृत्तं स्वस्य नवोढस्या—ऽस्मरद्देवांगणक्षणं ॥ ७९ ॥

અર્થ:—પછી સાથે રહેલી સ્ત્રીસહિત જિનમંદિરમાં પ્રવેશ કરતો એવો તે કુમાર નવો પરણેલો પોતે જાણે સજોડ દેવવંદન માટે જાતો હોય નહિ એવા અવસરને તે યાદ કરવા લાગ્યો. ॥ ७९ ॥

तत्रानंदकरीमिंदु–करैरिव विनिर्मितां ॥
नत्वार्हत्प्रतिमां बाला । रंगमंडपमाप सा ॥ ८० ॥

અર્થ:—ત્યાં જાણે ચંદ્રના કિરણોવડે બનાવી હોય નહિ એવી આનંદ કરનારી જિનપ્રતિમાને નમીને તે કનકવતી રંગમંડપમાં આવી.

तिस्रस्तत्रागताः कन्या । अन्या अपि तथा जिनं ॥
प्रणम्य तत्प्रतिच्छाया । इव तां परितः स्थिताः ॥ ८१ ॥

અર્થ:—વળી ત્યાં આવેલી બીજી ત્રણ કન્યાઓ પણ તેવીજ રીતે જિનપ્રતિમાને નમીને જાણે તેણીની છાયાઓ હોય નહિ તેમ તેણીની આસપાસ બેઠી. ॥ ८१ ॥

तत्रास्ति हस्तिभिः श्वेत-दंतीव परिवारितः ॥
खेचरैः खेचराधीशो । निविष्टोऽग्रे महाबलः ॥ ८२ ॥

અર્થ:—ત્યાં જેમ અન્ય હસ્તીઓસહિત શ્વેત હસ્તિ તેમ વિદ્યાધરોથી વિંટાએલો એક મહાબળવાન વિદ્યાધરોનો રાજા આગલ બેઠો હતો.

निवेद्य ताश्चतस्रोऽपि । कन्यास्तस्मै स्वमागमं ॥
तस्थुः स्तंभानवष्टभ्य । स्वर्णपांचालिका इव ॥ ८३ ॥

અર્થ:—પછી તે ચારે કન્યાઓ તેને પોતાનું આગમન જણાવીને જાણે સોનાની પુતળીઓ હોય નહિં તેમ સ્તંભોને અઠંગીને ઉભી.

चक्रे स्नात्रं जिनस्याथ । खेचरः सपरिच्छदः ॥
उत्पादयन्निव नवा । नदीर्नीरैर्निरंतरैः ॥ ८४ ॥

અર્થ:—પછી અવિચ્છિન્ન જલધારાથી જાણે નવી નદીઓ ઉત્પન્ન કરતો હોય નહિ તેમ તે વિદ્યાધરે જિનેશ્વર પ્રભુનું સ્નાત્ર કર્યું. ॥૮૩॥

पूजाभेदैः समभ्यर्च्य । समग्रैः स जिनाधिपं ॥
कौतुकी नाट्यरंगाय । पुनः शिश्राय मंडपं ॥ ८५ ॥

અર્થ:—પછી સર્વ પ્રકારની પૂજાથી જિનેશ્વરપ્રભુને પૂજીને નાટ્યરંગના કૌતુકમાટે તે પાછો રંગમંડપમાં આવ્યો. ॥ ૮૫ ॥

तेनाद्य नाट्यावसरः । कस्या युष्मास्वितीरिते ॥
गुणवर्मवधूमेव । दर्शयांचक्रिरेऽपराः ॥ ८६ ॥

અર્થ:—તમારામાંથી આજે નૃત્ય કરવાનો કોનો વારો છે? એમ પૂછવાથી તે બીજી કન્યાઓએ ગુણવર્માની સ્ત્રીનેજ દેખાડી. ॥ ૮૬ ॥

तदाज्ञया रयादात्त—चलना नलिनानना ॥
ननर्त तत्र सा रंभा । जंभारेरिव संसदि ॥ ८७ ॥

અર્થ:—પછી તેની આજ્ઞાથી જલદી ઉઠીને તે કમલસરખાં લોચનવાળી કનકવતી ઇંદ્રિની સભામાં જેમ રંભા તેમ ત્યાં નાચવા લાગી.

कन्या अन्याः क्रमात्ताल—वेणुवीणा अवीवदन् ॥
कः स्यादस्यां प्रनृत्यंत्या—मपरः खलु तौर्यिकः ॥ ८८ ॥

અર્થ:—બીજી કન્યા અનુક્રમે કાંસીયા વાંસલી તથા વીણા વગાડવા લાગી, કેમકે આના નાચમાં વળી વાજિત્ર વગાડનાર બીજો કોણ હોઇ શકે? ॥ ૮૮ ॥

विद्याधरेश्वरे नाट्य—ध्वनिधूनितमूर्द्धनि ॥
कंपमानवपुः कोपा—त्कुमारेंद्रो व्यचिंतयत् ॥ ८९ ॥

અર્થ:—હવે નાટકના ધ્વનિથી તે વિદ્યાધરેંદ્ર જ્યારે પોતાનું મસ્તક ધુણાવવા લાગ્યો, ત્યારે કોપથી કંપિત શરીરવાળો તે કુમારેંદ્ર વિચારવા લાગ્યો કે, ॥ ૮૯ ॥

विडंबितोऽस्मि निबिडं । वेधसा मनुजेष्वहं ॥
ममापि नायिकाऽनायि । नर्त्तकीत्वमनेन यत् ॥ ९० ॥

અર્થ:—અરે! વિધાતાએ મને મનુષ્યોમાં ખૂબ વગોવા જેવું કર્યું છે, કેમકે મારી સ્ત્રીને પણ આ વિદ્યાધરે પોતાની નટી બનાવી છે.

न: कौरव्यैः संवृतांग्या । यस्या मुखमपीक्षितं ॥
सर्वांगं वीक्षतां विद्या—भृतामद्योत्सवोऽजनि ॥ ९१ ॥

અર્થ:—( વસ્ત્રોથી ) ઢંકાએલાં શરીરવાળી એવી જેણીનું મુખ પણ કુરુવંશીઓએ જોયું નથી, તેણીનાં આ સર્વ અંગોને જોતા એવા આ વિદ્યાધરોને આનંદ થાય છે. ॥ ૯૧ ॥

बहुमेने सदास्माभिः । सर्वस्वस्वामिनीव या ॥
भ्रूपातेनैव सानेन । सर्वं दासीव कार्यते ॥ ९२ ॥

અર્થ:—જેણીને મેં હમેશાં મારી સમસ્ત મીલ્કતની માલિકસરખી માનેલી છે, તેણીનીપાસે ફક્ત એક ભ્રકુટીના ઇસારાથી આ વિદ્યાધર એક દાસીનીપેઠે સઘલું કાર્ય કરાવે છે. ॥ ૯૨ ॥

यद्वा न्यषेधि यद्बाह्यै—रपि रात्रौ जिनार्चनं ॥
तदस्य कुर्वतः स्वैरं । ब्रूमः किमविवेकिनः ॥ ९३ ॥

અર્થ:—અથવા અન્યોએ પણ રાત્રિએ જિનપૂજન નિષેધ્યું છે, તે જિનપૂજન સ્વેચ્છાચારથી કરનારા એવા આ અવિવેકી વિદ્યાધરને શું કહેવું? ॥ ૯૩ ॥

असिर्ममायमन्याय—मस्य मृष्येन्न निश्चितं ॥
भाविवृत्तांतजिज्ञासुः । स्यां विघ्नाय न चेदहं ॥ ९४ ॥

અર્થ:—વળી હવે થનારા વૃત્તાંતને જાણવાની ઇચ્છાવાલો એવો હું જો આ સમયે વિઘ્નરૂપ ન હોત તો મારી આ તલવાર ખરેખર આ વિદ્યાધરના અપરાધને સહન કરત નહિ. ॥ ૯૪ ॥

ध्यायत्येवं कुमारेंद्रे । किंकणी सहसाऽपतत् ॥
कांचीतः कांचनी तस्या । नृत्यधूनितवर्ष्मणः ॥ ९५ ॥

અર્થ:—જેટલામાં તે કુમાર એવી રીતે વિચાર કરે છે તેટલામાં નૃત્યથી ચલાયમાન થયેલા કનકવતીના શરીરપર પહેરેલા કંદોરામાંથી એક સોનાની ઘુઘરી અચાનક પડી ગઇ. ॥ ૯૫ ॥

जग्राह तां समीपस्थः । कुमारः करलाघवात् ॥
खेटैरलक्षितो नाटय–रसनिःस्पंददृष्टिभिः ॥ ९६ ॥

અર્થ:—ત્યારે પાસે રહેલા તે કુમારે હાથચાલાકીથી તે ઘુઘરી લઇ લીધી તથા નૃત્યના રસમાં લીન દ્રષ્ટિવાલા તે વિદ્યાધરો તેને તેમ કરતાં જોઇ શક્યા નહિ. ॥ ૯૩ ॥

भ्रष्टैकदंता दंतालि–रिव सालोकि मेखला ॥
नाट्यांते बालया शून्यां–तराला किंकर्णी विना ॥ ९७ ॥

અર્થ:—પછી નૃત્ય કર્યાબાદ વચ્ચે એક દાંત પડી જવાથી દેખાતી દાંતોની પંક્તિજેવી એક ઘુઘરીવિનાની વચ્ચે ખાલી દેખાતી પોતાની કટીમેખલા કનકવતીએ દીઠી. ॥ ૯૭ ॥

वीक्षितामपि यत्नेन । किंकिणीमनवाप्य सा ॥
पृच्छंती खेचराधीशं । तेनैवं समभाष्यत ॥ ९८ ॥

અર્થ:—તેથી ચીવટથી જોયા છતાં પણ તેણીને જ્યારે તે ન મળી ત્યારે તેણીએ તે સંબંધિ વિદ્યાધરને પૂછવાથી તેણે કહ્યું કે—॥ ૯૮ ॥

गताद्य भूयसी रात्रि–र्गतास्ते खेचरा अपि ॥
शुद्धिं कर्त्तास्मि किंकिण्याः । स्वस्रे स्वस्त्यस्तु तेऽधुना ॥ ९९ ॥

અર્થ:—હે બેહેન! આજે તો ઘણી રાત્રિ ગઇ છે, તેમ તે વિદ્યાધરો પણ ગયા, હું તેની તપાસ કરીશ, હમણા તો તું જા? ॥ ૯૯ ॥

अथारुह्य विमानं त–दाश्रितं प्रेयसापि सा ॥
क्षणात्स्वस्थानमानंच । यानं च द्राक् तिरोदधे ॥ १३०० ॥

અર્થ:—પછી તે કનકવતી ગુણવર્માએ આશ્રય કરેલા વિમાનપર ચડીને ક્ષણવારમાં પોતાને સ્થાનકે આવી, અને તે વિમાન પણ તુરત અદ્દશ્ય થઇ ગયું. ॥ ૧૩૦૦ ॥

कुमारः प्राप्य धाम स्वं । सेवकैरप्यलक्षितः ॥
सुप्तोऽपि दुर्मना निद्रां । सस्वजे न प्रियामिव ॥ १ ॥

અર્થ:—હવે તે ગુણવર્મા કુમાર પોતાને ઘેર ગયો, આ બાબતની સેવકોને પણ ખબર નહોતી, પછી તે ઉચક મને સુતો, પરંતુ પોતાની પ્રિયાની પેઠે તેણે નિદ્રાને આલિંગન આપ્યું નહિ. ॥ ૧ ॥

कोऽसौ खेटः कथमियं । तद्वशे वध्य एव सः ॥
इति ध्यायत एवास्य । वासनेयी व्यलीयत ॥ २ ॥

અર્થ:—આ વિદ્યાધર કોણ હશે? આ કનકવતી કેમ તેને વશ થઇ હશે? તે વિદ્યાધરને મારે મારવોજ જોઇએ, ઇત્યાદિક વિચારતાંજ તેની રાત્રિ વ્યતીત થઇ. ॥ ૨ ॥

स्वीयवशा परवशा । द्वयमेतद्विरुद्ध्यते ॥
इत्यब्जिनीप्रबोधेन । वदन्नुदितवान् रविः ॥ ३ ॥

અર્થ:—પોતાને જે વશ તે પરને પણ વશ હોય, એ બન્ને બાબત તો (પરસ્પર) વિરોધવાળી છે, એવી રીતે કમલિનીને વિકસ્વર કરવાથી જાણે કહેતો હોય નહિ તેમ સૂર્ય ઉદય પામ્યો. ॥ ૩ ॥

मित्राय मंत्रिपुत्राय । दत्वा तां किंकिणीं रहः ॥
प्रगे प्राग्वत्कुमारोऽगा-द्दयिताया निकेतनं ॥ ४ ॥

અર્થ:—પછી પોતાના મિત્ર મંત્રિપુત્રને ગુપ્તરીતે તે ઘુઘરી આપીને પ્રભાતે પૂર્વનીપેઠે તે ગુણવર્મા કુમાર પોતાની તે સ્ત્રીને ઘેર ગયો.

क्षणं विनोद्य वार्त्ताभिः । कुमारः सारिपाशिकैः ॥
पत्नीं प्रीत्या परमया । रमयामास रागभूः ॥ ५ ॥

અર્થ:—પછી તે રાગી થયોથકો ક્ષણવારસુધિ પોતાની પત્નીને વાર્તાથી ખુશી કરીને પરમ પ્રીતિથી સોગઠાંબાજીવડે રમાડવા લાગ્યો.

निशावृत्तवशात्मासौ । स्वार्थैकध्यानयाऽनया ॥
पदक्रमगमन्यास—चतुरोऽपि व्यजीयत ॥ ६ ॥

અર્થ:—રાત્રિના વૃત્તાંતમાં ચિંતાતુર બનેલા તથા સોગઠાંની ચાલ ચલાવવામાં ચતુર એવા પણ તે કુમારને ફક્ત પોતાની બાજીમાંજ એકચિત્તવાળી તે કનકવતીએ જીત્યો. ॥ ૬ ॥

किंचिद्दत्वा फलं नाथ । व्यंजयस्व जयं मम ॥
अतः परं रिरंसुश्चेत् । तत्त्वं किमपि सारय ॥ ७ ॥

અર્થ:—હે સ્વામી! મને કઇંક ફલ આપીને મારી જીત પ્રગટ કરો? અને હવે પછી પણ જો આપ રમવાને ચહાતા હો તો કઇંક શરત કરો? ॥ ૭ ॥

तया सोत्प्रासमित्युक्ते । कुमारः स्फारकैतवः ॥
किंचित्तवांतिकेऽस्तीति । सुहृदो मुखमैक्षत ॥ ८ ॥ युग्मं ॥

અર્થ:—એવી રીતે તેણીએ જરા તડાકાબંધ કહેવાથી કપટક્રિયામાં ચતુર એવા તે કુમારે પોતાના મિત્ર સન્મુખ જોઇને કહ્યું કે તારીપાસે કંઇ વસ્તુ છે? ॥ ૮ ॥

सोऽप्यूचे किंकिणीं मुक्त्वा । नान्यत्किंचिदिहास्ति मे ॥
सोऽवक् तामेव मे देहि । यत्तयास्ति प्रयोजनं ॥ ९ ॥

અર્થ:—ત્યારે તે પણ બોલ્યો કે ઘુઘરીવિના બીજું કંઇ અહીં મારીપાસે નથી, ત્યારે કુમાર બોલ્યો કે તેજ મને આપ? કેમકે મારે તેનુંજ પ્રયોજન છે. ॥ ૯ ॥

सागरोऽथ कुमारस्य । किंकिणीमार्पयत्करे ॥
प्रत्यभिज्ञाय तां दृष्ट–मात्रां साभूद् भृशाकुला ॥ १० ॥

અર્થ:—ત્યારે તે સાગર નામના મિત્રે કુમારના હાથમાં ઘુઘરી આપી, ત્યારે તેને જોતાંજ ઓળખી કહાડવાથી કનકવતી અત્યંત ગભરાટમા પડી. ॥ ૧૦ ॥

इयं न वृश्चिकः किंतु । किंकिणी किं त्वमाकुला ॥
तद्दीव्यं दूरेऽस्त्यद्यापि । प्रातराशक्षणोऽपि सः ॥ ११ ॥

અર્થ:—(કુમાર બોલ્યો કે) આ કંઇ વીંછી નથી, પરંતુ ઘુઘરી છે, તું કેમ વ્યાકુલ થાય છે? હજુ રમત તો છેટી છે, તેમજ પ્રાભાતિક શિરોમણીનો વખત પણ હજુ દૂર છે. ॥ ૧૧ ॥

सावदद्देव किं दत्से । किंकिणीयं ममैव यत् ॥
न हि भट्टारिका तोष्या । हूतैस्तन्मूर्त्तिगुग्गुलैः ॥ १२ ॥

અર્થ:—ત્યારે કનકવતી બોલી કે હે સ્વામી! આ તે શું આપો છો? આ ઘુઘરી તો મારીજ છે, કેમકે ભટ્ટારિકા કંઇ તેનીજ મૂર્તિનો ગુગળ હોમ્યાથી સંતુષ્ટ થઇ શકતી નથી. ॥ ૧૨ ॥

हसित्वा भूपभूः साह । प्रिये किमिदमुच्यते ॥
अमी वयमिदं राज्यं । सर्वमेतन्न किं तव ॥ १३ ॥

અર્થ:—ત્યારે રાજકુમાર હસીને બોલ્યો કે હે પ્રિયા! આ તું શું બોલે છે? આ અમો તથા આ રાજ્ય, એ સઘલું શું તારૂં નથી?

सा जगाद हसित्वाल–मत्र तुभ्यं शपे प्रिय ॥
स्रस्ता क्वापि कटीसूत्रात् । किंकिणीयं ध्रुवं मम ॥ १४ ॥

અર્થઃ—કનકવતી બોલી કે હે સ્વામી! હાંસી કરવાથી સર્યું, આ બાબતમાં હું આપના સોગન લેઇને કહું છું કે ખરેખર આ મારી ઘુઘરી મારા કંદોરામાંથી ક્યાંક ખરી પડી છે. ॥ ૧૪ ॥

यद्येवं देवि तद् ब्रूहि । क्वासौ निपतिता तव ॥
इति पृष्टे कुमारेण । जगौ श्रीषेणनंदिनी ॥ १५ ॥

અર્થ:—હે દેવી! જો એમ છે તો કહે કે તે તારી ઘુઘરી ક્યાં ખરી પડી છે? એવી રીતે કુમારે પૂછવાથી તે શ્રીષેણ રાજાની પુત્રી બોલી કે,

प्राग्जन्मवृत्तवन्नेत–न्नैतत्स्थानं स्मराम्यहं ॥
स प्रोचे तर्हि पृच्छामुं । मित्रं मे गणिकोत्तमं ॥ १६ ॥

અર્થ:—હે સ્વામી! પૂર્વભવના વૃત્તાંતનીપેઠે એ સ્થાનની મને યાદી નથી, ત્યારે તે બોલ્યો કે ત્યારે જ્યોતિષીઓમાં શ્રેષ્ટ એવા આ મારા મિત્રને તું પુછ? ॥ ૧૬ ॥

ज्ञानं विघटतेऽमुष्य । नार्हद्वच इव क्वचित् ॥
मंक्ष्वसौ किंकिणीभ्रंश–भूमिं त्वां ज्ञापयिष्यति ॥ १७ ॥

અર્થ:—અરિહંતના વચનનીપેઠે તેનું જ્ઞાન જુઠું પડતું નથી, અને તેથી તે તને જલદી ઘુઘરી પડવાનું સ્થાન દેખાડી આપશે. ૧૭।

एवं शठधिया तेन । विप्रलब्धाभ्यधत्त सा ॥
किंकिणीयं क्व मे भ्रष्टा । वद कोविद देवर ॥ १८ ॥

અર્થ:—એવી રીતે તેની શઠબુદ્ધિથી ઠગાએલી તે બોલી કે હે ચતુર દેવર! તું કહે કે મારી આ ઘુઘરી ક્યાં પડી હતી? ॥ ૧૮ ॥

सोऽपि जानन्नभिप्रायं । कुमारस्याब्रवीदिति ॥
दक्षे प्रातरिदं वक्ष्ये । ज्ञात्वा लग्नोपदेशतः ॥ १९ ॥

અર્થ:—ત્યારે તે પણ કુમારનો અભિપ્રાય જાણીને બોલ્યો કે હે દક્ષ! પ્રભાતે લગ્નના ઉપદેશથી જાણીને હું તને તે કહીશ. ॥૧૯॥

एवं विभ्रममुत्पाद्य । तस्याः सरलचेतसः ॥
स्वस्थानं गुणवर्मा च । सागरश्चापि जग्मतुः ॥ २० ॥

અર્થઃ—એવી રીતે તે સરલ મનવાળી કનકવતીને વિભ્રમ ઉપજાવીને ગુણવર્મા તથા સાગર બન્ને પોતાને સ્થાનકે ગયા. ॥ ૨૦ ॥

कृतस्नानाशनः सिद्धां—जनच्छन्नवपुर्निशि ॥
निशितासिकरस्तस्या । गुणवर्मागमद्गृहं ॥ २१ ॥

અર્થ:—પછી તે સ્નાન તથા ભોજન કર્યાબાદ સિદ્ધાંજનથી અદૃશ્ય થઇને હાથમાં સજેલી તલવાર સહિત ગુણવર્મા કુમાર કનકવતીને ઘેર ગયો. ॥ ૨૧ ॥

वल्लभेन विमानस्या—ध्यारोहं सह कृत्वरी ॥
सा प्राग्वदेव देवाधि—देवप्रासादमासदत् ॥ २२ ॥

અર્થ:—પછી પોતાના સ્વામી સાથે વિમાનપર ચડીને તે પૂર્વની પેઠેજ શ્રીતીર્થંકર પ્રભુના મંદિરમાં ગઇ. ॥ ૨૨ ॥

स्नात्रं कृत्वा यथास्थानं । खेचरौघे निषेदुषि ॥
एकाऽनृत्यत्प्रवीणा सा । पुनर्वीणामवादयत् ॥ २३ ॥

અર્થ:—ત્યાં સ્નાત્ર પૂજા કર્યાબાદ ખેચરોનો સમૂહ યોગ્ય સ્થાનકે બેઠાબાદ એક ( સ્ત્રી ) નાચવા લાગી, અને તે ચતુર કનકવતી વીણા વગાડવા લાગી. ॥ ૨૩ ॥

सभ्येषु वल्लकीनाद—स्वादतो मूर्छितेष्विव ॥
पपात वीणादंडांत-ताडितं तत्पदांगदं ॥ २४ ॥

અર્થ:—વીણાનાદના સ્વરથી સભાસદો મૂર્છિતનીપેઠે હોતે છતે વીણાદંડના છેડાથી ઠમકાએલું તેણીના પગનું ઝાંઝર પડી ગયું. ।૨૪।

अज्ञातं तत्तया नाद—लीनया कौरवोऽग्रहीत् ॥
ज्ञात्वा नाट्यावसाने तु । सा नेतुः संसदो जगौ ॥ २५ ॥

અર્થ:—પરંતુ નાદમાં લીન થયેલી કનકવતીના જાણવામાં તે આવ્યું નહિ, અને ગુણવર્મા કુમારે તે લઇ લીધું. પછી નૃત્ય થઇ રહ્યાબાદ તેણીએ તે જાણ્યું, તથા સભાપતિને પણ તે વાત તેણે જણાવી કે, ॥ ૨૫ ॥

गृहीतमद्य केनापि । मामकं भूप नूपुरं ॥
अनाथा इव मुष्यंते । तव दृष्टौ हहाबलाः ॥ २६ ॥

અર્થ:—હે રાજન્! આજે કોઇએ મારૂં ઝાંઝર લેઇ લીધું છે, અને એવી રીતે અરેરે! આપની નજરે આ અબલાઓ અનાથની પેઠે લુંટાય છે. ॥ ૨૬ ॥

भृकुटीभीष्मभालोऽथा—भ्यधाद्विद्याधराधिपः ॥
अभूदभूतपूर्वा भो—श्चैत्यांतश्चौरिका कुतः ॥ २७ ॥

અર્થ:—હવે ભ્રુકુટીથી ભયંકર થયેલાં લલાટવાળો તે વિદ્યાધરપતિ બોલ્યો કે અરે! આ જિનમંદિરની અંદર અગાઉ કદી પણ ન થયેલી એવી ચોરી ક્યાંથી થવા લાગી? ॥ ૨૭ ॥

यस्य चैत्यालये चेत—श्चिनुते चौर्यचापलं ॥
सोऽचिरान्मे शलभतां । लभतां कोपपावके ॥ २८ ॥

અર્થ:—આવી રીતે જિનમંદિરમાં પણ જેનું મન ચોરી કરવામાં તત્પર થયું છે તે તુરત મારા ક્રોધરૂપી અગ્નિમાં પતંગપણું પામો?

गच्छ वत्सेधुना प्रात—स्त्वां करिष्ये प्रमोदिनीं ॥
इत्युक्त्वा प्रस्थितो विद्या—धरेशो विससर्ज तां ॥ २९ ॥

અર્થ:—હે વત્સ હમણાં તો તું જા? પ્રભાતે તને ખુશી કરીશ, એવી રીતે તેણીને વિસર્જન કરીને તે ચાલતો થયો. ॥ ૨૯ ॥

साथ प्राप समं भर्त्रा । निजं वेश्म विमानगा ॥
कुमारोऽप्येत्य धाम स्वं । निशाशेषमवाहयत् ॥ ३० ॥

અર્થ:—હુવે તે કનકવતી વિમાનમાં બેસીને ભર્તારસહિત પોતાને ઘેર ગઇ, તથા તે ગુણવર્મા કુમારે પણ પોતાને ઘેર આવીને બાકીની રાત્રિ નિર્ગમન કરી. ॥ ૩૦ ॥

प्रातः प्रदाय मित्राय । कुमारस्तत्पदांगदं ॥
गत्वा वध्वा गृहं सत्रा । तया रंतुं प्रचक्रमे ॥ ३१ ॥

અર્થ:—પ્રભાતે મિત્રને તે ઝાંઝર દેઇને, તથા કનકવતીને ઘેર જઇને તેણીની સાથે તે રમવા લાગ્યો. ॥ ૩૧ ॥

सा न्यगादीदमी दूरे । मुच्यंतां देव देवनाः ॥
ह्यःपृष्टं किंकिणीवृत्तं । प्राग्मित्रेण प्रकाशय ॥ ३२ ॥

અર્થ:—ત્યારે કનકવતી બોલી કે હે સ્વામી! આ પાસાઓને હમણા દૂર મુકો? અને ગઇ કાલે પૂછેલું ઘુઘરીનું વૃત્તાંત પ્રથમ મિત્ર મારફતે કહેવરાવો? ॥ ૩૨ ॥

सोऽवदद्विदितं क्षाम—विलग्ने लग्नतो मया ॥
किंचित्तावान्यदप्यस्ति । स्वस्तं सम्यग्विचिंतय ॥ ३३ ॥

અર્થ:—ત્યારે તે સાગરમિત્ર બોલ્યો કે હે ગભરાયેલી કનકવતી ! મેં લગ્નથી જાણ્યું છે કે તારૂં બીજું પણ કાંઇક ખરી પડયું છે, માટે બરોબર વિચાર? ॥ ૩૩ ॥

ततः सा चकिताऽवोचत् । तत्किं वद जगाद सः ॥
यत्ते पादांबुजे धत्ते । हंसलीलां तदेव तत् ॥ ३४ ॥

અર્થ:—ત્યારે તેણી ચકિત થઇને બોલી કે તે શું છે? તે કહે? ત્યારે તે બોલ્યો કે તારા ચરણકમલપર હંસની લીલાને ધારણ કરે છે તે.

प्रत्येमि किंकिणीवन्मे । तत्साक्षात् कुरुषे यदि ॥
तयेत्युक्ते कुमारस्य । मंजीरं मंत्रिसूर्ददौ ॥ ३५ ॥

અર્થ:—જો ઘુઘરીની પેઠે તે મને સાક્ષાત દેખાડો તો ખાતરી થાય, એમ તેણીએ કહેવાથી તે મંત્રિપુત્રે તે ઝાંઝર કુમારને આપ્યું.

कोऽस्ति ज्ञातोपनेता च । त्वदन्यो नष्टवस्तुनः ॥
एवमंतर्हसन् भूप—सुतः सुहृदमस्तुत ॥ ३६ ॥

અર્થ:—અહો મિત્ર! તારા વિના ગયેલી વસ્તુને તથા લાવી આપનાર બીજો કોણ છે? એવી રીતે તે રાજપુત્રે મનમાં હસતાં થકાં પોતાના મિત્રની પ્રશંસા કરી. ॥ ૩૬ ॥

तेन प्राभृतवत्पाणौ । नूपुरे पुरतो धृते ॥
मर्मविद्धेव सा बाला । भेजे कांचिच्चमत्कृतिं ॥ ३७ ॥

અર્થ:—હવે ભેટ આપવાની પેઠે તે ઝાંઝર તેણે હાથમાં અગાડી ધારણ કર્યાથી તે કનકવતી જાણે મર્મસ્થાનમાં ભેદાણી હોય નહિ તેમ વિચિત્ર ચમત્કાર પામી. ॥ ૩૭ ॥

तवेदं स्यान्न वा सम्यक् । प्रत्यभिज्ञाय तत्प्रिये ॥
स्याच्चेत्तत्स्वपदस्पर्शात् । पुनीहीति जजल्प सः ॥ ३८ ॥

અર્થ:—ત્યારે તે રાજકુમાર બોલ્યો કે હે પ્રિયે! આ ઝાંઝર તારૂં છે કે નહિ તેની તું બરોબર ખાત્રી કર? અને જો તે તારૂં હોય તો ચારા ચરણના સ્પર્શથી તેને પવિત્ર કર? ॥ ૩૮ ॥

तदादायाथ साऽवादी-द्भो निमित्तज्ञ देवर ॥
किं भूषणोभयभ्रंश-भुवं नाद्यापि भाषसे ॥ ३९ ॥

અર્થ:—પછી તે લેઇને તે બોલી કે હે નિમિત્ત જાણનાર દેવર! હજુ તમો આ બન્ને આભૂષણો પડવાનું સ્થાન કેમ કહેતા નથી?

ततो जगौ स गौरांगि । शृणु वच्मि स्फुटाक्षरं ॥
तत्स्थानं दीप्तिमद् दूर-वर्त्ति मर्त्यैर्दुरासदं ॥ ४० ॥

અર્થ:—ત્યારે તે સાગર મિત્ર બોલ્યો કે હે ગૌર શરીરવાળી! હું પ્રકટ રીતે કહું છું તે સાંભળ? તે તેજસ્વી સ્થાન મનુષ્યો જ્યાં ન જઈ શકે તેટલું દૂર છે. ॥ ૪૦ ॥

मर्त्यैः दुरासदं तच्चेत् । तत्तत्र पतिते इमे ॥
भूषणे कथमानैषी-रिति राजसुतावदत् ॥ ४१ ॥

અર્થ:—ત્યારે રાજકુમારી બોલી કે જો માણસો ત્યાં ન જઇ શકે તો પછી ત્યાં પડેલાં આભૂષણો તમો કેમ લાવી શક્યા? ॥ ૪૧ ॥

स प्रोचे यस्य जातः श्री—गुणवर्मा गुणालयः ॥
स्वामी सर्वकलाधाम । तस्य किं नाम दुर्घटं ॥ ४२ ॥

અર્થ:—ત્યારે સાગર બોલ્યો કે જેને માથે આવા મહાગુણવાન અને સર્વ કલાઓના સ્થાનરુપ ગુણવર્મા જેવા સ્વામી છે, તેને કયું કાર્ય અઘરૂં થઇ પડે તેમ છે?

अविंदती गतिं कांचि—दरण्यपतितेव सा ॥
ततो व्यचिंतयद् बाला । करतल्पीकृताननना ॥ ४३ ॥

અર્થ:—હવે કંઇ પણ ઇલાજ ન મળવાથી જાણે તે કનકવતી વનમાં પડી હોય નહિ તેમ હથેળીપર મુખ રાખીને વિચારવા લાગી કે,

विद्यागम्यं क्व तत्स्थानं । क्व चेमौ भूमिचारिणौ ॥
क्व तत्र भूषापतनं । क्व चात्रायं तदागमः ॥ ४४ ॥

અર્થ:—વિદ્યાવડે જઇ શકાય તે સ્થાન ક્યાં? અને આ પૃથ્વી પર ચાલનારા મનુષ્ય ક્યાં? તે આભૂષણ પડવાનું સ્થાન ક્યાં? અને તેનું અહીં આવવું ક્યાં? ॥ ૪૪ ॥

किं न जानाम्यहं नैव । दैवज्ञः सैष सागरः ॥
अस्तु वाचस्तु दूरस्थं । कथमत्रानयेत्पुनः ॥ ४५ ॥

અર્થ:—વળી આ સાગર જ્યોતિષી નથીજ એમ પણ શું હું નથી જાણતી? વળી તે સંબંધી કહેવું તો દૂર રહ્યું, પરંતુ તે આભૂષણ અહીં તે કેમ લાવી શકે? ॥ ૪૫ ॥

नूनं केनापि योगेन । तत्र संभाव्यते गतः ॥
स्वामी मे सात्विकः सत्व—वतां किं नाम दुर्घटं ॥ ४६ ॥

અર્થ:—માટે ખરેખર કંઈક પ્રયોગથી મારો હિમ્મતી સ્વામી ત્યાં ગયેલો સંભવે છે, કેમકે હિમતવાનોને શું મુશ્કેલ છે? ॥ ૪૬ ॥

यदद्यश्वोऽयमायाति । प्रातरेवात्र सत्वरः ॥
अघ्राते इव निद्राया । दृश्ये अस्येक्षणे अपि ॥ ४७ ॥

અર્થ:—કેમકે આજકાલ તો તે વળી પ્રભાતમાંજ જલદી અહીં આવે છે, તેમ તેની આંખો પણ જાણે નિદ્રાથી ન ઘેરાણી હોય તેમ ઘેરાયલી રહે છે. ॥ ૪૭ ॥

ध्रुवमेकमतिभूय । भूयःशाठ्यनिधी इमौ ॥
दंभेनानेन मुग्धायाः । प्रवृत्तौ खेदनाय मे ॥ ४८ ॥

અર્થ:—ખરેખર અત્યંત લુચ્ચાઇના ભંડાર સરખા તેઓ બન્ને એકમત થઈને આ કપટક્રિયાથી મને મુગ્ધાને ખેદિત કરવાને તત્પર થયા છે. ॥ ॥ ૪૮ ॥

भूपभूर्मन्युपूरात्त—कंठयाथ तया जगे ॥
मां वंचयसि विश्वस्ता-माः किमेवं मृषोक्तिभिः ॥ ४९. ॥

અર્થ:—પછી ક્રોધથી રૂંધાએલા કંઠવાળી તે કનકવતી કુમારપ્રતે બોલી કે, અરે સ્વામી! મને વિશ્વાસીને આવી રીતનાં જુઠાં વચનોથી આપ શા માટે ઠગો છો? ॥ ૪૯ ॥

अधरांतरजाताना—मन्यद्वाचां विचेष्टितं ॥
हार्दीनां तु भवदेन्य—देव लीलायितं पुनः ॥ ५० ॥

અર્થ:—હોઠવચ્ચે ઉત્પન્ન થયેલી વાણીની ચેષ્ટા બીજા પ્રકારનીજ હોય છે, અને હૃદયના વચનોની ચેષ્ટા તેથી ભિન્નજ હોય છે. ॥૫૦॥

क्रीडामात्रफलं नर्म । तव मर्माविधं मम ॥
कंडूययापि नागस्य । लतायाः प्रलयो न किं ॥ ५१ ॥

અર્થ:—આપને તો મારી આ મશ્કરીથી ગમ્મત થાય છે, પરંતુ મારાં મર્મસ્થાનો ભેદાય છે, કેમકે હાથીની ખરજથી પણ શું વેલડીનો નાશ થતો નથી? ॥ ૫૧ ॥

युवामुभावहं त्वेका । युवां छेकावहं त्वृजुः ॥
युवां पुमांसावबला । त्वहं तत् किं प्रतिब्रुवे ॥ ५२ ॥

અર્થ:—તમો બે છો, હું એકલી છું, તમો બન્ને હુશિયાર છો, હું સરલ છું, તમો બન્ને પુરુષો છો, અને હું તો અબળા છું, માટે હું શું જવાબ આપું? ॥ ૫૨ ॥

खेदितायां मयि प्रीति-र्यदि ते तत्तथा कुरु ॥
स्वामिन्नवाप्स्यसि क्रीडा—पात्रं क्व पुनरीदृशं ॥ ५३ ॥

અર્થ:—વળી હે સ્વામી! મને ખેદિત કરવાથીજ જો આપને ખુશી થતી હોય તો તેમ કરો? કેમકે મારા જેવું ગમ્મતનું પાત્ર આપને બીજું કયાં મળશે? ॥ ૫૩ ॥

इत्यादिबाधितालापा—माश्वस्य वचनांतरैः ॥
वल्लभां सह मित्रेण । कुमारः स्वगृहं ययौ ॥ ५४ ॥

અર્થ:—એવી રીતે દુઃખિત વચનોવાળી પોતાની તે સ્ત્રીને આશ્વાસન આપીને તે ગુણવર્મા કુમાર મિત્રસહિત પોતાને ઘેર ગયો. ॥

दाक्षिण्यात्प्रकटं वक्तु—मशक्तश्चापलं मम ॥
अज्ञापयत्प्रियो भंग्यं-तरेणायं धियां निधिः ॥ ५५ ॥

અર્થ:—મારા મહાબુદ્ધિવાન ભર્તારે ફક્ત દાક્ષિણતાને લીધે મારૂં આ ઉછાંછળાપણું પ્રગટરીતે નહિ કહી શકવાથી મને જુદા પ્રકારથી જણાવી દીધું છે. ॥ ૫૫ ॥

सत्या अपि ममासत्या । ही जातेयं कलंकिता ॥
संतापेनेति सा कष्टं । गमयामास वासरं ॥ ५६ ॥ ॥ युग्मं ॥

અર્થ:—અરે હું સતી છતાં પણ મારા ઉપર અસતીપણાનું કલંક આવ્યું છે, એવી રીતે સંતાપવડે કરીને તેણીએ કષ્ટથી તે દિવસ નિર્ગમન કર્યો. ॥ ૫૬ ॥

रजन्यां राजसूर्गुप्त—गात्रः सिद्धांजनेन सः ॥
गत्वा पत्न्या गृहं कोण-देशमालंब्य तस्थिवान् ॥ ५७ ॥

અર્થ:—પછી રાત્રીએ તે ગુણવર્મા કુમાર સિદ્ધાંજનથી અદૃશ્ય શરીરવાળો થઇ કનકવતીને ઘેર જઇ એક ખુણામાં બેઠો. ॥ ૫૭ ॥

पर्यंकेऽथ विपर्यस्त-गात्रां मत्सीमिव स्थले ॥
जगाद यामिनीयामा-पगमे तां प्रियंवदा ॥ ५८ ॥

અર્થ:—હુવે જમીનપર જેમ માછલી તેમ પલંગપર અસ્થવ્યસ્થ શરીરે પડેલી તે કનકવતીપ્રતે રાત્રિનો એક પ્રહર ગયાબાદ પ્રિયંવદા બોલી કે, ॥ ૫૮ ॥

यमुद्यममधार्षीः प्रा--ग्यियासुस्त्वं जिनालये ॥
किं सोऽद्य हारितो द्यूते । हृतः केनापि वा सखि ॥ ५९ ॥

અર્થઃ—હે સખિ ! પૂર્વે જિનાલયમાં જવામાટે તું જે ઉદ્યમ ધારણ કરતી હતી, તે ઉદ્યમને શું આજે જુગારમાં હારી ગઇ છું ? કે કોઇએ તે હરી લીધો છે ? ॥ ૫૯ ॥

किं ज्वरः किं स्मरः किं वा । कोऽपि व्यतिकरः परः ॥
अद्याभूदंगतापाय । गतापायमिदं वद ॥ ६० ॥

અર્થઃ—વળી આજે તારાં આ શરીરને હેરાન કરનારો તાપ ચડયો છે? અથવા કામાતુર થઇ છું? કે કંઇ બીજી બાબત છે? તે સત્ય કહે? ॥ ૬૦ ॥

न किं वेत्सि खगः कर्त्ता । विलंबेनाविलं मनः ॥
त्वरस्व साभवद्वेला-ऽवहेला खलु वैरिणी ॥ ६१ ॥

અર્થઃ—વળી તું નથી જાણતી કે જો વિલંબ થશે તો તે વિદ્યાધરનું મન ક્રોધાતુર થશે, માટે ઉતાવલ કર? કેમકે તેની અવગણના વૈર કરાવનારી થશે. ॥ ૬૧ ॥

साथ निःश्वासलूकाभि—र्ग्लपयंत्योष्टपल्लवं ॥
बभाषे सखि किं वच्मि । मंदभाग्यास्मि सर्वथा ॥ ६२ ॥

અર્થઃ—હવે નિઃશ્વાસરૂપી લુથી પોતાના ઓષ્ટપલ્લવને સૂકાવતી થકી કનકવતી બોલી કે હે સખિ ! હું તને શું કહું ? બિલકુલ હું મંદભાગ્યવાળી છું. ॥ ૬૨ ॥

यतो बाल्येऽहमारूढा । मेरुश्रृंगमिवोन्नतं ॥
पितुः प्रासादमीक्ष्ये स्म । खेटेनानेन खेऽटता ॥ ६२ ॥

અર્થઃ—કેમકે બાલ્યપણામાં મારા પિતાના મેરુશિખર જેવડા ઉંચા મહેલપર જ્યારે હું ચડી હતી ત્યારે આકાશમાં ફરતા આ વિદ્યાધરે મને દીઠી. ॥ ૬૩ ॥

मांसपेशीमिव श्येनः । स्तेनश्चैकावलीमिव ॥
हृत्वा मुमोच मामेष । काप्यरण्ये दवीयसि ॥ ६४ ॥

અર્થઃ—ત્યારે બાજપક્ષી જેમ માંસની પેશીને તથા ચોર જેમ એકાવલી હારને તેમ મને હરીને તેણે કયાંક દૂર વનમાં મેલી. ॥૬૪॥

निर्मंतुमपि मां हंतु-मसौ कीनाशनिःकृपः ॥
कृपाणमाकृशन्नेव । कोशादेवमवोचत ॥ ६५ ॥

અર્થઃ—પછી તે યમસરખો નિર્દય વિદ્યાધર નિરપરાધી એવી પણ મને હણવા માટે મિયાનમાંથી તલવાર ખેંચીને કહેવા લાગ્યો કે,

बाले मृगीव व्यालेन । मया त्वमिह हन्यसे ॥
मृत्योर्बिभेषि चेत्सद्य-स्तत्प्रपद्यस्व मे वचः ॥ ६६ ॥

અર્થ:—હે બાલિકા! હાથી જેમ હરિણીને તેમ હું તને મારી નાખીશ, અને જો તું મૃત્યુથી ડરતી હો તો જલદી મારૂં વચન સ્વીકાર? ॥ ૬૬ ॥

उदीच्यां दूरतो यत्नात् । कृतं रत्नमयं मया ॥
अस्ति श्रीमद्युगादीश-भवनं नेत्रपावनं ॥ ६७ ॥

અર્થ:—ઉત્તર દિશામાં દૂર મેં એક રત્નમય અને નેત્રોને પવિત્ર કરનારૂં શ્રીમાન્ ઋષભદેવપ્રભુનું મંદિર યત્નપૂર્વક બનાવ્યું છે. ॥૬૭॥

मत्प्रेषितविमानेन । चैत्यमेत्य तदन्वहं ॥
त्वया गौरांगि संगीतं । कार्यमर्द्धनिशाभरे ॥ ६८ ॥

અર્થ:—માટે હે ગૌર શરીરવાળી! મેં મોકલેલા વિમાનમાં બેશીને તારે હમેશાં મધ્યરાત્રિએ તે જિનમંદિરમાં આવીને સંગીત કરવું. ॥ ૬૮ ॥

न कार्यं दारकर्मापि । ममादेशं विना त्वया ॥
इति तस्य वचो मेने । मया जीवितकाम्यया ॥ ६९ ॥

અર્થ:—મારા હુકમવિના તારે પરણવું પણ નહિ. ત્યારે મેં પણ જીવવાની ઇચ્છાથી તેનું વચન કબુલ કર્યું. ॥ ૬૯ ॥

तदादि यामि यामिन्यां । तत्र नृत्याय नित्यशः ॥
व्यधां तु भीतभीतैव । पाणिग्रहणमप्यहं ॥ ७० ॥

અર્થ:—અને ત્યારથી હું હમેશાં રાત્રિએ નાચવા જાઉં છું, તથા આ વિવાહ પણ મેં (તેનાથી) બીતાં બીતાંજ કર્યો છે. ॥ ૭૦ ॥

न तत्क्रिया मयाद्यापि । कौमारं सखि खंड्यते ॥
उदंतोऽयमियत्कालं । गोपितः स्वपतेरपि ॥ ७१ ॥

અર્થ:—વળી હે સખિ! તે વિદ્યાધરના ડરથી મેં હજુ મારૂં કુમારીપણું પણ ખંડિત કર્યું નથી, તેમ આ વૃત્તાંત મેં મારા પતિથી પણ ગુપ્ત રાખ્યો છે. ॥ ૭૧ ॥

भर्त्राद्य स्वयमेवेदं । विदांचक्रे कथंचन ॥
धीर्दिव्यरथवत्सर्व-पथीना हि महात्मनां ॥ ७२ ॥

અર્થ:—પરંતુ આજે મારા સ્વામિએ તે વૃત્તાંત કોઇરીતે પોતાની મેળેજ જાણી લીધો છે, કેમકે મહાત્માઓની બુદ્ધિ દિવ્ય રથનીપેઠે સર્વ જગોએ પહોંચી વળે છે. ॥ ૭૨ ॥

मद्वृत्तमयमज्ञासीत् । स्वदृशा चेन्न तद्भयं ॥
यदि चान्यगिराबोधि । शोधिस्तन्नाग्निनापि मे ॥ ७३ ॥

અર્થ:—વળી આ મારા સ્વામીએ આ વૃત્તાંત જો પોતાની આંખોથી જોયું હશે તો મને ભય નથી, પણ જો અન્યના કહેવાથી જાણ્યું હશે, તો તે કલંક અગ્નિથી પણ શુદ્ધ થઇ શકે તેમ નથી. ॥

जानन्नथ कथं नाथः । सोढा द्वैपथिकीमिति ॥
स्वैरिणीति धिया हन्या—न्मामप्येष कदाचन ॥ ७४ ॥

અર્થ:—વળી તે મારા સ્વામી મને બે માર્ગે ચાલનારી જાણી કેમ સહન કરશે? વળી આ સ્વેચ્છાચારી છે, એવી બુદ્ધિ લાવીને કદાચ મને તે મારી પણ નાખે. ॥ ૭૪.॥

भिंद्याद्विद्याधराधीशं । तत्र गत्वा कदाप्यसौ ॥
यद्वा कुर्यात्स एवास्य । दशां दुर्हृदमीप्सितां ॥ ७५ ॥

અર્થ:—વળી કદાચિત્ તે ત્યાં જઇને તે વિદ્યાધરપતિને પણ મારી નાખે, અથવા તે વિદ્યાધરજ કદાચ દુર્જનોને ઇચ્છીત એવી તેની દુર્દશા કરે. ॥ ૭૫ ॥

अनया चिंतया तन्वि । जातास्मि भृशमाकुला ॥
कार्ये दैवस्य वश्येऽस्मिन् । न जाने किं भविष्यति ॥ ७६ ॥

અર્થ:—એવી રીતે હે તન્વિ! હું આ ચિંતાથી અત્યંત વ્યાકુલ થઇ છું, અને આ દૈવાધીન કાર્યમાં હવે શું થશે? તે જાણી શકાતું નથી.

मृत्युर्मे पाणिना पत्युः । प्रत्युत प्रीतिकारणं ॥
पांसुलत्वापवादश्चे—न्मांसलत्वमियर्ति न ॥ ७७ ॥

અર્થ:—મારો આ કુલટાપણાનો અપવાદ જો વિસ્તાર ન પામે તો મારા પતિના હાથે મરવું તે મને પ્રીતિ કરનારૂં છે. ॥ ૭૭ ॥

चकोरी निशि कोकी तु । दिवा भवति निर्वृता ॥
मया तु निर्वृतिः प्रापि । पापिन्या न दिवानिशं ॥ ७८ ॥

અર્થ:—ચકોરી રાત્રિયે તથા કોકી દિવસે પણ નિરાંત મેલવી શકે છે, પરંતુ મને પાપણીને તો દિવસે કે રાત્રિયે પણ વિશ્રામ મળતો નથી.

निलिनी निशि निद्राति । दिवा कैरविणी पुनः ॥
सुखं दिवा च रात्रौ च । न निद्रेयं मया सखि ॥ ७९ ॥

અર્થ:—કમલિની રાત્રે સુએ છે, તથા કૈરવિણી દિવસે સુએ છે, પરંતુ હે સખિ! મને તો દિવસે કે રાત્રિએ પણ સુખે નિદ્રા મલતી નથી.

एकतो भर्त्तरि प्रीति—रन्यतः खेचराद्भयं ॥
कियत्कालं सखि स्थेय—मीदृशे संकटे मया ॥ ८० ॥

અર્થ:—એક બાજુથી મને સ્વામિપ્રતે પ્રેમ છે, અને બીજી બાજુથી મને તે વિદ્યાધરનો ભય છે, માટે હે સખિ! આવા સંકટમાં તે મારે હવે કેટલોક વખત રહેવું? ॥ ८० ॥

तत्तत्राद्य न यास्यामि । त्वयैव सखि गम्यतां ॥
यद्भाव्यं तद्भवत्त्वेव—मुक्त्वा तस्थौ नृपांगजा ॥ ८१ ॥

અર્થ:—માટે આજ તો હું ત્યાં નહિ જઉં, અને તું જા? જે થવાનું હોય તે થાઓ? એમ કહીને કનકવતી ત્યાંજ રહી. ॥ ८१ ॥

कुमारश्चारवच्छन्न—प्रचारोऽथ व्यचिंतयत् ॥
निपीयास्या इमा वाचो । हृदयं स्फुटतीव मे ॥ ८२ ॥

અર્થ:—છુપી પોલીસનીપેઠે ત્યાં ગુપ્ત રહેલો ગુણવર્મા કુમાર હવે વિચારવા લાગ્યો કે મારી પ્રિયાના આ વચનો સાભળીને તો મારૂં હૃદય જાણે ફાટી જાય છે. ॥ ८२ ॥

एका पाणिगृहीतीयं । स्नेहला साप्यनारतं ॥
पराधीनतया दुःखं । धत्ते धिग्मम पौरुषं ॥ ८३ ॥

અર્થ:—એક તો આ મારી પરણેતર સ્ત્રી છે, અને તેમાં પણ વલી અત્યંત સ્નેહવાલી છે. અને તે જ્યારે પરાધીનપણાથી દુઃખ સહન કરે ત્યારે મારા પુરૂષપણાને ધિક્કાર છે. ॥ ८३ ॥

वध्वा तदद्य विद्वेषी । वध्य एव स खेचरः ॥
वध्वाश्च प्रीतिरुपाद्या—ऽब्जिन्या इव तमःक्षये ॥ ८४ ॥

અર્થ:—માટે આજ તો તે મારા શત્રુ વિદ્યાધરને મારે મારવોજ જોઇએ, અને અંધકારનો નાશ થવાથી જેમ કમલિનીને તેમ મારે આ મારી સ્ત્રીને પ્રીતિ ઉપજાવવી જોઇએ. ॥ ८४ ॥

आरूढा तत्क्षणायाते । विमानेऽथ प्रियंवदा ॥
अन्वारोह्य कुमारोऽपि । प्रचचाल नभोऽध्वना ॥ ८५ ॥

અર્થઃ—હવે તત્ક્ષણ આવેલા તે વિમાનમાં પ્રિયવંદા ચડી બેઠી, અને ગુણવર્મકુમાર પણ તેની પાછળ ચડીને આકાશમાર્ગે ચાલવા લાગ્યો

उपचैत्यं विमानेऽस्मि—न्नवतीर्य स्वयं स्थिते ॥

युग्मिनाविव संपृक्तौ । जग्मतुस्तौ जिनालयं ॥ ८६ ॥

અર્થઃ—પછી તે જિનમંદિર પાસે તે વિમાન પોતાની મેળેજ ઉતરીને સ્થિર થયે છતે યુગલીયાંનીપેઠે જોડાયેલા તે બન્ને જિનાલયમાં ગયા. ॥ ૮૬ ॥

चिरं प्रतीक्ष्य कनक—वतीं भूरिक्षपात्यये ॥

तावत्खेचरचक्रेशः । स्नात्रं चक्रे जिनेशितुः ॥ ८७ ॥

અર્થઃ—ઘણો વખત કનકવતીની રાહ જોઇને ઘણી રાત્રિ ગયા બાદ તે ખેચરેશ્વરે પ્રભુનું સ્નાત્ર કર્યું. ॥ ૮૭ ॥

नाटयं विनापि निर्गच्छ—न्नसौ नाभेयमंदिरात् ॥

द्वार एव निरैक्षिष्ट । प्रविशंतीं प्रियंवदां ॥ ८८ ॥

અર્થઃ—પછી નૃત્યવિનાજ શ્રીઆદિનાથ પ્રભુના મંદિરમાંથી બહાર નિકલતાં તે વિદ્યાધરે બારણામાંજ પ્રવેશ કરતી પ્રિયવંદાને જોઇ.

सोऽपृच्छन्मत्सरी किं रे । स्वामिनी न तत्रागता ॥

इयानस्याः प्रमादः किं । मयि शास्तरि जीवति ॥ ८९ ॥

અર્થઃ—ત્યારે તે મત્સરી વિદ્યાધરે તેણીને પૂછ્યું કે અરે! આજે તારી શેઠાણી કેમ આવી નહિ? હું ઉપરી છતાં તેણીનો આટલો પ્રમાદ શું જીવી શકશે? ॥ ૮૯ ॥

तस्याः शिरोऽर्त्तिरस्तीति । मदमुक्त तया भिया ॥

एषा मृषोक्तिरेवेति । विपश्चिन्निश्चिकाय सः ॥ ९१ ॥

અર્થઃ—ત્યારે ડરથી પ્રિયવંદાએ ધીમેથી તેણીનું આજ માથું દુઃખે છે એમ કહેતે છતે તે હુશિયાર વિદ્યાધરે નિશ્ચય કર્યો કે ખરેખર આ તેણીનું જુઠું બહાનું છે. ॥ ૯૧ ॥

पश्चादुल्लाघयिष्यामि । लघु तां शस्त्रकर्मणा ॥

प्रथमं दर्शयिष्यामि । तव कैतववाक्फलं ॥ ९२ ॥

અર્થઃ—તે કનકવતીને તો હું પાછળથી તુરત શસ્ત્રવડે હલકી કરીશ, હમણા તો પ્રથમ તારાં કપટી વચનનું ફળ દેખાડીશ. ॥૯૨॥

इत्युक्त्वा तां गले धृत्वा । क्रंदंतीं कुररीमिव ॥
स्मरेष्टदेवतामेवं । जिघांसुर्निजगाद सः ॥ ९३ ॥

અર્થ:—એમ કહીને આક્રંદ કરતી કુતરીનીપેઠે તેણીને ગળાંમાંથી પકડીને મારવાની ઇચ્છાવાળો તે વિદ્યાધર કહેવા લાગ્યો કે તારા ઇષ્ટ દેવનું સ્મરણ કર? ॥ ૯૩ ॥

साप्यवादीदहो खेट । ज्ञातमेतदभूत्पुरा ॥
संगतेस्ते यमस्येव । भवितायतिरीदृशी ॥ ९४ ॥

અર્થ:—ત્યારે તે પણ બોલી કે અરે ખેચર! અમોએ પ્રથમથીજ જાણ્યું હતું કે યમસરખો જે તું તેની સોબતથી આવુંજ પરિણામ આવશે. ॥ ૯૪ ॥

उल्लंघितभवारण्यः । कारुण्यरससागरः ॥
शरण्यः शरणं पूर्व—मयमेव जिनोऽस्तु मे ॥ ९५ ॥

અર્થ:—ઓળંગેલ છે સંસારરૂપી વન જેણે તથા કરુણારસના સમુદ્રસરખા એવા આ જિનેશ્વરજ પ્રથમ મને શરણરૂપ થાઓ?

पेष्टुं कंकतवल्लिक्षाः । परोलक्षानरीनलं ॥
शरणं गुणवर्मा मे । ततो मत्स्वामिनीपतिः ॥ ९६ ॥

અર્થ:—પછી કાંકસી જેમ લીંખોને તેમ લાખોગમે શત્રુઓને મારવાને જે સમર્થ છે, એવો મારી શેઠાણીનો સ્વામી ગુણવર્મા મને શરણરૂપ થાઓ? ॥ ૯૬ ॥

अथो तदभिधासीधु—पानप्रविलसन्मदः ॥
नृकीटो मत्पुरः कोऽय—मित्युच्चैर्गर्जितोर्जितः ॥ ९७ ॥

અર્થ:—હવે તે ગુણવર્માના નામરૂપી મદિરાના પાનથી મહોન્મત્ત થયેલો તે વિદ્યાધર મોટે સ્વરેથી ગર્જારવ કરવા લાગ્યો કે અરે! તે મનુષ્યરૂપી કીડો વળી મારી આગલ શું હિસાબમાં છે? ॥ ૯૭ ॥

उल्लालयन् खड्गशुंडां । त्रासयन्नखिलान् खगान् ॥
यावल्लुतावन्मृद्नाति । तां स खेचरकुंजरः ॥ ९८ ॥

અર્થ:—વળી તે વિદ્યાધરરૂપી હાથી પોતાની તલવારરૂપી સુંઢને ઉછાળતો થકો તથા સર્વ ખેચરોને ત્રાસ આપતો થકો જેવામાં તેણીને વેલડીનીપેઠે કચરી નાખવાની તૈયારી કરે છે તેવામાં, ॥ ૯૮ ॥

परप्राणहरीं खड्ग–चपेटां व्योम्नि वल्गयन् ॥

सहसाविभूरत्तावत् । कुमारः केसरीव सः ॥९९॥त्रिभिर्विशेषकं॥

અર્થ:—શત્રુના પ્રાણ હરનારી ખડ્ગરૂપી થપ્પડને આકાશમાં ઉછાળતો થકો તે ગુણવર્મા કુમાર કેસરી સિંહની પેઠે એકદમ પ્રગટ થયો.

वाचालयन्नसौ शैला–नमितैः प्रतिशब्दितैः ॥

वाचं क्ष्वेडामिवादत्त । वैरिपक्षभयंकरीं ॥ १४०० ॥

અર્થ:—ઘણા પડઘાઓ વડે કરીને પર્વતોને વાચાળ કરતો થકો વૈરિપક્ષને ભય કરનારૂં સિંહનાદસરખું વચન બોલવા લાગ્યો કે, १४००

रे पाप कठिनालाप । भीरुभापक तापक ॥

वीरमानिन्निमां मुंच । बालां मम पुरो भव ॥ १ ॥

અર્થ:—અરે! કઠોરવચની! બીકણને મારનારા! તાપ આપનારા! તથા સુભટનો ડોળ રાખનારા! આ બાલિકાને છોડીને મારા સામો આવ? ॥ १ ॥

ग्रसते बलिना हीन–बलः कुलकलंकिना ॥

अयमारण्यको न्याय--स्त्वया चैत्येऽवतारितः ॥ २ ॥

અર્થ:—કુળમાં કલંકભૂત બલવાન નિર્બલને ગ્રસી જાય છે, એવો આ જંગલી ન્યાય તેં અહિં જિનમંદિરમાં ઉતાર્યો છે. ॥ २ ॥

मा मंस्था यज्जिनार्चा मे । भविता विघ्नशांतये ॥

कृतं ह्यविधिना पुण्यं । प्रत्युतानर्थकृद्यतः ॥ ३ ॥

અર્થ:—વળી એમ પણ તું નહિ માનજે કે આ જિનપૂજા મારાં વિઘ્નો શાંત કરશે, કેમકે અવિધિથી કરેલું પુણ્ય પણ ઉલટું અનર્થોને કરનારૂં છે. ॥ ३ ॥

यथा गुणकरं वैद्यो–पदेशात्कृतमौषधं ॥

यथा गुरूपदेशेन । स्मृतो मंत्रः फलप्रदः ॥ ५ ॥

અર્થ:—વળી વૈદ્યના ઉપદેશથી કરેલું ઔષધ જેમ ગુણકારી થાય છે, તથા ગુરૂના ઉપદેશથી યાદ કરેલો મંત્ર જેમ ફલ આપનારો થાય છે,

यथा कृषिः कृता काल । एव शस्यस्य वृद्धये ॥

तथा फलति धर्मोऽपि । काले गुर्वाज्ञया कृतः ॥ ६ ॥

અર્થ:—તથા અવસરેજ કરેલી ખેતી જેમ ધાન્યની વૃદ્ધિ કરનારી થાય છે, તેમ ધર્મ પણ ગુરૂની આજ્ઞા પૂર્વક અવસરે ફલે છે. ॥६॥

निशि देवार्चनं बाला—कृष्टिस्तद्भोगविघ्नता ॥
इत्यादिपंकशुद्धिर्मत्—खड्गधाराजलेऽस्तु ते ॥ ७ ॥

અર્થ:—રાત્રિએ દેવપૂજા, કુમારીકાઓનું પકડવું, તેઓના ભોગોમાં વિઘ્ન કરવું ઇત્યાદિક તારા (કાદવ) પાપોની શુદ્ધિ મારા ખડ્ગધારારૂપી જલથી થાઓ? ॥ ૭ ॥

पादाहतोऽथ भोगीव । क्रोधांधः खेचरेश्वरः ॥
मुक्त्वा स्त्रियमुदस्तासिः । कुमारं प्रत्यधावत ॥ ८ ॥

અર્થ:—હવે પગથી હણેલા સર્પનીપેઠે તે ક્રોધાંધ વિદ્યાધર તે સ્ત્રીને છોડી તલવાર ઉગામીને કુમાર પ્રતે દોડયો. ॥ ૮ ॥

पतनोत्पतनव्यग्रौ । क्षणं कंदुकलीलया ॥
संयुक्तौ च वियुक्तौ च । कांस्यतालाविव क्षणं ॥ ९ ॥

અર્થ:—પછી ક્ષણવાર દડાનીપેઠે ઉછળવા તથા નીચે આવવા લાગ્યા, કાંસીયાઓનીપેઠે ક્ષણવાર જોડાવા તથા વિખુટા પડવા લાગ્યા.

मल्लाविव क्रमन्यासैः । कंपयंतौ क्षणं क्षमां ॥
कुमारखचरेंद्रौ तौ । युयुधाते मिथश्चिरं ॥ १० ॥ युग्मं ॥

અર્થ:—વળી મલ્લનીપેઠે ચરણન્યાસોથી ક્ષણસુધી પૃથ્વી કંપાવતા થકા તે કુમાર અને વિદ્યાધર બન્ને ઘણા વખતસુધિ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ॥ ૧૦ ॥

क्षणं पुरः क्षणं पश्चात् । क्षणं व्योम्नि क्षणं क्षितौ ॥
वीक्षांचक्रे खगेनैको—ऽप्यनेक इव भूपभूः ॥ ११ ॥

અર્થ:—એક એવા પણ તે રાજપુત્રને ક્ષણમાં આગલ, ક્ષણમાં પાછલ, ક્ષણમાં આકાશમાં અને ક્ષણમાં પૃથ્વીપર એમ અનેક પ્રકારે તે વિદ્યાધર જોવા લાગ્યો. ॥ ૧૧ ॥

विस्मयाद्वीक्षितो व्योम—वर्त्तिव्यंतरखेचरैः ॥
कुमारोऽवसरं प्राप्य । मौलिं तस्यासिनाऽलुनात् ॥ १२ ॥

અર્થ:—આકાશમાં રહેલા વ્યંતર અને વિદ્યાધરોવડે આશ્ચર્યપૂર્વક જોવાએલા તે ગુણવર્મા કુમારે અવસર મેલવીને તલવારથી તે વિદ્યાધરનું મસ્તક કાપી નાખ્યું. ॥ ૧૨ ॥

जय वीरावतंसेति । वादिनस्तस्य मूर्द्धनि ॥
ववृषुः कुसुमस्तोमं । यशो मूर्त्तमिवामराः ॥ १३ ॥

અર્થઃ—હે વીરશિરોમણી ! તું જય પામ ? એમ કહેતા થકા દેવો તેના મસ્તકપર મૂર્તિવંત યશસરખો પુષ્પોનો સમૂહ વરસાવવા લાગ્યા.

बिभतः खेचरान् विश्वान् । समाश्वास्य मृदूक्तिभिः ॥
स तत्र क्षणमासित्वा—ऽपनिन्ये समरश्रमं ॥ १४ ॥

અર્થ:—પછી સઘલા ભય પામતા વિદ્યાધરોને મિષ્ટ વચનોથી આશ્વાસન આપીને તેણે ત્યાં ક્ષણવાર રહીને સંગ્રામનો થાક દૂર કર્યો.

हरिण्यः पाशनिर्मुक्ता । इव माद्यन्मुदस्तदा ॥
अभ्यनंदन्नृपसुता—स्तिस्रोऽपि समुपेत्य तं ॥ १५ ॥

અર્થઃ—પછી પાશમાંથી હરિણીઓનીપેઠે અત્યંત હર્ષિત થયેલી તે ત્રણે રાજપુત્રીઓ પણ ત્યાં કુમાર પાસે આવીને તેની સ્તુતિ કરવા લાગી. ॥ ૧૫ ॥

वयं तिस्रोऽपि भूपाल—बालिकास्त्वद्वधूरिव ॥
नीत्वा मृत्युदशामत्र । नाट्यमेतेन कारिताः ॥ १६ ॥

અર્થ:—(વળી તેઓ બોલી કે) અમો ત્રણે તમારી સ્ત્રીનીપેઠે રાજપુત્રીઓ છીએ, તથા તે વિદ્યાધરે મરણદશાને પહોંચાડીને અહીં અમોને નચાવી છે. ॥ ૧૬ ॥

पाणिग्रहणमप्यस्य । वाक्पाशपतिता वयं ॥
नाकार्ष्म कीदृशी बंदी—कृतस्त्रीणां सुखस्पृहा ॥ १७ ॥

અર્થઃ—વળી તેના વચનરૂપી પાશમાં પડવાથી અમોએ વિવાહ પણ કર્યો નથી, કેમકે કેદ કરેલી સ્ત્રીઓને સુખની વાંછા વળી કેવી હોય ?

अस्मान् मोचयता धीमन् । किं नादीयत नस्त्वया ॥
अथ स्वस्थानकं यामः । सौम्य यद्यनुमन्यसे ॥ १८ ॥

અર્થ:—વળી હે બુદ્ધિવાન ! અમોને છોડવવાથી તમોએ અમોને શું નથી આપ્યું ? હવે હે સૌમ્ય ! જો તમો રજા આપો તો અમો અમારે સ્થાનકે જઇએ. ॥ ૧૮ ॥

ततस्तदाज्ञया तासु । प्रस्थितासु यथागतं ॥
प्रियंवदान्वितोऽध्यास्त । स्वं विमानं नृपांगजः ॥ १९ ॥

અર્થઃ-પછી તેની આજ્ઞાથી તેઓ જે રીતે આવી હતી તે રીતે પાછી વળતે છતે ગુણવર્મા પણ પ્રિયવંદાસહિત પોતાના વિમાનમાં બેઠો.

तेन प्राप्तनभःपारः । स्वपुरं पुरुषार्थवित् ॥
गत्वा सत्वाधिको मंक्षु । वध्वा वेश्म विवेश सः ॥ २० ॥

અર્થ:—પછી પુરુષાર્થને જાણનારો તથા હિંમતી તે કુમાર વિમાનવડે આકાશનો પાર પામી પોતાના નગરમાં જઇ જલદી કનકવતીના મહેલમાં દાખલ થયો. ॥ ૨૦ ॥

वामांगस्पंदनैः पूर्वं । संसूचिततदागमा ॥
प्रियं प्रेक्ष्य प्रमोदाब्धि—वीचिभिर्नृत्यतिस्म सा ॥ २१ ॥

અર્થ:—ડાબું અંગ ફરકવાથી પ્રથમથીજ સૂચિત થયેલ છે ભર્તારનું આગમન જેણીને એવી તે કનકવતી ભર્તારને જોઇને હર્ષરૂપી સમુદ્રના મોજાંઓવડે નાચવા લાગી. ॥ ૨૧ ॥

सखीं सा खेचरोदंतं । पप्रच्छ भृशमुत्सुका ॥
सापि तद्वधमाचष्ट । कुमारपरिकल्पितं ॥ २२ ॥

અર્થ:—પછી તેણીએ અત્યંત ઉત્સુક બનીને સખીને તે વિદ્યાધરનો વૃત્તાંત પૂછયો, ત્યારે તેણીએ પણ કુમારે કરેલો તેનો વધ જણાવ્યો.

ततः प्रोध्धृतशल्येव । कुमारी न्यगदन्मुदा ॥
त्वयाद्य सत्यतां नीतं । निजं नाम प्रियंवदे ॥ २३ ॥

અર્થ:—હવે જાણે પોતાનું શલ્ય નિકળી ગયું હોય નહિ તેમ કનકવતી હર્ષથી બોલી કે હે સખિ! તેં આજે તારૂં પ્રિયંવદા નામ સાર્થક કર્યું છે. ॥ ૨૩ ॥

कथं तत्रागमत्तं चा—ऽवधीदत्रागमत्पुनः ॥
इत्यस्य चरितैश्चित्रं । मय्यभूद्विशदैरपि ॥ २४ ॥

અર્થ:—તે ત્યાં કેમ આવ્યા? તેને કેમ માર્યો? અને વળી અહિં શી રીતે પાછા આવ્યા? એવી રીતના તેના નિર્મલ ચરિત્રથી પણ મારા મનમાં આશ્ચર્ય (ચિત્રામણ) થયું છે. ॥ ૨૪ ॥

आस्तां ते विक्रमेणास्य । कृता क्रतभुजामपि ॥
चित्रीया चिरमित्युक्त्वा । विरराम प्रियंवदा ॥ २५ ॥

અર્થ:—તને તો એક બાજુ રહો, પરંતુ તેમના પરાક્રમે તો દેવોને પણ ઘણા કાલસુધી આશ્ચર્ય ઉપજાવ્યું છે, એમ કહીને તે પ્રિયંવદા મૌન રહી. ॥ ૨૫ ॥

एकतल्पे शयानोऽथ । चिरोत्कंठितयानया ॥
समग्रश्रमसाफल्य—ममंस्त नृपनंदनः ॥ २६ ॥

અર્થ:—હવે ઘણા કાળથી ઉત્કંઠિત થયેલી તે કનકવતીની સાથે એક બિછાનામાં શયન કરીને તે રાજકુમાર સર્વ શ્રમનું સફલપણું માનવા લાગ્યો. ॥ ૨૬ ॥

तावत्तत्रागतो व्योम्ना । हतविद्याधरानुजः ॥
पार्श्वोपपीडदयितं । कुमारं सुप्तमैक्षत ॥ २७ ॥

અર્થ:—એવામાં તે મારેલા વિદ્યાધરનો નાનો ભાઇ ત્યાં આકાશ માર્ગે આવ્યો, અને સ્ત્રીને આલિંગન દઇ સુતેલા તે કુમારને તેણે જોયો. ॥ ૨૭ ॥

विधाय परलोकाध्व—न्यध्वनीनं ममाग्रजं ॥
कथमेष सुखं शेत । इति बाढं चुकोप सः ॥ २८ ॥

અર્થ:—મારા મોટા ભાઇને પરલોકમાં પહોંચાડીને આ સુખે કેમ સુતો છે? એમ વિચારી તે અત્યંત કોપાયમાન થયો. ॥ ૨૮ ॥

सुप्तमेव तमुध्घृत्य । पुंरत्नं सोऽर्णवेऽक्षिपत् ॥
सत्यां कर्त्तुमिवामुष्य । रत्नाकर इति श्रुतिं ॥ २९ ॥

અર્થ:—પછી તે સુતેલાજ પુરુષરત્નને ઉપાડીને જાણે સમુદ્રની રત્નાકરપણાની પ્રખ્યાતિને સત્ય કરવામાટે હોય નહિ તેમ તેણે સમુદ્રમાં ફેંકયો. ॥ ૨૯ ॥

उल्ललल्लोलकल्लोलां—दोलितात्माप्यनाकुलः ॥
सात्विकस्तरितुं सोऽब्धिं । बाहुभ्यामुपचक्रमे ॥ ३० ॥

અર્થ:—ઉછળતા અને ચપલ મોજાંઓથી દોલાયમાન થયા છતાં પણ તે હિંમતી કુમાર વ્યાકુલ થયા વિના બન્ને હાથોથી સમુદ્ર તરવા લાગ્યો. ॥ ૩૦ ॥

कथंचिद्भग्नपोतस्या—स्फलत्फलकमाप्य सः ॥
चिराय मिलितं मित्र—मिवोपगूढनिर्भरं ॥ ३१ ॥

અર્થ:—એવામાં કેટલેક પ્રયાસે કોઇએક ભાંગેલા વહાણનું ઉછળતું પાટીયું તેને હાથ આવી જવાથી ઘણે કાલે મળેલા મિત્રનીપેઠે તેને દૃઢ આલિંગન કરીને રહ્યો. ॥ ૩૧ ॥

सप्ताहेन यदाधारा—त्तीर्णोऽब्धिः स तटं गतः ॥
फलकं तन्मुमोचासौ । व्याधौ क्षीणे भिषग् रिपुः ॥ ३२ ॥

અર્થ:—પછી તેના આધારથી તે સાત દિવસે સમુદ્ર તરીને કાંઠે ગયો, તથા ત્યાં તેણે તે પાટીઉં છોડી દીધું, કેમકે રોગ ગયાબાદ વૈદ્ય વૈરિસરખો થાય છે. ॥ ૩૨ ॥

एकतः सागरं पश्य–न्नन्यतो गहनं वनं ॥
एकतो मकरक्रीडां । व्यालचापलमन्यतः ॥ ३३ ॥

અર્થ:—હવે ત્યાં એક બાજુ સમુદ્રને તથા બીજી બાજુ ગહન વનને, તેમજ એક બાજુ મગરોના ક્રીડાને તથા બીજી બાજુ હાથીઓની ગમ્મતને તે જોવા લાગ્યો. ॥ ૩૩ ॥

सत्वेनैकेन हस्त्यश्व–रथपत्तिपरिस्कृतं ॥
स्वं मानयन्नयं दूरे । ययावेकेन वर्त्मना ॥ ३४ ॥

અર્થ:—ફક્ત એક હિમ્મતથીજ પોતાને હાથી, ઘોડા, રથ અને પાયદળથી વીંટાયેલો માનતોથકો તે દૂર સુધી એક માર્ગે ચાલતો થયો.

अजलोऽपि जलार्थं स । हंसगत्या भ्रमन् वने ॥
एकं तापसमैक्षिष्ट । करोपात्तकमंडलुं ॥ ३५ ॥

અર્થ:—જલવિનાનો તે જલમાટે વનમાં હંસનીપેઠે ભમવા લાગ્યો, ત્યાં તેણે હાથમાં કમંડલુવાળા એક તાપસને જોયો. ॥ ૩૫ ॥

दिष्ट्या दृष्टो मनुष्योऽय–मरण्ये श्वापदास्पदे ॥
इति प्रमोदमेदस्वी । तमुपेयाय भूपभूः ॥ ३६ ॥

અર્થ:—સારૂં થયું કે જંગલી પશુઓનાં સ્થાનસરખા આ જંગલમાં આ મનુષ્ય નજરે પડયો, એમ વિચારી હર્ષથી પુષ્ટ થયેલો તે રાજપુત્ર તેની પાસે આવ્યો. ॥ ૩૬ ॥

पृष्टव्योऽसि कुतः शून्ये–ऽरण्येऽत्र मतिमन्निति ॥
तेन पृष्टः कुमारः स्वं । भग्नपोतं न्यवेदयत् ॥ ३७ ॥

અર્થ:—હે બુદ્ધિવાન! હું પુછું છું કે આ ઉજજડ જંગલમાં તું ક્યાંથી? એમ તે તાપસે પૂછવાથી કુમાર બોલ્યો કે સમુદ્રમાં મારૂં વહાણ ભાંગી જવાથી હું અહિં આવ્યો છું. ॥ ૩૭ ॥

जलैः फलैर्विनिर्माया—तिथेयीं तापसेन सः ॥
अभ्यर्थ्य स्वाश्रमं निन्ये । तादृशः कस्य न प्रियाः ॥ ३८ ॥

અર્થ:—પછી તે તાપસ જલ તથા ફલોવડે તેની પરોણાગત કરીને પ્રાર્થના પૂર્વક તેને પોતાના આશ્રમમાં લાવ્યો, કેમકે તેવા મનુષ્યો કોને પ્રિય થઇ પડતા નથી? ॥ ૩૮ ॥

स्फुरज्जटः सदापत्त्र—प्रौढस्तेन दृढासनः ॥

दृष्टः कुलपतिः क्लांति—वारी वट इवाग्रतः ॥ ३९ ॥

અર્થ:—હવે ત્યાં તેણે લટકતી જટાવાળા, સજ્જનોને આપદાથી રક્ષણ કરનારાઓમાં અગ્રેસર (હમેશાં પત્રોથી પ્રૌઢ બનેલા) દૃઢ આસન (થડ) વાળા તથા ખેદ નિવારનારા વડસરખા કુલપતિને અગાડીના ભાગમાં જોયા. ॥ ૩૯ ॥

सानंदं वंदमानस्तं । तेनाथालापितो मुदा ॥

स्वधाम्नी वोटजे तत्रा—भितो व्यापारयद्दृशं ॥ ४० ॥

અર્થ:—આનંદસહિત કુમારે તેને વંદન કર્યું, અને તેણે પણ તેને હર્ષથી બોલાવ્યો. પછી તે પોતાના ઘરનીપેઠે તે કુલપતિની ઝુંપડીમાં ચારે બાજુ દૃષ્ટિ કરવા લાગ્યો. ૪૦ ॥

ददर्श कोणदेशस्थां । तत्र नेत्रसुधांजनं ॥

अनभ्रवृष्टिसंकाश—दर्शनां स्वां स वल्लभां ॥ ४१ ॥

અર્થ:—એવામાં ત્યાં તેણે એક ખુણામાં બેઠેલી તથા આંખોમાં અમૃતાંજનસરખી અને વાદળાંવિનાની વૃષ્ટિસરખાં દર્શનવાળી પોતાની પ્રાણવલ્લભા કનકવતીને દીઠી. ॥ ૪૧ ॥

तस्यात्यंतिकमानंद—माकलय्य महर्षिणा ॥

किमेषा तव पत्नीति । पृष्ट ओमित्युवाच सः ॥ ४२ ॥

અર્થ:—પછી તેને થતા અત્યંત આનંદને જાણીને તે મહર્ષિએ પૂછ્યું કે શું આ તારી સ્ત્રી છે? ત્યારે ગુણવર્માએ પણ હા પાડી.

दंतद्युतिप्रणाल्याथ । मुनिरेवं स्ववाक्सुधां ॥

चिक्षेप तच्छ्रवःकुंडे । शृणु तन्नृपनंदन ॥ ४३ ॥

અર્થ:—હવે તે મુનિ પોતાના દાંતોની કાંતિરૂપી નળીથી તેના કર્ણરૂપી કુંડમાં પોતાની વાણીરૂપી અમૃત રેડવા લાગ્યા કે હે રાજપુત્ર તું સાંભળ? ॥ ૪૩ ॥

इतो गतस्तृतीयेऽह्नि । फलाद्याहृतये वनं ॥

अहमेतां [illegible]गुल्म—व्यवधानां व्यलोकयं ॥ ४४ ॥

અર્થ:—આજથી ત્રીજે દિવસે હું ફલઆદિક લેવામાટે વનમાં ગયો હતો, ત્યાં મે લતાઓના ગુચ્છાઓની અંદર આ તારી સ્ત્રીને જોઇ.

आतपे यामिनीवात्र । कामिनी नस्तपोवने ॥

केयं कुर्यात्किमित्यंत–र्मयि ध्यायति सा जगौ ॥ ४५ ॥

અર્થઃ—તડકામાં જેમ રાત્રિ તેમ આ અમારાં તપોવનમાં આ સ્ત્રી કોણ હશે? તથા અહિં તે શું કરશે? એમ જ્યારે હું મનમાં વિચારવા લાગ્યો ત્યારે તે બોલી કે, ॥ ૪૫ ॥

सर्वे शृण्वंतु दिक्पाला । वनदेव्योऽखिला अपि ॥

प्रणाममंत्यमाधाय । साहं विज्ञपयामि वः ॥ ४६ ॥

અર્થઃ—હે સર્વ દિક્પાલો! તથા સર્વે વનદેવીઓ! તમો સર્વે સાંભલો? હું તમોને છેલ્લો પ્રણામ કરી વિનંતિ કરૂં છું કે, ॥ ૪૬ ॥

भर्त्ता मम कृते दुःखं । तत्किं यन्नाधिसोढवान् ॥

तृणीयतिस्म स प्राणा–नपि वात्सल्यतो मयि ॥ ४७ ॥

અર્થઃ—આ જગતમાં એવું તે કયું દુઃખ છે કે જે મારા સ્વામીએ મારામાટે સહન કર્યું નથી, વળી તે મારાપરની પ્રીતિથી પોતાના પ્રાણોને તૃણસમાન ગણે છે. ॥ ૪૭ ॥

मनागपि मया नास्य । कृते प्रतिकृतं कृतं ॥

यद्वा किमुपकुर्वीत । जीमूतस्य कलापिनी ॥ ४८ ॥

અર્થઃ—વલી તેને બદલે હું તેનાપર જરાપણ પ્રત્યુપકાર કરી શકી નથી, અથવા મેઘપર શું કંઇ મયૂરી ઉપકાર કરી શકે છે?

पार्श्वस्थ एव मे प्रेयान् । हृतः केनापि धिग्विधिं ॥

दैवं हि राहुमुत्पाद्य । चकोरींदुवियोगकृत् ॥ ४९ ॥

અર્થઃ—મારી પાસેજ રહેલા તે મારા સ્વામીને કોઇ હરી ગયું છે, માટે દૈવને ધિક્કાર છે! ખરેખર વિધાતાએ રાહુને ઉત્પન્ન કરીને ચકોરી અને ચંદ્રવચ્ચે વિરોધ કરાવ્યો છે. ॥ ૪૯ ॥

विलुलोके ततस्तीरे । वार्द्धेरत्र दिनत्रयं ॥

न तु लेभे प्रियश्चक्षु—रिव जन्मांधया मया ॥ ५० ॥

અર્થઃ—વળી અહિં સમુદ્રકિનારે મેં ત્રણ દિવસસુધિ તપાસ કરી, પરંતુ જન્માંધ જેમ નેત્રોને તેમ હું મારા સ્વામીને મેળવી શકી નહિ.

बभूवुस्तं विना प्राणा । प्रयाणाभिमुखा मम ॥

वारिणो विरहे हंत । कियन्नंदति पृतगः ॥ ५१ ॥

અર્થઃ—હવે તેના વિના આ મારા પ્રાણો નિકળીજવાની તૈયારીમાં છે કેમકે જલવિના પૂરાઓ કેટલું જીવી શકે. ॥ ૫૧ ॥

कदाचिदत्र यद्येति । जीवन्मे जीवितेश्वरः ॥

तत् प्रसद्य निवेद्याहं । संदेश इव मामकः ॥ ५२ ॥

અર્થ:—વળી કદાચ મારા સ્વામી અહીં જીવતા આવે તો મારાપર કૃપા કરીને મારા સંદેશાનીપેઠે તમારે મારો વૃત્તાંત કહેવો કે, ॥૫૨॥

सर्वथा जीवितस्यास्था--त्विरहे तव हेतवे ॥

बाला बलादसून् वेला–वनेऽत्र मुमुचे ततः ॥ ५३ ॥

અર્થ:—આપના વિરહથી જીવવાની આશા છોડીને આ સમુદ્રકિનારાપરના વનમાં તે બાલિકાએ પરાણે પોતાના પ્રાણ ત્યજ્યા છે.

विस्मारयंति यद्येत—त्सुखिन्यो वनदेवताः ॥

तद्यूयं स्मरयिष्यध्वे । हे वल्लीवृक्षपक्षिणः ॥ ५४ ॥

અર્થ:—વળી કદાચ આ સુખી વનદેવતા જો આ વૃત્તાંત વીસરી જાય તો હે વેલડી વૃક્ષ અને પક્ષિઓ! તમો તે યાદ રાખશો. ॥૫૪॥

स एव शरणं स्वामी । मम स्तादिति वादिनी ॥

सारं सा रज्जुमाबद्ध्य । तरौ पाशं गले ददौ ॥ ५५ ॥

અર્થ:—તેજ મારા સ્વામી મારા શરણરૂપ થાઓ? એમ કહેતી તે બાલિકાએ એક મજબુત દોરડું વૃક્ષપર બાંધીને ગળામાં પાશ નાખ્યો. ॥ ૫૫ ॥

ततो जातदयोऽहं ता—मुपगम्येत्यवादिशं ॥

मा कृथा मा कृथाः पुत्रि । वृथैवं मृत्युसाहसं ॥ ५६ ॥

અર્થ:—ત્યારે મને દયા આવવાથી મેં ત્યાં જઈ તેણીને કહ્યું કે હે પુત્રિ! તું ફોકટ આવી રીતે આપઘાત કર નહિ. ॥ ૫૬ ॥

पाशे छिन्ने मया बाला । जगौ हा किं कृतं त्वया ॥

यन्न शक्ता क्षणमपि । प्राणान् धर्त्तुं प्रियं विना ॥ ५७ ॥

અર્થ:—પછી જ્યારે મેં તેનો પાશ કાપી નાખ્યો ત્યારે તે બોલી કે અરે! તમોએ આ શું કર્યું! કેમકે હું મારા સ્વામીવિના ક્ષણવાર પણ પ્રાણો ધારી શકું તેમ નથી. ॥ ૫૭ ॥

मयाभ्यधायि मा शोची—र्यदर्थं म्रियते त्वया ॥

संगस्यते स ते भर्त्ता । त्र्यहेऽतीते ममाश्रमे ॥ ५८ ॥

અર્થ:—ત્યારે મેં તેણીને કહ્યું કે તું દિલગિર ન થા, જેનેમાટે તું આપઘાત કરે છે તે તારો સ્વામી ત્રણ દિવસોબાદ તને અહિં મારા આશ્રમમાં મળશે. ॥ ૫૮ ॥

इत्याशाकीलितप्राणा-ऽनीता सेयं मयाश्रमे ॥
फलाजीविकयातीये । कथंचन दिनत्रयं ॥ ५९ ॥

અર્થઃ—એવી રીતની આશાથી તેણીને મૃત્યુથી બચાવીને હું અહીં આશ્રમમાં લાવ્યો છું, અને અહીં ફલાહાર કરી કેટલેક કષ્ટે તેણીએ ત્રણ દિવસો વ્યતીત કર્યા છે. ॥ ૫૯ ॥

उन्मीलितव्रणेवाद्य । मात्रदर्तिरियं पुनः ॥
मृत्यवे निर्यती कृच्छ्रात् । तपस्विभिरवार्यत ॥ ६० ॥

અર્થઃ—(રસીથી) ભરાયેલાં ગુમડાંનીપેઠે દુઃખના ઉભરાથી પાછી તે આજ આપઘાતમાટે જવા લાગી, ત્યારે કેટલીક મહેનતે તાપસોએ તેણીને અટકાવી છે. ॥ ૬૦ ॥

प्राणानां प्रतिभूरस्या । वत्स तावत्त्वमागतः ॥
अथो वियोगपाथोधौ । मग्नामेतां समुद्धर ॥ ६१ ॥

અર્થઃ—એવામાં હે વત્સ! તેણીના પ્રાણોનો સાક્ષી તું અહીં આવી પહોંચ્યો છું, હવે વિયોગસમુદ્રમાં બુડેલી આ તારી સ્ત્રીનો તું ઉદ્ધાર કર? ॥ ૬૧ ॥

ततः कुलपतिं नत्वा । जगदे गुणवर्मणा ॥
इमां जीवयता तात । दत्तं मे जीवितं त्वया ॥ ६२ ॥

અર્થઃ—પછી ગુણવર્મા કુમાર કુલપતિને નમીને બોલ્યો કે હે તાત! આ મારી સ્ત્રીને જીવાડીને આપે મને જીવિતદાન આપ્યું છે.

फलकं वार्द्धिमग्नस्य । त्वां त्वरण्यगतस्य च ॥
दर्शयन् दृढतास्थानं । न द्वेषी सर्वथा विधिः ॥ ६३ ॥

અર્થઃ—સમુદ્રમાં બુડયો તો મને પાટીઉં મલ્યું, અને વનમાં આવ્યો તો મને આપના દર્શન થયાં, એવી રીતે મને આધાર દેખાડવાથી હું એમ માનું છું કે મારૂં દૈવ હજુ સર્વથા મારૂં દ્વેષી થયું નથી. ॥ ૩૬ ॥

एतामथाश्लथप्रेमा—मादाय त्वदनुज्ञया ॥
यामि स्वविषयं भूयो । भूयात्त्वद्दर्शनोत्सवः ॥ ६४ ॥

અર્થઃ—હવે હું આપની આજ્ઞાથી આ મારી અત્યંત પ્રેમવાળી સ્ત્રીને લઇને મારા દેશમાં જઉં છું, અને વળી પણ મને આપના દર્શનનો ઉત્સવ પ્રાપ્ત થાઓ? ॥ ૬૪ ॥

इत्यशंसागिराविच—निमित्तस्तापसाग्रणीः ॥
भूयो निजाश्रमे तस्या-गमनं निरचैष्ट सः ॥ ६५ ॥

અર્થ:—તેની એવી રીતની આશંસાવાણીથી નિમિત્ત જાણનાર તે તાપસેશ્વરે નિશ્ચય કર્યો કે હજુ આનું ફરીને મારા આશ્રમમાં આગમન થશે. ॥ ૬૫ ॥

गुणवर्मा ततस्तात—गृहादिव घनाग्रहः ॥
गृहीत्वा गृहिणीं ग्राम्य । इवागात्पदिकः पथि ॥ ६६ ॥

અર્થ:—પછી તે ગુણવર્મા કુમાર ઘણા આગ્રહપૂર્વક જેમ પિતાને ઘેરથી તેમ ત્યાંથી પોતાની સ્ત્રીને લેઇને માર્ગમાં ગામડીયાનીપેઠે પગે ચાલવા લાગ્યો. ॥ ૬૬ ॥

सायं पुरः समायात—नदीतीरे जलोज्ज्वले ॥
मरालकेलिस्तेनाऽहा-रि स वैहारिकः क्रमः ॥ ६७ ॥

અર્થ:—સંધ્યાકાળે આગળ આવેલી નદીના જલથી ઉજ્જવલ બનેલા કિનારાપર તેણે હંસસરખી ક્રીડા કરી, કેમકે વટેમાર્ગુઓની તે રીતિ છે. ॥ ૬૭ ॥

स चेटवच्चिरादश्रु—पूरप्लावितकज्जलैः ॥
स्वयं प्रक्षालयामास । प्रियायाः कलुषं मुखं ॥ ६८ ॥

અર્થ:—ઘણા કાળના આંસુઓના સમૂહથી ધોવાયેલા કાજળથી શ્યામ થયેલું પોતાની પ્રિયાનું મુખ તેણે પોતે દાસનીપેઠે ધોયું.

फलाशनपयःपान-प्रीतां पप्रच्छ स प्रियां ॥
वने वनेचरीव त्व-मायातासि कथं वद ॥ ६९ ॥

અર્થ:—પછી ફલાહારથી તથા જલપાનથી ખુશી થયેલી પોતાની પ્રિયાને તેણે પૂછયું કે વનચરીનીપેઠે તું અહીં વનમાં શીરીતે આવી તે કહે? ॥ ૬૯ ॥

साप्युवाच तदा हृत्वा । स त्वां विद्याधराधमः ॥
किंकर्त्तव्यविमूढात्मा-मेत्य मामित्यतर्जयत् ॥ ७० ॥

અર્થ:—ત્યારે તેણી પણ બોલી કે તે નીચ વિદ્યાધર તે સમયે તમોને હર્યાબાદ, હવે મારે શું કરવું? એવા વિચારમાં મુંઝાયેલી એવી જે હું તેનીપાસે આવીને તર્જના કરવા લાગ્યો કે, ॥ ૭૦ ॥

निनाय नायकं नक्र-ग्रासतां तेऽहमंबुधौ ॥
पापे श्वापदसध्रीचीं । करिष्ये त्वां पुनर्गिरौ ॥ ७१ ॥

અર્થ:—મેં તારા ભર્તારને તો સમુદ્રની અંદર ફેંકીને જલચર જીવોનો ભક્ષ્ય બનાવ્યો છે, હવે હે પાપિની! તને વળી પર્વતપર ફેંકીને વનચર જીવોને સ્વાધીન કરીશ. ॥ ૭૧ ॥

ततोऽन्यपुरुषस्पर्श—भीरुकामप्युदस्य मां ॥

क्वचिन्निचिक्षिपे तुंग—गिरिशृंगेऽश्मखंडवत् ॥ ७२ ॥

અર્થ:—પછી પરપુરૂષના સ્પર્શથી ડરતી એવી મને ઉંચકીને તેણે કોઇક ઉંચા પર્વતના શિખરપર પત્થરના ટુકડાનીપેઠે ફેંકી દીધી.

निर्जरोदकवत्तस्मा—दुत्तीर्णाहं शनैः शनैः ॥

वार्द्धेर्वेलावनेऽभ्राम्यं । सुचिरं त्वां गवेषितुं ॥ ७३ ॥

અર્થ:—પછી ઝરણાના જલનીપેઠે તે પર્વતપરથી હું ધીમે ધીમે ઉતરીને આપને શોધવામાટે ઘણા વખતસુધિ સમુદ્રકિનારાના વનમાં ભમી. ॥ ૭૩ ॥

च्युतं चिंतामणिमिव । त्वामप्राप्य भृशाकुला ॥

तत्रागां तापसो यत्र । स मनोजवतोऽमिलत् ॥ ७४ ॥

અર્થ:—પરંતુ ગુમ થયેલા ચિંતામણિનીપેઠે આપને નહિ મેલ-વવાથી અત્યંત વ્યાકુલ થઇને જ્યાં મને તે તાપસ મલ્યો ત્યાં મનો-વેગસરખી ઝડપથી હું આવી. ॥ ૭૪ ॥

शेषः सर्वोऽप्युदंतस्ते । विदितोऽस्ति विदांवर ॥

एवं तयोर्वार्त्तयतो—र्ययावस्तं दिवाकरः ॥ ७५ ॥

અર્થ:—બાકીનો સઘળો વૃત્તાંત હે ચતુરશિરોમણિ આપે જાણ્યો છે, એવી રીતે તેઓ વાતો કરતે છતે સૂર્ય અસ્ત પામ્યો. ॥ ૭૫ ॥

हसंतौ कोकयुग्मं तौ । रात्रौ विरहविह्वलं ॥

अन्योऽन्यकंठसंसक्त—बाहुपाशौ निदद्रतुः ॥ ७६ ॥

અર્થ:—પછી તેઓ બન્ને રાત્રિએ વિરહ વ્યાકુલ થયેલા ચકવાના જોડલાંની હાંસી કરતાથકા પરસ્પર કંઠમાં હાથરૂપી પાસ નાખીને ત્યાં નિદ્રાવશ થયા. ॥ ૭૬ ॥

सुखशय्याशयानौ तौ । छलान्वेषी स खेचरः ॥

उदस्य मंक्षु चिक्षेप । पूर्ववद्गिरिसागरे ॥ ७७ ॥

અથ:—હવે તે લાગ જોતા વિદ્યાધરે સુખે સુતેલા તેઓ બન્નેને ઉપાડીને પૂર્વનીપેઠે તુરત પર્વતપર તથા સમુદ્રમાં ફેંકી દીધા. ॥૭૭॥

पुनः पूर्वप्रयोगेण । तौ तत्रैव समागतौ ॥
नत्वा कुलपतिं प्रीत्या । प्रस्थितौ स्वपुरंप्रति ॥ ७८ ॥

અર્થ:—વળી પૂર્વે કહેલા ઉપાયથી તેઓ બન્ને તેજ આશ્રમમા આવ્યા, તથા પ્રીતિથી કુલપતિને નમીને પોતાના નગરપ્રતે પ્રયાણ કરવા લાગ્યા. ॥ ૭૮ ॥

फलैः संकल्पितप्राण–वृत्ती तौ पदचारिणौ ॥
दृष्ट्वा दून इवादित्यो–ऽमज्जत्पश्चिमसागरे ॥ ७९ ॥

અર્થ:—ફલાહારથી પ્રાણવૃત્તિ કરનારા તથા પગે ચાલનારા એવા તેઓ બન્નેને જોઇને જાણે દુભાણો હોય નહિ તેમ સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં ડુબી ગયો. ॥ ૭૯ ॥

तद्दशादर्शनोद्भूत—दुःखदिक्पत्युदीरितैः ॥
श्वासधूमैरिव ध्वांतैः । सर्वा व्यानशिरे दिशः ॥ ८० ॥

અર્થ:—તેઓની આ દશા જોઇને દુઃખી થયેલા દિક્પતિઓએ કહાડેલા નિઃશ્વાસરૂપી ધૂમાડાસરખા અંધકારથી સર્વ દિશાઓ વ્યાપ્ત થઇ. ॥ ૮૦ ॥

राजनंदन राज्ञोऽपि । मम राहोरहिंसितात् ॥
अस्त्येवापदिदं वक्तु–मिवोदेतिस्म चंद्रमाः ॥ ८१ ॥

અર્થ:—હે રાજપુત્ર ! મને રાજાને પણ નહિ મારેલા એવા રાહુથી આપદા સહન કરવી પડે છે, એમ તેને કહેવામાટે હોય નહિ તેમ ચંદ્ર ઉદય પામ્યો. ॥ ૮૧ ॥

याऽापद्यपि युता भर्त्रा । धन्या कनकवत्यसौ ॥
मया तु कथमुल्लंघ्या । यामिनीयमिनं विना ॥ ८२ ॥

અર્થ:—જે આપત્કાલે પણ ભર્તારની સાથે રહેલી છે એવી આ કનકવતીને ધન્ય છે, અને હું મારા સ્વામીવિના આ રાત્રી શીરીતે કહાડી શકીશ. ॥ ૮૨ ॥

इत्यंतर्गतरोलंब—च्छद्मना पद्मिनी हृदि ॥
अस्ते गभस्तौ संकोचं। गता मूर्तां शुचं दधौ ॥ ८३ ॥ युग्मं ॥

અર્થ:—એમ વિચારીને સૂર્ય અસ્ત પામતે છતે સંકોચાએલી કમલિનીની અંદર રહેલા ભમરાના મિષથી મૂર્તિવંત શોકને પોતાના હૃદયમાં ધારણ કરવા લાગી. ॥ ૮૩ ॥

कुमारोऽथावदच्चन्वि । किं कृतं दुःकृतं मया ॥
यद्द्यापि न दुःखाब्धे—रगाधस्य तटं लभे ॥ ८४ ॥

અર્થઃ—હવે તે ગુણવર્મા કુમાર બોલ્યો કે હે કોમલાંગી! મેં એવું તે શું પાપ કર્યું છે? કે હજુ પણ હું અગાધ દુઃખસાગરનો પાર પામતો નથી. ॥ ८४ ॥

क सा पुरी प्रमुदित—प्रजा संजनितोत्सवा ॥
क चेयमटवी व्यात्त-वदनव्यालसंकुला ॥ ८५ ॥

અર્થઃ—ખુશ થયેલ પ્રજાવાલી તથા આનંદ આપનારી તે (મારી) નગરી કયાં? અને વિકાસેલ મુખવાળા અજગરોથી ભરેલી આ અટવી કયાં? ॥ ८५ ॥

नास्ति तत्किंचन स्थानं । यद्दैवस्य दुराक्रमं ॥
क्लेशयंति कदाशाभि—र्मुधा स्वं मंदमेधसः ॥ ८६ ॥

અર્થઃ—જ્યાં દૈવ પહોંચી વળતો નથી એવું કોઇપણ સ્થાન નથી, માટે મંદબુદ્ધિ માણસો ફોકટ ખોટી આશાઓથી પોતાના આત્માને કલેશ આપે છે. ॥ ८६ ॥

मग्नं महोदधौ मत्स्य-पृच्छाघातोल्लुलज्जले ॥
सुप्तं कांतारभूपीठे । भूरिभोगिबिलाकुले ॥ ८७ ॥

અર્થઃ—મત્સ્યપુચ્છની પછાટથી ઉછળતા જલવાળા મહાસાગરમાં હું બુડયો, તેમજ ઘણા સર્પોના બિલોથી ભરેલી વનભૂમીના તલપર પણ સુતો. ॥ ८७ ॥

अनेकश्वापदोच्छिष्टं । पयः पीतं च नैर्झरं ॥
न जानेऽद्यापि दुःखानि । दाता धाता कियंति मे ॥ ८८ ॥

અર્થઃ—વળી અનેક જંગલી પશુઓનું એઠું ઝરણાઓનું જલ પણ પીધું પરંતુ હજુ વિધાતા મને કેટલા દુઃખો દેશે તે માલુમ પડતું નથી. ॥ ८८ ॥

ततः कनकवत्यूचे । किमेवं देव खिद्यसे ॥
न जातु वृणुते लक्ष्मी-र्जनं निर्वेदभाजनं ॥ ८९ ॥

અર્થઃ—ત્યારે કનકવતી બોલી કે હે સ્વામી! આપ આમ ખેદ શામાટે કરો છો? કેમકે કંટાળેલા મનુષ્યને કોઇપણ સમયે લક્ષ્મી વરતી નથી ॥ ८९ ॥

श्वभ्रं बिलं गिरिर्ग्रावा । वनं वेश्मायुधं तृणं ॥
सिंहो मृगोंबुधिर्बिंदु-रिव मन्येत सात्विकैः ॥ ९० ॥

અર્થ:—હિમ્મતવાન માણસો તો નરકને બિલસમાન, પર્વતને પત્થરસમાન, વનને ઘરસમાન, હથિયારને તૃણસમાન, સિંહને હરિણસમાન તથા સમુદ્રને બિંદુસમાન ગણે છે. ॥ ૯૦ ॥

अवधीः खेचरेंद्रं तं । येन तेजः क्व तद्गतं ॥
सत्त्वं वीरावतंस त्वं । मा मुंच स्वोचितं कुरु ॥ ९१ ॥

અર્થ:—જે તેજથી આપે તે વિદ્યાધરેંદ્રને માર્યો હતો તે આપનું તેજ ક્યાં ગયું? માટે હે વીરશિરોમણી! આપ હિમ્મત છોડો નહિ, અને પોતાને ઉચિત કાર્ય કરો? ॥ ૯૧ ॥

कुमारोऽप्यवदत् कांते । किं कुर्मः कर्मठा अपि ॥
अदृष्टं प्रहरत्येष । यदयं निर्दयो विधिः ॥ ९२ ॥

અર્થ:—ત્યારે કુમાર પણ બોલ્યો કે હે પ્રિયે! હિમ્મતવાન છતાં પણ હું શું કરૂં? કેમકે તે વિદ્યાધર નજરે પડયાવિના મારે છે, માટે ખરેખર દૈવ નિર્દય છે. ॥ ૯૨ ॥

क्षुद्रोचितचरित्रः स्या—ददृष्टं प्रहरन्नरिः ॥
मशकः किं न हंतीभ-मदृष्टं प्रविशन् श्रुतौ ॥ ९३ ॥

અર્થ:—નજરે પડયાવિના અજાણતાં મારનારો શત્રુ નીચને લાયક આચરણવાળો કહેવાય છે, કેમકે મચ્છર નજરે પડયાવિના કાનમાં પેસીને શું હાથીને પણ નથી મારતો? ॥ ૯૩ ॥

गृहस्वामिनि निद्राणे । न किं श्वापि विजृंभते ॥
जाग्रतो मे यदि पुरः । स्फुरत्येष तदा भटः ॥ ९४ ॥

અર્થ:—ઘરનો માલિક જ્યારે ઉંઘેલો હોય ત્યારે શું કુતરો પણ તેમાં ઘુસતો નથી? માટે મારા જાગતાં જો મારી સામો આવે તો તે સુભટ કહેવાય. ॥ ૯૪ ॥

तन्मयाद्य न निद्रेयं । निद्रामाहुर्महाधियः ॥
मार्गवृष्टिमिवैतासां । मूलमंत्रं महापदां ॥ ९५ ॥

અર્થ:—માટે આજે તો મારે નિદ્રા કરવી નહિ, કેમકે મહાબુદ્ધિવાન માણસોએ માર્ગમાં થયેલી વૃષ્ટિનીપેઠે નિદ્રાને તે તે મહાદુ:ખોના મૂલમંત્રસરખી કહેલી છે. ॥ ૯૫ ॥

त्वं तु निद्रासुखं देहि । नेत्रयोर्घूर्णमानयोः ॥

प्रसुप्तं पंकजैस्तेषां । मित्रैर्यत्प्रतिपल्वलं ॥ ९६ ॥

અર્થ:—હવે હે પ્રિયે! તું તારી ઘેરાતી આંખોને નિદ્રાનું સુખ આપ? કેમકે તેઓના મિત્રો એવાં કમલો પણ દરેક તળાવોમાં મુદ્રિત થયેલાં છે. ॥ ૯૬ ॥

ततः पल्लवशय्यायां । जायामयमसूषुपत् ॥

अस्थाच्च स्वयमुद्गीर्ण—खड्गो वल्लीवनांतरे ॥ ९७ ॥

અર્થ:—પછી તેણે પોતાની પત્નીને કુંપળીયાંઓની શય્યામાં સુવાડી, અને પોતે તલવાર ઉગામીને વલ્લીવનની અંદર જાગતો રહ્યો.

आविर्भूतं पुरो भूत—मिव खेटं क्षणेन सः ॥

रे दुष्ट तिष्ट तिष्टेति । वदन्नेवाभ्यधावत ॥ ९८ ॥

અર્થ:—પછી ત્યાં ક્ષણવારમાં ભૂતનીપેઠે પ્રગટ થયેલા તે ખેચરને અરે દુષ્ટ! તું ઉભો રહે ઉભો રહે એમ કહીને તેની સન્મુખ તે દોડયો.

अकालचक्रवद्वीक्ष्या—पतितं खेचरेण तं ॥

हतेनेव मृतेनेव । विलीनेनेव संस्थितं ॥ ९९ ॥

અર્થ:—અચાનક આવી પડતાં ચક્રનીપેઠે તેને આવતો જોઇને તે વિદ્યાધર જાણે હણાયો હોય નહિ, મરી ગયો હોય નહિ, તથા ગળી ગયો હોય નહિ તેમ સ્થિર થઈ ગયો. ॥ ૯૯ ॥

दृष्टेनास्य तडित्तुल्य–तेजसा तरवारिणा ॥

खेटस्य सहसाचष्ट । नति कंपात्करादसिः ॥ १५०० ॥

અર્થ:—વીજળીસરખા તેજવાળી તેની તલવાર જોઇનેજ તે ખેચરની તલવાર તેના કંપતા હાથમાંથી નીચે પડી. ॥ ૧૫૦૦ ॥

जीवग्राहं गृहीत्वा तं । कुमारः प्रोचिवानिति ॥

वद रे किं करोम्येष । तव कैतवघातिनः ॥ १ ॥

અર્થ:—પછી તેને જીવતો પકડીને કુમાર બોલ્યો કે અરે તું બોલ કે કપટથી મારનાર એવો જે તું તેનું હવે શું કરું? ॥ ૧ ॥

यत्क्रियेताभिपन्नस्य । कुरु तत्त्वं ममाप्यहो ॥

इति विद्याधरेणोक्ते । जगाद जगतीशभूः ॥ २ ॥

અર્થ:—શરણે આવેલાનું જે કરાય તે તું મારું કર? એવી રીતે વિદ્યાધરે કહેવાથી તે રાજકુમાર બોલ્યો કે, ॥ ૨ ॥

यद्येवं शक्तिरिक्तोऽसि । तन्मया किं विरुध्यसे ॥
अहार्षीश्छद्मना यन्मां । तद्वीराणां त्रपाकरं ॥ ३ ॥

અર્થ:—જો તું એવી રીતે શક્તિવિનાનો છું તો પછી મારાસાથે શામાટે વિરોધ કરે છે? મને તું જે કપટથી હરી ગયો તે સુભટોને લજ્જિત કરનારૂં છે. ॥ ૩ ॥

खेचरः प्रत्युवाचेति । मंदभाग्योऽस्मि किं ब्रुवे ॥
सत्वं त्वयि स्थितं सर्वं । मयि निःसत्वता पुनः ॥ ४ ॥

અર્થ:—ત્યારે તે વિદ્યાધર બોલ્યો કે હું શું કહું? ખરેખર હું મંદભાગી છું, સર્વે હિમ્મત તારામાં રહી છે, અને મારામાં તો નાહિમ્મત ભરેલી છે. ॥ ૪ ॥

त्वां विनिद्रमुपद्रोतु—मृभुक्षापि न हि प्रभुः ॥
स्थातुमीष्टे महेभोऽपि । जाग्रतो नाग्रतो हरेः ॥ ५ ॥

અર્થ:—તને જાગતાંથકાં ઉપદ્રવ કરવાને ઇંદ્ર પણ સમર્થ નથી, કેમકે મહાન્ હસ્તી પણ જાગતા સિંહની પાસે ઉભી શકતો નથી.

प्रेरितेन प्रजावत्या । दुःकर्मेदं मया कृतं ॥
वात्योदस्ता न किं रेणु—श्छादयत्यर्कमंडलं ॥ ६ ॥

અર્થ:—સ્ત્રીની પ્રેરણાથી મેં આ દુષ્કાર્ય કર્યું છે, કેમકે વાયુએ ઉડાડેલી ધૂળ શું સૂર્યમંડલને આચ્છાદિત નથી કરતી! ॥ ૬ ॥

कुमारस्तमुवाचेति । सचेतन विचारय ॥
कुपथ्यमिव रोगीणां । स्त्रीवचो मूलमंहसां ॥ ७ ॥

અર્થ:—ત્યારે કુમારે તેને કહ્યું કે હે બુદ્ધિવાન્! તું વિચાર કે રોગીઓને જેમ કુપથ્ય તેમ સ્ત્રીનું વચન પાપોનું મૂળ છે. ॥ ૭ ॥

वनितावाक्यजंबाले । विघ्ने पुण्याध्वचार्यपि ॥
स्खलित्वा निपतत्येव । बुद्धिमान् बलवानपि ॥ ८ ॥

અર્થ:—શુભ માર્ગે ચાલનારો બુદ્ધિવાન તથા બલવાન પ્રાણી પણ સ્ત્રીના વિઘ્નરૂપ વચનરૂપી કાદવમાં લપટી પડી જાય છે. ॥૮॥

तत्सदा तुच्छबुद्धीनां । स्त्रीणां मा विश्वसीरिति ॥
उक्त्वा मुक्तोऽमुना खेटः । सिंहेनेव मृगो ययौ ॥ ९ ॥

અર્થ:—માટે તુચ્છ બુદ્ધિવાળી સ્ત્રીઓનો તારે હમેશાં વિશ્વાસ કરવો નહિ. એમ કહીને સિંહે મુકેલો જેમ હરિણ તેમ તેણે મુકેલો તે વિદ્યાધર ચાલ્યો ગયો. ॥ ૯ ॥

जायाया यामिकीभूय । यामिनीमतिवाह्य सः ॥

प्रातस्तस्याः प्रबुद्धाया । निशावृत्तं न्यवेदयत् ॥ १० ॥

અર્થઃ-પછી તે સ્ત્રીના રક્ષકતરીકે રાત્રીને નિર્ગમન કરીને પ્રભાતે જ્યારે તે જાગી ત્યારે તેણે તેણીને રાત્રિનો વૃતાંત કહી સંભલાવ્યો.

अटवीमपि मन्वानौ । मिथो योगात्पुरीमिव ॥

तीक्ष्णदर्भाग्रविद्धांह्री । चेलतुस्तौ दिशैकया ११ ॥

અર્થ:—પરસ્પર થયેલા મેલાપથી તે અટવીને પણ નગરીનીપેઠે માનતાથકા તેઓ તીક્ષ્ણ ઘાસના અગ્રભાગોથી પગમાં વીંધાયા છતાં પણ એક દિશાતરફ ચાલવા લાગ્યા. ॥ ११ ॥

पुरः पुरस्य कस्यापि । बहिर्बहुतरौ वने ॥

लोकवंद्यं लुलोकाते । गुणरत्नाभिधं गुरुं ॥ १२ ॥

અર્થ:—આગલ કોઇક નગરની બહાર ઘણાં વૃક્ષોવાળાં વનમાં લોકોવડે વંદાતા ગુણરત્ન નામના ગુરૂને તેણે જોયા. ॥ १२ ॥

प्रदक्षिणय्य नत्वा च । निषण्णौ तौ गुरोः पुरः ॥

पटुश्रुतिपुटैरेवं । पपतुर्वचनामृतं ॥ १३ ॥

અર્થ:—ત્યારે તેઓ તેમની પ્રદક્ષિણા દેઇને તથા નમીને આગળ બેઠા, તથા સાવધાન કર્ણપુટોથી તેમના વચનામૃતને પીવા લાગ્યા.

भव्या मानुष्यतां भाग्यैः । प्राप्य रत्नखनीमिव ॥

विषयाश्म ममुक्तेन । कार्यो रत्नत्रयाग्रहः ॥ १४ ॥

અર્થ:—હે ભવ્યો! ભાગ્યયોગે રત્નોની ખાણસરખો મનુષ્યજન્મ પામીને વિષયરૂપી પત્થરોને છોડીને રત્નત્રયનું ગ્રહણ કરવું. ॥ १४ ॥

उदारा नो दारा विनूतविनया नापि तनया ।

विदग्धा न स्निग्धा द्विरदवरमा नापि च रमा ॥

न च स्वामी चामीकरनिकरदातापि शरणं ।

विना जैनं धर्मं भवति भवकूपे निपततां ॥ १५ ॥

અર્થઃ—આ સંસારરૂપી કુવામાં પડતા પ્રાણીઓને જૈન ધર્મ વિના મનોહર સ્ત્રીઓ, વિનયી પુત્રો, ચતુર સ્નેહીઓ, હાથીઓની ઉત્તમ શોભાવાળી લક્ષ્મી તથા સુવર્ણનો સમૂહ દેનાર શેઠ પણ શરણરૂપ થતો નથી. ॥ १५ ॥

इह लोकसुखे रक्ताः । परलोकपराङ्मुखाः ॥
ही कुर्वंति जनाः पापं । भवलक्षविनाशकं ॥ १६ ॥

અર્થ:—ખેદની વાત છે કે આ લોકના સુખમાં આસક્ત થઇને તથા પરલોકમાટે બેદરકાર રહીને માણસો લાખો ભવોને નાશ કરનારૂં પાપ આચરે છે. ॥ ૧૬ ॥

मोहोत्कटकुटुंबस्य । यद्धर्मस्यावधीरणं ॥
रीरीधातूररीकारा—त्तदर्जुनविवर्जनं ॥ १७ ॥

અર્થ:—મોહરૂપી વિકટ કુટુંબવાળા માણસે ધર્મની જે અવગણના કરવી તે પિતલની ધાતુ લેઇને સુવર્ણને તજવા જેવું છે.॥૧૭॥

श्रुत्वेति देशनां सूरेः । दुरितावेशनाशिनीं ॥
सोऽपसृत्य मनाक्प्रोचे । भवनिर्वेदतः प्रियां ॥ १८ ॥

અર્થ:—એવી રીતની પાપોના આવેશને નાશ કરનારી આચાર્યની દેશના સાંભળીને તે ગુણવર્માકુમાર જરા ખસીને સંસારથી કંટાળીને પોતાની સ્ત્રી કનકવતીને કહેવા લાગ્યો કે, ॥ ૧૮ ॥

तन्वि जानन् भवं कारा—मिव श्रुत्वा गुरोर्गिरं ॥
मनो धावति मे मुक्ति—निवासंप्रति संप्रति ॥ १९ ॥

અર્થ:—હે પ્રિયે! ગુરૂની વાણી સાંભલવાથી સંસારને કેદખાના સરખો જાણીને મારૂં મન હવે મોક્ષનિવાસમાટે દોડે છે. ॥ ૧૯ ॥

विषयाणाममित्रत्वं । मया साक्षादवैक्ष्यत ॥
यैरहं राजवंश्योऽपि । पौलिंद्रीं प्रापितो दशां ॥ २० ॥

અર્થ:—વિષયોનું શત્રુપણું મેં સાક્ષાત અનુભવ્યું છે, કે જેઓએ મને રાજવંશીને પણ ભીલની દશાએ પહોંચાડયો છે. ॥ ૨૦ ॥

जनं हित्वा जवाद्यांति । प्रांतेऽमी विषयाः शठाः ॥
हित्वा प्रत्युत तान् कश्चि—देकश्छेकत्वमश्नुते ॥ २१ ॥

અર્થ:—વળી અંતે આ દુષ્ટ વિષયો મનુષ્યને છોડીને તુરત ચાલ્યા જાય છે, પરંતુ તેઓને છોડનારો તો કોઇક વિરલોજ સુભટપણું પામે છે. ॥ ૨૧ ॥

दुःखार्त्ता विषवद्व्याधे—र्जना केचित्त्यजंत्यसून ॥
तत्साहसं न शंसंति । संतः संसारवर्द्धनं ॥ २२ ॥

અર્થ:—દુઃખથી કંટાળેલા કેટલાક મનુષ્યો ઝેર તથા અગ્નિઆદિકથી પ્રાણો તજે છે, પરંતુ સંસારને વધારનારા તેઓના તે સાહસની વિદ્વાનો પ્રશંસા કરતા નથી. ॥ ૨૨ ॥

चेद्दक्षि तद्गुरोः पार्श्वे । परिव्रज्य तपोऽसिना ॥
आवां भवावः कर्मारीन् । हत्वा तात्विकसात्विकौ ॥ २३ ॥

અર્થ:—જો તું કહે તો આપણ બન્ને ગુરૂપાસે દિક્ષા લેઇને તાપરૂપી તલવારવડે કર્મરૂપી શત્રુઓને હણીને ખરા પરાક્રમી થઇયે. ॥૨૩॥

साप्यूचे प्रिय सूरींद्रो–पदेशश्रवणोचितं ॥
त्वयौच्यत न को मुंच—त्युद्गारं भक्तसन्निभं ॥ २४ ॥

અર્થ:—ત્યારે તે પણ બોલી કે હે પ્રિય! આપે સુરીંદ્રનો ઉપદેશ સાંભળીને યોગ્યજ કહ્યું છે, કેમકે આહારસરખો કોને ઉદ્ગાર આવતો નથી? ॥ ૨૪ ॥

परं चिंतय तारुण्य–मद्याप्युल्बणमावयोः ॥
विषमा विषयाश्चैते । दुर्जेया यतिनामपि ॥ २५ ॥

અર્થ:—પરંતુ આપ વિચારો કે હજુ આપણી ભરયુવાવસ્થા છે, અને આ વિષમ વિષયો મુનિઓને પણ જીતવા મુશ્કેલ છે. ॥ ૨૫ ॥

मनश्च वृश्चिकग्रस्त–गोलांगूलचलाचल ॥
क्षीणा नाद्यापि भोगेच्छा । कथं व्रतमुपास्महे ॥ २६ ॥

અર્થ:—વળી મન વીંછીએ કરડેલા બળદના પુંછડાંસરખું ચંચલ છે, તેમ હજુ આપણી ભોગોની ઇચ્છા ક્ષીણ થઇ નથી, તો પછી શીરીતે વ્રત લેઇશું? ॥ ૨૬ ॥

प्राक्खेचरवचोबंधात् । ततस्तद्भ्रातृविप्लवात् ॥
भोगरंगं विनाभून्मे—ऽवकेशी यौवनद्रुमः ॥ २७ ॥

અર્થ:—પ્રથમ તે વિદ્યાધરના વચનબંધથી તથા પછી તેના ભાઇના ઉપદ્રવથી ભોગરંગવિના મારૂં યૌવનરૂપી વૃક્ષ નિષ્ફલ ગયું છે. ॥ ૨૭ ॥

व्रजेद्विषयवातूलः । कदाचित्प्रतिकूलतां ॥
तदा किं शीलशैलाग्रात् । पततामवलंबनं ॥ २८ ॥

અર્થ:—વળી વિષયોરૂપી વાયુવિકાર જો પ્રતિકૂલ થાય તો પછી શીલરૂપી પર્વતની ટોચેથી પડતાંથકાં આપણને કોણ આધારભુત થશે?

तत्त्रिकालविदं कंचित् । पृष्ट्वा नाथ यथोचितं ॥

करिष्याव इति प्रोक्ते । तया प्रोवाच भूपभूः ॥ २९ ॥

અર્થ:—માટે કોઇક ત્રિકાળજ્ઞાની મુનિને પૂછીને આપણે યથોચિત કરીશું, એવી રીતે કનકવતીએ કહેવાથી રાજકુમાર બોલ્યો કે, ॥૨૯॥

प्रिये मम न विश्वासः । कोऽपि कालस्य रक्षसः ॥

क्रीडाकंदुकवद्यस्य । पातोत्पातरतो रविः ॥ ३० ॥

અર્થ:—હે પ્રિયે ! મને આ કાળરૂપી રાક્ષસનો જરાપણ વિશ્વાસ નથી, કે જેને ક્રીડા કરવાના દડાનીપેઠે સૂર્ય ઉછાળી રહ્યો છે. ॥૩૦॥

श्रेयांसि बहुविघ्नानि । भवंति महतामपि ॥

श्रेयोविधौ विलंबंते । तत एव न धीधनाः ॥ ३१ ॥

અર્થ:—વળી મહાન પુરૂષોને પણ શ્રેયકાર્યો બહુ વિઘ્નવાળાં થઈ પડે છે, અને તેથીજ બુદ્ધિવાન લોકો શ્રેયકાર્યમાં વિલંબ કરતા નથી.

मृत्युः कदापि जातश्चे—देवमेव विपुण्ययोः ॥

तदाचकर्ष नौ नेत्रै—र्दर्शयित्वा निधिं विधिः ॥ ३२ ॥

અર્થ:—વળી કદાચ પુણ્ય કર્યાવિના આપણું જો એમને એમ મરણ થશે તો વિધાતાએ નિધાન દેખાડીને પાછું લેઇ લીધા જેવું થશે

तथापि तन्वि नेदानीं । यदि ते स्वदते व्रतं ॥

तत्समास्त्वत्समाध्यर्थं । स्थास्यामि कतिचित्पुनः ॥ ३३ ॥

અર્થ:—તો પણ હે પ્રિયે! હમણા જો તને દિક્ષા ગમતી નહિ હોય તો તને ખુશ કરવા માટે હું કેટલાક વર્ષોસુધી (ગૃહસ્થપણામાં) રહીશ. ॥ ૩૩ ॥

अथो तरुतले मुक्त्वा । क्वचित्तां नृपनंदनः ॥

कर्त्तुं भोजनसामग्रीं । प्रविवेश पुरांतरा ॥ ३४ ॥

અર્થ:—પછી ગુણવર્મા કુમાર તેણીને કોઇક વૃક્ષનીચે મુકીને ભોજનની સામગ્રીમાટે નગરની અંદર ગયો. ॥ ૩૪ ॥

द्यूतेन कितवान् जित्वा । प्राप्य किंचन कांचनं ॥

तेन कांदविकात् खंड–मंडकाद्यमुपाददे ॥ ३५ ॥

અર્થ:—ત્યાં જુગારવડે જુગારીઓને જીતી કંઇક સુવર્ણ મેલવી તેવડે કંદોઇપાસેથી તેણે માલપુડા આદિક લીધું. ॥ ૩૫ ॥

भक्तपूर्णशरावोऽथ । नगरान्निरयन्नसौ ॥

केषां प्रविशतां नाभू—दिष्टश्रीलाभसूचकः ॥ ३६ ॥

અર્થ:—ભોજનથી ભરેલા પાત્રવાળો તે નગરમાંથી નિકલતોથકો કોને વાંછિત લક્ષ્મીનો લાભ સૂચવનારો ન થયો? ॥ ૩૬ ॥

गत्वा तरुतले भक्ष्य—मेदैर्भूपालभूः प्रियां ॥

भोजयित्वा ततोभुंऽक्त । स्वात्मनोऽपि प्रिया हि सा ॥ ३७ ॥

અર્થ:—પછી તે રાજપુત્રે વૃક્ષનીચે જઇને વિવિધ ભોજનથી પોતાની પ્રિયાને જમાડયાબાદ પોતે ભોજન કર્યું, કેમકે તે તેને પોતાના જીવથી પણ વહાલી હતી. ॥ ૩૭ ॥

मनाग्दुर्मनसं दृष्ट्वा । प्रियां नृपसुतस्ततः ॥

नूनमेषा स्वबंधूनां । स्मरतीत्युन्निनाय सः ॥ ३८ ॥

અર્થ:—હવે પોતાની પ્રિયાને ત્યાં જરા દુભાયેલા મનવાળી જોઇને ગુણવર્મા કુમારે વિચાર્યું કે ખરેખર આને પોતાના બંધુઓ યાદ આવ્યા લાગે છે. ॥ ૩૮ ॥

सविशेषमसौ तस्याः । परीक्षितुमना मनः ॥

देहचिंतामिषाद् द्वित्रि—पादपांतरितोऽभवत् ॥ ३९ ॥

અર્થ:—પછી તેણીની વિશેષ પ્રકારે પરીક્ષા કરવાનું મન થવાથી તે કુમાર દેહચિંતાના મિષથી બે ત્રણ વૃક્ષોની પાછળ ગુપ્ત રહ્યો. ॥

तावद्भावोचितं भूमौ । सा पुंस्त्रीयुग्ममालिखत् ॥

अमुंचत् पंचमोद्गारान् । कोकिलेव कलध्वनिः ॥ ४० ॥

અર્થ:—ત્યારે તેણીએ પોતાના મનની ઇચ્છાપ્રમાણે પૃથ્વીપર સ્ત્રી-પુરૂષનું જોડું ચીતર્યું, તથા કોયલનીપેઠે મનોહર સ્વરથી પંચમરાગના ઉદ્ગારો કહાડવા લાગી. ॥ ૪૦ ॥

उत्तानीकृतवक्षोज—कोटिरामोटयद्भुजौ ॥

ज्वरार्तेवातनोद्दीर्घ-दीर्घां निःश्वासधोरणिं ॥ ४१ ॥

અર્થ:—પછી પોતાના સ્તનોની ધાર ખુલ્લી કરીને પોતાના હાથ મરડવા લાગી, તથા તાપથી પીડાએલાનીપેઠે નિઃશ્વાસોની લાંબી લાંબી શ્રેણિ વિસ્તારવા લાગી. ॥ ૪૧ ॥

विलक्षमक्षिपद्दिक्षु । चक्षुर्बाष्पजलाविलं ।

तस्याःसाक्षाद्वीक्ष्य तद्वृत्तं । गुणवर्मा व्यचिंतयत् ॥ ४२ ॥

અર્થ:—વળી તે વિલખી થઇને અશ્રુજલવાળી દૃષ્ટિને દિશાઓ-તરફ ફેંકવા લાગી, એવી રીતનું તેણીનું સાક્ષાત ચરિત્ર જોઇને ગુણ-વર્માએ વિચાર્યું કે, ॥ ૪૨ ॥

आः किमेषा निमेषार्धात् । परावर्त्तेव लक्ष्यते ॥

यद्वा तत्तादृशस्नेह—पात्रं किं परिवर्त्तते ॥ ४३ ॥

અર્થ:—અરે! શું આ અરધા ક્ષણમાંજ બદલાએલી જેવી દેખાય છે! અથવા શું તેવા સ્નેહવાળી વળી બદલાઈ જાય ખરી?

मन्ये मम वियोगेन । दशां प्राप्तेयमीदृशीं ॥

यद्वा मयि तटस्थे किं । स्यादस्या विरहव्यथा ॥ ४४ ॥

અર્થ:—હું ધારૂં છું કે મારા વિયોગને લીધે તે આવી દશા પામી છે, અથવા હું નજીક હોવા છતાં તેણીને વિરહની વેદના શામાટે થાય?

स्याच्चेन्मां वीक्ष्य सोल्लासा । तदासौ मद्वियोगिनी ॥

आकारगोपनं कुर्या—द्यदि तद्बंधकी ध्रुवं ॥ ४५ ॥

અર્થ:—હવે મને જોઇને જો તે ઉલ્લાસવાળી થાય તો તેણીને મારા વિયોગથી આતુર જાણવી, પરંતુ જો તે પોતાનો આકાર ગોપવે તો તેણીને કુલટા જાણવી. ॥ ૪૫ ॥

ध्यात्वेति सहसा तस्याः । पुरः प्रादुर्बभूव सः ॥

क्षुभितेव क्षणात्सापि । चकाराकारसंवरं ॥ ४६ ॥

અર્થ:—એમ વિચારીને તે તેણીનીપાસે અચાનક પ્રગટ થયો, ત્યારે તે કનકવતી પણ જાણે ક્ષોભ પામી હોય નહિ તેમ ક્ષણમાં પોતાનો આકાર ગોપવવા લાગી. ॥ ૪૬ ॥

किं ते कांते स्मृता अद्य । बंधवः स्नेहसिंधवः ॥

यदुन्मनायसे तेने—त्यनुयुक्ता जगाद सा ॥ ४७ ॥

અર્થ:— હે પ્રિયે! આજે શું તને સ્નેહના સિંધુસરખા તારા બંધુઓ યાદ આવ્યા છે? કે જેથી તું ઉચક મનવાળી જણાય છે, એવી રીતે તેણે પૂછવાથી તે બોલી કે, ॥ ૪૭ ॥

त्वयि संनिहिते मन्ये—ऽरण्येऽपि स्वं दिवौकसं ॥

स्मर्त्तव्यो जीवितव्येश । तन्मे त्वदपरोऽस्ति कः ॥ ४८ ॥

અર્થ:—હે જીવિતેશ! આપ મારી પાસે છો તો હું આ જંગલમાં પણ મારા આત્માને દેવતુલ્ય માનું છું, વળી આપ શિવાય મને બીજો કોણ યાદ કરવાલાયક છે? ॥ ૪૮ ॥

स दध्यिवांस्ततो विश्व-परीक्षणविचक्षणः ॥

कपोलकल्पनामात्र—मेष वाग्विस्तरो ध्रुवं ॥ ४९ ॥

અર્થ:—હવે તે સર્વ પરીક્ષાઓમાં વિચક્ષણ કુમાર વિચારવા લાગ્યો કે ખરેખર આ તેણીની વચનચતુરાઇ કપોલકલ્પનારૂપ છે. ॥

चिरप्ररूढविश्रंभ—प्रेमयोः खलु पुंस्त्रियोः ॥

व्यनक्ति प्रत्युत स्नेहा—ऽभावं चाटुवचःक्रमः ॥ ५० ॥

અર્થ:—ઘણા કાળથી જામેલા વિશ્વાસ અને પ્રેમવાળાં સ્રીપુરૂષનો જોડાંવચ્ચે થતો માખણીયાં વચનનો ક્રમ ઉલટો સ્નેહનો અભાવ સૂચવે છે. ॥ ૫૦ ॥

अस्या गूढोऽप्यभिप्रायः । प्रायः प्रकटयिष्यते ॥

कामवीरेण नीरेणा—वनीविन्यस्तबीजवत् ॥ ५१ ॥

અર્થ:—આ સ્રીના ગૂઢ અભિપ્રાયને પણ પૃથ્વીમાં વાવેલાં બીજને જેમ જલ તેમ પ્રાયે કરીને કામદેવરૂપી સુભટ ખુલ્લો કરી આપશે. ॥ ૫૧ ॥

एवमासादितस्वांत-विभ्रमः स भ्रमन् वने ॥

केनाप्यवादि पुंसा किं । कुमारोऽत्रास्ति वा न वा ॥ ५२ ॥

અર્થ:—એવી રીતે મનમાં ભ્રમ પામીને તે ગુણવર્મા કુમાર વનમાં ભમવા લાગ્યો, એવામાં કોઇક પુરૂષે તેને પૂછ્યું કે અહિં રાજકુમાર છે કે નહિં ? ॥ ૫૨ ॥

कोऽसौ कुमारः कस्त्वं च । किमुत्सुक इवेक्ष्यसे ॥

इति पृष्टे कुमारेण । स पुमान् प्रत्यवोचत ॥ ५३ ॥

અર્થ:—કયો તે રાજકુમાર? તથા તું કોણ છે? તથા ઉત્સુકજેવો કેમ જણાય છે? એવી રીતે ગુણવર્મા કુમારે પૂછવાથી તે બોલ્યો કે,

शंखोज्ज्वलयशःपूर-पौरं शंखपुरं पुरं ॥

इदं पालयतीशान—चंद्रो नाम महीपतिः ॥ ५४ ॥

અર્થ:—શંખસરખા ઉજ્વલ યશના સમૂહયુક્ત લોકોવાળા આ શંખપુરનામના નગરનું ઇશાનચંદ્ર નામે રાજા રક્ષણ કરે છે. ॥૫૩॥

गुणचंद्रः सुतस्तस्य । यल्लावण्याब्धिमज्जनैः ॥

ममृजुर्ललनाक्षीणि । चापल्यं कीर्त्तिकल्मषं ॥ ५५ ॥

અર્થ:—તેનો ગુણચંદ્ર નામે પુત્ર છે, કે જેના લાવણ્યરૂપી સમુદ્રમાં નહાવાથી સ્ત્રીઓની આંખોએ કીર્તિને કલંકિત કરનારૂં ચપલપણું ધોઇ નાખ્યું છે. ॥ ૫૫ ॥

केलिप्रियतया प्राप्तः । कुमारः सोऽत्र कानने ॥
प्रेषयामास मां कार्या–तरेण स्वांगसेवकं ॥ ५६ ॥

અર્થ:—તે કુમાર ક્રીડા કરવાની ઇચ્છાથી આ વનમાં આવ્યો હતો, અને તેણે મને પોતાના ખાનગી નોકરને કંઇક કાર્ય માટે પાછો મોકલ્યો હતો. ॥ ૫૬ ॥

स्वामिकार्यं विनिर्माय । सत्वरं सोऽहमागतः ॥
अत्राऽपश्यन् कुमारं तं । त्वां पृच्छन्नस्मि सुंदर ॥ ५७ ॥

અર્થ:—મારા સ્વામીનું કાર્ય કરીને હું અહીં તુરત પાછો આવ્યો છું, પરંતુ અહીં કુમારને નહિ જોવાથી હે સુંદર! હું તમોને પૂછું છું. ॥ ૫૭ ॥

स्थिरस्थाम धियां धाम—गुणवर्माभ्यधादथ ॥
इष्टप्राप्तिप्रमुदित–कुमारः सोऽगमद्गृहं ॥ ५८ ॥

અર્થ:—હવે તે મહાધૈર્યવાન તથા બુદ્ધિવાન ગુણવર્માએ તેને કહ્યું કે, તે ગુણચંદ્ર કુમાર તો પોતાને ઇચ્છિત વસ્તુ મલવાથી ખુશી થઇને ઘેર ગયો. ॥ ૫૮ ॥

तत्किं सा मिलिता तस्य । त्रस्यन्मृगविलोचना ॥
इति तेन पुनः पृष्टे । जगदे गुणवर्मणा ॥ ५९ ॥

અર્થ:—ત્યારે શું ચમકેલાં હરિણસરખાં લોચનવાળી તે સ્ત્રી તેને મળી? એમ તેણે ફરીવાર પૂછવાથી ગુણવર્મા બોલ્યો કે, ॥ ૫૯ ॥

मेलः किमुच्यते मुग्ध । स तामादाय सादरं ॥
विवेश नगरं व्योम । हिमांशुरिव कौमुदीं ॥ ६० ॥

અર્થ:—અરે મુગ્ધ! મેલાપની તું શું વાત કરે છે? તે તો ચંદ્ર જેમ ચાંદનીને લેઇને આકાશમાં તેમ તેણીને સન્માનપૂર્વક લેઇને નગરમાં દાખલ પણ થઇ ગયો. ॥ ૬૦ ॥

प्रथमे प्रथमालोके—ऽप्यनयोः प्रेम यद्भृशं ॥
तदिदं साधु संजात–मित्युक्त्वा सोऽपि जग्मिवान् ॥ ६१ ॥

અર્થ:—અરે! પ્રથમ નજરે પડતાંજ તેઓ બન્નેવચ્ચે ઘણોજ પ્રેમ પ્રગટ થયો હતો, માટે ઠીક થયું, એમ કહીને તે પુરૂષ પણ ત્યાંથી ચાલતો થયો. ॥ ૬૧ ॥

सर्वांगमग्निकीलाभि–रालीढ इव दुःखितः ॥

गुणवर्मा च दध्यौ धिग् । रामा वामा स्वभावतः ॥ ६२ ॥

અર્થ:—હવે જાણે સર્વ શરીરપર અગ્નિની ઝાળ લાગી હોય નહિ તેમ દુઃખિત થયેલા તે ગુણવર્માએ વિચાર્યું કે કુદરતથીજ નીચ એવી સ્ત્રીઓને ધિક્કાર છે. ॥ ૬૨ ॥

या त्रिलोकेऽपि धीराणां । चरत्यस्खलिता मतिः ॥

सापि न स्त्रीमनोवल्ली—वनं गाहितुमीश्वरी ॥ ६३ ॥

અર્થ:—વિદ્વાનોની જે બુદ્ધિ ત્રણે લોકમાં પણ અટકાવરહિત ચાલી જાય છે, તે બુદ્ધિ પણ સ્ત્રીઓના મનરૂપી વેલડીઓના વનમાં પહોંચવાને સમર્થ થતી નથી. ॥ ૬૩ ॥

ध्रुवं ध्वजगजश्रोत्र–वीचिविद्युद्द्रुमौकसः ॥

चापल्यविद्याचार्यस्य । विनेया वनिताहृदः ॥ ६४ ॥

અર્થ:—ખરેખર ચપલતારૂપી વિદ્યાચાર્યના ધ્વજા, હાથીના કર્ણ, મોજાં, વિજળી, વૃક્ષો તથા સ્ત્રીઓના હૃદય એ શિષ્યો છે. ॥૬૪॥

दोषा योषासु निःशेषा । अपि प्राप्तापदाः सदा ॥

पुनः स्त्रीलिंगसाधर्म्या—न्मन्ये मायामहाग्रहाः ॥ ६५ ॥

અર્થ:—સ્ત્રીઓનેવિષે હમેશાં દુઃખ આપનારા સઘળા દોષો છે, તથા સ્ત્રીલિંગના સધર્મપણાથી તેઓ માયાનાં તો મહોટાં ઘરસરખી છે એમ હું માનું છું. ॥ ૬૫ ॥

यच्चेतसि न तद्वाचि । वाचि यत्तन्न कर्मणि ॥

स्वात्मन्येव कलिः स्त्रीणां । कथं ताः परशर्मणे ॥ ६६ ॥

અર્થ:—જે તેઓના મનમાં હોય તે વચનમાં ન હોય, જે વચનમાં હોય તે કાર્યમાં ન હોય, એવી રીતે સ્ત્રીઓમાં પોતામાંજ જ્યારે અવ્યવસ્થા રહેલી છે ત્યારે તેઓ પરને શીરીતે સુખ આપી શકે?

न दानेन न मानेन । न कलाभिः कुलेन न ॥

एताः कृतांतवत्क्रूरा । भवंति स्ववशा वशाः ॥ ६७ ॥

અર્થ:—યમસરખી ક્રૂર એવી તે સ્ત્રીઓ દાનવડે, માનવડે, કલાથી કે કુલથી પણ પોતાને વશ થતી નથી. ॥ ૬૭ ॥

खेटेनायोधनं वार्द्धि-मज्जनं वनगाहनं ॥

अन्वभूवं कृते यस्या । वश्या सान्यस्य कस्यचित् ॥ ६८ ॥

અર્થ:—જેણીને માટે મેં વિદ્યાધરસાથે યુદ્ધ કર્યું, સમુદ્રમાં પડયો તથા વનમાં ભટકયો તે સ્ત્રી વળી કોઇ બીજાનેજ સ્વાધીન છે. ॥

मिमंक्षुर्मंक्षु संसार-सागरे यो भवेज्जनः ॥

स एवालिंगतादृगाढ-काठिन्या महिलाशिलां ॥ ६९ ॥

અર્થ:—જે માણસને તુરતજ આ સંસારરૂપી સમુદ્રમાં બુડવાની ઇચ્છા હોય તેણેજ અત્યંત કઠોર એવી સ્ત્રીરૂપી શિલાને આલિંગન કરવું. ॥ ૬૯ ॥

यावद्वासो मषीवेयं । कलंकयति नो कुलं ॥

मलिना निर्मलं ताव-देतां क्वाप्यन्यतो नये ॥ ७० ॥

અર્થ:-માટે વસ્ત્રને જેમ મષી તેમ જ્યાંસુધી આ મલિન સ્ત્રી મારા નિર્મલ કુલને કલંકિત કરે નહિ ત્યાંસુધી તેણીને કયાંક અન્ય સ્થલે લઇ જઉં. ॥ ૭૦ ॥

हुं ज्ञातं मातुलोऽस्त्यस्या । नृपः संनिहिते पुरे ॥

मुक्त्वेमां तत्र सेविष्ये । सुहितः स्वहितं व्रतं ॥ ७१ ॥

અર્થ:—અરે ! ઠીક યાદ આવ્યું, આનો મામો અહીં નજીક નગરનો રાજા છે, માટે તેણીને ત્યાં છોડીને હું સાવધાન થઇને આત્મહિત કરનારૂં વ્રત સેવીશ. ॥ ૭૧ ॥

ध्यात्वेति तामुपेत्यासौ । गाढं गूढाशयो जगौ ॥

यावः पुरः प्रिये पश्य । गतं माध्यंदिनं दिनं ॥ ७२ ॥

અર્થ:—એમ વિચારી તેણીની પાસે આવી તે ગુપ્ત અભિપ્રાયવાળો ગુણવર્મા કુમાર બોલ્યો કે, હે પ્રિયે ! તું જો કે મધ્યાહ્નકાળ વ્યતીત થયો છે, માટે આપણે આગળ જઇયે. ॥ ૭૨ ॥

अद्येह नाथ विश्रम्य । यास्यावः प्रातरग्रतः ॥

इत्यूचुषीं स तां सार्थ-लाभदंभादचालयत् ॥ ७३ ॥

અર્થ:—હે સ્વામી ! આજનો દિવસ અહીં વિશ્રામ લઇને આપણે પ્રભાતે આગળ ચાલીશું એમ કહેતી તે કનકવતીને સાથ મલવાના મિષથી તેણે ચાલતી કરાવી. ॥ ૭૩ ॥

किं कुर्वे कोऽपि नोपैति । भियाहं वक्तुमक्षमा ॥

इत्याकुलापि साऽचालीत् । पश्चात्प्रहितलोचना ॥ ७४ ॥

અર્થ:—શું કરૂં ? કોઈ હજુ આવતો નથી, અને હું પણ ડરથી કંઇ કહી શકતી નથી, એવી રીતે વ્યાકુલ થયેલી પણ તે કનકવતી પાછું વાળી જોતીથકી ચાલવા લાગી. ॥ ૭૪ ॥

प्राप्य द्रुतप्रयाणैस्तौ । पुरः सिंहपुरं पुरं ॥

जग्मतुः सिंहभूपस्य । सभां द्वाःस्थनिवेदितौ ॥ ७५ ॥

અર્થ:—પછી તેઓ બન્ને ઉતાવળી ચાલથી અગાડી સિંહપુર નગરમાં જઇને દ્વારપાલે ખબર આપ્યાબાદ સિંહરાજાની સભામાં ગયા.

भागिनेयीं नरेंद्रोऽपि । कथंचिदुपलक्ष्य तां ॥

अंके निवेश्य चारोदी–त्तारोदीरितदृग्जलः ॥ ७६ ॥

અર્થ:—ત્યાં રાજા કોઇક પ્રકારે તેણીને પોતાની ભાણેજી જાણીને ખોળામાં બેસાડી આંખોમા આંસુ લાવી રડવા લાગ્યો. ॥ ૭૬ ॥

इह स्थितौ स्वधाम्नीव । सुखिनौ भवतं युवां ॥

इति तौ भूभुजा प्रोक्तौ । बुभुजाते यथारुचि ॥ ७७ ॥

અર્થ:—પોતાના ઘરનીપેઠે અહીં રહીને તમો સુખ ભોગવો? એવી રીતે રાજાએ કહ્યાથી તેઓએ ઇચ્છામુજબ ભોજન કર્યું. ॥૭૭॥

निशि वल्लभया साकं । शयितो वासवेश्मनि ॥

निशीथमतिचक्राम । जाग्रदेव नृपांगजः ॥ ७८ ॥

અર્થ:—રાત્રિએ સ્ત્રીનાસાથે વાસભુવનમાં સુતેલા તે ગુણવર્મા કુમારે જાગતાંથકાંજ મધ્યરાત્રી પસાર કરી. ॥ ૭૮ ॥

यामिकीमिव निद्राणां । परित्यज्य प्रियामसौ ॥

कथंचिन्निर्ययौ वामा–गारात्कारागृहादिव ॥ ७९ ॥

અર્થ:—નિદ્રામાં પડેલી ચોકીદાર સ્ત્રીને જેમ તેમ કનકવતીને છોડીને તે કુમાર કેદખાનામાંથી જેમ તેમ વાસભુવનમાંથી કેટલેક પ્રયાસે નિકલી ગયો. ॥ ૭૯ ॥

प्राकारं विद्युदुत्क्षेप–करणेन विलंघ्य सः ॥

सुगुरोर्गुणरत्नस्य । सविधे सुविधेर्ययौ ॥ ८० ॥

અર્થ:—પછી વીજળીની માફક કિલ્લો ઓલંગીને તે ઉત્તમ આચરણવાળા ગુણરત્નનામના ગુરૂની પાસે ગયો. ॥ ૮૦ ॥

गुणवर्माथ भावारि—निर्माथरसिकस्ततः ॥

कातरैर्दुर्धरां दीक्षा—मादत्तासिलतामिव ॥ ८१ ॥

અર્થ:—પછી અંતરંગ શત્રુઓને મારવામાં રસિક થયેલા તે ગુણવર્મા કુમારે કાયરોથી ન લેઇ શકાય એવી તલવારસરખી દીક્ષા ગ્રહણ કરી. ॥ ૮૧ ॥

इतश्च गतनिद्रा सा । प्रातः कनकवत्यपि ॥

पार्श्वे प्रियमनालोक्य । चकितेवाभवत्क्षणं ॥ ८२ ॥

અર્થઃ—હવે પ્રભાતે જાગેલી કનકવતી પણ પોતાના ભર્તારને ન જોવાથી ક્ષણવારસુધી ચકિતજેવી થઇ ગઇ. ॥ ૮૨ ॥

असौ शरीरचिंतार्थं । गतः क्वापि समेष्यति ॥

विलंब्येति क्षणं शोकं । विनापि विललाप सा ॥ ८३ ॥

અર્થ:—ખરેખર દેહચિંતામાટે તે ક્યાંક ગયા હશે, એમ વિચારી ક્ષણવાર રાહ જોયાબાદ તે શોકવિના પણ રડવા લાગી. ॥ ૮૩ ॥

तज्ज्ञात्वाऽशोधि सर्वत्र । क्ष्मातले मातुलेन सः ॥

वियद्गत इव क्वापि । कुमारः प्रापि नो पुनः ॥ ८४ ॥

અર્થ:—પછી તે હકીકત જાણ્યાબાદ તેણીના મામાએ પૃથ્વીપર સર્વ જગોએ ગુણવર્માની તલાસ કરાવી, પરંતુ જાણે આકાશમાં ઉડી ગયો હોય નહિ તેમ ક્યાંય પણ તેનો પત્તો લાગ્યો નહિ. ॥ ૮૪ ॥

ततस्तेनैव साऽबोधि । किमेवं पुत्रि खिद्यते ॥

नालं प्राग्भविकं कर्म । निरोद्धुं विबुधा अपि ॥ ८५ ॥

અર્થ:—પછી તેણે તેણીને સમજાવી કે હે પુત્રિ! તું એવી રીતે ખેદ કેમ પામે છે? કેમકે દેવો પણ પૂર્વભવનું કર્મ અટકાવવાને સમર્થ થતા નથી. ॥ ૮૫ ॥

गवेषयंश्चरैः सर्वैः । पथीनैरिव लोचनैः ॥

उदंतमचिरादेवा—नेष्येऽहं प्रेयसस्तव ॥ ८६ ॥

અર્થ:—વળી હું પંથી લોચનસરખા મારા સર્વ છુપા માણસો મારફતે તારા તે ભર્તારના તુરત સમાચાર મગાવીશ. ॥ ૮૬ ॥

स्थिता तावत्त्वमत्रैव । दुर्दैवदवशांतये ॥

वारिधारोपमं धर्म्यं । कर्म पुत्रि समाचर ॥ ८७ ॥

અર્થ:—માટે હે પુત્રિ! ત્યાંસુધી તું અહીંજ રહીને તારાં દુષ્કર્મરૂપી દાવાનલની શાંતિમાટે જલધારાસરખું ધર્મકાર્ય કર? ॥૮૭॥

शोकं लोकानुवृत्त्यैव । दधाना सा दिनत्रयं ॥

व्यतीयुषी हृषीकार्थ—वश्या दध्याविदं रहः ॥ ८८ ॥

અર્થ:—પછી લોકાચારમુજબ ત્રણ દિવસોસુધી શોક પાળીને તે કનકવતી ઇંદ્રિયાર્થને વશ થઇને ગુપ્તરીતે વિચારવા લાગી. ॥ ૮૮ ॥

नायात एव भर्त्ता मे । स हि संभाव्यते गतः ॥

मन्ये कुतोऽपि जज्ञेऽसौ । मम तच्चित्तचापलं ॥ ८९. ॥

અર્થ:—મારો ભર્त्तાર તો આવ્યો નહિ, માટે તે ચાલ્યો ગયેલો સંભવે છે. હું ધારૂં છું કે મારા મનની તે ચપલતા તેણે કોઇ પણ રીતે જાણી લીધી છે. ॥ ૮૯ ॥

अन्यो दृष्ट्वा स्त्रियो दोषं । मारयेत्तां म्रियेत वा ॥

पुण्यवानेष यद् द्वेषं । मयि वाचापि नाचरत् ॥ ९० ॥

અર્થ:—બીજો માણસ તો સ્ત્રીનો દોષ જોઇને તેણીને મારે અથવા પોતે મરે, પરંતુ તે પુણ્યવાને તો વચનથી પણ મારાપ્રતે દ્વેષ દેખાડ્યો નહિ. ॥ ૯૦ ॥

श्रुत्वा वाच गुरोरेष । मां मुमुक्षुः पुराप्यभूत् ॥

इदानीं तु ममाऽन्यायं । विज्ञाय प्राव्रजध्ध्रुवं ॥ ९१ ॥

અર્થ:—ગુરૂની વાણી સાંભળીને તે પ્રથમ પણ મને છોડવાની ઇચ્છાવાળો હતો, અને હવે તો મારો અન્યાય જાણીને તેણે ખરેખર દીક્ષા લીધી છે. ॥ ૯૧ ॥

एष प्रव्रजितश्चेत्तत् । फलितं मे मनोरथं ॥

यांत्या ममेप्सितं स्थानं । यन्निर्विघ्नमथाभवत् ॥ ९२ ॥

અર્થ:—અને જો તેણે દીક્ષા લીધી હોય તો મારો મનોરથ પણ સફલ થયો છે, કેમકે હવે મને ઇચ્છિત સ્થાને જવામાં કંઇ વિઘ્ન રહ્યું નથી.

यतो मामात्मसात्कर्त्तुं । सुतः शंखपुरेशितुः ॥

चक्रे चाटूनि दूत्युक्त्या । गुणचंद्रो गुणाकरः ॥ ९३ ॥

અર્થ:—વળી શંખપુરના રાજાના ગુણચંદ્ર નામના ગુણવાન પુત્રે મને પોતાની સ્ત્રી કરવામાટે દૂતીમારફતે કાલાવાલા કર્યા છે. ॥ ૯૩ ॥

मया भर्तुर्भिया मेने । सम्यग्नास्य तदा वचः ॥

परमद्यापि सोत्कंठं । चेतस्तंप्रति धावति ॥ ९६ ॥

અર્થ:—તે વખતે મેં ભર્તારની બીકથી તેનું વચન સમ્યકપ્રકારે માન્યું નહોતું, પરંતુ હજુ મારૂં ઉત્કંઠિત મન તેનાપ્રતે દોડે છે. ॥ ૯૬ ॥

तत्तत्रैव मया गम्यं । लोकोक्तेनापि किं भयं ॥
वैजयंती न किं भग्न—दंडाद्दंडांतरं भजेत् ॥ ९७ ॥

અર્થ:—માટે હુવે મારે ત્યાંજ જવું, લોકાપવાદનો શું ભય છે? કેમકે એક દંડ ભાંગી જવાથી શું બીજા દંડપર પતાકા નથી ચડતી?

ध्यात्वेति तमसां राशि—स्तमस्विन्या बलेन सा ॥
निरगान्मातुलागारा—न्नगराच्च कथंचन ॥ ९८ ॥

અર્થ:—એમ વિચારીને અંધકારના સમુહસરખી તે કનકવતી રાત્રીના બલવડે યુક્તિથી મામાના ઘરમાંથી તથા નગરમાંથી પણ બહાર નીકળી ગઇ. ॥ ९८ ॥

प्रेयःप्राप्तिमनोरथः खलु रथो हार्दं बलं शंबलं ।
तृष्णा दीपधरा पुरः प्रचलितोत्कंठा सखी पार्श्वतः ॥
सौभाग्यप्रमदः प्रशस्तशकुनो दोषाश्च संप्रेषकाः ।
मार्गज्ञः स्मर एव पुंखितशरस्तस्याः प्रयाणेऽभवत् ॥ ९९ ॥

અર્થ:—તે સમયે તેણીના પ્રયાણમાટે પ્રિયતમની પ્રાપ્તિના મનોરથરુપી રથ હતો, મનોબલરૂપી ભાતું હતું, તૃષ્ણારૂપી દીવી ઉપાડનારી આગલ ચાલતી હતી, ઉત્કંઠારૂપી સખી તેણીની પાસે હતી, સૌભાગ્યના હર્ષરૂપી તેણીને ઉત્તમ શકુન થયાં હતાં, દોષોરૂપી તેણીના નોકરો હતા, તથા માર્ગ દેખાડનારો કામદેવરૂપી ધનુર્ધર સુભટ હતો.

साथ शंखपुरं प्राप्य । मिलिता भूपसूनवे ॥
सोऽपि तां परमप्रीत्या । विदधेंतःपुरेश्वरीं ॥ १६०० ॥

અર્થ:—પછી તે શંખપુરમાં જઇને તે રાજપુત્રને મળી, ત્યારે તેણે પણ પરમ પ્રીતિથી તેણીને પોતાના અંતઃપુરમાં પટરાણી બનાવી. ॥ १६०० ॥

तृणीयतिस्म तद्रक्तः । सोऽवरोधवधूः पराः ॥
यूनां हि परमप्रेम्णः । पुरो बिंदूयतेंबुधिः ॥ १ ॥

અર્થ:—હવે તેણીમા આસક્ત થઇને તે ગુણચંદ્ર કુમાર અંતઃપુરની બીજી સ્ત્રીઓને તૃણસમાન માનવા લાગ્યો, કેમકે યુવાનોના ઉત્કૃષ્ટ પ્રેમપાસે સમુદ્ર બિંદુસમાન થઇ પડે છે. ॥ १ ॥

उक्तं ताभिरुपालब्धु । यत्तद्भूपभुवोऽभवत् ॥
इव क्षारः कसुंभस्य । तस्यां प्रत्युत रागकृत् ॥ २ ॥

અર્થ:—તેઓએ તેમાટે રાજકુમારને જે કંઈ ઉપાલંભ આપ્યો, તે સઘળો ઉલટો કસુંબાપ્રતે જેમ ખાર તેમ કનકવતીપ્રતે વધારે રાગ કરનારો થયો. ॥ ૨ ॥

रहस्ताभिर्विहस्ताभि—रालोच्यत मिथस्ततः ॥
आयातोऽयमनध्यायः । सुखानां नः सनातनः ॥ ३ ॥

અર્થ:—એવી રીતે તિરસ્કાર પામેલી તે સ્ત્રીઓએ એકઠી થઇ વિચાર્યું કે આપણને તો હવે આ સદાનો સુખોનો વિનાશ આવી પહોંચ્યો. ॥ ૩ ॥

केनापि संजनितया । कुतोऽप्यागतया तया ॥
राजवंश्या अपि वयं । दासीवत्तनुकीकृताः ॥ ४ ॥

અર્થ:—કોણ જાણે કેણે જણેલી કયાંકથી આવેલી તે સ્ત્રીએ આપણને રાજવંશીઓને પણ દાસીનીપેઠે હલકી કરી નાખી. ॥ ૪ ॥

एकांगणे प्रियं दृष्ट्वा । सपत्नीनिरतं स्त्रियः ॥
मन्यंते शूलिकाध्यासं । क्षणं क्लेशकरं वरं ॥ ५ ॥

અર્થ:—એકજ આંગણામાં રહેલી શોકમાં આસક્ત થયેલા પોતાના પ્રિયતમને જોઈને ક્ષણવાર ક્લેશ કરનારા શુલીપર ચડવાના દુ:ખને સ્ત્રીઓ સારૂં માને છે. ॥ ૫ ॥

व्यापाद्यापि तदेतां किं । न भवामः सुखास्पदं ॥
एकस्या मारणे बह्व्यो । जीवंतीति न दुर्नयः ॥ ६ ॥

અર્થ:—માટે આને મારીને પણ આપણે શામાટે સુખી ન થઈયે? કેમકે એકને મારવાથી ઘણી જીવે એ કંઈ અન્યાય કહેવાય નહિ.

ततस्ता ददिरे तस्या । विषं विषयगृह्णवः ॥
आचरंति न किं पापं । विषयार्त्ता हि योषितः ॥ ७ ॥

અર્થ:—પછી તેણીઓએ વિષયમાં લાલચુ બનીને તે કનકવતીને ઝેર આપ્યું, કેમકે વિષયાંધ સ્ત્રીઓ શું પાપ આચરતી નથી? ॥૭॥

अथासमाप्तभोगेच्छा । रौद्रध्यानवशंवदा ॥
मृत्वा सा नरकं तुर्यं । प्राप पापप्रेरिता ॥ ८ ॥

અર્થ:—હવે ભોગોની ઇચ્છા સમાપ્ત નહિ થવાથી રૌદ્રધ્યાનમાં પડેલી તે કનકવતી પાપોના સમુહથી પ્રેરાઇથકી મરીને ચોથી નરકે ગઇ. ॥ ૮ ॥

ततोऽप्युद्धृत्य संसार—मनंतं सा भ्रमिष्यति ॥

सहिष्यते च दुःखानि । दुःसहानि पदे पदे ॥ ९ ॥

અર્થ:—ત્યાંથી પણ નીકળીને તે અનંતો સંસાર ભમશે, અને પગલે પગલે વિકટ દુ:ખો સહન કરશે. ॥ ૯ ॥

भगवान् गुणवर्मापि । गुरोरागमितागमः ॥

विजहार महीपीठे । निःसंगो वायुवच्चिरं ॥ १० ॥

અર્થ:—હવે તે ભગવાન્ ગુણવર્મા મુનિ પણ ગુરૂપાસે આગમોના જાણકાર થઇને વાયુનીપેઠે સંગરહિત ઘણા કાળસુધી પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. ॥ ૧૦ ॥

स दुस्तपतपःकर्म—क्षालिताखिलकल्मषः ॥

मखभुग्भवनं भेजे । कृतकालः समाधिना ॥ ११ ॥

અર્થ:—આકરા તપથી સર્વ કર્મરૂપી પાપ ધોઇને સમાધિપૂર્વક કાળ કરીને તે દેવલોકમાં ગયા. ॥ ૧૧ ॥

ततश्च्युतः सुतत्त्वेना—वतीर्य त्रिमले कुले ॥

स प्राप्तचरणप्रौढि—र्गंता लोकोत्तरं पदं ॥ १२ ॥

અર્થ:—પછી ત્યાંથી ચવીને નિર્મલ કુલમાં અવતરીને ચારિત્રની પ્રૌઢતા મેલવીને તે મોક્ષે જશે. ॥ ૧૨ ॥

इति निशम्य कथां गुणवर्मणः । सुरसरिज्जलनिर्मलकर्मणः ॥

विषयविप्लवविभ्रमभंजनाद् । भवत सौख्यभुवः सततं जनाः॥१३॥

॥ इति श्रीगुणवर्मकथा ॥

અર્થ:—એવી રીતે દેવગંગાસરખા નિર્મલ આચરણવાલા ગુણવર્માની કથા સાંભળીને હે લોકો! તમો વિષયોની ખરાબીનો ભંગ ભાંગીને હમેશાં સુખોના સ્થાનરૂપ થાઓ? ॥ ૧૩ ॥ એવી રીતે શ્રીગુણવર્મા કુમારની કથા સંપૂર્ણ થઈ. ॥

श्रुत्वेति धम्मिलः स्माह । साधो साधु वदन्नसि ॥

मयापि सेहिरे क्लेश—राशयो विषयाशया ॥ १४ ॥

અર્થ:— તે સાંભલીને ધમ્મિલ બોલ્યો કે હે મુનિરાજ! આપે ખરોખર કહ્યું છે, મેં પણ વિષયોની આશાથી જત્થાબંધ દુ:ખો સહન કર્યાં છે. ॥ ૧૫ ॥

वद त्वया कथं दुःखं । सोढं प्रौढपराक्रम ॥

मुनिपृष्टेनेति पृष्टे । सहासं धम्मिलोऽभ्यधात् ॥ १५ ॥

અર્થ:—હે મહાપરાક્રમી! તેં કેવી રીતે દુ:ખ સહન કર્યું છે? એમ તે મુનિએ પૂછવાથી ધમ્મિલ હાસ્યસહિત બોલ્યો કે, ॥ ૧૫ ॥

इह दुःखं न यः प्राप्तो । दुःखं हर्तुं न यः क्षमः ॥

दुःखे श्रुते न यो दुःखी । दुःखं किं तस्य कथ्यते ॥ १६ ॥

અર્થ:—જે આ જગતમાં દુ:ખ પામ્યો નથી, તેમજ જે દુ:ખ હરવાને સમર્થ નથી, તથા ( પરન્તુ ) દુ:ખ સાંભળવાથી જે દુ:ખી થતો નથી, તેની આગળ દુ:ખ શું કહેવું? ॥ ૧૬ ॥

वत्स दुःखमहं प्राप्तो । दुःखं हर्तुमहं क्षमः ॥

दुःखे श्रुते सदुःखोऽस्मि । तद्दुःखं मे निवेदय ॥

અર્થ:—( ત્યારે મુનિએ કહ્યું કે ) હે વત્સ! મેં દુ:ખ વેઠયું છે, તેમ દુ:ખ હરવાને પણ હું સમર્થ છું, વળી ( પરન્તુ ) દુ:ખ સાંભળીને હું દુ:ખી થઉં છું, માટે તે ( તારૂં ) દુ:ખ મને નિવેદન કર?

इत्युक्ते मुनिनाथेन । करुणाकरचेतसा ॥

स स्वं विश्वं जगौ वृत्तं । वेश्यापरिभवावधि ॥ १८ ॥

અર્થ—દયાલુ મનવાળા મુનિરાજે એમ કહેવાથી ધમ્મિલે વેશ્યાએ પરાભવ કર્યો ત્યાંસુધી પોતાનું સમસ્ત વૃત્તાંત કહી સંભલાવ્યું. ॥ ૧૮ ॥

अथ दंतांशुनिर्धौतां । मुनिर्वाचमुपाददे ॥

सेहे कष्टं मयाऽनिष्टं । यत्तदुत्तम संश्रृणु ॥ १७ ॥

અર્થ—હવે તે મુનિરાજ પોતાના દાંતોના કિરણોથી ધોએલી વાણી બોલ્યા કે, હે ઉત્તમ! મેં જે વિકટ કષ્ટ સહન કર્યું છે તે તું સાંભળ? ॥ ૧૭ ॥

अस्त्यपामिव पाथोधि—स्त्विषामिव दिनाधिपः ॥

अवंती नाम निःशेष—श्रियां जनपदः पदं ॥ १८ ॥

અર્થ:—જલનો જેમ મહાસાગર તથા તેજનો જેમ સૂર્ય તેમ સર્વ લક્ષ્મીના સ્થાન સરખો અવંતી નામે દેશ છે. ॥ ૧૮ ॥

पुरी तत्रास्त्युज्जयिनी । जयिनी मरुतां पुरः ॥

त्रिवर्गसाधनफला । पुष्णती शर्म केवलं ॥ १९ ॥

અર્થ:—યાં દેવનગરીને જીતનારી ત્રણે વર્ગો સાધવાના ફલવાળી અને કેવળ સુખનેજ પોષનારી ઉજ્જયિની નામે નગરી છે. ॥ १९ ॥

मंत्रपूर्वं प्रतापाग्नौ । हुत्वा माषानिव द्विषः ॥
कृतेतिशांतिकस्तत्र । जितशत्रुरभून्नृपः ॥ २० ॥

અર્થ:—મંત્રપૂર્વક (વિચારપૂર્વક) અડદનીપેઠે શત્રુઓને પ્રતાપરૂપી અગ્નિમાં હોમીને ઉપદ્રવની શાંતિ કરનારો ત્યાં જીતશત્રુ નામે રાજા હતો. ॥ २० ॥

करे करं प्रयच्छंतो । यस्य पौरुषधारिणः ॥
पुरंध्रय इवाभवन् । पालनीयः परे नृपाः ॥ २१ ॥

અર્થ:—તે બળવાન રાજાના હાથમાં કર આપતા એવા અન્ય રાજાઓને અંતઃપુરની સ્ત્રીઓનીપેઠે તેને પાળવા પડતા હતા. ॥ २१ ॥

तस्यामोघरथः क्षत्र—सारः सारथ्यमाप्तवान् ॥
हरिणेवार्जुनो येन । सांयुगीनो नृपोऽजनि ॥ २२ ॥

અર્થ:—તે રાજાનો અમોઘરથ નામે એક ઉત્તમ ક્ષત્રી સારથી હતો, કે જે સારથીવડે વિષ્ણુવડે જેમ અર્જુન તેમ રાજા રણસંગ્રામમાં જય પામતો હતો. ॥ २२ ॥

वधूर्विधूतदोषाभूत् । तस्य नाम्ना यशोमती ॥
सा गृहालंकृतिस्तस्याः । पुनः शीलमलंकृतिः ॥ २३ ॥

અર્થ:—તે સારથિને દોષરહિત યશોમતી નામે સ્ત્રી હતી, તે સ્ત્રી ઘરને શોભાવનારી હતી, અને તેણીને શીલ શોભાવતું હતું. ॥ २३ ॥

तयोरगलदत्ताख्यः । समये तनयोऽजनि ॥
पिता तस्मिन् शिशावेव । जगाम यमसद्मनि ॥ २४ ॥

અર્થ:—તેઓને યોગ્ય સમયે અગલદત્ત નામે પુત્ર થયો, પરંતુ હજુ તો તે બાલક હતો તેવામાંજ તેનો પિતા મૃત્યુ પામ્યો. ॥ २४ ॥

शोकेन हृदसंमाता । मातास्य व्यलपत्तरां ॥
किमेतद् दृढपातित्वं । हा धातः कातरे जने ॥ २५ ॥

અર્થ—ત્યારે હૃદયમાં નહિ સમાતા શોકવડે તેની માતા વિલાપ કરવા લાગી કે હે વિધાતા! આ કાયર મનુષ્યપર તેં આવો કારી ઘા કેમ કર્યો? ॥ २५ ॥

स्वयं संयोज्य मिथुनं । स्वयमेव विभिंदतः ॥
पुराणस्यापि ते धातः । किमेतद्बालचापलं ॥ २६ ॥

અર્થ:—વળી હે વિધાતા! આપ પુરાણપુરૂષ છતાં પણ પોતેજ જોડું મેલવીને પોતેજ તેને જે ભાંગી નાખો છો, એવી બાલકજેવી ચેષ્ટા શું આપને યોગ્ય છે? ॥ ૨૬ ॥

अंगना रंगनाशाय । प्रायेण पथिकेष्विति ॥
किमायतपथारूढ । न मां नाथ सहाग्रहीः ॥ २७ ॥

અર્થ:—વળી હે નાથ! પ્રાયે કરીને પંથીઓને ( સાથે રહેલી ) સ્ત્રીઓ તેઓના રંગને નાશ કરનારી કહેવાય છે, પરંતુ આપ તો જ્યારે લાંબી મુસાફરીયે ચાલ્યા તો પછી મને સાથે શામાટે ન લેઇ ગયા? ॥ ૨૭ ॥

प्राणेभ्योऽपि प्रियासीति । मिथ्या मामवदस्तदा ॥
प्राणानादाय मुक्त्वा मां । गतोऽसि कथमन्यथा ॥ २८ ॥

અર્થ:—તું મને પ્રાણોથી પણ પ્રિય છો એમ મને તે વખતે ફોકટજ આપ કહેતા હતા, જો એમ ન હોત તો મને છોડીને તથા પ્રાણો લેઇને આપ શા માટે ચાલ્યા ગયા? ॥ ૨૮ ॥

जननीं वीक्ष्य दुःखार्त्ता—मपि बालश्चिखेल सः ॥
परहर्षविषादेषु । बालका हि बहिर्मुखाः ॥ २९ ॥

અર્થ:—એવી રીતે પોતાની માતાને દુઃખી જોઇને પણ તે બાળક તો ગમ્મત કરવા લાગ્યો, કેમકે પરના હર્ષ અથવા શોકમાટે બાલકો બેદરકાર રહે છે. ॥ ૨૯ ॥

मुंचन्नगलदत्तोऽथ । बाल्यं व्यक्तमना मनाक् ॥
निपत्य पादयोर्मातुः । क्रंदंत्या इत्युवाच सः ॥ ३० ॥

અર્થ:—પછી અગલદત્ત બાલ્યપણું વીત્યાબાદ જરા સમજણો થવાથી રડતી માતાને પગે પડી બોલ્યો કે, ॥ ૩૦ ॥

तव वर्षासरःप्राये । नित्यमंब किमंबके ॥
किं च ते गैरिकग्रस्त—गोधूमान्न तनुस्तनुः ॥ ३१ ॥

અર્થ—હે માતા! તમારી બન્ને આંખો હમેશાં વર્ષાકાળના તળાવ જેવી કેમ છે? તેમજ તારૂં શરીર પણ ગેરૂ લાગેલા ઘઉં સરખું કેમ દુર્બલ છે? ॥ ૩૧ ॥

जगौ यशोमती वस्त्रां—चलेनोन्मृष्टलोचना ॥
अस्तोकशोकसंकीर्ण—गलत्प्रस्खलदक्षरं ॥ ३२ ॥

અર્થ—ત્યારે યશોમતી વસ્ત્રના છેડાથી આંખો લુછને અત્યંત શોકથી ઝલાઇ ગયેલ ગલાંમાંથી લથડતા અક્ષરોથી બોલી કે, ॥ ૩૨ ॥

वत्स नृणां स्फुटेद्दुःख—पूर्णं हृदयपल्वलं ॥
यदि तन्निर्गमोपायो । न स्यादश्रुच्छलाद् दृशोः ॥ ३३ ॥

અર્થ:—હે વત્સ! જો આંખોના અશ્રુના મિષથી દુઃખને નિકલવાનો ઉપાય ન હોય તો દુઃખોથી ભરેલું માણસોનું હૃદયરૂપી ખાબોચીઉં ફાટી જાય. ॥ ૩૩ ॥

प्रौढेऽप्यश्रुपयःपूरे । दीप्यमानेव मे तनुः ॥
दग्धा भर्तृवियोगोर्वा—ग्निना पुष्टिं दधाति किं ॥ ३४ ॥

અર્થ:—જો કે આંસુઓરૂપી જલનો સમુહ ઘણો છે, તો પણ મારૂં બળતું શરીર જાણે સ્વામિના વિયોગરૂપી વડવાનલથી દગ્ધ થયું હોય નહિ તેમ શીરીતે પુષ્ટ થઇ શકે? ॥ ૩૪ ॥

देहच्छाया विभूषा च । स्वामित्वमभिमानिता ॥
सुखं च पंच नारीणां । न संत्यसति वल्लभे ॥ ३५ ॥

અર્થ:—વળી સ્વામિના મૃત્યુબાદ શરીરની શોભા, આભૂષણ, (ઘરની) માલીકી, અભિમાનપણું તથા સુખ એ પાંચ વસ્તુઓ હોતી નથી. ॥ ૩૫ ॥

तत्रापि वत्स बालोऽसि । द्विधेति त्वत्पितुः पदं ॥
चलप्रेमा ददौ भूमा—निहाभ्येत्य प्रहारिणे ॥ ३६ ॥

અર્થ:—તેમાં પણ હે વત્સ! તું ઉમ્મર અને બુદ્ધિ બન્નેથી બાલક છો, અને તેથી પ્રેમ ઉતરી જવાથી તારા પિતાની પદવી રાજાએ અહીં આવીને પ્રતિહારને આપી છે. ॥ ૩૬ ॥

दधाति सोऽधुना बाढं । नवं प्राप्य पदं मदं ॥
विभवस्य ज्वरस्येव । प्रथमोष्मापि दुस्सहः ॥ ३७ ॥

અર્થ:—આજ કાલ તે પ્રતિહાર નવીન પદવી પામીને અત્યંત મદ ધારણ કરે છે, કેમકે જ્વરનીપેઠે વૈભવની શિરૂઆતની ઉષ્ણતા દુઃખે સહન થઇ શકે તેવી હોય છે. ॥ ૩૭ ॥

यदा दव इवाग्रेऽसा—वेति हेतीः प्रपंचयन् ॥
तदा मे गलतो नेत्रे । धीर धूमांधिते इव ॥ ३८ ॥

અર્થ:—વળી દાવાનલનીપેઠે રોફ દેખાડતો (જ્વાલા વિસ્તારતો) તે જ્યારે નજીક આવે છે ત્યારે હે ધીર! મારી આંખો જાણે ધૂમાંધિત થઇ હોય નહિ તેમ ગળ્યા કરે છે. ॥ ૩૮ ॥

अस्फुटिष्यन्महाजात । कलिका कापि चेत्तव ॥
न संपद्भ्रमरीयं त—दत्रास्थास्यत्करीरके ॥ ३९ ॥

અર્થ:—વળી હે પુત્ર! જો તારી કળી કંઇક પણ ખીલી હોત તો આ સંપદારૂપી ભમરી કથેરસરખા તે પ્રતિહારપ્રતે વિશ્રામ કરત નહિ. ॥ ૩૯ ॥

योषिज्जन्मनि सुप्रापं । न वैधव्यं दुनोति मां ॥
दुनोति यत्पदं भर्त्तु—रन्यत्र त्वयि सत्यपि ॥ ४० ॥

અર્થ:—સ્ત્રીજન્મમાં સુલભ એવા વિધવાપણામાટે મને દુઃખ થતું નથી, પરંતુ તું છતાં મારા સ્વામિની પદવી જે બીજાને હાથ ગઇ છે તેથી મને ઘણું દુઃખ થાય છે. ॥ ૪૦ ॥

क्षमा यतित्वे श्रृंगारो—ऽगारिणां त्वभिमानिता ॥
प्रष्टिर्बीजे हिमो माघे । निदाघेऽरिष्टकृत्पुनः ॥ ४१ ॥

અર્થઃ—ક્ષમા મુનિપણાને શોભાવનારી છે, ગૃહસ્થોને અભિમાન શોભાવનારૂં છે, બીજને વૃષ્ટિ શોભાવનારી છે, તથા માઘમાસને હિમ શોભાવનારૂં છે, પરંતુ ઉનાળામાં પડેલું હિમ નુકશાનકારક છે. ॥ ૪૧ ॥

वीक्ष्य वह्नेः पितुस्तेजो । पराभूतं दिवाकृता ॥
धूमेनापि घनीभूया—च्छाद्यते तस्य मंडलं ॥ ४२ ॥

અર્થઃ—પોતાના પિતા એવા અગ્નિનું તેજ સૂર્યે લોપેલું જોઇને શું ધૂમાડો એકઠો થઇને સૂર્યના મંડલને આચ્છાદિત કરતો નથી? ॥ ૪૨ ॥

प्रारंभे गर्भगंडोला । बाल्ये विड्गर्त्तशूकराः ॥
तारुण्ये च मदाच्छौंडाः । प्रायः पुत्राः सहस्रशः ॥ ४३ ॥

અર્થ:—પ્રારંભમાં ગર્ભના કીડાસરખા, બાલ્યપણામાં વિષ્ટામૂત્રમાં ખરડાતા ડુક્કરસરખા તથા યૌવનવયમાં મદોન્મત્ત થયેલા એવા પ્રાયે કરીને હજારો પુત્રો હોય છે. ॥ ૪૩ ॥

मातृकुक्षिदरीसिंहा । बाल्ये बंधुदृशां सुधा ॥
यौवने कुलधौरेया । द्वित्रा एव सुताः पुनः ॥ ४४ ॥

અર્થ:—પરંતુ માતાના ઉદરરૂપી ગુફામાં સિંહુસરખા, બાલ્ય- પણામાં સ્વજનોની દૃષ્ટિમાં અમૃતસરખા, તથા યૌવનવયમાં કુટું- બનો ભાર ઉપાડનારા તો કોઇ વીરલા બે ત્રણજ પુત્રો નીવડે છે. ॥ ૪૪ ॥

परापत्पृच्छकाः प्रायः । पृथ्व्यां संति परःशताः ॥
विरला एव दृश्यंते । परापद्भंजना जनाः ॥ ४५ ॥

અર્થ:—વળી પ્રાયે પરનું દુઃખ પૂછનારા તો સેંકડોગમે માણસો આ દુનિયામાં છે, પરંતુ પરનું દુઃખ નાશ કરનારા તો વીરલાજ દેખાય છે. ॥ ૪૫ ॥

शोकांधकारितं सद्यो । विद्योतयिषसे यदि ॥
कुलदीपं मुखं मातु—स्तदाकर्णय तत्परः ॥ ४६ ॥

અર્થ:—વળી હે કુલદીપક પુત્ર! શોકરૂપી અંધકારથી ઝંખવાણું થયેલું આ તારી માતાનું મુખ જો તું તેજસ્વી કરવાને ઇચ્છતો હો તો તું સાવધાન થઇને સાંભળ? ॥ ૪૬ ॥

इह ते सहते नव्या—धिकारी न कलाग्रहं ॥
सहंते हंत दीपस्य । प्रभां किं शलभाः क्वचित् ॥ ४७ ॥

અર્થ:—અહીં નવો અધિકારી તારા કલાભ્યાસને સહુન કરશે નહિ, કેમકે પતંગીયાં શું ક્યાંય દીપકની કાંતિ સહુન કરી શકે છે? ॥૪૭॥

कोशांब्यामस्ति वप्तुस्ते । सतीर्थ्यो रसिकः सखा ॥
नाम्ना दृढप्रहारीति । रीतिज्ञः शास्त्रशस्त्रयोः ॥ ४८ ॥

અર્થ:—હવે કોશાંબી નગરીમાં શાસ્ત્ર અને શસ્ત્રોની કળામાં પ્રવીણ તારા પિતાનો સહાધ્યાયી તથા હુશિયાર દૃઢપ્રહારી નામે મિત્ર વસે છે. ॥ ૪૮ ॥

तमुपेत्य कलाभ्यासं । कुरु वत्स गुणाकर ॥
पालयस्व पदं चंद्र । इव प्राप्तकलः पुनः ॥ ४९ ॥

અર્થ:—માટે હે ગુણવાન પુત્ર! તેની પાસે જઇને તું કલાભ્યાસ કર? અને પછી ચંદ્રનીપેઠે કલાવાન થઇને તારી પદવીનું પાલન કર? ॥ ૪૯ ॥

मातुः शिक्षामिमां मूर्ध्नि । नीत्वा रत्नवतंसतां ॥
तद्दत्तसंबलालंबी । कौशांबीमाप स क्रमात् ॥ ५० ॥

अर्थः—એવી રીતની માતાની શિખામણને રત્નના મુકુટની· પેઠે મસ્તકે ચડાવીને તેણીએ આપેલું ભાતું લેઇને તે અનુક્રમે કોશાંબી નગરીમાં ગયો, ॥ ५० ॥

पितृमित्राय तत्राय—मुत्सुकः समगच्छत ॥
तेनापि पृच्छता शुद्धिं । सोऽलक्ष्यत कथंचन ॥ ५१ ॥

અર્થઃ—તથા ઉત્સુક બનેલો એવો તે અગલદત્ત ત્યાં પોતાના પિતાના મિત્રને મલ્યો, ત્યારે તેણે પણ ખબરઅંતર પૂછતાં કેટલીક મુશ્કેલીએ તેને ઓળખી કહાડયો. ॥ ५१ ॥

ततः स्वांके निवेश्यैन-माश्लिस्य च जगाद सः ॥
वत्स महाकुलस्यापि । किं दशेयमभूत्तव ॥ ५२ ॥

અર્થ:—પછી તેણે તેને પોતાના ખોળામાં બેસાડીને તથા ભેટીને કહ્યું કે હે વત્સ! તારી કુલીનની પણ આવી દશા કેમ થઇ? ॥५२॥

पितृशोकान्नवीभूतात् । किरन्नश्रूण्यसावपि ॥
पितुर्मृत्युमुदित्वोचे । स्वस्यागमनकारणं ॥ ५३ ॥

અર્થ:—ત્યારે તાજા થયેલા પિતાના શોકથી તેણે પણ આંસુ ખેરવતાંથકાં પોતાના પિતાનું મરણ કહીને પોતાના આવવાનું કારણ કહ્યું. ॥ ५३ ॥

रुदन्नुदश्रुदुःखेन । गद्गदोक्तिर्जगाद सः ॥
दृक्सुधासत्र हा मित्र । क मया द्रक्ष्यसे पुनः ॥ ५४ ॥

અર્થ:—ત્યારે તે દૃઢપ્રહારી પણ દુઃખથી રડતોથકો આંખોમાં આંસુ લાવીને ગદ્ગદ કંઠે બોલ્યો કે આંખોમાં અમૃતની નહેર-સરખા હે મિત્ર! હવે ફરીને તું મને કયાં દેખાઇશ? ॥ ५४ ॥

अकस्मादश्मवृष्टयेव तत्राऽकल्याणवार्त्तया ॥
श्रवणाध्वगया सद्यो । हृदयं स्फुटतीव मे ॥ ५५ ॥

અર્થ:—અચાનક પત્થરના વરસાદનીપેઠે તારાં મૃત્યુની વાત કર્ણ-ગોચર થવાથી મારૂં તો જાણે હૃદય ફાટી જાય છે. ॥ ५५ ॥

वत्स त्वमपि नित्थाय—वदनो मा रुदः सदा ॥
अक्षीणशक्तिदेवेंद्रे—ष्वपि दैवं विचिंतय ॥ ५६ ॥

અર્થ:—હવે હે વત્સ। તું પણ હંમેશાં નિરાનંદ મુખવાળો થઇને રડ નહિ. મહા શક્તિવાળા દેવેંદ્રોના દૈવનો પણ તું વિચાર કર? ॥५६॥

कलाकुलीनतारूप–विद्यावीर्यादयो गुणाः ॥
दैवदावानलस्याग्रे । यांति जीर्णतृणोपमां ॥ ५७ ॥

અર્થ:—કલા, કુલીનપણું, રૂપ, વિદ્યા તથા વીર્ય આદિક ગુણો પણ કર્મરૂપી દાવાનલપાસે જીર્ણ ઘાસસરખી દશા પામે છે. ॥૫૭॥

निरस्य शोकमभ्यस्य । कला इह कुलोद्वह ॥
त्वमेव नवतां प्राप्त । इवामोघरथो भव ॥ ५८ ॥

અર્થ:—હવે હે કુલીન ! શોક છોડીને તથા અહીં કલાનો અભ્યાસ કરીને તું પોતેજ નવા અમોઘરથસરખો થા ? ॥ ૫૮ ॥

एवं तद्वाक्यपीयूष—पानध्वस्ताध्वजश्रमः ॥
सततं स ततोऽध्येतुं । प्रावर्त्तत शुभेऽहनि ॥ ५९ ॥

અર્થ:—એવી રીતના તેના વચનરૂપી અમૃતપાનથી માર્ગનો થાક દૂર થવાથી તેણે શુભ દિવસે નિરંતર કલાભ્યાસનો પ્રારંભ કર્યો. ॥૫૯॥

अस्मै सुतधिया सोऽपि । कलातत्त्वमुपादिशत् ॥
योग्यशिष्येषु गोपायन् । नाम्नायं पापभाग्गुरुः ॥ ६० ॥

અર્થ:—તે દૃઢપ્રહારીએ પણ તેને પુત્રમાફક લેખીને કલાભ્યાસ કરાવ્યો, કેમકે યોગ્ય શિષ્યોપ્રતે પણ કલા છુપાવનારો ગુરૂ મહાપાપી કહેવાય છે. ॥ ૬૦ ॥

सकुंतलाभा सद्बाण—स्फुरदद्भुतविग्रहा ॥
अस्य यूनो धनुर्वेद–विद्या बाढं प्रियाभवत् ॥ ६१ ॥

અર્થ:—ભાલાની કલાના લાભવાળી (ચોટલાની શોભાવાળી) ઉત્તમ બાણથી સ્ફુરાયમાન થતા અદ્ભુત સંગ્રામવાળી (શરીરવાળી) એવી ધનુર્વેદની વિદ્યા તે યુવાનને સ્ત્રીસરખી પ્રિય થઇ પડી. ॥ ૬૧ ॥

नवोपात्तकलाभ्यास–कौतुकी स सदा ययौ ॥
प्रातः प्रातरनाबाधः । स्वगुरोर्गृहनिष्कुटं ॥ ६२ ॥

અર્થ:—નવો કલાભ્યાસ કરવામાં ઉત્સુક બનેલો તે અગલદત્ત હમેશાં કંઇ પણ બાધાવિના પ્રભાતે ઉઠીને પોતાના ગુરૂને ઘેર જતો.

नालस्य धाम्नि सद्वृत्ते । सूर्यालोकाद्विकस्वरे ॥
शुचिपक्षाश्रिते तिष्ट–त्यब्जे श्रीः पुंसि भारती ॥ ६३ ॥

અર્થઃ—ઉદ્યોગના સ્થાનરૂપ ( નાલના સ્થાનરૂપ ) ઉત્તમ આચરણવાળા ( ગોળાકાર ) ગુરૂને જોઇ આનંદિત થનારા ( સૂર્યને જોઇ વિકસ્વર થનારા ) તથા પવિત્ર પક્ષવાળા ( પાંદડીવાળા ) કમળ સરખા પુરૂષમાં લક્ષ્મી અને સરસ્વતી રહે છે. ॥ ૬૩ ॥

अथान्यदा तदासन्न—वेश्मवातायनस्थिता ॥
तमभ्यासपरं काचि—न्मदिराक्षी निरैक्षत ॥ ६४ ॥

અર્થઃ—હવે એક વખતે તેની નજીકના ઘરના ઝરૂખામાં બેઠેલી કોઇક યુવતીએ અભ્યાસમાં તત્પર એવા અગલદત્તને જોયો. ॥ ૬૪ ॥

सोऽभ्यासवशतो बाह्यं । वेध्यं विध्यन्नवंध्यधीः ॥
विव्याध वस्तुतो वीर—श्चलं सूक्ष्मं च तन्मनः ॥ ६५ ॥

અર્થઃ—તે મહાબુદ્ધિવાન અગલદત્ત અભ્યાસને લીધે બાહ્ય લક્ષ્યને તો વિંધતો હતો, પરંતુ તે સુભટે મુખ્યત્વે તો તેણીનું ચંચલ અને સૂક્ષ્મ મન વિંધી નાખ્યું. ॥ ૬૫ ॥

परिज्ञापयितुं स्वं सा । पुष्पवृष्टिमिवामरी ॥
फलोत्पलादिनिक्षेपं । तस्योपरि विनिर्ममे ॥ ६६ ॥

અર્થઃ—હવે તે યુવતી પોતાનો અભિપ્રાય જણાવવામાટે દેવી જેમ પુષ્પવૃષ્ટિને તેમ તેનાતરફ ફલ કમલ આદિક ફેંકવા લાગી. ॥૬૬॥

सोऽपि तां सुभगां पश्य—न्नुरागं दधौ हृदि ॥
न पुनः प्रकटीचक्रे । गुरुशंका गरीयसी ॥ ६७ ॥

અર્થઃ—ત્યારે તે અગલદત્ત પણ તે મનોહર સ્ત્રીને જોઇને હૃદયમાં અનુરાગ ધરવા લાગ્યો, પરંતુ તેણે તે પ્રકટ કર્યો નહિ, કેમકે ગુરૂનો ડર જબરો હોય છે. ॥ ૬૭ ॥

एवं चाचिंतयन्नारी—विलासवशगं नरं ॥
विद्या सापत्न्यभीतेव । सेवते न कदाचन ॥ ६८ ॥

અર્થઃ—વળી તે એમ વિચારવા લાગ્યો કે સ્ત્રીના વિલાસને વશ થયેલા પુરૂષને વિદ્યા સપત્નીપણાથી ડરતી હોય નહિ તેમ કદાપિ પણ તેને સેવતી નથી. ॥ ૬૮ ॥

अहो धैर्यं पुरंध्रीणां । यदज्ञाततरे जने ॥
प्रक्रामंति पदं दातुं । तरण्य इव वारिधौ ॥ ६९ ॥

અર્થઃ—અહો ! સ્ત્રીનું કેવું ધૈર્ય છે ! કે જેઓ સમુદ્રમાં જેમ હોડીઓ તેમ અજાણ્યા પુરૂષમાં પણ પોતાનો પગપેસારો કરી દે છે.

चेतस्तरौ गुरुपदप्रणयांबुसिक्ते ।
विद्याफलान्यविकलानि कथं प्रथंते ॥
सोऽयं सलीलललनाकलनातिगोक्ति—
वात्याविवर्त्तविवशः परिधूयसे चेत् ॥ ७० ॥

અર્થ:—જે વિલાસી સ્ત્રીઓનાં ન કળી શકાય એવાં વચનરૂપી વાયુના વંટોળીયાના ઝપાટાથી મનરૂપી વૃક્ષ અતિ કંપાયમાન થાય તો ગુરૂના ચરણની કૃપારૂપી જલથી સીંચાયા છતાં પણ તે વૃક્ષ વિદ્યારૂપી મનોહર ફલોને શીરીતે વિસ્તારી શકે? ॥ ૭૦ ॥

तस्थौ तमोमयी यत्र । कामिनी दर्शयामिनी ॥
हृदि क्षीणा क्षणात्तत्र । कला युक्तं कलावतः ॥ ७१ ॥

અર્થ:—જેના હૃદયમાં અમાવાસ્યાની રાત્રિસરખી અંધકારમય સ્ત્રી રહેલી છે, ત્યાં કલાવાનની (ચંદ્રની) કલા જે ક્ષણવારમાં નષ્ટ થાય છે તે યુક્તજ છે. ॥ ૭૧ ॥

इत्युपेक्ष्यैव तां तस्य । प्रातः श्रमविधायिनः ॥
आविरासीध्धृदिन्यासी—कृतभावा कदापि सा ॥ ७२ ॥

અર્થ:—એમ વિચારી તેણીની ઉપેક્ષા કરીને અભ્યાસ કરતા એવા તે અગલદત્તની પાસે એક દિવસ પ્રભાતમાં હૃદયમાં પ્રેમ ધરનારી તે યુવતી પ્રગટ થઈ. ॥ ૭૨ ॥

रक्ताशोकतरोः शाखां । सामालंब्य पुरः स्थितां ॥
वद कासि किमेतासि । त्वं तन्वीति स तां जगौ ॥ ७३ ॥

અર્થ:—લાલ અશોકવૃક્ષની ડાળી પકડીને સામે ઉભેલી તે સ્ત્રીને અગલદત્તે કહ્યું કે હે તન્વિ! તું કોણ છે? તથા કેમ આવી છે?

अवदातोदयद्दंत—द्युतिदंडस्य दंभतः ॥
वरस्रजं क्षिपंतीव । स्नेहयोग्यं जगाद सा ॥ ७४ ॥

અર્થ:—દાંતોની પ્રગટ થતી શ્વેત કાંતિની હારના મિષથી જાણે તેને વરમાળા પહેરાવતી હોય નહિ તેમ તે સ્નેહાળ વચન બોલી કે,

अहमेतद्गृहाध्यक्ष—यक्षदत्तस्य नंदिनी ॥
नामतः श्यामदत्तेति । त्वामपश्यं गवाक्षगा ॥ ७५ ॥

અર્થ:—હું આ ઘરના માલીક યક્ષદત્તની શ્યામદત્તા નામની પુત્રી છું, તથા ઝરૂખામાં બેસીને મેં તને જોયો છે. ॥ ૭૫ ॥

त्वां बाणवर्षिणं वीक्ष्य । स्पर्धिष्णुरिव मन्मथः ॥
मंथरांगीं स्वबाणानां । मंक्षु लक्षीचकार मां ॥ ७६ ॥

અર્થ:—બાણોને ફેંકતા એવા તને જોઇને જાણે સ્પર્ધાવાળો થયો હોય નહિ તેમ કામદેવ મને કંપિત શરીરવાળીને પોતાના બાણોથી મારવા લાગ્યો છે. ॥ ૭૬ ॥

तत्प्रहाराकुलाऽनन्य–शरणा त्वां प्रपेदुषी ॥
तद्दोष्मत्मबलां क्रोडी–कृत्य मां रक्ष मारतः ॥ ७७ ॥

અર્થ:—તેના પ્રહારોથી વ્યાકુલ થયેલા તથા નિરાધાર એવી હું તારે શરણે આવેલી છું, માટે હે વીર! મને અબલાને આલિંગનં દઇને કામદેવથી મારૂં રક્ષણ કર ? ॥ ૭૭ ॥

इत्युक्त्वागलदत्तस्य । पादयोर्निपपात सा ॥
कथंचन समुत्थाप्य । तेनेति प्रत्यबोध्यत ॥ ७८ ॥

અર્થ:—એમ કહીને તે અગલદત્તને પગે પડી, ત્યારે તે પણ કેટલેક પ્રયાસે તેણીને ઉઠાડીને પ્રતિબોધવા લાગ્યો કે, ॥ ૭૮ ॥

सुधावेणिसदृग्वाणि । यदभाणि त्वया मम ॥
प्रबलप्रेमपाथोधेः । स वीचीनिचयः खलु ॥ ७९ ॥

અર્થ:—હે અમૃતની નહેરસરખી વાણીવાળી! તેં જે મને કહ્યું તે ખરેખર અત્યંત પ્રીતિરૂપી સમુદ્રના મોજાંના સમુહસરખું છે. ॥૭૯॥

ध्यानाद्रूपातिगात्सुभ्रु । निवृत्तिं योगिनो विदुः ॥
अहं तां तव रूपस्थ—ध्यानादेवाप्नुवं ध्रुवं ॥ ८० ॥

અર્થ:—વળી હે સુભ્રુ! યોગીઓ રૂપાતીત ધ્યાનથી નિવૃત્તિ કહે છે, હું તો તારાં રૂપસ્થ ધ્યાનથીજ ખરેખર તે નિવૃત્તિ પામ્યો છું. ॥૮૦॥

परं गैरेयगौरांगि । स्यातुर्गुरुकुले मम ॥
न हि नामांगनासंग—रंगः संगतिमंगति ॥ ८१ ॥

અર્થ:—પરંતુ હે ગૌરાંગિ! હું જ્યાંસુધી અહીં ગુરૂકુલેમાં રહ્યો છું ત્યાંસુધી સ્રીના સંગનો રંગ મારેમાટે યોગ્ય ગણાય નહિ. ॥ ૮૧ ॥

वीरपुत्रोऽपि वीरोऽपि । बिभेम्येष गुरोः पुरः ॥
गुरुक्षेत्रं गतः सूरो—ऽप्युदास्तेऽखिलकर्मसु ॥ ८२ ॥

અર્થ:—હું સુભટનો પુત્ર અને સુભટ છું, છતાં પણ ગુરૂથી ડરૂં છું, કેમકે ગુરૂના ક્ષેત્રમાં ગયેલો સૂર્ય પણ સર્વ કાર્યોમાં ઉદાસીન થાય છે. ॥ ૮૨ ॥

हसित्वा स्माह सा स्वामिन् । कामित्वं तव कीदृशं ॥
यः स्त्रीभिः प्रार्थितो धत्ते । गुर्वादिभ्यो भयं हृदि ॥ ८३ ॥

અર્થ:—ત્યારે તે હસીને બોલી કે હે સ્વામી! ત્યારે તમારૂં કામીપણું તે કેવું? કે જે સ્ત્રીએ પ્રાર્થના કર્યા છતાં હૃદયમાં ગુરૂઆદિકનો ભય ધારણ કરે છે. ॥ ૮૩ ॥

भेजे तल्पं गुरोरेव । शशी किं न कलारसी ॥
व्यमृशन्न तु निःशंकः । कलंकमपि भाविनं ॥ ८४ ॥

અર્થ:—કલાના રસિક ચંદ્રે પણ શું ગુરૂનીજ શય્યા નથી ભોગવી? અને તેમ કરવામાં તેણે નિ:શંક થઇને થનારા કલંકનો પણ વિચાર કર્યો નથી. ॥ ૮૪ ॥

सोऽप्यूचे सत्यमेवैतत् । त्वरां मास्म कृथाः पुनः ॥
सहादास्येऽरविंदास्ये । त्वामवंतीं व्रजन्नहं ॥ ८५ ॥

અર્થ:—ત્યારે અગલદત્તે પણ કહ્યું કે હે કમલમુખી! એ વાત સત્યજ છે, પરંતુ તું ઉતાવળ કર નહિ, જ્યારે હું ઉજ્જયિની જઇશ ત્યારે તને સાથે લેતો જઇશ. ॥ ૮૫ ॥

एकचितां कथंचित्तां । प्रत्याय्य शपथैरसौ ॥
तत्सौंदर्योदधौ मीन—न्मनाः स्वस्थानमीयिवान् ॥ ८६ ॥

અર્થ:—એવી રીતે એક મનવાળી એવી તેણીને સોગનપૂર્વક કેટલેક પ્રયાસે પ્રતિતી કરાવીને તેણીના સૌંદર્યરૂપી સમુદ્રમાં મત્સ્યસરખા મનવાળો તે અગલદત્ત પોતાને સ્થાનકે ગયો. ॥ ૮૬ ॥

तामुत्कीर्णामिव स्यूता—मिव लीनामिवान्वहं ॥
वहन् हृदि व्यलंघिष्ट । कतिचिद्वासरानयं ॥ ८७ ॥

અર્થ:—જાણે કોતરેલી, સીવેલી અથવા લીન થયેલી હોય નહિ એમ હમેશાં તેણીને હૃદયમાં ધારણ કરતા એવા તે અગલદત્તે કેટલાક દિવસો વ્યતીત કર્યા. ॥ ૮૭ ॥

धाम विद्यामयं बिभ्र—दुद्धृत्तमिव वर्ष्मणः ॥
अन्यदा सुगुरोः पादौ । प्रणम्येति व्यजिज्ञपत् ॥ ८८ ॥

અર્થઃ—શરીરમાંથી જાણે ઓધરી કહાડયું હોય નહિ એવા વિદ્યામય તેજને ધારણ કરતો એવો તે અગલદત્ત એક દિવસે ગુરૂને ચરણે નમીને વિનંતિ કરવા લાગ્યો કે, ॥ ૮૮ ॥

अनुमन्यस्व मां राज्ञः । पुरः स्फारयितुं कलां ॥
कला अगुप्तरूपा हि । रूपाजीवा इव श्रिये ॥ ८९ ॥

અર્થઃ—હે ગુરૂ! હવે મારી કલા રાજાપાસે દેખાડવામાટે મને આજ્ઞા આપો? કેમકે વેશ્યાનીપેઠે પ્રસિદ્ધિમાં આવેલી કલા લક્ષ્મી દેનારી થાય છે. ॥ ૮૯ ॥

अनुज्ञातोऽथ गुरुणा । पुरस्कृत्य तमेव सः ॥
गतः सदसि भूनाथ—मनमन्नमनोचितं ॥ ९० ॥

અર્થઃ—પછી ગુરૂએ અનુજ્ઞા દેવાથી તેનેજ અગાડી કરીને તે રાજસભામાં ગયો, તથા તે નમવાલાયક રાજાને નમ્યો. ॥ ૯૦ ॥

कोऽयमैदंयुगीनेषु । जनेषु परभागभाक् ॥
इति पृष्टो नृपेणोचे । तत्कुलाद्यं कलागुरुः ॥ ९१ ॥

અર્થઃ—આ કાળના મનુષ્યોમાં ઉત્કૃષ્ટ ભાગ્યશાલીસરખો આ વળી કોણ છે? એમ રાજાએ પૂછવાથી કલાગુરૂએ તે અગલદત્તનું કુલ આદિક નિવેદન કર્યું. ॥ ૯૧ ॥

कांचित्कलामिलाभर्तु—र्दर्शयेति गुरोर्गिरा ॥
सोऽबध्नान्मल्लवद्वीर—वरः परिकरं दृढं ॥ ९२ ॥

અર્થઃ—હવે રાજાને તારી કંઇક કલા દેખાડ? એમ ગુરૂએ કહેવાથી તે મહાસુભટે મલ્લનીપેઠે મજબૂત કાછો બાંધ્યો. ॥ ૯૨ ॥

प्रशस्तलस्तकन्यस्त—हस्तः स धनुषो गुणं ॥
ध्वनयंस्तत्प्रतिध्वानैः । सभारंध्राण्यदिध्वनत् ॥ ९३ ॥

અર્થઃ—મનોહર કામઠાપર હાથ રાખીને ધનુષની દોરીનો અવાજ કરતોથકો તે તેના પડઘાઓથી સભાના દ્વારોને પણ અવાજ કરાવવા લાગ્યો. ॥ ૯૩ ॥

संस्थानपूर्वमिश्वास–मुक्तेष्वासशरव्यकं ॥
अविध्यच्चापलं चेतो । योगीव सुगुरोर्गिरा ॥ ९४ ॥

અર્થઃ—ગુરૂના વચનથી બરોબર ચીંધીને ધનુષમાંથી છોડેલા બાણથી યોગી જેમ મનને તેમ તેણે તરત એ બાણને વીંધી નાખ્યું.

शाणोत्तीर्णामसिलता—मसौ वियति नर्त्तयन् ॥

अनभ्रविद्युदारेक–मकांडे निर्ममे नृणां ॥ ९५ ॥

અર્થઃ—પછી તે આકાશમાં સજેલી તલવાર નચાવતોથકો અકાળે વાદળાંવિના પણ લોકોને વિજળીના ચમકારાજેવું દેખાડવા લાગ્યો.

चकासे चतुरश्चक्रं । चालयन्नेकपाणिना ॥

चिरं चरटचक्रस्य । चालनां सूचयन्निव ॥ ९६ ॥

અર્થ—પછી તે ચતુર સુભટ એક હાથે ચક્ર ભમાવતોથકો ઘણા કાળસુધી જાણે કુંભારના ચક્રનું ચાલવું સૂચવતો હોય નહિ તેમ શોભવા લાગ્યો. ॥ ૯૬ ॥

सोऽदभ्रं भ्रमयन् लौहं । मुद्गरं वेगतोऽभितः ॥

अभूतपूर्वं पार्षद्यान् । भयक्षोभमशिक्षयत् ॥ ९७ ॥

અર્થઃ—વળી તે અટકાવરહિત લોખંડનું મુદ્ગર વેગથી ચારે બાજુ ભમાવતોથકો સભાસદોને અગાઉ કદી ન થયેલો એવો ભયનો ક્ષોભ ઉપજાવવા લાગ્યો. ॥ ૯૭ ॥

दंडं तांडवयंश्चक्रे । दृष्टॄणामिति संभ्रमं ॥

युगपज्जगतीं जग्धुं । यमः किमयमाययौ ॥ ९८ ॥

અર્થઃ—પછી તે દંડ ઉછાળતોથકો જોનારાઓને એવો ભય-પમાડવા લાગ્યો કે શું એકી વખતે જગતને ખાવામાટે આ યમ આવેલો છે? ॥ ૯૮ ॥

तथोल्ललास शस्त्रे स । मुक्तामुक्तोभयात्मके ॥

यथासन् जरसीवेभा । निर्मदाः सुभटाः परे ॥ ९९ ॥

અર્થ—પછી તે મુકેલાં અને નહિ મુકેલા એમ બન્ને પ્રકારનાં શસ્ત્રોમાં એવી તો સ્ફુર્તિ દેખાડવા લાગ્યો કે જેથી ઘડપણમાં જેમ હાથીઓ તેમ અન્ય સુભટો મદરહિત થઇ ગયા. ॥ ૯૯ ॥

येषां वपुः शिलासार–सारैरिव विधिर्व्यधात् ॥

तत्रामन्यत मल्लांस्तान् । स गोमयमयानिव ॥ १७०० ॥

અર્થઃ— જેઓનું શરીર વિધાતાએ પત્થરના સારવડે બનાવ્યું છે, તે મલ્લોને પણ તે છાણના બનાવેલા માનતો હતો. ॥ ૧૭૦૦ ॥

तृणायापि न मन्यंते । ये योधानायुधोत्कटान् ॥

सोऽजैषीत्तानिभानोजः—खानिः खानीव सुव्रतः ॥ १ ॥

અર્થઃ—જે હાથીઓ હથિયારબંધ યોદ્ધાઓને પણ તૃણસમાન માનતા હતા, તે હાથીઓને મુનિ જેમ ઇંદ્રિઓને તેમ બલની ખાણસરખો તે અગલદત્ત જીતવા લાગ્યો. ॥ ૧ ॥

स्वां कलां लालयत्येवं । तस्मिन् विस्मितचेतसः ॥
मूर्द्धानं धूनयामासु—र्गुणक्रीताः सभासदः ॥ २ ॥

અર્થઃ—એવી રીતે તે જ્યારે પોતાની કલા દેખાડવા લાગ્યો ત્યારે તેના ગુણોથી વિસ્મય પામેલા સભાસદો મસ્તક ધુણાવવા લાગ્યા.

स्तुतिर्निदाविर्यो वंध्य—मनसोऽथ मुनेरिव ॥
मुखमेष महीपस्य । पश्यतिस्म पुनः पुनः ॥ ३ ॥

અર્થ—પરંતુ મુનિનીપેઠે સ્તુતિ અને નિંદાથી રહિત મનવાળા રાજાનું મુખ તે ફરી ફરીને જોવા લાગ્યો. ॥ ૩ ॥

भूपोऽवग्भद्र मे चित्रं । नानया कलया तव ॥
चेष्टंते बहवोऽप्येवं । प्रायेणोदरपूर्त्तये ॥ ४ ॥

અર્થઃ—ત્યારે રાજા બોલ્યો કે હે ભદ્ર! મને તારી આ કલાથી આશ્ચર્ય થતું નથી, કેમકે પ્રાયેં કરીને ઘણા માણસો ઉદરપૂર્તિમાટે આવી ચેષ્ટા કરે છે. ॥ ૪ ॥

धनेन धीर कार्यं चे—त्तद्याचस्व यथारुचि ॥
आज्ञाभंगं न कस्यापि । कुर्मो जैना दयालवः ॥ ५ ॥

અર્થઃ—વળી હે ધીર! જો તારે ધનનું પ્રયોજન હોય તો તું તારી મરજીમુજબ માગી લે કેમકે અમો જૈનો દયાળુ હોવાથી કોઇની પણ આશાનો ભંગ કરતા નથી. ॥ ૫ ॥

सोऽप्यूचे किमहं भिक्षु—र्यत्त्वत्तः कामये धनं ॥
धनश्रेणीस्तृणीयंते । यशस्कामा हि मानिनः ॥ ६ ॥

અર્થઃ—ત્યારે અગલદત્ત પણ બોલ્યો કે શું હું ભિક્ષુક છું? કે તમારા પાસેથી ધન માગું, કેમકે યશની ઇચ્છાવાળા માની માણસો ધનની શ્રેણિને તૃણસમાન ગણે છે ॥ ૬ ॥

प्रियालापेऽपि दारिद्र्य । यस्य किं वा स दास्यति ॥
वृथा फलाशा पांथानां । छायासंशयिनि द्रुमे ॥ ७ ॥

અર્થઃ—વળી મિષ્ટ વચન બોલવામાં પણ જેને કૃપણતા છે તે વળી શું આપશે? કેમકે જે વૃક્ષ છાયા પણ દઇ શકતું નથી, તેની પાસેથી પંથીઓએ ફલની આશા કરવી ફોકટ છે. ॥ ૭ ॥

**दत्तं वा प्रियवाग्हीनं । दानं कांक्षति कः सुधीः ॥**
**कुंताग्रस्थसिताश्रेणां—जनं किं स्याद् दृशोर्मुदे ॥ ८ ॥**

અર્થ:—અથવા મિષ્ટ વચનવિના આપેલાં દાનને કયો સુબુદ્ધિ માણસ લેવાની ઇચ્છા કરે? કેમકે ભાલાંની અણીપર રહેલા સુરમા વડે આંખમાં અંજન કરવાથી શું હર્ષ થાય છે? ॥ ૮ ॥

**भूपोऽवग् निष्कला युक्तं । माद्यंति कलया तव ॥**
**स्वयं कलासु निष्णाताः । कथमस्मादृशाः पुनः ॥ ९ ॥**

અર્થ—રાજા બોલ્યો કે તારી કલાથી કલાવિનાના માણસો જે ખુશ થાય છે તે યુક્ત છે, પરંતુ પોતેજ કલાઓમાં નિપુણ એવા અમો કેમ ખુશી થઇએ? ॥ ૯ ॥

**किं तवाजीविकामात्र—कलया कलयानया ॥**
**ममोत्तमकलाभ्यासं । शृणु लोकद्वये हितं ॥ १० ॥**

અર્થ:—ફક્ત આજીવિકામાટે મનોહર એવી આ તારી કલાવડે શું થવાનું છે? બન્ને લોકોમાં હિતકારી એવો મારો ઉત્તમ કલાભ્યાસ તું સાંભળ? ॥ ૧૦ ॥

**इहैव पुरि कौशांब्यां । हरिषेणोऽभवन्नृपः ॥**
**पद्मेव पद्मनाभस्य । प्रेयसी तस्य धारिणी ॥ ११ ॥**

અર્થ:—આજ કોશાંબી નગરીમાં હરિષેણ નામે રાજા હતો, તેને વિષ્ણુને જેમ લક્ષ્મી તેમ ધારિણી નામે રાણી હતી. ॥ ૧૧ ॥

**सुबुद्धिः सचिवस्तस्य । मतिव्रततिमंडपः ॥**
**सिंहला स्नेहलालाप—सारणिस्तस्य वल्लभा ॥ १२ ॥**

અર્થ:—તે રાજાને બુદ્ધિરૂપી વેલડીના મંડપસરખો સુબુદ્ધિ નામે મંત્રી હતો, તથા તે મંત્રીની સ્નેહયુક્ત વચનોની નહેરસરખી સિંહલા નામે સ્ત્રી હતી. ॥ ૧૨ ॥

**आनंदः स्वजनानंद—कारणं तनयस्तयोः ॥**
**सस्वजे प्राप्ततारुण्यो । व्याधिना त्वग्विरोधिना ॥ १३ ॥**

અર્થ:—તેઓને સ્વજનોને આનંદ કરનારો આનંદ નામે પુત્ર હતો, પરંતુ જ્યારે તે યુવાન થયો ત્યારે તેના શરીરમાં ચામડીનો રોગ દાખલ થયો ॥ ૧૩ ॥

विकस्सुमत्र सततं । विज्ञाय व्याधिनायकं ॥

अशुश्रुवद्वपुस्तस्य । तद्भृत्यः श्वयथुः स्वयं ॥ १४ ॥

અર્થ:—તે રોગના નાયકને હુમેશાં તેના શરીરમાં વસવાની ઇચ્છા-વાળો જાણીને તેના નોકર સોજાએ પોતે તેનું શરીર સ્થૂલ કરવા માંડયું. ॥ १४ ॥

आविर्बभूव दौर्गंध्यं । तस्यांगे तत्प्रसृत्वरं ॥

न येन सविधे स्थातुं । कोऽपीष्टे मक्षिकां विना ॥ १५ ॥

અર્થ:—પછી તે રોગને લીધે તેના શરીરમાં એવી દુર્ગંધી વિસ્તાર પામી કે જેથી મક્ષિકાવિના કોઇ પણ તેની પાસે બેસી શકતું નહિ.

चिरं चिकित्स्यमानोऽपि । नासौ नीरोगतां गतः ॥

बठरः पठ्यमानोऽपि । विनेयो वैदुषीमिव ॥ १६ ॥

અર્થ:—ઘણા કાળસુધી તેને માટે ઔષધો કર્યાં પરંતુ ભણતો એવો પણ બુદ્ધિવિનાનો શિષ્ય જેમ વિદ્વતાને તેમ તે નિરોગી થયો નહિ.

गृहापवरकं नासौ । दुःसाधव्याधिबाधितः ॥

जहौ जराजर्जरितो । भोगीव तरुकोटरं ॥ १७ ॥

અર્થ:—અને તેથી ઘડપણથી નિર્બલ થયેલો સર્પ જેમ વૃક્ષનું બિલ તેમ અસાધ્ય વ્યાધિથી પીડિત થયેલા તે મંત્રિપુત્રે ઘરનો ઓરડો છોડયો નહિ. ॥ १७ ॥

अन्यदा मंत्रिणः क्षोणी—नेतुः सदसि तस्थुषः ॥

जवनो यवनद्वीपा—द्धीमान् दूतः समाययौ ॥ १८ ॥

અર્થ:—એક વખતે જ્યારે મંત્રી રાજસભામાં બેઠા છે, તેવામાં યવનદ્વીપથી એક વેગવાળો બુદ્ધિવાન દૂત ત્યાં આવ્યો. ॥ १८ ॥

दूतः स्वस्वामिनः कार्यं । राज्ञे तस्मै निवेद्य सः ॥

उत्तस्थौ लब्धसन्मानः । सदसः सह मंत्रिणा ॥ १९ ॥

અર્થ:—તે દૂત પોતાના રાજાનું કાર્ય તે રાજાને કહીને તથા આદરમાન મેળવીને મંત્રીસહિત સભામાંથી ઉઠયો. ॥ १९ ॥

दूतं समग्रराजन्य—शुद्धिप्रापणलग्नकं ॥

चकार भूरिसत्कार—पात्रं मंत्री स्ववेश्मनि ॥ २० ॥

અર્થ:—સર્વ રાજાઓની ખબરઅંતર જાણનારા તે દૂતને મંત્રીએ પોતાને ઘેર લઇ જઇને તેનો ઘણો આદરસત્કાર કર્યો ॥ २० ॥

दद्दशे तत्र दुर्गंध–देहो गेहोदरे स्थितः ॥
उत्थून इव मंडूकः । कूपांतस्तेन मंत्रिभूः ॥ २१ ॥

અર્થ:—ત્યાં તેણે ઓરડામાં રહેલો દુર્ગંધ શરીરવાળો તે મંત્રિપુત્ર કુવામાં રહેલા દેડકાનીપેઠે ઉછળતો જોયો. ॥ ૨૧ ॥

कोऽयमंतः परो लक्ष–मक्षिकाहृदयंगमः ॥
इति पृष्टोऽमुना मंत्री । प्रोचे बाष्पायतेक्षणः ॥ २२ ॥

અર્થ:—લાખો ગમે માખોને પ્રિય થઇ પડેલો આ કોણ છે? એમ તે દૂતે પૂછવાથી મંત્રી આંખોમાં આંસુ લાવી બોલ્યો કે, ॥૨૨॥

किं वच्मि मंदभाग्योऽहं । यौवनेऽसौ ममांगजः
फलस्य काले शाखीव । प्लुष्टः कुष्टदवाग्निना ॥ २३ ॥

અર્થ:—શું કહું? હું મંદ ભાગ્યવાળો છું, કેમકે ફલસમયે જેમ વૃક્ષ તેમ યૌવનવયમા આ મારો પુત્ર કુષ્ટરૂપી દાવાનલથી વ્યાપ્ત થયો છે. ॥ ૨૩ ॥

अहं वैद्यप्रतीकारा–नस्याऽनल्पानचीकरं ॥
शशाम नाम नो तैस्तु । घृतैरिव धनंजयः ॥ २४ ॥

અર્થ:—મેં તેનામાટે વૈદ્યોમારફતે ઘણા ઉપાયો કર્યા, પરંતુ ઘૃતથી જેમ અગ્નિ તેમ તેથી આનો રોગ શાંત થયો નહિ. ॥ ૨૪ ॥

स दृष्टभूरिभूखंडः । पृष्टानेकबहुश्रुतः ॥
भक्तिक्रीतोऽभ्यधात्तस्य । सत्यप्रत्ययमौषधं ॥ २५ ॥

અર્થ:—જોએલ છે ઘણો પૃથ્વીભાગ જેણે તથા પૂછેલ છે અનેક બહુશ્રુતોને જેણે એવા તે દૂતે મંત્રીની ભક્તિથી ખુશ થઇને તેને ખરી ખાત્રીનું ઔષધ બતાવ્યું કે, ॥ ૨૫ ॥

अयं जात्यकिशोरस्य । यदि क्षिप्येत शोणिते ॥
तत्त्वग्दोषेण मुच्येत । मेलेनेव कृताप्लवः ॥ २६ ॥

અર્થ:—જો આ તારા પુત્રને જાતિવંત ઘોડાના વછેરાના રૂધિરમાં ઝબોળવામાં આવે તો સ્નાન કરનારને જેમ મેલ તેમ આનો આ કુષ્ટ રોગ નાશ પામે. ॥ ૨૬ ॥

इत्युदित्वा गते दूते । व्यमृशन्मंत्रिपुंगवः ॥
लेभे व्याधिप्रतीकार । एष ईषत्करो मया ॥ २७ ॥

અર્થ:—એમ કહીને તે દૂત ગયા બાદ મંત્રીએ વિચાર્યું કે, આ તો મને સહેલો રોગનો ઉપાય હાથ આવ્યો છે. ॥ ૨૭ ॥

**पुत्रमित्रकलत्रेभ्यो—ऽप्यविश्वस्तेन भूभुजा ॥**

**यः किशोरो ममावासे । न्यासे मुक्तोऽस्ति सद्गुणः ॥ २८ ॥**

અર્થ:—પુત્ર, મિત્ર અને સ્ત્રીનો પણ વિશ્વાસ નહિ રાખતા એવા રાજાએ જે ઉત્તમ લક્ષણવાળો વછેરો મારે ઘેર થાપણ રાખ્યો છે, ॥૨૮॥

**रक्तधारास्ततः पुष्ट—शरीरादापगा इव ॥**

**भूयस्योऽप्युद्भविष्यंति । राज्यश्रीकेलिशैलतः ॥ २९ ॥**

અર્થ:—રાજલક્ષ્મીને ક્રીડા કરવાના પર્વત સરખા અને પુષ્ટ શરીરવાળા તે વછેરામાંથી નદીનીપેઠે રૂધિરની ઘણી ધારા નિકળશે, ॥૨૯॥

**तासु स्नातो लघूल्लाघो । भविता मे कुमारकः ॥**

**पीनांगश्च किशोरोऽपि । वृष्ययोगाभियोगतः ॥ ३० ॥**

અર્થ:—અને તેમાં સ્નાન કરવાથી મારો પુત્ર તુરત નિરોગી થશે, અને ઘા રૂઝાવનારી ઔષધી આદિકના પ્રયોગથી તે વછેરો પણ પાછો પુષ્ટ શરીરવાળો થશે. ॥ ૩૦ ॥

**मंत्रिणाथ किशोरस्य । शिरावेधो व्यधीयत ॥**

**प्रवहद्भिस्ततोऽसृग्भिः । क्षणात्कुंडमपूर्यत ॥ ३१ ॥**

અર્થ:—પછી તે મંત્રિએ તે વછેરાની નાડી ફોડી, અને તેમાંથી નિકળતાં લોહીથી ક્ષણવારમાં કુંડી ભરાઇ ગઇ. ॥ ૩૧ ॥

**कौपं नालमिवोद्भिन्नं । मंत्रिणा धमनीमुखं ॥**

**यत्नतः संवृतमपि । न तस्थौ रुधिरं वमत् ॥ ३२ ॥**

અર્થ:—પછી ખુલ્લી થયેલી કુવાની સરવાણીનીપેઠે મંત્રીએ તેની નાડીનું મુખ જો કે યત્નપૂર્વક બંધ કર્યું, તો પણ તેમાંથી નિકળતું રૂધિર બંધ થયું નહિ. ॥ ૩૨ ॥

**क्षणान्निश्च्योतितालक्त—पक्ष्मवत्पांडुतां गतः ॥**

**बालाश्वस्तत्यजे प्राणै—ररक्ते कोऽवतिष्टते ॥ ३३ ॥**

અર્થ:—ક્ષણવારમાં નીચોવી લીધેલા અળતાના શેતરાંનીપેઠે ફિક્કો પડી ગએલો તે વછેરો પ્રાણરહિત થયો, કેમકે અરક્તપાસે કોણ રહે?॥૩૩॥

**कोऽपि द्वेषी नरेंद्राय । तत्स्वरूपं न्यरूपयत् ॥**

**खलैर्हि पूरितो लोको । मत्कुणैरिव मंचकः ॥ ३४ ॥**

અર્થ:—ત્યારે કોઇક દ્વેષી માણસે રાજાને તે વૃત્તાંત નિવેદન કર્યો, કેમકે માંકડોથી જેમ માંચો તેમ આ જગત ખલોથી ભરેલું છે.

कल्पाग्निमिव कोपेन । नयन् हीनोपमा नृपः ॥
आरक्षै राक्षसक्रूरै–र्महामात्यमबंधयत् ॥ ३५ ॥

અર્થ:—પછી કલ્પાંતકાળના અગ્નિનીપેઠે કોપથી નીચની ઉપમાને પ્રાપ્ત થયેલા રાજાએ રાક્ષસસરખા નિર્દય પોલીસમારફતે તે મહામંત્રીને બંધાવ્યો. ॥ ૩૫ ॥

कषाया इव पुण्यौघं । गृहसारं विलुंट्य ते ॥
सकुटुंबं निजघ्नुस्तं । मारैर्नरकदारुणैः ॥ ३६ ॥

અર્થ:—પછી કષાયો જેમ પુણ્યના સમુહને તેમ તેઓએ તેના ઘરની સર્વ મિલ્કત લુંટીને નરકસરખા ભયંકર મારથી તેને કુટુંબસહિત મારી નાખ્યો. ॥ ૩૬ ॥

गुप्तगात्रो निलीयास्था–दानंदो रक्तकुंडके ॥
क्लीवः स्वं धीवरात्त्रातु–कामः कूर्म इवांभसि ॥ ३७ ॥

અર્થ:—તે વખતે અસમર્થ તે આનંદ મચ્છીમારથી બચવાની ઇચ્છાવાળો કાચબો જેમ જલમાં તેમ રૂધિરની કુંડીમાં પોતાના અંગોપાંગ ગોપવીને છુપાઇ રહ્યો હતો. ॥ ૩૭ ॥

ततोऽपि निशि निर्गत्य । धौतांगः क्वापि वारिणि ॥
स्वमालोकत सच्छायं । निर्मोकमिव पन्नगं ॥ ३८ ॥

અર્થ:—પછી રાત્રિએ તેમાંથી નિકલીને ક્યાંક જલમાં પોતાનું શરીર ધોયાબાદ તે પોતાને કાંચળીવિનાના સર્પનીપેઠે નીરોગી શરીરવાલો જોવા લાગ્યો. ॥ ૩૮ ॥

केनाप्यलक्षितः पर्ण–वाटं निश्येत्र सोऽगमत् ॥
तत्स्वामिना च कल्याण । कोऽसि त्वमिति भाषितः ॥

અર્થ:—પછી ત્યાંથી કોઇની નજરે પડયાવિના ગુપ્ત રીતે રાત્રિની અંદરજ તે એક ખલાવાડમાં ગયો, ત્યારે તે ખલાવાડના માલિકે તેને પૂછયું કે હે કલ્યાણ! તું કોણ છે? ॥ ૩૯ ॥

दीनास्येनादितः स्वीयो–दंते तेन निवेदिते ॥
कृपालुर्मंत्रिपुत्रं स । रहः स्वगृहमानयत् ॥ ४० ॥

અર્થ:—ત્યારે તેણે પણ દયામણે ચહેરે પોતાનો વૃત્તાંત પહેલેથી તેની આગલ નિવેદન કર્યો, ત્યારે તે દયા લાવીને તે મંત્રિપુત્રને ગુપ્ત રીતે પોતાને ઘેર તેડી લાવ્યો. ॥ ૪૦ ॥

सुपर्णाद्दुरगः सिंहा—न्मृगश्चौरादिवाध्वगः ॥
गुप्तचारी नृपाद्भीत-स्तस्थौ तत्र सुखेन सः ॥ ४१ ॥

અર્થ:—ગરૂડથી જેમ સર્પ, સિંહથી જેમ હરિણ તથા ચોરથી જેમ પંથી તેમ રાજાથી ડરેલો તે મંત્રિપુત્ર ત્યાં સુખેથી ગુપ્તપણે રહ્યો. ॥૪૧॥

पुण्यांगावन्यदा धर्म—रथस्यैकधुराविव ॥
प्रवेशं दुर्गतौ त्रातुं । सुश्लिष्टावररी इव ॥ ४२ ॥

અર્થ:—હવે એક દિવસે પવિત્ર શરીરવાળા, ધર્મરૂપી રથની ધુરાસરખા, દુર્ગતિમાં જવાને અટકાવવામાટે મજબૂત ભોગળસરખા,

अलिप्तौ पापपूरेण । संसृतेः पुलिनाविव ॥
साधू सत्तपसाधूत-मोहौ तद्गृहमीयतुः ॥ ४३ ॥ युग्मं ॥

અર્થ:—પાપોના સમુહથી નહિ લેપાયેલા, સંસારના કિનારાજેવા તથા ઉત્તમ તપથી મોહને નાશ કરનારા એવા બે સાધુઓ તેને ઘેર આવ્યા. ॥ ૪૩ ॥

भृंगयन्नुत्तमांगं स्वं । मंत्रिभूस्तत्पदांबुजे ॥
किं वत्स विमनस्कोऽसि । मुनिभ्यामित्यभाण्यत ॥ ४४ ॥

અર્થ:—ત્યારે તે મંત્રિપુત્ર તે મુનિના ચરણકમલપ્રતે પોતાના મસ્તકને ભ્રમરરૂપ કરવા લાગ્યો, ત્યારે તેઓએ તેને પૂછ્યું કે હે વત્સ! તું ઉદાસ મનવાળો કેમ દેખાય છે? ॥ ૪૪ ॥

उदश्रुणाखिले मूला—न्निजदुःखेऽमुनोदिते ॥
अयच्छतां यती धर्म—शिक्षां दुःखांतकारिणीं ॥ ४५ ॥

અર્થ:—ત્યારે તેણે આંખોમાં આંસુ લાવીને મૂળથી પોતાનું દુઃખ કહી સંભળાવ્યું, ત્યારે તે મુનિઓએ તેને દુઃખનો નાશ કરનારો ધર્મોપદેશ આપ્યો કે, ॥ ૪૫ ॥

माधुर्यं लवणे सारं । रंभायां सुस्वरः खरे ॥
पावित्र्यं वर्चसो गेहे । स्वादु पानीयमूषरे ॥ ४६ ॥

અર્થ:—જેમ લવણમાં મીઠાશ, કેળમાં કઠીનતા, ખરમાં સુસ્વર, ચમારના ઘરમાં પવિત્રતા, ખારી જમીનમાં મીઠું પાણી, ॥ ૪૬ ॥

स्नेहो भस्मनि वैशद्यं । मष्यां शैत्यमिवानले ॥
सौम्य क्वापि सुखं नास्ति । व्यापकापज्वरे भवे ॥ ४७ ॥

અર્થ:—શંખમાં ચીકાશ, મષીમાં સફેદાઇ તથા અગ્નિમાં જેમ શીતલતા નથી તેમ હે સૌમ્ય ! દુઃખથી ભરેલા આ સંસારમાં ક્યાંય પણ સુખ નથી. ॥ ૪૭ ॥

ये संयोगास्तनुमता—माद्यमुन्मादकारणं ॥
तेषां निष्टावियोगो हि । व्यापाराणां विपद्य ते ॥ ४८ ॥

અર્થ:—પ્રાણીઓને જે સંયોગો પ્રથમ હર્ષ કરનારા થાય છે, તે વ્યાપારોનો ખરેખર નિશ્ચયથી વિયોગ થાય છે. ॥ ૪૮ ॥

यत्सर्वबंधुसंहारा—दारात्त्वग्मात्रसारता ॥
तस्य चिंतय वैरस्यं । स्वदेहस्यायतौ ध्रुवं ॥ ४९ ॥

અર્થ:—વળી તું વિચાર કે જે સર્વ સ્વજનોના નાશથી ફક્ત તારૂં શરીર શોભીતું થયું છે, તે તારૂં શરીર ભવિષ્યકાળમાં ખરેખર નાશ પામશે. ॥ ૪૯ ॥

दिनानामिव जंतूनां । वृद्धिर्हानिश्च निश्चिता ॥
आसत्तिं विप्रकृष्टिं च । याति पुण्यविवस्वति ॥ ५० ॥

અર્થ:—પુણ્યરૂપી સૂર્ય ઉગતે તથા આથમતે છતે દિવસોની પેઠે પ્રાણીઓની વૃદ્ધિ અને હાનિ નિશ્ચિત થયેલી છે. ॥ ૫૦ ॥

कैः कैर्युक्तो विभक्तो वा । भवेद्देही न देहिभिः ॥
पुलिंद इव चिन्वानः । फलानि तरुभिर्वने ॥ ५१ ॥

અર્થ:—વનની અંદર ફળ એકઠાં કરતો ભિલ્લ જેમ વૃક્ષો સાથે તેમ આ સંસારમાં પ્રાણી કયા કયા પ્રાણીઓ સાથે સંયોગવિયોગ-વાળો નથી થતો? ॥ ૫૧ ॥

तत्त्यक्त्वा स्वजनव्रात—मनैकांतिकमध्रुवं ॥
आत्यंतिकं ध्रुवं धर्म—मेवैकं स्वजनीकुरु ॥ ५२ ॥

અર્થ:—માટે અનેકાંત અને ચપલ એવા સ્વજનોના સમુહને છોડીને ફક્ત એક આત્યંતિક અને નિશ્ચલ એવા ધર્મનેજ પોતાના સ્વજનરૂપ કર? ॥ ૫૨ ॥

स द्विधा श्रमणश्राद्ध—व्रतभेदाज्जिनैः स्मृतः ॥
तत्राद्यो ध्रियते धीरै—र्जीवैः क्लीवैस्तथेतरः ॥ ५३ ॥

અર્થ:—તે ધર્મ સાધુ અને શ્રાવકના વ્રતના ભેદથી બે પ્રકારનો જિનેશ્વરોએ કહેલો છે, તેમાં પહેલો ધીર મનુષ્યો તથા બીજો કાયર મનુષ્યો ધારણ કરે છે. ॥ ૫૩ ॥

आनंदः स्फुरदानंद–मंदीभूतमनोव्यथः ॥
अथ तत्प्रथमं भेजे । श्राद्धधर्मं स धीरधीः ॥ ५४ ॥

અર્થ:—હુવે આનંદ થવાથી ઓછું થયેલ છે મનનું દુઃખ જેનું એવા તે બુદ્ધિવાન આનંદે પ્રથમ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. ॥૫૪॥

बद्धमर्त्यभवायुष्कः । पूर्वं भद्रकभावतः ॥
पश्चात्प्रपालितश्राद्ध–धर्मः काले व्यपादि सः ॥ ५५ ॥

અર્થ:—પૂર્વે ભદ્રકપરિણામથી મનુષ્યભવનું આયુષ્ય બાંધીને પાછળથી શ્રાવકધર્મ પાળીને કેટલેક કાળે તે મરણ પામ્યો. ॥ ૫૫ ॥

पुरेऽत्र हरिषेणस्य । राज्ञः सोहं सुतोऽभवं ॥
जितशत्रुरिति ख्यातः । पुण्यैः किं नाम दुर्घटं ॥ ५६ ॥

અર્થ:—તે આનંદનો જીવ આ હું આ નગરમાં હરિષેણ રાજાનો જિતશત્રુ નામનો પુત્ર થયો છું, કેમકે પુણ્યથી શું પ્રાપ્ત થતું નથી?

दृष्ट्वान्यदा मुनिद्वंद्वं । मध्येपुरविचारिणं ॥
गवाक्षगोऽहमव्यूढ—मोहः प्राग्भवमस्मरं ॥ ५७ ॥

અર્થ:—એક દિવસે નગરની અંદર વિચરતું મુનિનું જોડલું જોઇને ગવાક્ષમાં બેઠેલો હું મોહ દૂર થવાથી પૂર્વભવને યાદ કરવા લાગ્યો. ॥ ૫૭ ॥

तदादि हृदि मन्येऽहं । कलासु सकलास्वपि ॥
वल्लीषु कल्पवल्लीव–देकां पुण्यकलां कलां ॥ ५८ ॥

અર્થ:—અને ત્યારથી હું મારા મનમાં એમ માનું છું કે વેલડીઓમાં જેમ કલ્પવેલી તેમ સઘલી કલાઓમાં એક પુણ્યકલાજ શ્રેષ્ટ છે.

वास्तुविद्योर्णनाभेषु । सुगृहासु च साग्रहा ॥
हंसे गतं वचः कीरे । नीरे च तरणं तिमौ ॥ ५९ ॥

અર્થ:—કરોળીયામાં જેમ વાસ્તુવિદ્યા, સુઘરીઓમાં વિશેષ પ્રકારની તે વિદ્યા, હુંસમાં ગતિ, પોપટમાં વચન, મત્સ્યમાં જલ તરવાની કલા, ॥ ૫૯ ॥

हुडे युद्धज्ञता काल—ज्ञानं च खरकुर्कुटे ॥
प्रचलाकिनि नृत्यं च । पंचमोद्गारिता पिके ॥ ६० ॥

અર્થ:—તેતરમાં યુદ્ધજ્ઞાન, ખર તથા કુકડામાં કાળજ્ઞાન, મયૂરમાં નૃત્ય તથા કોકિલમાં પંચમરાગ, ॥ ૬૦ ॥

एवं कला किल क्वापि । क्वापि दृष्टा पशुष्वपि ॥

न पुनः सफलं पुण्यं । विना श्रीसुखकीर्त्तयः ॥६१॥ तिमिर्विं०

અર્થઃ—એવી રીતે કોઇ કોઇ પશુમાં પણ કોક કોક કલા જોવામાં આવે છે, પરંતુ પુણ્યવિના લક્ષ્મી, સુખ કે કીર્તિ સફલ થતાં નથી.

शिरःशून्याः कलाः सर्वा । एकां धर्मकलां विना ॥

ततो वीर प्रशंसंति । संतस्तामेव केवलं ॥ ६२ ॥

અર્થઃ—એક ધર્મકલાવિના સઘળી કલાઓ મસ્તકરહિત છે, માટે હે વીર! સંત પુરૂષો કેવલ તે ધર્મકલાનેજ વખાણે છે. ॥ ૬૨ ॥

एवं राज्ञि वदत्येव । नागरा दुःखसागराः ॥

समं समाजमाजग्मुः । सारोपायनपाणयः ॥ ६३ ॥

અર્થઃ—જેવામાં રાજા એમ બોલે છે તેવામાં અત્યંત દુઃખી થયેલા નગરના લોકો એકઠા થઇને હાથમાં મનોહર ભેટણા સહિત રાજસભામાં આવ્યા, ॥ ૬૩ ॥

विज्ञं विज्ञपयामासु—स्ते नत्वा नरनायकं ॥

त्वां याचंते प्रभो स्थानं । पौराश्चौरार्त्तिवर्जितं ॥ ६४ ॥

અર્થઃ—તથા તે વિદ્વાન રાજાને નમીને વિનંતિ કરવા લાગ્યા કે હે સ્વામી! નગરના લોકો આપનીપાસે ચોરના ઉપદ્રવવિનાના સ્થાનની માગણી કરે છે. ॥ ૬૪ ॥

आत्मनीव सचैतन्ये । त्वयि मध्यस्थितेऽप्यहो ॥

लुप्तमेतत्पुरं चौर—चरटैः करटैरिव ॥ ६५ ॥

અર્થઃ—ચેતનાશક્તિવાળા આત્માનીપેઠે આપ અંદર રહ્યા છતાં પણ નાસ્તિકો સરખા ચોરોએ આ નગર લુંટીને વિનષ્ટ કર્યું છે. ॥ ૬૫ ॥

आरंभभीरव इव । स्तेनास्ते नाथ पत्तने ॥

स्वभावसिद्धान् गृह्णंति । दारांश्च विभवांश्च नः ॥ ६६ ॥

અર્થઃ—વળી હે સ્વામી! આપના આ નગરમાં જાણે આરંભથી ડરતા હોય નહિ તેમ તે ચોરો અમારી તૈયાર સ્ત્રીઓને તથા ધનને લઇ જાય છે. ॥ ૬૬ ॥

क्रूरचौरकृतैश्छिद्रैः । सांप्रतं सदनेषु नः ॥

प्रवेशनिर्गमौ जातौ । सुकरौ सर्पसंपदां ॥ ६७ ॥

અર્થઃ—વળી અમારા ઘરોમાં હમણાં તે ક્રૂર ચોરોએ કરેલાં છિદ્રોથી સર્પોને આવવાનું તથા લક્ષ્મીને જવાનું સહેલું થઇ પડેલું છે. ॥૬૭॥

अंगसंगतभूषायै । स्तेनैर्नस्तनया अपि ॥

वध्यंते हंत कस्तूरी—कृते गंधमृगा इव ॥ ६८ ॥

અર્થઃ—વળી કસ્તુરીમાટે જેમ હરિણોને તેમ શરીરપર પહેરેલાં આભૂષણો માટે તે ચોરો અમારાં સંતાનોને પણ મારી નાખે છે.

तथा तव पुरे चौरा । विलसंतिस्म निर्भरं ॥

यथा दैगंबरी दीक्षा । न चिराद्भाविनीं नृणां ॥ ६९ ॥

અર્થ:—આપના આ નગરમાં તે ચોરો એવી તો ચાલાકી વાપરી રહ્યા છે કે જેથી માણસોને હવે થોડા સમયમાંજ દિગંબરી દીક્ષા પ્રાપ્ત થશે. ॥ ૬૯ ॥

या मंडनं मुमुक्षूणा—मपरिगृहता मता ॥

अनिच्छतामपि स्तेनैः । सा नः संप्रति ढौकिता ॥ ७० ॥

અર્થ:—જે અપરિગ્રહપણું મુમુક્ષુ સાધુઓને શોભાવનારૂં છે, તે અપરિગ્રહપણું નહિ ઇચ્છતા એવા પણ અમોને હાલમાં ચોરોએ આપેલું છે. ॥ ૭૦ ॥

सद्मान्यासन्नसद्मानी—ति सोढं देव नागरैः ॥

मर्त्यहानिस्त्विहाऽनिष्टा । दृष्टा पूत्कुर्महे ततः ॥ ७१ ॥

અર્થ:—હે સ્વામી! ઘરો જે ઋદ્ધિરહિત થયાં તે તો અમોએ સહન કર્યું, પરંતુ મનુષ્યોની જે હાનિ થાય છે તે અમોને દુઃખદાયક દેખાય છે, અને તેથી અમો આપનીપાસે પોકાર કરીએ છીએ. ॥ ૭૧ ॥

तत् श्रुत्वा पृथिवीपालो । भीष्मभालोऽभ्यधात्क्रुधा ॥

रे रे दक्षास्तलारक्षाः । केयं भो वः प्रमत्तता ॥ ७२ ॥

અર્થ:—તે સાંભલીને ક્રોધથી ભયંકર લલાટવાળો રાજા બોલ્યો કે અરે હુશિયાર પોલીસ અમલદારો! આ તમારી ગફલતી તે કેવી!

भवत्सु दीप्यमानेषु । दिवाकरकरेष्विव ॥

क्रूरचौरतमःपूरः । पौरलोकं रुणद्धि किं ॥ ७३ ॥

અર્થ:—સૂર્યના કિરણોસરખા તમો દેદીપ્યમાન હોવા છતાં પણ ક્રૂર ચોરોરૂપી અંધકારનો સમુહ નગરના લોકોને કેમ હેરાન કરે છે?

दृप्ताः सप्ताहमध्ये त—दानयध्वं मलिम्लुचान् ॥

यूयमेवाथवा चौराः । किं चौराणां खनिः पृथक् ॥ ७४ ॥

અર્થ:—માટે તમો સાવધાન રહીને સાત દિવસની અંદર તે ચોરોને લાવો ? અથવા તમોજ ચોરો ઠરશો, કેમકે ચોરોની શું કંઇ જુદી ખાણ હોય છે ? ॥ ७४ ॥

इति राज्ञोदिते सर्वे । ते तत्रार्थे निरौजसः ॥

अधःपुष्पाः पुष्पिणीव । बभूवुर्न्यग्मुखा ह्रिया ॥ ७५ ॥

અર્થ:—રાજાએ એમ કહેવાથી તે કાર્ય કરવામાં અસમર્થ એવા તે પોલીસ અમલદારો નીચાં પુષ્પોવાળાં વૃક્ષોનીપેઠે લજ્જાથી નીચા મુખવાળા થયા. ॥ ७५ ॥

अथाप्तावसरः प्रोचे—ऽगलदत्तो नरेश्वरं ॥

ह्रीभारनतमूर्द्धानो । विमुच्यंतागमी प्रभो ॥ ७६ ॥

અર્થ:—હવે તે સમયે અવસર મલવાથી અગલદત્તે રાજાને કહ્યું કે હે સ્વામી ! લજ્જાના ભારથી નમેલાં મસ્તકવાળા આ પોલીસ અમલદારોને આ કાર્યથી મુક્ત કરો ? ॥ ७६ ॥

यद्यादिशसि भूनेत—श्चेतसा प्रगुणेन मां ॥

तदाहमंतः सप्ताह—मानये चौरनायकं ॥ ७७ ॥

અર્થ:—વળી હે સ્વામી ! જો આપ ખરા દિલથી મને ફરમાવો તો હું એ ચોરોના નાયકને સાત દિવસની અંદર લાવી આપું. ॥७७॥

दुःकरं सुकरं वेति । न चिंता दिप्ततेजसां ॥

विद्युद्गोलः पतन्नद्रौ । तृणे वा न हि भिन्नधीः ॥ ७८ ॥

અર્થ:—આ કઠીન છે કે સહેલું છે, એવી ચિંતા મહાપરાક્રમીઓને હોતી નથી, કેમકે પર્વત અથવા ઘાસપર પડતા વીજળીના ગોળાઓનો કંઇ જુદો પ્રકાર હોતો નથી. ॥ ७८ ॥

अथ प्राप्य नृपादेशं । चौरप्राप्तिपरायणः ॥

गंजाप्रपापुरद्यूत-सत्रशालासु सोऽभ्रमत् ॥ ७९ ॥

અર્થ:—હવે રાજાનું ફરમાન મેલવીને ચોરની શોધમાટે તૈયાર થયેલો તે અગલદત્ત મદિરાશાલા, પરબ, નગરમાં રહેલાં જુગારખાનાં તથા સદાવ્રતના સ્થાનોમાં ભમવા લાગ્યો. ॥ ७९ ॥

दर्शं दर्शं जनव्रातं । साचीकृतविलोचनः ॥

इक्षांचक्रे चिरं चौर—लक्षणानि विचक्षणः ॥ ८० ॥

અર્થ:—વળી તીરછી આંખોથી લોકોના સમુહને જોતા જોતા તે હુશિયાર અગલદત્ત ઘણા વખતસુધી ચોરના લક્ષણો જોવા લાગ્યો.

ये भौतिका भागवता—श्चरका लिंगिनस्तथा ॥

कापालिकाः कार्पटिकाः । सोऽभूत्तेषु विशेषदृक् ॥ ८१ ॥

અર્થ:—વળી તે ભૌતિક, ભાગવત, ચરક, લિંગી, કાપાલિક તથા કાપડીઓને વિશેષ પ્રકારે જોવા લાગ્યો. ॥ ८१ ॥

चौरं पश्यन्ननालस्य—मतीये षड् दिनानि सः ॥

न तु तं प्राप संताप—पूरितश्चेत्यचिंतयत् ॥ ८२ ॥

અર્થ:—એવી રીતે ખૂબ હુશિયારીથી ચોરની તપાસ કરતાં છ દિવસો તો વ્યતીત થયા, પરંતુ ચોર ન મલવાથી તે ખેદિત થઇને વિચારવા લાગ્યો કે. ॥ ८२ ॥

एकतो भूपतेरग्रे । प्रतिज्ञातं सुदुष्करं ॥

अन्यतस्त्वरितं यांति । जंघाला इव वासराः ॥ ८३ ॥

અર્થ:—એક તો રાજાનીપાસે જેમાટે પ્રતિજ્ઞા કરી છે તે કાર્ય દુષ્કર છે, અને બીજી બાજુ દિવસો એકદમ ઉતાવળથી ચાલ્યા જાય છે.

चौरश्चेल्लुप्स्यते नासौ । भव्यं चौरेण तन्मया ॥

जनदृक्परिहारार्थं । दिवागतिनिषेधतः ॥ ८४ ॥

અર્થ:—વળી જો આ ચોર નહિ મલે તો માણસોની નજર ચૂકાવવામાટે દિવસે ગમન નહિ કરવાથી મારેજ ચોર થવું પડશે. ॥८४॥

गंतव्यं वा विदेशेषु । वस्तव्यं वा वने क्वचित् ॥

न तूत्सृष्टप्रतिज्ञेन । स्थेयमत्र पुरे मया ॥ ८५ ॥

અર્થ:—અથવા પરદેશમાં જવું પડશે, અથવા તો કોઇ વનમાં જઇ વસવું પડશે, કેમકે પ્રતિજ્ઞાભંગ થવાથી મારાથી અહીં રહી શકાશે નહિ. ॥ ८५ ॥

एवं चिंतासरिद्वीचि—वर्द्धितस्वांतचापलः ॥

सप्तमेऽह्नि विकालेऽसौ । निरगान्नगराद्बहिः ॥ ८६ ॥

અર્થ:—એવી રીતે ચિંતારૂપી નદીના મોજાંથી વૃદ્ધિ પામેલ છે હૃદયની ચપલતા જેની એવો તે અગલદત્ત સાતમે દિવસે સંધ્યાકાળે નગરની બહાર ગયો. ॥ ८६ ॥

स्थितः स तस्करं लिप्सु—र्मलपीवरचीवरः ॥

मरुच्चलदलश्रेणे स्तत्र चूततरोस्तले ॥ ८७ ॥

અર્થ:—ત્યાં તે મલયુક્ત કપડાં પહેરીને પવનથી ચાલતી છે પાંદડાંઓની શ્રેણિ જેની એવા એક આંબાના વૃક્ષનીચે ચોરને મેળવવાની ઇચ્છાથી બેઠો. ॥ ८७ ॥

वामहस्तस्फुरद्दंडो । वांछन्निव यमोपमां ॥
दंडोध्ध्वँ चीरिका बिभ्र—ध्ध्वजवद्दुरितौकसि ॥ ८८ ॥
जपमालापरावर्तं । कुर्वन् दक्षिणपाणिना ॥
अमुष्यंत क्षितौ हंत । कतीति गणयन्निव ॥ ८९ ॥
बध्धुं नरतिमिन् जाल—मिव कंथां वहन् गले ॥
अव्यक्तं चालयन्नोष्टौ । चौर्यविद्यां जपन्निव ॥ ९० ॥
भून्यस्तनयनो मार्गं । दुर्गतेः स्पृहयन्निव ॥
परिव्राड् ददृशे तेना—ऽगच्छन् जीर्णवनात्तदा ॥९१॥चतुर्भिः॥

અર્થ:—એવામાં તેણે જાણે યમની ઉપમાં ઇચ્છતો હોય નહિ તેમ ડાબા હાથમાં પકડેલા દંડવાળો, અને પાપના ઘરપર રહેલી ધ્વજાનીપેઠે દંડપર લટકેલાં ચીંથરાંવાળો, ॥ ८८ ॥ અરે આ પૃથ્વીપર મેં કેટલાને લુંટયા છે? એમ જાણે ગણતો હોય નહિ તેમ જમણે હાથે જપમાલા ફેરવતો, ॥ ८९ ॥ મનુષ્યરૂપી મત્સ્યોને બાંધવાની જાણે જાળ હોય નહિ તેવી કંથાને ગલામાં ધારણ કરનારો, તથા જાણે ચોરી કરવાની વિદ્યા જપતો હોય નહિ તેમ શબ્દવિના હોઠ ફફડાવતો, ॥९०॥ તથા અધોગતિનો માર્ગ ચહાતો હોય નહિ તેમ જમીનપર દૃષ્ટિ રાખનારો એવો એક પરિવ્રાજક જોગી તેણે જીર્ણવનમાંથી આવતો જોયો.

उद्बद्धपिंडिकं दीर्घ—जंघमारक्तलोचनं ॥
स्तब्धकेशं वक्रनाशं । निश्चिक्ये तं स तस्करं ॥ ९२ ॥

અર્થ:—ઉંચી પેનીવાળો, લાંબી જંઘાવાલો, લાલ આંખોવાલો, સ્તબ્ધ કેશોવાલો તથા વાંકા નાકવાલો એવો તેને આવતો જોઇને અગલદત્તે નિશ્ચય કર્યો કે ખરેખર આ ચોર છે. ॥ ९२ ॥

सोऽपि स्वोपधिमालंब्य । शाखायां तस्य शाखिनः ॥
निविष्टो विष्टरीकृत्य । च्युतपत्राणि भूतले ॥ ९३ ॥

અર્થ:—પછી તે પરિવ્રાજક પોતાના ઉપકરણ તે વૃક્ષની ડાળમાં ટાંગીને પૃથ્વીપર પડેલાં પાંદડાંનું આસન બિછાવીને તે પર બેઠો ॥९३॥

भग्नपोतमिव क्षीण—सर्वस्वमिव दुःखिनं ॥
निरीक्ष्याऽगलदत्तं सो—ऽवतंसो मायिनां जगौ ॥ ९४ ॥

અર્થ:—જાણે વહાણ ભાંગી જવાથી સમુદ્ર તરીને નિકલ્યો હોય નહિ એવા, તથા પોતાની સર્વ મિલ્કત જાણે નાશ પામી હોય નહિ એવા તે દુ:ખી અગલદત્તને જોઇને તે કપટીનો શિરોમણિ બોલ્યો કે,

वत्स विच्छायतेयं ते । व्यक्तं वक्ति दरिद्रत ॥
तदाशु वद विश्वस्तः । कस्त्वं कौतस्कुतोऽसि वा ॥ ९५ ॥

અર્થ:—હે વત્સ! આ તારો દયામણો ચહેરો પ્રગટરીતે તારૂં દરિદ્રપણું સૂચવે છે, માટે તું મારાપર ભરૂસો રાખીને જલદી કહે કે તું કોણ અને ક્યાંનો રહેવાસી છે? ॥ ૯૫ ॥

जगादागलदत्तोऽथ । पटुः कपटनाटके ॥
ब्रूते परमकारुण्यं । प्रभो प्रश्नोऽयमेव ते ॥ ८६ ॥

અર્થ:—ત્યારે કપટનાટકમાં ચતુર એવો તે અગલદત્ત બોલ્યો કે હે ભગવન્! આપનો આ પ્રશ્નજ આપનું અતિ દયાલુપણું સૂચવે છે.

अहमुज्जयिनीवासी । बाल्योच्छिन्नपरिच्छदः ॥
सर्वात्मना श्रिया त्यक्तः । कुलपुत्रोऽस्मि दुर्भगः ॥ ९७ ॥

અર્થ:—હું ઉજ્જયિની નગરીનો રહેવાસી છું, મારી બાલ્યાવસ્થામાંજ મારો સર્વ પરિવાર નાશ પામ્યો છે, તેમજ હું બિલકુલ ધનવિનાનો અને દુર્ભાગી કુલીનનો પુત્ર છું. ॥ ૯૭ ॥

लग्नदारिद्र्यदावत्वा—दव्यवस्थं भुवि भ्रमन् ॥
न्यभालयमिहायात—स्त्वां कारुण्यैकसागरं ॥ ९८ ॥

અથ:—દારિદ્રરૂપી દાવાનલ મારી પાછળ લાગ્યાથી હું કંઈ પણ ઠરેઠેકાણાવિના આ પૃથ્વીપર ભમ્યા કરૂં છું, એવામાં અહીં દયાના સાગર એવા આપનાં મને દર્શન થયાં છે. ॥ ૯૮ ॥

निश्चितं त्वयि निध्याते । दारिद्र्यं शांतमेव मे ॥
शाम्यत्येव पयोराशिः । कुंभजन्मन्युदित्वरे ॥ ९९ ॥

અથ:—ખરેખર આપનું ધ્યાન ધરવાથીજ હવે મારૂં દારિદ્ર તો હું દૂર ગયેલું માનું છું, કેમકે જ્યારે વડવાનલ ઉદય પામે ત્યારે સમુદ્ર શાંતજ પડી જાય છે. ॥ ૯૯ ॥

द्रागथो लिंगिनालिंगि । सौम्य सम्यग् वदन्नसि ॥
मयि प्रसन्ने सन्नेत्र । भावि तेऽतिघनं घनं ॥ १८०० ॥

અર્થ:—હવે તે પરિવ્રાજકે તેને તુરત આલિંગન દેઇને કહ્યું કે હે સૌમ્ય! તું જે કહે છે તે બરોબર છે, વલી હે ઉત્તમ દૃષ્ટિવાળા! હું તારાપર જો પ્રસન્ન થયો તો તને ઘણું ધન પ્રાપ્ત થશે. ॥ ૧૮૦૦ ॥

एवं तयोर्निगदतोः । कालभूपेन भास्करः ॥
अयं हि तारकश्रीणां । हर्तेत्यस्तमनीयत ॥ १ ॥

અર્થ:—એવી રીતે તેઓ જેવામાં વાતો કરે છે, તેવામાં આ પણ તારાઓની લક્ષ્મીને હરનાર છે, એમ સૂચવીને કાલ રાજાએ સૂર્યને અસ્ત પમાડયો. ॥ ૧ ॥

गते सूरे जगज्जग्धुं । परितः प्रवितस्तरे ॥
असज्जनजनस्वांत—मलीमसतमं तमः ॥ २ ॥

અર્થ:—હવે સૂર્ય જ્યારે ચાલ્યો ગયો ત્યારે દુર્જન મનુષ્યના અંતઃકરણ સરખો અતિ મલીન અંધકાર ચોફેર વિસ્તાર પામ્યો. ॥ ૨ ॥

कंथाकोणादथाकृष्या—युधानि रथिकांजगं ॥
परिव्राट् स्माह वत्साऽवां । गच्छावोऽस्याः पुरोंतरा ॥ ३ ॥

અર્થ:—પછી તે પરિવ્રાજકે પોતાની કંથાના ગજવામાંથી હથિયારો કહાડીને અગલદત્તને કહ્યું કે હે વત્સ! ચાલ હવે આપણે આ નગરની અંદર જઇએ. ॥ ૩ ॥

अद्य चौरो मयापीति । प्रीतिभाजाऽविशत्पुरीं ॥
स स्तेनोऽगलदत्तेनो—पेतः प्रेतेशभीषणः ॥ ४ ॥

અર્થ:—આજે હવે મને ચોર મલ્યો છે, એમ ખુશી થતા તે અગલદત્તસહિત યમસરખા તે ભયંકર પરિવ્રાજકે નગરની અંદર પ્રવેશ કર્યો. ॥ ૪ ॥

श्रीवत्सानुकृतिक्षात्रं । कस्यापि श्रीमतो गृहे ॥
स दत्वा तन्मुखे वीर—ममुंचद्वंचनाचणः ॥ ५ ॥

અર્થ:—પછી તે ધૂર્તશિરોમણિ પરિવ્રાજકે કોઇક શ્રીમંતના ઘરમાં શ્રીવત્સસરખું ચોખંડું બાકોરું પાડીને ત્યાં તે બાકોરાંના મુખ આગળ અગલદત્તને બેસાડયો. ॥ ૫ ॥

बिलेनाखुरिव क्षात्र—वर्त्मनांतः प्रविश्य सः ॥
भूयसीः स्वर्णरत्नादि-पेटाः प्राचीकटद् बहिः ॥ ६ ॥

અર્થ:—પછી બિલમાં જેમ ઉંદર તેમ તે બાકોરાંવાટે અંદર જઇને તેણે સ્વર્ણ તથા જવાહીરની ઘણીક પેટીઓ બહાર કહાડી. ॥ ૬ ॥

तमाशु हंतुकामोऽपि । कोपमश्लथयद्रथी ॥
निःकृपस्यास्य पश्यामि । निष्टामिति लसन्मतिः ॥ ७ ॥

અર્થ:—તે વખતેજ અગલદત્ત તેને મારવાની ઇચ્છાવાળો થયા છતાં આ નિર્દયનું રહેઠાણ આદિક મારે જોવું જોઇએ, એવી બુદ્ધિ થવાથી તેણે પોતાનો ક્રોધ શિથિલ કર્યો. ॥ ૭ ॥

वाहीकानानये याव—त्तावच्चिंत्यमिदं त्वया ॥
इत्यवस्थाप्य तं तत्र । स्वयं चौरश्चचाल सः ॥ ८ ॥

અર્થ:—હુવે હું જેટલામાં મજુરોને બોલાવી લાવું ત્યાંસુધી તારે આની ખબર રાખવી, એમ કહી અગલદત્તને ત્યાં બેસાડી તે પરિવ્રાજક પોતે ત્યાંથી ચાલતો થયો. ॥ ૮ ॥

लोभयित्वोध्धुरस्कंधान् । धीवंध्यान् वृषभानिव ॥
क्वापि देवकुले सुप्ता—नानैषीद्दुर्विधान्नरान् ॥ ९ ॥

અર્થ:—પછી તે કોઇક દેવમંદિરમાં સુતેલા મજબૂત બાંધાવાળા બલદસરખા નિર્બુદ્ધિ તથા નિર્ભાગી એવા પુરૂષોને લલચાવીને ત્યાં તેડી લાવ્યો. ॥ ૯ ॥

तैरुपाद्याखिलं लोप्त्र—भारं लोभवशंवदैः ॥
स पुरान्निर्ययौ चंडः । करंडादिव पन्नगः ॥ १० ॥

અર્થ:—લોભને વશ થયેલા એવા તે પુરૂષોપાસે ચોરીનો તે સઘળો માલ ઉપડાવીને કરંડીયામાંથી જેમ સર્પ તેમ તે નગરમાંથી બહાર નીકલી ગયો. ॥ ૧૦ ॥

क यात्येष क वा धत्ते । धनं कोऽस्य परिच्छदः ॥
इति बोध्धु रथी नाथ—मिव भृत्यस्तमन्वगात् ॥ ११ ॥

અર્થ:—હુવે આ ક્યાં જાય છે? અથવા આ ધન તે ક્યાં રાખે છે? તેનો પરિવાર કોણ છે? તે સઘલું જાણવામાટે શેઠની પાછલ જેમ નોકર તેમ અગલદત્ત તેની પાછળ ગયો. ॥ ૧૧ ॥

गतो जीर्णवनं चौर—चक्री वैवधिकान् जगौ ॥

भोः किमद्य स्थिरीभूया–ऽवतीर्णेयं विभावरी ॥ १२ ॥

અર્થ:—પછી તે ચોરોનો સરદાર જીર્ણ વનમાં જઇને તે મજુરોને કહેવા લાગ્યો કે અરે! શું આજે રાત્રિ સ્થિર થઇનેજ ઉતરી છે!

अद्यापि पुष्कला रात्रि—स्तदिह स्वपित क्षणं ॥

पदं वदंति निःशेष—रुजां रजनिजागरं ॥ १३ ॥

અર્થ:—હજુ ઘણી રાત બાકી છે, માટે ક્ષણવાર અહીં સુઇ જાઓ? કેમકે રાતનો ઉજાગરો સર્વ રોગોના કારણરૂપ છે. ॥ ૧૩ ॥

इति बंधोरिवास्योक्त्या । वाहीका विप्रतारिताः ॥

मुक्तभारा वटस्याधो । लंबपादा अशेरत ॥ १४ ॥

અર્થ:—એવી રીતે જેમ ભાઇના તેમ તેના વચનથી ઠગાયેલા તે મજુરો ભાર ઉતારીને વડનીચે લાંબા પગ કરીને સુઇ ગયા. ॥૧૪॥

नास्ति जागरिणो भीति—रिति नीतिं स्मरन्नथ ॥

रथिकः सुस्थिरं काष्टं । श्रस्तरे स्वे प्रतस्तरे ॥ १५ ॥

અર્થ:—જાગતાને ડર નથી, એવી નીતિને યાદ કરીને તે અગલદત્તે પોતાના બીછાનાપર પોતાને બદલે એક લાંબું કાષ્ટ મેલી રાખ્યું. ॥૧૫॥

अप्रमत्तः स्वयं पश्य—न्नस्य चौरस्य चेष्टितं ॥

न्यग्रोधस्कंधमाश्रित्य । करवालकरः स्थितः ॥ १६ ॥

અર્થ:—અને પોતે સાવધાનપણે ચોરની હીલચાલ તપાસતો-થકો હાથમાં તલવાર લેઇને વડના થડની પાછળ છુપાઇ બેઠો. ॥૧૬॥

चौरः सुप्त्वा क्षणं विश्वन् । विश्वासयितुमुत्थितः ॥

निद्रामुद्रितचैतन्यान् । वाहीकानसिनावधीत् ॥ १७ ॥

અર્થ:—હવે સર્વને વિશ્વાસ ઉપજાવવામાટે તે ચોર પણ ક્ષણવા-રસુધી સૂતો, તથા પછી ઉઠીને નિદ્રાથી ચૈતન્યરહિત થયેલા તે મજુ-રોને તેણે તરવારથી મારી નાખ્યા. ॥ ૧૭ ॥

तस्करो मस्करीभूय । चक्रे यान् दुर्नयांनयं ॥

कार्या मयाद्य तच्छुद्धि—रिति ध्यायति सारथौ ॥ १८ ॥

અર્થ:—અરે! આ ચોરે મહોન્મત્ત થઇને જે અન્યાયો કર્યા છે, તેની આજે મારે ખબર લેવી જોઇએ, એવી રીતે જેવામાં તે અગ-લદત્ત વિચારે છે, ॥ ૧૮ ॥

नृशंसः स तदास्तीर्ण—श्रस्तरेऽसिमवाहयत् ॥

आस्फल्य प्राप मोघत्व-मसिर्दारुणि दारुणे ॥ १९. ॥

અર્થ:—તેવામાં તે દુષ્ટ ચોરે તેના બિછાનાપર તરવારનો ઘા કર્યો, ત્યારે તેની તલવાર તે ભયંકર કાષ્ટમાં અથડાઇને ફોગટ ગઈ. ॥૧૯॥

ततः सोऽत्याकुलीभूतः । कृपाणं नर्त्तयन् करे ॥

वानरो वृश्चिकग्रस्त । इव बभ्राम सर्वतः ॥ २० ॥

અર્થ:—ત્યારે તે અત્યંત વ્યાકુલ થઇને હાથમાં તલવાર નચાવતો-થકો વીંછુથી ડંખાયેલા વાનરનીપેઠે આસપાસ ભમવા લાગ્યો. ॥૨૦॥

लब्ध एवासि रे दास । क यासि मम पश्यतः ॥

योऽध्वा वैवधिकैः क्षुण्णः । स ते दर्श्योऽधुना मया ॥ २१ ॥

અર્થ:—અરે દાસ! તું હુવે મલ્યા છતાં મારી નજર આગલથી કેટલેક જઇશ! આ મજુરોએ જે માર્ગ લીધો છે, તેજ માર્ગ મારે તને હમણા દેખાડવો છે. ॥ ૨૧ ॥

लपन्नित्याययौ हस्त-वशं स रथिनो यदा ॥

रे दुष्ट तिष्ट तिष्टेति । तदा तेनाशु हक्कितः ॥ २२ ॥

અર્થ:—એમ બોલતોથકો જેવામાં તે અગલદત્તને હાથ આવ્યો ત્યારે તેને તુરત ધમકાવ્યો કે અરે દુષ્ટ! તું ઉભો રહે, ॥ ૨૨ ॥

भिन्नेऽमुनाऽनृतोत्कंठे । कंठे कुंठेतरासिना ॥

पपात पातकभरा—दिवाधस्तस्कराधमः ॥ २३ ॥

અર્થ:—એમ કહી સજેલી તલવારથી પાપોમાં ઉત્કંઠાવાલું એવું તે ચોરનું ગલું જ્યારે તેણે કાપી નાખ્યું ત્યારે તે નીચ ચોર જાણે પાપોના ભારથી હોય નહિ તેમ નીચે પડયો. ॥ ૨૩ ॥

ततः कंठगतप्राणः । स प्रोचे रथिकांगजं ॥

मां बुद्धिधाम बुध्यस्व । चौरं नाम्ना भुजंगमं ॥ २४ ॥

અર્થ:—પછી કંઠે પ્રાણ આવ્યાથી તેણે અગલદત્તને કહ્યું કે હે બુદ્ધિવાન! મને તારે ભુજંગમ નામે ચોર જાણવો ॥ ૨૪ ॥

वीरापीड द्विषोऽपीडे । तवाहं घातचातुरीं ॥

दुर्ग्रहं भटकोटीभि-र्यन्मामेवमखंडयः ॥ २५ ॥

અર્થ:—હે વીરશિરોમણિ ! તારી શત્રુની પણ (મને) મારવાની ચાલાકીની હું પ્રશંસા કરૂં છું, કેમકે કોડોગમે સુભટો પણ જેને પકડી શકયા નથી, એવા મને તેં આવી રીતે માર્યો છે. ॥ ૨૫ ॥

इदग्वीरावतंस त्वं । ध्रुवं सत्कारमर्हसि ॥
धनदानं मतीत्याय । सहानीतोऽसि वा मया ॥ २६ ॥

અર્થ:—એવો તું વીરશિરોમણિ ખરેખર સત્કાર કરવા લાયક છો, અથવા હું તને ધન દેવાનું વચન આપીને અહીં લાવેલો છું. ॥૨૬॥

तदेनां विज्ञ विज्ञप्तीं । मम सम्यक्प्रमाणय ॥
त्वं कृपाणं गृहाणेद-मरिमेदच्छिदौषधं ॥ २७ ॥

અર્થ:—માટે હે ચતુર ! મારી એક આ વિનંતિ તું સારી રીતે સ્વીકાર ? અને શત્રુઓનો મદ ઉતારવામાં ઔષધ સરખી મારી આ તલવાર ગ્રહણ કર? ॥ ૨૭ ॥

गच्छ श्मशानतोऽमुष्मा-द्वत्स पश्चिमया दिशा ॥
पुरः पश्यसि यत्सद्म । कुर्यास्तद्द्वारि शब्दितं ॥ २८ ॥

અર્થ:—વળી હે વત્સ ! આ શ્મશાનથી પશ્ચિમ દિશામાં તારે જવું, ત્યાં આગળ તને એક ઘર દેખાશે, તેને બારણે જઇ તારે હાંક મારવી. ॥ ૨૮ ॥

मम स्वसा ततो द्वार-मुद्घाट्य त्वामुपेष्यति ॥
दर्शयेथा इमं तस्याः । करवालं करे स्थितं ॥ २९ ॥

અર્થ:—ત્યારે મારી બહેન બારણું ઉઘાડીને તારીપાસે આવશે, તેણીને આ મારી તલવાર તારા હાથમા લેઇને દેખાડજે. ॥ ૨૯ ॥

हृष्टाथ मुष्टिमध्या सा । त्वां मध्येसद्म नेष्यति ॥
दर्शयिष्यति चादर्श-मुखी मत्संचितं धनं ॥ ३० ॥

અર્થ:—ત્યારે તે પાતળી કેડવાળી મારી બહેન ખુશી થઇને તને ઘરની અંદર લઇ જશે, અને દર્પણસરખા મુખવાલી એવી તે મારૂં સંચેલું ધન તને દેખાડશે. ॥ ૩૦ ॥

ततस्तां परिणीय त्वं । श्रियं स्वीकृत्य चाखिलां ॥
तत्र स्थेयान्निजं धामा-ऽभिगम्याद्वा यथारुचि ॥ ३१ ॥

અર્થ:—પછી તેણીને તું પરણીને તથા સઘલી લક્ષ્મી લેઇને જો તને રૂચે તો ત્યાં રહેજે, અથવા પોતાને ઘેર જજે. ॥ ૩૧ ॥

प्राणैरेवं वदन्नेव । चौरः सपदि तत्यजे ॥

रथी तत्खड्गयादाया-ऽचलत्तदुदिताध्वना ॥ ३२ ॥

અર્થ:—એમ બોલતોથકોજ તે ચોર તરત પ્રાણરહિત થયો, અને અગલદત્ત પણ તેની તલવાર લઇને તેણે કહેલા માર્ગે ચાલ્યો. ॥૩૨॥

सुतनोरतनोच्छब्दं । प्राप्य तन्मंदिरं पुरः ॥

तं श्रुत्वा निर्ययौ सेंदु-वदना सदनांतरात् ॥ ३३ ॥

અર્થ:—પછી તેના ઘર આગલ આવીને તેણે તેની બહેનને હાંક મારી, તે સાંભલીને ચંદ્રસરખા મુખવાળી તે તરૂણી પણ ઘરમાંથી બહાર આવી. ॥ ૩૩ ॥

स वीक्ष्य तारतारुण्यां । तामरण्यनिवासिनीं ॥

आगान्नागांगनेयं किं । भुवं भित्वेति दध्यिवान् ॥ ३४ ॥

અર્થ:—અતિ તરૂણ વયવાળી અને વનમાં રહેનારી એવી તેણીને જોઇને અગલદત્તે વિચાર્યું કે શું પૃથ્વી ભેદીને આ નાગકન્યા અહીં આવી છે? ॥ ૩૪ ॥

तेनाथ दर्शिते खड्गे । बुध्ध्वा बंधुवधं सुधीः ॥

सा क्षणं साक्षिणं कृत्वा-त्मानमेव शुचं दधौ ॥ ३५ ॥

અર્થ:—પછી તેણે તલવાર દેખાડયાથી તે ચતુર તરૂણીએ પોતાના બંધુનો વધ થયેલો જાણીને ક્ષણવારસુધી પોતાના આત્માની સાક્ષીએજ શોક ધારણ કર્યો. ॥ ૩૫ ॥

निगृह्य शोकमस्तोकं । पातालौकः प्रवेश्य तं ॥

प्रथयामास वितथं । स्नेहं मायेव देहिनी ॥ ३६ ॥

અર્થ:—પોતાના તે અતિ શોકને છુપો રાખીને તથા તે અગલદત્તને ભોંયરામાં લેઇ જઇને તે કપટમૂર્તિ તેનાપ્રતે જુઠો સ્નેહ વિસ્તારવા લાગી.

अहो भाग्यं ममापूर्वं । यत्त्वं दृक्सुखदोऽभवः ॥

इत्यूचुषी ददौ भक्त्या-नवमा नवमासनं ॥ ३७ ॥

અર્થ:—અહો! મારૂં અપૂર્વ ભાગ્ય જણાય છે, કે જેથી મને આપનું દર્શન થયું છે, એમ કહીને તેણીએ અતિભક્તિથી તેને (બેસવામાટે) એક નવું આસન આપ્યું. ॥ ૩૭ ॥

तस्मिन्नासनगे पादौ । प्रक्षाल्य चरवारिणा ॥

पल्यंकं वेश्मकोणे सा । विततान वितानयुक् ॥ ३८ ॥

અર્થ:—પછી તે જ્યારે આસનપર બેઠો ત્યારે નિર્મલ જલથી તેના પગ ધોઇને તેણીએ ઘરના એકખુણામાં છત્રીપલંગ બીછાવ્યો.

**योजितांजलिरभ्येत्य । सा तमेवं व्यजिज्ञपत् ॥**

**पापैः स्वैरेव मे भ्राता । हतः किं तव दूषणं ॥ ३९ ॥**

અર્થ:—પછી તે તેનીપાસે આવી હાથ જોડીને વિનંતી કરવા લાગી કે પોતાનાજ પાપોથી મારો ભાઇ હણાયો છે, તેમાં તમારો શું દોષ છે? ॥ ૩૯ ॥

**इयं भ्रात्रार्जिता लक्ष्मी—स्तत्तद्भोगनिबंधनं ॥**

**इदं च सदनं तस्य । देवानामपि दुर्गमं ॥ ४० ॥**

અર્થ:—તે તે ભોગોના સાધનરૂપ આ મારા ભાઇની મેળવેલી લક્ષ્મી છે, અને દેવોને પણ દુર્ગમ એવું આ તેનું ઘર છે. ॥૪૦॥

**नेतः सर्वस्वमप्येत—त्त्वदायत्तमतः परं ॥**

**प्राग् मां विवाह्य भुंक्ष्व त्व—मत्र भोगान् यथारुचि ॥४१॥**

અર્થ:—હે સ્વામી! આ સઘલું હવેથી આપનુંજ છે, માટે પ્રથમ તમો મારીસાથે વિવાહ કરીને અહીં ઇચ્છામુજબ ભોગો ભોગવો? ॥ ૪૧ ॥

**जाने तव परिम्लाने । चक्षुषी वीक्ष्य दक्षिण ॥**

**अल्पमप्यद्य यामिन्यां । न निद्रासुखमन्वभूः ॥ ४२ ॥**

અર્થ:—વળી હે ચતુર! તમારી આ ઘેરાતી આંખો જોઇને હું એમ ધારૂં છું કે આજે રાત્રિએ તમોએ જરા પણ નિદ્રાસુખ અનુભવ્યું નથી ॥ ૪૨ ॥

**पुनातु प्रथमं प्राण—प्रिय शय्यां भवानिमां ॥**

**क्षणं गृह्णातु विश्रामं । श्रमं हंतुं सुखद्विषं ॥ ४३ ॥**

અર્થ:—માટે હે પ્રાણનાથ! પ્રથમ આપ આ બિછાનું પવિત્ર કરો? તથા સુખના દ્વેષી એવા શ્રમને દૂર કરવામાટે આપ ક્ષણવાર વિશ્રામ લ્યો? ॥ ૪૩ ॥

**अहो अवसरज्ञत्वं । तवेत्युच्चैः पठन् शठः ॥**

**पल्यंके परितो दीप्र—प्रदीपे सोऽस्वपीन्मृदौ ॥ ४४ ॥**

અર્થ:—અહો! તું તો ભારે અવસરની જાણ લાગે છે! એમ મોટેથી કહીને તે ચતુર અગલદત્ત ચોફેરથી દીપકના અજવાળાંવાલા કોમળ પલંગપર સૂતો. ॥ ૪૪ ॥

त्वदंगशैत्यदं स्वामि—न्नानयामि विलेपनं ॥
इत्युक्त्वा विद्युदंभोदा-दिव सा निर्ययौ ततः ॥ ४५ ॥

અર્થઃ—હે સ્વામી! હવે આપના શરીરે ઠંડક કરવામાટે હું વિલેપન લાવું, એમ કહીને વદળાંમાંથી જેમ વીજળી તેમ તે ત્યાંથી નિકલી ગઇ. ॥ ૪૫ ॥

अपश्यंस्तां पुरो नीति-चतुरः स व्यचिंतयत् ॥
जडोऽहं यद्रिपोर्गेहे । स्वपन्नस्मि स्ववेश्मवत् ॥ ४६ ॥

અર્થઃ—હવે તેણીને પોતાની પાસે નહિ જોવાથી તે નીતિચતુર અગલદત્ત વિચારવા લાગ્યો કે, અરે હું તો શું મૂર્ખ બન્યો છું કે આ શત્રુના ઘરમાં પણ પોતાના ઘરનીપેઠે સૂતો છું. ॥ ૪૬ ॥

ये गत्वा वैरिणो गेहं । विश्वसंति कुबुद्धयः ॥
निरौषधबलाः सर्प-बिले ते खलु शेरते ॥ ४७ ॥

અર્થઃ—જે મૂર્ખો વૈરીને ઘેર જઇ તેનો વિશ્વાસ કરે છે, તેઓ ઔષધના સામર્થ્યવિના સર્પના બિલમાં સુએ છે. ॥ ૪૭ ॥

जामिः क्रूरस्य चौरस्य । क्रूरैवेयं भविष्यति ॥
न सर्पसोदरी क्वापि । सर्पत्वव्यभिचारिणी ॥ ४८ ॥

અર્થઃ—તે નિર્દય ચોરની આ બહેન પણ નિર્દયજ હોવી જોઇએ, કેમકે સર્પની બહેન કંઇ સર્પપણાથી જુદી પડતી નથી. ॥ ૪૮ ॥

मुखे मधुरमंते च । कुपथ्यमिव दारुणं ॥
ये स्त्रीणां बहु मन्यंते । वचस्तेषां कुतः सुखं ॥ ४९ ॥

અર્થઃ—કુપથ્યનીપેઠે પ્રારંભમાં મધુર તથા અંતે ભયંકર એવું સ્ત્રીઓનું વચન જેઓ માને છે, તેઓને સુખ ક્યાંથી હોય? ॥૪૯॥

ध्यात्वेति मंक्षु वध्योर्वी-कल्पं तल्पं मुमोच सः ॥
तत्र स्वपटमास्तीर्यो-पधानद्वयमंडिते ॥ ५० ॥

અર્થઃ—એમ વિચારીને તેણે વધભૂમીસરખી તે શય્યા તુરત છોડી દીધી, તથા બન્ને ઓસીકાંથી શોભીતા એવા તે પલંગપર તેણે દુપટ્ટો પાથરી રાખ્યો, ॥ ૫૦ ॥

दीपपृष्टमवष्टभ्यो—दसिः स्वविदसौ स्थितः ॥
उत्कीलिता तया ताव-त्तल्पे यंत्रशिलापतत् ॥ ५१ ॥

અર્થ:—તથા પોતે ખુલ્લી તલવારસહિત દીપકની પાછળ ઉભો, એવામાં તેણીએ ખીલી કહાડવાથી તે પલંગપર એક યંત્રશિલા ઉપ-રથી આવી પડી. ॥ ५१ ॥

अघाति घातको भ्रातु-रिति प्रमुदिताशया ॥
हस्ताभ्यां ददती ताला-मथ बाला ननर्त्त सा ॥ ५२ ॥

અર્થ:—મારા ભાઇને મારનારને મેં માર્યો, એમ વિચારી અતિ ખુશી થયેલી તે યુવતી બન્ને હાથોથી તાલી દઇ નાચવા લાગી. ॥૫૨॥

प्रस्थाप्य दक्षिणाशायां । बंधुमेकाकिनं मम ॥
दुर्वृत्त यन्निवृतोऽसि । तन्मया मृष्यते कथं ॥ ॥ ५३ ॥

અર્થ:—મારા ભાઇને એકલોજ દક્ષિણ દિશામાં (યમપુરીમાં) મોકલીને અરે દુષ્ટ! તું જે નીરાંતે બેઠો છું, તે હું કેમ સહન કરી શકું? ॥ ૫૩ ॥

अबलैषेति विश्वासं । यन्मयि त्वमुपेयिवान् ॥
मंतोस्तस्य फलं वीर-भगिन्यहमदर्शयं ॥ ५४ ॥

અર્થ:—આ તો અબલા છે, એમ વિચારીને મારાપર જે તેં વિશ્વાસ રાખ્યો, તે તારા અપરાધનું ફલ મેં શૂરવીરની બહેને તને દેખાડેલું છે. ॥ ૫૪ ॥

अनल्पमीति जल्पंतीं । खड्गखाट्कारभीषणः ॥
जग्राह ग्राहवत्केश—पाशे तां रथिकांगजः ॥ ५५ ॥

અર્થ:—એવી રીતે ખૂબ બડબડતી એવી તે ચોરની બહેનને ખડ્ગના ખાટકારથી ભયંકર થયેલા તે અગલદત્તે મગરની પેઠે ચોટલો ઝાલીને પકડી. ॥ ૫૫ ॥

अरेरे गोमुखव्याघ्रि । मानुषीरूपराक्षसि ॥
विश्वरक्षाक्षमः किं त्वं । नाहं गोपायितुं क्षमः ॥ ५७ ॥

અર્થ:—અરે ગાયના મુખવાળી વાઘણ! તથા મનુષ્યરૂપી રાક્ષસી! સમસ્ત જગતનું રક્ષણ કરવાને સમર્થ એવો હું શું મારા આત્માનું પણ રક્ષણ કરૂં તેમ નથી? ॥ ૫૭ ॥

लपंत्यसि यथा भ्रातु-स्तथा पंथानमीक्षसे ॥
तेनेति तर्जिता साभू—द्भयभ्रांतविलोचना ॥ ५८ ॥

અર્થ:—તું જે બબડાટ કરે છે, તેથી જેવા તારા ભાઇના હાલ થયા છે તેવાજ તારા પણ હાલ થશે, એવી રીતે તેણે તર્જના કરવાથી તે ભયભ્રાંત આંખોવાળી થઇ. ॥ ૫૮ ॥

अनन्यजीवनोपाया । साऽपतत्तस्य पादयोः ॥
त्वमेव शरणं देव । सदैन्यमिति भाषिणी ॥ ५९ ॥

અર્થ:—પછી જીવવાનો કોઇ બીજો ઇલાજ ન મલવાથી તે તેને પગે પડી, તથા દીનતાપૂર્વક કહેવા લાગી કે, હે દેવ! હવે તો આપજ મારે શરણરૂપ છો. ॥ ૫૯ ॥

वीरेषु प्राप्तरेखोऽसौ । स्त्रीहत्यायामरोचकी ॥
तां जीवंतीं सहादाय । प्रातर्भूपसभां ययौ ॥ ६० ॥

અર્થ:—પછી વીરશિરોમણિ એવો તે અગલદત્ત સ્ત્રીહત્યાનો અનિચ્છક થયોથકો તેણીને જીવતીજ સાથે લેઇને પ્રભાતે રાજાની સભામાં આવ્યો. ॥ ૬૦ ॥

निशावृत्तं मुखात्तस्य । निशम्य धरणीधवः ॥
तमेव जातरोमांचः । स्तुतिव्रत इवास्तुत ॥ ६१ ॥

અર્થ:—પછી તેના મુખથી રાત્રિનો વૃત્તાંત સાભલીને રોમાંચિત થયેલો રાજા બંદીનીપેઠે તેની સ્તુતિ કરવા લાગ્યો કે, ॥ ૬૧ ॥

भुंजतेऽन्ये धनं राज्ञः । कार्यं त्वन्ये प्रकुर्वते ॥
द्रूणां पादाः पिबंत्यंबु । शाखास्तु ददते फलं ॥ ६२ ॥

અર્થ:—રાજાનું ધન બીજા ખાય છે, અને કાર્ય તો બીજા કરે છે, કેમકે વૃક્ષોના મૂળ યાં પાણી પીયે છે. અને શાખાઓ ફલ આપે છે.

भेका भवंतु सोद्रेकाः । सरसीपरिशीलने ॥
एक एव पुनर्धत्ते । हंसस्तत्रावतंसतां ॥ ६३ ॥

અર્થ:—તળાવમાં ગમ્મત કરવામાટે દેડકાં ભલે કુદાજ કરો, પરંતુ તે તલાવની શોભા તો એક હંસજ કરે છે. ॥ ૬૩ ॥

ततस्तां भगिनीकृत्य । वनितामवनिप्रभुः ॥
सहितोऽगलदत्तेन । स्तेनसद्म तदा ययौ ॥ ६४ ॥

અર્થ—પછી તે ચોરની બહેનને પોતાની બહેનરૂપ ગણીને રાજા અગલદત્તસહિત તે ચોરને ઘેર ગયો. ॥ ૬૪ ॥

वीक्ष्य वस्तु यथाबद्धं । गर्भगेहगतं नृपः ॥
दुष्टचौरस्य दुर्वृत्त—ममर्हत महार्हतः ॥ ६५ ॥

અર્થ:—ત્યાં તે દુષ્ટ ચોરના ભોંયરાની અંદર રાજાએ સીલબંધ સર્વ વસ્તુ તપાસીને પોતે જૈની હોવાથી તેના દુરાચારમાટે વિચારવા લાગ્યો કે, ॥ ૬૫ ॥

अनेन वस्तुजातस्य । नास्य मुद्रापि भेदिता ॥
अहारि हा निजं जन्म । गृद्धिग्रस्तेन केवलं ॥ ६६ ॥

અર્થ:—આ ચોરે આ સઘલી વસ્તુઓનું સીલ પણ તોડેલું નથી, અરે! કેવળ લોભને વશ થઇને તેણે પોતાનો જન્મ ગુમાવ્યો છે. ॥૬૬॥

प्रस्थानमिव निर्मुक्त—मधोगतियियासुना ॥
न तत्र व्रजतानेन । सहेदं जगृहे धनं ॥ ६७ ॥

અર્થ:—નીચ ગતિમાં જવામાટે જાણે તેણે પ્રસ્થાન મુકયું હોય નહિ તેમ તેણે ત્યાં જતાંથકાં આ ધન સાથે લીધું નથી. ॥ ૬૭ ॥

ध्यात्वेति भूभुजाहूतो । लोक ओकस्तदागतः ॥
न्यासीकृतमिव प्राप । स्वापतेयं निजं निजं ॥ ६८ ॥

અર્થ:—એમ વિચારીને રાજાએ બોલાવેલા લોકો ત્યાં તે ચોરને ઘેર આવ્યા, તથા થાપણ રાખ્યું હોય નહિ તેમ તેઓએ તે પોતપોતાનું ધન લઇ લીધું. ॥ ૬૮ ॥

स्तुतोऽथ रथिकः पौरैः । पूजितः पृथिवीभुजा ॥
अतीये दिवसान् कांश्चित् । तत्रोत्सवमयानिव ॥ ६९ ॥

અર્થ:—પછી નગરના લોકોથી પ્રશંસા પામેલા તથા રાજથી પૂજાએલા તે અગલદત્તે ત્યાં કેટલાક ઉત્સવમય દિવસો વ્યતીત કર્યા.

अन्यदा श्यामदत्तायाः । सखी संगमिकाभिधा ॥
प्रदोषे मुक्तदोषं त—मुपेयाय रहःस्थितं ॥ ७० ॥

અર્થ:—એક દિવસે શ્યામદત્તાની સંગમિકા નામની સખી સંધ્યાકાળે દોષરહિત તથા એકાંતે બેઠેલા તે અગલદત્ત પાસે આવી. ॥૭૦॥

तेनापि दत्तसंमाना । पृष्टाऽगमनकारणं ॥
प्रणामं श्यामदत्तायाः । विज्ञप्येति जगाद सा ॥ ७१ ॥

અર્થ:—ત્યારે તેણે પણ તેણીને સન્માન આપીને આવવાનું કારણ પૂછયું, ત્યારે તે પણ શ્યામદત્તાનો પ્રણામ કહીને બોલી કે, ॥ ૭૧ ॥

यां विनांभो नीरजिनी । रजनी शशिनं विना ॥
श्यामा श्यामानना स्वामि—स्त्वां विना प्राप तां दशां ॥७२॥

અર્થ:—હે સ્વામી ! જલવિના કમલિની તથા ચંદ્રવિના રાત્રી જે દશાને પામે તે દશાને તારાવિના શ્યામ મુખવાળી તે શ્યામદત્તા પામી છે. ॥ ૭૨ ॥

सांप्रतं सा नयनयो–र्निर्यदश्रोघदंभतः ॥
जलांजलिमिवाशेष–सुखानां स्वच्छ यच्छति ॥ ७३ ॥

અર્થ:—વળી હે સ્વચ્છ! હાલ તો તે આંખોમાંથી નિકલતા આંસુઓના મિષથી સર્વ સુખોને જલાંજલિ આપે છે. ॥ ૭૩ ॥

अंतर्ज्वलद्वियोगाग्नि—ज्वालायोगादिवान्वहं ॥
स्फुरंति तन्मुखे शैत्य—निःस्वा निःश्वासपंक्तयः ॥ ७४ ॥

અર્થ:—હૃદયમાં બળતા વિયોગરૂપી અગ્નિની જ્વાલાના સંયોગથી હોય નહિ જેમ તેમ હમેશાં તેણીના મુખમાંથી ઉષ્ણ નિશ્વાસોની શ્રેણીઓ નિકલ્યા કરે છે. ॥ ૭૪ ॥

त्वां वहंत्यबला नित्यं । नवनागबलं हृदा ॥
अतिभारादिवाऽवाप । क्षमतां साधु साधुना ॥ ७५ ॥

અર્થ:—નવા હાથીસરખા બલવાલા એવા તને હમેશાં હૃદયમાં ધારણ કરનારી તે અબલા જાણે અતિ બોજાથી હોય નહિ તેમ હાલમાં જે દુબલી પડી ગઈ છે તે યુક્તજ છે. ॥ ૭૫ ॥

निःसपत्नमनोरत्न—स्तेनस्य तव लिप्सया ॥
निशायामपि निद्राया । नावकाशं ददाति सा ॥ ७६ ॥

અર્થ:—તેણીના અમૂલ્ય મનરૂપી રત્નનો ચોરસરખો એવો જે તું, તેને પકડવાની ઇચ્છાથી રાત્રીએ પણ તે નિદ્રાને અવકાશ આપતી નથી. ॥ ૭૬ ॥

भेजे भर्त्ता न मां भक्ता—मिति त्वदनुवृत्तितः ॥
द्विधा भक्ते जनेऽन्ने च । नास्थामृजुरियर्ति सा ॥ ७७ ॥

અર્થ:—મને ભક્તને પણ મારો સ્વામી ભોગવતો નથી, એમ વિચારી તારૂં અનુકરણ કરીને તે બિચારી બન્ને રીતે ભક્ત મનુષ્યમાં અને ભક્ત એટલે ભોજનલાયક અનાજમાં પણ રૂચિ ધરતી નથી.

प्रियं विना परः कोऽपि । मास्मभून्मयि रागभूः ॥
इति तांबूलमादत्ते । त्वद्दशा रागकृन्न सा ॥ ७८ ॥

અર્થઃ—મારા પ્રિયતમવિના મારાપ્રતે બીજો કોઇપણ રાગવાળો ન થાઓ, એમ વિચારીને તને વશ થયેલી તે શ્યામદત્તા રાગ (રંગ) કરનારૂં તાંબૂલ પણ લેતી નથી. ॥ ૭૮ ॥

कुरुते स्नेहलामालि—मालामालापतो नहिः ॥
बाला त्वदभिधामंत्र—ध्यानभंगभयादिव ॥ ७९ ॥

અર્થઃ—વળી તે બાલિકા તારા નામના મંત્રના ધ્યાનમાં ભંગ પડવાના ડરથી જાણે હોય નહિ તેમ પોતાની સ્નેહયુક્ત સખીઓની શ્રેણિને પણ બોલાવતી નથી. ॥ ૭૯ ॥

मंचको वंचको हंस—तूलिका शूलिकायते ॥
त्वां विनास्या दुकूलानि । कुकूलानिलवच्छुचे ॥ ८० ॥

અર્થઃ—વળી તારાવિના ઢોલીઓ તેણીને ઠગારો લાગે છે, હંસરોમની શય્યા શૂલીજેવી લાગે છે, તથા રેશમી વસ્ત્રો લૂના ઉષ્ણ વાયુસરખા ખેદકારક થઇ પડ્યાં છે. ॥ ૮૦ ॥

तव स्तेनजयक्ष्माप—प्रसादप्रमुखं यशः ॥
तद्रागसागरक्षोभे । वह्निदिग्वायुतां गतं ॥ ८१ ॥

અર્થઃ—વળી ચોરનો જય તથા રાજાની કૃપા આદિકથી ઉત્પન્ન થયેલો તારો યશ તેણીના રાગરૂપી સમુદ્રને ઉછાળવામાં અગ્નિખૂણાના વાયુસરખો થઇ પડ્યો છે. ॥ ૮૧ ॥

ईदग्वियोगदावाग्नि—तप्तांगीं तृप्तिहेतुभिः ॥
स्वांकसंगमपीयूषै—स्तां तोषयितुमर्हसि ॥ ८२ ॥

અર્થઃ—એવી રીતે વિયોગરૂપી દાવાનલથી તપેલાં શરીરવાળી એવી તેણીને શીતલ કરનારા તારા ખોળાના સંગરૂપી અમૃતથી તારે ખુશી કરવી જોઇએ. ॥ ૮૨ ॥

प्रहिताहं तया हंत । तवेति गदितुं प्रभो ॥
पासि पौरानपायेभ्यः । किं मामार्त्तामुपेक्षसे ॥ ८३ ॥

અર્થઃ—હવે હે પ્રભુ! તને આવી રીતે કહેવામાટે તેણીએ મને મોકલી છે કે તું નગરના લોકોનું તો દુઃખોથી રક્ષણ કરે છે અને મને દુઃખીને શામાટે ઉપેક્ષે છે? ॥ ૮૩ ॥

श्रुत्वेत्यगलदत्तोऽवक् । किमिदं गदितं त्वया ॥
पृथग्देहाश्रयाः प्राणाः । श्यामदत्ता हि मे ध्रुवं ॥ ८४ ॥

અર્થ:—તે સાંભળીને અગલદત્ત બોલ્યો કે અરે! તું આ શું બોલી? શ્યામદત્તા તો ખરેખર જુદા શરીરમાં રહેલા મારા પ્રાણ-સરખી છે. ॥ ૮૪ ॥

भुंजानस्य शयानस्य । व्रजतस्तिष्ठतोऽपि वा ॥
हृदो न दूरीभवति । श्यामा हारलतेव मे ॥ ८५ ॥

અર્થ:—તે શ્યામદત્તા તો હારનીપેઠે ભોજન કરતાં, સુતાં, ચાલતાં તથા ઉભતાં પણ મારા હૃદયમાંથી દૂર થતી નથી. ॥ ૮૫ ॥

तद्गच्छ वत्सले सज्जी—कृत्य तां चानय द्रुतं ॥
सोऽहमस्मि प्रतिष्टासुः । प्रातरुज्जयिनीं प्रति ॥ ८६ ॥

અર્થ:—માટે હે વત્સલ! તું જા? અને તેણીને તૈયાર કરીને તુરત લાવ? કેમકે પ્રભાતમાં હું ઉજ્જયિનીતરફ જવાનો છું. ॥૮૬॥

तयाथ बोधितोदंता । श्यामदत्ता प्रमोदिनी ॥
आदाय रथमायासी—द्दासीकृतमरुज्जवं ॥ ८७ ॥

અર્થ:—હવે તે દાસીએ જઇને તે વૃત્તાંત કહેવાથી શ્યામદત્તા પણ ખુશી થઇને પવનના વેગને જીતનારો રથ લઇને ત્યાં આવી પહોંચી. ॥ ૮૭ ॥

ततः पिनद्धसर्वांग—पुलकच्छलकंचुकः ॥
तामालिंग्य सुधासिंधु—स्नानं स स्वममन्यत ॥ ८८ ॥

અર્થ:—પછી સર્વ શરીરપર રોમાંચિત થયેલો તે અગલદત્ત તેણીનું આલિંગન કરીને પોતાને અમૃતના સમુદ્રમાં સ્નાન કરેલો માનવા લાગ્યો. ॥ ૮૮ ॥

श्यामां च शस्त्रपंक्तिं च । परमारोपकारिणीं ॥
अथो रथोपरि न्यस्य । प्रातर्गच्छन् जुघोष सः ॥ ८९ ॥

અર્થ:—પછી અતિ કામને શાંત કરનારી એવી તે શ્યામદત્તાને, તથા પરને મારવામાટે ઉપયોગી એવી શસ્ત્રોની શ્રેણિને તે રથમાં નાખીને પ્રભાતે જતોથકો મોટેથી બોલવા લાગ્યો કે, ॥ ૮૯ ॥

शृण्वंतु सुभटाः सर्वे । गर्वेणाध्मातचेतसः ॥
श्यामामादाय यात्येष । कर्मसाक्षिणि साक्षिणि ॥ ९० ॥

અર્થ:—ગર્વથી ભરેલા મનવાળા હે સર્વ સુભટો! તમો સાંભલો? આ હું સૂર્યની સાક્ષીએ શ્યામદત્તાને લેઇ જાઉં છું. ॥ ૯૦ ॥

योो युधे भुजकंडूलो । यियासुर्यमसद्म यः ॥
यो नवांबापयस्कामः । स मां यांतं निषेधतु ॥ ९१ ॥

અર્થઃ—યુદ્ધમાટે જેના હાથ ચળવળી રહ્યા હોય, જે યમને ઘેર જવાને ઇચ્છતો હોય, અથવા જેને નવી માતાના સ્તનપાનની ઇચ્છા હોય તે મને જતો અટકાવે. ॥ ૯૧ ॥

एवं निजभुजस्थाम । स्फोरयन् भटकोटिषु ॥
केनाप्यरुद्धप्रसरः । सुरश्रोतःप्रवाहवत् ॥ ९२ ॥

અર્થઃ—એવી રીતે ક્રોડોગમે સુભટોની વચ્ચે પોતાનું ભુજાબળ પ્રગટ કરતોથકો તથા દેવગંગાના પ્રવાહનીપેઠે કોઇથી પણ ન અટકાવાએલો, ॥ ૯૨ ॥

निर्गतो नगरादद्रि—कंदरादिव केसरी ॥
प्रपेदे वर्त्म सोऽवंत्याः । कृत्वा दिग्देवतानतिं ॥९३॥त्रिभिर्वि०॥

અર્થઃ—પર્વતની ગુફામાંથી જેમ કેસરીસિંહ તેમ નગરમાંથી નિકળીને તે દિશાદેવીને નમીને અવંતીને માર્ગે ચાલ્યો. ॥ ૯૩ ॥

भोजनावसरे बंधु—वियोगात्परिदेविनीं ॥
स क्वापि सरसि श्यामां । सप्रश्रयमभोजयत् ॥ ९४ ॥

અર્થઃ—પછી ભોજનવખતે બંધુઓના વિયોગથી ખેદ પામતી એવી તે શ્યામદત્તાને કોઇક તળાવને કિનારે આગ્રહપૂર્વક તેણે જમાડી.

विधाय वाजिनोस्तृप्तिं । तृप्तिं स्वस्यापि कल्पयन् ॥
भूयो रथी रथारूढो । भूयो वर्त्म व्यलंघयत् ॥ ९५ ॥

અર્થઃ—પછી ઘોડાઓને તૃપ્ત કરીને તથા પોતે પણ તૃપ્ત થઇને તે અગલદત્ત પાછો રથપર ચડીને ઘણો માર્ગ ઓળંગી ગયો. ॥ ૯૫ ॥

स ययौ कंचन ग्रामं । दशार्णविषयांतिकं ॥
पिंडीभूतं जनव्रातं । तस्य सीम्नि ददर्श च ॥ ९६ ॥

અર્થઃ—પછી તે દશાર્ણ દેશની પાસે રહેલા કોઇક ગામપાસે ગયો, ત્યાં તે ગામની સીમમાં તેણે એકઠા થયેલા જનસમુહને જોયો.

तस्माद् द्वौ पुरुषौ पांथ—वेषौ रथिकपुंगवं ॥
सरस्तीरे हयपयः-पानव्यग्रमुपेयतुः ॥ ९७ ॥

અર્થઃ—તે સમુહમાંથી પંથીના વેષવાળા બે પુરૂષો તળાવને કિનારે ઘોડાને પાણી પાવામાં પડેલા તે અગલદત્તની પાસે આવ્યા. ॥ ૯૭ ॥

तौ कुतः पथिकायासीः । क्क गंतासीत्यपृच्छतां ॥

उवाच सोऽपि कौशांब्या । गंतास्म्युज्जयिनीमहं ॥ ९८ ॥

અર્થ:—અને પૂછવા લાગ્યા કે હે પંથિ તું કયાંથી આવે છે? તથા કયાં જવાનો છે? ત્યારે અગલદત્તે કહ્યું કે હું કોશાંબીથી આવું છું તથા ઉજ્જયિની જવાનો છું. ॥ ૯૮ ॥

तौ पुनः प्रोचतुर्विश्व-मान्य यद्यनुमन्यसे ॥

यूथेशं यूथवत्तत्त्वां । सार्थोऽयमनुगच्छति ॥ ९९ ॥

અર્થ:—ત્યારે વળી તેઓએ કહ્યું કે હે જગતમાન્ય! જો તું કબુલ કરે તો સંઘપતિની પાછલ જેમ સંઘ તેમ આ સઘલો સાર્થ તારી પાછલ ચાલે. ॥ ૯૯ ॥

कुंभी गंभीरवेदी द—ग्विषोऽहिर्द्वीप्यकं पुनः ॥

अर्जुनश्चौरसेनानी—रेते दुष्टा इहाध्वनि ॥ १९०० ॥

અર્થ:—કેમકે આ માર્ગમાં ગંભીરવેદી હાથી, દૃષ્ટિવિષ સર્પ, વાઘ, તથા અર્જુન નામનો લુટારાઓનો સરદાર, એટલા વિઘ્ન કરનારા દુષ્ટો રહે છે. ॥ ૧૯૦૦ ॥

रथिके पथी नामीभ्यो । भेतव्यं मयि रक्षके ॥

इत्युदित्वा विसृष्टौ तौ । स्वयूथेभ्यस्तदूचतुः ॥ १ ॥

અર્થ:—તમારે માર્ગમાં તેઓથી ડરવું નહિ, કેમકે હું તમારૂં રક્ષણ કરીશ, એમ કહીને વિસર્જન કરેલા તેઓ બન્નેએ પોતાના ટોળાંમાં આવી તે વૃત્તાંત સર્વને કહ્યો. ॥ ૧ ॥

ततस्ते सकलाः प्रीति—कलाः कलकलाकुलाः ॥

यावत्प्रतस्थिरे ताव—दूचे कोऽप्येत्य तापसः ॥ २ ॥

અર્થ:—ત્યારે તેઓ સઘળા હર્ષથી કોલાહલ કરતાથકા જેવામાં ત્યાંથી ઉપડ્યા તેવામાં કોઇક તાપસે આવીને તેઓને કહ્યું કે, ॥૨॥

श्राद्धः सिप्रासरिद्वारि—वारिताखिलकल्मषां ॥

पुरीमुज्जयिनीं गंतुं । चिरादुत्कंठितोऽस्म्यहं ॥ ३ ॥

અર્થ:—સિપ્રા નદીના જલથી નિવારણ થયેલ છે સર્વ પાપો જેમાંથી એવી ઉજ્જયિની નગરીપ્રતે જવાને હું શ્રાવક ઘણા કાળથી ઉત્કંઠિત થયેલો છું, ॥ ૩ ॥

परं क्रूरकरिव्याल—द्वीपिचौराकुले पथि ॥

शक्तो न गंतुमेकाकी । नाकीव दितिजालये ॥ ४ ॥

અર્થ:—પરંતુ ક્રૂર હાથી, સર્પ વાઘ તથા ચોરથી વ્યાકુલ થયેલા આ માર્ગમાં દેવ જેમ દૈત્યોના સ્થાનમાં તેમ હું એકાકી જઇ શકું તેમ નથી. ॥ ૪ ॥

प्रपद्ये भवतां सार्थं । न भवत्यधृतिर्यदि ॥
परबाधकरी चेष्टा । नेष्टा क्वापि तपस्विनां ॥ ५ ॥

અર્થ:—માટે જો તમોને કંઈ હરકત ન હોય તો હું તમારો સથવારો લેઉં, કેમકે પરને હરકત આવે એવી ચેષ્ટા કયાંય પણ તપસ્વીઓને ઇષ્ટ ન હોય. ॥ ૫ ॥

एह्येहि मा विलंबिष्टा—स्तैरित्युक्तोऽखिलैरपि ॥
दीनास्योऽदर्शयदसौ । दीनारान् पंचविंशतिं ॥ ६ ॥

અર્થ:—અરે તું પણ ચાલને ખુશીથી, પરંતુ હવે વિલંબ ન કર? એમ તેઓ સઘળાએ કહ્યાથી તે તાપસે દયામણે ચહેરે પોતાપાસે રહેલી પચીસ સોનામહોરો તેઓને દેખાડી, ॥ ૬ ॥

इमान् ममास्तिकः कोऽपि । देवार्चार्थमदान्मुदा ॥
तदमी किं समीचीना । हीना वेति जगाद सः ॥ ७ ॥

અર્થ:—અને બોલ્યો કે કોઇક આસ્તિકે દેવપૂજામાટે મને આ સોનામહોરો હર્ષથી આપી છે, માટે આ સાચી છે કે ખોટી તે મને જોઇ આપો? ॥ ૭ ॥

ते प्रोचुर्मुग्ध केनापि । विप्रलब्धोऽसि मायिना ॥
इमान् कूटानपि प्राप्य । यद्बाल इव नृत्यसि ॥ ८ ॥

અર્થ:—ત્યારે (તે જોઇને) તેઓ બોલ્યા કે અરે મુગ્ધ! કોઇક કપટીએ તને ઠગ્યો છે, કે જેથી આ ખોટી મહોરો મેલવીને પણ તું બાલકનીપેઠે નાચે છે, ॥ ૮ ॥

स दुःखं कृत्रिमं तत्र । दधानोऽथ धरातले ॥
विलुलोठ कृताक्रंद— ममंदं ताडयन्नुरः ॥ ९ ॥

અર્થ:—ત્યારે દુઃખી થયાનો ઢોંગ કરીને તે પૃથ્વીપર લોટી પડ્યો, તથા ઘણું રૂદન કરતોથકો છાતી કુટવા લાગ્યો. ॥ ૯ ॥

ततः प्रसृतकारुण्यैः । स तैरालापि तापस ॥
शुचालं सति दीनारा । भूयांसो नस्तवैव नु ॥ १० ॥

અર્થ:—ત્યારે દયા આવવાથી તેઓએ તે તાપસને કહ્યું કે હુવે તું શોક કર નહિ, અમારીપાસે ઘણી સોનામહોરો છે, અને તે સઘળી તારીજ છે. ॥ ૧૦ ॥

सार्थं सार्थ स विज्ञाय । न्यायहीनो वहन्मुदं ॥
चचाल तैः सह व्याल । इव नित्यं दुराशयः ॥ ११ ॥

અર્થ:—હુવે તે સાર્થને ધનવાળો જાણીને તે લુચ્ચો તાપસ હર્ષ પામતોથકો સર્પનીપેઠે હમેશાં દુષ્ટ આશયવાળો થયોથકો તેઓની-સાથે ચાલવા લાગ્યો. ॥ ૧૧ ॥

निध्याय तं रथी दध्यौ । क्रूरं कृतधियां वरः ॥
विश्वासो मे तृणच्छन्न—कूपस्येवास्य नोचितः ॥ १२ ॥

અર્થ:—હુવે બુદ્ધિવાનોમાં શ્રેષ્ઠ એવા તે અગલદત્તે તે તાપસને ક્રૂર જાણીને વિચાર્યું કે ઘાસથી છવાયેલા કુવાનીપેઠે મારે આ તાપ-સનો વિશ્વાસ કરવો ઉચિત નથી. ॥ ૧૨ ॥

समर्थः सार्थमादाय । बुधः सज्जीकृतायुधः ॥
स भूयसीमलंधिष्ट । भुवं दिवमिवार्यमा ॥ १३ ॥

અર્થ:—પછી તે સમર્થ તથા હુશિયાર અગલદત્ત હથિયારો સજ્જ કરીને તે સાર્થને લઇને સૂર્ય જેમ આકાશને તેમ ઘણી ભૂમિને ઓલંગી ગયો. ॥ ૧૩ ॥

मध्यंदिने दिनाधीश—तापार्त्तास्ते मृगा इव ॥
पांथाः पुरः सरित्तीर—तरुच्छायाः सिषेविरे ॥ १४ ॥

અર્થ:—હુવે મધ્યાહ્નકાળે સૂર્યના તાપથી ખેદ પામેલા તે પંથીઓ હરિણોનીપેઠે આગલ આવેલી એક નદીને કિનારે વૃક્ષની છાયામાં બેઠા. ॥ ૧૪ ॥

तापसः पथिकानूचे । भवद्भिर्मयि सकृपैः ॥
नाद्य पाकक्रमः कार्यो । विवाहामंत्रितैरिव ॥ १५ ॥

અર્થ:—ત્યારે તે તાપસે તે પથિઓને કીધું કે આજ તો મારા-પર મહેરબાની કરીને જાણે તમો વિવાહમાં નોતરેલા હો નહિ તેમ તમારે રસોઇ કરવાની તકલીફ ઉઠાવવી નહિ. ॥ ૧૫ ॥

अस्ति नद्यास्तटेऽमुष्या । गोमहिष्यादिसंकुलः ॥
ग्रामोऽध्वचारिणां दुग्ध—दधिसत्र इव ध्रुवः ॥ १६ ॥

અર્થ:—કેમકે આ નદીને કિનારે ગાયો અને ભેંસોથી ભરેલું એક ગામ છે, કે જે ગામ વટેમાર્ગુઓમાટે દુઃખદહીંના નિશ્ચલ સદાવ્રત-સરખું છે. ॥ ૧૬ ॥

प्रयागंप्रति पुण्यार्थी । पुराऽवंतीपुराद् व्रजन् ॥
ग्रामेऽत्र लोकहर्षाय । वर्षावासं व्यधामहं ॥ १७ ॥

અર્થ:—અગાઉ પુણ્યમાટે હું અવતી નગરીથી જ્યારે પ્રયાગ જતો હતો, ત્યારે આ ગામના લોકોને ખુશી કરવામાટે મેં અહીં ચતુર્માસ કર્યું હતું. ॥ ૧૭ ॥

चिरं परिचिता भक्ता । भक्तमापत्त्रमत्र मे ॥
ग्राम्या दास्यंति तेनात्र । भोजयिष्यामि वः सुखं ॥ १८ ॥

અર્થ:—તેથી મારા ઘણા કાળના પરિચયવાળા અને ભક્ત એવા આ ગામના લોકો મને અહીં ક્ષુધાની વેદનાથી રક્ષણ કરનારૂં ભોજન આપશે, અને તે ભોજનથી હું તમોને સુખે જમાડીશ. ॥૧૮॥

इत्युक्त्वा ग्राममध्यं स । जगद्ध्वंसनधीर्गतः ॥
विषसंपृक्तभक्तेन । क्रूरः पात्राण्यपूरयत् ॥ १९ ॥

અર્થ:—એમ કહીને જગતને મારવાની બુદ્ધિવાળો તે તાપસ ગામની અંદર ગયો, અને ત્યાં તે દુષ્ટે ઝેરયુક્ત ભોજનવાળાં પાત્રો ભર્યાં. ॥ ૧૯ ॥

शिरसा सरसाहार—पूर्णपात्राण्युदस्य सः ॥
सार्थमध्यमितो भोक्तुं । सार्थिकानुदतिष्टपत् ॥ २० ॥

અર્થ:—પછી તે રસયુક્ત ભોજનથી ભરેલાં પાત્રો મસ્તકે ઉંચકીને સાર્થમાં આવીને ભોજનમાટે સાર્થના લોકોને ઉઠાડવા લાગ્યો.

तैरीतिज्ञैः पथि प्रीति—वशतः शयिता रथे ॥
भोक्तुमामंत्रितः स्पष्ट—माचष्ट रथिकांगजः ॥ २१ ॥

અર્થ:—ત્યારે તે વ્યવહારકુશલ લોકોએ માર્ગમાં થયેલી પ્રીતિને લીધે રથમાં સુતેલા અગલદત્તને ભોજનમાટે આમંત્રણ કર્યાથી તે સ્પષ્ટ રીતે બોલ્યો કે. ॥ ૨૧ ॥

अद्यास्त्यजीर्णदोषो मे । मा भुग्ध्वं यूममप्यहो ॥
परिव्राड् जन्मराशिस्थ—शौरिक्रूरोऽयमीक्ष्यतां ॥ २२ ॥

અર્થ:—મને તો આજે અજીર્ણ થયું છે, અને તમો પણ (આ તાપસે લાવેલું) ભોજન જમશો નહિ, કેમકે આ તાપસને તમારે જન્મ-રાશિમાં રહેલા શનિસરખો ક્રૂર જાણવો. ॥ ૨૨ ॥

मलिनानां मृदो वाचो । विश्वसेन्न कदाचन ॥
दत्ते वृश्चिकवद्दंशं । मधुपो मधुरध्वनिः ॥ २३ ॥

અર્થ:—નીચ માણસોનાં મીઠાં વચનોપર કદાપિ વિશ્વાસ કરવો નહિ, કેમકે મધુર શબ્દ કરનારો ભમરો શું વીંછુનીપેઠે ડંખ આપતો નથી? ॥ ૨૩ ॥

इत्युक्तं रथिना व्यक्तं । नास्मार्षुस्ते बुभुक्षिताः ॥
जैनेंद्रं शासनं काम–रागार्त्ता इव देहिनः ॥ २४ ॥

અર્થ:—એવી રીતે અગલદત્તે પ્રગટ કહ્યા છતાં પણ કામાતુર લોકો જેમ જિનેંદ્રશાસનને તેમ તે ક્ષુધાતુર લોકોએ તેનું કહેવું કંઈ ગણકાર્યું નહિ. ॥ ૨૪ ॥

भोक्तुं पंक्त्या निषण्णाना–मथैषां पर्यवेषयत् ॥
हा रथी वंचितो दैवे—नेति वाक्तापसस्तदा ॥ २५ ॥

અર્થ—પછી તેઓ સઘળા ભોજનમાટે જેવામાં હારબંધ બેસી ગયા તેવામાં અરે! આ રથવાળાને (અગલદત્તને) તો કરમેજ ઠગ્યોને, એમ કહેતોથકો તે તાપસ તેઓને પીરસવા લાગ્યો. ॥ ૨૫ ॥

पूर्वं दध्योदनास्वाद—सादरत्वेन तेऽखिलाः ॥
शिरांसि घूर्णयामासु–र्विषस्यावेशतस्ततः ॥ २६ ॥

અર્થ:—પ્રથમ તો દહીંભાતના સ્વાદમાં રસ લાગવાથી તેઓ સઘળા (ખુશી થઇને) પોતાનાં મસ્તકો ધુણાવવા લાગ્યા, તથા પછી ઝેર ચડવાથી તેઓ તેમ કરવા લાગ્યા. ॥ ૨૬ ॥

लिंगिना भुक्तवंतस्ते । शाखिच्छायासु शायिताः ॥
क्षणात् प्राणच्छिदं मूर्छां । प्रमीलामिव लेभिरे ॥ २७ ॥

અર્થ:—ભોજનબાદ તાપસે તેઓને વૃક્ષની છાયામાં સુવાડયા, તથા ક્ષણવારમાં તો તેઓ પ્રાણોને નાશ કરનારી પ્રમીલાસરખી મૂર્છા પામ્યા. ॥ ૨૭ ॥

भस्माधारादथाकृष्य । कृपाणं निःकृपोऽलुनात् ॥
योगी युगंधरीशीर्ष–लावं तेषां शिरांसि सः ॥ २८ ॥

અર્થ:—પછી તે નિર્દય તાપસે ઝોલીમાંથી તલવાર કહાડીને તેથી જુવારના ડુંડાની કાપણીનીપેઠે તેઓના મસ્તકો કાપી નાખ્યાં. ॥૨૮॥

करात्तरुधिरार्द्रासि—दंडः स रथिनंप्रति ॥
अधावतोध्ध्वलांगूलो । भल्लूक इव भीषणः ॥ २९ ॥

અર્થ:—પછી રૂધિરથી ખરડાએલી તલવાર હાથમાં લઇને તે તાપસ ઉંચી કરેલી પુંછડીવાળા રીંછનીપેઠે ભયંકર થયોથકો અગલદત્તપ્રતે દોડ્યો. ॥ ૨૯ ॥

आगच्छन् रथिकेनायं । निहतस्तरवारिणा ॥
बलाद् बलाहकेनेव । तरुर्दुस्तरवारिणा ॥ ३० ॥

અર્થ:—પછી દુસ્તર જલવાળો વરસાદ જેમ એકદમ વૃક્ષને તોડી પાડે તેમ અગલદત્તે તેને આવતોથકોજ તલવારથી કાપી નાખ્યો. ॥૩૦॥

ततो भग्न इव स्तंभो । भूमौ भ्रष्टोऽभ्यधत्त सः
चौरोऽस्मि धनपुंजोऽहं । धनपुंजार्जनोर्जितः ॥ ३१ ॥

અર્થ:—ત્યારે ભાંગેલા સ્તંભનીપેઠે પૃથ્વીપર પડેલો તે તાપસ બોલ્યો કે, હું ધનનો સમુહ મેલવવામાં તૈયાર થયેલો ધનપુંજ નામે ચોર છું. ॥ ૩૧ ॥

योऽहं जिग्ये पुरा शूरैः । केसरीव न कैश्चन ॥
त्वं तु तं कृतदुष्टाप—दष्टापद इवाजयः ॥ ३२ ॥

અર્થ:—પૂર્વે કેસરીસિંહનીપેઠે હું કોઇપણ શૂરવીરોથી જીતાયો નથી, અને કરેલ છે દુષ્ટોને દુઃખ જેણે એવા તેં તો મને અષ્ટાપદનીપેઠે જીત્યો છે. ॥ ૩૨ ॥

किंचास्मात्पर्वतादर्वाक् । परतः सरितः पुनः ॥
चौराणां तीर्थवद्देव—कुलगस्त्येकमुन्नतं ॥ ३३ ॥

અર્થ:—વળી આ પર્વતની પાછળ નદીને પહેલે પાર ચોરોના તીર્થસરખું એક ઉંચું દેવમંદિર છે. ॥ ૩૩ ॥

पृष्टतस्तिष्टतस्तस्य । शिला दृक्पथमेति या ॥
विवरं दृश्यते घोरं । रयादुध्धृतया तया ॥ ३४ ॥

અર્થ:—તેની પાછળ ઉભતાં જે શિલા નજરે પડે તેને ખેસવવાથી ત્યાં એક ભોંયરૂં દેખાશે. ॥ ૩૪ ॥

तदंतः संति मे दारा । स्फाराश्च धनकोटयः ॥
तद्गृहाणाखिलं व्याघ्र । इव क्षुद्रार्जितं मधु ॥ ३५ ॥

અર્થ:—તેમાં મારી સ્ત્રી અને ક્રોડોગમે મનોહર ધન છે, તે સઘલું મધમાખીએ એકઠું કરેલું મધ જેમ વાઘ તેમ તારે લેઇ લેવું.

दद्या उदारदारूणि । व्यापन्नस्य पुनर्मम ॥
एवं वदत एवास्य । प्राणाः पथिकवद्ययुः ॥ ३६ ॥

અર્થ:—વળી મને મરણ પામેલાને તારે સારાં કાષ્ઠોથી અગ્નિદાહ દેવો, એમ કહેતાંથકાંજ પંથીનીપેઠે તેના પ્રાણો ચાલ્યા ગયા.

सोऽपि बंधुरिवाशंकं । ज्वालयामास तच्छवं ॥
न परमार्थनाभंगं । क्वचित्कुर्वंति तादृशाः ॥ ३७ ॥

અર્થ:—પછી તેણે પણ બંધુનીપેઠે નિ:શંક થઇને તેના શબનો અગ્નિસંસ્કાર કર્યો, કેમકે તેવા સજ્જનો પરની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. ॥ ૩૭ ॥

स्नातः सरिज्जले देव—कुलं सोऽगान्निराकुलं ॥
बली शिलां समुध्धृत्य । ददर्श त्रिवरं पुरः ॥ ३८ ॥

અર્થ:—પછી તે તળાવના જલમાં નાહીને વ્યાકુલ થયાવિના તે દેવમંદિરમાં ગયો, પછી તે બળવાને જેવી તે શિલા ઉપાડી કે તેવું ત્યાં ભોંયરૂં જોયું. ॥ ૩૮ ॥

दृष्ट्वा तदंतरा दांत—रतिरूपां स्त्रियं रथी ॥
स्निह्यन् स भ्रुकुटीभंग—मवादि श्यामदत्तया ॥ ३९ ॥

અર્થ:—વળી ત્યાં મનોહર રતિસરખા રૂપવાળી સ્ત્રીને જોઇને જ્યારે અગલદત્ત તેણી તરફ સ્નેહથી જોવા લાગ્યો, ત્યારે શ્યામદત્તાએ ભ્રુકુટી ચડાવીને કહ્યું કે, ॥ ૩૯ ॥

त्वत्कृते तत्यजे बंधु—वेश्मसारं मयाखिलं ॥
त्वं त्वस्यां रज्यसेऽलज्ज । धिक्पुंसां चपलं मनः ॥ ४० ॥

અર્થ:—તારેમાટે તો મેં મારા બંધુઓને તથા ઘરની સર્વ મિલ્કતને છોડી છે, અને હે નિર્લજ્જ! તું તો આ સ્ત્રીમાં મોહિત થાય છે, માટે પુરૂષોના ચપલ મનને ધિક્કાર છે. ॥ ૪૦ ॥

चौरस्य पत्नी चौर्येव । स्याद्वेत्तीत्यल्पधीरपि ॥
तस्यां हताश्च विश्वास—भाजो धिक्तव चातुरीं ॥ ४१ ॥

અર્થ:—વળી ચોરની સ્ત્રી ચોરજ હોય એમ એક મૂર્ખ પણ જાણી શકે, અને એવી સ્ત્રીમાં પણ હે હુતાશ! તેં વિશ્વાસ કર્યો, માટે તારી ચતુરાઇને ધિક્કાર છે. ॥ ૪૧ ॥

अपत्रपिष्णुरित्युक्त्या । त्यक्त्वा रामां रमां च तां ॥
प्रवृत्तः स पुरो गंतु–मासमाद महाटवीं ॥ ४२ ॥

અર્થ:—તેણીના તે વચનથી લજ્જાતુર થઇને તે સ્ત્રી તથા તે લક્ષ્મીને છોડીને તે આગલ ચાલવા લાગ્યો, તથા એક મ્હોટી અટવીમાં આવી પડ્યો. ॥ ૪૨ ॥

पिशाच्यो यत्र खेलंति । वेश्मनीव पितुः स्त्रियः ॥
चरंति राक्षसाः शून्य—ग्रामसीम्नीव तस्कराः ॥ ४३ ॥

અર્થ:—પિતાના ઘરમાં જેમ સ્ત્રીઓ તેમ પિશાચીઓ જ્યાં ખેલી રહી છે, તથા ઉજ્જડ ગામની સીમમાં જેમ તેમ જ્યાં ચોરો ફર્યા કરે છે, ॥ ૪૩ ॥

यत्र नानाध्वकुंजेषु । निलीनं स्तेनवत्तमः ॥
सूरस्यापि दुराकर्षं । करैस्तीव्रतरैरपि ॥ ४४ ॥

અર્થ—વળી જ્યાં વિવિધ માર્ગમાં રહેલા નિકુંજોમાં સૂર્યનાં અતિ આકરાં કિરણોથી પણ દૂર ન કરી શકાય એવો અંધકાર ચોરનીપેઠે છુપાઇ રહેલો છે, ॥ ૪૪ ॥

गुहासु क्ष्माभृतां ध्वांत—खनीषु रजनीधिया ॥
दिवापि जज्ञिरे यत्र । वाचाटाः करटारयः ॥ ४५ ॥

અર્થ:—વળી જ્યાં અંધકારની ખાણુસરખી પર્વતની ગુફાઓમાં રાત્રી જાણીને દિવસે પણ ઘુવડો ઘૂત્કાર શબ્દ કરી રહ્યા છે, ॥૪૫॥

अभादिभारिभिन्नेभ—कुंभभूमौक्तिकोत्करः ॥
यत्र तीव्रकरत्रस्त—तारकौघ इवागतः ॥ ४६ ॥

અર્થ:—વળી જ્યાં સૂર્યથી ડરીને તારાઓનો સમુહ જાણે આવ્યો હોય નહિ તેમ સિંહે મારેલા હાથીઓનાં કુંભસ્થલમાંથી નિકળેલો મોતીઓનો સમુહ શોભતો હતો. ॥ ૪૬ ॥

बिले बिले सदर्पाणां । सर्पाणां स्फारफूत्कृतैः ॥
वायुं विनाप्यदीप्यंत । यस्यां दवहविर्भुजः ॥ ४७ ॥

અર્થ:—વળી જ્યાં દરેક બિલોમાં રહેલા ભયંકર સર્પોના જબરા ફુંફાડાઓથી વાયુવિના પણ દાવાનલ જોરથી સળગી રહેલો છે.

भिल्लैर्बध्ध्वार्थ्यमानेषु । पांथेषु सकृपा इव ॥
रुदंति निर्झरव्याजा-द्यस्यां पर्वतपंक्तयः ॥ ४८ ॥

અર્થ:—ભિલ્લોએ બાંધવાથી કાલાવાલા કરતા એવા પંથિઓ- પ્રતે જાણે દયાલુ થયા હોય નહિ તેમ જ્યાં પર્વતની હારો ઝરણા- ઓના મિષથી રડયા કરે છે. ॥ ૪૮ ॥

मूर्तैः पापैरिव श्यामै-रभसा वन्यसैरिभैः ॥
यत्र प्रेर्यापनीयंते । पांथाः स्वस्वामिनं पुरः ॥ ४९ ॥

અર્થ:—વળી જ્યાં મૂર્તિવંત પાપસરખા જંગલી શ્યામ પાડાઓ પંથીઓની પાછલ પડીને તેઓને પોતાના સ્વામી યમપાસે લેઇ જાય છે, અર્થાત્ મારી નાખે છે. ॥ ૪૯ ॥

भूरिमायकुलाकीर्णा । श्रोतः पूरविभीषणा ॥
क्षुद्रोपद्रवभूयिष्टा । सर्वत्रोद्भिन्नकंदला ॥ ५० ॥

અર્થ:—શિયાળોના સમુહથી ભરેલી, ઝરણાઓના સમુહથી ભયંકર થયેલી, ઘણા ક્ષુદ્ર ઉપદ્રવોવાળી તથા સર્વ જગોપર ફુટેલા અંકુરાઓવાળી ॥ ૫૦ ॥

यत्नात् स तां वनीं क्रामन् । भवस्थ इव संसृतिं ॥
ददर्श पतितं दंड-कुंडिकोपानहादिकं ॥ ५१ ॥

અર્થ:—એવી તે અટવીને સંસારી માણસ જેમ સંસારને તેમ ઓળંગતાંથકાં તે અગલદત્તે ત્યાં પડેલાં દંડ, કુંડી તથા પગરખાં આદિક જોયાં. ॥ ૫૧ ॥

श्यामां सोऽभिदधे चिह्नै-रेभिर्जानामि भामिनि ॥
पलायतेस्म कोऽप्यत्र । सार्थो व्यालभिया पुरा ॥ ५२ ॥

અર્થ:—ત્યારે તે શ્યામદત્તાને કહેવા લાગ્યો કે હે સ્ત્રી! આ ચિન્હોથી હું જાણું છું કે હાથીના ડરથી અગાડી કોઇક સાર્થ ભાગી છુટયો છે. ॥ ૫૨ ॥

अमीभिर्वार्तया कंप—मानां मृदुलतामिव ॥
मा भैरिति रथी स्थाम-धामधीस्तामधीरयत् ॥ ५३ ॥

અર્થ:—એવી રીતે ભયની વાતથી કોમળ વેલડીનીપેઠે કંપતી એવી તે શ્યામદત્તાને નિર્ભય તથા બલ અને તેજસ્વી બુદ્ધિવાળા અગલદત્તે ધીરજ આપી કે, હે પ્રિયે! તું જરા પણ ડર નહિ. ॥૫૩॥

साशंकं चलतस्तस्य । सानुमानिव जंगमः ॥

दार्ढ्यं गतस्तमःपूर—इव प्रादुरभूदिभः ॥ ५४ ॥

અર્થઃ—એવામાં શંકાસહિત ચાલતા એવા તે અગલદત્તની સામે જંગમ પર્વતસરખો તથા જાણે અંધકારનો સમુહ ઘાટો થઇને પડ્યો હોય નહિ એવો એક હાથી પ્રકટ થયો. ॥ ૫૪ ॥

प्रसारयन्मुखं भीष्म-मंधकूपसहोदरं ॥

शुंडां तांडवयन् दंड-धरदोर्दंडवद्दिवि ॥ ५५ ॥

અર્થ:—અંધારા કુવાસરખું ભયંકર મુખ ફાડતો, યમના ભુજાદંડસરખી સુંઢને આકાશમાં નચાવતો, ॥ ૫૫ ॥

रुष्यन् वायोरपि स्पर्शे-ऽप्यमृष्यंस्तुंगतां तरोः ॥

पत्रेऽपि पतिते कुप्य-न्निजच्छायामपि द्विषन् ॥ ५६ ॥

અર્થ:—વાયુનો સ્પર્શ થતાં પણ ક્રોધાયમાન થતો, વૃક્ષની ઉંચાઇને સહન નહિ કરતો, પાંદડું પડવાથી પણ કોપ પામતો, પોતાની છાયાપ્રતે પણ ક્રોધાતુર થતો, ॥ ૫૬ ॥

लता मृद्नंस्तरून् भंजन् । भूतग्रामं च भापयन् ॥

दृष्टमात्रोऽप्यसौ रथ्य-हयत्रासमजीजनत् ॥ ५७ ॥

અર્થ:—વેલડીઓને કચરતો, વૃક્ષોને ભાંગતો, તથા જંતુઓના સમુહને ડરાવતો એવો તે હાથી નજરે પડયોથકો પણ રથના ઘોડાને ત્રાસ પમાડવા લાગ્યો. ॥ ૫૭ ॥

अप्रमत्तः स्फुरत्सत्व-स्तस्य कुंभं बिभेद सः ॥

इषुभिस्तिसृभिर्मोहं । निर्ग्रंथ इव गुप्तिभिः ॥ ५८ ॥

અર્થ:—ત્યારે સ્ફુરાયમાન પરાક્રમવાલા તે અગલદત્તે સાધુ ગુપ્તિઓવડે જેમ મોહને તેમ ત્રણ બાણોથી તે હાથીનું કુંભસ્થલ ભેદી નાખ્યું ॥ ૫૮ ॥

गिरिश्रृंग इव भ्रष्टे । कुंजरे घातजर्जरे ॥

श्यामदत्तावदत्तारं । जय वीरव्रतिन्निति ॥ ५८ ॥

અથ:—અને તેથી ઘાયલ થયેલો હાથી જ્યારે પર્વતના શિખરનીપેઠે નીચે ત્રુટી પડ્યો ત્યારે શ્યામદત્તા મોટેથી બોલી કે હે વીરવ્રતી! તું જય પામ? ॥ ૫૮ ॥

अथो पुरश्चरन् सर्प—मभ्यायांतमवैक्षत ॥

फणच्छलाद्धृतच्छत्र—मिव हिंस्रेषु जंतुषु ॥ ५९ ॥

અર્થ:—પછી આગળ ચાલતાં તેણે ફણાના મિષથી હિંસક પ્રાણીઓમાં જાણે છત્ર ધારણ કર્યું હોય નહિ એવા એક સર્પને તેણે સામો આવતો જોયો. ॥ ૫૯ ॥

महोदरो मनोहत्य । पीत्वा यः पवनं वने ॥
तनोतिस्म तदुद्गारान् । स्फारफूत्कारदंभतः ॥ ६० ॥

અર્થ:—તે સર્પ છેક કંઠસુધી વનનો પવન પીને મોટા ઉદરવાળો થયોથકો જબરા ફુંફાડાઓના મિષથી તેના ઉદ્ગારો કહાડવા લાગ્યો.

अर्द्धचंद्रशरेणास्य । लुलाव फणमंडलं ॥
योधाधिपो वधूवेणी—स्पर्द्धयेवापराधिनः ॥ ६१ ॥

અર્થ:—ત્યારે તે વીરશિરોમણિએ (પોતાની) સ્ત્રીના ચોટલાની સ્પર્ધા કરવાથી જાણે અપરાધી થયો હોય નહિ એવા તે સર્પની ફેણ અર્ધચંદ્રાકાર બાણથી કાપી નાખી. ॥ ૬૧ ॥

लोलोल्लालितजिह्वाग्रं । ज्वलदाताम्रलोचनं ॥
पुष्टीकृतरवं ग्राव–गुहाभ्यः प्रतिशब्दितैः ॥ ६२ ॥
प्रस्फुरत्केसराटोपं । सोऽपश्यद् द्वीपिनं पुरः ॥
दंडप्रचंडलांगूलं । द्वैतीयिकमिवांतकं ॥ ६३ ॥ युग्मं ॥

અર્થ:—પછી આગલ ચાલતાં ચપલ અને લપલપાયમાન જિહ્વાના અગ્ર ભાગવાળા, તપાવેલાં ત્રાંબાંસરખી આંખોવાળા, પર્વતની ગુફાઓમાંથી નિકલતા પડઘાઓવડે પુષ્ટ થતા શબ્દોવાળા, ॥ ૬૨ ॥

અર્થ:—ફરકતી કેશવાળીના આડંબરવાળા તથા દંડસરખા ભયંકર પુંછડાંવાળા બીજા યમસરખા તે સિંહને તેણે જોયો. ॥ ૬૩ ॥

वीरस्तूणीरतां नीत्वा । तस्यास्यं पंचभिः शरैः ॥
सुचरं स चिरं चक्रे । मार्गमारण्यकांगिनां ॥ ६४ ॥

અર્થ:—ત્યારે તે શૂરવીર અગલદત્તે પાંચ બાણોવડે તેના મુખને ભાથાંસરખું બનાવીને જંગલના પ્રાણીઓમાટે ઘણા કાળસુધી તે માર્ગ સુગમ કરી દીધો. ॥ ૬૪ ॥

क्रामन्नथाटवीं श्यामा—न्निःस्नेहस्फटितत्वचः ॥
तुमुलोत्तालवदना—न्नीलनेपथ्यधारिणः ॥ ६५ ॥
पृष्टतो बद्धतूणीरान् । कराकुंचितकार्मुकान् ॥
शैलादुत्तरतो भिल्लान् । निरैक्षत स लक्षशः ॥ ६६ ॥ युग्मं ॥

અર્થ:—પછી તે અટવીમાં આગલ ચાલતાં તેણે શ્યામ રંગના, કઠોર અને ફાટેલી ચામડીવાલા, કોલાહલયુક્ત મુખવાલા, શ્યામ વસ્ત્ર પહેરનારા, ॥ ૬૫ ॥

અર્થ:—પાછલ બાંધેલ ભાથાંવાળા તથા હાથથી ખેંચેલ કામઠાવાલા એવા લાખોગમે ભિલ્લોને તેણે પર્વતપરથી ઉતરતા જોયા. ॥૬૬॥

आश्रयस्तेजसामेकः । स्वपक्षबलगर्वितैः ॥

अवेष्ट्यत क्षणादेष । तैर्दीपः शलभैरिव ॥ ६७ ॥

અર્થ:—પછી પતંગીયાંઓ જેમ દીપકને તેમ તેજના એક સ્થાનસરખા તે અગલદત્તને પોતાના પક્ષથી ગર્વયુક્ત થયેલા તે ભિલ્લોએ ક્ષણવારમાં ઘેરી લીધો. ॥ ૬૭ ॥

तेभ्योऽतिबिभ्यती श्यामा । परिरेभे दृढं प्रियं ॥

अनन्यशरणामुष्य । विवक्षुरिव वर्ष्मणि ॥ ६८ ॥

અર્થઃ—તે ભિલ્લોથી અત્યંત ડરતી એવી તે શ્યામદત્તા બીજો આધાર ન મલવાથી જાણે તેના શરીરમાં પેશી જવાની ઇચ્છાવાલી હોય નહિ તેમ પોતાના ભર્તારને મજબૂત આલિંગન કરીને રહી.

चेटानिव यमस्यामू–नहं श्यामे यमालयं ॥

क्षणान्नेष्यामि तन्मा भै–रभ्यधत्तेति तां रथी ॥ ६९ ॥

અર્થઃ—ત્યારે અગલદત્તે તેણીને કહ્યું કે યમના દાસસરખા આ ભિલ્લોને ક્ષણવારમાં યમને ઘેર પહોંચાડી દઇશ, માટે તું ડર નહિ. ॥૬૯॥

सोऽथ सन्नाहमाधाय । प्रियां पृष्टे विधाय च ॥

भिल्लानामभ्यमित्रोऽभू—दभूमिः स द्विषद्भियां ॥ ७० ॥

અર્થ:—પછી બખતર પહેરીને તથા પોતાની સ્ત્રીને પાછલ રાખીને શત્રુઓના ભયને નહિ ગણકારતો એવો તે અગલદત્ત તે ભિલ્લોસાથે લડવા લાગ્યો. ॥ ૭૦ ॥

कुंडलीकृतकोदंडः । कांडश्रेणीरथामुचत् ॥

प्रावृषः परिवेषीव । वारिधारा दिवाकरः ॥ ७१ ॥

અર્થ:—ધનુષ ખેંચીને વર્ષાથી ઘેરાયેલો સૂર્ય જેમ જલધારાને તેમ તે બાણોની શ્રેણિ મુકવા લાગ્યો ॥ ૭૧ ॥

किरातास्तच्छरापाता—द्भीरवः मपलायिताः ॥

धनलाभार्थिनस्ते हि । न पुनर्निधनार्थिनः ॥ ७२ ॥

અર્થ:—તેના શરપાતથી ડરેલા તે ભિલ્લો ત્યાંથી પલાયન કરી ગયા, કેમકે તેઓ ધન લેવાની ઇચ્છાવાળા હતા, કંઈ મરણ પામવાની ઇચ્છાવાલા નહોતા. ॥ ૭૨ ॥

अथाविरभवच्चौर–सेनानीरर्जुनाभिधः ॥
वैरिकुंभिभिदे सिंह–समः समरकौतुकी ॥ ७३ ॥

અર્થ:—એવામાં વૈરીઓરૂપી હાથીઓને મારવામાં સિંહસરખો અને લડવાનો કૌતુકી એવો અર્જુન નામનો ચોરનો સેનાપતિ ત્યાં પ્રગટ થયો. ॥ ૭૩ ॥

नश्यतः स निजान् सैन्यान् । संग्रामायोदसाहयत् ॥
नाट्याय भरताचार्य । इव रंगच्युतान्नटान् ॥ ७४ ॥

અર્થ:—નિરૂત્સાહી થયેલા નટોને નાટકમાટે જેમ સૂત્રધાર તેમ તે પોતાના નાશતા સુભટોને સંગ્રામમાટે ઉત્સાહિત કરવા લાગ્યો. ॥૭૪॥

रणरागात्तमभ्यागा—द्वीरोऽसौ सोऽप्यमुं ततः ॥
व्यधत्तां द्वंद्वयुद्धं तौ । हरिप्रतिहरी इव ॥ ७५ ॥

અર્થ:—લડવાના રસથી તે શૂરવીર અગલદત્ત તેની સામે આવ્યો, અને તે અર્જુન પણ તેની સન્મુખ આવ્યો, પછી તેઓ બન્ને વાસુદેવ તથા પ્રતિવાસુદેવનીપેઠે દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. ॥ ૭૫ ॥

वंचनात्परघाताना—मन्योऽन्यं प्रजिहीर्षतोः ॥
तयोर्जयश्रिया चक्रे । कं वृणोमीति संशयः ॥ ७६ ॥

અર્થ:—પરનો ઘા છટકાવીને એકબીજાને મારવાની ઇચ્છાવાલા તેઓ બન્નેને જોઇને આ બન્નેમાંથી મારે કોને વરવું? એમ જયલક્ષ્મી સંશયમાં પડી ગઇ. ॥ ૭૬ ॥

इद्धमानौ युद्धमानौ । खड्गाखड्गिशराशरी ॥
विदधाते किरातेषु । चिरं तौ नयनोत्सवं ७७ ॥

અર્થ:—વધી વધીને તલવારથી તથા બાણોથી યુદ્ધ કરતા એવા તેઓ બન્ને ઘણા કાળસુધી ભિલ્લોની આંખોને આનંદ આપવા લાગ્યા.

शक्त्यसाध्यं रिपुं मत्वा । विजिगीषुश्छलेन तं ॥
धीमान्निवेशयामास । श्यामामग्रे रथे रथी ॥ ७८ ॥

અર્થ:—હવે શત્રુને બળથી જીતવો અશકય જાણીને તેને છલથી જીતવાની ઇચ્છાવાળા તે બુદ્ધિવાન અગલદત્તે રથમાં શ્યામદત્તાને અગાડી બેસાડી. ॥ ૭૮ ॥

भूरिभूषणदीप्तांगी–मक्षिभंगविलासिनीं ॥
श्लथीकृतोपसंव्यानां । लावण्यरसवाहिनीं ॥ ७९ ॥
चिरं चरटचक्री तां । ग्रामीण इव नागरीं ॥
मुक्त्वा समरसंरंभं । स्फारिताक्षो निरैक्षत ॥ ८० ॥ युग्मं ॥

અર્થ:—ઘણાં આભુષણોથી દેદીપ્યમાન શરીરવાળી, કટાક્ષોના વિલાસવાળી, ઢીલી કરેલી સાડીવાળી તથા લાવણ્યરૂપી રસની નદી-સરખી એવી તેણીને જોઇને ॥ ૭૯ ॥

અર્થ:—ગામડીઓ જેમ નગરની સ્ત્રીને તેમ તે ચોરોનો સરદાર રણસંગ્રામનો સંરંભ તજીને એકીનજરે તેણીનેજ જોવા લાગ્યો. ॥૮૦॥

तया विक्षितयाऽस्र–न्नस्य शस्त्राणि पाणितः ॥
दलान्युदितयेव द्रु–शाखतः शिशिरश्रिया ॥ ८१ ॥

અર્થ:—પછી શિશિરઋતુ આવવાથી વૃક્ષની ડાળીમાંથી જેમ પાંદડાં તેમ તેણીને જોતાંજ તેના હાથમાંથી શસ્ત્રો પડી ગયાં. ॥૮૧॥

अन्यचित्तं परिज्ञाय । बाणेनारामुखेन तं ॥
रथिको हृदि विव्याध । स्पर्द्धयेव मनोभुवः ॥ ८२ ॥

અર્થ:—એવી રીતે તેને અન્યચિત્તવાળો જાણીને કામદેવની સ્પર્ધાથી જેમ તેમ અગલદત્તે અણીદાર બાણથી તેને હૃદયમાં વીંધી નાખ્યો, ॥ ૮૨ ॥

स ततः पतितः पृथ्व्यां । शीर्णस्कंध इव द्रुमः ॥
जितं मयेति माद्यंत–मुवाच रथिकांगजं ॥ ८३ ॥

અર્થ:—અને તેથી તે સડેલા થડવાલા વૃક્ષનીપેઠે પૃથ્વીપર પડયો, પછી મેં આને જીત્યો એમ ગર્વ કરતા તે અગલદત્તને અર્જુને કહ્યું કે,

मां द्राप्सीः शूर यच्चौर–सेनानीर्निहतो मया ॥
हतोऽहं स्मरवीरेण । पूर्वं पश्चात्त्वया पुनः ॥ ८४ ॥

અર્થ:—હે શુરવીર! તું ગર્વ નહિ કરજે કે મેં ચોરોના સેનાપતિને માર્યો છે, કેમકે પ્રથમ તો મને કામદેવરૂપી સુભટે માર્યો છે, અને તેં તો ત્યારપછી માર્યો છે. ॥ ૮૪ ॥

विधिना वंचितः सोऽहं । यदायोधनसंकटे ॥
सितागामिव शुक्लांत–र्दयितायां मनो न्यधां ॥ ८५ ॥

અર્થ:—વળી મને તો કર્મેજ ઠગ્યો છે, કેમકે લડાઇના સંકટવખતે પણ મેં બ્રાકરનીપેઠે સ્ત્રીમાં મન જોડ્યું. ॥ ૮૫ ॥

मदाढ्यो भूरिपद्मोऽपि । प्रकटोप्युन्नतोऽपि च ॥
वारीभिरिव नारीभिः । पुंनागः श्वेव बद्धयते ॥ ८६ ॥

અર્થ:—મદથી ભરેલો, ઘણી લક્ષ્મીવાળો, પ્રસિદ્ધ અને ઉંચો એવો પણ પુરૂષરૂપી હાથી કુતરાનીપેઠે બંધનસરખી સ્ત્રીઓથી બંધાઇ જાય છે. ॥ ૮૬ ॥

कांतारसंगतः प्राणी । प्राणैरपि विमुच्यते ॥
निःकृपस्मरलुंटाक—विलुप्ताखिलधीधनः ॥ ८७ ॥

અર્થ:—સ્ત્રીના રસમાં લીન થયેલો (અરણ્યમાં ગયેલો) પ્રાણી નિર્દય કામદેવરૂપી લુંટારાથી સઘલું બુદ્ધિરૂપી ધન લુંટાઇ જવાથી પ્રાણોથી પણ રહિત થાય છે. ॥ ૮૭ ॥

वदतोऽस्येति निर्वाणाः । प्राणा निःस्नेहदीपवत् ॥
चौराश्चादृश्यतां जग्मु—स्तस्यांशव इव स्वयं ॥ ८८ ॥

અર્થ:—એમ બોલતાંથકાંજ તેલવિનાના દીવાની પેઠે તેના પ્રાણો નષ્ટ થયા, અને તેના ભાગોનીપેઠે ચોરો પણ સઘળા પોતાની મેળેજ અદૃશ્ય થઇ ગયા. ॥ ૮૮ ॥

एवं भुजबलेनाप—ल्लहरीः समतीत्य सः ॥
सुखेन प्रांतरप्रांत—माप पारमिवोदधेः ॥ ८९ ॥

અર્થ:—એવી રીતે પોતાના ભુજાબલથી દુ:ખરૂપી મોજાંઓને ઓળંગીને સમુદ્રના કિનારાનીપેઠે સુખેથી તે વિકટ અટવીનો પાર પામ્યો. ॥ ૮૯ ॥

मार्गशेषमतिक्रम्य । गतोऽवंतीं पुरीं रथी ॥
प्रियाया दर्शयन् पौरीं । श्रियमागात् स्वमंदिरं ॥ ९० ॥

અર્થ:—પછી તે બાકીનો માર્ગ ઓલંગીને અવંતી નગરીમાં પહોંચ્યો, તથા ત્યાં પોતાની પ્રિયાને શહેરની શોભા દેખાડતોથકો તે પોતાને ઘેર આવ્યો. ॥ ૯૦ ॥

समायातममाया त—मवगम्य यशोमती ॥
अभ्यागाद्वार्द्धिवेलेव । सुधाकरमुदित्वरं ॥ ९१ ॥

અર્થ:—તેને આવેલો જાણીને કપટવિનાની યશોમતી ઉગતા ચંદ્રની સામે જેમ સમુદ્રની વેળા તેમ તેની સામે આવી. ॥ ૯૧ ॥

**वमंतीमश्रुदंभेन । दुःखं पुत्रवियोगजं ॥**

**मातरं जातरंगोऽय—मनमच्चरणौ स्पृशन् ॥ ९२ ॥**

અર્થ:—આંસુના મિષથી પુત્રના વિયોગથી થયેલાં દુ:ખને વમતી એવી પોતાની તે માતાના ચરણોને સ્પર્શ કરતોથકો તે અગલદત્ત હર્ષથી તેણીને નમ્યો. ॥ ૯૨ ॥

**समुत्थाय तमाशीभि—रानंद्यालिंग्य सा चिरं ॥**

**शिरस्याघ्राय सस्नेहं । गेहस्यांतरवीविशत् ॥ ९३ ॥**

અર્થ:—ત્યારે તે યશોમતીએ તેને ઉઠાડીને, આશીર્વચનોથી ખુશ કરીને, તથા ખૂબ ભેટીને, અને સ્નેહપૂર્વક તેનું મસ્તક સુંઘીને ઘરમાં પ્રવેશ કરાવ્યો. ॥ ૯૩ ॥

**श्यामापि स्यंदनोत्तीर्णा । श्वश्रूपादाववंदत ॥**

**सास्यै भुंक्ष्व समं भर्त्रा । सुखमाशिषमित्यदात् ॥ ९४ ॥**

અર્થ:—પછી તે શ્યામદત્તા પણ રથમાંથી ઉતરીને સાસુને પગે પડી, ત્યારે તેણીએ પણ આશીષ આપી કે તું તારા ભર્તારસાથે સુખ ભોગવ? ॥ ૯૪ ॥

**वैदेशिकं व्यतिकरं । पृच्छंत्या मातुरादरात् ॥**

**श्रवःकुंडे निजं वृत्तं । सुधापूरयतिस्म सः ॥ ९५ ॥**

અર્થ:—પછી વિદેશસબંધી વૃત્તાંત માતાએ પૂછવાથી તેણે આદરપૂર્વક પોતાના વૃત્તાંતરૂપી અમૃતથી તેણીના કર્ણરૂપી કુંડ ભરી દીધો.

**स्वजनौघं स्वजन्नेष । चिरान्मिलितुमागतं ॥**

**व्याहारैरमृताहारै—रिवारंजयदंजसा ॥ ९६ ॥**

અર્થ—પછી ઘણે કાળે મલવા આવેલા પોતાના સગાંઓને ભેટીને તેણે અમૃતભોજનસરખા પોતાના વૃત્તાંતથી ખુશી કર્યા. ॥ ૯૬ ॥

**परेद्युरात्तालंकारः । स्वल्पसारपरिच्छदः ॥**

**सोपदः संसदासीनं । स ननाम नरेश्वरं ॥ ९७ ॥**

અર્થ:—પછી બીજે દિવસે તે આભૂષણો પહેરીને સ્વલ્પ પરિવારસહિત ભેટણાસાથે સભામાં બેઠેલા રાજાને નમ્યો. ॥ ૯૭ ॥

**गुणानामिव वासौको । युवासौ को निगद्यतां ॥**

**राज्ञेत्युक्ता जगुर्गौर—मुखभासः सभासदः ॥ ९८ ॥**

અર્થ:-કહો કે ગુણોના નિવાસસ્થાન સરખો વળી આ યુવાન કોણ છે ? એમ રાજાએ કહેવાથી મુખની શ્વેત કાંતિવાલા સભાસદો બોલ્યા કે,

स्वामिन्नगलदत्ताख्यः । सूनुस्त्वत्सारथेरयं ॥
दूरादात्तकलः प्राप्त-भांडो वणिगिवागतः ॥ ९९ ॥

અર્થ:—હે સ્વામી ! આપના સારથિનો આ અગડદત્ત નામનો પુત્ર છે, અને તે ધન કમાયેલા વણિકનીપેઠે દૂરદેશથી કલાઓ મેળવીને અહીં આવેલો છે. ॥ ૯૯ ॥

पृथ्वीपतिरथ प्रीतः । पत्तेस्तस्मै पदं ददौ ॥
द्विगुणं तुष्टिदानं च । कः कलासु न रज्यति ॥ २००० ॥

અર્થ:—ત્યારે રાજાએ ખુશી થઇને તેને જમાદારની પદવી આપી, તથા બમણું તુષ્ટિદાન આપ્યું, કેમકે કલાઓથી કોણ ખુશ થતું નથી?

कृषिः फलति कालेन । कालेन फलति द्रुमः ॥
काले सेवा वणिजोऽपि । सद्यः फलति सत्कला ॥ १ ॥

અર્થ:—ખેતી કાલે ફલે છે, વૃક્ષ પણ સમયે ફલે છે, અને વણિકની સેવા પણ અવસરે ફલે છે, પરંતુ ઉત્તમ કલા તરત ફલે છે. ॥૧॥

भूपादाप्ताऽविसंवादि-प्रसादः सादरप्रियः ॥
यातोऽपि दिवसान् देवो । दिवीव न विवेद सः ॥ २ ॥

અર્થ:—રાજા તરફથી થયેલી વિઘ્નરહિત કૃપાથી તથા આદરવાળી સ્ત્રી મલવાથી તે અગડદત્ત દેવલોકમાં રહેલા દેવનીપેઠે જતા દિવસોને પણ ન જાણવા લાગ્યો. ॥ ૨ ॥

द्रुमान् दवाग्निना दग्धा—नपि पल्लवयन् वने ॥
प्रावर्तत वसंतर्त्तु-र्मनोभूमित्रमन्यदा ॥ ३ ॥

અર્થ:—હવે એક વખતે ત્યાં વનમાં દાવાનલથી બળેલા વૃક્ષોને પણ નવપલ્લવ કરનારી અને કામદેવના મિત્રસરખી વસંતઋતુ આવી.

चक्रीडिषौ वनक्रोडं । प्राप्ते सांतःपुरे नृपे ॥
न ययुर्नागराः के के । देवाः केलिप्रिया इव ॥ ४ ॥

અર્થ:—તે વખતે ક્રીડા કરવાની ઇચ્છાથી જનાના સહિત રાજા જ્યારે વનમાં ગયો ત્યારે ક્રીડામાં પ્રીતિવાળા દેવોનીપેઠે કયા કયા નગરના લોકો પણ ત્યાં ન ગયા? ॥ ૪ ॥

ययावगलदत्तोऽपि । सहितः श्यामदत्तया ॥
भाग्यभागिति सानंद—मीक्ष्यमाणः पुरीजनैः ॥ ५ ॥

અર્થ:—અહો! આ કેવો ભાગ્યશાલી છે! એમ નગરના લોકો વડે આનંદથી જોવાતો એવો અગલદત્ત પણ શ્યામદત્તા સહિત વનમાં ગયો. ॥ ૫ ॥

तत्र प्रियोच्चित्तैः पुष्पैः । केऽपि कंठावलंबिभिः ॥
बाणैः कुसुमबाणस्य । विधा इव विरेजिरे ॥ ६ ॥

અર્થ:—ત્યાં સ્ત્રીઓએ વીણેલાં અને કંઠમાં પહેરેલાં પુષ્પોથી કેટલાક પુરૂષો જાણે કામદેવના બાણોથી વીંધાયા હોય નહિ તેમ શોભવા લાગ્યા. ॥ ૬ ॥

कैश्चित्सरसि फुल्लाब्जे । ललद्भिर्हंसलीलया ॥
उड्डीयान्यत्सरो भेजे । हंसैर्जातभ्रमैरिव ॥ ७ ॥

અર્થ:—વળી પ્રફુલ્લિત કમલોવાળાં તલાવમાં જ્યારે કેટલાક હંસોનીપેઠે ક્રીડા કરવા લાગ્યા ત્યારે જાણે ભ્રાંતિમાં પડેલા હોય નહિ તેમ હંસો ઉડીને બીજા તળાવમાં ગયા. ॥ ૭ ॥

कामिनो मृदुवृत्तेषु । रंभास्तंभेषु केचन ॥
ददिरे निजकांतोरु—भ्रांत्या तीक्ष्णशिखान्नखान् ॥ ८ ॥

અર્થ:—વળી કેટલાક કામી પુરૂષો કોમળ અને ગોળાકારવાલા કેળના સ્તંભોને પોતાની સ્ત્રીઓના સાથળ જાણીને તેઓમાં તીક્ષ્ણ અણીદાર નખોરીયાં મારવા લાગ્યા. ॥ ૮ ॥

ददृशुः केऽपि संगीतं । गेयं केचन शुश्रुवुः ॥
केचिद्दोलासु चिक्रीडु—र्बभ्रमुरन्ये यदृच्छया ॥ ९ ॥

અર્થ:—કેટલાક સંગીત જોવા લાગ્યા, કેટલાક ગાયન સાંભલવા લાગ્યા, કેટલાક હિંચોળા ખાવા લાગ્યા, તથા બીજા કેટલાક મરજીમુજબ ભમવા લાગ્યા. ॥ ૯ ॥

ललन्नगलदत्तोऽपि । वने विविधकेलिभिः ॥
पत्न्या सह व्यतीयाय । वासरं वासवोपमः ॥ १० ॥

અર્થ:—હવે તે ઇંદ્રસરખા અગલદત્તે પણ સ્ત્રીસહિત વિવિધ ક્રીડાપૂર્વક વનની અંદર દિવસ વ્યતીત કર્યો. ॥ ૧૦ ॥

**पौरैः सह महीनाथे । सायं याते पुरांतरा ॥**

**यावन्निजगृहं गंतुं । रथी रथमसज्जयत् ॥ ११ ॥**

અર્થ:—પછી સંધ્યાકાળે નગરના લોકોસહિત રાજા જ્યારે નગરમાં ગયો ત્યારે અગલદત્ત પણ જેવો ઘેર જવામાટે રથ તૈયાર કરે છે,

**तावदांदोलनासक्ता । माधवीवल्लिमंडपे ॥**

**पस्पृशे कामुकेनेव । श्यामा काकोदराहिना ॥ १२ ॥**

અર્થ:—તેવામાં માધવીલતાના મંડપમાં હીંચોડા ખાતી શ્યામદત્તાને કામુકનીપેઠે સર્પે ડંખ માર્યો. ॥ ૧૨ ॥

**अनिच्छंतीव सा पाणि—पंकजे परिधुन्वती ॥**

**पपात पत्युरुत्संगे । रक्ष रक्षेति भाषिणी ॥ १३ ॥**

અર્થ:—ત્યારે જાણે ઇચ્છતી ન હોય તેમ પોતાના હસ્તકમલને કંપાવતીથકી મને બચાવો બચાવો એમ બોલીને તે પોતાના સ્વામિના ખોળામાં પડી. ॥ ૧૩ ॥

**परिरभ्य स तां बाढं । मा भैस्तन्वि वदन्निति ॥**

**प्रैषीन्निजं परीवार—मातुरं मातुरंतिके ॥ १४ ॥**

અર્થ:—ત્યારે અગલદત્ત તેણીને ખુબ ભેટીને બોલ્યો કે હે તન્વિ! તું ડર નહિ, એમ કહીને પોતાના દુ:ખી પરિવારને તેણે પોતાની માતાપાસે મોકલી દીધો. ॥ ૧૪ ॥

**वायुनास्य विषावेशो । मार्गे मास्म भृशायत ॥**

**इति संनिहिते देव—कुले बालां निनाय सः ॥ १५ ॥**

અર્થ:—માર્ગમાં વાયુથી આને વિશેષ ઝેર ન ચડે તો ઠીક એમ વિચારીને તેણીને તે એક નજીકના દેવમંદિરમાં લેઇ ગયો. ॥ ૧૫ ॥

**व्यापन्नामिव निश्चेष्टां । विषविध्वस्तचेतनां ॥**

**पत्नीं पश्यन् स तत्याज । धैर्यधामापि धीरतां ॥ १६ ॥**

અર્થ:—તે વખતે જાણે મરી ગઇ હોય નહિ તેમ ચેષ્ટાવિનાની તથા ઝેરથી બેભાન થયેલી પોતાની તે સ્ત્રીને જોઇને અતિ ધૈર્યતાવાળા પણ તે અગલદત્તે ધીરજ છોડી દીધી. ॥ ૧૬ ॥

**अस्त्यस्या अगदंकारः । क्वापि कोऽपीति वीक्षितुं ॥**

**अत्युत्सुक इव द्वीपां—तरं भानुस्तदा ययौ ॥ १७ ॥**

અર્થઃ—હવે આને માટે ક્યાંય કોઇ પણ વૈદ્ય છે કે કેમ? તેની તપાસમાટે જાણે અતિ ઉત્સુક થયો હોય નહિ તેમ સૂર્ય પણ તે વખતે દ્વીપાંતરમાં ગયો. ॥ ૧૭ ॥

हृद्दुःखेनैव रथिन–स्तमसा जग्रसे जगत् ॥
तदास्य इव धिक्कारै—स्तारैर्व्योम्नि व्यजृंभ्यत ॥ १८ ॥

અર્થઃ—ત્યારે તે અગલદત્તનું હૃદય જેમ દુઃખથી તેમ જગત્ અંધકારથી વ્યાપ્ત થયું, તથા આકાશમાં જેમ તારાઓ તેમ તેના મુખમાંથી ધિક્કારો પ્રગટ થવા લાગ્યા. ॥ ૧૮ ॥

पंथा न पंथा सार्थेना–लुलोके म्लानदृष्टिना ॥
श्यामाया जीवनोपाय । इव मूढधियामुना ॥ १९ ॥

અર્થઃ—વળી તે શ્યામદત્તાને જીવાડવાના ઉપાયમાટે મૂઢ બનેલા અને મ્લાન દૃષ્ટિવાલા એવા તે અગલદત્તે તેજ પ્રયોજનમાં લીન થઇને માર્ગતરફ પણ દૃષ્ટિ કરી નહિ. ॥ ૧૯ ॥

तौ दंपती निरीक्ष्येव । कोकद्वंद्वैर्व्यघट्यत ॥
सरस्सु मीलितं पद्मै—रनयोर्नयनैरिव ॥ २० ॥

અર્થઃ—તે બન્ને સ્ત્રીભરતારને જોવાથીજ જાણે કોકપક્ષિઓનાં જોડલાં વિયોગી થયાં, અને તેઓ બન્નેની આંખોનીપેઠે તલાવોમાં કમલો બીડાઇ ગયાં. ॥ ૨૦ ॥

क्रोडीकृत्य प्रियां देव—कुलद्वारे निशाभरे ॥
रुरोद रथिकस्तार—मश्रुधाराः किरन् दृशोः ॥ २१ ॥

અર્થઃ—હવે રાત્રિએ દેવમંદિરના દરવાજામાં તે અગલદત્ત પોતાની પ્રિયાને આલિંગન દેઇને આંખોમાંથી આંસુની ધારા કહાડતોથકો મોટેથી રડવા લાગ્યો. ॥ ૨૧ ॥

गुणाभिरामे हा रामे—श्वरि श्यामे समाश्रये ॥
बहुदुःखसहाये त्वं । किं प्रेयसि न भाषसे ॥ २२ ॥

અર્થઃ—હે ગુણિયલ! હે જીવિતેશ્વરી! હે શ્યામા! હે શુભ આશયવાળી! તથા હે ઘણા દુઃખોમાં સહાયભૂત એવી પ્રાણપ્યારી! તું કેમ બોલતી નથી? ॥ ૨૨ ॥

असंस्तुतेऽप्युपेत्य त्वं । मय्यरज्यस्तदा मुदा ॥
संप्रति प्रीतिपात्रं मां । किं प्रेयसि न भाषसे ॥ २३ ॥

અર્થઃ—તે વખતે પરિચયવિના પણ તું મારીપાસે આવીને મારામાં અનુરાગવાળી થઇ હતી. પરંતુ હે પ્રિયતમા! હાલ તું મને પ્રીતિપાત્રને પણ કેમ બોલાવતી નથી.? ॥ ૨૩ ॥

धनाच्च जीविताच्चाहं । विशिष्टां त्वामजीगणं ॥
चेटबुद्धयापि मामद्य । किं प्रेयसि न भाषसे ॥ २४ ॥

અર્થઃ—હું તને ધનથી તથા જીવિતથી પણ અધિક માનતો હતો, તો આજે હે પ્યારી! મને દાસની બુદ્ધિએ પણ કેમ બોલાવતી નથી?

यो जिगाय पथि व्याल—व्याघ्रचौरादिकान् सुखं ॥
सोऽहं हतोऽस्मि दैवेन । हरता जीवितेश्वरीं ॥ २५ ॥

અર્થઃ—માર્ગમાં હાથી, વાઘ તથા ચોર આદિક જેણે સુખેથી જીત્યા હતા, એવા મનેજ મારી પ્રાણપ્યારીને હરતા એવા દૈવે આજે હણી નાખ્યો છે. ॥ ૨૫ ॥

एष वच्मि हितं हंहो । शृणुतोद्यानदेवताः ॥
माद्यदद्य वनस्यास्य । रक्ष्यतां स्त्रीवधाद्यशः ॥ २६ ॥

અર્થઃ—અરે ઉદ્યાનદેવીઓ! આ હું તમોને હિતવચન કહું છું તે સાંભળો? સ્ત્રીવધથી થતા અપયશથી તમો આ વનનું રક્ષણ કરો? ॥ ૨૬ ॥

कापि नागदमन्यस्ति । यदि युष्मासु रे लताः ॥
तदाविरस्तु सा भाव्री । नेदृशोऽवसरः पुनः ॥ २७ ॥

અર્થઃ—અરે લતાઓ! તમારામાં જો કોઇ નાગદમની નામની લતા હો તો તે પ્રગટ થાઓ? કેમકે ફરીને આવો અવસર નહિ આવે.

क्वापि रात्रिबलाद्गत्वा । हे रात्रिमटपक्षिणः ॥
वीक्षध्वं भेषजं यूयं । ध्वांतध्वस्तदृगस्म्यहं ॥ २८ ॥

અર્થઃ— અરે નિશાચર પક્ષિઓ! રાત્રિના બળથી તમો ક્યાંક જઇને ઔષધની તપાસ કરો? કેમકે હું તો અંધકારને લીધે નષ્ટદૃષ્ટિવાળો થયો છું. ॥ ૨૮ ॥

एवं तदा तदाक्रंदं । खे चरत् खेचरद्वयं ॥
निश्चलीभूय शुश्राव । धैर्यप्राणप्रमाथिनं ॥ २९ ॥

અર્થઃ—એવી રીતે ધૈર્યરૂપી પ્રાણનો નાશ કરનારો તે વખતનો તેનો વિલાપ આકાશમાં ચાલતા બે વિદ્યાધરોએ નિશ્ચલ થઇને સાંભળ્યો. ॥ ૨૯ ॥

सविवेकस्तयोरेकः । परार्थरसिकः खगः ॥
पत्न्येव कृपया नुन्नो—ऽवातरत्तत्र कानने ॥ ३० ॥

અર્થ:—તેઓ બન્નેમાંથી એક પરોપકારી વિદ્યાધર પત્નીથી જેમ તેમ દયાથી પ્રેરાયોથકો ત્યાં વનમાં ઉતર્યો. ॥ ૩૦ ॥

किं रोदिषीति तेनोक्ते—ऽगलदत्तो गलन्मदः ॥
तां व्यालगरलग्रस्त—चैतन्यां समदर्शयत् ॥ ३१ ॥

અર્થ:—તથા તેણે અગલદત્તને પૂછ્યું કે તું કેમ રડે છે? ત્યારે રાંકડાજેવા બનેલા અગલદત્તે પણ સર્પના ઝેરથી નષ્ટચૈતન્યવાળી પોતાની તે સ્ત્રી બતાવી. ॥ ૩૧ ॥

उत्तिष्ठ भद्रे निस्तंद्र—मित्युदित्वाथ खेचरः ॥
तां चक्रे निर्विषां स्पृष्ट्वा । पाणिनामृतवर्षिणा ॥ ३२ ॥

અર્થ:—ત્યારે તે વિદ્યાધરે તેણીને કહ્યું કે હે ભદ્રે! તું નિસ્તંદ્ર થઇને ઉઠ? એમ કહીને અમૃત વર્ષતા એવા પોતાના હાથથી સ્પર્શ કરીને તેણે તેણીને ઝેરરહિત કરી. ॥ ૩૨ ॥

रथिकोऽपि निशीथेऽपि । प्राप्तः प्रीतिमयं महः ॥
स्तौतिस्म विस्मितः खेटं । प्रणम्य रचितांजलिः ३३ ॥

અર્થ:—હવે મધ્યરાત્રીએ પણ પ્રીતિમય તેજને પામીને તે અગલદત્ત પણ વિસ્મિત થયોથકો હાથ જોડી નમીને તે વિદ્યાધરની સ્તુતિ કરવા લાગ્યો કે, ॥ ૩૩ ॥

जय त्वं खेचराधीश । जय त्वं करुणाकर ॥
जय त्वं दुःखिनां बंधो । जय त्वं जीवितप्रद ॥ ३४ ॥

અર્થ:—હે ખેચરેશ્વર! હે કરૂણાના ભંડાર! હે દુઃખીઓના બંધુ! હે જીવિતદાન દેનાર! તું જય પામ? ॥ ૩૪ ॥

भूयांसोऽपीह वीक्ष्यंते । कारणेनोपकारिणः ॥
निष्कारणोपकारित्वं । त्वध्यगीष्ट कुतो भवान् ॥ ३५ ॥

અર્થ:—આ જગતમાં કારણને લઇને તો ઘણા ઉપકારીઓ દેખાય છે, પરંતુ કારણવિના ઉપકાર કરવાનું તું કયાંથી શીખ્યો છું? ॥૩૫॥

कुर्वंति घ्नंति वा कार्यं । ये प्रस्तावबहिर्मुखाः ॥
तेषां हीनाथ दीनाना—मपि दक्षोपमा त्वयि ॥ ३६ ॥

અર્થ:—વળી હે દક્ષ! જેઓ પ્રસ્તાવથી બહિર્મુખ થયાથકા કાર્ય કરે છે અથવા હણે છે, એવા દીન મનુષ્યોની ઉપમા પણ તને આપવી એ લાયક નથી. ॥ ૩૬ ॥

प्राणेभ्योऽपि प्रियतमा—मिमां जीवयतः प्रियां ॥
प्राणैरपि निजैर्दत्तै–र्नाहं स्यामनृणस्तव ॥ ३७ ॥

અર્થ:—પ્રાણોથી પણ અત્યંત વહાલી એવી આ મારી સ્ત્રીને જીવાડનારા એવા તને હું મારા પ્રાણ આપવાથી પણ તારા કરજથી મુક્ત થઇ શકું નહિ. ॥ ૩૭ ॥

खगो जगौ रथिन्मा मां । भारय स्तुतिभिर्भृशं ॥
यतो ममास्ति गंतव्यं । दूरेऽद्यापि नभोध्वना ॥ ३८ ॥

અર્થ:—ત્યારે વિદ્યાધર બોલ્યો કે હે અગલદત્ત! તું મને આવી સ્તુતિઓથી હવે વધારે બોજાવાળો ન કર? કેમકે હજુ મારે આકાશ માર્ગે દૂર જવાનું છે. ॥ ૩૮ ॥

गतेऽथ खेटे नीता सा । मध्ये देवकुलं जगौ ॥
ध्वांतांजनसमुद्गेऽत्र । वसंतीश बिभेम्यहं ॥ ३९ ॥

અર્થ:—પછી તે વિદ્યાધર ગયાબાદ તેણીને અગલદત્ત દેવમંદિરની અંદર લેઇ ગયો, ત્યારે તે બોલી કે હે સ્વામી! અંધકારરૂપી અંજનના ડાબડાસરખા આ દેવમંદિરમાં રહેવાથી હું ડરૂં છું. ॥ ૩૯ ॥

तयादिष्टस्ततो वह्नि—मानेतुं प्राचलद्रथी ॥
पुरंदरनिदेशेना—भियोगिक इवामरः ॥ ४० ॥

અર્થ:—પછી ઈંદ્રના હુકમથી જેમ આભિયોગિક દેવ તેમ તેણીએ કહ્યાથી અગલદત્ત અગ્નિ લેવા ચાલ્યો. ॥ ૪૦ ॥

चितेः समुच्चिते वह्ना—वह्नाय ववले रथी ॥
माभूदेकाकिनी श्यामा । श्यामास्येति विचिंतयन् ॥ ४१ ॥

અર્થ:—મારી ત્યાં એકલી રહેલી શ્યામદત્તા ગભરાય નહિ તો ઠીક એમ વિચારીને અગલદત્ત કોઇક ચિતામાંથી અગ્નિ લઈને તુરત ત્યાંથી પાછો વલ્યો. ॥ ૪૧ ॥

यस्याः करोषि दासत्वं । तद्वृत्तं द्रक्ष्यसि स्वयं ॥
वह्निर्घटीस्थितोऽहासी—दिति द्युतिमिषेण तं ॥ ४२ ॥

અર્થ:—જેણીનું તું દાસપણું કરે છે તેણીનું આચરણ તું પોતેજ

જોઇશ, એમ માટલીમાં રહેલો અગ્નિ કાંતિના મિષથી તે અગલદત્તની હાંસી કરવા લાગ્યો. ॥ ૪૨ ॥

आगच्छन्नयमालोक्या—लोकं देवकुलांतरा ॥
अप्राक्षीदायताक्षीं ता—मंतर्ज्योतिः किमीक्षितं ॥ ४३ ॥

અર્થ:—હવે તેણે આવતાં થકાં દેવમંદિરની અંદર પ્રકાશ જોઇને વિસ્તીર્ણ નેત્રવાલી પોતાની સ્ત્રીને પૂછ્યું કે અંદરના ભાગમાં મને પ્રકાશ કેમ દેખાયો? ॥ ૪૩ ॥

सहसा स्माह सा माया—मयी किं प्रिय पृछ्यते ॥
योऽग्निस्त्वयाहृतस्तस्यै—तत्तेजः प्रतिबिंबितं ॥ ४४ ॥

અર્થ:—ત્યારે તે કપટી શ્યામદત્તા એકદમ બોલી ઉઠી કે હે પ્રિય! એમાં તે શું પૂછો છો? જે આ તમો અગ્નિ લાવ્યા છો, તેના તેજનું પ્રતિબિંબ પડયું હોશે. ॥ ૪૪ ॥

ततः खड्गं समर्प्यास्या । वह्निं सोऽदीपयत् स्वयं ॥
प्रियाप्रयासभीरुर्भू—न्यस्तजानुरवाङ्मुखः ॥ ४५ ॥

અર્થ:—પછી અગલદત્ત મારી પ્રિયાને તસ્દી આપવી ઠીક નહિ એમ વિચારી તેણીને ખડ્ગ આપી પોતે પૃથ્વીપર ઘુંટણ રાખી નીચે મુખે અગ્નિ ફુંકવા લાગ્યો. ॥ ૪૫ ॥

करवालं करात्तस्याः । सहसा पतितं पुरः ॥
विलोक्य व्याकुलोऽपृच्छत् । किमेतदिति स प्रियां ॥ ४६ ॥

અર્થ:—એટલામાં તેણીના હાથમાંથી અચાનક તલવાર પડી ગઇ, તે જોઇ વ્યાકુલ થયેલા અગલદત્તે તેણીને પૂછ્યું કે આ શું થયું!

साचवदद्युज्यते देव । तद्दूरे न स्त्रियः करे ॥
तन्ममायं जन्मभीरोः । कृपाणः पाणितश्च्युतः ॥ ४७ ॥

અર્થ:—ત્યારે તે બોલી કે હે સ્વામી! આ તલવાર તો આપના હાથમાંજ રહેવી જોઇએ, સ્ત્રીના હાથમાં રહેવી ન જોઇએ, કેમકે જન્મથીજ બીકણ એવી જે હું તેના હાથમાંથી આ તલવાર પડી ગઇ.

असूषुपदथ स्वेन । यामिकत्वं प्रपद्य सः ॥
ज्वलितज्वलनाचांत-ध्वांते देवकुले प्रियां ॥ ४८ ॥

અર્થ:—પછી અગલદત્તે પોતે જાગતા રહીને સળગાવેલ અગ્નિથી દૂર થયેલ અંધકારવાલા ન દેવમંદિરમાં પોતાની તે પ્રિયાને સુવાડી.

उदिते भास्वति श्यामा-शुद्धिजिज्ञासया ततः ॥
आगतस्वजनस्याग्रे । निशावृत्तं जगाद सः ॥ ४९ ॥

અર્થ:—હવે સૂર્યોદય થયાબાદ શ્યામદત્તાની ખબરઅંતર જાણવા માટે આવેલા સ્વજનો પાસે અગલદત્તે રાત્રિનો વૃત્તાંત કહી સંભલાવ્યો.

पत्नीं न्यस्य रथे रूप—सपत्नीकृतमन्मथः ॥
पौरैः श्लाघितभाग्यश्री-र्निजं धाम जगाम सः ॥ ५० ॥

અર્થ:—પછી રૂપથી કામદેવસરખો તથા નગરના લોકોથી વખણાતી ભાગ્યલક્ષ્મીવાળો તે અગલદત્ત પોતાની સ્ત્રીને રથમાં બેસાડીને પોતાને ઘેર ગયો. ॥ ૫૦ ॥

भुंजानः सततं साकं । तया सांसारिकं सुखं ॥
सोऽन्यदा नृपतेर्देशा-द्ययौ दशपुरं पुरं ॥ ५१ ॥

અર્થ:—ત્યાં હમેશાં તેણીની સાથે સાંસારિક સુખ ભોગવવા લાગ્યો. પછી એક દિવસે તે રાજાના હુકમથી દશપુર નામના નગરમાં ગયો.

राजकार्यं निवेद्यारि—दमनस्य नरेशितुः ॥
अहानि कतिचित्तत्र । तस्थौ सौधे तदर्पिते ॥ ५२ ॥

અર્થ:—ત્યાંના અરિદમન રાજાને પોતાના રાજાનું કાર્ય નિવેદન કરીને તે તેણે આપેલા મહેલમાં ત્યાં કેટલાક દિવસોસુધી રહ્યો. ॥૫૨॥

एकदा तस्य मध्याह्ने । भुक्त्वा धाम्नि निषेदुषः ॥
आगाद्रागादिविद्वेषि-विश्लेषिश्रमणद्वयं ॥ ५३ ॥

અર્થ:—હવે એક દિવસે મધ્યાહ્ન સમયે ભોજનબાદ જેવામાં તે ઘરમાં બેઠો છે, તેવામાં રાગઆદિક શત્રુઓને દૂર કરનારા બે મુનિઓ ત્યાં આવ્યા. ॥ ૫૩ ॥

यन्मलक्लेदमप्यंगे । गंधधूलिधिया दधौ ॥
विवेद स्वेदबिंदूंश्चा—मुक्तमौक्तिकमंडनं ॥ ५४ ॥

અર્થ:—તેઓના શરીરપર રહેલા મલના ખરેટા પણ કસ્તૂરીસરખા સુગંધી લાગતા હતા, તથા પસીનાના બિંદુઓ મોતીના આભૂષણ સરખા દેખાતા હતા. ॥ ૫૪ ॥

दिव्यांशुकाधिकामास्थां । ययौ जीर्णेऽपि वाससि ॥
यत्पामरमुखाक्रोशा—नपि मेने स्तवानिव ॥ ५५ ॥

અર્થ:—વળી તેઓ જીર્ણ વસ્ત્રમાં પણ દિવ્ય વસ્ત્રથી અધિક આનંદ માનતા હતા, તથા નીચ લોકોના મુખના અશ્લીલ શબ્દોને પણ તેઓ સ્તુતિતરીકે માનતા હતા. ॥ ૫૫ ॥

समस्तवस्तुसौंदर्य—ध्वंसने पिशुनोचिते ॥
वैरिणीव शरीरेऽपि । नानुबंधं बबंध यत् ॥ ५६ ॥

અર્થ:—સઘળી વસ્તુઓની સુંદરતાનો નાશ કરનારા પિશુનસરખા શરીરમાં પણ વૈરીનીપેઠે તેઓ મમતા રાખતા નહોતા. ॥ ૫૬ ॥

तन्मुक्तमानमानम्य । सम्यग्भावनया रथी ॥
भक्तपानं महाभक्ति-रदत्तोदात्तमानसः ॥ ५७ ॥

અર્થ:—એવા તે માનરહિત મુનિના જોડલાંને ઉત્તમ ભાવનાથી અત્યંત ભક્તિ લાવીને ઉદાર મનથી અગલદત્તે ભાતપાણી આપ્યાં.

तस्मिन्निवृत्ते तद्रूप-साधुसंघाटकोऽपरः ॥
तत्रcraयौ सोऽपि तेन । तथैव प्रत्यलाभ्यत ॥ ५८ ॥

અર્થ:—હવે તે સાધુઓ ગયાબાદ તેનાજ સરખા રૂપવાળા બીજા બે સાધુઓ આવ્યા, ત્યારે તેઓને પણ તેણે એવીજ રીતે પ્રતિલાભ્યા.

तस्मिन्नपि गते साधु-द्वंद्वमागात्तृतीयकं ॥
तदपि प्रतिलाभ्यैष । मनीषि विममर्श सः ॥ ५९ ॥

અર્થ:—પછી તેઓ ગયાબાદ તેવુંજ ત્રીજું સાધુનું જોડલું આવ્યું, તેને પણ પ્રતિલાભીને તે બુદ્ધિવાન અગલદત્તે વિચાર્યું કે. ॥ ૫૯ ॥

किं पुरेऽत्रास्ति दुर्भिक्षं । किं वा लोको मितंपचः ॥
रथ्या वा गहना येना-यातावेतौ पुनः पुनः ॥ ६० ॥

અર્થ:—શું આ નગરમાં દુષ્કાળ પડયો છે? અથવા અહીંના લોકો શું કૃપણ છે? અથવા શું શેરીઓ ભીડાભીડવાળી છે, કે જેથી આ બન્ને સાધુઓ ફરી ફરીને અહીં આવ્યા! ॥ ૬૦ ॥

सोऽथ पप्रच्छ तौ नत्वा । साधू क्व युवयोः स्थितिः ॥
आवां वने स्थ इत्युक्त्वा । तावप्युद्यानमीयतुः ॥ ६१ ॥

અર્થ:—પછી તેણે તેઓને નમીને પૂછયું કે હે મુનિઓ! આપ કયાં ઉતર્યા છો? અમો વનમાં ઉતર્યા છીયે, એમ કહીને તેઓ બન્ને સાધુઓ પણ વનમાં ગયા. ॥ ૬૧ ॥

मत्वा वेलानुमानात्तौ । कृताहारौ मुनीश्वरौ ॥
ययौ स योगिसंचार-पावनं वनमेककः ॥ ६२ ॥

અર્થ:—પછી કાળના અનુમાનથી તેઓને આહારથી નિવૃત્ત થયેલા જાણીને તે અગલદત્ત એકાકી મુનિના સંચારથી પવિત્ર થયેલા તે વનમાં ગયો. ॥ ૬૨ ॥

तत्र प्रणेमिरे तुल्य—रूपाः षण्मुनयोऽमुना ॥
श्रीजैनधर्मराजस्य । मूर्त्तिमंतो गुणा इव ॥ ६३ ॥

અર્થ:—ત્યાં તે શ્રી જૈનધર્મરૂપી રાજાના જાણે મૂર્તિવંત છ ગુણો હોય નહિ એવા તુલ્ય રૂપવાળા છ મુનિઓને નમ્યો. ॥ ૬૩ ॥

स दध्यौ किममून् वेधा । बिंबेनैकेन निर्ममे ॥
येनाहमपि संदेह—दोलारूढ इवाभवं ॥ ६४ ॥

અર્થ:—પછી તેણે વિચાર્યું કે શું આ સઘળાઓને વિધાતાએ એકજ બિંબથી બનાવ્યા હોશે? કે જેથી હું પણ સંદેહરૂપી હીંચોળાપર ચડેલા જેવો થઇ ગયો. ॥ ૬૪ ॥

तां वंदे जननीं यस्याः । कुक्षिमेते प्रपेदिरे ॥
यां स्वपादैः स्पृशंत्येते । सावनी लोकपावनी ॥ ६५ ॥

અર્થ:—જેણીની કુક્ષિમાં આ જન્મેલા છે, એવી તેઓની માતાને હું વંદન કરૂં છું, તેમજ આ મુનિઓ જે પૃથ્વીને પોતાના ચરણોથી સ્પર્શ કરે છે, તે પૃથ્વી પણ લોકોને પવિત્ર કરનારી જાણવી. ॥૬૫॥

यथा कृपन् परक्षेत्रं । भाग्यात्कोऽप्यश्नुते निधिं ॥
तथाहं राजकार्येणा—गतोऽत्र मुनिदर्शनं ॥ ६६ ॥

અર્થ:—જેમ કોઇ પરનું ખેતર ખેડતોથકો ભાગ્યથી નિધાન પામે તેમ રાજાના કાર્યમાટે આવેલા એવા મને અહીં મુનિઓનું દર્શન થયું છે.

अथो रहस्यं धर्मस्य । पृष्टस्तेनादिमो मुनिः ॥
जगाद शारदांभोद—नादसोदरया गिरा ॥ ६७ ॥

અર્થ:—હવે તેણે ધર્મનું રહસ્ય પૂછવાથી પહેલા મુનિ શરદ ઋતુના મેઘની ગર્જના સરખી વાણીથી બોલ્યા કે, ॥ ૬૭ ॥

शृणु सौम्य दयापुण्यं । प्राज्ञैः पुण्येषु वर्ण्यते ॥
दृक्तेज इव तेजस्सु । बलेष्विव भुजाबलं ॥ ६८ ॥

અર્થ:—હે સૌમ્ય! તું સાંભળ? જેમ સર્વ તેજોમાં આંખોનું તેજ તથા સર્વ બલોમાં જેમ ભુજાબલ તેમ સર્વ પુણ્યોમાં દયાપુણ્યને પંડિતો વખાણે છે. ॥ ૬૮ ॥

मौनमूनोदरत्वं वा । ज्ञानं दानं जपस्तपः ॥
मोघं दयां विना सर्व—मेतत्कृषिरिवांबुदं ॥ ६९ ॥

અર્થ:—જેમ વરસાદવિના ખેતી; તેમ દયા વિના મૌન, ઊનોદરપણું, જ્ઞાન, દાન, જપ અને તપ, એ સઘળું વૃથા છે. ॥ ૬૯ ॥

कापि धर्मक्रिया सिद्धिं । नाश्नुते जीवितं विना ॥
तस्माज्जीवितदानेन । किं पुण्यमुपमीयतां ॥ ७० ॥

અર્થ:—કોઇ પણ ધર્મક્રિયા જીવિતવિના સાધી શકાતી નથી, માટે જીવિતદાનસાથે કયા પુણ્યની ઉપમા આપી શકાય! ॥ ૭૦ ॥

वह्निस्तृडपनोदाय । जीवनाय हलाहलं ॥
यदि स्यात्तर्हि हिंसापि । पुण्याय परिकल्प्यतां ॥ ७१ ॥

અર્થ:—જો અગ્નિ તૃષા મટાડે, અને ઝેરથી જીવિત મળે, તોજ હિંસાથી પણ પુણ્ય થઇ શકે. ॥ ૭૧ ॥

निर्मंतून् घ्नंति ये जंतू—नंतकाः खलु ते नराः ।
उपालभंते दिक्पालं । दाक्षिणात्यं मुधा बुधा ॥ ७२ ॥

અર્થ:—જે પુરૂષો નિરપરાધી પ્રાણીઓને મારે છે તેજ ખરેખર યમ છે, દક્ષિણ દિશાના દિક્પાલને તો પંડિતો ફોકટ ઉપાલંભ આપે છે.

न मेदिनीमणिस्वर्ण—श्रेणिविश्राणनेऽपि तत् ॥
यत्पुण्यं जायते जंता—वेकस्मिन्नपि रक्षिते ॥ ७३ ॥

અર્થ:—એક જંતુનું રક્ષણ કરવાથી પણ જે પુણ્ય થાય છે, તે પુણ્ય પૃથ્વી, મણી કે સ્વર્ણની શ્રેણિ આપ્યાથી પણ થતું નથી.॥૭૩॥

सा च जीवदया सम्य—ग्मुनींद्रैः परिपाल्यते ॥
उपासकैस्तदंह्रीणां । लेशेन गृहमेधिभिः ॥ ७४ ॥

અર્થ:—તે જીવદયા સંપૂર્ણ રીતે તો મુનીશ્વરોજ પાલી શકે છે, અને તે મુનિઓના ચરણને સેવનારા ગૃહસ્થીઓ તો લેશમાત્ર પાળી શકે છે.

न जीवहिंसा नाऽसत्य—भाषा न स्तैन्यमैथुने ॥
न परिग्रहवैयग्र्यं । येषां ते मुनिपुंगवाः ॥ ७५ ॥

અર્થ:—જેઓ જીવહિંસા કરતા નથી, અસત્ય ભાષા બોલતા નથી, ચોરી કરતા નથી, મૈથુન સેવતા નથી, તથા પરિગ્રહમાં લોલુપ થતા નથી, તેજ ખરા મુનીંદ્રો છે. ॥ ૭૫ ॥

क तिग्मांशुः क खद्योतः । क मेरुः क च सर्षपः ॥
क नाकौकः क नानाकुः । क साधुः क पुनर्गृही ॥ ७६ ॥

અર્થ:—ક્યાં સૂર્ય અને ક્યાં પતંગીઉં? ક્યાં મેરૂ અને ક્યાં સરસવ? ક્યાં દેવવિમાન અને ક્યાં બિલ? તેમ ક્યાં સાધુ અને ક્યાં ગૃહસ્થ? ॥ ૭૬ ॥

एवं मुनिपतेः श्रुत्वा । धर्मतत्त्वं दधन्मुदं ॥
रथी तमेव पप्रच्छ । पुनरुद्भूतकौतुकः ॥ ७७ ॥

અર્થ:—એવી રીતે તે મુનીશ્વરપાસેથી ધર્મનું તત્વ સાંભલીને હર્ષ ધરનારા અગલદત્તે આશ્ચર્ય ઉત્પન્ન થવાથી ફરીને તેજ મુનિને પૂછ્યું કે, ॥ ૭૭ ॥

भवंतो भगवंस्तुल्या—काराः षडपि साधवः ॥
कुतो वैराग्यतो भेजु—स्तारुण्येऽपि महातपः ॥ ७८ ॥

અર્થ:—હે ભગવન્! તુલ્ય આકારવાળા આપે છએ મુનિઓએ આ યુવાવસ્થામાં પણ શાથી વૈરાગ્ય પામીને દિક્ષા લીધી છે? ॥૭૮॥

निरस्तमन्मथो वाच—मथोवाच महामुनिः ॥
उद्वेलबोधिपाथोधि—स्फारफेनानुकारिणीं ॥ ७९ ॥

અર્થ:—દૂર કરેલ છે કામદેવ જેણે એવા તે મહામુનિરાજ જ્ઞાનરૂપી ઉછળેલા સમુદ્રના વિસ્તીર્ણ ફીણસરખી વાણી બોલ્યા કે,॥૭૯॥

तत्किं यन्न भवे वत्स । भवेद्वैराग्यकारणं ॥
समं हि नैकमप्यंगं । कुसंस्थानमये मये ॥ ८० ॥

અર્થ:—હે વત્સ! આ સંસારમાં એવી કઇ વસ્તુ છે? કે જે વૈરાગ્યના કારણરૂપ ન થાય, કેમકે કુત્સિત સંસ્થાનવાળા શરીરમાં એક પણ અંગ સીધું હોતું નથી. ॥ ૮૦ ॥

तत्र कस्यापि केनापि । हेतुना बोधिरेधते ॥
एक एव हि नानेहा । दृष्टः सर्वान्नसिद्धये ॥ ८१ ॥

અર્થ:—માટે ત્યાં કોઇને કોઇ પણ કારણથી વૈરાગ્ય થાય છે, કેમકે સઘલી જાતના અનાજના પાકમાટે કંઇ એકજ સમય હોતો નથી.

शृणु नः कारणं बोधे । विंध्यनामास्ति भूधरः ॥
यत्र द्विपाश्चलद्गंड—शैललीलायितं दधुः ॥ ८२ ॥

અર્થ:—હવે તું અમોને બોધ થવાનું કારણ સાંભલ? વિંધ્યાચલ નામે એક પર્વત છે, કે જ્યાં હાથીઓ નાના જંગમ પર્વતોની શોભાને ધારણ કરતા હતા. ॥ ૮૧ ॥

प्रवालीकृतगुंजानां । गजमुक्तास्रगंतरा ॥
पुलिंद्रीणां प्रिया पल्ली । तत्रास्त्यमृतसुंदरा ८३ ॥

અર્થ:—હાથીઓના મોતીઓની માળાઓની અંદર પ્રવાલાંરૂપ કરેલ છે ચણોઠીઓ જેણે એવી ભિલડીઓને વહાલી તથા દેવલોક જેવી સુંદર એક પલ્લી છે. ॥ ૮૩ ॥

स्नेहो वसाशनं मांसं । वासः कृत्तिर्गुहा गृहाः ॥
कृत्यं हिंसा कला चौर्यं । प्रायशो यन्निवासिनां ॥ ८४ ॥

અર્થ:—તે પલ્લીમાં રહેનારા ભિલ્લોને પ્રાયેં કરીને ચરબીની ચીકાશવાલું માંસનું ભોજન, ચર્મરૂપી કપડાં, ગુફાઓરૂપી ઘર, હિંસારૂપ કાર્ય તથા ચોરીરૂપ કલા છે. ॥ ૮૪ ॥

यदोकस्सु द्विपरदैः । स्थूणाः कुड्यानि कीकसैः ॥
गोकर्णैस्तोरणाश्चंद्रो—दयाश्चित्रकचर्मभिः ॥ ८५ ॥

અર્થ:—જેઓના ઘરોમાં હાથીદાંતોના થંભાઓ હાડકાંઓની ભીંતો, ગાયોના કાનોનાં તોરણો તથા ચિતરાના ચામડાંઓના ચંદ્રવા છે.

क्षत्रवंश्योऽर्जुनस्तत्र । स्तेनसेनाधिपोऽजनि ॥
यस्तेने सह शार्दूलै—र्बर्करैरिव ञ्कर्करं ॥ ८६ ॥

અર્થ:—ત્યાં ક્ષત્રીવંશમાં ઉત્પન્ન થયેલો અર્જુન નામે ચોરોનો સેનાપતિ રહેતો હતો, કે જે સિંહોને પણ બકરાસમાન જાણીને તેઓની સાથે લડતો હતો. ॥ ૮૬ ॥

चलत्वं कपिभिः क्रौर्यं । व्यालैः काठिन्यमश्मभिः ॥
शैलाधिपस्य शैलस्थै—र्यस्य दंडपदे ददे ॥ ८७ ॥

અર્થ:—પર્વતના સ્વામી એવા તે અર્જુનને પર્વતમાં રહેતા વાંદરાઓએ પોતાનું ચપલપણું દંડતરીકે આપ્યું હતું, સર્પોએ પોતાની ક્રૂરતા આપી હતી, તથા પત્થરોએ પોતાની કઠોરતા આપી હતી.

न स कश्चन भूपोऽभू—न्न स मंत्री न वा भटः ॥
एतं सौदामिनीदाम–धामधाम जिगाय यः ॥ ८८ ॥

અર્થ:—એવો કોઇ પણ રાજા મંત્રી કે સુભટ નહોતો કે જે વીજળીની શ્રેણિના તેજસરખા તેજવાળા એવા તે અર્જુનને જીતી શકે.

उपपल्ल्यन्यदा कोऽपि । सप्रियः संचरन् भटः ॥
रथस्थो रुरुधे तेन । सेतुनेव पयःप्लवः ॥ ८९ ॥

અર્થ:—એક દિવસે તે પલ્લીપાસેથી સ્ત્રીસહિત રથમાં બેસીને કોઇક સુભટ જતો હતો, એવામાં બંધ જેમ જલના પ્રવાહને તેમ તે અર્જુને તેને રોકયો. ॥ ૮૯ ॥

शिबिरस्थान् रथी तस्य । शबरानवधूय सः ॥
हरिणेव हरिस्तेन । सह योध्धुं प्रचक्रमे ॥ ९० ॥

અર્થ:—તેની છાવણીમાં રહેલા ભિલ્લોને હરાવીને તે સુભટ સિંહસાથે જેમ સિંહ તેમ તે અર્જુનસાથે લડવા લાગ્યો. ॥ ૯૦ ॥

अजय्यं तं परिज्ञाय । स्वशस्त्रैश्चतुरो रथी ॥
संजीप्सुर्विषमास्त्रेण । रथाग्रेऽस्थापयत्प्रियां ॥ ९१ ॥

અર્થ:—પછી પોતાના શસ્ત્રોથી તે અર્જુનને જીતવો મુશ્કેલ જાણીને તે સુભટે તેને કામદેવના શસ્ત્રથી જીતવાની ઇચ્છાથી પોતાની સ્ત્રીને રથના અગાડી ભાગમાં બેસાડી. ॥ ૯૧ ॥

तस्यां लावण्यवाहिन्या—मस्य मीनीभवद्दृशः ॥
तीक्ष्णधीस्तीक्ष्णबाणेन । विव्याध हृदयं रथी ॥ ९२ ॥

અર્થ:—લાવણ્યની નદીસરખી એવી તે સ્ત્રીમાં જ્યારે તે અર્જુનની આંખો મત્સ્યજેવી થઇ ગઇ, ત્યારે તે તીક્ષ્ણ બુદ્ધિવાળા સુભટે તીક્ષ્ણ બાણથી તેનું હૃદય વીંધી નાખ્યું. ॥ ૯૨ ॥

बंधौ ज्यायसि कीनाश—पुरीपांथत्वमीयुषि ॥
अनेशाम वयं तस्या—नुजाः षडपि कातराः ॥ ९३ ॥

અર્થ:—એવી રીતે અમારો મોટો ભાઇ જ્યારે યમપુરીને માર્ગે પડયો ત્યારે અમો તેના છએ નાના ભાઇઓ ડરીને ત્યાંથી નાશી ગયા.

ततः प्राप्ता गृहं नासा—रूढश्वासाः कथंचन ॥
अबाधिष्महि दुर्वाचा—कंबया वयमंबया ॥ ९४ ॥

અર્થ:—પછી છેક નાકે ચડેલા શ્વાસવાળા અમો કેટલીક મુશ્કેલીએ ઘેર પહોંચ્યા, ત્યાં અમારી માતા અમોને દુર્વચનોરૂપી સોટીથી મારવા લાગી કે, ॥ ૯૪ ॥

रे निर्लज्जा निजभ्रातु—र्घातकेऽप्यप्रतिक्रियैः ॥
भवद्भिर्वीरसूनाम । मम सूनामनीयत ॥ ९५ ॥

અર્થ:—અરે નિર્લજ્જો! પોતાના ભાઇને મારનારનું વેર લીધા-
વિના તમોએ અહીં આવીને મારૂં વીરમાતાનું નામ નષ્ટ કર્યું છે. ॥૯૫॥

यल्लोके वारिणावारि । कृशानोरकृशापि भाः ॥
तच्छोषयति वारीशं । तद्‌बंधुर्वडवानलः ॥ ९६ ॥

અર્થ:—આ દુનિયામાં જલે અગ્નિના અતિશય તેજને પણ જે
નિવાર્યું છે, તેથી તેના બંધુ વડવાનલે જલના સ્વામી સમુદ્રને શોષી
નાખ્યો છે. ॥ ૯૬ ॥

यो मित्रामित्रयोः शक्तो । नोपकारापकारयोः ॥
धत्ते तस्याऽयशोवल्लि—बीजतां दीर्घजीविता ॥ ९७ ॥

અર્થ:—જે માણસ મિત્ર અને શત્રુપર ઉપકાર અને અપકાર કર-
વાને સમર્થ નથી, તેનું લાંબા કાળસુધીનું જીવન અપયશરૂપી વેલ-
ડીના બીજપણાને ધારણ કરે છે. ॥ ૯૭ ॥

एवं निःकृपया मात्रा । प्रजावत्यापि तर्जिताः ॥
प्रास्थिष्महि प्रतिज्ञाय । वयं वैरिवधं गृहात् ॥ ९८ ॥

અર્થ:—એવી રીતે સંતાનવાળી નિર્દય માતાએ તર્જેલા એવા
અમો વૈરીના વધમાટે પ્રતિજ્ઞા કરીને ઘેરથી નિકલ્યા. ॥ ૯૮ ॥

ततो रथानुसारेण । गता उज्जयिनीं पुरीं ॥
दुष्टव्यंतरवन्नित्यं । छिद्राण्यद्राक्ष्म वैरिणः ॥ ९९ ॥

અર્થ:—પછી અમો તે રથને અનુસારે ઉજ્જયિની નગરીમાં ગયા,
તથા ત્યાં દુષ્ટ વ્યંતરનીપેઠે હમેશાં તે વૈરીના છિદ્રો જોવા લાગ્યા.

सोऽन्यदा सहितः पत्न्या । सरतिस्मरसुंदरः ॥
पुरः परिसरोद्यानं । वसंतसमये ययौ ॥ २१०० ॥

અર્થ:—હવે એક દિવસે રતિસહિત કામદેવસરખો તે સુંદર સુભટ
પોતાની સ્ત્રીસાથે વસંતઋતુમાં નગરબહાર ઉદ્યાનમાં ગયો. ॥૨૧૦૦॥

विजनेऽत्र वने क्रीड—न्नेष घातिष्यते सुखं ॥
इति गूढधियः सर्वे । वयमन्वगमाम तं ॥ १ ॥

અર્થ:—આ ઉજ્જડ વનમાં ક્રીડા કરતા એવા આ સુભટને આપણે
સહેલથી મારી શકીશું, એવી રીતે ગુપ્ત વિચાર કરીને અમો સઘલા
તેની પાછળ ગયા. ॥ ૧ ॥

विसृष्टस्वजनो दृष्ट्वा । दष्टां दुष्टाहिनां प्रियां ॥
सायं सुरौकसो द्वारि । स्थितस्तारं रुरोद सः ॥ २ ॥

અર્થ:—એવામાં દુષ્ટ સર્પે ડંખેલી પોતાની પ્રિયાને જોઇને તે સુભટ સ્વજનોને વિસર્જન કરી પોતે સંધ્યાકાળે એક દેવમંદિરના દ્વારમાં આવીને મોટેથી રડવા લાગ્યો. ॥ ૨ ॥

सोऽहमेव न किं येन । जातं सर्वमिदं मम ॥

ध्यायन्निति रथी प्रोचे । ततः किं किं मुनीश्वर ॥ ३ ॥

અર્થ:—અરે! તે તો આ હું પોતેજ કેમ ન હોઉં? કેમકે આ તો સઘળું મનેજ લાગુ પડે છે, એમ વિચારતોથકો તે અગલદત્ત બોલ્યો કે, હે મુનીશ્વર! પછી શું શું થયું? ॥ ૩ ॥

खेटः कोऽपि तदा श्रुत्वा । विलापान् कृपयेरितः ॥

एत्य स्वपाणिस्पर्शेन । तस्य जायामजीवयत् ॥ ४ ॥

અર્થ:—એવામાં કોઇક વિદ્યાધરે તેનો વિલાપ સાંભળીને દયાથી પ્રેરાઇને ત્યાં આવી પોતાના હાથના સ્પર્શથી તેની સ્ત્રીને જીવાડી.

गते खेटे समं वध्वा । स विवेशामरालयं ॥

चचाल चाग्नये प्रोक्तो । ध्वांताकुलितया तया ॥ ५ ॥

અર્થ:—પછી તે વિદ્યાધર ગયાબાદ સ્ત્રીસહિત તે સુભટ દેવમંદિરમાં ગયો, પરંતુ અંધકારથી વ્યાકુળ થયેલી તે સ્ત્રીના કહેવાથી તે અગ્નિ લેવામાટે ચાલ્યો. ॥ ૫ ॥

मद्भ्रातायं च तत्राग्नि—समुद्गमुदघाटयत् ॥

प्रकाशे प्रसृते वह्ने—स्तत्प्रियामुं निरैक्षत ॥ ६ ॥

અર્થ:—એવામાં આ મારા ભાઇએ અગ્નિનો ડાબડો એટલે ચોરફાનસ ઉઘાડયું, એટલે અગ્નિનો પ્રકાશ ફેલાવાથી તે સુભટની સ્ત્રીએ આ મારા ભાઇને જોયો. ॥ ૬ ॥

नारीदृक्कार्मणेनास्य । रूपेण क्षुभिताशया ॥

सौम्य कोऽसि त्वमत्रेति । सा मृदूक्त्यामुपालपत् ॥ ७ ॥

અર્થ:-સ્ત્રીની આંખોને કામણસમાન એવા તેના રૂપથી મોહિત થયેલી તે સ્ત્રીએ તેને કોમળ વચનથી બોલાવ્યો કે હે સૌમ્ય! તું વળી અહીં કોણ છે? ॥ ૭ ॥

भ्रातृवैरात्तव धवं । हत्वा त्वं गृह्यसे मया ॥

इत्यस्य वचसा तस्याः । कर्णयोरमृतायितं ॥ ८ ॥

અર્થ:—મારા ભાઇના વેરથી તારા ભર્તારને મારીને હું તને લેઇ જઇશ, એવી રીતનું તેનું વચન તેણીને પોતાના કાનમાં અમૃતસરખું લાગ્યું. ॥ ૮ ॥

सावादीद्देव यद्येवं । तदीक्षस्व समाहितः ॥

सुखेन जातविश्वासं । हनिष्याम्यहमेव तं ॥ ९ ॥

અર્થ:—પછી તે બોલી કે હે સ્વામી! જો એમ છે તો તું સુખે જોયા કર? કેમકે હું જ તે મારા વિશ્વાસુ સ્વામીને સહેલાઇથી મારી શકીશ.

घ्रतस्ते स भटः कुर्यात् । प्रतिघातं कदापि चेत् ॥

शुष्कस्तदुदयन्नेव । मन्मनोरथपादपः ॥ १० ॥

અર્થ:—કેમકે તેને મારતા એવા તને કદાચ તે સુભટ સામો ઘા કરે તો મારો આ મનોરથરૂપી વૃક્ષ તો ઉગ્યાભેળોજ સૂકાઇ જવાજેવું થાય. ॥ ૧૦ ॥

तत्प्रियोऽथ द्रुतं तत्रा–गच्छदात्तहुताशनः ॥

अपृच्छच्च प्रियामत्र । मया ज्योतिः किमैक्ष्यत ॥ ११ ॥

અર્થ:—હવે એવામાં તેનો સ્વામી પણ અગ્નિ લેઇને ત્યાં તુરત આવ્યો, અને તેણે પોતાની સ્ત્રીને પૂછયું કે અહીં મને પ્રકાશ કેમ જોવામાં આવ્યો? ॥ ૧૧ ॥

एतत्तेजस्त्वानीत—वह्नेरेवेति भाषिणः ॥

सोऽदात्खड्गं कलत्रस्य । वनौकस इवोल्मुकं ॥ १२ ॥

અર્થ:—એ પ્રકાશ તો તમોએ લાવેલા અગ્નિનોજ હતો, એમ કહેતી એવી પોતાની સ્ત્રીના હાથમાં વાંદરાના હાથમાં જેમ મસાલ તેમ તેણે તલવાર આપી. ॥ ૧૨ ॥

स्वयं चादीपयद्वह्निं । न्यग्मुखः स्फारफूत्कृतैः ॥

रहो दास्यं हि दासीना—मपि कुर्वंति कामिनः ॥ १३ ॥

અર્થ:—પછી તે સુભટ પોતે નીચું જોઇને ફૂંક ફુંકીને અગ્નિ સળગાવવા લાગ્યો, કેમકે કામી માણસો ગુપ્તપણે દાસીઓની પણ નોકરી બજાવે છે. ॥ ૧૩ ॥

अथ कृत्येव तं हंतुं । सा कृपाणमसज्जयत् ॥

तद् दृष्ट्वा स्त्रीविरक्तांत—ष्करणो दध्यवानसौ ॥ १४ ॥

અર્થ:—પછી રાક્ષસીનીપેઠે તેને મારવાને તેણીએ તલવાર ઉગામી, તે જોઇને સ્ત્રીથી વિરક્ત હૃદયવાળો આ મારો ભાઇએ વિચાર્યું કે,

धिक् धिक् धार्ष्ट्यं पुरंध्रीणा—मीदृशं स्नेहभाजनं ॥

जनं जनकहंतार—मिव हा प्रहरंति याः ॥ १५ ॥

અર્થ:—અરે! સ્ત્રીઓની ધિઠાઇને ધિક્કાર છે, કે જેઓ આવા સ્નેહી માણસને પણ પોતાના બાપને મારનારનીપેઠે મારી નાખે છે.

सुरूपे सुभगे स्निग्धे । यारज्यन्नात्र भर्त्तरि ॥
लप्स्यते सा मयि स्थैर्यं । कः श्रद्धत्ते सुधीरिदं ॥ १६ ॥

અર્થ:—મનોહર રૂપવાળા, સૌભાગ્યવાળા તથા સ્નેહવાળા આ ભર્તારમાં પણ જે રંજિત થઇ નહિ. તે મારામાં સ્થિરતા ધરશે, એવી શ્રદ્ધા કયો બુદ્ધિવાન માણસ રાખે? ॥ ૧૬ ॥

येन स्नेहेन वर्द्ध्यंते । येन देहोऽपि दीयते ॥
रुज इवाप्तप्रसरा—स्तमपि घ्नंति योषितः ॥ १७ ॥

અર્થ:—પુરૂષો કે જેઓ સ્નેહથી સ્ત્રીઓનું પોષણ કરે છે, તથા પોતાનું શરીર પણ તેણીને સોંપી દે છે, એવી પણ સ્ત્રીઓ રોગનીપેઠે વિસ્તાર પામીને (બહેકી જઇને) તેજ પુરૂષોને મારે છે. ॥૧૭॥

ईदृशं कुशधीरेषा । पुरुषं विषयाशया ॥
ही विद्वेष्टि नभोरत्नं । घूकीव ध्वांतकाम्यया ॥ १८ ॥

અર્થ:—નીચ બુદ્ધિવાળી આ સ્ત્રી ઘુવડી જેમ અંધકારની ઇચ્છાથી સૂર્યનો તેમ વિષયની ઇચ્છાથી આવા પુરૂષનો પણ દ્વેષ કરે છે. ॥૧૮॥

रसज्ञैरौषधरसै । रसेंद्रः स्थैर्यमाप्यते ॥
निश्चलः क्रियते शाखा—मृगो रज्जुनियंत्रणैः ॥ १९ ॥

અર્થ:—ધાતુવાદીઓ ઔષધના રસથી પારાને સ્થિર કરી શકે છે, તથા દોરીથી બાંધવાથી વાંદરાને પણ નિશ્ચલ કરી શકાય છે, ॥૧૯॥

कंपः प्रकंपनस्यापि । धृत्या वृत्त्यापनीयते ॥
न तु केनापि चापल्यं । त्याज्यते कामिनीमनः ॥ २० ॥

અર્થ:—વાયુનો વેગ પણ ધીરજથી વાડવડે દૂર કરી શકાય છે, પરંતુ સ્ત્રીના મનની ચપલતા કોઇથી પણ છોડાવી શકાતી નથી. ॥૨૦॥

ध्यात्वेति तस्या आहत्या—पहस्तेन स सत्कृपः ॥
वातेन कदलीकांड—मिव ब्राहुमधूनयत् ॥ २१ ॥

અર્થ:—એમ વિચારીને મારા આ દયાલુ ભાઇએ વાયુથી જેમ કેળના થંભને તેમ પોતાના ડાબા હાથથી તેણીનો હાથ ખૂબ કંપાવ્યો.

तस्या विश्वस्तघातिन्या । अन्यायोद्यतचेतसः ॥
अनिच्छन्निव संस्पर्शं । कृपाणः पाणितोऽपतत् ॥ २२ ॥

અર્થ:—તે વખતે વિશ્વાસઘાત કરનારી તથા અન્યાયમાં ઉદ્યમવંત મનવાળી એવી તે સ્ત્રીના સ્પર્શને જાણે ન ઇચ્છતી હોય નહિ તેમ તેણીના હાથમાંથી તલવાર પડી ગઇ. ॥ ૨૨ ॥

आः स्वं पतिमहं हंतुं । कुस्त्रीसंगात् प्रचक्रमे ॥
इत्यात्मकृत्यदुःखार्त्त । इव खड्गोऽलुठद् भुवि ॥ २३ ॥

અર્થ:—અરે નીચ સ્ત્રીના સંગથી હું મારા સ્વામીને પણ મારવાને તૈયાર થઇ! એવા પોતાના દુષ્કાર્યના દુ:ખથી જાણે ખેદિત થઇ હોય નહિ તેમ તે તલવાર પૃથ્વીપર લોટવા લાગી. ॥ ૨૩ ॥

किमेतदिति स स्वस्थः । पृच्छन् शठधिया तया ॥
भयेनायं च्युतः खड्ग । इत्युदित्वा परीप्सितः ॥ २४ ॥

અર્થ:—અરે! આ શું થયું? એમ તે સુભટે પૂછવાથી તે લુચ્ચીએ ભયને લીધે આ ખડ્ગ મારા હાથમાંથી પડી ગયું એમ કહીને વાત ઉડાવી દીધી. ॥ ૨૪ ॥

आप्तोक्ताविव तद्वाचि । स विश्रंभं दधत्ततः ॥
निनाय नायकायुक्तः । सुखं तत्र विभावरीं ॥ २५ ॥

અર્થ:—ત્યારે સર્વજ્ઞના વચનનીપેઠે તેણીના વચનમાં વિશ્વાસ રાખીને તે સુભટે ત્યા સુખે તે સ્ત્રીસહિત રાત્રી વ્યતીત કરી. ॥૨૫॥

देवप्रतिमया छेक—श्छन्नमूर्तिरसावपि ॥
तत्र तस्थौ बृहद्भांड—निगूढ इव मूषकः ॥ २६ ॥

અર્થ:—આ મારો હુશિયાર ભાઇ પણ મોટા ઘડામાં છુપાયેલા ઉંદરનીપેઠે તે વખતે ત્યાં દેવપ્રતિમાની પાછળ છુપાઇને બેશી રહ્યો.

प्रगे स्वसद्मगे तस्मिन् । निशावृत्तेऽमुनोदिते ॥
विवेकचक्षुर्वैराग्यां—जनेनोदघटिष्ट नः ॥ २७ ॥

અર્થ:—પછી પ્રભાતે તે સુભટ પોતાને ઘેર ગયાબાદ રાત્રિનું સઘલું વૃત્તાંત અમારા આ ભાઇએ અમોને કહેવાથી વૈરાગ્યરૂપી અંજનથી અમારાં વિવેકરૂપી ચક્ષુઓ ખુલ્લી ગયાં. ॥ ૨૭ ॥

दध्यवांसश्च नो गेहं । गंतुं युक्तमतःपरं ॥
कः पाशान्निर्गतः पाशे । पुनः पित्सति सन्मतिः ॥ २८ ॥

અર્થ:—તેથી અમોએ વિચાર્યું કે હવે તો આપણે ઘેર જવું યુક્ત નથી, કેમકે પાશમાંથી નિકળેલો કયો સદ્બુદ્ધિ માણસ પાછો પાશમાં પડવાની ઇચ્છા કરે? ॥ ૨૮ ॥

निहंतुमहितं भ्रातु–रातुरा मातुराज्ञया ॥

निर्गता मोहमारादीन् । पूर्वं हन्मः स्ववैरिणः ॥ २९ ॥

અર્થ:—માતાની આજ્ઞાથી ભાઇના શત્રુને મારવાને આતુર થઇ નીકળેલા એવા આપણે પ્રથમ મોહ તથા કામ આદિક આપણા શત્રુઓને મારવા જોઇએ. ॥ ૨૯ ॥

उपक्रमंति बाह्यारीन् । जेतुं जगति जन्मिनः ॥

कामाद्यैर्हृतसर्वस्वं । न स्वं जानंति बालिशाः ॥ ३० ॥

અર્થ:—આ જગતમાં પ્રાણીઓ બાહ્ય શત્રુઓને જીતવાને પ્રયત્ન કરે છે, પરંતુ કામ આદિક શત્રુઓ પોતાની જે સર્વ મિલ્કત લુંટી લે છે, તેને તો તે મૂર્ખાઓ જાણી શકતા નથી. ॥ ૩૦ ॥

बंधवो बंधनं योषा । सदोषा विषया विषं ॥

जानंतोऽपीत्यनार्या ही । स्वकार्याय पराङ्मुखाः ॥ ३१ ॥

અર્થ:—બંધુઓ બંધનસરખા છે, સ્ત્રીઓ દોષોવાળી છે તથા વિષયો વિષસમાન છે, એમ જાણતાંથકાં પણ મૂર્ખ લોકો આત્મકાર્ય માટે બેદરકાર રહે છે. ॥ ૩૧ ॥

न प्रेमधामवनिता न नितांतपुष्टा ।

लक्ष्म्यो न लक्षणलसद्वपुषस्तनूजाः ॥

नो वा निरंतरहृदः सुहृदः कदाचि—

दालंबनं निपततां नरकांधकूपे ॥ ३२ ॥

અર્થ:—નરકરૂપી અંધ કુવામાં પડતા પ્રાણીઓને પ્રેમાળ સ્ત્રીઓ, ખૂબ એકઠી કરેલી લક્ષ્મી, લક્ષણયુક્ત શરીરવાળા પુત્રો તથા અંતરરહિત હૃદયવાળા મિત્રો પણ કોઇ પણ વખતે આલંબનરૂપ થતા નથી.

एवं संसारवैराग्यात् । प्रचेलिमो वयं ततः ॥

विषवल्लीमिव त्यक्त्वा । पल्लीं दूरे दिशैकया ॥ ३३ ॥

અર્થ:—એવી રીતે સંસારપરથી વૈરાગ્ય થવાથી અમો વિષવલ્લીનીપેઠે તે પલ્લી દૂર છોડીને ત્યાંથી એક દિશાતરફ ચાલવા લાગ્યા.

तीर्थं कंचन याचंतः । पापप्रक्षालनक्षमं ॥

वयं ददृशिमः क्वापि । दृढवत्यभिधं गुरुं ॥ ३४ ॥

અર્થ:—પાપોને ધોવામાં સમર્થ એવા કોઇક તીર્થની શોધ કરતાંથકા અમોએ એક જગોએ દૃઢવ્રતી નામના ગુરૂને જોયા. ॥ ૩૪ ॥

श्रुत्वा तद्देशनां दीक्षा–मादिष्महि ततो वयं ॥
चिंतामणिमिवांभोधे—र्भाग्यहीनैर्दुरासदं ॥ ३५ ॥

અર્થ:—તેમની દેશના સાંભળીને ભાગ્યહીનોને દુર્લભ એવું ચિંતામણિરત્ન જેમ સમુદ્રમાંથી તેમ અમોએ તેમની પાસેથી દીક્ષા લીધી.

दृढधर्मो धर्मरुचि—र्धर्मदासश्च सुव्रतः ॥
दृढव्रतो धर्मप्रिय । इत्याख्या नो ददौ गुरुः ॥ ३६ ॥

અર્થ:—પછી તે ગુરૂમહારાજે અમારાં અનુક્રમે દૃઢધર્મ, ધર્મરૂચિ, ધર્મદાસ, સુવ્રત, દૃઢવ્રત તથા ધર્મપ્રિય એમ નામો આપ્યાં. ॥ ૩૬ ॥

विहरामस्ततोऽन्या–मन्योऽन्यं संहिता वयं ॥
अस्मद्वैराग्यवृक्षस्य । बीजमेवं मृगेक्षणा ॥ ३७ ॥

અર્થ:—ત્યારથી અમો પરસ્પર મદદ કરતાથકા પૃથ્વીપર વિહાર કરીયે છીયે, એવી રીતે અમારાં વૈરાગ્યરૂપી વૃક્ષનું બીજ સ્ત્રી છે.

इति श्रुत्वा भवाब्धिन्न–पथीभूतमना रथी ॥
बभाषे भगवंस्तं मां । विद्धि स्वभ्रातृघातकं ॥ ३८ ॥

અર્થ:—તે સાંભળીને સંસારથી વિરક્ત મનવાળો અગલદત્ત બોલ્યો કે હે ભગવન્! તમારા ભાઇને મારનાર તરીકે આપે મનેજ જાણવો.

अहं पत्न्यास्तव गिरा–ज्ञासिषं गूढमायितां ॥
ग्राम्यो नागरिकस्योक्त्या । मणेः कृत्रिमतामिव ॥ ३९ ॥

અર્થ:—વળી એક ગામડીઓ નગરના લોકના વચનથી જેમ મણીનું બનાવટીપણું જાણે તેમ આપના વચનથી મેં મારી સ્ત્રીનું ગૂઢ કપટીપણું જાણ્યું છે. ॥ ૩૯ ॥

भाग्यवानस्मि नूनं य—न्न हन्येस्म तदा तया ॥
नो चेदार्त्तवशो मृत्वा—ऽभविष्यं नरकाध्वगः ॥ ४० ॥

અર્થ:—ખરેખર હું ભાગ્યવાન છું કે તે વખતે સ્ત્રીથી મરાયો નહિ, નહિતર આર્તધ્યાનપૂર્વક મરીને માર નરકમાં જવું પડત.

सरितः सिकता बिंदू–नब्धेर्व्योम्नि च तारकाः ॥
संख्यातुमीशते दक्षा । न दोषान् योषितां पुनः ॥ ४१ ॥

અર્થ:—વિદ્વાનો નદીની વેળુ, સમુદ્રના બિંદુ તથા આકાશમાં રહેલા તારાઓની પણ સંખ્યા કરી શકે છે, પરંતુ સ્ત્રીના દોષોને ગણી શકતા નથી. ॥ ૪૧ ॥

मायाखानिर्मृषासत्रं । वैरस्योत्पत्तिभूमिका ॥
कुसंगरंगो दुर्बुद्धि–सीमा सीमंतिनीजनः ॥ ४२ ॥

અર્થ:—વળી તે સ્ત્રીઓ કપટની ખાણસરખી, જુઠાઇની દાન-શાળાસરખી, વૈરની જન્મભૂમી તુલ્ય, કુસંગના રંગવાળી તથા દુર્બુદ્ધિની હદસરખી છે. ॥ ૪૨ ॥

आद्रियंते जडा एव । योषितः सुखवांछया ॥
हुताशनाशया गुंजाः । शीतार्त्ता इव वानराः ॥ ४३ ॥

અર્થ:—જેમ ઠંડીથી પીડાતા વાંદરાઓ આગ્નની ઇચ્છાથી ચણોઠીઓ એકઠી કરે છે, તેમ મૂર્ખ માણસોજ સુખની ઇચ્છાથી સ્ત્રીઓને ગ્રહણ કરે છે. ॥ ૪૩ ॥

महिलास्नेहमग्नानां । मक्षिकाणामिवांगिनां ॥
सत्पक्षबलहीनानां । मृत्युः संनिहितो ध्रुवं ॥ ४४ ॥

અર્થ:—ઘૃતમાં પડેલી માખોનીપેઠે સ્ત્રીના સ્નેહમાં આસક્ત થયેલા તથા ઉત્તમ પક્ષના બલથી રહિત થયેલા પુરૂષોનું મોત નજદીક આવે છે. ॥ ૪૪ ॥

प्रभो वैषयिकं मोहं । मम त्वत्संगमोऽधुना ॥
नुनोद कतकक्षोद । इव कालुष्यमंभसः ॥ ४५ ॥

અર્થ:—હે ભગવન્ ! કતકફલનું ચૂર્ણ જેમ જલનો મેલ દૂર કરે છે, તેમ આપના સંગમે હાલ મારા વિષયસંબંધી મોહને દૂર કર્યો છે.

तत्प्रसीद भवांभोधौ । निमज्जंतमिमं जनं ॥
चारित्रचारुपोतेन । निर्याम इव तारय ॥ ४६ ॥

અર્થ:—માટે ભવસમુદ્રમાં ડુબતા એવા આ પ્રાણીપર આપ કૃપા કરો ? તથા નિર્યામકનીપેઠે ચારિત્રરૂપી મનોહર વહાણવડે તારો ?

ततो भवविरक्तं तं । ज्यायानृषिरदीक्षयत् ॥
अशिक्षयच्च निःशेषं । साध्वाचारं महोद्यमः ॥ ४७ ॥

અર્થ:—પછી સંસારથી વિરક્ત થયેલા એવા તે અગલદત્તને મોટા મુનિએ દીક્ષા આપી, તથા ખૂબ મહેનત લેઇને તેને સઘળો સાધુનો આચાર શિખવ્યો. ॥ ૪૭ ॥

राजकार्यं समुत्सृज्य । स्वकार्यं कर्तुमुद्यतं ॥
तमेनागलदत्तं मां । विद्धि धार्मिकधम्मिल ॥ ४८ ॥

અર્થ:—હે ધાર્મિક ધમ્મિલ ! એવી રીતે રાજકાર્યને છોડીને આત્મકાર્ય કરવામાં ઉદ્યમવંત થયેલા એવા મનેજ તારે તે અગલદત્ત જાણવો. ॥ ૪૮ ॥

**इयं भ्रांतिरयं मोहो । मांद्यमेतदयं भ्रमः ॥**

**कदाग्रहोऽयं यत्स्त्रीणा—मंगीकारः सुखाशया ॥ ४९ ॥**

અર્થ:—સુખની આશાથી સ્ત્રીઓનો જે સ્વીકાર કરવો તે ભ્રાંતિ, મોહ, મૂર્ખાઈ, ભ્રમ તથા કદાગ્રહરૂપ છે. ॥ ૪૯ ॥

**योषित्पराभूतिभवं निशम्य । सोढं मया कष्टकदंबमेवं ॥**

**भूयाद्भवानप्यनिशं महेला—विलासभल्लीभिरभेद्यधैर्यः ॥५०॥**

અર્થ:—એવી રીતે મેં કષ્ટોનો સમુહ સહન કર્યો છે, માટે હે ધમ્મિલ ! તું પણ સ્ત્રીના પરાભવથી થતા કષ્ટને સાંભલીને હમેશાં સ્ત્રીઓના વિલાસરૂપી ભાલાઓથી ન ભેદી શકાય એવા ધૈર્યવાળો થા ?

**एवं मुनिमुखाद्योषा—दोषानाकर्ण्य दुःखितः ॥**

**अद्याप्यक्षीणभोगेच्छः । प्रत्यभाषत धम्मिलः ॥ ५१ ॥**

અર્થ:—એવી રીતે મુનિના મુખથી સ્ત્રીના દોષો સાંભલીને દુ:ખી થયેલો ધમ્મિલ હજુ પણ ભોગોની ઇચ્છા ક્ષીણ ન થવાથી બોલ્યો કે,

**महात्मन्नेकरूपाः स्युः । किं समस्ता अपि स्त्रियः ॥**

**समाः समग्रा नांगुल्यो–ऽपि हि पाणौ नृणां यतः ॥ ५२ ॥**

અર્થ:—હે મહાત્મન્ ! શું સઘળી સ્ત્રીઓ એકસરખી હોય છે ? કેમકે માણસોના હાથની આંગળીઓ પણ સઘળી એકસરખી હોતી નથી. ॥ ૫૨ ॥

**यासां कुक्षीमुरीचक्रु—र्जिनचक्रधरादयः ॥**

**जंगमा रत्नखनय—स्ता निंद्याः किमु योषितः ॥ ५३ ॥**

અર્થ:—જેઓની કુક્ષિઓમાં જિનો તથા ચક્રવર્તીઆદિકો ઉત્પન્ન થયા છે, એવી જંગમ રત્નોની ખાણસરખી તે સ્ત્રીઓ કેમ નિંદનીક હોઇ શકે ? ॥ ૫૩ ॥

**विषवृक्ष इवापास्यो । भ्रष्टशीलः पुमानपि ॥**

**कल्पवल्लय इवापास्याः । सुशीला महिला अपि ॥ ५४ ॥**

અર્થ:—શીલથી ભ્રષ્ટ થયેલા પુરૂષને પણ ઝેરી વૃક્ષનીપેઠે દૂર તજવો જોઇયે, તથા શીલવંતી સ્ત્રીઓની પણ કલ્પવલ્લીઓનીપેઠે ઉપાસના કરવી જોઇયે. ॥ ૫૪ ॥

कुशीलयैकया नार्या । नाऽार्याः किं सकला अपि ॥

लवणोद्जले क्षारे । न क्षारमखिलं जलं ॥ ५५ ॥

અર્થ:—એક કોઇ કુશીલ સ્ત્રીથી શું સઘળી સ્ત્રીઓ કુશીલ હોઇ શકે? કેમકે લવણસમુદ્રનું જલ ખારૂં હોવાથી શું સઘલું જલ ખારૂં હોઇ શકે? ॥ ૫૫ ॥

स्नानाशनादिकं सौख्यं । धर्मो देवार्चनादिकं ॥

गृहं विना गृहस्थस्य । स्याद्यथावसरं कथं ॥ ५६ ॥

અર્થઃ—સ્નાન ભોજન આદિક સુખ તથા દેવપૂજાદિક ધર્મ ઘરવિના ગૃહસ્થીને યોગ્ય અવસરે કેમ થઇ શકે? ॥ ૫૬ ॥

शिवशब्दो हरश्रेयो—मोक्षमुख्यार्थभागपि ॥

विना कुंडलिनीं शक्तिं । प्रयाति शवरूपतां ॥ ५७ ॥

અર્થ:—'શિવ' શબ્દ મહાદેવ, કલ્યાણ તથા મોક્ષ આદિક અર્થવાળો હોવા છતાં પણ હ્રસ્વઇવિના શબરૂપ થઇ જાય છે. ॥ ૫૭ ॥

बहुप्रियाः स्त्रियो नैव । दृश्यंते पुरुषा यथा ॥

मृतप्रियाः पुनः पाणि-ग्रहं पुंवन्न कुर्वते ॥ ५८ ॥

અર્થ:—જેમ પુરૂષો ઘણી સ્ત્રીઓવાળા દેખાય છે, તેમ સ્ત્રીઓ ઘણા પુરૂષોવાળી દેખાતી નથી, વળી તે સ્ત્રીઓ ભર્તારના મૃત્યુ બાદ પુરૂષની પેઠે પુનર્લગ્ન પણ કરતી નથી. ॥ ૫૮ ॥

नरा हि नरकं यांति । सप्तमं न पुनः स्त्रियः ॥

उभयेषामपि प्रोक्तः । श्रुते मोक्षगमः समः ॥ ५९ ॥

અર્થ:—વળી સાતમી નરકે પણ પુરૂષો જાય છે, પણ સ્ત્રીઓ જતી નથી, અને મોક્ષે જવાનું તો બન્નેને શાસ્ત્રમાં તુલ્ય કહ્યું છે.

सलज्जाः संवृतांगाश्च । मृदुचित्ता मृदूक्तयः ॥

धर्मकर्त्र्योऽधिकं पुंभ्यः । किं निंद्यंते त्वया स्त्रियः ॥ ६० ॥

અર્થ:—લજ્જાવાળી, ગોપવેલાં અંગોવાળી, કોમલ હૃદયવાળી, મૃદુ વચનોવાળી તથા પુરૂષોથી અધિક ધર્મ કરનારી એવી સ્ત્રીઓને આપ શામાટે નિંદો છો? ॥ ૬૦ ॥

सतीनां चरितं हृद्यं । लोके बुधजना अपि ॥

वीक्ष्य धुन्वंति मूर्द्धानं । दृष्टांतेन धनश्रियः ॥ ६१ ॥ तथाहि—

અર્થ:—આ દુનિયામાં સતીઓનું મનોહર ચરિત્ર જોઇને ધનશ્રીના દૃષ્ટાંતથી પંડિતો પણ પોતાનાં મસ્તક ધુણાવે છે. ॥ ૬૧ ॥

તે ધનશ્રીનું દૃષ્ટાંત કહે છે—

समस्तवस्तुविस्तार—सारसद्मसमन्विता ॥

विशालास्ति पुरी ख्याता—ऽवंतिमंडलमंडनं ॥ ६२ ॥

અર્થ:—સઘળી વસ્તુઓનાં વિસ્તારવાળાં મનોહર ઘરોવાળી તથા અવંતીદેશને શોભાવનારી વિશાલા નામની એક પ્રખ્યાત નગરી છે.

जितारिस्तत्र भूपोऽभू—द्यस्य जीवितकारणं ॥

आज्ञां शिरसि भूपाला । मौलिमुत्सृज्य बिभ्रति ॥ ६२ ॥

અર્થ:—ત્યાં જિતારી નામનો રાજા હતો, કે જેની આજ્ઞાને જીવિતના કારણરૂપ માનીને રાજાઓ મસ્તકપર મુકુટ પણ તજીને ધારણ કરતા હતા. ॥ ૬૨ ॥

श्रेष्टी सागरदत्तोऽत्रा—ऽभवद् भुवनविश्रुतः ॥

धनेशधनितागर्व—सर्वंकषधनोच्चयः ॥ ६३ ॥

અર્થ:—તે નગરમાં કુબેરના ધનવાનપણાના ગર્વને દૂર કરનારા ધનના સમૂહવાળો અને જગતમાં પ્રખ્યાત સાગરદત્ત નામે શેઠ વસતો હતો. ॥ ૬૩ ॥

चंद्रश्रीरित्यभूत्तस्य । रूपरत्नखनिः प्रिया ॥

यद्देहदुर्गमालंब्य । कामो विश्वं जिगीषति ॥ ६४ ॥

અર્થ:—તેને રૂપરૂપી રત્નની ખાણ સરખી ચંદ્રશ્રી નામે સ્ત્રી હતી, કે જેણીના શરીરરૂપી કિલ્લાનો આધાર લેઇને કામદેવ જગતને જીતવાની ઇચ્છા રાખતો હતો. ॥ ૬૪ ॥

तत्कुक्षिकंदरक्रोड—केसरी वरविक्रमः ॥

समुद्रचंद्र इत्याख्यां । दधानस्तनयोऽजनि ॥ ६५ ॥

અર્થ:—તેણીની કુક્ષિરૂપી ગુફાના મધ્ય ભાગમાં કેસરીસિંહસરખો મહા પરાક્રમી સમુદ્રચંદ્ર નામે પુત્ર થયો. ॥ ૬૫ ॥

मते भागवते बद्धा—नुरागः सागरः सदा ॥

उपस्वभवनं कंचित् । परिव्राजमतिष्टपत् ॥ ६६ ॥

અર્થ:—ભાગવત મતના અનુરાગી એવા તે સાગરદત્ત શેઠે પોતાના ઘરપાસે કોઇક તાપસને રાખ્યો હતો. ॥ ૬૬ ॥

पठन्नितरशालासु । भ्रश्येन्मैष स्वधर्मतः ॥

इति तेन परिव्राजा । श्रेष्टी पुत्रमपीपठत् ॥ ६७ ॥

અર્થ:—બીજી નિશાળોમાં ભણવાથી આ પોતાના ધર્મથી ભ્રષ્ટ ન થાય તો ઠીક એમ વિચારીને શેઠ તે તાપસપાસે પોતાના પુત્રને ભણાવવા લાગ્યો. ॥ ६७ ॥

पठन् कदाप्यसौ प्रातः । प्रातराशविधित्सया ॥
प्राविषत्पट्टिकां मोक्तुं । मठस्यांतः शठेतरः ६८ ॥

અર્થ:—એક દિવસે તે ચાલાક સમુદ્રચંદ્ર પ્રભાતમાં ભણતોથકો શીરાવવાની ઇચ્છાથી પોતાની પાટી મુકવાને (તે તાપસના) મઠમાં દાખલ થયો. ॥ ६८ ॥

स तत्र लिंगिनानेन । सममब्रह्मसेविनीं ॥
अंबां ददर्श बब्बूल–द्रुमलग्नां लतामिव ॥ ६९ ॥

અર્થ:—ત્યાં તેણે બાવળના વૃક્ષને વળગેલી વેલડીનીપેઠે તે તાપસસાથે મૈથુન સેવતી એવી પોતાની માતાને જોઇ. ॥ ६९ ॥

व्यावृत्तोऽथ क्षणं वज्रा—हतवज्ञातवेदनः ॥
शिलयेव ह्रियाक्रांतो । विवेकी विममर्श सः ॥ ७० ॥

અર્થ:—ત્યારે તે ત્યાંથી પાછો વળીને જાણે વજ્રથી હણાયો હોય નહિ તેમ દુઃખિત થયોથકો જાણે શિલાથી તેમ લજ્જાથી દબાઇને તે વિવેકી વિચારવા લાગ્યો કે, ॥ ७० ॥

अहो नीचरता नार्यो । मक्षिकासख्यमिन्यति ॥
चंदनद्रवमुत्सृज्य । श्लेष्मणे स्पृहयंति याः ॥ ७१ ॥

અર્થ:—અહો! નીચમાં આસક્ત થયેલી સ્ત્રીઓ મક્ષિકાઓનું તુલ્યપણું ધારણ કરે છે, કેમકે તેઓ ચંદનરસ તજીને શ્લેષ્મને ઇચ્છે છે.

गुणग्रामभवे विश्व—व्यापके सद्यशःपटे ॥
उत्पादयति मालिन्यं । नृणां शशिमुखी मषी ॥ ७२ ॥

અર્થ:—ચંદ્રસરખા મુખવાળી સ્ત્રી મષીની પેઠે પુરૂષોના ગુણોના (દોરાના) સમુહથી ઉત્પન્ન થયેલા તથા જગતમાં પ્રસરેલા ઉત્તમ યશરૂપી કપડામાં મલીનતા ઉત્પન્ન કરે છે. ॥ ७२ ॥

तुंगं स्थिरं विशालं च । कुलं भ्रंसयति क्षणात् ॥
महिला मुक्तमर्यादा । वार्द्धिवेलेव पर्वतं ॥ ७३ ॥

અર્થ:—સમુદ્રની વેળા જેમ પર્વતને તેમ સ્ત્રી પણ મર્યાદા છોડીને ઉંચાં સ્થિર તથા વિશાલ કુલને પણ ક્ષણવારમા તોડી પાડે છે. ॥७३॥

अस्य व्याजपरिव्राजः । पाखंडं खंडशोऽस्तु ही ॥
विनाशं स्वाश्रयस्यैव । विदधाति शिखीव यः ॥ ७४ ॥

અર્થ:—આ કપટી તાપસનું પાખંડ પણ ટુકડે ટુકડા થઇ જાઓ! કેમકે તે અગ્નિનીપેઠે પોતાના આશ્રયનોજ વિનાશ કરે છે. ॥૭૪॥

बोधयिष्यत्यसौ किं नः । स्वयं मोहवशं गतः ॥
सरित्पूरे स्वयं मज्ज–स्तारयत्यपरं कथं ॥ ७५ ॥

અર્થ:—પોતેજ મોહને વશ થયેલો આ તાપસ અમોને શું પ્રતિબોધ આપી શકશે! કેમકે પોતેજ નદીના પુરમાં બુડતો માણસ બીજાને શીરીતે તારી શકે? ॥ ૭૫ ॥

अयं गुरुरियं माता । मम पूज्यावुभावपि ॥
अनयोरनयो वक्तुं । जनकस्यापि नार्हति ॥ ७६ ॥

અર્થ:—આ ગુરૂ છે, અને આ માતા છે, એમ એ બન્ને મને તો પૂજ્ય છે, માટે આ બન્નેનો અન્યાય પિતાને કહેવો તે પણ યુક્ત નથી.

असाविव दुराचारा । मन्ये सर्वा अपि स्त्रियः ॥
यथैकाब्धेश्चला वीचिः । शेषा अप्यखिलास्तथा ॥ ७७ ॥

અર્થ:—આનીપેઠે હું સર્વ સ્ત્રીઓને દુરાચારીજ માનું છું, કેમકે સમુદ્રનું એક મોજું જ્યારે ચંચલ હોય ત્યારે બીજાં મોજાં પણ શું સ્થિર હોઇ શકે? ॥ ૭૭ ॥

विद्याविवेकवैशद्य—दारकं दारकर्म तत् ॥
करिष्ये नाहमेवं स । निश्चिकाय तदा हृदा ७८ ॥

અર્થ:—માટે વિદ્યા અને વિવેકના મહાત્મ્યને નાશ કરનારો વિવાહ હું કરીશ નહિ એમ તેણે પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો. ॥ ૭૮ ॥

उद्यौवनोऽथ योगीव । गुणरत्नखनीः कनीः ॥
अन्वेषयंतं जनकं । वयस्यैः स न्यषेधयत् ॥ ७९ ॥

અર્થ:—હવે જ્યારે તે યૌવનવયનો થયો ત્યારે તેનામાટે ગુણોરૂપી રત્નોની ખાણસરખી કન્યાઓની શોધ કરતા એવા પોતાના પિતાને તેણે મિત્રોમારફતે ના કહેવરાવી. ॥ ૭૯ ॥

सोऽपि तं साह वत्स त्वां । पितृभक्त्यंबुपल्वलं ॥
कदा कदाग्रहग्राहः । प्रविश्यायमदूषयत् ॥ ८० ॥

અર્થઃ—ત્યારે તેના પિતાએ તેને કહ્યું કે હે વત્સ! પિતાની ભકિત રૂપી જલના તળાવસરખો એવો જે તું તેમાં કદાગ્રહરૂપી મગરમચ્છે પ્રવેશ કરીને તને કયારે દૂષિત કર્યો છે? ॥ ૮૦ ॥

पुत्रमुत्पाद्य संवर्द्धय । समध्याप्य विवाह्य च ॥

यांत्यनृण्यं पूर्वजानां । मनुजा नान्यथा पुनः ॥ ८१ ॥

અર્થઃ—માણસો પુત્રને ઉત્પન્ન કરીને, પોષીને, ભણાવીને તથા પરણાવીને પૂર્વજોના કરજથી રહિત થાય છે, બીજી રીતે થતા નથી.

त्वं सुपुत्रोऽसि भक्तोऽसि । पितॄणान्मां विमोचय ॥

मन्यस्व व्रतिनामेव । व्रीडाकृत्पाणिपीडनं ॥ ८२ ॥

અર્થઃ—વલી તું તો ભકિતવાન સુપુત્ર છો, માટે મને પિતૃઓના કરજથી મુકત કર? અને માની જા? કેમકે વિવાહ તો મુનિઓનેજ લજ્જા કરનારો છે. ॥ ૮૨ ॥

प्रत्यूचे सोऽपि वीवाहा—द्यदस्म्येष पराङ्मुखः ॥

तत्तातात्तश्रुताभ्यास—रसान्न तु कदाग्रहात् ॥ ८३ ॥

અર્થઃ—ત્યારે તેણે કહ્યું કે હે પિતાજી! વિવાહમાટે જે હું નિષેધ કરૂં છું તે ફક્ત શાસ્ત્રાભ્યાસના રસથી કરૂં છું, પરંતુ કદાગ્રહથી કરતો નથી. ॥ ૮૩ ॥

श्रुतान्याशु विलीयंते । वशाभ्यासंगतो नृणां ॥

यथा रंभाफलान्येला—चूर्णादभ्यर्णवर्त्तिनः ॥ ८४ ॥

અર્થઃ—જેમ નજીક રહેલ એલચીના ચૂર્ણથી કેળનાં ફલો તેમ સ્ત્રીના સંગથી માણસોનો શાસ્ત્રાભ્યાસ નાશ પામે છે, ॥ ૮૪ ॥

किंच वैषयिके भावे । तात ते प्रेरणा वृथा ॥

न हि नीचैर्व्रजद्वारि । शिक्षां कस्याप्यपेक्षते ॥ ८५ ॥

અર્થઃ—વળી હે પિતાજી! વૈષયિક સુખમાટે આપની પ્રેરણા ફોકટ છે, કેમકે નીચે જતું જલ કંઇ કોઇની શિખામણની અપેક્ષા રાખતું નથી. ॥ ૮૫ ॥

निरुत्तरीकृतः पुत्रे—णैवं दुःखं वहन् हृदि ॥

सागरस्तद्विवाहार्थं । बंधुवर्गमशिक्षयत् ॥ ८६ ॥

અર્થઃ—એવી રીતે પુત્રે નિરૂત્તર કરેલો તે સાગરદત્ત હૃદયમાં દુઃખ ધારણ કરતો થકો તેને વિવાહ માટે બંધુવર્ગમારફત સમજાવવા લાગ્યો. ॥ ૮૬ ॥

**तदभ्यर्थनयाप्यस्मिन् । स्वनिश्चयमनुज्झति ॥**

**धनायन् व्यवसायेना—न्यदा प्रास्थित सागरः ॥ ८७ ॥**

અર્થ:—તે બંધુવર્ગની પ્રાર્થનાથી પણ જ્યારે તેણે પોતાનો નિશ્ચય છોડયો નહિ ત્યારે તે સાગરદત્ત શેઠ એક વખતે ઘણો લાભ મેલવવાની ઇચ્છાથી દેશાંતરપ્રતે ચાલ્યો. ॥ ૮૭ ॥

**वार्धिसंवर्धितश्रीकं । सुराष्ट्रमंडलं गतः ॥**

**चिरं गिरिपुरे स्थित्वा । व्यवसायं परं गतः ॥ ८९ ॥**

અર્થ:—સમુદ્રથી વૃદ્ધિ પામેલ લક્ષ્મીવાળા સુરાષ્ટ્રદેશમાં તે ગયો, તથા ત્યાં ગિરિપુરમાં લાંબો વખત રહીને ઘણો વ્યાપાર કરવા લાગ્યો.

**धनेन श्रेष्टिना सत्रा । तत्राभूदस्य सौहृदं ॥**

**सौरभ्यमिव कस्तूर्या । यज्जीर्यति कदापि न ॥ ९० ॥**

અર્થ:—ત્યાં તેને એક ધન નામના શેઠસાથે મિત્રાઇ થઇ, કે જે મિત્રાઇ કસ્તુરીની સુગંધીનીપેઠે કદાપિ પણ કમી થઇ નહિ. ॥ ૯૦ ॥

**भव्यो नरभवात्पुण्य—मिवोपार्ज्य घनं धनं ॥**

**व्यावृत्तः स ततः प्रोचे । प्रीतिवल्लीघनं धनं ॥ ९१ ॥**

અર્થ:—પછી ભવ્ય માણસ મનુષ્યભવમાંથી જેમ પુણ્યને તેમ તે ઘણું ધન મેલવીને ત્યાંથી જ્યારે તે પાછો વલ્યો ત્યારે તેણે તે ધનશ્રેષ્ટિને પ્રીતિરૂપી વેલને વરસાદસરખું વચન કહ્યું કે, ॥ ૯૧ ॥

**एकस्थानस्थयोरत्र । निर्व्यूढा प्रीतिरावयोः ॥**

**अथ भिन्नाधिकरणा । निर्वोढा सा कथं सखे ॥ ९२ ॥**

અર્થ:—અહીં એક જગોએ રહેતા એવા આપણ બન્નેની પ્રીતિ સારી રીતે ચાલી છે, પરંતુ હે મિત્ર ! હવે આપણ બન્ને જયારે જુદા પડશું ત્યારે તે પ્રીતિ શીરીતે ટકી શકશે? ॥ ૯૨ ॥

**परं लभेत यद्येषा—ऽपत्यसंबंधबंधनं ॥**

**तदाश्नुवीत स्थेमान—मालानस्थेव हस्तिनी ॥ ९३ ॥**

અર્થ:—પરંતુ જો આ પ્રીતિ આપણા સંતાનોના સંબંધરૂપી બંધનવાળી થાય, તો સ્તંભમાં બાંધેલી હાથણીનીપેઠે તે સ્થિર થાય.

**अनीकिनीव कामस्य । कनीयं यत्त्वया धन ॥**

**धनश्रीर्मे तनूजेन । समुद्रेण विवाह्यतां ॥ ९४ ॥**

અર્થ:—માટે કામદેવની સેનાસરખી તારી ધનશ્રી નામની પુત્રીને મારા સમુદ્રદત્ત નામના પુત્રની સાથે પરણાવ? ॥ ૯૪ ॥

शल्योद्धारमिवामंस्त । मुदितस्तद्वचो धनः ॥

को नानुमन्यते योगं । माणिक्यस्वर्णमुद्रयोः ॥ ९५ ॥

અર્થ:—ત્યારે જાણે પોતાનું શલ્ય નિકળી ગયું હોય નહિ તેમ ખુશી થઇને ધનશ્રેષ્ટીએ તેનું વચન સ્વીકાર્યું, કેમકે માણિક્ય અને સ્વર્ણની વીંટીનો સંયોગ કોણ સારો માને નહિં ? ॥ ૯૫ ॥

सागरोऽभिदधे तर्हि । मया गृहगतेन सः ॥

किंचित्कार्यमिषं कृत्वा । समित्रोऽत्र प्रहिष्यते ॥ ९६ ॥

અર્થ:—પછી સાગરદત્ત બોલ્યો કે ત્યારે હવે હું ઘેર જઇને કંઇક કાર્યના મિષથી તે મારા પુત્રને અહીં તેના મિત્રો સહિત મોકલીશ.

आतिथ्यदंभादाकार्य । विवाह्यः स रहस्त्वया ॥

वत्सोऽस्ति कातरः शस्त्री—ष्विव स्त्रीषु पराङ्मुखः ॥ ९७ ॥

અર્થ:—પરોણાગતના મિષથી તારે તેને બોલાવીને ગુપ્ત રીતે પરણાવી દેવો, કેમકે તે શસ્ત્રોથી જેમ તેમ સ્ત્રીઓથી કાયર થયેલો છે.

इति निःशेषतः शिक्षा—सावधाने धने स्थिते ॥

ययावुज्जयिनीं श्रेष्टी । प्रयाणैरविलंबितैः ॥ ९८ ॥

અર્થ:—એવી રીતે સર્વ શિક્ષાથી તે ધનશ્રેષ્ટી સાવધાન રહ્યે છતે સાગરદત્ત શેઠ વિલંબરહિત પ્રયાણોથી ઉજ્જયિનીમાં ગયો. ॥ ૯૮ ॥

स तत्रोत्कंठयायातैः । स्वजनैर्जातसंगमः ॥

व्याजज्ञो व्याजहारेति । पुत्रं द्वित्रिदिनात्यये ॥ ९९ ॥

અર્થ:—ત્યાં તે ઉત્કંઠાથી આવેલા સ્વજનો સાથે મલ્યો, પછી બે ત્રણ દિવસો ગયાબાદ મિષના જાણનારા તે શેઠે પુત્રને કહ્યું કે,

अहं गिरिपुरे किंचि—न्मुक्त्वा पण्यमिहागमं ॥

विक्रीणंते विना लाभं । वस्तु जातु न वाणिजः ॥ २२०० ॥

અર્થ:—હું ગિરિપુરમાં થોડુંક કરીયાણું બાકી મેલીને આવેલો છું, કેમકે વ્યાપારીઓ લાભવિના વસ્તુ કદાપિ પણ વેચતા નથી.

तद्विक्रेतुं भवांस्तत्र । वत्स गच्छत्वतुच्छधीः ॥

संप्रति प्राप्तकालो य—द्वस्तुनस्तस्य विक्रयः ॥ १ ॥

અર્થ:—માટે હે વત્સ ! તે વસ્તુ વેચવામાટે ઉત્તમ બુદ્ધિવાળો તું ત્યાં જા ? કેમકે હવે તે વસ્તુ વેચવાનો અવસર છે. ॥ ૧ ॥

समुद्रः पितुरादेशा—दचलद्भक्तिनिश्चलः ॥

श्रेष्टिज्ञापितवीवाह—वृत्तैर्मित्रैः परिस्कृतः ॥ २ ॥

અર્થ:—પછી શેઠે જણાવેલ છે વિવાહનું વૃત્તાંત જેઓને એવા મિત્રોસહિત ભક્તિમાં નિશ્ચલ સમુદ્રદત્ત પિતાના હુકમથી ત્યાંથી ચાલ્યો.

क्रमाद्गिरिपुरं प्राप्तो । मित्रैरूचे धनाय सः ॥
वसंतो वनमायातो । मृदुध्वानैः पिकैरिव ॥ ३ ॥

અર્થ:—પછી મધુર અવાજવાળી કોયલો જેમ વનમાં આવેલા વસંત ઋતુને જણાવે છે, તેમ મિત્રોએ ધનશ્રેષ્ઠિપ્રતે તેને અનુક્રમે ગિરિપુરમાં આવેલો જણાવ્યો. ॥ ૩ ॥

कृत्वा विवाहसामग्रीं । प्रपंचचतुरो धनः ॥
न्यमंत्रयत तं भोक्तुं । समित्रं स्वगृहे निशि ॥ ४ ॥

અર્થ:—ત્યારે પ્રપંચમાં હુશિયાર ધનશ્રેષ્ઠિએ વિવાહની સામગ્રી કરીને તેને રાત્રિએ ભોજનમાટે મિત્રસહિત પોતાને ઘેર બોલાવ્યો.

धनांगजा त्रियामाया—मायातं स्वसुहृद्युतं ॥
वीक्ष्याऽहृष्यच्चकोरीव । मृगांकमुडुमध्यगं ॥ ५ ॥

અર્થ:—ત્યારે પોતાના મિત્રસહિત રાત્રિએ આવેલા તેને જોઇને ધનશ્રેષ્ઠીની પુત્રી તારાઓ વચ્ચે રહેલા ચંદ્રને જોઇને ચકોરીનીપેઠે ખુશી થઇ. ॥ ૫ ॥

भोजयामास तं भक्त्या । रंजयामास सद्गिरा ॥
धनः सागरजातत्वा—ज्जीवितादपि वल्लभं ॥ ६ ॥

અર્થ:—પછી ધનશ્રેષ્ઠીએ સાગરદત્તનો પુત્ર હોવાથી જીવિતથી પણ વલ્લભ એવા તે સમુદ્રદત્તને ભક્તિથી જમાડયો, તથા ઉત્તમ વચનથી ખુશી કર્યો. ॥ ૬ ॥

भुक्तोत्थितो धनेनासौ । बलात्पुत्रीं व्यवाह्यत ॥
असंस्तुतत्वात्तद्वाचं । व्यावर्त्तयितुमक्षमः ॥ ७ ॥

અર્થ:—જમીને ઉઠયાબાદ ધનશેઠે બલાત્કારે તેને પોતાની પુત્રી પરણાવી, પરિચય ન હોવાથી તેનું વચન તે ફેરવી શકયો નહિ.

सवधूकः स वासौकः । सवयोभिरनीयत ॥
बलेनागस्करः कारा—गारमारक्षकैरिव ॥ ८ ॥

અર્થ:—પછી પોલીસ બલાત્કારે ગુન્હેગારને જેમ કેદખાનામાં તેમ મિત્રો તેને વહુસહિત વાસભુવનમાં લેઇ ગયા. ॥ ૮ ॥

योगीव जाग्रदेवासौ । वासौकसि निशि स्थितः ॥

विषलिप्तामिव वधूं । नास्पृशत्पाणिनापि तां ॥ ९ ॥

અર્થ:—ત્યાં વાસભુવનમાં તે યોગીનીપેઠે રાત્રિએ જાગતોજ રહ્યો, પરંતુ જાણે ઝેરથી લીંપાયેલી હોય નહિ તેમ તેણે તે ધનશ્રીને હાથથી પણ સ્પર્શ કર્યો નહિ. ॥ ૯ ॥

निद्रामुद्रितनेत्राब्जां । जनीं नीरजिनीमिव ॥

मुक्त्वा निशीथे शेतेस्म । मित्रमध्यमुपेत्य सः ॥ १० ॥

અર્થ:—પછી કમલીનીનીપેઠે નિદ્રાથી વીંચાયેલી આંખોવાળી તે ધનશ્રીને છોડીને મધ્યરાત્રિએ તે પોતાના મિત્રોપાસે આવીને સૂઇ રહ્યો. ॥ ૧૦ ॥

अपश्यंती प्रियं तल्पे । प्रभाते धननंदिनी ॥

दिनेशेऽप्युदिते शोक–तमसा जग्रसेऽद्भुतं ॥ ११ ॥

અર્થ:—પછી પ્રભાતે બિછાનામાં પોતાના સ્વામીને નહિ જોતી એવી તે ધનશ્રી આશ્ચર્ય છે કે સૂર્યોદય થયા છતાં પણ શોકરૂપી અંધકારથી વ્યાપ્ત થઇ. ॥ ૧૧ ॥

अवलोक्य च खे खेलत् । प्रभाते मित्रमंडलं ॥

ययौ वनं वियन्नीलं । रंतु तन्मित्रमंडलं ॥ १२ ॥

અર્થ:—પછી પ્રભાતે સૂર્યમંડલને આકાશમાં ક્રીડા કરતું જોઇને તે મિત્રમંડલ પણ આકાશસરખા લીલા વનમાં ક્રીડા કરવા ગયું.

नूनं दृष्टव्यलीकासु । न रज्ये रमणीष्वहं ॥

बलादप्यबलासंगं । कर्त्तारो मामभी पुनः ॥ १३ ॥

અર્થ:—ત્યાં સમુદ્રદત્તે વિચાર્યું કે દીઠેલા છે દોષો જેણીના એવી સ્ત્રીઓમાં હું ખરેખર રાગ ધરતો નથી, અને આ મિત્રો મને બલાત્કારે પણ સ્ત્રીનો સંગ કરાવશે. ॥ ૧૩ ॥

व्याजेनाजनि यद्येवं । मां विवाहयिता पिता ॥

तन्मे गृहमपि त्यक्त्वा । गंतव्यं कचिदन्यतः ॥ १४ ॥

અર્થ:—જ્યારે મારા પિતાએ બહાનું કહાડીને આવી રીતે મને પરણાવ્યો છે, ત્યારે મારે પણ હવે ઘર છોડીને કયાંક અન્ય સ્થલે જવું.

ध्यात्वेति काननक्रीडा—व्याकुले सुहृदां कुले ॥

समुद्रोऽनश्यदन्याऽन्य—वृक्षवीक्षणदंभतः ॥ १५ ॥

અર્થ:—એમ વિચારીને મિત્રોનો સમુહ જ્યારે વનક્રીડા કરવામાં રોકાયો હતો, ત્યારે તે સમુદ્રદત્ત બીજાં બીજાં વૃક્ષો જોવાના મિષથી ત્યાંથી નાશી ગયો. ॥ ૧૫ ॥

आयांतः पृष्टतोऽप्येतत्—सुहृदः स्नेहसुंदराः ॥
अनीक्ष्य तमजायंत । वीक्षापन्नाः क्षणादपि ॥ १६ ॥

અર્થ:—પછી તેના સ્નેહી મિત્રો જો કે તેની પાછળ આવ્યા, પરંતુ તેને ન જોવાથી ક્ષણવારમાં તેઓ વીલખા પડી ગયા. ॥ ૧૬ ॥

वयस्यैर्वीक्षितोऽप्येष । नाधिजग्मे यदा तदा ॥
पुरो धनस्य पूच्चक्रे । राज्ञो हृतधनैरिव ॥ १७ ॥

અર્થ:—પછી તેઓએ શોધ કર્યા છતાં પણ જ્યારે તે ન મલ્યો ત્યારે ચોરાયેલા ધનવાળા જેમ રાજાપાસે તેમ તેઓએ ધનશેઠપાસે પોકાર કર્યો.

सपौरुषैः स पुरुषै—र्धनोऽपि तमशोधयत् ॥
क्वापि नापत्पुनः पाथो—नाथांतश्च्युतरत्नवत् ॥ १८ ॥

અર્થ:—ત્યારે હિંમતવાન પુરૂષો મારફતે ધનશ્રેષ્ઠિએ તેની શોધ કરાવી, પરંતુ સમુદ્રની અંદર પડેલાં રત્નનીપેઠે તે ક્યાંય પણ હાથ લાગ્યો નહિ. ॥ ૧૮ ॥

सापि बाला शुचोत्ताला । विलपंती वियोगतः ॥
वर्ष्म ग्रीष्मस्य वासाय । वर्षाणां चाक्षिणी ददौ ॥ १९ ॥

અર્થ:—શોકથી વ્યાકુલ થયેલી તે ધનશ્રીએ પણ ભર્તારના વિયોગથી વિલાપ કરતાંથકાં ગ્રીષ્મઋતુને વસવામાટે પોતાનું શરીર તથા વર્ષાઋતુને વસવામાટે પોતાની આંખો આપી. ॥ ૧૯ ॥

हृदि संक्रांतदुःखौ तौ । पितरौ तमवोचतां ॥
धत्से वत्सेऽत्यवच्छेदं । किं खेदं चेति चिंतया ॥ २० ॥

અર્થ:—ત્યારે હૃદયમાં દુઃખી થયેલા તેણીના માતપિતા તેણીને કહેવા લાગ્યા કે હે વત્સ! તું આવી રીતની ચિંતાથી શામાટે અત્યંત ખેદ ધારણ કરે છે? ॥ ૨૦ ॥

निबद्धं प्राग्भवे कर्म । जंतुना यच्छुभाशुभं ॥
प्रभूयंति निरोद्धुं त—द्विपाकं नाकिनोऽपि न ॥ २१ ॥

અર્થ:—પૂર્વ ભવમાં પ્રાણીએ જે શુભ અથવા અશુભ કર્મ બાંધ્યું છે તેના વિપાકને રોકવાને દેવો પણ સમર્થ થતા નથી. ॥ ૨૧ ॥

प्राग्भवोपार्जितं कर्म । ददातीह भवे फलं ।।
गर्भितो जलदः शीत–काले वर्षासु वर्षति ।। २२ ।।

અર્થ:—પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલું કર્મ આ ભવમાં ફલ આપે છે, કેમકે શિયાલામાં ગર્ભિત થયેલો વરસાદ વર્ષાઋતુમાં વરસે છે.

भुंजंते स्वकृतं कर्म । विश्वे विश्वेऽपि जंतवः ।।
शोभामात्रफला ह्येते । पितृभ्रातृसुतादयः ।। २३ ।।

અર્થ:—આ દુનિયામાં સર્વ પ્રાણીઓ પોતાનું કરેલું કર્મ ભોગવે છે, અને આ પિતા, ભાઇ, તથા પુત્ર આદિકો તો શોભામાત્ર ફલવાળા છે. ॥ ૨૩ ॥

तत्त्वं पितृपदोपांते । स्थिता पुण्यानि संचय ।।
पुण्यैः कदापि क्षीयेत । कर्म भोगांतरायकं ।। २४ ।।

અર્થ:—માટે તું અહીં માતપિતાના ચરણોપાસે રહીને પુણ્યોનો સંચય કર? કેમકે કદાચ પુણ્યોથી તારૂં ભોગાંતરાય કર્મ ક્ષીણ પણ થશે.

सा पित्रोरनुशिष्टयेति । यष्ट्येवात्तावलंबना ।।
स्वं बाह्यशोकजंबालात् । कथंचिदुददीधरत् ।। २५ ।।

અર્થ:—હવે એવી રીતની પોતાના માતપિતાની શિખામણરૂપી લાકડીનું અવલંબન લેઇને કેટલેક પ્રયાસે તેણીએ બહારના શોકરૂપી કાદવમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો. ॥ ૨૫ ॥

ननाश सागरन्यासः । पाणितो नः प्रमादतः ।।
इतीव लज्जाभारेण । पादैर्मंदप्रपातिभिः ।। २६ ।।
व्यावृत्त्याथ वयस्यास्ते । प्रापुरुज्जयिनीं पुरीं ।।
हत्याकारा इव म्लानाः । शप्ता इव निरौजसः ।। २७ ।। युग्मं ।।

અર્થ:—અરે ! આપણી ગફલતીથી સાગરશેઠની થાપણ આપણા હાથમાંથી ગુમ થઇ, એમ વિચારીને જાણે લજ્જાના ભારથી હોય નહિં તેમ મંદ પડતાં પગલાંઓથી ॥ ૨૬ ॥

અર્થ:—તે મિત્રો ત્યાંથી પાછા વળીને હત્યા કરનારાઓનીપેઠે મ્લાન થયેલા તથા શ્રાપ પામેલાનીપેઠે નિસ્તેજ થયાથકા ઉજ્જયિની નગરીમાં આવ્યા. ॥ ૨૭ ॥

सदारं दारकं नूनं । द्रक्ष्यावोऽथाचिरादपि ।।
ध्यात्रोः पित्रोः समुद्रस्य । तस्थुस्ते साश्रवः पुरः ।।२८ ।।

અર્થઃ—આપણે હવે તુરતજ આપણા પુત્રને વહુસહિત જોઇશું એમ સમુદ્રદત્તના માતપિતા વિચારતે છતે તે મિત્રો આંસુસહિત તેની-પાસે આવી ઉભા. ॥ ૨૮ ॥

समुद्रोऽस्ति शुभंयुः कि—मित्यौत्सुक्येन पृच्छतोः ॥
तयोस्तनुरुहः शुद्धिं । ते जगुः स्खलदक्षरं ॥ २९ ॥

અર્થઃ—શું સમુદ્રદત્ત ખુશીમાં તો છેની? એમ તેઓએ આતુરતાથી પૂછયાથી તે મિત્રોએ લથડતા અક્ષરોથી તેના પુત્રના સમાચાર કહ્યા. ॥ ૨૯ ॥

हा नौ स्पृहयतोर्लाभं । मूलक्षतिरभूदिति ॥
लपंतौ तौ शुचाशैला—क्रांताविव बभूवतुः ॥ ३० ॥

અર્થઃ—અરેરે! અમોને તો લાભની ઇચ્છા કરતાં ઉલટી મૂલની પણ હાનિ થઈ, એમ બોલતાથકા તેઓ શોકરૂપી પર્વતથી દબાયેલાનીપેઠે થઇ ગયા. ॥ ૩૦ ॥

अथ पंजरनिर्मुक्तः । पक्षीव सकलामिलां ॥
समुद्रो भ्राम्यदन्यान्य—नेपथ्यग्रहणाग्रहः ॥ ३१ ॥

અર્થઃ—હવે પાંજરામાંથી છુટા થયેલા પક્ષીનીપેઠે સમુદ્રદત્ત જુદા જુદા વેષો લેઇને સમસ્ત પૃથ્વીપર ભમવા લાગ્યો. ॥ ૩૧ ॥

वर्षाणि द्वादशातीत्य । स कार्पटिकवेषभृत् ॥
जिज्ञासुः स्वप्रियावृत्तं । पुनस्तत्पुरमाययौ ॥ ३२ ॥

અર્થઃ—એવી રીતે બાર વર્ષો વીત્યાબાદ તે સમુદ્રદત્ત કાપડીનો વેષ લેઇને પોતાની સ્ત્રીની હકીકત જાણવામાટે ફરીને તે નગરમાં આવ્યો.

धनस्य सोऽमिलत्तेन । किं त्वं वेत्सीत्यभाष्यत ॥
सर्वं वेद्मीत्यनेनोक्ते । प्रत्युवाच धनः पुनः ॥ ३३ ॥

અર્થઃ—પછી ત્યાં તે ધનશ્રેષ્ઠીને મલ્યો, તેણે તેને પૂછયું કે તું શું જાણે છે? ત્યારે સમુદ્રદત્ત બોલ્યો કે હું સઘલું જાણું છું, ત્યારે વળી તે ધનશ્રેષ્ઠી બોલ્યો કે, ॥ ૩૩ ॥

उदारांग मदाराम—द्रुमांस्तर्हि विवर्द्धय ॥
एकैकं रूपकं दास्ये । कर्मभर्मणि तेऽन्वहं ॥ ३४ ॥

અર્થઃ—હે મનોહર શરીરવાળા! ત્યારે તું મારા બગીચાના વૃક્ષોનું પોષણ કર? અને તે કાર્યમાટે તને હમેશાં એકેક રૂપીઓ હું આપીશ.

प्रसत्तिस्तव यद्यस्ति । रूपकैस्तदलं मम ॥
इति तस्य प्रियालापैः । समाधत्ताधिकं धनः ॥ ३५ ॥

અર્થ:—જો આપની કૃપા છે તો મારે રૂપીયાની કંઇ જરૂર નથી, એવી રીતનાં તેનાં પ્રિય વચનોથી તે ધનશેઠ અધિક ખુશી થયો.

समानयोनी वनवृक्षवासिनौ ।
सितच्छवी व्योमगती उभावपि ॥
तथापि दुर्वागिति निंदितो जनै—
र्द्विकः पिकस्तु प्रियवागिति स्तुतः ॥ ३६ ॥

અર્થ:—સમાન જાતિવાળા, વનવૃક્ષોપર રહેનારા, કાળા રંગના, તથા આકાશમાં ગમન કરનારા એવા કાગ અને કોયલ બન્ને સરખા છે, તો પણ કાગડાને દુર્વચનવાળો જાણીને લોકોએ નિંદેલો છે, તથા કોયલને પ્રિયવચનવાળી જાણીને તેની પ્રશંસા કરેલી છે. ॥ ૩૬ ॥

वृक्षायुर्वेदवित्सोऽथ । तथाराममलालयत् ॥
गां गोपस्तनयं वप्ता । दलं तांबूलिको यथा ॥ ३७ ॥

અર્થ:—હવે ગોવાળ જેમ ગાયની, પિતા જેમ પુત્રની, તથા તંબોલી જેમ પાનની તેમ વૃક્ષોસંબંધી આયુર્વેદને જાણનારા તે સમુદ્રદત્તે તે બગીચાની માવજત કરવા માંડી. ॥ ૩૭ ॥

सुराज्ञीव प्रजास्तस्मिन् । पालके विपिनद्रुमाः ॥
बभूवुः सततं भूरि-फलपुष्पादिसंपदः ॥ ३८ ॥

અર્થ:—ઉત્તમ રાજા જેમ પ્રજાનું તેમ તે સમુદ્રદત્ત તેનું પોષણ કરતે છતે તે બગીચાનાં વૃક્ષો જત્થાબંધ ફલપુષ્પાદિક આપનારાં થયાં.

मधुकर्यो वनस्यास्य । दृष्ट्वा नवमिवोद्भवं ॥
जगुर्मंगलकारिण्य । इव झंकारदंभतः ॥ ३९ ॥

અર્થ:—તે વનની એવી રીતની નવી સંપત્તિ જોઇને ઝંકારના મિષથી ભમરીઓ મંગલપાઠકનીપેઠે ગાયન કરવા લાગી. ॥ ૩૯ ॥

दृष्ट्वा पुष्पफलश्रीणां । वनं सत्रमिव ध्रुवं ॥
द्विजा न मुमुचुः पार्श्वं । लोकाः कोलाहलाकुलाः ॥ ४० ॥

અર્થ:—પુષ્પો અને ફલોની સંપત્તિની દાનશાળાસરખા તે બગીચાને જોઇને કોલાહલ કરતાથકા બ્રાહ્મણોએ (કાગડાઓએ) તેઓનું પડખું છોડયું નહિ. ॥ ૪૦ ॥

विकाशिकुसुमाकीर्णं । स्निग्धसांद्रहरिद्द्रुमं ॥
तेने तारकितव्योम—भ्रमं तद्वनमह्न्यपि ॥ ४१ ॥

અર્થ:—વિકસ્વર પુષ્પોથી ભરેલો તથા ઘાટાં લીલાં વૃક્ષોવાળો તે બગીચો દિવસે પણ તારાઓવાળા આકાશનો ભ્રમ ઉપજાવતો હતો.

सद्रसास्वादनफला । सच्छायाशुकविप्रिया ॥
दृष्टा धनं धिनोतिस्म । वाटिका नाटिकेव सा ॥ ४३ ॥

અર્થ:—મનોહર રસના સ્વાદરૂપી ફલવાળી ઉત્તમ છાયાવાળી તથા શુકપક્ષિઓને ( શીઘ્ર કવિઓને ) પ્રિય એવી તે વાડી નાટિકાનીપેઠે ધનશ્રેષ્ટિને ખુશ કરવા લાગી. ॥ ૪૩ ॥

जीयास्तां वृक्षजीवातू । कलाकर करौ तव ॥
एवं निःस्पृहवंदीव । तं स्तौतिस्म मुहुर्मुहुः ॥ ४४ ॥

અર્થ:— હે કલાકર! વૃક્ષોને પુષ્ટ કરનારા તારા બન્ને હાથો જય પામો? એવી રીતે લાલચવિનાના બંદીનીપેઠે ધનશ્રેષ્ટી તેની વારંવાર સ્તુતિ કરવા લાગ્યો. ॥ ૪૪ ॥

अयमुच्चैः कलासद्म । कर्म नीचैर्न चार्हति ॥
ध्यात्वेति तं वनाद्दूरी—कृत्य स्वाट्टे न्यवेशयत् ॥ ४५ ॥

અર્થ:—આ ઉંચા પ્રકારની કલાવાળો માણસ નીચાં કાર્ય કરવાને લાયક નથી, એમ વિચારીને ધનશ્રેષ્ટિએ તેને બગીચામાંથી દૂર કરીને પોતાની દુકાને બેસાડયો. ॥ ૪૫ ॥

जग्राह ग्राहकादेष । मृदुवाग्दानतो धनं ॥
अकोपनो गोप इव । धेनुदुग्धं तृणार्पणात् ॥ ४६ ॥

અર્થ:—ગુસ્સો નહિ કરનારો ગોવાળ ગાયને ઘાસ આપીને જેમ દૂધ ગ્રહણ કરે તેમ તે ત્યાં મિષ્ટ વચનો આપીને ગ્રાહકોપાસેથી ધન લેવા લાગ્યો. ॥ ૪૬ ॥

कलावत्युदिते नित्यं । तस्मिन्नमृतवर्षिणि ॥
मुखमुद्राभवच्छेष—हट्टेषु कुमुदेष्विव ॥ ४७ ॥

અર્થ:—એવી રીતે અમૃત વર્ષનારો તે કલાવાન સમુદ્રદત્ત હમેશાં ઉદય પામવાથી કુમુદોનીપેઠે બાકીની દુકાનોપર મુખમુદ્રા થઇ એટલે ગ્રાહકોવિના તાલાં દેવાઇ ગયા. ॥ ૪૭ ॥

महर्घ्यमपि तस्माट्टाद् । ग्राहका वस्तु गृह्णते ॥
पुनर्मुधापि नान्येभ्यः । प्रजारागो हि दुर्लभः ॥ ४८ ॥

અર્થઃ—મોંઘી મળવા છતાં પણ ગ્રાહકો તેની દુકાનેથી વસ્તુ લેવા લાગ્યા, અને બીજી દુકાનેથી તો મફત પણ લેતા નહિ, કેમકે પ્રજા-રાગ દુર્લભ હોય છે. ॥ ૪૮ ॥

श्रुत्योर्नस्त्वं निजं नामो-त्तंसयेत्यर्थितो जनैः ॥

स स्वस्याकलयन्नाम । विनीत इति सान्वयं ॥ ४९ ॥

અર્થઃ—તારા નામથી અમારા કર્ણો શોભાવ? એમ લોકોએ પ્રાર્થના કર્યાથી તેણે પોતાનું વિનીત એવું સાર્થક નામ આપ્યું.

कलाकौशलतः ख्यातं । मा महीशो ग्रहीदमुं ॥

इति स्वसद्मनि धनः । कोशाध्यक्षं व्यधत्त तं ॥ ५० ॥

અર્થઃ—કલાકૌશલથી ખ્યાતિ પામેલા આ વિનીતને જો રાજા ન લેઈ લે તો ઠીક. એમ વિચારીને ધનશ્રેષ્ઠીએ તેને પોતાના ઘરમાં ભંડારી બનાવ્યો. ॥ ૫૦ ॥

विनीतो नीतिमानेष । यदादिशति किंचन ॥

तन्मान्यमितरैरेवं । सोऽन्वशात् स्वं परिच्छदं ॥ ५१ ॥

અર્થઃ—આ નીતિવાન વિનીત જે કંઇ હુકમ કરે તે બીજાએ માનવો, એમ તેણે પોતાના પરિવારને ફરમાવ્યું. ॥ ૫૧ ॥

सोऽपि दानेन मानेना-ऽप्रीणात्परिजनं तथा ॥

यथा सर्वोऽपि तद्दत्त-मेवादत्त दशावधि ॥ ५२ ॥

અર્થઃ—પછી તે વિનીત પણ દાન અને માનથી તે પરિવારને એવો તો ખુશ કરવા લાગ્યો કે જેથી તેઓ સઘળા છેક દોરાસુધી તેણેજ આપેલું લેવા લાગ્યા. ॥ ૫૨ ॥

धनश्रियो विशेषेण । तेनानुववृते मनः ॥

अपि चेटोचितं कर्म । स्वयं तस्या विनिर्ममे ॥ ५३ ॥

અર્થઃ—વળી તે વિનીત પણ ધનશ્રીના મનને વિશેષ પ્રકારે અનુસરવા લાગ્યો, તથા તેણીનું દાસોચિત કાર્ય પણ પોતે કરવા લાગ્યો.

तस्याः प्रभोरिवादेशं । न ललंघे मनागपि ॥

विदधेऽभिदधे तच्च । यत्तस्या एव रोचते ॥ ५४ ॥

અર્થઃ—વળી શેઠના હુકમનીપેઠે તેણીના હુકમનો તે જરા પણ અનાદર કરતો નહિ, તથા તેણીનેજ જે ગમે તેજ તે કરતો તથા કહેતો હતો. ॥ ૫૪ ॥

एवं स्वल्पदिनैः सोऽभूत् । तस्या विश्वासभाजनं ॥
हृदयायैव सा तस्मै । रहस्यमपि नाहृत ॥ ५५ ॥

અર્થ:—એવી રીતે થોડા દિવસોમાંજ તે તેણીનો વિશ્વાસપાત્ર થઇ પડયો, અને તેથી પોતાના હૃદયનીપેઠે તેણી તેનાથી ગુપ્ત વાત પણ છુપાવતી નહિ. ॥ ૫૫ ॥

वेश्मनः सप्तभौमस्यो—परि वातायनस्थिता ॥
सा किंचिच्चर्वितरसं । तांबूलं मुमुचेऽन्यदा ॥ ५६ ॥

અર્થ:—એક દિવસે ઘરની સાતમી ભોંએ જરૂખામાં બેઠેલી એવી તે ધનશ્રીએ થોડાંક ચાવેલા તાંબૂલનો રસ થુંકયો. ॥ ૫૬ ॥

तांबूलः काकतालीय—न्यायेनाधः पपात सः ॥
व्रजतः पथि दुर्वार—स्तलारक्षस्य मूर्द्धनि ॥ ५७ ॥

અર્થ:—હવે ન અટકાવી શકાય એવો તે તાંબૂલનો રસ કાકતાલીય ન્યાયથી નીચે માર્ગમાં ચાલતા કોટવાળના મસ્તકપર પડયો.

धौतधूपितवस्त्रोऽसौ । नव्यदिव्यांगरागभृत् ॥
पुष्पपूरितधम्मिलो । विवाहार्थमिवोद्यतः ॥ ५८ ॥

અર્થ:—તે વખતે તે જાણે પરણવામાટે જતો હોય નહિ તેમ ધોએલાં અને ધૂપેલાં વસ્ત્રોવાળો, નવાં અને દિવ્ય અંગવિલેપનવાળો તથા પુષ્પોથી ગુંથેલા કેશોવાળો હતો. ॥ ૫૮ ॥

किमियं विड्विहंगस्ये—त्यूर्ध्वं पश्यन्निरैक्षत ॥
पाथोदपथपाथोज—भ्रांतिदायि तदाननं ॥ ५९ ॥

અર્થ:—શું આ કોઇ પક્ષીની વિટ પડી? એમ વિચારી ઉંચું જોતાંથકાં તેણે આકાશકમલની ભ્રાંતિ આપનારૂં તેણીનું મુખ જોયું.

दध्यौ चास्या मुखौपम्य—मिंदुनापि कदापि न ॥
यतो याते ममोन्मेष—मक्षरं चक्षुरंबुजे ॥ ६० ॥

અર્થ:—ત્યારે તેણે વિચાર્યું કે આના મુખની ઉપમા કોઇપણ દિવસે ચંદ્રને પણ આપી શકાય તેમ નથી, કેમકે આને જોવાથી મારાં ચક્ષુરૂપી કમલ કઇં પણ અટકાવવિના ઉલટાં વિકસીત થયાં છે.

अहो नेत्रे श्रियः पात्रे । अहो पद्मसखं मुखं ॥
अहो स्तनौ पीनघनौ । अहो शोभायुजौ भुजौ ॥ ६१ ॥

અર્થ:—અહો ! આ સ્ત્રીનાં ચક્ષુઓ લક્ષ્મીના પાત્રરૂપ છે, મુખ કમલસરખું છે, સ્તનો પુષ્ટ અને કઠણ છે, તથા હાથો શોભાવાળા છે.

तांबूलो मूर्ध्नि मे लग्नो । रंगश्च ववृधे हृदि ॥
तदिदं भोजिते चैत्रे । मैत्रस्योदरपूरणं ॥ ६२ ॥

અર્થ:—તાંબૂલનો રસ તો મારા મસ્તકપર લાગ્યો, પરંતુ રંગ તો મારા હૃદયમાં વૃદ્ધિ પામ્યો, માટે આ તો ચૈત્રે ભોજન કર્યાથી મૈત્રનું ઉદર ભરવાજેવું થયું ! ॥ ૬૨ ॥

तस्य तां पश्यतो मोहं । कृत्वाथ स्मरदांभिकः ॥
वसत्यपि पुरे यत्नं । धृतिरत्नमचूचुरत् ॥ ६३ ॥

અર્થ:—હવે મોહથી તેણીને જોતાંથકાં કામદેવરૂપી કપટી ચોરે નગરની ભરચક વસ્તીવચ્ચે પણ તેનું ધૈર્યરૂપી રત્ન ચોરી લીધું.

भविता संगमोऽस्या मे । श्यामेतररुचः कथं ॥
विमृशन्निति सोऽपश्य—द्विनीतं तं तदंतिके ॥ ६४ ॥

અર્થ:—હવે મને આ શ્વેત કાંતિવાળી સ્ત્રીનો સંગ શીરીતે થશે ? એમ વિચારતાંથકાં તેણે તેણીનીપાસે ઉભેલા વિનીતને જોયો. ॥ ૬૪ ॥

ध्रुवं धनगृहे मान्यो । विनीतो विनयावनिः ॥
तदुपायोऽनपायोऽय—मेव लब्धुं धनश्रियं ॥ ६५ ॥

અર્થ:—ખરેખર આ વિનયી વિનીત ધનશેઠના ઘરમાં માનીતો માણસ છે, માટે ધનશ્રીને મેલવવામાટે તેજ નિર્વિઘ્ન ઉપાયરૂપ છે.

इति जातमतिस्तं स । समानीय स्ववेश्मनि ॥
कुलदैवतवद्वस्त्र—भूषणाद्यैरपूपुजत् ॥ ६६ ॥

અર્થ:—એવી રીતની બુદ્ધિ થવાથી તે કોટવાળે તે વિનીતને પોતાને ઘેર બોલાવીને કુલદેવીનીપેઠે તેની વસ્ત્ર તથા આભૂષણઆદિકોથી પૂજા કરી. ॥ ૬૬ ॥

लोकेऽत्र दानमेकं हि । वश्यकर्मणि कार्मणं ॥
मातंगमपि सेवंते । दानसक्तं सदालयः ॥ ६७ ॥

અર્થ:—આ જગતમાં ખરેખર એક દાનજ વશ કરવામાં કામણસમાન છે, કેમકે દાન ( મદ ) આપનાર માતંગને ( હાથીને ) પણ વિદ્વાનોની શ્રેણિ ( ભમરા ) હમેશાં સેવે છે. ॥ ૬૭ ॥

नत्वा क्रमद्वयं तस्य । स बद्धांजलिरब्रवीत् ॥
वयस्य चेत्प्रसन्नोऽसि । तन्मेलय धनश्रियं ॥ ६८ ॥

અર્થ:—પછી તેના બન્ને ચરણોને નમીને તે હાથ જોડીને બોલ્યો કે હે મિત્ર ! જો તું મારાપર પ્રસન્ન થયો હોય તો ધનશ્રીનો મેલાપ કરાવ ? ॥ ૬૮ ॥

ओमित्युक्त्वा रक्षोऽवादीत् । तत्सर्वं स धनश्रियः ॥
साभ्यधाद्भृकुटीभीष्म—भाला ज्वालाकिरं गिरं ॥ ६९ ॥

અર્થ:—ઠીક છે એમ કહીને તે સઘલો વૃત્તાંત તેણે ગુપ્ત રીતે ધનશ્રીને કહ્યો, ત્યારે ભૃકુટીથી ભયંકર લલાટવાળી તે ધનશ્રીએ તેને અગ્નિની જવાલાસરખું વચન કહ્યું કે, ॥ ૬૯ ॥

कोऽप्यन्यो वक्ति यद्येवं । तं कृतांतालये नये ॥
मान्यत्वात्त्वं तु मुक्तोऽसि । तन्मा पुनरिदं ब्रवीः ॥ ७० ॥

અર્થ:—જો કોઇ બીજો મને આવી રીતે કહે તો તેને તો યમને ઘેર મોકલી આપું, પરંતુ તું મારે માનનીક હોવાથી હું તને છોડી દેઉં છું, માટે ફરીને આવું ન બોલજે. ॥ ૭૦ ॥

निषिद्धोऽपि तयात्रार्थे । पृच्छत्यारक्षके पुनः ॥
असिद्धमपि सिद्धं तत् । कार्यं तस्मै जगाद सः ॥ ७१ ॥

અર્થ:—એવી રીતે તેણીએ તે કાર્યમાટે નિષેધ કર્યા છતાં પણ પાછું જ્યારે કોટવાળે તેને પૂછયું ત્યારે કાર્ય પાર પડયા વિના પણ તેણે તેને કહ્યું કે તારૂં કાર્ય મેં પાર પાડી આપ્યું છે. ॥ ૭૧ ॥

सोऽथावसथमागत्य । विमना मलिनाननः ॥
भग्नपोत इव स्तेन—गृहीत इव तस्थिवान् ॥ ७२ ॥

અર્થ:—પછી તે વિનીત ઘેર આવીને વિલખાં મુખવાળો બેચેન થઇને જાણે પોતાનું વહાણ ભાંગી ગયું હોય નહિ તથા જાણે ચોરોએ લુંટી લીધો હોય નહિ તેમ તે બેઠો. ॥ ૭૨ ॥

तदवस्थं तमालोक्य । बभाषे धननंदिनी ॥
बिभेषि भोः किमारक्षा—त्त्वं भेको भुजगादिव ॥ ७३ ॥

અર્થ:—હવે એવી અવસ્થાવાળા તેને જોઇને ધનશ્રી બોલી કે અરે ! સર્પથી જેમ દેડકું તેમ શું તું કોટવાલથી ડરે છે ? ॥ ૭૩ ॥

एवमेवेति तेनोक्ते । सुधाक्तं सामुचद्वचः ॥
मिलितव्यं त्वया नातः—परं तस्य गुणाकर ॥ ७४ ॥

અર્થ:—એમજ છે, એમ તેણે કહ્યાથી તે અમૃતસરખું વચન બોલી કે, હે ગુણાકર ! આજ પછી તારે તેને મલવું નહિ. ॥ ૭૪ ॥

ततोऽतीत्य दिनान् स त्रि—चतुरांश्चतुराशयः ॥
पुनर्विषादविच्छाय—मुखोऽवादि धनश्रिया ॥ ७५ ॥

અર્થ:--પછી ત્રણ ચાર દિવસો ગયાબાદ તે ચતુર આશયવાલો વિનીત ફરીને જ્યારે પાછો શોકથી વિલખા મુખવાળો થઇને બેઠો ત્યારે ધનશ્રીએ તેને કહ્યું કે, ॥ ૭૫ ॥

जानामि कामिना तेन । मत्कृते दूयसेतरां ॥
ततोऽशोकवनीमेतु । सोऽद्य सोद्यममानसः ॥ ७६ ॥

અર્થ:—હું ધારૂં છું કે તે કામી કોટવાળ મારે માટે તને કષ્ટ આપે છે, માટે આજે તે કોટવાળ ભલે તૈયાર થઇને અશોકવાટિકામાં આવે.

त्वं च पल्यंकमास्तृत्य । ततो मैरेयमानयेः ॥
श्रुत्वेति दध्यिवानेष । धिग्योषिज्जनचापलं ॥ ७७ ॥

અર્થ:--અને તારે ત્યાં પલંગ બિછાવીને દારૂ લાવવો, તે સાંભલીને તેણે વિચાર્યું કે ધિક્કર છે સ્ત્રીની ચપલતાને. ॥ ૭૭ ॥

न स्यान्नारीषु सौशील्यं । स्याद्वा तन्न चिरस्थितिः ॥
आमेष्टिककृतौकोव—न्मुंडमौलिस्थपुष्पवत् ॥ ७८ ॥

અર્થ:—સ્ત્રીઓમાં સુશીલપણું હોતું નથી, અને કદાચ હોય તો પણ તે કાચી ઇંટોથી બનાવેલા ઘરનીપેઠે તથા મુંડાં મસ્તકપર રહેલાં પુષ્પનીપેઠે ઘણો કાળ ટકતું નથી. ॥ ૭૮ ॥

अपश्यं चतुरो वर्णा—नभ्रमं भूयसीं भुवं ॥
पुनः सर्वत्र नारीषु । हलिष्विव कुशीलता ॥ ७९ ॥

અર્થ:--મેં ચારે વર્ણો જોયાં, તથા ઘણી ભૂમીપર હું ભમ્યો, પરંતુ સર્વ જગોએ ખેડુતોનીપેઠે સ્ત્રીઓમાં તો કુશીલપણું જ (કોશજ) જોયું. ॥ ૭૯ ॥

वाग्मार्दवं सुरूपत्वं । लीलासुभगता यथा ॥
तथा स्थैर्यमपि स्त्रीषु । धातस्तात न किं कृतं ॥ ८० ॥

અર્થ:--હે વિધાતારૂપ પિતાજી! સ્ત્રીઓમાં જેમ તેં વચનોની કોમળતા, સુરૂપપણું. લીલા તથા સૌભાગ્યપણું બનાવ્યું છે, તેમ તેઓમાં તેં સ્થિરપણું શામાટે ન બનાવ્યુ ? ॥ ૮૦ ॥

ध्यात्वेत्युपवने धाम्न । शय्यां सज्जीचकार सः ॥
नवमासवमानीय—जुहावारक्षकं ततः ॥ ८१ ॥

અર્થઃ--એમ વિચારીને તેણે ઘરના બગીચામાં શય્યા તૈયાર કરી, તથા પછી તેણે નવો દારૂ લાવીને કોટવાલને ત્યાં બોલાવ્યો. ॥ ૮૧ ॥

अथारक्षः कृतस्नानः । सर्वालंकारभासुरः ॥
श्वशुरौक इवाशोक—वनिकामार मारभूः ॥ ८२ ॥

અર્થઃ--હવે તે કોટવાલ પણ સ્નાન કરી સર્વ આભૂષણોથી શોભિતો તથા કામાતુર થઇને જેમ સસરાને ઘેર તેમ અશોકવાટિકામાં ગયો.

तदावदातशृंगारा । तत्रायाता धनांगजा ॥
इंदुलेखेव तच्चेतो—वार्द्धिमुच्छृंखलं व्यधात् ॥ ८३ ॥

અર્થઃ--તે વખતે મનોહર શ્રૃંગારવાલી ધનશ્રી પણ ત્યાં આવી, તથા ચંદ્રની કળાનીપેઠે તેણીએ તેના ચિત્તરૂપી સમુદ્રને ઉછળેલો કર્યો.

प्रत्यक्षवनदेवीव । सा पल्यंके निषेदुषी ॥
मद्यं मृदूक्तिरभ्यर्थ्य । पाययामास सा द्रुतं ॥ ८४ ॥

અર્થઃ--પછી પ્રત્યક્ષ વનદેવીનીપેઠે તેણીએ પલંગપર બેશીને મિષ્ટ વચનોથી પ્રાર્થના પૂર્વક જલદી તેને મદિરાપાન કરાવ્યું. ॥ ૮૪ ॥

प्रथमं मदनेनासौ । पश्चान्मदनयानया ॥
गतजीव इवारक्ष—श्चैतन्यभ्रंशमाप सः ॥ ८५ ॥

અર્થઃ--હવે પ્રથમ કામદેવથી તથા પછી આ મદિરાથી જાણે નિર્જીવ થયો હોય નહિ તેમ તે કોટવાલ ચૈતન્યરહિત થયો. ॥ ૮૫ ॥

अथ तस्यैव खड्गेन । शिरस्तस्य लुलाव सा ॥
साहसिक्यो ध्रुवं प्राण—दानग्रहणयोः स्त्रियः ॥ ८६ ॥

અર્થઃ—પછી તેણીએ તેનીજ તલવારથી તેનું મસ્તક છેદીનાખ્યું, કેમકે સ્ત્રીઓ ખરેખર પ્રાણો દેવામાં તથા લેવામાં સાહસીક હોય છે.

स्व एवासिर्विनाशाय । तस्याजायत सांप्रतं ॥
घाटी स्वघोटकैरेव । यतः पतति दुर्धियं ॥ ८७ ॥

અર્થઃ—એવી રીતે તે સમયે તેની પોતાનીજ તલવાર તેનો નાશ કરનારી થઇ, કેમકે દુર્બુદ્ધિમાણસપર તેના પોતાનાજ ઘોડાઓથી ધાડ પડે છે. ॥ ૮૭ ॥

सा तमेव तलारक्ष—कंठकर्त्तननिःकृपं ॥
चंडिकेवासिमुद्गीर्य । विनीतं प्रत्यधावत ॥ ८८ ॥

અર્થ:—પછી તે કોટવાલનો કંઠ કાપવામાં નિર્દય એવી તેજ તલવાર ઉગામીને ચંડીનીપેઠે વિનીતપ્રતે તેણી દોડી. ॥ ૮૮ ॥

सोऽपि प्रस्तावविचस्या । मपेदे शरणं पदौ ॥

कृपाणं सह कोपेन । संवृत्याथ जगाद सा ॥ ८९ ॥

અર્થ:—ત્યારે સમય જાણનારો તે વિનીત પણ તેણીનાજ ચરણોને શરણે ગયો, ત્યારે ધનશ્રી પણ કોપની સાથે તલવારને પણ મ્યાનમાં નાખીને બોલી કે, ॥ ૮૯ ॥

मुमुर्षुरसि रे मूर्ख । यन्मामीदृशकर्मणि ॥

अप्रेरयः पयःपूर । इव तृण्यामधोऽध्वनि ॥ ९० ॥

અર્થ:—અરે મૂર્ખ! શું તને મરવાની ઇચ્છા થઇ છે? કે જલનું પૂર હોડીને જેમ નીચે માર્ગે લેઇ જાય છે, તેમ તેં મને આવાં કાર્યમાટે પ્રેરણા કરી! ॥ ૯૦ ॥

श्रितो मनोविनोदाय । मया त्वं पाप्मनेऽभवः ॥

भवनज्वालनायेव । दीपो दीप्तिकृते कृतः ॥ ९१ ॥

અર્થ:—મેં ફક્ત મનના વિનોદમાટે તારો આશ્રય કર્યો હતો, અને તું તો પાપી નીવડયો, અને આ તો અજવાળાંમાટે કરેલો દીવો જેમ ઉલટો ઘરને બાળે તેનાજેવું થયું. ॥ ૯૧ ॥

शीलं स्त्रिया ययात्याजि । निर्व्याजं वर्ष्मभूषणं ॥

सा मृत्प्रस्तरयोर्हेम—मण्योर्भारं बिभर्त्ति किं ॥ ९२ ॥

અર્થ:—જે સ્ત્રીએ પોતાના અનુપમ આભૂષણસમાન શીલ તજેલું છે, તે માટી અને પત્થરરૂપ સુવર્ણ તથા મણિઓનો ભાર શામાટે ધારણ કરે છે? ॥ ૯૨ ॥

आस्तामयं सुरेंद्रोऽपि । मम शीलमहामणिं ॥

हर्त्तुं हृदयमंजूषा—मध्यस्थं न प्रभूयते ॥ ९३ ॥

અર્થ:—અરે આ કોટવાલ તો એક બાજુ રહ્યો, પરંતુ દેવેંદ્ર પણ મારાં હૃદયરૂપી પેટીમાં રહેલા શીલરૂપી મહામણિને હરવાને સમર્થ નથી. ॥ ૯૩ ॥

एवं तन्निश्चयं साक्षा—द्वीक्ष्यालं स चमत्कृतः ॥

तदादेशात्तलारक्षं । न्यधान्निधिमिव क्षितौ ॥ ९४ ॥

અર્થ:—એવી રીતે સાક્ષાત તેણીનો નિશ્ચય જોઇને તે અત્યંત આશ્ચર્ય પામ્યો, તથા તેણીના હુકમથી તેણે નિધાનનીપેઠે કોટવાલને જમીનમાં દાટી દીધો. ॥ ૯૪ ॥

अन्यदा तेन को भर्त्ता । तवेत्युक्ताभ्यधत्त सा ॥

अवंतीस्थो ममोद्वोढा । समुद्रः सागरांगभूः ॥ ९५ ॥

અર્થ:—પછી એક દિવસ તે વિનીતે તેણીને પૂછ્યું કે તારો ભર્તાર કોણ છે? ત્યારે તે બોલી કે અવંતી નગરીનો રહેવાસી સાગરદત્ત શેઠનો સમુદ્રદત્ત નામે પુત્ર મને પરણ્યો છે. ॥ ૯૫ ॥

आपाणिपीडनदिना—त्परमेष क्वचिद्ययौ ॥

अनाहार्यैरभाग्यैर्मे । चातकस्येव वारिदः ॥ ९६ ॥

અર્થ:—પરંતુ વિવાહના દિવસથી માંડીને મારાં અતિશય અભાગ્યોને લીધે ચાતકપ્રતે જેમ મેઘ તેમ તે ક્યાંક ચાલ્યો ગયો છે.

दिवसान् दैववैवश्यात् । पूरयामि ततः परं ॥

अरण्ये मालतीवाह—मुपभोगपराङ्मुखी ॥ ९७ ॥

અર્થ:—અને ત્યારથી વનમાં ઉગેલી માલતીનીપેઠે ઉપભોગરહિત થઇથકી કર્મના વિપરીતપણાથી હું મારા દિવસો પૂરા કરૂં છું.

ततो दृगंबुभिः कृप्त—कुल्या शल्यायितप्रिया ॥

तेन सावादि कारुण्य—कोमलीभूतचेतसा ॥ ९८ ॥

અર્થ—એમ કહીને તે શલ્યરૂપ ભર્તારવાળી ધનશ્રી અશ્રુઓની નીક ચલાવવા લાગી, ત્યારે દયાથી કોમલ થયેલા ચિત્તવાળા વિનીતે તેણીને કહ્યું કે, ॥ ૯૮ ॥

यद्यादिशसि तद्भद्रे । भ्रांत्वा देशांतरादपि ॥

आनयामि त्वदोढारं । तव वायुरिवांबुदं ॥ ९९ ॥

અર્થ:—હે ભદ્ર! જો તું કહે તો વાયુ જેમ વરસાદને તેમ દેશાંતરમાં ભમીને પણ હું તારા ભર્તારને શોધી લાવું. ॥ ૯૯ ॥

सा प्रत्युवाच यद्येवं । करोषि करुणापर ॥

तत्कस्त्वत्तोऽपरः प्राण—प्रदानप्रवणो मम ॥ २३०० ॥

અર્થ:—ત્યારે તેણીએ પ્રત્યુત્તર આપ્યો કે હે દયાલુ વિનીત! જો તું એમ કરીશ તો પછી તારાશિવાય બીજો મને પ્રાણો દેવામાં પ્રવીણ કોણ થઇ શકે? ॥ ૨૩૦૦ ॥

विसृष्टोऽथ तया मंक्षु । गत्वावंतीं ननाम सः ॥

कथास्मृतिपथानीत—तनुजौ पितरौ निजौ ॥ १ ॥

અર્થ:—પછી તેણીએ રજા આપવાથી તે જલદી અવંતીમાં જઇને (પોતાના આગમનના) સમાચારથી યાદ કરાવેલ છે પુત્ર જેઓને એવા પોતાના માતપિતાને નમ્યો. ॥ ૧ ॥

तं वीक्ष्य सहसा पित्रो—र्यो व्यवर्धत संमदः ॥

तत्प्रथिम्णः पुरः पाथो—नाथोऽप्यचुलुकायत ॥ २ ॥

અર્થ:—તેને અચાનક આવેલો જોઇને તેના માતપિતાનો જે હર્ષ વૃદ્ધિ પામ્યો, તેના વિસ્તાર આગળ સમુદ્ર પણ એક અંજલિસરખો થઇ ગયો. ॥ ૨ ॥

तस्यागमं गिरिपुरे । पितृभ्यां बोधितो धनः ॥

पक्षती अपि कृत्वा तं ॥ द्रष्टुमायुत्सुकं दधौ ॥ ३ ॥

અર્થ:—પછી તેના માબાપે તેનું આવવું ગિરિપુરમાં રહેલા ધનશ્રેષ્ઠીને જણાવ્યું, ત્યારે તે ધનશ્રેષ્ઠી પાંખો કરીને પણ ( ત્યાં જઇ ) તેને મળવાને ઉત્સુક થયો. ॥ ૩ ॥

अथाह्वयन्नरैराप्तैः । स जामातुरनातुरः ॥

पुरस्कृतसखः सोऽपि । तत्र पित्रेरितो ययौ ॥ ४ ॥

અર્થ:—પછી તેણે હર્ષિત થઇને પોતાના મુનિમોને મોકલી જમાઇને બોલાવ્યો, ત્યારે પિતાએ પ્રેરણા કર્યાથી સમુદ્રદત્ત પણ પોતાના મિત્રોને અગાડી કરીને ત્યાં ગયો. ॥ ૪ ॥

मयूरीमिव वर्षर्त्तौ । कोकीमिव दिनोदये ॥

नृत्यंतीमुररीचक्रे । गौरवात्स धनश्रियं ॥ ५ ॥

અર્થ:—વર્ષાઋતુમાં જેમ મયુરી તથા દિનોદયસમયે જેમ કોકી તેમ અત્યંત ખુશી થયેલી ધનશ્રીને તેણે આદરપૂર્વક સ્વીકારી.

यदभूद्भोगदुर्भिक्षं । तस्या द्वादशवार्षिकं ॥

धाराधर इवाशेषं । तल्लुलोप स लोलुपः ॥ ६ ॥

અર્થ:—હવે તેણીને જે બાર વર્ષોસુધી ભોગોનો દુકાળ પડયો હતો, તે સઘલા દુકાળને વરસાદનીપેઠે તલ્લીન થયેલા સમુદ્રદત્તે દૂર કર્યો.

हेतोः कुतोऽपि सान्येद्यु—र्दधाना दुर्मनायितं ॥

निदानं तेन दुःखस्य । पृष्टा स्पष्टमभाषत ॥ ७ ॥

અર્થ:—પછી એક દિવસે કંઇક કારણથી તેણીનું મન જ્યારે દુભાવા લાગ્યું ત્યારે સમુદ્રદત્તે દુઃખનું કારણ પૂછવાથી તેણીએ પ્રગટ રીતે કહ્યું કે, ॥ ૭ ॥

नाथ प्रागतिथीभूते । दुस्सहे विरहे तव ॥

ममामिलत्पुमानेको । विवेको मूर्तिमानिव ॥ ८ ॥

અર્થ:—હે સ્વામી ! જ્યારે આપનો દુસ્સહ વિરહ મને થયો હતો ત્યારે મને મૂર્તિવંત વિવેકસરખો એક પુરૂષ મલ્યો હતો. ॥ ૮ ॥

स शीलशालिकेदारो । विनीत इति विश्रुतः ॥
मनो विनोदयामास । चिरं त्वद्विरहातुरं ॥ ९ ॥

અર્થ:—શીલરૂપી ડાંગરના કયારા સરખા તે વિનીતનામના પુરૂષે આપના વિરહથી આતુર થયેલા મારા મનને ઘણા વખતસુધિ ખુશી કર્યું હતું. ॥ ૯ ॥

कियंतमपि कालं स । स्थित्वा सूक्तसुधानिधिः ॥
त्वदानयनदंभेन । क्वापि न ज्ञायते गतः ॥ १० ॥

અર્થ:—ઉત્તમ વચનરૂપી અમૃતના નિધાનસરખો તે માણસ કેટલોક કાળ રહીને આપને શોધી લાવવાના મિષથી કોણ જાણે કયાં ગયો છે, તે જણાતું નથી. ॥ ૧૦ ॥

तवावाप्तिमुदा तस्य । विरहव्यथयाप्यहं ॥
शश्वत्तेजस्तमिस्राभ्यां । संध्येवास्मि विडंबिता ॥ ११ ॥

અર્થ:—મારે આપના મેલાપના હર્ષથી અને તેના વિરહની પીડાથી એકી વખતે પ્રકાશ અને અંધકારથી વ્યાપ્ત થયેલી સંધ્યાની પેઠે હું વિડંબના પામી છું. ॥ ૧૧ ॥

विना तेन विनीतेन । कलाकुमुदिनींदुना ॥
वैधुर्यध्वांतविध्वस्ता—ऽालोका रात्रिरिवाभवं ॥ १२ ॥

અર્થ:—કલારૂપી કુમુદિનીને ચંદ્રસરખા એવા તે વિનીતવિના અધીરાઇરૂપી અંધકારથી નાશ પામેલા પ્રકાશવાલી રાત્રિસરખી હું થઇ ગઇ છું. ॥ ૧૨ ॥

हसित्वाथ समुद्रोऽव—कः शोकस्तत्कृते प्रिये ॥
यो निःशूक इवारक्षं । चिक्षेप क्ष्मातले तदा ॥ १३ ॥

અર્થ:—ત્યારે સમુદ્રદત્ત હસીને બોલ્યો કે હે પ્રિયે ! જેણે નિર્દયનીપેઠે તે વખતે કોટવાલને જમીનમાં દાટી દીધો તેનેમાટે તારે શામાટે શોક કરવો જોઇયે ? ॥ ૧૩ ॥

ततस्त्रपाभरेणेव । सा भृशं नमितानना ॥
स्ववृत्तशंसनात्तेन । समतोषि विशेषतः ॥ १४ ॥

અર્થઃ—ત્યારે જાણે લજ્જાના ભારથી હોય નહિ તેમ અત્યંત નમેલા મુખવાળી એવી તે ધનશ્રીને તેણે પોતાનું વૃત્તાંત કહીને વધારે ખુશી કરી. ॥ ૧૪ ॥

धनश्रियं समादाय । धनश्रियमिवांगिनीं ॥
समुद्रोऽपि ततस्तुष्ट—हृदियाय पितुर्गृहं ॥ १५ ॥

અર્થઃ—પછી દેહધારી મહાન લક્ષ્મીસરખી ધનશ્રીને લેઇને આનંદિત મનવાળો સમુદ્રદત્ત પણ પોતાના પિતાને ઘેર ગયો. ॥ ૧૫ ॥

तौ परप्रेमसर्वस्व—रससंपूर्णमानसौ ॥
मूर्त्यैव भिन्नौ चित्तैक्य—भाजौ जन्म व्यतीयतुः ॥ १६ ॥

અર્થઃ—પછી અત્યંત પ્રીતિરસથી ભરેલા મનવાળા ફક્ત આકારથીજ ભિન્ન તથા મનની ઐક્યતાવાળા એવા તેઓ બન્ને પોતાનો જન્મ વ્યતીત કરવા લાગ્યા. ॥ ૧૬ ॥

सतीरत्नं यथा साधोः । सा धनश्रीरुदाहृता ॥
तथा भवंति चेदन्या । अपि तत्को निषेधकः ॥ १७ ॥

અર્થઃ—એવી રીતે હે મુનિ ! જેમ સતીઓમાં રત્નસરખી ધનશ્રીનું ઉદાહરણ આપ્યું તેમ જો કોઇ બીજી સ્ત્રી પણ હોય તો તેનો કોણ નિષેધ કરી શકે ? ॥ ૧૭ ॥

सदसत्त्वं हि कस्यापि । वस्तुनो नास्ति वास्तवं ॥
सदसत्त्वाधिरोपस्तु । रागद्वेषकृतः पुनः ॥ १८ ॥

અર્થઃ—મુખ્યત્વે કરીને કોઇ પણ વસ્તુનું સત્ અસત્પણું નથી, સત્ અસત્પણાનો જે આરોપ મુકાય છે તે તો રાગદ્વેષથી થાય છે.

विरक्तो मन्यसे सर्वा । योषा दोषाकरा इति ॥
संसारसारभूतास्ता । मन्येऽहं रागवान् पुनः ॥ १९ ॥

અર્થઃ—વળી હે મુનિ ! આપ તો વિરક્ત હોવાથી સર્વ સ્ત્રીઓને દોષોની ખાણસમાન ગણો છો, પરંતુ હું તો રાગી હોવાથી તે સ્ત્રીઓને સંસારમાં સારભુત માનું છું. ॥ ૧૯ ॥

निग्रहीतुमहं दुःखं । क्षमोऽस्मीति प्रजल्पता ॥
यत्त्वयास्ति प्रतिज्ञातं । तत्स्मारय मुनीश्वर ॥ २० ॥

અર્થઃ—વળી હે મુનિશ્વર ! હું દુઃખ દૂર કરવાને સમર્થ છું, એમ કહીને આપે જે પ્રતિજ્ઞા કરેલી છે, તે આપ યાદ કરો ? ॥ ૨૦ ॥

क्षीणा नाद्यापि भोगेच्छा । मनोऽद्यापि धनीयति ॥

तत्त्वामभ्यर्थये प्रीति—निचितं रचितांजलिः ॥ २१ ॥

અર્થ:—હજુ મારી ભોગોની ઇચ્છા ક્ષીણ થઇ નથી, તેમ મારૂં મન હજુ ધન મેલવવાની ઇચ્છાવાલું છે, અને તેથી હું હાથ જોડીને પ્રીતિપૂર્વક આપની પ્રાર્થના કરૂં છું. ॥ ૨૧ ॥

तथा कुरु यथात्रैव । यथा स्यां भोगभागहं ॥

न मंत्रसाधकस्येव । मम दूरफले स्पृहा ॥ २२ ॥

અર્થ:—માટે આપ એમ કરો કે જેથી હું આ ભવમાંજ ભોગો-વાળો થઉં, અને મંત્ર સાધનારનીપેઠે મારી ઇચ્છા દૂર ફલવાળી ન થાઓ. ॥ ૨૨ ॥

तत्कालं न फलं दत्ते । यः स्वामीव निषेवितः ॥

कथं कालविलंबेन । धर्मः स च फलिष्यति ॥ २३ ॥

અર્થ:—જે ધર્મ સેવેલા શેઠનીપેઠે તુરત ફલ આપતો નથી, તે ધર્મ ઘણે કાળે શીરીતે ફલ આપશે ? ॥ ૨૩ ॥

एवं धम्मिलमालोक्य । सांदृष्टिकफलार्थिनं ॥

कृपारसलसच्चित्तो-ऽगलदत्तोऽब्रवीदिति ॥ २४ ॥

અર્થ:—એવી રીતે ધમ્મિલને તુરત ફલ મેલવવાનો અર્થી જોઇને કૃપારસથી ઉલ્લસાયમાન હૃદયવાળા અગલદત્તમુનિ બોલ્યા કે, ॥ ૨૪ ॥

सौम्य सद्भावसत्तायां । धर्मः फलति सत्वरं ॥

ईप्सितोदकमेदिन्यो-र्योगेनाम्रतरुर्यथा ॥ २५ ॥

અર્થ:—હે સૌમ્ય ! જેમ યોગ્ય જલ તથા પૃથ્વીના સંયોગથી આમ્રવૃક્ષ તુરત ફલે છે, તેમ ઉત્તમ ભાવ રાખવાથી ધર્મ પણ તુરત ફલે છે. ॥ ૨૫ ॥

चूतोऽपि तादृगंभोभू—सामग्रीं लभते न चेत् ॥

न फलेत् सविलंबं वा । फलेद्धर्मस्तथैव च ॥ २६ ॥

અર્થ:—વળી આમ્રવૃક્ષ પણ જો તેવાં જલ અને પૃથ્વીની સામગ્રી ન પામે તો તે ફલે નહિ અથવા ઘણેકાળે ફલે, માટે ધર્મના સંબંધમાં પણ તેમજ જાણવું. ॥ ૨૬ ॥

अथाचाम्लतपो वत्स । वत्सरार्धं विधास्यसि ॥

सत्वाच्चं साधुनेपथ्य-स्तदिष्टां लप्स्यसे श्रियं ॥ २७ ॥

અર્થઃ—માટે હે વત્સ ! સાધુનો વેષ લેઇને જો તું અરધાં વર્ષ-સુધી હિમ્મત રાખીને આંબેલનો તપ કરીશ તો મનોવાંછિત લક્ષ્મી પામીશ. ॥ ૨૭ ॥

वह्नितापः श्रिये हेम्नो । ग्रीष्मोष्मा घनवृष्टये ॥
क्षारो वस्त्रस्य शुध्ध्यर्थं । पाटवायौषधं कटु ॥ २८ ॥

અર્થઃ—અગ્નિનો તાપ સ્વર્ણની શોભા વધારે છે, ઉનાળાની ગરમી વરસાદને લાવે છે, ખારો કપડાંનો મેલ દૂર કરે છે, તથા કડવું ઔષધ રોગ મટાડે છે. ॥ ૨૮ ॥

टंको बिंबस्य पूजार्थं । पृथ्व्याः शस्याय दारणं ॥
कारणं दारुणमपि । तपःकष्टं तथा श्रियः ॥ २९ ॥

અર્થઃ—ટાંકણું મૂર્તિની પૂજા કરાવે છે, તથા જમીનને ખેડવાથી ધાન્ય નીપજે છે, તેમ આકરૂં તપકષ્ટ પણ લક્ષ્મી આપનારૂં થાય છે.

भोगार्थं धम्मिलः साधो–र्भेजेऽथ व्रतमित्वरं ॥
पृथुकार्थमिव क्षेत्रं । शाल्हेः श्रीभरकारणं ॥ ३० ॥

અર્થઃ—હવે લક્ષ્મીનો સમુહ કરનારા ડાંગરના ક્ષેત્રને જેમ પોંખ-માટે સેવવામાં આવે છે, તેમ ધમ્મિલે પણ અમુક વખતસુધિ ભોગો-માટે સાધુનું વ્રત અંગીકાર કર્યું. ॥ ૩૦ ॥

उपात्तसाधुनेपथ्यः । प्रस्थितः स ततो द्रुतं ॥
ययौ भ्रमन् भ्रमन् किंचि—दनीक्षितवरं पुरं ॥ ३१ ॥

અર્થઃ—પછી તે સાધુનો વેષ લેઇને ત્યાંથી તુરત ચાલવા લાગ્યો, તથા ભમતો ભમતો કોઇક અજાણ્યા નગરપાસે ગયો, ॥ ૩૧ ॥

तस्माद्बहिः क्वचिद्भूत—गृहेऽसौ निःपरिग्रहः ॥
अन्यो भूत इवोद्भूत—कुवेलत्वादवस्थितः ॥ ३२ ॥

અર્થઃ—તથા રાત્રી થવાથી તે નગરની બહાર કોઇક ભૂતના મંદિ-રમાં બીજા ભૂતનીપેઠે તે પરિગ્રહવિનાનો ધમ્મિલ રહ્યો. ॥ ૩૨ ॥

जलयुक्तेन भुक्तेन । मुष्टिमानेन सर्वदा ॥
स्वस्य सोऽकलयद् वृत्तिं । निरपेक्ष इवासुषु ॥ ३३ ॥

અર્થઃ—વળી જાણે પ્રાણોની અપેક્ષાવિનાનો હોય નહિ તેમ તે હમેશાં જલસહિત મુઠીભર અનાજથી પોતાનું ગુજરાન ચલાવતો હતો.

विना स्नानं समुद्भूत–प्रभूतस्वेदपिच्छला ॥
अनुचक्रे तनुस्तस्य । सेवालितशिलातलं ॥ ३४ ॥

અર્થ:—સ્નાનવિના અતિશય પસીનાથી ચીકાસવાલું તેનું શરીર સેવાલથી ભરેલી શીલાસરખું દેખાવા લાગ્યું. ॥ ૩૪ ॥

सर्वार्थसाधकतया । प्रत्याख्यातमिवेह सः ॥
मनागप्यमुचन्मौनं । न प्राज्येऽपि प्रयोजने ॥ ३५ ॥

અર્થ:—સર્વ પ્રયોજન સાધનારૂં જાણીને જાણે તેણે પ્રત્યાખ્યાન કર્યું હોય નહિ તેમ તેણે જરૂરી પ્રયોજનમાટે પણ જરા પણ મૌન છોડયું નહિ. ॥ ૩૫ ॥

यूकामत्कुणदंशादि—क्षुद्रजंतुसमुद्भवां ॥
सेहे देहेन निर्ग्रंथो । निर्वाणार्थीव स व्यथां ॥ ३६ ॥

અર્થ:—મોક્ષાર્થી સાધુનીપેઠે તે જુ, માંકડ તથા ડાંસ આદિક ક્ષુદ્ર જંતુઓથી શરીરમાં ઉત્પન્ન થયેલી વ્યથાને સહન કરવા લાગ્યો.

एवं द्रव्यव्रतस्थेन । षण्मासास्तेन निन्यिरे ॥
तदंते च दिवो दैवी । वाणी प्रादुरभूदिति ॥ ३७ ॥

અર્થ:—એવી રીતે દ્રવ્યવ્રતમાં રહીને તેણે છ માસો વ્યતીત કર્યા, ત્યારે આકાશમાંથી એવી દિવ્ય વાણી પ્રગટ થઇ કે, ॥ ૩૭ ॥

भव धम्मिल विश्वस्त—स्त्वं भोगान् भोक्ष्यसे भृशं ॥
विद्याधरनृपेभ्यानां । प्राप्य द्वात्रिंशतं कनीः ॥ ३८ ॥

અર્થ:—હે ધમ્મિલ! તું વિશ્વાસ રાખ? તું વિદ્યાધર રાજા તથા શાહુકારોની બત્રીસ કન્યાઓ મેલવીને ઘણા ભોગો ભોગવીશ.

व्योमजा वारिधारेव । सा वाक्तच्चित्तकानने ॥
तपस्याफलसंदेह—दहनं निरवापयत् ॥ ३९ ॥

અર્થ:—એવી રીતે આકાશમાંથી ઉત્પન્ન થયેલી જલધારાસરખી તે વાણીએ તેના ચિત્તરૂપી વનમાં ઉત્પન્ન થયેલા તપસ્યાના ફલના સંદેહરૂપી અગ્નિને બુઝાવી નાખ્યો.

तपस्वीव कृताहारः । क्षयीवाप्तरसायनः ॥
दवाग्निस्पृष्टशाखीव । जलवाहजलोक्षितः ॥ ४० ॥

અર્થ:—પછી ભોજન કરેલા તપસ્વીનીપેઠે રસાયણ ખાધેલા ક્ષયરોગીનીપેઠે તથા વરસાદના જલથી સીંચાયેલા દવદગ્ધ વૃક્ષનીપેઠે,

निशि दिव्यगिरा यावत् । तुष्टस्तिष्टति धम्मिलः ॥
तावत्कात्यायिनी कापि । तन्मठद्वारमाययौ ॥ ४१ ॥

અર્થ:—તે દિવ્ય વાણીથી ખુશ થઇને રાત્રિએ જેવામાં તે બેઠો છે, એવામાં કોઇક તાપસી તે મઠના દ્વાર પાસે આવી. ॥ ૪૧ ॥

अत्र किं धम्मिलोऽस्तीति । तया पृष्टे कृशध्वनिः ॥
धम्मिलोऽत्राहमस्मीति । प्रत्युत्तरयतिस्म तां ॥ ४२ ॥

અર્થ:—અહીં શું ધમ્મિલ છે? એમ તેણીએ ધીમે અવાજે પૂછવાથી તેણે તેણીને પ્રત્યુત્તર આપ્યો કે આ હું ધમ્મિલ અહીં બેઠો છું.

एह्येहि रथमारोह । चल चंपां पुरींप्रति ॥
तयेत्युक्ते क्षणं चित्तो—दधौ स तिमितां दधौ ॥ ४३ ॥

અર્થ:—ત્યારે ચાલ ચાલ? રથપર ચડ? અને ચંપા નગરીપ્રતે ચાલ? એમ તેણીએ કહેવાથી ધમ્મિલ ક્ષણવાર તો પોતાના ચિત્તરૂપી સમુદ્રમાં મત્સ્ય જેવો થઇ ગયો. ॥ ૪૩ ॥

केयं वेत्ति कथं नाम । ममाह्वयति किं च मां ॥
इयं निशाचरी माभू—द्यद्वालं चिंतयानया ॥ ४४ ॥

અર્થ:—(તથા વિચારવા લાગ્યો કે) આ તાપસી કોણ હશે? મારૂં નામ કેમ જાણતી હશે? અને કેમ બોલાવે છે? આ રાક્ષસી તો નહિ હોય! અથવા આ ચિંતાથી સર્યું. ॥ ૪૪ ॥

तस्या एवाधुना चिंता । देव्याः कृतमिदं यया ॥
न हि सा कार्यमारभ्य । निर्वाहे विघटिष्यते ॥ ४५ ॥

અર્થ:—કેમકે જે દેવીએ આ કર્યું છે, તેનેજ હવે મારી ચિંતા છે, કેમકે તે કાર્યનો પ્રારંભ કરીને તેનો નિર્વાહ કરવા માટે કંઇ પાછી પાની ભરશે નહિ. ॥ ૪૫ ॥

अथ भूतमठं कारा—मिव मुक्त्वा कृशोऽपि सः ॥
पुष्टांग इव फालेना—रोहत्तं लीलया रथं ॥ ४६ ॥

અર્થ:—હવે તે ધમ્મિલ દુર્બલ છતાં પણ બલવાનનીપેઠે કેદખાના સરખા તે ભુતના મઠને છોડીને ઠેક મારીને લીલામાત્રથી તે રથપર ચડી બેઠો. ॥ ૪૬ ॥

ऋषिवेषः स निःशेष—सिद्धेऽर्थे तेन तत्यजे ॥
यद्वा विदलिते व्याधा—वौषधं नोपयुज्यते ॥ ४७ ॥

અર્થ:—પછી એવી રીતે સઘલું કાર્ય સિદ્ધ થયાથી તેણે મુનિનો વેષ પણ છોડી દીધો, કેમકે રોગ ગયાબાદ ઔષધની કંઇ જરૂર રહેતી નથી. ॥ ૪૭ ॥

पूर्वारूढा रथे तेन । ददृशे कापि कन्यका ॥

वस्त्रेणाथ सुश्लिष्टेन । छादिताशेषविग्रहा ॥ ४८ ॥

અર્થ:—હવે ત્યાં પ્રથમથીજ રથમાં બેઠેલી તથા મજબુત વસ્ત્રથી ઢાંકેલ છે સર્વ શરીર જેણીએ એવી કોઇક કન્યાને તેણે દીઠી. ॥૪૮॥

स रथे सारथीभूय । शठस्ताभ्यामलक्षितः ॥

रथ्यामालंब्य चंपाया । रथ्यावश्वाववाहयत् ॥ ४९ ॥

અર્થ:—હવે તેઓ બન્નેમાંથી કોઇએ નહિ ઓળખેલો એવો તે લુચ્ચો ધમ્મિલ સારથી થઇને ચંપા નગરીને માર્ગે રથના ઘોડાઓને હુંકારવા લાગ્યો. ॥ ૪૯ ॥

असावैच्छन्निशो वृद्धिं । जानन्निव वपुःस्थितिं ॥

दिदृक्षुस्तस्य रूपं सा । भ्रंशं भूपकनी पुनः ॥ ५० ॥

અર્થ:—હવે તે ધમ્મિલ પોતાના શરીરની સ્થિતિ જોઇને રાત્રિની વૃદ્ધિ ઇચ્છવા લાગ્યો, તથા તે રાજકન્યા તેનું રૂપ જોવા માટે રાત્રિના નાશને ઇચ્છવા લાગી. ॥ ૫૦ ॥

आत्तं यस्यानया नाम । सोऽन्यः कश्चन धम्मिल्लः ॥

न हि कस्यापि नाम्नः स्या–देक एव विभुर्भुवि ॥ ५१ ॥

અર્થ:—આ તાપસી ( તે વખતે ) જેનું નામ બોલી છે તે કોઈ બીજોજ ધમ્મિલ હોવો જોઇયે, કેમકે કોઇ પણ નામનો આ જગતમાં કોઇ એકજ માણસ કંઈ માલિક હોતો નથી. ॥ ૫૧ ॥

अहं स्वनामश्रवणात् । सार्थे लग्नोऽनयोर्वृथा ॥

मद्रूपं नन्विमे प्रात–र्वीक्ष्य द्वेषं गमिष्यतः ॥ ५२ ॥

અર્થ:—વળી હું મારૂં પોતાનું નામ સાંભલીને ફોકટ આ બન્નેની સાથે ચાલ્યો છું, ખરેખર આ બન્ને પ્રભાતે મારૂં રૂપ જોઇને ગુસ્સે થશે. ॥ ૫૨ ॥

एवं चिंतयतस्तस्य । पथि पर्यगलन्निशा ॥

तदा च ध्वस्ततिमिरः । सहस्रकर उद्ययौ ॥ ५३ ॥

અર્થ:—એમ જ્યારે તે ચિંતવતો હતો ત્યારે માર્ગમાંજ રાત્રી સંપૂર્ણ થઇ, અને તે વખતે અંધકારને નાશ કરનારો સૂર્ય ઉદય પામ્યો.

उपायनीकृतानेक-प्रफुल्लांभोजसौरभां ॥

असौ निरैक्षत नदीं । नदीनहृदयः पुरः ॥ ५४ ॥

અર્થ:—એવામાં આનંદિત હૃદયવાળા તે ધમ્મિલે ભેટ કરેલ છે અનેક વિકસ્વર કમલોની સુગંધ જેણે એવી એક નદીને અગાડીના ભાગમાં દીઠી. ॥ ૫૪ ॥

युक्तिज्ञो योक्त्रमुत्तार्य । तटे तस्या अनातुरः ॥

तुरगौ वारि तृड्वारि । सोऽध्वश्रांतावपीप्यत ॥ ५५ ॥

અર્થ:—પછી યુક્તિને જાણનારા તે ગંભીર ધમ્મિલે તે નદીને કિનારે જોતર છોડીને માર્ગમાં ચાલવાથી થાકેલા ઘોડાઓને તૃષા નિવારનારૂં જલ પાયું. ॥ ૫૫ ॥

स पद्मस्पर्धया प्रात-र्जीतलोचनपाटवः ॥

कन्याममेयलावण्यां । तां दृष्ट्वा मुमुदे भृशं ॥ ५६ ॥

અર્થ:—હવે કમલની સ્પર્ધાથી પ્રભાતે આંખો ખુલ્યાબાદ તે ધમ્મિલ અત્યંત લાવણ્યવાળી તે કન્યાને જોઇને ઘણો ખુશી થયો.

अंतराले वर्तमानं । मुनिगार्हस्थ्यवेषयोः ॥

सा तु तं भीषणाकारं । वीक्ष्य खिन्नेत्यवोचत ॥ ५७ ॥

અર્થ:—પછી મુનિ અને ગૃહસ્થના વેષની વચ્ચે રહેલા ભયંકર આકારવાળા તે ધમ્મિલને જોઇને ખેદ પામેલી તે કન્યા બોલી કે,

अर्धोद्गतस्थूलकेशो । निम्नीभूताक्षिगोलकः ॥

लंबग्रीवः कृशः क्लीवः । सूर्पाकारनखक्रमः ॥ ५८ ॥

અર્થ:—અરધા ઉગેલા જાડા કેશવાળો, નીચા થયેલા આંખોના ડોળાવાળો, લાંબી ડોકવાળો, દુબળો, નિર્બલ, સુપડાજેવા નખવાળો,

क्षुधा क्षामोदरः क्षीण-कटीभ्रस्यत्पटच्चरः ॥

निर्मांसशोणितं देह-मस्थिकूटमयं दधत् ॥ ५९ ॥

અર્થ:—ક્ષુધાથી ખાલી ઉદરવાળો, દુબળી કેડપરથી ખસી જતાં વસ્ત્રવાળો, માંસ અને રૂધિરવિનાના ફક્ત હાડપિંજરજેવાં શરીરને ધારણ કરનારો, ॥ ૫૯ ॥

दुर्दशादयिताश्लिष्टो । दुर्भिक्षस्येव सेवकः ॥

रंकोऽयं को हहा मातः । स्वसार्थे गृहितस्त्वया ॥ ६० ॥

અર્થઃ—દરિદ્રતારૂપી સ્ત્રીથી આલિંગિત થયેલો, તથા દુકાળના સેવક-સરખો એવો કયો માણસ હે માતા! તેં આપણી સાથે લીધો છે?

मन्ये भूतगृहात्तस्माद् । भूतोऽयं कोऽपि निर्गतः ॥
यदीदृग्भीषणाकारो । मनुष्यः कापि नेक्षितः ॥ ६१ ॥

અર્થઃ—હું તો ધારૂં છું કે તે ભુતઘરમાંથી આ કોઇક ભુતજ નિકલી આવ્યો છે, કેમકે આવા ભયંકર આકારવાળો માણસ તો ક્યાંય પણ જોવામાં આવ્યો નથી. ॥ ૬૧ ॥

यदि वा न हि भूतोऽयं । न पिशाचो न राक्षसः ॥
किंतु मूर्त्तमिदं पापं । मम लग्नं पुराकृतं ॥ ६२ ॥

અર્થઃ—અથવા આ ભુત પિશાચ કે રાક્ષસ નથી, પરંતુ આ તો પૂર્વે કરૂલું મારૂં પાપજ મૂર્તિવંત થઇને મારી પાછળ લાગેલું છે.

ददृशे यो मया पूर्वं । नेत्रांभोजदिनोदयः ॥
न सोऽयं निश्चितं मात—र्नेत्रांभोजनिशोदयः ॥ ६३ ॥

અર્થઃ—મારાં નેત્રોરૂપી કમલોને સૂર્ય સરખો જે ધમ્મિલ પૂર્વે મેં જોયો છે, તે તો આ નથીજ, આ તો હે માતા! ખરેખર મારાં નેત્રો-રૂપી કમલોને ચંદ્રસરખો છે. ॥ ૬૩ ॥

क्षपया पापयाभूतां । तदा मे छादिते दृशौ ॥
रथोपरि समारोढु—मस्य नादास्यमन्यथा ॥ ६४ ॥

અર્થઃ—તે વખતે આ દુષ્ટ રાત્રીએ મારાં નેત્રો આચ્છાદિત કર્યાં હતાં, નહિતર હું રથપર તેને ચડવા પણ ન આપત. ॥ ૬૪ ॥

यदि धम्मिलनामा स्या—त्तथाप्येष न मे प्रियः ॥
हरिनाम्नि समानेऽपि । किं श्रीः श्रयति दर्दुरं ॥ ६५ ॥

અર્થઃ—કદાચ આનું નામ ધમ્મિલ હશે, તો પણ તે મને પ્રિય થાય તેમ નથી, કેમકે તુલ્ય હરિનામવાળા પણ દેડકાનો શું લક્ષ્મી આશ્રય કરે છે! ॥ ૬૫ ॥

चेदासेचनको भर्त्ता । न मातः समगंस्त मे ॥
अलं तदग्रतो गत्वा । पश्चाद्यास्याम्यहं पुनः ॥ ६६ ॥

અર્થઃ—હે માતા! જો મહારો પ્રિયતમ ભર્તાર મને મલ્યો નથી તો હવે આગલ જવાથી સર્યું, હું તો હવે પાછી જઇશ. ॥ ૬૬ ॥

धात्री साह गता पश्चा—द्धत्से लाघवमाप्स्यसि ॥
प्रयाहि चंपां तत्तत्र । कुर्यायत्तेऽभिरोचते ॥ ६८ ॥

અર્થ:—ત્યારે તે ધાવમાતા બોલી કે હે વત્સે! જો તું પાછી જઇશ તો તારી હલકાઇ થશે. માટે હાલ તો તું ચંપાપુરીમાં ચાલ? પછી ત્યાં તારી ઇચ્છા મુજબ કરજે. ॥ ૬૮ ॥

श्रुतामप्यश्रुतां कुर्वं—स्तयोरेवं मिथः कथां ॥
रथे सोऽध्ययुनग्वाहौ । धाष्टर्यं ध्यायन्निजे हृदि ॥ ६९ ॥

અર્થ:—એવી રીતની તેઓની કથા સાંભળ્યા છતાં પણ જાણે બહેરો થઇ ગયો નહિ તેમ તે ધમ્મિલે પોતાના મનમાં લુચ્ચાઇ વાપરીને ઘોડાઓને રથમાં જોડ્યા. ॥ ૬૯ ॥

धम्मिलो रथमारोढुं । यावच्चक्रे ददौ पदं ॥
तावत्प्राचीचलद्बाला । सारथीभूय सा रथं ॥ ७० ॥

અર્થ:—પછી રથપર ચડવામાટે જેવામાં ધમ્મિલે ચક્રપર પગ દીધો, તેવામાં તે કન્યાએજ સારથી થઇને રથ ચલાવ્યો. ॥ ૭૦ ॥

रथं हस्तादमुंचंतं । पूपखंडमिवार्भकं ॥
अनुदन्निर्दया भूप—कन्या प्रवयसेन तं ॥ ७१ ॥

અર્થ:—હવે બાળક જેમ મીઠાઇના ટુકડાને તેમ હાથમાંથી રથને નહિ છોડતા એવા તે ધમ્મિલને તે નિર્દય રાજકન્યા ચાબુક મારવા લાગી.

कुरूप रंक निर्लज्ज । मुंच रे मामकं रथं ॥
लेष्टूनिवानुक्रोशा—क्रोशानिति जगाद सा ॥ ७२ ॥

અર્થ:—તથા અરે કુરૂપ! રંક! નિર્લજ્જ! તું મારા રથને છોડ? એવી રીતે અત્યંત આક્રોશવાળાં વચનો કહેવા લાગી. ॥ ૭૨ ॥

आसन्नाभ्यस्तसंन्यस्त—संस्कारादिव नात्यजत् ॥
असौ क्षमां च मौनं च । मान्यपि स्वार्थसिद्धये ॥ ७३ ॥

અર્થ:—નજીકમાં અભ્યસ્ત કરેલા સન્યાસીપણાના સંસ્કારથી જાણે હોય નહિ તેમ માની છતાં પણ તેણે સ્વાર્થસિદ્ધિમાટે ક્ષમા અને મૌન તજ્યાં નહિ. ॥ ૭૩ ॥

भोजनावसरेंभोज—नयना पथि गच्छति ॥
श्रमं निराकर्तुकामा । स्थापयामास सा रथं ॥ ७३ ॥

અર્થ:—હવે તે કમલમુખી કન્યાએ માર્ગે ચાલતાંથકાં ભોજન વખતે થાક ઉતારવા રથ ઉભો રાખ્યો. ॥ ૭૩ ॥

प्रवेष्टुमक्षमे मध्ये । ग्रामं योषित्स्वभावतः ॥
अभ्यागत्येंगितज्ञान—प्रवीणो धम्मिलो जगौ ॥ ७४ ॥

અર્થ:—હવે ઇંગિતજ્ઞાનમાં હુશિયાર એવા તે ધમ્મિલે તેઓને સ્ત્રીસ્વભાવથી ગામમાં જવાને અસમર્થ જાણીને સામે આવીને કહ્યું કે, ॥ ૭૪ ॥

विच्छाये मास्म जायेथां । युवामत्रैव तिष्टतां ॥

गत्वा भोजनसामग्री—मानयामि द्रुतं त्वहं ॥ ७५ ॥

અર્થ:—તમો મુંઝાઓમાં, અને અહીંજ રહો, અને હું ગામમાં જઇને જલદી ભોજનની સામગ્રી લાવું છું. ॥ ૭૫ ॥

अथावस्थाप्य ते तत्र । ग्राममध्यमसौ गतः ॥

युक्तमस्तोकलोकेन । ग्रामस्वामिनमैक्षत ॥ ७६ ॥

અર્થ:—પછી તેઓને ત્યાં રાખીને ધમ્મિલ ગામની અંદર ગયો, ત્યાં તેણે ઘણા માણસોથી યુક્ત થયેલા તે ગામના ઠાકોરને જોયો.

तुरंगं लोकमध्यस्थं । दर्शं दर्शं विषादिनं ॥

प्रणिपत्य तमप्राक्षीत् । स विषादस्य कारणं ॥ ७७ ॥

અર્થ:—ત્યાં માણસોની વચ્ચે રહેલા એક ઘોડાને જોઈ જોઇને ખેદ પામતા એવા તે ઠાકોરને નમીને તેણે ખેદનું કારણ પૂછયું. ૭૭

ग्रामाधीशोऽवदद्भद्र । किशोरो मे सलक्षणः ॥

हेतोः कुतोऽप्यनुदिनं । क्षीयते क्षयरोगिवत् ॥ ७८ ॥

અર્થ:—ત્યારે ઠાકોરે કહ્યું કે હે ભદ્ર! મારો આ ઉત્તમ લક્ષણવાળો વછેરો કોણ જાણે શા કારણથી હમેશાં ક્ષયરોગીનીપેઠે ક્ષીણ થતો જાય છે. ॥ ૭૮ ॥

अस्य विदधिरे वैद्यै–रुपचारा अनेकशः ॥

गिराविव शरास्तेऽपि । सर्वे वैयर्थ्यमीयिरे ॥ ७९ ॥

અર્થ:—આને માટે વૈદ્યોએ અનેક ઉપાયો કર્યા, પરંતુ પર્વતપ્રતે જેમ બાણો તેમ તે સઘલા ફોકટ ગયા છે. ॥ ૭૯ ॥

मम जीवितसर्वस्वं । अश्वो विश्वोत्तराकृतिः ॥

अनुपायात्परभवं । गंता तेनास्मि दुःखितः ॥ ८० ॥

અર્થ:—મારા પ્રાણસરખો તથા જગતમાં અનુપમ આકૃતિવાળો મારો આ ઘોડો નાઇલાજે મરણ પામશે, અને તેથી હું ખેદ પામું છું.

धम्मिलोऽभिदधे धीम–न्नहं जानामि चेष्टितैः ॥

प्रच्छन्नं पापकर्मेव । शल्यं देहेऽस्त किंचन ॥ ८१ ॥

અર્થ:—ત્યારે ધમ્મિલ્લ બોલ્યો કે હે બુદ્ધિવાન્ ઠાકોર! હું આની ચેષ્ટાથી ધારૂં છું કે ગુપ્ત પાપકાર્યની પેઠે આના શરીરમાં કંઈક શલ્ય છે.

**ततः स चतुरो मृद्वया । सलिलक्लिन्नया तदा ॥**

**तुरंगस्य तनुं भित्तिं । सुधावल्लेपयत्ययं ॥ ८२ ॥**

અર્થ:—પછી તે ચતુર ધમ્મિલ્લે તેજ વખતે ભીંતપર જેમ ચુનો તેમ પાણીથી ભીંજવેલી માટીવડે તે ઘોડાના શરીરપર લેપ કર્યો.

**छायास्थे तुरगे पूर्व—मशुष्यद्यत्र मृत्तिका ॥**

**तस्मिन्नवयवे शल्य—मंतःस्थं निश्चिकाय सः ॥ ८३ ॥**

અર્થ:—હવે તે ઘોડાને છાયામાં રાખ્યાથી તેના શરીરના જે ભાગપર પ્રથમ તે માટી સુકાઇ ગઇ, તે ભાગમાં અંદર કંઈક શલ્ય છે એમ તેણે નિશ્ચય કર્યો. ॥ ૮૪ ॥

**तुरंगस्य छविच्छेदा—त्ततः शल्ये निराकृते ॥**

**स व्रणं व्रणरोहिण्या—रोहयामास सत्वरं ॥ ८४ ॥**

અર્થ:—પછી તેણે તે ઘોડાના શરીરમાં તે જગોએ વાઢકાપ કરીને તેમાંથી શલ્ય કહાડી નાખ્યું, તથા તે જખમને વ્રણરોહિણી નામની ઔષધીથી તેણે તુરત રૂઝાવી નાખ્યો. ॥ ૮૪ ॥

**हये निरामये जाते । जानन् पुण्यविशालिनं ॥**

**आललाप कलापात्रं । ग्रामेशस्तं ससौहृदं ॥ ८५ ॥**

અર્થ:—એવી રીતે ઘોડો જ્યારે નિરોગી થયો ત્યારે તે કલાવાન ધમ્મિલ્લને પુણ્યશાલી જાણીને રાજાએ મિત્રતાપૂર્વક બોલાવ્યો કે,

**रूपांतरितनाकौकः । कलाप्राप्तसरस्वति ॥**

**वद कौतस्कुतोऽसि त्वं । कियांस्तव परिच्छदः ॥ ८६ ॥**

અર્થ:—હે રૂપાંતર દેવ! તથા કલાથી પ્રાપ્ત કરેલી છે સરસ્વતી જેણે એવો તું કહે કે કયાંથી આવે છે? તથા તારો કેટલો પરિવાર છે?

**सोऽवक्कुशाग्रनगरा—दहमायासिषं सखे ॥**

**ग्रामसीम्नि च रामाया । ममास्ति स्थापितो रथः ॥ ८७ ॥**

અર્થ:—ત્યારે ધમ્મિલ બોલ્યો કે હે મિત્ર! હું કુશાગ્રનગરથી આવું છું, તથા ગામની સીમમાં મેં મારો રથ રાખ્યો છે. ॥૮૭॥

**अथो रथं युतं ताभ्यां । ग्रामेशो ग्रामसीमतः ॥**

**कलाक्रीत इव प्रेष्यो । गत्वा ग्रामांतरानयत् ॥ ८८ ॥**

અર્થ:—પછી તે ઠાકોર તેની કલાથી ખરીદાએલા ચાકરનીપેઠે ત્યાં જઈને ગામની સીમમાંથી તે બન્ને સ્ત્રીઓ સહિત રથને ગામની અંદર લાવ્યો. ॥ ૮૮ ॥

तस्मै सरमणीकाय । स सिद्ध इव चेटकः ॥
स्थानस्नाननिवसना—शनादिकमपूरयत् ॥ ८९ ॥

અર્થ:—તથા તે સ્ત્રીઓ સહિત ધમ્મિલને તેણે સિદ્ધ નોકરનીપેઠે મકાન, સ્નાન, વસ્ત્ર તથા ભોજન આદિક પૂરા પાડયાં. ॥ ૮૯ ॥

स्वस्थानादधिकं मानं । दूरेऽपि लभते गुणी ॥
यथा विदेशे न तथा । महर्घ्यो मणिरंबुधौ ॥ ९० ॥

અર્થ:—ગુણી માણસ પોતાના સ્થાનથી દૂર દેશમાં ગયો થકો અધિક માન પામે છે, કેમકે અમૂલ્ય મણિની જેવી પરદેશમાં કિંમત થાય છે, તેવી તેની સમુદ્રમાં પડી રહેતાં થતી નથી. ॥ ૯૦ ॥

स ग्रामेशाग्रहात्तत्रै—वातिचक्राम धामवान् ॥
दिनापरार्धं तत्सार्द्धं । ग्रामलोकैर्विनोदतः ॥ ९१ ॥

અર્થ:—પછી તે પરાક્રમી ધમ્મિલે તે ઠાકોરના આગ્રહથી ગામના લોકો સાથે વિનોદ કરતાંથકાં ત્યાંજ દિવસનો બાકીનો અરધો ભાગ વ્યતીત કર્યો. ॥ ૯૧ ॥

मनःप्रियप्रियाप्राप्ति—पश्चात्तापेन पूरिता ॥
सर्वेभ्यः प्रथमं सायं । सुष्वाप क्ष्मापनंदिनी ॥ ९२ ॥

અર્થ:—મનને પ્રિય એવો પ્રિયતમ ન મળવાથી પશ્ચાત્તાપમાં પડેલી તે રાજપુત્રી સંધ્યાકાળે સર્વથી પહેલાં નિદ્રાવશ થઇ. ॥૯૨॥

तस्यां निद्रामुद्रिताक्ष्यां । विसृष्टे ग्रामनेतरि ॥
कात्यायिनीं मनाक्सौम्य—मुखीं प्रोवाच धम्मिलः ॥ ९३ ॥

અર્થ:—હવે તેણીની આંખો નિદ્રાથી બીડાઇ ગયાબાદ તથા ઠાકોરના પણ ગયાબાદ જરા શાંત મુખવાળી તે તાપસીને ધમ્મિલે પૂછયું કે, ॥ ૯૩ ॥

के युवां चलिते कस्मा—दकस्माच्छब्दितोऽस्मीति ॥
शब्दितश्चेत्तदेषा किं । बाला व्यालायते मयि ॥ ९४ ॥

અર્થ.—તમો બન્ને કોણ છો? શા માટે નિકલી છો? તથા મને શામાટે અચાનક બોલાવ્યો? અને જો બોલાવ્યો તો પછી આ કન્યા મારાપ્રતે સર્પનીપેઠે શામાટે આચરણ કરે છે? ॥ ૯૪ ॥

स्वच्छभावाथ सावादी—द्वात्सल्यविशदं वचः ॥
आकर्णय सकर्ण त्व–मस्मच्चरितमादितः ॥ ९५ ॥

અર્થ:—ત્યારે નિર્મલ અંતઃકરણવાળી તે તાપસી સ્નેહયુક્ત વચન બોલી કે, હે ચતુર! તું અમારૂં વૃત્તાંત મૂળથી સાંભળ? ॥ ૯૫ ॥

अस्ति हस्तिहयव्रात–जातशोभमहापथं ॥
पुरं सारश्रियां सीमा । श्रीमागधपुरं पुरं ॥ ९६ ॥

અર્થ:—હાથીઘોડાઓના સમુહથી થયેલી શોભાવાળા રાજમાર્ગવાલું તથા ઉત્તમ લક્ષ્મીની સીમા સરખું માગધપુર નામનું નગર છે.

तत्रारिदमनो नाम । नामयन्नरिभूभुजः ॥
भुजदंडात्तभूचक्र—श्चक्रवर्त्तीव भूपतिः ॥ ९७ ॥

અર્થ:—ત્યાં શત્રુ રાજાઓને નમાડનારો તથા ભુજદંડપર પૃથ્વીચક્રને ધરનારો ચક્રવર્તીસરખો અરિદમન નામે રાજા છે. ॥ ૯૭ ॥

तस्येयं दुहिता नाम्ना । कमला कमलानना ॥
मामस्या एव जानीहि । धात्रीं तु विमलाभिधां ॥ ९८ ॥

અર્થ:—તેની આ કમલસરખાં મુખવાળી કમલા નામની પુત્રી છે, અને મને તેની વિમલા નામની ધાવ જાણવી. ॥ ૯૮ ॥

प्राणेभ्योऽपि प्रियामेना—मध्यापयदिलाप्रियः ॥
कला उपकलाचार्यं । सकला ललनोचिताः ॥ ९९ ॥

અર્થ:—પોતાના પ્રાણોથી પણ વહાલી એવી આ પુત્રીને રાજાએ કલાચાર્યપાસે સ્ત્રીને લાયક સઘળી કલાઓ ભણાવી છે. ॥ ૯૯ ॥

इयमुद्भिन्नतारुण्या । पूर्वासीत् कर्मदोषतः ॥
घातकेष्विव तातस्य । पुरुषेषु पराङ्मुखी ॥ ९९ ॥

અર્થ:—જ્યારે આ યુવાન થઇ ત્યારે પ્રથમ કર્મોના દોષથી પોતાના પિતાના ઘાતકોનીપેઠે પુરૂષોપ્રતે દ્વેષવાળી હતી. ॥ ૯૯ ॥

अमी स्वकार्यरसिका । निःकृपाश्चलचेतसः ॥
परार्थभेदका ये च । निनिंदेयं नरानिति ॥ २४०० ॥

અર્થ:—આ પુરૂષો સ્વાર્થી, દયાવગરના, ચલચિત્તવાળા અને પરકાર્યને ભાંગનારા છે એમ તેણી તેઓની નિંદા કરતી હતી. ॥ ૨૪૦૦ ॥

यदा कदाचिदद्राक्षी—देषा कंचिन्नरं पुरे ॥
क्षिप्तक्षारव्रणार्त्तेव । विशेषेण व्यषीदत ॥ १ ॥

અર્થ:—જ્યારે કોઇ વખતે તે નગરમાં કોઇ પુરૂષને જોતી ત્યારે ખાર ચોપડેલા ગુમડાંથી જાણે પીડાઇ હોય નહિ તેમ તે વધારે દુ:ખ પામતી.

ये कुलीनाः कलावंतो । युवानः क्षत्रियोत्तमाः ॥

एषा तेष्वपि नारज्यत् । क्षीणक्षुन्मोदकेष्विव ॥ २ ॥

અર્થ:—જેમ ક્ષુધાવિનાના માણસને લાડુમાં રૂચિ ન થાય તેમ કુલીન કલાવાન તથા યુવાન ઉત્તમ ક્ષત્રિઓપ્રતે પણ આ કન્યા રાગવાળી થઇ નહિ. ॥ ૨ ॥

अन्यदाहं व्यमार्क्षं किं । गुणज्ञेयं सुता मम ॥

नृंश्चक्षुष्यानपि द्वेष्टि । चंद्रांशूनिव पद्मिनी ॥ ३ ॥

અર્થ:—પછી એક દિવસે મેં વિચાર્યું કે કમલિની જેમ ચંદ્રના કિરણોપ્રતે તેમ મારી આ ગુણજ્ઞ પુત્રી મનોહર પુરૂષોપ્રતે પણ શામાટે દ્વેષ કરતી હશે? ॥ ૩ ॥

अचिंतयं च चेदेषा । मुच्येतोपचतुष्पथं ॥

तत्कंचिन्नरमालोक्य । स्यादस्या जातु निर्वृतिः ॥ ३ ॥

અર્થ:—જો આને ચહુટામાં મુકવામાં આવે તો કદાચ તે કોઇક પુરૂષને જોઇને રાગવાળી થાય. ॥ ૩ ॥

अथ विज्ञप्य राजानं । विमान इव भूमिगे ॥

अस्थापयमहं धाम्नि । पृथुनि श्रीपथांतिके ॥ ४ ॥

અર્થ:—પછી મેં રાજાને વિનંતિ કરીને ચહુટામાં પૃથ્વીપર રહેલા વિમાનસરખા એક વિશાલ મકાનમાં તેણીને રાખી. ॥ ૪ ॥

तत्र वातायनस्थेयं । योषिन्मात्रपरिच्छदा ॥

चक्षुश्चिक्षेप लीलाभि–र्मंथरं परितः पुरे ॥ ५ ॥

અર્થ:—ત્યાં ફક્ત સ્ત્રીઓનાજ પરિવારવાળી તે રાજપુત્રી ઝરૂખામાં બેઠીથકી લીલાપૂર્વક પોતાની ચપલ દૃષ્ટિ નગરમાં ચારે બાજુ ફેંકવા લાગી. ॥ ૫ ॥

रुरोचयिषवोऽमुष्यै । स्वामिभ्यक्षत्रसूनवः ॥

युवानः कृतशृंगाराः । समभ्येयुरनेकशः ॥ ६ ॥

અર્થ:—ત્યાં તેણીને પોતાપ્રતે મોહિત કરવામાટે શાહુકારોના તથા ક્ષત્રિઓના અનેક યુવાન પુત્રો બનીઠનીને આવવા લાગ્યા. ॥ ૬ ॥

कथं भ्रमंत्यमी काम–पिशाचच्छलिता इव ॥

इति मत्युत्तरशेषा—नेषा तानकरोद्भृशं ॥ ७ ॥

અર્થ:—કામરૂપી પિશાચથી ગાંડા બનેલાનીપેઠે આ જુવાનીયાઓ અહીં શામાટે ભટકયા કરે છે? એટલોજ ફક્ત પ્રત્યુત્તર તેઓને તે આપતી હતી. ॥ ૭ ॥

सौरभोल्लसदुन्निद्र—पुष्पोत्तंसितमस्तकः ॥

सर्वांगसंगिशृंगार–ज्योतिर्द्योतितदिङ्मुखः ॥ ८ ॥

અર્થ:—એવામાં સુગંધથી ઉલ્લસાયમાન અને પ્રફુલ્લિત પુષ્પોના મુકુટયુક્ત મસ્તકવાળો, સર્વ શરીરપર રહેલાં આભુષણોની કાંતિથી દિશાઓના મુખોને તેજસ્વી કરનારો, ॥ ૮ ॥

दिव्यांबराक्तसौरभ्य—संवासितपुरोदरः ॥

श्रीपथे मन्मथो मूर्त्त । इव कोऽप्यचलद्युवा ॥ ९ ॥ युग्मं ॥

અર્થ:—દિવ્ય વસ્ત્રોમાં છાંટેલી સુગંધિથી નગરના મધ્યભાગને સુગંધી કરનારો તથા મૂર્તિવંત કામદેવસરખો કોઇક યુવાન તે રાજમાર્ગેથી ચાલવા લાગ્યો. ॥ ૯ ॥

तद्दर्शनेन पुंद्वेषः । सहसास्याः शमं ययौ ॥

घनांबुना जगद्ध्वंसी । इव दाहो दवोद्भवः ॥ १० ॥

અર્થ:—જગતને નાશ કરનારો દાવાનલનો અગ્નિ જેમ વરસાદના જલથી શાંત થઇ જાય તેમ તે યુવાન પુરૂષને જોઇને તેણીનો પુરૂષપ્રતેનો દ્વેષ એકદમ શાંત થઇ ગયો. ॥ ૧૦ ॥

इंदौ कैरविणी रवौ कमलिनी धाराधरे बर्हिणी ।

हंसी तद्विगमे महोदधिजले मत्सी मृगीव स्थले ॥

श्रीदेवी भजते मुदं जलशये गौरी गिरीशे तथा ।

स्वच्छंदं रमते विचित्ररुचिकं चेतः कचित्कस्यचित् ॥ ११ ॥

અર્થ:—જેમ ચંદ્રમાં કૈરવિણી, સૂર્યમાં કમલિની, વરસાદમાં મયુરી, વરસાદના નાશમાં હંસી, મહાસાગરના જલમાં માછલી, જમીનપર હરિણી, વિષ્ણુમાં લક્ષ્મી તથા મહાદેવમાં જેમ પાર્વતી તેમ વિચિત્ર રૂચિવાલું કોઇ કોઇનું ચિત્ત કોઇ કોઇ વસ્તુમાં સ્વચ્છંદપણે રમે છે. ॥ ૧૧ ॥

एषा मामभ्यधान्मातः । कोऽयं गच्छति भो युवा ॥

अस्य दर्शनमात्रान्मे । सुधासिक्तमभूद्वपुः ॥ १२ ॥

અર્થ:—પછી તેણીએ મને કહ્યું કે હે માતાજી! આ યુવાન પુરૂષ કોણ જાય છે? આને ફકત જોવાથીજ મારૂં શરીર અમૃતથી સીંચાયાજેવું થયું છે. ॥ ૧૨ ॥

तथा कुरु यथा मंक्षु । मामेष प्रतिपद्यते ॥
नह्यहं व्रजतः प्राणा—नीशे धर्तुं विनामुना ॥ १३ ॥

અર્થ:—માટે હવે તું એમ કર? કે જેથી મને તે જલદી અંગીકાર કરે, કેમકે તેનાવિના હું મારા જતા પ્રાણોને ધારી શકું તેમ નથી.

अथाहं दध्युषी कार्य—मेतद् द्रागेव साध्यते ॥
पुनर्भावपरावर्तो । मास्याभूच्चलचेतसः ॥ १४ ॥

અર્થ:—હવે મેં વિચાર્યું કે આ કાર્ય જલદી સાધી લેવું જોઇયે, કેમકે આ મારી પુત્રીનું ચપલ ચિત્ત પાછું ફરી ન જાય તો સારૂં.

ओमुक्त्वाहं गता तत्र । पुरुषं तमभाणिषं ॥
रूपश्रीकेश कोऽसि त्वं । कस्य वा तनयो वद ॥ १५ ॥

અર્થ:—એમ વિચારી ઠીક છે એમ કહીને મેં તે પુરૂષપાસે જઇને તેને કહ્યું કે હે રૂપશ્રીપ્રતે વિષ્ણુસરખા! તું કોણ છે? તથા કોનો પુત્ર છે? તે કહે? ॥ ૧૫ ॥

सद्दृश्यकुंदकलिका—कलिकारिरदोऽवदत् ॥
पुत्रः समुद्रदत्तस्य । श्रेष्टिनो धम्मिलोऽस्म्यहं ॥ १६ ॥

અર્થ:—મનોહર ડોલરની કળીઓને પણ જીતનારા દાંતોવાળો તે પુરૂષ બોલ્યો કે હું સમુદ્રદત્તશેઠનો ધમ્મિલ નામે પુત્ર છું. ॥ ૧૬ ॥

अहं पुनरवोचं तं । वत्स त्वं पुण्यवानसि ॥
यदेषा नृषु सद्वेषा । त्वय्यरज्यन्नृपांगजा ॥ १७ ॥

અર્થ:—ત્યારે ફરીને મેં તેને કહ્યું કે હે વત્સ! તું પુણ્યવાન છો, કેમકે પુરૂષોપ્રતે દ્વેષવાળી એવી પણ આ રાજકન્યા તારાપ્રતે રાગવાળી થયેલી છે. ॥ ૧૭ ॥

सौभागिनेय तदिमा—मुदूह्य स्नेहनिर्भरां ॥
लुंपस्व विश्वविश्वस्थ—पुंसां सुभगतामदं ॥ १८ ॥

અર્થ:—માટે હે સૌભાગ્યવાન્! સ્નેહથી ભરેલી આ રાજકન્યાને પરણીને તું સમસ્ત જગતના પુરૂષોના સૌભાગ્યપણાનો મદ દૂર કર?

ततः सोऽभिदधे मात—रेतत्कस्मै न रोचते ॥
परिणेया परं राज—कन्या मे वणिजः कथं ॥ १९ ॥

અર્થ:—ત્યારે તે બોલ્યો કે હે માતાજી! આ વાત કોને ન રૂચે? પરંતુ હું વણિકપુત્ર રાજકન્યાને શીરીતે પરણી શકું? ॥ ૧૯ ॥

क्व कल्पवल्ली क्व तृणं । क्व मणिः क्व च कर्करः ॥

क्व राजहंसी क्व बकः । क्व करेणुः क्व बर्करः ॥ २० ॥

અર્થઃ—કેમકે કયાં કલ્પવેલી અને કયાં ઘાસ? કયાં મણિ અને કયાં કાંકરો? કયાં રાજહંસી અને કયાં બગલો? કયાં હાથણી અને કયાં બકરો? ॥ ૨૦ ॥

क्व पद्मिनी क्व मंडूकः । क्व लक्ष्मीः क्व च दुर्गतः ॥

क्व सा पृथ्वीपतेः पुत्री । क्व चाहं प्राकृतो भुवि ॥ २१ ॥

અર્થઃ—કયાં કમલિની અને કયાં દેડકો? કયાં લક્ષ્મી અને કયાં દરિદ્રી? તેમ કયાં રાજાની પુત્રી અને કયાં હું આ પૃથ્વીપરનો પામર મનુષ્ય? ॥ ૨૧ ॥

मयोचे वत्स कोऽयं ते । विचारश्चतुरोचितः ॥

कः कामधेनुमायांती—मयोग्योऽस्मीति दूरयेत् ॥ २२ ॥

અર્થઃ—ત્યારે મેં તેને કહ્યું કે હે વત્સ! તું વળી આ ડહાપણડાયાનીપેઠે શું વિચાર કરે છે? કેમકે હું અયોગ્ય છું એમ કહીને આવતી કામધેનુને કોણ નિવારે? ॥ ૨૨ ॥

अवदद्धम्मिलो मात—र्युक्तमुक्तमिदं त्वया ॥

किंतु स्वपितरौ पृष्ट्वा । दारकर्मोचितं मम ॥ २३ ॥

અર્થઃ—ત્યારે ધમ્મિલ બોલ્યો કે હે માતાજી! તમો આ યુકતજ કહો છો, પરંતુ મારા માતાપિતાને પૂછીને મારે પરણવું ઉચિત છે.

आगच्छेर्मंक्षु पितरं । पृष्ट्वेत्यनुमतो मया ॥

यातः स पुनरायातः । क्षणादेवेत्यवोचत ॥ २४ ॥

અર્થઃ—તારા માતાપિતાને પૂછીને તું જલદી આવજે, એમ મેં અનુમતિ આપ્યાથી તે જઇને ક્ષણવારમાં પાછો આવી બોલ્યો કે,

आपृष्टो मातरत्रार्थे । तातो मामन्वशादिति ॥

दृष्ट्वा राजांगजारागं । वत्स गच्छसि किं मुदं ॥ २५ ॥

અર્થઃ—હે માતાજી! આ માટે પૂછવાથી મારા પિતાએ મને કહ્યું કે હે વત્સ! રાજપુત્રીનો રાગ જોઇને તું શામાટે ખુશ થાય છે?

द्राक्षालतामिव मयः । कस्तूरीमिव सैरिभः ॥

मुक्तावलीमिवारिष्ट—स्त्वमेनां प्राप्तुमर्हसि ॥ २६ ॥

અર્થઃ—ઉંટ જેમ દ્રાક્ષવલ્લીને, પાડો જેમ કસ્તુરીને, દરિદ્રી જેમ મોતીઓની માળાને તેમ તું આ રાજકન્યાને મેલવવાને લાયક છો.

स्वाधिकैः सह संबंधं । न बध्नंति सुबुद्धयः ॥

पल्वलं विपुलश्रोतः-श्रोतसा दीर्यते न किं ॥ २७ ॥

અર્થ:—સુબુદ્ધિ માણસો પોતાથી અધિક મનુષ્યોસાથે સંબંધ બાંધતા નથી, કેમકે વિશાલ ઝરણાના પ્રવાહથી શું નાનું તળાવ ફાટી જતું નથી? ॥ ૨૭ ॥

वत्स त्वदुचिताः कन्याः । संपत्स्यंते परा अपि ॥

दास्यस्य स्पृहयालुश्चे—त्तदेतामुररीकुरु ॥ २८ ॥

અર્થ:—વલી હે વત્સ! તારા લાયક બીજી કન્યાઓ પણ મલશે, માટે જો તને દાસપણાની ઇચ્છા હોય તો આ રાજપુત્રી સ્વીકાર?

निषेधितोऽपि पित्रैव—मुपयच्छेयं चेदिमां ॥

निषिद्धकारी गेहे ऽह—मुपतिष्टेयं तत्कथं ॥ २९ ॥

અર્થ:—એવી રીતે પિતાએ નિષેધ્યા છતાં પણ જો હું આ રાજપુત્રીને પરણું તો તેમની આજ્ઞાનો અનાદર કરનારો હું ઘરમાં કેમ રહી શકું? ॥ ૨૯ ॥

परं चंपापुरे मात—र्मातुलोऽस्ति ममातुलः ॥

तत्तत्र परिणीयेमां । तिष्टामि यदि मन्यसे ॥ ३० ॥

અર્થ:—પરંતુ હે માતાજી! મારો એક અનુપમ મામો ચંપાનગરીમાં રહે છે, માટે જો તું કહે તો આને પરણીને ત્યાં રહું.

मयाप्यूचे महाभाग । साधु साधु मतिस्तव ॥

का न्यूनता विदेशेऽपि । यदूढा राजकन्यका ॥ ३१ ॥

અર્થ:—ત્યારે હું પણ બોલી કે હે મહાભાગી! તને ઠીક બુદ્ધિ સૂઝી, કેમકે જ્યારે તેં રાજકન્યા પરણી ત્યારે પરદેશમાં પણ તને શું ઓછાશ રહેવાની છે? ॥ ૩૧ ॥

राजकन्या समानेया । सायं भूतगृहे त्वया ॥

इति मदत्तसंकेतः । स जगामान्यतस्ततः ॥ ३२ ॥

અર્થ:—હવે સંધ્યાકાળે તારે ભુતઘરમાં આ રાજકન્યાને લાવવી, એમ સંકેત દેઇને તે ત્યાંથી અન્ય જગોએ ચાલ્યો ગયો. ॥ ૩૨ ॥

प्रायेण वणिजि स्नेहो । राजपुत्र्यास्त्रपाकरः ॥

इति व्यतिकरं पुत्र्या । नाहं नृपमजिज्ञपं ॥ ३३ ॥

અર્થ:—પ્રાયેં કરીને વણિકપ્રતે રાજપુત્રીનો સ્નેહ લજ્જા કરનારો છે, એવો આ મારી પુત્રીનો વૃત્તાંત મેં રાજાને જણાવ્યો નહિ.॥૩૩॥

आरोप्येमां रथे रात्रौ । तत्रागां भूतमंदिरे ॥
आहूते धम्मिल्ले तस्माद् । भवान् भद्रक निर्ययौ ॥ ३४ ॥

અર્થ:—પછી આ રાજપુત્રીને રથમાં બેસાડીને હું રાત્રીએ તે ભુતમંદિરમાં આવી, અને ધમ્મિલને બોલાવ્યાથી હે ભદ્રક! તેમાંથી તો તું નિકળી પડયો! ॥ ૩૪ ॥

धातुवस्तुविपर्यासं । क्वापि कुर्वंति वाणिजः ॥
नरभेदस्तु तत्रत्यै—र्भूतैर्यदि पुनः कृतः ॥ ३५ ॥

અર્થ:—વણિકો ધાતુવિગેરે વસ્તુઓનો કયાંક ફેરફાર કરી નાખે છે, પરંતુ ત્યાં રહેલા ભુતોએ તો મનુષ્યનો પણ ફેરફાર કરી નાખ્યો!

स्निह्यति सा कथं रूपा—कूपारे तत्र रागिणी ॥
त्वयि ग्रामश्रोतसीव । हंसो मानसवासिनी ॥ ३६ ॥

અર્થ:—રૂપના સમુદ્રસરખા એવા તે પુરૂષમાં રાગવાળી થયેલી તે માનસરોવરમાં રહેનારી હંસી જેમ ગામની ગટરમાં તેમ તારામાં શીરીતે રાગવાળી થાય? ॥ ૩૬ ॥

वत्स त्वमपि विश्वस्तो । वद स्वं वृत्तमादितः ॥
सौहृदं स्वपरोदंत—कथनप्रश्नसार्थकं ॥ ३७ ॥

અર્થ:—વળી હે વત્સ! તું પણ વિશ્વાસી થઇને પ્રથમથી પોતાનું વૃત્તાંત કહે? કેમકે મિત્રાઇ તો પોતાનું અને પરનું વૃત્તાંત કહેવાથી તથા પૂછવાથીજ સાર્થક થાય છે. ॥ ૩૭ ॥

सोऽप्यूचे शृणु हे मातः । कुशाग्रपुरवासिनः ॥
सूनुः सुरेंद्रदत्तस्य । श्रेष्टिनो धम्मिलोऽस्म्यहं ॥ ३८ ॥

અર્થ:—ત્યારે તે પણ બોલ્યો કે હે માતાજી તમો સાંભલો? કુશાગ્રપુરમાં રહેનારા સુરેંદ્રદત્ત શેઠનો હું ધમ્મિલ નામનો પુત્ર છું. ।૩૮।

वेश्याव्यसनतः क्षीण—वेश्मवित्तपरिच्छदः ॥
आश्वासितोऽहमुद्याने । मर्तुकामो महर्षिणा ॥ ३९ ॥

અર્થ:—વેશ્યાના વ્યસનથી મારૂં ઘર ધન તથા પરિવાર નાશ પામ્યાં છે, અને તેથી હું આપઘાત કરવાની ઇચ્છાથી વનમાં ગયો હતો, અને ત્યાં એક મહર્ષિએ મને શાંત પાડયો હતો. ॥ ૩૯ ॥

भोगाभिलाषुकस्तस्मा—दुपात्तद्रव्यसंयमः ॥
भ्राम्यन् भूतमठे तत्र । तपस्तेपेऽर्धवत्सरं ॥ ४० ॥

અર્થ:—પછી ભોગોના અભિલાષથી હું દ્રવ્યસંયમ લેઇને ભમતો થકો તે ભુતમઠમાં આવ્યો, અને ત્યાં હું અરધા વર્ષસુધી તપ તપ્યો. ॥ ૪૦ ॥

तदंतर्दिव्यया वाचा । यावत्सप्रत्ययोऽभवं ॥
त्वमाजुहाविथ द्वारे । तावत्संकेतितेव मां ॥ ४१ ॥

અર્થ:—પછી ત્યાં દિવ્ય વાણીથી જેવામાં મને ખાત્રી થઇ તેવામાં સંકેત કરેલીનીપેઠે તેં મને બારણેથી બોલાવ્યો. ॥ ૪૧ ॥

साथोचे वत्स भाग्यैर्न—स्त्वं यः कश्चिदुपागतः ॥
स एवासि प्रमाणं किं । निष्फलैः परिदेवनैः ॥ ४२ ॥

અર્થ:—ત્યારે તેણીએ કહ્યું કે હે વત્સ! અમારાં ભાગ્યોથી તુંજ જે કોઇ મળી આવ્યો તેજ અમારે પ્રમાણભુત છે, હવે ફોકટ પશ્ચાત્તાપ કરવાથી શું થવાનું છે? ॥ ૪૨ ॥

तथा ब्रूयास्तथा कुर्या । दक्ष कालुष्यभागपि ॥
इयं त्वयि प्रसन्ना स्या—च्छरदीव नदी यथा ॥ ४३ ॥

અર્થ:—માટે હે દક્ષ! હવે તું એવી રીતે બોલજે તથા કરજે કે જેથી આ દુભાયેલી એવી પણ મારી પુત્રી શરદઋતુમાં નદીની પેઠે તારાપ્રતે પ્રસન્ન થાય ॥ ૪૩ ॥

धम्मिलः स्माह सेत्स्यंति । मम सर्वे मनोरथाः ॥
सत्कर्मपरिणत्येव । त्वया मातः प्रसन्नया ॥ ४४ ॥

અર્થ:—ત્યારે ધમ્મિલ બોલ્યો કે હે માતાજી! સત્કર્મની પરિણતિનીપેઠે જો તમો મારાપર પ્રસન્ન થશો તો મારા સર્વ મનોરથો સિદ્ધ થશે. ॥ ૪૪ ॥

एवं मिथः कथाक्षिप्त—हृद्भ्यां ताभ्यां तमस्विनी ॥
क्षीणैव ददृशे साकं । कमलायाः प्रमीलया ॥ ४५ ॥

અર્થ:—એવી રીતે પરસ્પર કથામાંજ લીન થયેલા મનવાળા એવા તેઓ બન્નેએ રાત્રિને ક્ષય પામેલી જોઇ, અને તે સાથે કમલાની નિદ્રા પણ નષ્ટ થઇ. ॥ ૪૫ ॥

ग्रामाधिपमथापृच्छ्य । प्रातस्ताभ्यामधिष्टितं ॥
रथं सोऽचालयच्चंपा–ध्वनि ध्वनितभूतलं ॥ ४६ ॥

અર્થ:—પછી તે ગામના ઠાકોરની રજા લેઇને પ્રભાતે તેઓ બન્નેથી અધિષ્ટિત થયેલા રથને, પૃથ્વીને શબ્દવાળી કરતોથકો ચંપા નગરીને માર્ગે ચલાવવા લાગ્યો. ॥ ૪૬ ॥

उत्तालतालहिंतालं । स्फुरच्छंबरडंबरं ॥
दारुणोदारभूदार—मनेकानेकपाकुलं ॥ ४७ ॥

અર્થ:—પછી તે ઉંચાં તાલ અને હિંતાલનાં વૃક્ષવાળાં, કુદતા સાબરોના આડંબરવાળા, ભયંકર મોટા ઘોરખોદાંવાળા, અનેક હાથીઓથી વ્યાકુલ થયેલા, ॥ ૪૭ ॥

निःशूकदंदशूकाली—कालीकृतमहीतलं ॥
प्रभूतभूतसंचारं । कांतारं प्रविवेश सः ॥ ४८ ॥ युग्मं ॥

અર્થ:—નિર્દય સર્પોની શ્રેણિથી શ્યામ થયેલા પૃથ્વીતલવાળા તથા ઘણા ભુતોના સંચારવાળા એવા વનમાં તે દાખલ થયો. ॥૪૮॥

तत्रायमभिसर्पंतं । सर्पं सर्पमिवांगिनं ॥
उत्सारिणीभिर्विद्याभि-र्दूरे रज्जुमिव व्यधात् ॥ ४९ ॥

અર્થ:—ત્યાં દેહધારી અહંકારસરખા સામે થતા સર્પને ઉત્સારિણી વિદ્યાથી દોરીનીપેઠે તેણે દૂર ફેંકી દીધો. ॥ ૪૯ ॥

अग्रतोऽसौ गतोऽमान—मानुषामिषलोलुपं ॥
मूर्त्यंतरमिव प्रेत-पतेर्व्याघ्रं निरैक्षत ॥ ५० ॥

અર્થ:—પછી અગાડી ચાલતાં તેણે ઘણા મનુષ્યોના માંસના લોલુપી તથા યમની જાણે બીજી મૂર્તિજ હોય નહિ એવા એક વાઘને જોયો. ॥ ૫૦ ॥

उद्भूतकेसरसटं । तं व्यात्तवदनोदरं ॥
मंत्रैः स मृगतां निन्ये । सुखे क्लेशं करोति कः ॥ ५१ ॥

અર્થ:—ઉંચી કરેલી કેશવાળીવાળા તથા વિસ્તારેલ મુખવાળા એવા તે વાઘને તેણે મંત્રોથીજ હરિણસરખો બનાવી દીધો, કેમકે સુખસાધ્ય કાર્યમાટે વળી કોણ કલેશ ઉઠાવે? ॥ ૫૧ ॥

पुरश्चरन्निरैक्षिष्ट । प्रवहन्मदनिर्भरं ॥
गजं स जंगमं शैल—मिव प्रबलदंतकं ॥ ५२ ॥

અર્થ:—પછી આગળ ચાલતાં તેણે ઝરતા મદના સમુહવાળા, જંગમ પર્વતસરખા અને મોટા દાંતોવાળા એક હાથીને જોયો. ॥૫૨॥

उत्तालं व्यालमालोक्य । भीते एते उभे अपि ॥
स स्माह साहसी क्रीडा—रसो मम निरीक्ष्यतां ॥ ५३ ॥

અર્થ:—એવા ઉંચા હાથીને જોઇને તે બન્ને સ્ત્રીઓ ડરી ગઇ, ત્યારે તે હિંમતી ધમ્મિલે તેઓને કહ્યું કે તમો મારી રમતનો રસ તો જુઓ? ॥ ૫૩ ॥

सज्जांगोऽथ समुत्तीर्य । रथतः स महाभटः ॥
मल्लोमल्लमिवाह्वास्त । कुंजरं नरकुंजरः ॥ ५४ ॥

અર્થ:—પછી તે પુરૂષોમાં હાથી સરખો સુભટ સજ્જ થઇ રથથી નીચે ઉતરીને એક મલ્લ જેમ બીજા મલ્લને તેમ તે હાથીને પડકારવા લાગ્યો. ॥ ૫૪ ॥

क्रुधाभिधावतस्तस्य । पुरतः स निचिक्षिपे ॥
संव्यानं मस्तकारोहा—त्सापराधमिव स्वकं ॥ ५५ ॥

અર્થ:—પછી જ્યારે ક્રોધથી તે હાથી તેની સામે દોડયો ત્યારે ધમ્મિલે મસ્તકપરથી જાણે અપરાધી હોય નહિ તેમ પોતાનો ફેંટો તે હાથીની સામે ફેંકયો. ॥ ૫૫ ॥

सिंधुरे शत्रुवत्तत्र । शुंडां कुंडलयत्यसौ ॥
दंतोर्दत्तपदः स्कंधं । तस्यारोहन्नृकेसरी ॥ ५६ ॥

અર્થ:—ત્યારે હાથી શત્રુનીપેઠે જ્યારે પોતાની સુંઢ તે ફેંટાપર વીંટાળવા લાગ્યો ત્યારે માણસોમાં કેસરીસિંહસમાન ધમ્મિલ તેના બન્ને દાંતોપર પગ મુકીને તેના મસ્તકપર ચડી ગયો. ॥ ૫૬ ॥

योगिनीव स्थिरीभूय । तस्मिन् पृष्टमधिष्टिते ॥
उल्लुलन्नारटन् धावं—श्चिरं तस्थौ मतंगजः ॥ ५७ ॥

અર્થ:—પછી યોગીનીપેઠે સ્થિર થઇને જ્યારે તે તેની પીઠપર બેઠો ત્યારે તે મહોન્મત્ત હાથી ઘણા વખતસુધી કુદવા, બુમો મારવા તથા દોડવા લાગ્યો. ॥ ૫૭ ॥

वृथा व्यापारयामास । तस्मिन् क्रूरः करं करी ॥
मालारूढमिव क्ष्मास्थो । न तु शक्तोऽप्यवाप तं ॥ ५८ ॥

અર્થ:—વળી તે ક્રૂર હાથી તેનાપ્રતે ફોકટ પોતાની સુંઢ ઉછાળવા લાગ્યો, પરંતુ મજલાપર ચડેલા માણસને જેમ જમીનપર રહેલો માણસ તેમ તે તેને પહોંચી શકયો નહિ. ॥ ૫૮ ॥

स चिरं खेदयित्वैवं । दैवदुष्टमिव द्विपं ॥
मुक्त्वा च स्वरथं भेजे । गजः सोऽपि पलायितः ॥ ५९ ॥

અર્થ:—એવી રીતે તે દુર્ભાગી હાથીને ઘણો વખત ખેદ આપીને તથા પછી તેને છોડીને ધમ્મિલ પોતાના રથમાં બેઠો અને તે હાથી પણ ત્યાંથી નાશી ગયો. ॥ ૫૯ ॥

पुरः संचरतस्तस्य । प्रादुरासीद्दुराशयः ॥

गवलः कवलोपात्त—हरिणस्तृणलीलया ॥ ६० ॥

અર્થ:—પછી આગળ ચાલતા દુષ્ટ આશયવાળો તથા ઘાસનીપેઠે કોળીઆ તરીકે ઉપાડેલ છે હરિણ જેણે એવો એક પાડો પ્રગટ થયો.

तं वीक्ष्य रोषरक्ताक्षं । वाजिनौ यमवाहनं ॥

तस्य त्रसितुमुत्कर्णौ । बद्धावपि बभूवतुः ॥ ६१ ॥

અર્થ:—રોષથી લાલ આંખોવાળા તે યમના વાહન પાડાને જોઇને તેને ડરાવવામાટે બાંધેલા ઘોડા પણ ઉંચા કાનવાળા થયા.

अवमुक्तरथः पश्चाद् । भूत्वास्य तुरगद्विषः ॥

सिंहनादं तनोतिस्म । स तथा सिंहविक्रमः ॥ ६२ ॥

અર્થ:—હવે સિંહસરખા પરાક્રમવાળા તે ધમ્મિલે રથપરથી ઉતરી તે પાડાની પાછલ પડીને એવો તો સિંહનાદ કર્યો કે, ॥ ૬૨ ॥

अकस्मात्प्राप्तपारींद्र—शंकया स रजस्वलः ॥

यथा नाजीगणन्नश्यन् । गर्त्तावर्त्तादिकं हि सः ॥ ६३ ॥

અર્થ:—અકસ્માત આવેલા સિંહની શંકાથી તે દુષ્ટ પાડો એવી રીતે તો ભાગ્યો કે નાશતાંથકાં તેણે ખાડા તથા ભમરીયાઆદિકની પણ દરકાર કરી નહિ. ॥ ૬૩ ॥

दुष्टानप्युरगद्वीपि—मातंगमहिषानसौ ॥

न जघान समर्थोऽपि । जैनाः प्रायेण सदयाः ॥ ६४ ॥

અર્થ:—દુષ્ટ એવા પણ સર્પ, વાઘ, હાથી તથા પાડાને પોતે સમર્થ છતાં પણ તેણે માર્યાં નહિ, કેમકે જૈન લોકો પ્રાયેં કરીને દયાલુ હોય છે. ॥ ૬૪ ॥

ततः स पुरतो गच्छ—न्नतुच्छायुधशालिनः ॥

चौरानापततोऽनेका—न्निभाल्यैवं व्यभावयत् ॥ ६५ ॥

અર્થ:—પછી તે આગલ ચાલતોથકો મોટાં હથિયારથી શોભતા અનેક ચોરોને સામા આવતા જોઇને વિચારવા લાગ્યો કે, ॥ ૬૫ ॥

किमुत्थिता भुवं भित्वा । किं वा व्योम्नश्च्युता अमी ॥

किं वा संमूर्च्छिमा ह्येते । तावंतो गर्भजाः कथं ॥ ६६ ॥

અર્થ:—શું આ પૃથ્વીને ભેદીને નિકલ્યા છે? અથવા આકાશમાંથી ખર્યા છે? અથવા સંમૂર્છિમો છે? કેમકે ગર્ભજ તો આટલા ક્યાંથી હોય? ॥ ૬૬ ॥

जातिहीनैरनात्मज्ञै—र्भषद्भिर्विरसस्वरं ॥
सर्वतोऽवेष्ट्यत स तै—र्वराह इव कुक्कुरैः ॥ ६७ ॥

અર્થ:—પછી કુતરાઓ જેમ ડુક્કરને તેમ હીનજાતિવાળા બુદ્ધિવિનાના અને કટુ શબ્દો બોલનારા એવા તે ચોરોએ તેને ચારે કોરથી ઘેરી લીધો. ॥ ૬૭ ॥

रथोत्तीर्णः स विस्तीर्ण—यमदंडानुकारिणा ॥
आहत्य लगुडेनैकं । मलिम्लुचमपातयत् ॥ ६८ ॥

અર્થ:—ત્યારે તે ધમ્મિલે રથપરથી ઉતરીને વિસ્તીર્ણ યમદંડ સરખી ડાંગવડે એક ચોરને મારીને નીચે પાડી નાખ્યો. ॥ ૬૮ ॥

तमेव भ्रमयन् दंडं । स चौरानितरानपि ॥
त्रासयामास काकोला—निव कोलाहलाकुलान् ॥ ६९ ॥

અર્થ:—પછી તેજ દંડને ભમાવતો થકો કાગડાઓનીપેઠે કોલાહલ કરતા બીજા ચોરોને પણ ત્રાસ આપવા લાગ્યો. ॥ ૬૯ ॥

नश्यंतस्ते जहुर्वर्म—धर्मशक्तिशरादिकं ॥
व्याधेनाकुलिताः पिच्छ—गुच्छं सर्पाशना इव ॥ ७० ॥

અર્થ:—ત્યારે પારાધીથી વ્યાકુલ થયેલા મયૂરો જેમ પીંછાઓના ગુચ્છાને તેમ તે નાશતા ચોરો ( પોતાનાં ) બખતર, ધનુષ, ભાલાં તથા બાણઆદિક ( ત્યાં ) છોડી ગયા. ॥ ૭૦ ॥

स बभ्रे त्रसितस्तेन—मुक्तैः स्वरथमायुधैः ॥
धुतवल्लीच्युतैः पुष्पैः । करंडमिव मालिकः ॥ ७१ ॥

અર્થ:—પછી તે ડરેલા ચોરોએ છોડી દીધેલાં તે હથિયારોથી માલી જેમ કંપાવેલી વેલડીમાંથી ખરેલાં પુષ્પોથી કરંડીઓ તેમ તેણે પોતાનો રથ ભર્યો. ॥ ૭૧ ॥

उदायुधस्तदा चौर—सेनाप्रभुरभूत्पुरः ॥
किरातव्रातमातंक—युक्तमुत्साहयन् युधे ॥ ७२ ॥

અર્થ:—એવામાં ભયભીત થયેલા તે ભિલ્લોના સમુહને યુદ્ધમાટે ઉત્સાહિત કરતોથકો તે ચોરોનો સેનાપતિ હથિયાર ઉગામીને તેની સામે થયો, ॥ ૭૨ ॥

अमुं गृह्णीत गृह्णीत । मा मा नश्यत रे भटाः ॥

मयि जीवति को युष्मान् । जेष्यतीति प्रलापिनः ॥ ७३ ॥

અર્થ:—અને બોલવા લાગ્યો કે અરે સુભટો! તમો આને પકડો પકડો? નાશો નહિ, મારા જીવતા તમોને કોણ જીતી શકે તેમ છે?

तस्य वक्षो महाशक्तिः । शक्त्यस्त्रेण बिभेद सः ॥

द्विरदः स्वरदेनेव । विपक्षपुरगोपुरं ॥ ७४ ॥ युग्मं ॥

અર્થ:—એમ બોલતા તે ચોરોના સેનાપતિની છાતી, હાથી જેમ પોતાના દાંતોથી શત્રુના નગરના દરવાજાને તેમ તે મહાશક્તિવાન ધમ્મિલે ભાલાંથી ભેદી નાખી. ॥ ૭૪ ॥

सेनान्यां वियुजि प्राणै—रमाणैः शबरैर्गतं ॥

छिन्ने हि मस्तके शेषैः । प्रतीकैः का धुरीणता ॥ ७५ ॥

અર્થ:—એવી રીતે તે સેનાપતિ જ્યારે પ્રાણરહિત થયો ત્યારે નિરૂત્સાહી થયેલા તે સઘલા ભિલ્લો નાશી ગયા, કેમકે જ્યારે મસ્તક છેદાઇ જાય ત્યારે બાકીની ઈંદ્રિયો શું કામ કરી શકે? ॥ ૭૫ ॥

सोऽथ स्वं चालयामास । जितकाशी पुरो रथं ॥

चक्रे च तद्गुणश्लाघां । विमला कमलांप्रति ॥ ७६ ॥

અર્થ:—પછી તે વિજયી ધમ્મિલે પોતાનો રથ આગળ ચલાવ્યો, ત્યારે વિમલા કમલાપ્રતે તેના ગુણોની પ્રશંસા કરવા લાગી કે, ૭૬

वत्से शौर्यकलैवास्य । वक्ति महाकुलीनतां ॥

प्रभवः कौस्तुभस्य स्या—न्न हि रत्नाकरं विना ॥ ७७ ॥

અર્થ:-હે વત્સ! આની આ શૂરતાની કલાજ આનું મહાકુલીનપણું જણાવે છે, કેમકે રત્નાકરવિના કૌસ્તુભમણિની ઉત્પત્તિ સંભવે નહિ.

असौ कलाबलान्नूनं । मानं दूरेऽपि लप्स्यते ॥

त्वमत्र द्वेषमापन्ना । स्वं क्लेशयसि केवलं ॥ ७८ ॥

અર્થ:—ખરખર આ ધમ્મિલ પોતાની કળાના બળથી આગલ પણ માન મેલવશે, અને તું જો તેનાપ્રતે દ્વેષ રાખીશ તો કેવલ તું પોતાના આત્માને કલેશમાં નાખીશ. ॥ ૭૮ ॥

पौंस्त्वे महाबले लोल—स्वभावे चालनोद्यते ॥

वल्लीव नंदत्यबला । निराधारा कियच्चिरं ॥ ७९ ॥

અર્થ:—ચપલ સ્વભાવવાળો કામરૂપી વાયુ જ્યારે ચલાવવા માંડે ત્યારે વલ્લીનીપેઠે નિરાધાર અબલા કેટલોક કાળ નભી શકે? ॥૭૯॥

अभर्तृभाजनाधारां । राद्धं भक्तमिव स्त्रियं ॥
कदर्थयंति दुर्वाराः । पुत्रि पल्लविकद्विकाः ॥ ८० ॥

અર્થઃ—વળી હે પુત્રી! ભર્તારરૂપી ભાજનના આધારવિનાની રાંધેલા અન્નસરખી સ્ત્રીને દુઃખે અટકાવી શકાય એવા લફંગારૂપી કાગડાઓ કદર્થના કરે છે. ॥ ૮૦ ॥

तत्त्वं पुत्रि समर्थापि । पुंसः स्त्रीकारमर्हसि ॥
अपेक्षते जात्यमणि—रपि स्वर्णपरिग्रहं ॥ ८१ ॥

અર્થઃ—માટે હે પુત્રી! તું સમર્થ છતાં પણ તારે પુરૂષનો સ્વીકાર કરવો લાયક છે, કેમકે ઉમદું મણિ પણ સ્વર્ણના સ્વીકારની અપેક્ષા રાખે છે. ॥ ૮૧ ॥

त्वयैक्षि धम्मिलो यः स । रूपवानेव केवलं ॥
चेद्गुणेष्वनुरक्तासि । गुणज्ञे तदमुं वृणु ॥ ८२ ॥

અર્થઃ—વળી તેં જે ધમ્મિલને જોયો છે તે કેવલ રૂપવાનજ છે, માટે હે ગુણજ્ઞ! જો તું ગુણોમાં રાગવાળી હો તો આ ધમ્મિલને વર?

इत्यस्या वचनैः स्वादु—शीतलैः सलिलैरिव ॥
श्रवःप्रविष्टैर्मूर्द्धानं । धुन्वती कमला जगौ ॥ ८३ ॥

અર્થઃ—એવી રીતના તેણીના સ્વાદિષ્ટ અને જલસરખાં શીતલ વચનો કર્ણમાં જવાથી મસ્તક ધુણાવતી કમલા બોલી કે, ॥ ૮૩ ॥

मन्ये विस्मृतशीलासि । मातरासन्नवार्धका ॥
अस्य नाम निषिद्धापि । यत् श्रावयसि मां सदा ॥ ८४ ॥

અર્થઃ—હે માતા! હું ધારૂં છું કે ઘડપણ નજીક આવ્યાથી તું શીલને વિસરી ગઇ છું, કેમકે તને નિષેધ કર્યા છતાં તું મને આનું નામ હમેશાં સંભલાવ્યા કરે છે. ॥ ૮૪ ॥

किं वच्मि पुण्यहीनाहं । यास्मि दैवेन वंचिता ॥
प्रदर्श्य सुमनःशालं । ददता कलिपादपं ॥ ८५ ॥

અર્થઃ—હું શું કહું? ખરેખર હું પુણ્યહીન છું, કેમકે દૈવે મને કલ્પવૃક્ષ દેખાડીને કલેશરૂપી વૃક્ષ આપીને ઠગી છે. ॥ ૮૫ ॥

सुपात्रे वा कुपात्रे वा । निर्विशेषाग्रहा हहा ॥
रसज्ञा न हि किं तूर्वी । दर्वी जिह्वा मुखे तव ॥ ८६ ॥

અર્થઃ—અરેરે! સુપાત્ર અથવા કુપાત્રના તફાવતને નહિ જાણનારી આ તારા મુખમાં રહેલી જીભ રસ જાણનારી નથી, પરંતુ ફક્ત ચાટવી (કડછી) સરખી છે. ॥ ૮૬ ॥

नामाप्यस्य न मे प्रीति—कारि दूरेऽस्तु दर्शनं ॥
धूमोऽप्युद्वेजको वह्ने—रस्त्वालिंगनमंगिनां ॥ ८७ ॥

અર્થઃ—આ ધમ્મિલનું નામ પણ મને પ્રીતિ કરનારૂં નથી, ત્યારે તેનું દર્શન તો દૂર રહ્યું, કેમકે અગ્નિનો ધૂમાડો પણ પ્રાણીઓને જ્યારે કંટાળો આપનારો છે, ત્યારે તેના સ્પર્શની તો વાતજ શું કરવી?

गर्हास्थानं हि गार्हस्थ्यं । मातः कुपुरुषैः सह ॥
कंटकैरेव विद्धयंमे । बब्बूलद्रुममाश्रिताः ॥ ८८ ॥

અર્થઃ—માટે હે માતા! કુપુરૂષોસાથે કરેલો ગૃહસ્થાવાસ નિંદવા લાયક છે, કેમકે જેઓ બાવળના વૃક્ષનો આશ્રય કરે છે તેઓ કાંટાઓથીજ વિંધાય છે. ॥ ૮૮ ॥

सभर्तृका अपि परै—र्धृष्याः स्युरधरस्त्रियः ॥
सेव्यंते तरुणालीढा । अपि भृंगैर्लता न किं ॥ ८९ ॥

અર્થઃ—ભર્તારવાળી એવી પણ બીજી નાદાન સ્ત્રીઓને પરપુરૂષો હેરાન કરે છે, કેમકે વૃક્ષને વળગેલી વેલડીને પણ શું ભમરાઓ સેવતા નથી? ॥ ૮૯ ॥

नैकाकिन्यपि जीयेत । सात्विकी स्त्री क्वचित्पुनः ॥
एकापि श्वापदौघेन । व्याघ्री जेघ्रीयतेऽपि किं ॥ ९० ॥

અર્થઃ—પરંતુ હિંમતવાન સ્ત્રીને એકલી છતાં પણ પરપુરૂષો હેરાન કરી શકતા નથી, કેમકે એકલી વાઘણ પણ શું પશુઓના સમુહથી જીતાય છે? ॥ ૯૦ ॥

शीलवत्या महासत्या । मातश्चिंतय साहसं ॥
क्रूरानपि नृपादीन् या । रंकवन्निरभर्त्सयत् ॥ ९१ ॥

અર્થઃ—વળી હે માતા! તું મહાસતી શીલવતીની હિંમતનો વિચાર કર? કે જેણીએ ક્રૂર એવા રાજાઆદિકોને પણ નિભ્રંછી નાખ્યા છે. ॥ ૯૧ ॥

द्वीपेऽत्र भरते क्षेत्रे । मध्यमंडलमंडनं ॥
लक्ष्मीनिवासमित्यस्ति । नगरं प्रीतनागरं ॥ ९२ ॥

અર્થઃ—આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મધ્યમંડલને શોભાવનારૂં અને ખુશ થયેલા પુરજનવાલું લક્ષ્મીનિવાસ નામે નગર છે. ॥૯૨॥

स्थानं हारिविहाराग्रे । प्राप्य प्रमुदिता इव ॥
ननृतुः किंकिणीनादा—नुगं यत्रानिशं ध्वजाः ॥ ९३ ॥

અર્થ:—મનોહર મંદિરોના અગ્રભાગમાં સ્થાન મેલવીને જાણે ખુશ થઇ હોય નહિ તેમ જ્યાં હમેશાં ધ્વજાઓ ઘુઘરીઓના નાદને અનુસરતું નૃત્ય કરતી હતી. ॥ ૯૩ ॥

राजारिमर्दनस्तत्र । सुत्रामेव त्रिविष्टपे ॥
छेकः परबलोच्छेदे । चक्रे राजन्वतीः प्रजाः ॥ ९४ ॥

અર્થઃ—દેવલોકમાં જેમ ઇંદ્ર તેમ ત્યાં અરિમર્દન નામે રાજા હતો, કે જેણે હુશિયારીથી શત્રુના લશ્કરનો નાશ કરીને પ્રજાને જાહોજલાલીવાળી કરી હતી. ॥ ૯૪ ॥

कामं पूरयता विश्व-कामितान्यमितौजसा ॥
निराशो नवरं तेन । तेने स्तेनासतीगणः ॥ ९५ ॥

અર્થ:—તે મહાપ્રતાપી રાજાએ જગતના મનોવાંછિતો સારી રીતે સંપૂર્ણ કર્યાં હતાં, પરંતુ એટલું વિશેષ કે તેણે ચોરો તથા કુલટા સ્ત્રીઓના સમુહને નિરાશ કર્યા હતા. ॥ ૯૫ ॥

इभ्यः सागरदत्तोऽभू-त्तत्र श्रीद इव श्रिया ॥
संख्यानं तानवं निन्ये । परार्ध्यमपि यद्धनैः ॥ ९६ ॥

અર્થ:—ત્યાં લક્ષ્મીથી કુબેરસરખો સાગરદત્ત નામે શેઠ હતો, કે જેના ધને પરાર્ધની સંખ્યાને પણ સૂક્ષ્મ કરી નાખી હતી. ॥ ૯૬ ॥

विनयश्रीरिति ख्याता । नयश्रीरिव देहिनी ॥
स्थेयसी मेरुचूलेव । प्रेयसी तस्य चाभवत् ॥ ९७ ॥

અર્થ:—તેને દેહધારી નયલક્ષ્મીસરખી તથા મેરૂની શિખરપેઠે સ્થિર એવી વિનયશ્રી નામની પ્રખ્યાત સ્ત્રી હતી. ॥ ૯૭ ॥

समुद्र इव गंभीरो । न पुनर्जडिमालयः ॥
समुद्रदत्त इत्यासी—त्तयोः पुत्रः पवित्रधीः ॥ ९८ ॥

અર્થ:—સમુદ્રનીપેઠે ગંભીર, પરંતુ જડતાના સ્થાનવિનાનો એવો તેઓને પવિત્ર બુદ્ધિવાળો સમુદ્રદત્ત નામે પુત્ર હતો. ॥ ૯૮ ॥

शशिनः स्पर्धया वर्ध—मानः प्राप्तोऽखिलाः कलाः ॥
अवाप पुष्पचापस्य । सवयः स वयः क्रमात् ॥ ९९ ॥

અર્થ:—તે વૃદ્ધિ પામતોથકો ચંદ્રની સ્પર્દ્ધાથી સર્વ કલાઓ મેલવીને અનુક્રમે કામદેવના મિત્રસરખી વયને પ્રાપ્ત થયો. ॥ ૯૯ ॥

भोगयोग्योऽथ तातेन । महोत्सवपुरस्सरं ॥

पर्यणार्यींद्रदत्तेभ्य—पुत्रीं शीलवतीति सः ॥ २५०० ॥

અર્થ:—ત્યારે તેને ભોગોને યોગ્ય જાણીને પિતાએ મહોત્સવપૂર્વક ઈંદ્રદત્ત શેઠની શીલવતી નામની પુત્રી સાથે પરણાવ્યો. ॥૨૫૦૦॥

पितुः प्रसादान्निश्चिंतः । सततं स तया सह ॥

तृतीयपुरुषार्थस्य । रसनिःस्यंदमन्वभूत् ॥ १ ॥

અર્થ:—પછી પિતાની કૃપાથી તે નિશ્ચિંત થઈને હમેશાં તેણીની સાથે ત્રીજા પુરૂષાર્થના રસના ઝરણાને અનુભવવા લાગ્યો. ॥ ૧ ॥

अथ तस्य पिता पश्यन् । जरामासेदुषीमिति ॥

अधीतविस्मृतमिवा—वसाने व्यमृशन्निशः ॥ २ ॥

અર્થ:—હવે તેનો પિતા ઘડપણને નજીક આવતું જોઈને અભ્યાસબાદ જાણે વિસરી ગયો હોય નહિ તેમ રાત્રિને છેડે વિચારવા લાગ્યો કે, ॥ ૨ ॥

अहो सुरक्षितमपि । क्षीयमाणं क्षणे क्षणे ॥

अंजलिस्थं जलमिव । निष्टामायुरियाय मे ॥ ३ ॥

અર્થ:—અહો! સારી રીતે રક્ષણ કર્યા છતાં પણ અંજલિમાં રહેલાં જલનીપેઠે ક્ષણે ક્ષણે નાશ પામતું મારૂં આયુ ખલાસ થવા આવ્યું છે. ॥ ૩ ॥

इदं कृतमिदं कृत्य—मिति ध्यायंत एव हि ॥

आक्रांताः स्मः कथं वैरि—धाटयेव जरयानया ॥ ४ ॥

અર્થ:—અરે! અમોએ આ કર્યું, હજુ આ કરવાનું છે, એમ હજુ જ્યાં અમો વિચારીએ છીએ તેવામાંજ વૈરીઓની ધાડનીપેઠે આ જરાએ અમોને ઘેરી લીધા છે. ॥ ૪ ॥

ध्वस्तं रूपं बलं लुप्तं । रुद्धः कंठो हृता रदाः ॥

जरेयताप्यतुष्टा मे । चेतनामपि लिप्सते ॥ ५ ॥

અર્થ:—મારૂં રૂપ નષ્ટ કર્યું, બલ લોપી નાખ્યું, કંઠ રોકી દીધો તથા દાંતો પાડી નાખ્યા, એટલાથી પણ સંતોષ ન પામીને આ જરા મારી ચૈતન્યશક્તિને પણ લેઈ લેવા ઈચ્છે છે. ॥ ૫ ॥

हरित्केशांकुरान् पाक—पांडुरांस्तन्वती जरा ॥

तृष्णां संवर्द्धयत्येव । चैत्रातपसहोदरा ॥ ६ ॥

અર્થઃ—ચૈત્રમાસના તાપ સરખી આ જરા કેશોરૂપી લીલા અંકુરાઓને પાકવાથી પાંડુર બનાવીને ઉલટી તૃષ્ણાને વધારે છે. ॥ ૬ ॥

तदस्ति यावदायुर्मे । पारं तारुण्यवारिधेः ॥
परलोकहितं किंचि—त्तावत्कुर्वे समाहितः ॥ ७ ॥

અર્થ—માટે યુવાવસ્થારૂપી સમુદ્રના કિનારાસરખું જ્યાંસુધી મારૂં આયુ છે, ત્યાંસુધી હું સુખેસમાધે કંઇક પરલોકનું હિત કરૂં, ॥ ૭ ॥

मया श्रियोऽर्जनाद्भोगा—च्चार्थकामौ कृतार्थितौ ॥
अथैतद्द्रव्यमूलस्य । धर्मस्यावसरो मम ॥ ८ ॥

અર્થઃ—મેં લક્ષ્મી ઉપાર્જન કરીને અર્થ તથા કામને તો કૃતાર્થ કર્યા છે, હવે આ દ્રવ્યના મૂલરૂપ ધર્મકાર્ય કરવાનો મારો અવસર છે. ॥ ૮ ॥

प्रयाणेऽप्यल्पकालीने । जनाः कुर्वंति सत्वणां ॥
परलोकप्रयाणे किं । निश्चिता हंत जंतवः ॥ ९ ॥

અર્થઃ—સ્વલ્પ કાલની મુસાફરીમાટે પણ લોકો જ્યારે સગવડ કરે છે, ત્યારે અરેરે! પરલોકની મુસાફરીમાટે પ્રાણીઓ કેમ બેદરકાર રહેતા હશે! ॥ ૯ ॥

सामान्यरिपुभीत्यापि । न निद्रांति सुखं जनाः ॥
नित्यं मृत्युरिपुः पार्श्वे । मूढाः स्वस्थास्तथाप्यहो ॥ १० ॥

અર્થઃ—જ્યારે સાધારણ શત્રુના ભયથી પણ લોકો સુખે નિંદ્રા કરી શકતા નથી, ત્યારે આ મૃત્યુરૂપી શત્રુ હમેશાં પાસે રહ્યા છતાં પણ મૂર્ખ લોકો સ્વસ્થ થઇ બેસી રહે છે. ॥ ૧૦ ॥

तद्यावन्न जराभ्येति । तावन्निजहिते यते ॥
न पालिः शक्यते बध्धुं । पयःपूरे प्रसर्पति ॥ ११ ॥

અર્થઃ—માટે જ્યાંસુધીમાં આ જરા ન આવી પહોંચે ત્યાંસુધીમાં હું મારા હિતમાટે પ્રયત્ન કરૂં, કેમકે જલનું પૂર આવ્યા પછી પાળ બાંધી શકાતી નથી. ॥ ૧૧ ॥

इति निश्चित्य स ज्ञाती—नापृच्छ्य तदनुज्ञया ॥
कुटुंबभारं तनवे । धुरंधर इव न्यधात् ॥ १२ ॥

અર્થઃ—એમ નિશ્ચય કરીને તે શેઠે પોતાના સંબંધીઓની રજા લેઇને તેમની અનુમતિથી વૃષભ પર જેમ તેમ પોતાના પુત્રપ્રતે કુટુંબનો ભાર સ્થાપન કર્યો. ॥ ૧૨ ॥

स्वयं च भवनिर्वृत्तेः । कर्ममर्माविधं बुधः ॥
सुगुरुभ्यस्तदा दीक्षा—माददे पारमेश्वरीं ॥ १३ ॥

અર્થ:—પછી તે બુદ્ધિવાન શેઠે સંસારથી વિરક્ત થઇને સુગુરૂ- પાસેથી કર્મોના મર્મસ્થાનને ભેદનારી જૈનદીક્ષા ગ્રહણ કરી. ॥૧૩॥

तप्यमानस्तपस्तीव्रं । दूरयन् दुरितानि सः ॥
उपात्तपुण्यपाथेयः । सौधं भेजे सुधाभुजां ॥ १४ ॥

અર્થ:—પછી તે તીવ્ર તપ તપતોથકો અને પાપોને દૂર કરતોથકો પુણ્યરૂપી ભાતું મેલવીને દેવલોકમાં ગયો. ॥ ૧૪ ॥

धुरं समुद्रदत्तोऽपि । पैत्रिकीं पितृवद्दधौ ॥
पितुस्तुल्या हि सत्पुत्रा । न बीजादसदक्फलं ॥ १५ ॥

અર્થ:—હવે સમુદ્રદત્તે પણ પિતાનીપેઠેજ પોતાના પિતાની પદવી ધારણ કરી, કેમકે ઉત્તમ પુત્રો પિતાસરખાજ હોય છે, કારણકે બીજથી ફળ ભિન્ન પડતું નથી. ॥ ૧૫ ॥

अथान्येद्युरसौ प्रात—र्जातनिद्रात्ययः श्रियं ॥
समर्जयितुमूर्जस्वि—मना एवमचिंतयत् ॥ १६ ॥

અર્થ:—પછી એક દિવસે પ્રભાતમાં નિદ્રા ઉડયાબાદ હિંમતી મનવાળા તે સમુદ્રદત્તે ધન કમાવામાટે વિચાર્યું કે, ॥ ૧૬ ॥

कोटिशोऽस्ति गृहे द्रव्यं । तातपादैरुपार्जितं ॥
मातुःस्तन्यमिवेदानीं । तन्न भोगोचितं मम ॥ १७ ॥

અર્થ:—ઘરમાં તો મારા પિતાજીએ ઉપાર્જન કરેલું ક્રોડોગમે દ્રવ્ય છે, પરંતુ માતાના સ્તન્યનીપેઠે હવે મારે તે ભોગવવાલાયક નથી.

सुकरौ दानभोगौ स्तो । जनकोपार्जितश्रियः ॥
न तत्र गर्वं कुर्वंति । स्वबाहुबलशालिनः ॥ १८ ॥

અર્થ:—વળી પિતાએ મેળવેલી લક્ષ્મીના દાન અને ભોગ સહેલા છે. પરંતુ પોતાના ભુજાબલથી શોભતા પુરૂષો તે માટે ગર્વ કરતા નથી. ॥ ૧૮ ॥

विदेशमपि गत्वा त—दर्जयिष्याम्यहं धनं ॥
गृहहट्टगतायातै—र्भवेदाजीविकैव यत् ॥ १९ ॥

અર્થ:—માટે પરદેશમાં પણ જઇને હું ધન ઉપાર્જન કરીસ, કેમકે ઘર અને દુકાનવચ્ચે જવા આવવાથી તો માત્ર આજીવિકાજ ચાલે છે. ॥ ૧૯ ॥

एवं स मांसलोत्साहो । देशांतरयियासया ॥
प्रियां शीलवतीं शील—शालिनीमन्वजिज्ञपत् ॥ २० ॥

અર્થ:—એવી રીતે તે અત્યંત ઉત્સાહી થઇને દેશાંતર જવાની ઇચ્છાથી પોતાની શીલથી શોભિતી શીલવતી નામની સ્ત્રીની સલાહ લેવા લાગ્યો. ॥ ૨૦ ॥

ततः शीलवती प्रोचे । क्षरदश्रुविलोचना ॥
नाथ त्वद्विरहं सोढुं । न समर्थास्मि सर्वथा ॥ २१ ॥

અર્થ:—ત્યારે શીલવતી આંખોમાંથી આંસુ પાડતીથકી બોલી કે, હે નાથ! હું આપનો વિયોગ સહન કરવાને સર્વથા અસમર્થ છું.

वरं वह्निरसंदेहं । देहं दहति यो द्रुतं ॥
नित्यमंतर्ज्वलंश्छन्नो । न पुनर्विरहानलः ॥ २२ ॥

અર્થ:—અગ્નિ સારો કે જે સંશયવિના શરીરને જલદી બાળી નાખે, પરંતુ હમેશાં અંત:કરણમાં ગુપ્ત રીતે બળતો એવો વિરહરૂપી અગ્નિ સારો નહિ. ॥ ૨૨ ॥

आपाणिपीडनात्प्रौढिं । प्राप्तो यः प्रेमपादपः ॥
भवद्दृष्टिसुधावृष्टिं । विना मंक्षु स शुष्यति ॥ २३ ॥

અર્થ:—છેક વિવાહના દિવસથી આપણું જે પ્રેમરૂપી વૃક્ષ વૃદ્ધિ પામ્યું છે, તે હવે આપની દૃષ્ટિરૂપી અમૃતની વૃષ્ટિવિના જલદી સૂકાઇ જશે. ॥ ૨૩ ॥

त्वया समं समेष्यामि । स्वामिन्नहं बलादपि ॥
इत्याग्रहैकवाचालां । समुद्रः प्रत्यवोच तां ॥ २४ ॥

અર્થ:—માટે હે સ્વામી! હું તો હઠથી પણ આપની સાથેજ આવીશ, એવી રીતે ફક્ત આગ્રહથીજ બોલતી એવી તે શીલવતીને સમુદ્રદત્તે કહ્યું કે, ॥ ૨૪ ॥

भर्तृचित्तसरोहंसि । प्रत्युत त्वां सहाददे ॥
परं सिरीषमृद्वंग्या । विदेशः क्लेशकृत्तव ॥ २५ ॥

અર્થ:—હે ભર્તારના ચિત્તરૂપી તળાવપ્રતે હંસીસરખી! જો કે તને હું સાથે લેઇ જાઉં, પરંતુ સરસવના પુષ્પસરખી કોમળ શરીરવાળી તું છે, માટે તને પરદેશમાં દુ:ખી થવું પડશે. ॥ ૨૫ ॥

पुरुषः परुषः सर्वं । सहते पथि न स्त्रियः ॥
त्रासेऽपि तासां न त्राणं । किंतु चिंतैव केवलं ॥ २६ ॥

અર્થઃ—પુરૂષ કઠિન હૃદયનો હોવાથી માર્ગમાં સઘલું સહન કરે છે, પરંતુ સ્ત્રીઓ સહન કરી શકતી નથી, ડર વખતે પણ તેઓને કંઇ શરણરૂપ નથી, કેવળ તેઓને ચિંતાજ થયા કરે છે. ॥ ૨૬ ॥

ततस्तिष्ट त्वमत्रैव । त्वयि प्रेमवशंवदः ॥
दूरादपि वलिष्येऽहं । पारापत इव ध्रुवं ॥ २७ ॥

અર્થઃ—માટે તું અહીંજ રહે, હું તારામાં પ્રેમવાળો હોવાથી ખરેખર પારાપતનીપેઠે દૂરથી પણ પાછો વળીશ. ॥ ૨૭ ॥

सदा मयि हृदंतस्थे । का ते विरहभीरुता ॥
मामकीं मा मुचः शिक्षा—मिमां प्रियसखीमिव ॥ २८ ॥

અર્થઃ—વળી તારા હૃદયમાં હું હમેશાં બેઠો છું તો પછી તને વિરહનો ડર શાનો છે? વળી પ્રિય સખીસરખી આ એક મારી શિખામણને તું છોડીશ નહિં. ॥ ૨૮ ॥

कुर्याः प्रेयसि दीनसाध्वतिथिषु स्वस्योचितां सत्क्रियां ।
दानाद्यैः परितोषयेः परिजनं श्वश्रूं च सम्यग्भज ॥
नेपथ्यं परिवर्जयेः परमनोधैर्यापनोदक्षमं ।
प्रायेणावसथे स्व एव निवसेः शीलं परिपालयेः ॥ २९ ॥

અર્થઃ—હે પ્યારી! તું દીન, સાધુ અને અતિથિઓપ્રતે પોતાને ઉચિત સત્કાર્ય કરજે, દાનઆદિકથી પરિવારને સંતુષ્ટ કરજે, તથા સાસુની સમ્યક્ પ્રકારે સેવા કરજે, વળી પરના મનની ધૈર્યતાનો નાશ કરનારાં વસ્ત્રાભૂષણનો ત્યાગ કરજે, તથા પ્રાયેં કરીને પોતાનાજ ઘરમાં રહેજે અને શીલ પાળજે. ॥ ૨૯ ॥

इत्याश्वास्य प्रियां याव—दात्तभांडश्चचाल सः ॥
तावत्सदैन्यमेत्योचे । सोमभूतिः सुहृद्द्विजः ॥ ३० ॥

અર્થઃ—એવી રીતે પોતાની સ્ત્રીને આશ્વાસન આપીને સરસામાન લેઇને જેવામાં તે ચાલવા લાગ્યો, તેવામાં તેનો મિત્ર સોમભુતિ નામનો બ્રાહ્મણ તેની પાસે આવીને બોલ્યો કે, ॥ ૩૦ ॥

प्राप्तौ कदाचिदावां नो । वियोगं जन्मतो मिथः ॥
अधुना त्वं धृतस्नेह—बंधनश्चलितः सखे ॥ ३१ ॥

અર્થઃ—હે મિત્ર! છેક જન્મથી આપણ બન્ને પરસ્પર વિયોગ પામ્યા નથી, પરંતુ સ્નેહબંધનથી બંધાયેલો તું આજે ચાલતો થાય છે.

ह्यद्य यद्यनुजानासि । तत्मतिष्टे त्वया सह ॥
तेनेत्यालापितः श्रेष्टी । प्राह स महसन्मुखः ॥ ३२ ॥

અર્થ:—માટે જો તું કહે તો હું પણ તારીસાથે ચાલું, એવી રીતે તેણે કહ્યાથી શેઠ પણ હસ્તે ચહેરે બોલ્યા કે, ॥ ૩૨ ॥

सखे दुग्धे सिताखंडं । घृतपूरांतरे घृतं ॥
करंभमध्ये कर्पूर—मेलाचूर्णं जलांतरे ॥ ३३ ॥

અર્થ:—હે મિત્ર! જેમ દૂધમાં સાકર, ઘેવરમાં ઘી, કરંભમાં કપૂર, તથા જલમાં જેમ એલચીનું ચુર્ણ, ॥ ૩૩ ॥

यथा तथा प्रतिष्टासौ । मयि तुष्टयै त्वदागमः ॥
विदेशोऽपि स्वदेशः स्या—द्यन्मे संनिहिते त्वयि ॥ ३४ ॥

અર્થ:—તેમ મારી મુસાફરીમાં તારૂં સાથે આવવું મને હર્ષ કરનારૂં છે, કેમકે જો તું મારી સાથે હોઇશ તો પરદેશ પણ મને સ્વદેશ જેવોજ થઈ પડશે. ॥ ૩૪ ॥

एवं समुद्रदत्तेना—भ्यनुज्ञातसहागमः ॥
विप्रः प्रयाणसज्जोऽभु—दहो मैत्र्यमकृत्रिमं ॥ ३५ ॥

અર્થ:—એવી રીતે સમુદ્રદત્તે સાથે આવવાની અનુજ્ઞા દેવાથી તે બ્રાહ્મણ પણ પ્રયાણમાટે તૈયાર થયો, અહો! મિત્રાઇ તો સ્વાભાવિકજ હોય છે! ॥ ૩૫ ॥

प्रमाणयन्निमित्ताद्यं । पश्यन् शकुनसौष्टवं ॥
प्रयाणं विधिवच्चक्रे । समुद्रः शोभने दिने ॥ ३६ ॥

અર્થ:—પછી સમુદ્રદત્તે નિમિત્તઆદિકને પ્રમાણરૂપ ગણીને તથા શુભ શુકન જોઇને શુભ દિવસે વિધિપૂર્વક પ્રયાણ કર્યું. ॥ ૩૬ ॥

पद्ममत्र श्रियः सद्म । नालस्य प्रसरं ददत् ॥
आप्रयाणात्ततोऽत्याजि । तेनाप्यालस्यवश्यता ॥ ३७ ॥

અર્થ:—નાલનો વિસ્તાર આપતું કમલ લક્ષ્મીના સ્થાનરૂપ થાય છે, એમ વિચારીને તેણે પણ પ્રયાણના દિવસથી માંડીને આલસના વશપણાનો ત્યાગ કર્યો. ॥ ૩૭ ॥

अश्रीकमेव स्वपिति । श्रीयुग् जागर्त्ति वारिजं ॥
स वर्त्मनि घनश्रीक । इत्यभून्नित्यजागरः ॥ ३८ ॥

અર્થ:—અશ્રીઃ એટલે વિકસ્વરતારૂપી શોભાવિનાનુંજ કમલ ઉંઘે છે એટલે બીડાઇ જાય છે, પરંતુ શ્રીયુક્ એટલે વિકસ્વર થયેલું કમલ જાગે છે એટલે પ્રફુલ્લિત થાય છે, એમ જાણીને ઘણી લક્ષ્મીવાળો તે સમુદ્રદત્ત પણ માર્ગમાં હમેશાં જાગતો રહેતો હતો. ॥ ૩૮ ॥

एवं मार्गमतिक्राम—न्नविच्छिन्नैः प्रयाणकैः ॥
ययौ यियासितं स्थानं । श्रेष्टिसूः सुहृदा सह ॥ ३९ ॥

અર્થ:—એવી રીતે અવિચ્છિન્ન પ્રયાણથી માર્ગ ઓલંગીને તે શ્રેષ્ઠિપુત્ર મિત્રસહિત મનોવાંછિત સ્થાને પહોંચ્યો. ॥ ૩૯ ॥

तत्र वाणिज्यवैयग्र्याद् । व्रजंतोऽपि न जज्ञिरे ॥
भूयांसो दिवसास्तेन । स्वःप्राप्तेन सुखादिव ॥ ४० ॥

અર્થ:—જેમ દેવલોકમાં ગયેલો પ્રાણી સુખથી તેમ ત્યાં વ્યાપારમાં લીન થવાથી તેણે જતા એવા ઘણા દિવસો પણ જાણ્યા નહિ.

निर्व्यापारः पुनर्विप्रः । सप्ताष्टदिवसात्यये ॥
स्मरन्निजं परिजनं । विजने श्रेष्टिनं जगौ ॥ ४१ ॥

અર્થ:—પરંતુ ત્યાં કંઇ પણ વ્યાપારવિના નવરો બેઠેલો તે બ્રાહ્મણ સાત આઠ દિવસો ગયાબાદ પોતાનું કુટુંબ યાદ આવવાથી એકાંતે શેઠને કહેવા લાગ્યો કે, ॥ ૪૧ ॥

स्वस्थानस्य विमुक्तस्य । बभूवुर्बहवो दिनाः ॥
अतो ममाक्षिणी जाते । स्वजनालोकनाकुले ॥ ४२ ॥

અર્થ:—મને મારૂં ઘર છોડયે ઘણા દિવસો થયા છે, માટે હવે તો મારી આંખો મારા કુટુંબને જોવાને આતુર થયેલી છે. ॥ ૪૨ ॥

अत्र मित्र स्वलोभेन । घटते ते चिरं स्थितिः ॥
दिवसे दिवसे गच्छ—न्नस्ति मे वत्सरः पुनः ॥ ४३ ॥

અર્થ:—વળી હે મિત્ર! ધનના લોભથી તારે તો અહીં ઘણા વખતસુધી રહેવાનું લાગે છે, પરંતુ મારે તો દિવસે દિવસે એક વર્ષ જવા જેવું થઈ પડયું છે. ॥ ૪૩ ॥

तन्मामादिश येनाहं । संगच्छे स्वजनैर्निजैः ॥
ध्यातविंध्यः करीवात्र । न स्थातुं क्षणमुत्सहे ॥ ४४ ॥

અર્થ:—માટે મને તું રજા આપ? કે જેથી મારા કુટુંબને હું જઇ મલું, કેમકે યાદ આવેલ છે વિંધ્યાચલ જેને એવા હાથીનીપેઠે હું અહીં ક્ષણવાર પણ રહેવાને ખુશી નથી. ॥ ૪૪ ॥

श्रेष्टयभ्यधाद्वयस्यैतत् । किमन्य इव भाषसे ॥
अस्ति कोऽपि बलात्कारः । किं बालसुहृदि त्वयि ॥ ४५ ॥

અર્થ:—ત્યારે શેઠ બોલ્યા કે હે મિત્ર! તું આ પરાયા માણસની-પેઠે કેમ બોલે છે? કેમકે બાલમિત્ર એવો જે તું, તેનાપ્રતે શું કંઈ મારો બલાત્કાર છે? ॥ ૪૫ ॥

तिष्ट वा गच्छ वा स्वैरं । पृच्छा कात्र निरर्थका ॥
नेदिष्टो वा दविष्टो वा । त्वं मे हृद्येव वर्त्तसे ॥ ४६ ॥

અર્થ:—તારી ખુશીમુજબ તું રહે અથવા જા, આ બાબતમાં તારે ફોકટ શામાટે પૂછવું જોઈયે? તું નજીક હો અથવા દૂર હો તોપણ તું મારા હૃદયમાંજ વસી રહ્યો છું. ॥ ૪૬ ॥

चेद्यासि तदिमं लेख—मिदमाभरणं हृदः ॥
गृहाण तत्र च गतो । मत्प्रियायाः समर्पयेः ॥ ४७ ॥

અર્થ:—હવે જો તું જાય છે તો આ મારો કાગલ અને મારા હૃદયનું આભૂષણ ગ્રહણ કર? અને ત્યાં જઇને તે બન્ને વસ્તુ મારી પ્રાણપ્રિયાને આપજે. ॥ ૪૭ ॥

वस्तुद्वयं तदादाय । विप्रः क्षिप्रमथाचलत् ॥
सत्वरं स पुरं प्राप्तः । समगंस्त परिच्छदं ॥ ४८ ॥

અર્થ:—પછી તે બ્રાહ્મણ તે બન્ને વસ્તુઓ લેઈને ત્યાંથી ચાલતો થયો, તથા તુરત પોતાના નગરમાં જઇને કુટુંબને મલ્યો. ॥ ૪૮ ॥

ते लेखाभरणे मित्रा—र्पिते कृत्वा सुसंचिते ॥
स्वयं स्नात्वा च भुक्त्वा च । सौधस्योपरि सोऽस्वपीत् ॥४९॥

અર્થ:—મિત્રે આપેલા તે કાગળ તથા આભૂષણને સારી રીતે પેટીમાં મૂકીને પોતે સ્નાનપૂર્વક ભોજન કરીને ઉપલે મજલે સુતો.

प्रियमित्रं समायातं । श्रुत्वा सा शीलवत्यपि ॥
दयितोदंतजिज्ञासु—स्तस्य मंदिरमाययौ ॥ ५० ॥

અર્થ:—હવે તે શીલવતી પણ પોતાના ભર્તારના મિત્રને આવેલો જાણીને તેમનો સમાચાર જાણવાની ઇચ્છાથી તેને ઘેર આવી. ॥૫૦॥

क्व स विप्रवरोऽस्तीति । तयापृच्छि परिच्छदः ॥
तेनोचे सांप्रतं भुक्त्वा । गृहोर्ध्वं शयितोऽस्त्यसौ ॥ ५१ ॥

અર્થ:—તે ઉત્તમ બ્રાહ્મણ ક્યાં છે? એમ તેણીએ તેના પરિવારને પૂછ્યું, ત્યારે પરિવારે કહ્યું કે હમણાજ ભોજન કરીને ઘરને ઉપલે માળે સુતા છે. ॥ ૫૧ ॥

दध्यौ शीलवती पार्श्वे । प्राणेशसुहृदोऽपि हि ॥

एकाकिन्या न मे तत्र । गंतुं रहसि युज्यते ॥ ५२ ॥

અર્થ:—ત્યારે શીલવતીએ વિચાર્યું કે ત્યાં મારા સ્વામિના મિત્ર પાસે પણ મારે એકાંતમાં એકલા જવું યોગ્ય નથી. ॥ ૫૨ ॥

रहो हुतवहोदर्चि—करालां वीक्ष्य योषितं ॥

नृणां द्रवीभवत्येव । मनो मदनवन्मृदु ॥ ५३ ॥

અર્થ:—કેમકે અગ્નિની શિખાસરખી ભયંકર સ્ત્રીને એકાંતમાં જોઇને પુરૂષોનું કોમળ મન મીણનીપેઠે પીગળીજ જાય છે. ॥૫૩॥

आस्तां परपुमान् यूना । पित्रा भ्रात्रा सुतेन वा ॥

एकाकिन्या सहैकांते । न स्थातव्यं कुलस्त्रिया ॥ ५४ ॥

અર્થ:—પરપુરૂષ તો એક બાજુ રહ્યો પરંતુ યુવાન એવા પિતા, ભાઈ તથા પુત્રસાથે પણ કુલીન સ્ત્રીએ એકાંતે રહેવું નહિ. ॥ ૫૪ ॥

एषा कुलस्त्रीमर्यादा । तां न्यषेधयदेकतः ॥

प्रियप्रवृत्तिजिज्ञासा । पर्यप्रेरयदन्यतः ॥ ५५ ॥

અર્થ:—એવી રીતે એક બાજુથી કુલીન સ્ત્રીની તે મર્યાદા તેણીને અટકાવવા લાગી, અને બીજી બાજુથી પોતાના સ્વામિનો સમાચાર જાણવાની ઇચ્છા પ્રેરવા લાગી. ॥ ૫૫ ॥

बाढं दृढमनस्कायाः । शक्रस्यापि न मे भयं ॥

विमृशंतीति सा चंद्र—शालां शीलवती ययौ ॥ ५६ ॥

અર્થ:—અત્યંત દૃઢ મનવાળી એવી મને ઇંદ્રનો પણ ભય નથી, એમ વિચારતી તે શીલવતી ઉપલે માળે ગઇ. ॥ ૫૬ ॥

आकंठ कृतमिष्टभोजनमतो नासाग्रलग्नोदरं ।

सर्वांगं परिषिक्तचंदनरसं तांबूलताम्राधरं ॥

पल्यंके मृदुपुष्कलेऽजगरवद्वेल्लंतमेकाकिनं ।

सा तं संमुखमैक्षत द्विजवरं निद्रादरिद्रांबकं ॥ ५७ ॥

અર્થ:—છેક કંઠસુધી કરેલાં મિષ્ટ ભોજનવાળા અને તેથી છેક નાશિકાના અગ્ર ભાગસુધી ફુલેલાં પેટવાળા, સર્વ શરીરે લીંપેલા

ચંદનરસવાળા, તાંબુલથી લાલ હોઠવાળા, અત્યંત કોમલ પલંગપર અજગરનીપેઠે આલોટતા તથા નિદ્રારહિત આંખોવાળા તે એકાકી બ્રાહ્મણને તેણીએ સન્મુખ પડેલો જોયો. ॥ ૫૭ ॥

मंदैः पदैः समायांतीं । बिभ्यतीमिव वीक्ष्य तां ॥

मुक्त्वा शयनमुत्तस्थौ । सोमभूतिःससंभ्रमं ॥ ५८ ॥

અર્થઃ—બીકણનીપેઠે તેણીને ધીમે પગલે આવતી જોઇને તે સોમભૂતિ બ્રાહ્મણ બિછાનું છોડીને સંભ્રમસહિત ઉભો થયો. ॥૫૮॥

मधुमत्तपिकीरावा । सावादीदथ तं द्विजं ॥

तवास्ति स्वागतं भद्र । भद्रं च प्रेयसो मम ॥ ५९ ॥

અર્થઃ—વસંત ઋતુથી ઉન્મત્ત થયેલી કોયલસરખા કંઠવાળી તે શીલવતી તે બ્રાહ્મણને કહેવા લાગી કે હે ભદ્ર! તમો કુશલે આવ્યા છો? અને ત્યાં મારા સ્વામી તો કુશલ છે? ॥ ૫૯ ॥

मत्प्रियस्य वयस्योऽसि । तस्य शुद्धिं निवेदय ॥

यत्किंचित्प्रेषितं लेखा—दिकं तेन तदर्पय ॥ ६० ॥

અર્થઃ—તમો મારા સ્વામિના મિત્ર છો, માટે તેના સમાચાર કહો? અને તેણે જો કાગલપત્રાદિક કંઇ આપ્યું હોય તો આપો?

द्विजराजस्ततः स्माह । द्विजराजप्रभां किरन् ॥

द्विजराजप्रतिस्पर्द्धि—वदने स्वागतं मम ॥ ६१ ॥

અર્થઃ—ત્યારે તે બ્રાહ્મણ ચંદ્રસરખી કાંતિને વિસ્તારતોથકો બોલ્યો કે હે ચંદ્રના પ્રતિસ્પર્ધીમુખવાળી હું અહીં કુશલક્ષેમે આવ્યો છું.

दयितस्तव कल्याणि । कल्यः कल्याणभाजनं ॥

उपार्ज्य धनमागंता । कालेन कियतापि सः ॥ ६२ ॥

અર્થઃ—વળી હે કલ્યાણિ! મનોહર અને કલ્યાણના સ્થાનસરખા તે તારા સ્વામી ધન ઉપાર્જન કરીને કેટલેક કાળે અહીં આવશે.

स्वहस्तलिखितो लेख—स्तव हृल्लेखकारणं ॥

हृदयाभरणं चान्यत् । प्राहीयेतां मृगाक्षि ते ॥ ६३ ॥

અર્થઃ—વળી હે મૃગાક્ષિ! તેણે પોતાને હાથે લખેલો કાગલ તથા તારા હૃદયને આનંદ કરનારૂં પોતાના હૃદયનું આભુષણ તને આપવામાટે મોકલ્યું છે. ॥ ૬૩ ॥

एवं वार्त्तयतस्तां च । सर्वांगं तस्य पश्यतः ॥

विवेकरत्नमाच्छित्त । छलज्ञः स्मरदांभिकः ॥ ६४ ॥

અર્થ:—એમ વાત કરતાંથકાં તથા તેણીનું સર્વ શરીર જોતાંથકાં છલને જાણનારા કપટી કામદેવે તે બ્રાહ્મણનું વિવેકરૂપી રત્ન છીનવી લીધું.

**विभो दृष्यावहो देहो—ऽमुष्या रूपांबुसागरः ॥**

**यत्रोद्धर्तुं दृशं मग्नां । बेडामीक्षे न कांचन ॥ ६५ ॥**

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે અહો! આનું શરીર તો રૂપરૂપી જલના સમુદ્રસરખું છે, કે જેમાં બુડેલી આ મારી દૃષ્ટિને કહાડવામાટે મને કોઇપણ હોડી જોવામાં આવતી નથી. ॥૬૬॥

**जैत्रभल्लेरनंगस्य । सर्वस्त्रैणशिरोमणेः ॥**

**न भाग्यमंतरेणास्या । लभ्यते संगमः किल ॥ ६६ ॥**

અર્થ:—કામદેવની જયભલ્લીસરખી તથા સર્વ સ્ત્રીઓમાં શિરોમણિ એવી આ સ્ત્રીનો સંગમ ખરેખર ભાગ્યવિના મળે નહિ. ॥૬૬॥

**तन्मन्ये भाग्यवानस्मि । दरिद्रस्येव कामधुक् ॥**

**इयं मे स्वयमेवागा—दन्यथा दृक्पथं कथं ॥ ६७ ॥**

અર્થ:—માટે ધારૂં છું કે હું ભાગ્યશાલી છું, જો એમ ન હોય તો દરિદ્રીને જેમ કામધેનુ તેમ આ સ્ત્રી પોતાની મેળેજ મારીપાસે ક્યાંથી આવે! ॥ ૬૭ ॥

**कंपस्वेदादिकान् भावान् । सात्त्विकान्नाटयन्नथ ॥**

**सोमभूतिः समुद्भिन्न—विकारस्तामभाषत ॥ ६८ ॥**

અર્થ:—પછી તે સોમભૂતિ બ્રાહ્મણ કંપ તથા પસીના આદિક કામવિકારના સાત્વિક ભાવોને પ્રગટ કરતોથકો કામાતુર થઇને બોલ્યો કે,

**लेखाद्यं तेऽरविंदास्ये । दास्येऽहं शृण्वदः पुनः ॥**

**लावण्यसरसि स्वांगे । मां क्रीडासारसीकुरु ॥ ६९ ॥**

અર્થ:—હે કમલમુખિ! હું તને તે પત્રઆદિક આપીશ, પરંતુ એક વાત સાંભળ? લાવણ્યના તળાવસરખાં તારાં શરીરમાં મને ક્રીડા કરનાર સારસસરખો કર? ॥ ૬૯ ॥

**तस्येति दुःश्रवं श्रुत्वा । वचनं सा व्यचिंतयत् ॥**

**हंत यच्चिंतितं पूर्वं । तन्मे साक्षादुपस्थितं ॥ ७० ॥**

અર્થ:—એવી રીતનું તેનું નહિ સાંભળવાલાયક વચન સાંભળીને તે વિચારવા લાગી કે, અરે! પૂર્વે મેં જે ચિંતવ્યું હતું તેજ સાક્ષાત મારી નજરે આવી ઉભું. ॥ ૭૦ ॥

पश्य मर्माविधं कर्म । स्मरवीरस्य कीदृशं ॥
श्रोत्रियं वा स्त्रियं वापि । यो निघ्नन्नैव मुंचति ॥ ७१ ॥

અર્થ:—અરે ! જુઓ તો આ કામસુભટનું મર્મસ્થાનોને ભેદનારૂં કેવું કાર્ય છે ! કે જે વેદ જાણનાર બ્રાહ્મણને અથવા સ્ત્રીને પણ પોતાના ઝપાટામાંથી છોડતો નથી. ॥ ૭૧ ॥

इदमन्यादृशं लोके । तामसं कामसंभवं ॥
मुह्यंत्येवंविधा यत्र । श्रुतदीपकरा अपि ॥ ७२ ॥

અર્થ:—દુનિયામાં કામથી ઉત્પન્ન થયેલો આ અંધકાર વિચિત્ર પ્રકારનો છે, કે જેથી જ્ઞાનરૂપી દીપક હાથમાં હોવા છતાં પણ આવા માણસો દિગ્મૂઢ બની જાય છે. ॥ ૭૨ ॥

यदीदृशोऽपि कामी स्यात् । को दोषस्तर्हि दुर्धियां ॥
मग्नो यत्र जले नाग—स्तत्र छागस्य का कथा ॥ ७३ ॥

અર્થ:—જ્યારે આવો માણસ પણ કામી થાય ત્યારે બીજા દુર્બુદ્ધિઓનો શો દોષ છે ? કેમકે જે જલમાં હાથી ડુબ્યો ત્યાં બકરાની શું વાત કરવી ? ॥ ૭૩ ॥

अथ कामतमस्तस्य । भेत्तुं चित्तगुहागतं ॥
वितेने वाङ्मयं ज्योति—र्दीप्रांगी दीपिकेव सा ॥ ७४ ॥

અર્થ:—હવે તેના મનરૂપી ગુફામાં રહેલા કામરૂપી અંધકારને ભેદવામાટે દીપકનીપેઠે તેજસ્વી શરીરવાળી તે શીલવતી વચનરૂપી પ્રકાશ વિસ્તારવા લાગી કે, ॥ ૭૪ ॥

वर्णज्येष्ट कुलश्रेष्ट । विशिष्टश्रुतपारग ॥
किं प्राकृतजनक्षुण्णं । पंथानमनुवर्त्तसे ॥ ७५ ॥

અર્થ:—હે ઉત્તમ જાતિકુલવાળા ! તથા શ્રેષ્ઠ શાસ્ત્રોના પારંગામી ! નીચ માણસોને યોગ્ય એવા માર્ગનું તું શામાટે અનુવર્તન કરે છે ?

अंतः कचवराकीर्णे । बहिश्च मसृणत्वचि ॥
खरीपुरीषसंकाशे । मा मुह स्त्रीशरीरके ॥ ७६ ॥

અર્થ:—અંદર મલીન કચરાથી ભરેલાં તથા બહારથી કોમળ ચામડીવાળાં એવાં ગધેડીના લીંડાંસરખાં સ્ત્રીના શરીરમા તું મોહ કર નહિ. ॥ ૭૬ ॥

परस्त्रीसंगतिर्मान—भंगाय महतामपि ॥
ऋषिपत्नीरतेराप । किं फलं नाकिनायकः ॥ ७७ ॥

અર્થ:—પરસ્ત્રીનો સંગ મહાન પુરૂષોના માનનો પણ ભંગ કરે છે, કેમકે ઋષિપત્નીને ભોગવવાથી ઇંદ્રને પણ શું ફલ મલ્યું છે?

अधर्मकर्म यन्मूढ । कुरुषे यौवनांधितः ॥
अंतःस्थशिखिशाखीव । वीक्ष्यसे तेन वार्द्धके ॥ ७८ ॥

અર્થ:—વળી હે મૂઢ! યોવનથી અંધ થઇને જે તું અધર્મનું કાર્ય કરે છે તેથી વૃદ્ધાવસ્થામાં તું અંદર રહેલા અગ્નિવાળા વૃક્ષસરખો દેખાઇશ. ॥ ૭૮ ॥

तदजस्रस्रवच्छास्त्रा—मृतधौतामलां निजां ॥
ईदृग्दुर्वाक्यपंकेन । रसनां मा कलंकय ॥ ७९ ॥

અર્થ:—માટે નિરંતર ઝરતા શાસ્ત્રામૃતથી ધોવાવડે કરીને નિર્મલ થયેલી તારી પોતાની જીભને આવાં દુર્વચનરૂપી કાદવથી કલંકિત કર નહિ. ॥ ૭૯ ॥

वाचस्तस्या इमा मेघ—मुक्ता आप इवोज्ज्वलाः ॥
न तच्चित्ततडागेऽस्थुः । स्मरगोपेररंध्रिते ॥ ८० ॥

અર્થ:—કામદેવરૂપી ગરનારૂં બંધ નહિ કરવાથી તેના ચિત્તરૂપી તળાવમાં મેઘે છાડેલા જલસરખી તેણીની આવી ઉજ્જવલ વાણી પણ ટકી શકી નહિ. ॥ ૮૦ ॥

द्विजोऽवादीदिमा उक्ती—र्भद्रे संवृणु संवृणु ॥
वेद्मि सर्वमिदं किंतु । कामे वामे करोमि किं ॥ ८१ ॥

અર્થ:—ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કે હે ભદ્રે! આ તારી વાણી હવે બંધ રાખ, આ સઘલું હું જાણું છું, પરંતુ કામદેવ વિપરીત થવાથી હું શું કરૂં? ॥ ૮૧ ॥

ततः क्लिष्टपरिणामं । वीक्ष्य तं विममर्श सा ॥
अस्य बोधौषधासाध्यो । ध्रुवं काममहामयः ॥ ८२ ॥

અર્થ:—પછી તેને દુષ્ટ અભિપ્રાયવાળો જોઇને તેણીએ વિચાર્યું કે આનો કામદેવરૂપી મહારોગ ખરેખર પ્રતિબોધરૂપી ઓષધથી મટી શકે તેમ નથી. ॥ ૮૨ ॥

प्रत्युत विकारकारण—मुपदेशो विषयकलुषिते मनसि ॥
अश्मनि हुतवहदीप्ते । धूमोद्गाराय जलसेकः ॥ ८३ ॥

અર્થ:—વિષયોથી મલીન મનવાળાને આપેલો ઉપદેશ ઉલટો વિકાર કરનારો થાય છે, કેમકે અગ્નિથી તપેલા પત્થરપર જલ રેડવાથી ઉલટો તેમાંથી ધુમાડો પેદા થાય છે. ॥ ૮૩ ॥

उपस्थितोऽस्ति तद्व्याघ्र—दुस्तटीन्याय एष मे ॥
कथमेष परिप्सद्यः । कथं पाल्यः स्वनिश्चयः ॥ ८४ ॥

અર્થ:—માટે આ સમયે તો વાઘ અને અગાધ નદીસરખો ન્યાય મારે માટે આવી પડયો છે, આ બ્રાહ્મણને મારે શીરીતે શાંત પાડવો ? તથા મારૂં વ્રત પણ મારે શીરીતે પાલવું ? ॥ ૮૪ ॥

लेखः पाणितले भूषा । भूषा चाभरणं हृदः ॥
शीले सर्वांगभूषायां । याति ताभ्यामलं मम ॥ ८५ ॥

અર્થ:—પત્ર તો હસ્તતલનું ભૂષણ છે, અને હાર હૃદયનું આભુષણ છે, પરંતુ સર્વ અંગનું આભુષણરૂપ મારૂં શીલ જો જાતું હોય, તો પછી મારે તે બન્નેની જરૂર નથી. ॥ ૮૫ ॥

इति निश्चित्य सावादी—द्यदूचे सुभग त्वया ॥
तन्नाम कस्य नाभीष्टं । यौवनद्रोः फलं ह्यदः ॥ ८६ ॥

અર્થ:—એમ નિશ્ચય કરીને તે બોલી કે હે સુભગ ! જે તેં કહ્યું તે કોને વહાલું ન લાગે ? કેમકે યૌવનરૂપી વૃક્ષનું તેજ ફલ છે. ॥૮૬॥

प्रियस्य प्रियमित्रस्य । किमु भेदोऽस्ति कश्चन ॥
मानितोऽसि प्रियेण त्व—मतो मान्यो ममापि हि ॥ ८७ ॥

અર્થ:—શું સ્વામી અને સ્વામીના મિત્રવચ્ચે કંઇ તફાવત છે ? મારા સ્વામિને તું માનનીક છે, માટે મારે પણ તું માનનીકજ છે.

यत्प्रतीपं मया किंचि—दूचे तन्मास्म खिद्यथाः ॥
अभिप्रेतमपि प्रायो । निषिद्ध्यंत्येकदा स्त्रियः ॥ ८८ ॥

અર્થ:—વળી હું જે તારી સામું બોલી છું તેથી તારે ખેદ કરવો નહિ, કેમકે પ્રાયે કરીને સ્ત્રીઓ આવી મનગમતી વાતનો પણ એક વખત નિષેધ કરે છે. ॥ ૮૮ ॥

परं सौम्य जनापाता—दत्र मे शंकते मनः ॥
ईयास्तदादिमे यामे । यामिन्या धाम मामकं ॥ ८९ ॥

અર્થ:—પરંતુ હે સૌમ્ય ! અહીં કોઇ માણસ આવી ચડે માટે મારૂં મન શંકા પામે છે, માટે રાત્રિને પહેલે પહોરે તું મારે ઘેર આવજે. ॥ ૮૯ ॥

काममूढेन तद्वाचि । तेन विश्वासमीयुषा ॥
विसृष्टा ववले साथ । पादैः सत्वरपातिभिः ॥ ९० ॥

અર્થ:—કામથી મૂઢ બનેલા બ્રાહ્મણે પણ તેણીના વચનપર વિશ્વાસ રાખીને તેણીને જવાની રજા આપવાથી તે પણ ઉતાવળે પગલે ત્યાંથી પાછી ફરી, ॥ ૯૦ ॥

दध्यौ च तावत्तरणि—र्धावत्यस्ताचलं प्रति ॥

तस्मिन्नस्तमिते विप्रो । निर्विवादं समेष्यति ॥ ९१ ॥

અર્થ:—તથા વિચારવા લાગી કે સૂર્ય તો અસ્તાચલતરફ દોડી રહ્યો છે, અને તે અસ્ત થયાબાદ બ્રાહ્મણ તો ખરેખર આવશેજ. ॥૯૧॥

चिरत्नं शीलरत्नं मे । संरक्षिष्यति कस्तदा ॥

आत्मनैवात्मरक्षायै । यतितव्यं ततो मया ॥ ९२ ॥

અર્થ:—અને તે વખતે ઘણા સમયથી સાંચવી રાખેલા મારા શીલ- રત્નની કોણ રક્ષા કરશે? માટે હવે તો મારે પોતાનેજ મારા આત્માના રક્ષણમાટે પ્રયત્ન કરવાનો છે. ॥ ૯૨ ॥

निवासमेनसामेन—मथ शिक्षयितुं द्विजं ॥

तलारक्षस्य दुष्टानां । शासितुः सागमद् गृहं ॥ ९३ ॥

અર્થ:—પછી પાપોના નિવાસસ્થાનસરખા તે બ્રાહ્મણને શિક્ષાએ પહોંચાડવામાટે દુષ્ટોને શિક્ષા કરનાર કોટવાલને ઘેર તે ગઇ. ॥૯૩॥

तस्याः कर्मवशात्सोऽपि । तदानीमेककोऽभवत् ॥

वीक्ष्य तामागतामेव । विव्यथे मन्मथेषुभिः ॥ ९४ ॥

અર્થ:—તે સમયે તેણીના કર્મવશે તે પણ એકલોજ હતો, અને તેથી તેણીને જોતાવેંતજ તે કામબાણોથી વિંધાવા લાગ્યો. ॥ ૯૪ ॥

सा तलारक्षमाचख्यौ । प्रभावाद्भवतः प्रभो ॥

चौरा इव दिनेशस्य । न स्युरुच्छृंखलाः खलाः ॥ ९५ ॥

અર્થ:—પછી તેણીએ કોટવાલને કહ્યું કે હે પ્રભો! સૂર્યસરખા આપના પ્રભાવથી દુષ્ટ ચોરો ઉપદ્રવ કરતા નથી. ॥ ૯૫ ॥

सोमभूतेः करे प्रैषि । लेखाद्यं प्रेयसा मम ॥

याचितो नार्पयत्येषो । यत्किंचिद्भाषते पुनः ॥ ९६ ॥

અર્થ:—મારા સ્વામીએ સોમભૂતિ બ્રાહ્મણમારફતે પત્ર આદિક મોકલ્યું છે, પરંતુ માગ્યાછતા તે આપતો નથી, અને જેમ તેમ બોલે છે.

न्यायश्रीवल्लिपाथोदे । त्वयि धीमति जीवति ॥

द्विजो द्विजिह्वतां धत्ते । तदयं शिक्षणोचितः ॥ ९७ ॥

અર્થ:—ન્યાયલક્ષ્મીરૂપી વેલડીને મેઘસરખા એવા આપ બુદ્ધિવાન હેયાત છતાં પણ તે બ્રાહ્મણ બોલીને ફરી જાય છે, માટે તેને શિક્ષા કરવી જોઇયે. ॥ ૯૭ ॥

अविग्रहग्रहावेश—विवशः सोऽपि तां जगौ ॥
पूर्वं स्वांगपरिष्वंग—रंगभाजं विधेहि मां ॥ ९९ ॥

અર્થ:—ત્યારે કામવિકારના આવેશથી પરવશ થયેલો તે કોટવાલ તેણીને કહેવા લાગ્યો કે પ્રથમ મને તારા શરીરના આલિંગનના રંગવાળો કર? ॥ ૯૯ ॥

पश्चात्तदैव दुर्दैवा—घ्रातं गौरि निगृह्य तं ॥
अहं महोपकारिण्या । भविष्याम्यनृणस्तव ॥ २६०० ॥

અર્થ:—તથા પછી હે ગૌરી! તેજ વખતે તે દુષ્ટને મારીને તારો મહોપકારીનો હું અનૃણી થઇશ. ॥ ૨૬૦૦ ॥

साथ दध्यौ हहा वाहात्—त्रस्ताहमवटेऽपतं ॥
निर्गत्य शृंखलात्काष्ट—मयादायिसमायशां ॥ १ ॥

અર્થ:—ત્યારે તે વિચારવા લાગી કે અરરે! હું તો ઘોડાથી ડરીને ખાડામાં પડી, તથા કાષ્ટની સાંકળમાંથી નિકળીને લોખંડની સાંકળમાં પડી. ॥ ૧ ॥

अयं हि चौरचक्रेभ्यो । रक्षन् पृथ्वीपतेः पुरं ॥
स्वपुरं स्मरचौरेण । लुंट्यमानं न पश्यति ॥ २ ॥

અર્થ:—આ કોટવાળ રાજાના નગરનું ચોરોથી તો રક્ષણ કરે છે, પરંતુ કામરૂપી ચોરોથી લુંટાતા પોતાના પુર એટલે શરીરને તો જોતો નથી. ॥ ૨ ॥

यदि निर्भर्त्सयाम्येन—मधुना मदनाकुलं ॥
तत्कुर्वतो बलात्कार—मस्य को नाम वारकः ॥ ३ ॥

અર્થ:—જો આ કામાતુરને હું હમણા નિર્ભંછીશ તો આને મારાપર બલાત્કાર ગુજારતાં કોણ અટકાવશે? ॥ ૩ ॥

उपायेनैव साध्योऽय—मिति ध्यात्वा जगाद सा ॥
द्वितीये यामिनीयामे । त्वमागच्छेर्गृहं मम ॥ ४ ॥

અર્થ:—માટે આને પણ ઉપાયથીજ શિક્ષા કરવી, એમ વિચારીને તે બોલી કે, રાત્રિને બીજે પહોરે તારે મારે ઘેર આવવું. ॥ ૪ ॥

ततस्तेनापि मुक्ता सा । मुक्तपाशेव पक्षिणी ॥
निर्गत्य सत्वरं तस्य । भवनात्सचिवं ययौ ॥ ५ ॥

અર્થ:—પછી તેણે પણ મુક્ત કરેલી એવી તે શીલવતી પાશમાંથી છુટેલી પક્ષિણીનીપેઠે તુરત તેના ઘરમાંથી નિકળીને મંત્રીપાસે ગઇ.

तस्यापि सदनांतःस्थ— स्येयं दृग्गोचरं गता ॥
खाट्चक्रे स्मरभल्लीव । प्रविष्टा सहसा हृदि ॥ ६ ॥

અર્થ:—તેને પણ ઘરમાં બેઠાંજ તે દૃષ્ટિએ પડી, તથા કામદેવના ભાલાંનીપેઠે તુરત તેના હૃદયમાં પેસીને તે ખટકારો કરવા લાગી.

त्वं पुरे मायिनां शूलं । मूलं सन्न्यायभूरुहः ॥
धियामभंगुरं स्थान— मेवं तं सापनायत ॥ ७ ॥

અર્થ:—હે મંત્રી! આપ તો આ નગરમાં કપટીઓને શૂલસમાન સન્ન્યાયરૂપી વૃક્ષના મૂલસરખા તથા બુદ્ધિના અવિચલ સ્થાનસરખા છો, એમ તે તેની પ્રશંસા કરવા લાગી. ॥ ૭ ॥

एवमाह्लाद्य सा तस्मै । व्यसनाब्धितितीर्षया ॥
द्विजन्मनस्तलारक्ष— स्यापि वृत्तं न्यवेदयत् ॥ ८ ॥

અર્થ:—એવી રીતે તેને ખુશી કરીને દુઃખરૂપી સમુદ્ર તરવાની ઇચ્છાથી તેણીએ તે બ્રાહ્મણ તથા કોટવાલનું વૃત્તાંત નિવેદન કર્યું.

सोऽप्यवोचत यद्यस्ति । स्वार्त्तिं शमयितुं मनः ॥
तत् पूर्वं स्वांगसंगेन । मम कामार्त्तिमल्पय ॥ ९ ॥

અર્થ:—ત્યારે તે પણ બોલ્યો કે જો તારે તારૂં દુઃખ મટાડવાની ઇચ્છા હોય તો પ્રથમ તારા શરીરના સંગથી મારી કામપીડા ઓછી કર?

अथ सा जातवैलक्ष्या । शीलक्षालितपातका ॥
तृतीयं प्रहरं रात्रे— स्तस्यागंतुमुपादिशत् ॥ १० ॥

અર્થ:—ત્યારે શીલથી ધોયેલાં પાપોવાળી તેણીએ વિલખી થઇને તેને રાત્રિને ત્રીજે પહોરે આવવાનું કહ્યું. ॥ ૧૦ ॥

शार्दूलस्य कुरंगीव । तस्य पार्श्वमपास्य सा ॥
ततो राज्ञो ययौ धामो— पायांतरमविंदती ॥ ११ ॥

અર્થ:—હરિણી જેમ સિંહનું તેમ તેનું પડખું છોડીને તે શીલવતી બીજો ઉપાય ન સુજવાથી રાજાને ઘેર ગઇ. ॥ ૧૧ ॥

भवितव्यतया भूमि—भुजोऽप्येकाकिनस्तदा ॥

ऐंद्रजालिकविद्येव । दृष्टा सा मोहमातनोत् ॥ १२ ॥

અર્થ:—ભવિતવ્યતાને યોગે તે વખતે રાજા પણ ત્યાં એકલોજ હતો, તેથી ઇંદ્રજાલવિદ્યાનીપેઠે તેણીએ તેને પણ મોહિત કરી દીધો.

सा तुष्टाव नृपं राजं—स्त्वं वर्णस्थापनागुरुः ॥

गतिस्त्वमेव दीनानां । जाते परपराभवे ॥ १३ ॥

અર્થ:—પછી તેણીએ રાજાની સ્તુતિ કરી કે હે રાજન્! તું સર્વ માણસોનો સ્વામી છે, અને તેઓને શત્રુઓ તરફથી પરાભવ થતી વખતે તુંજ શરણરૂપ છે. ॥ ૧૩ ॥

मार्गमुच्चरमाणानां । काऽवेला खलहस्तिनां ॥

वज्रांकुशायते राज्ञा—माज्ञा चेन्न भयंकरी ॥ १४ ॥

અર્થ:—ભયંકર વજ્રાંકુશસરખી જો રાજાની આજ્ઞા ન હોય તો નીચ માણસોરૂપી હાથીઓને માર્ગનું ઉલ્લંઘન કરતાં શું વખત લાગે?

स द्विजिह्वः क नाकौकः । कः स्वर्गो रंभयान्वितः ॥

काब्धिर्मध्यमीनार्त्ति—दृश्वा राज्यं क ते पुनः ॥ १५ ॥

અર્થ:—બે જીભવાળા (બોલીને ફરી જાનારા) એટલે નાગોથી ભરેલો પાતાલ ક્યાં? તથા રંભાથી (અરરાટીના ભયથી) યુક્ત થયેલો સ્વર્ગ ક્યાં? અને અંદર મત્સ્યોની પીડા જોનારો સમુદ્ર ક્યાં? અને તારૂં રાજ્ય ક્યાં? ॥ ૧૫ ॥

परं तवापि सप्तांगे । राज्ये दुष्टव्रणंत्यमी ॥

अपवित्रमुखा विप्र—तलारक्षकमंत्रिणः ॥ १६ ॥

અર્થ:—પરંતુ હે રાજન્! આપના સપ્તાંગી રાજ્યમાં પણ મલિનમુખવાળા બ્રાહ્મણ, કોટવાળ તથા મંત્રી દુષ્ટ જખમસરખા છે. ॥૧૬॥

किमिति क्ष्माभुजा पृष्टा । तेषां दुर्वृत्तमादितः ॥

ततः पृथ्वीपतेः कर्णा—ध्वन्यध्वन्यं व्यधत्त सा ॥ १७ ॥

અર્થ:—તે કેવી રીતે? એમ રાજાએ પૂછવાથી તેણીએ પ્રથમથી માંડીને તેઓનું દુરાચરણ રાજાને કહી સંભલાવ્યું. ॥ ૧૭ ॥

शीतार्तवत्कंपमानः । स्मरेणाथ जगौ नृपः ॥

निग्रहीष्ये खलानेतान् । केऽमी कामिनि मत्पुरः ॥ १८ ॥

અર્થ:—ત્યારે જાણે ટાઢ ચડી હોય નહિ તેમ કામથી કંપતો રાજા બોલ્યો કે હે કામિની! હું તે દુષ્ટોને મારી નાખીશ, કેમકે તેઓ મારી આગલ શું હિસાબમાં છે? ॥ ૧૮ ॥

परं विधेहि मां स्वांग—स्पर्शसौख्यविभागिनं ॥
तत्कर्णकीलमाकर्ण्य । वर्यधीर्विममर्श सा ॥ १९ ॥

અર્થ:—પરંતુ મને તારા શરીરના સ્પર્શના સુખવાળો કર? એવી રીતનું કર્ણોમાં ખીલા ઠોકવાસરખું તેનું વચન સાંભલીને તે શુદ્ધ બુદ્ધિવાળી શીલવતી વિચારવા લાગી કે, ॥ ૧૯ ॥

कटरे पातितास्म्येषा । संकटे कटुकर्मभिः ॥
ये रक्षका मगाभाग्या—द्भूवुर्विप्लवाय ते ॥ २० ॥

અર્થ:—અરેરે! મારાં દુષ્કર્મોએ મને મહાસંકટમાં નાખી છે, કેમકે મારાં અભાગ્યથી જે રક્ષકો છે તેઓજ મારો વિનાશ કરવાને તત્પર થયા છે. ॥ ૨૦ ॥

वृत्तिश्चेत्खादति क्षेत्रं । चेन्निहंति पिता सुतं ॥
जलं चेज्ज्वालयत्यंगं । दीपः किरति चेत्तमः ॥ २१ ॥

અર્થ:—કેમકે જેમ વાડ પોતેજ જો ખેતરને ખાય, પિતાજ જો પુત્રને મારે, જલજ જો શરીરને બાળે, અને દીપકજ જો અંધકાર કરે,

चेन्मुंचति घनोंगारां—श्चेन्मज्जयति तारकः ॥
राजा चेत्कुरुतेऽन्यायं । का तत्र स्यात्प्रतिक्रिया ॥ २२ ॥

અર્થ:—મેઘ જો અંગારાની વૃષ્ટિ વરસાવે, તારૂજ જો ડુબાડે, તેમ જો રાજાજ અન્યાય કરે તો પછી ત્યાં શું ઇલાજ કરી શકાય!!

रूपं मूलमनर्थानां । मयि किं विदधे विधे ॥
मांसलत्वमजाया हि । पराभवनिबंधनं ॥ २३ ॥

અર્થ:—વળી હે વિધાતા! અનર્થોના મૂલજેવું મારૂં રૂપ તેં શામાટે બનાવ્યું? કેમકે બકરીનું પુષ્ટપણું તેના પોતાનાજ પરાભવના કારણરૂપ છે. ॥ ૨૩ ॥

परीक्षां मम शीलस्य । किं कुर्वन्नसि दैव रे ॥
यदमून् रागिणो राग—दुर्विधायां मयि व्यधाः ॥ २४ ॥

અર્થ:—રે દૈવ! તું શું મારાં શીલવ્રતની પરીક્ષા કરે છે? કે જેથી વિરક્ત એવી જે હું તેનાપ્રતે આ લોકોને તેં રાગી બનાવ્યા છે.

निविशे वायुविवशे । वह्नौ जक्षिमि वा विषं ॥
म्रिये जिह्वामपि छित्वा । शीलं लुंपामि नो पुनः ॥ २५ ॥

અર્થ:—વાયુથી વૃદ્ધિ પામેલા અગ્નિમાં પડીશ, ઝેર ખાઇશ, અથવા જીભ કચરીને પણ મરી જઇશ, પરંતુ મારાં શીલને હું ખંડિત કરીશ નહિ. ॥ ૨૫ ॥

वृथानुशिष्टिरप्यत्र । वृष्टिर्दग्ध इव द्रुमे ॥
अयं बोधयितुं शक्यो । न महोपक्रमं विना ॥ २६ ॥

અર્થ:—બળેલાં વૃક્ષપ્રતે જેમ મેઘવૃષ્ટિ તેમ આ રાજાને પ્રતિબોધ આપવો નકામો છે, મોટા ઉપાયવિના આને સમજાવી શકાય તેમ નથી.

ध्यायंतीमिति तामेक—चित्तां वीक्ष्य विचक्षणः ॥
ममोत्तरं न दत्से कि—मित्यभाषिष्ट भूपतिः ॥ २७ ॥

અર્થ:—એમ વિચારમાંજ એક ચિત્તવાળી તેણીને જોઇને તે હુશિયાર રાજા બોલ્યો કે તું મને ઉત્તર કેમ આપતી નથી? ॥ ૨૭ ॥

स्वप्रतिष्टाधिकं प्राप्य । प्रसादं तव भूधव ॥
उत्पिंजलाभवं तेन । शून्येवासीति सावदत् ॥ २८ ॥

અર્થ:—ત્યારે તે બોલી કે હે રાજન્! ગજા ઉપરાંત મારાપર આપની કૃપા થવાથી હું હર્ષઘેલીનીપેઠે શૂન્યજેવી થઇ ગઇ છું.

यत्त्वयाभाषि भूपाल । तत्स्त्रीणामतिसंमतं ॥
स्पर्शो दूरेऽस्तु भाग्येन । लभ्या वागपि तावकी ॥ २९ ॥

અર્થ:—વળી હે રાજન્! આપે જે કહ્યું છે તે સ્ત્રીઓને અતિપ્રિય હોય છે, આપનો સ્પર્શ તો એકબાજુ રહ્યો, પરંતુ આપસાથે વાત કરવાનું પણ ભાગ્યથીજ મળે છે. ॥ ૨૯ ॥

परमत्रावयोः क्रीडा—सक्तयोरमले कुले ॥
जनापवादो भविता । स हि रक्ष्यः प्रयत्नतः ॥ ३० ॥

અર્થ:—પરંતુ આપણે જો અહીં વિષયક્રીડામાં આસક્ત થશું તો આપણા નિર્મલ કુલમાં લોકાપવાદ થશે, માટે તેનું આપણે પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઇયે. ॥ ૩૦ ॥

तदद्यैव निशीथिन्यां । तुर्ये यामे ममालयं ॥
देवपादाः समायांतु । केनाप्यनुपलक्षिताः ॥ ३१ ॥

અર્થ:—માટે આજેજ રાત્રિને ચોથે પહોરે આપે કોઇ પણ જાણે નહિ તેમ મારે ઘેર પધારવું. ॥ ૩૧ ॥

भूपेनाथ विसृष्टा सा । सौवं सद्म रयादयात् ॥
विमृश्य कंचनोपायं । श्वश्रूमेवमवोचत ॥ ३२ ॥

અર્થ:—હવે રાજાએ રજા આપવાથી તે તુરત પોતાને ઘેર આવી, તથા કંઇક ઉપાય ચિંતવીને તેણીએ સાસુને કહ્યું કે, ॥ ૩૨ ॥

मातरद्य निशि प्रत्या—सन्ने त्वं निवसेर्गृहे ॥

प्रगेऽरुणोदयात्पूर्व—मीयाः सापि तथाकरोत् ॥ ३३ ॥

અર્થ:—હે માતાજી! આજે રાત્રિએ તમારે આ નજીકના ઘરમાં રહેવું, તથા પ્રભાતે સૂર્યોદય પહેલાં અહીં આવવું, ત્યારે તેણીએ પણ તેમજ કર્યું. ॥ ૩૩ ॥

विनातिमहतीमेकां । मंजूषां शीलवत्यपि ॥

समस्तं गृहवस्तु स्वं । न्यस्यदासन्नवेश्मनि ॥ ३४ ॥

અર્થ:—પછી એક મોટી પેટીશિવાયની સઘલી પોતાના ઘરની વસ્તુ શીલવતીએ તે નજીકના ઘરમાં મેલી દીધી. ॥ ૩૪ ॥

पिनद्धशीलसन्नाहा । धीरिमोड्डनधारिणी ॥

सुभटीव स्वयं सत्व—धाम धामन्यवस्थिता ॥ ३५ ॥

અર્થ:—પછી પોતે શીલરૂપી બખતર પહેરીને તથા ધૈર્યતારૂપી ઉડવાનું સાધન ધરનારી તે મહાહિમતી શીલવતી પોતે સુભટીની-પેઠે ઘરની અંદર રહી. ॥ ૩૫ ॥

इतश्च तदहःशेषं । द्विजस्य युगवद्ययौ ॥

सह तस्य विवेकेन । प्रापदस्तं दिवाकरः ॥ ३६ ॥

અર્થ:—હવે તે દિવસનો બાકીનો ભાગ તે બ્રાહ્મણનો યુગનીપેઠે ગયો, એવામાં તેના વિવેકસાથે સૂર્ય પણ અસ્ત પામ્યો. ॥ ૩૬ ॥

यथा यथा वितस्तार । भुवि वैभावरं तमः ॥

पौष्पायुधं तमस्तस्य । हृदयेऽपि तथा तथा ॥ ३७ ॥

અર્થ:—પછી જેમ જેમ પૃથ્વીપર રાત્રિનો અંધકાર વિસ્તાર પામ્યો, તેમ તેમ તેના હૃદયમાં કામદેવસંબંધી અંધકાર પણ વૃદ્ધિ પામ્યો. ॥ ૩૭ ॥

तथा च लब्धावसरः । प्रसरप्राप्तदुर्मतिः ॥

अस्या अगारं शृंगार—भासुरो द्विजराड्ययौ ॥ ३८ ॥

અર્થ:—પછી અવસર થવાથી અને દુર્બુદ્ધિ પણ વિસ્તાર પામવાથી શ્રૃંગારથી દેદીપ્યમાન થઇને તે બ્રાહ્મણ તેણીને ઘેર ગયો. ॥ ૩૮ ॥

समाया तं समायातं । कृतकृत्रिमसंभ्रमा ॥

सामोहयत् प्रियालाप—नीचैर्नृत्यासनार्पणैः ॥ ३९ ॥

અર્થ:—ત્યારે તે કપટી શીલવતી પણ તેને આવેલો જાણીને જુઠા સંભ્રમપૂર્વક પ્રિયવચનોથી નીચે નમી આસન આપી તેને મોહિત કરવા લાગી. ॥ ૩૯ ॥

नाज्ञासीत्कामलुब्धोऽसौ । तस्याः कपटपाटवं ॥
गीतासक्तो मृग इव । वीतंसं व्याधकल्पितं ॥ ४० ॥

અર્થ:—તે કામલુબ્ધ બ્રાહ્મણ તેણીની આ કપટક્રિયા જાણી શક્યો નહિ, કેમકે ગીતમાં આસક્ત થયેલો હરિણ પારાધીએ પાથરેલા પાશને જાણી શકતો નથી. ॥ ૪૦ ॥

वध्वेव वार्त्ताः सरसाः । सोऽकार्यत तथा तया ॥
यथाबुध्यत दुर्बुद्धि—र्न यांतीमपि यामिनीं ॥ ४१ ॥

અર્થ:—પછી સ્ત્રીનીપેઠે તેણીએ તેને રસયુક્ત વાર્તાલાપમાં એવો તો ગરકાવ કરી દીધો કે જેથી તે દુર્બુદ્ધીએ જતી રાત્રિને પણ જાણી નહિ. ॥ ૪૧ ॥

अद्य ते प्रियमित्रस्य । चिराद्गृहमुपेयुषः ॥
क्रियते या मया भक्तिः । सा सर्वापि तनीयसी ॥ ४२ ॥

અર્થ:—આજે ઘણે કાળે ઘેર આવેલો અને મારા સ્વામીનો મિત્ર એવો જે તું, તેની હું જે ભક્તિ કરૂં તે થોડી છે. ॥ ૪૨ ॥

इत्युक्त्वा स्नानसामग्रीं । लघुहस्ता व्यधत्त सा ॥
ततो विप्रोऽप्यभिप्रेत—प्राप्तप्रत्ययभूरभूत् ॥ ४३ ॥

અર્થ:—એમ કહીને તેણીએ તુરતાતુરત તેને સ્નાન કરવાની સામગ્રી તૈયાર કરી, ત્યારે તે બ્રાહ્મણ પણ મનોવાંછિતની પ્રાપ્તિમાટે ખાતરીવાળો થયો. ॥ ૪૩ ॥

अहो कीदृग्विवेकोऽस्या । अहो स्नेहलता मयि ॥
नीतो ध्यायन्निति स्नान—पीठं स शठया तया ॥ ४४ ॥

અર્થ:—અહો! આનો વિવેક કેવો છે! મારામાં તેણીનું સ્નેહાલપણું કેવું છે! એમ વિચારતા તે બ્રાહ્મણને તે ચાલાક શીલવતી સ્નાન કરવાના બાજોઠપર લાવી. ॥ ૪૪ ॥

निषिद्धमपि रात्रौ स । स्नानं तस्या गिराकरोत् ॥
वशापरवशाः प्राय—श्चेटवत्किं न कुर्वते ॥ ४५ ॥

અર્થ:—પછી તેણીના કેવાથી રાત્રિએ નિષેધેલું સ્નાન પણ તેણે કર્યું, કેમકે પ્રાયે સ્ત્રીથી પરવશ થયેલા પુરૂષો દાસનીપેઠે શું કરતા નથી? ॥ ૪૫ ॥

तयाभ्यक्तः स्वयं याव—दर्द्धस्नातो बभूव सः ॥

अतिचक्राम यामिन्याः । प्रहरस्तावदादिमः ॥ ४६ ॥

અર્થ:—પછી તેણીએ તેના શરીરપર તેલઆદિક ચોલ્યાબાદ જ્યારે તે પોતે અર્ધ નાહેલો થયો તેવામાં રાત્રિનો પહેલો પહોર વ્યતીત થયો. ॥ ૪૬ ॥

तदा च दत्तसंकेत—स्तलारक्षः स्मरातुरः ॥

विमुच्यापरकार्याणि । तद्गृहद्वारमाययौ ॥ ४७ ॥

અર્થ:—તે વખતે સંકેત આપ્યાથી કામાતુર બનેલો કોટવાલ બીજાં કાર્યો છોડીને તેના ઘરને બારણે આવ્યો. ॥ ૪૭ ॥

वितेने तेन खाट्कारो । दृढदत्तकपाटयोः ॥

हृदयं खाट्करोतिस्म । पुनस्तस्य द्विजन्मनः ॥ ४८ ॥

અર્થ:—પછી તેણે તો મજબૂત બંધ કરેલાં તે બારણાપર ખટકારો કર્યો, પરંતુ તે બ્રાહ્મણના હૃદયમાં ખટકારો થવા લાગ્યો. ॥ ૪૮ ॥

स्वकर्त्तव्यसमुद्भूत—भयभ्रमितलोचनः ॥

विप्रस्तामथ सिप्राक्षी—मप्राक्षीद् द्वारि कोऽस्ति ते ॥ ४९ ॥

અર્થ:—પોતાના આવી રીતનાં કાર્યથી ભયભ્રાંત થયેલાં લોચનવાળો તે બ્રાહ્મણ તે કમલમુખીને પૂછવા લાગ્યો કે તારે બારણે વળી આ કોણ આવ્યો છે? ॥ ૪૯ ॥

साप्यत्रोचदमुं मन्ये । तलारक्षं विचक्षण ॥

इयत्यामेव वेलायां । नित्यं मद्गृहमेत्यसौ ॥ ५० ॥

અર્થ:—ત્યારે તે પણ બોલી કે હે વિચક્ષણ! હું ધારૂં છું કે તે કોટવાલ છે, કેમકે આજ વખતે તે હમેશાં મારે ઘેર આવે છે. ॥૫૦॥

त्रस्यंस्तस्याभिधातोऽपि । जांगुल्या इव पन्नगः ॥

स क्षीणविषयाकांक्षा—विष एवं व्यचिंतयत् ॥ ५१ ॥

અર્થ:—ગારૂડીના નામથી જેમ સર્પ તેમ તેના નામથી પણ ડરેલો તે બ્રાહ્મણ વિષયની ઇચ્છારૂપી ઝેર ક્ષીણ થવાથી વિચારવા લાગ્યો કે,

कुधीरधीतशास्त्रस्या—प्यहो केयमभून्मम ॥

मित्रस्यापि कलत्रं य—दत्रपोऽहमचीकमं ॥ ५२ ॥

અર્થ:—અરે! શાસ્ત્રો ભણેલા એવા પણ મને આ કુબુદ્ધિ કયાંથી પેદા થઇ! કે મેં નિર્લજ્જ થઇને મિત્રની સ્ત્રીસાથે વિષયવાંછા કરી!

यदीमां पूर्वमज्ञास्य—मारक्षस्य परिग्रहे ॥

तन्नाधास्यां मनोऽप्यस्यां । सभुजंगे निधाविव ॥ ५३ ॥

અર્થ:—અરે ! મને જો પ્રથમ ખબર હોત કે આ કોટવાલની રાખેલી છે ! તો સર્પવાળા નિધાનમાં જેમ તેમ હું આ સ્ત્રીમાં મારૂં મન પણ ધારત નહિ. ॥ ૫૩ ॥

इहायातं विधिवशा—द्यदि मामेष भोत्स्यते ॥

तत्सर्वस्वापहारेऽपि । जीवंतं नैव मोक्ष्यति ॥ ५४ ॥

અર્થ:—હવે કર્મયોગે જો મને તે અહીં આવેલો જાણશે તો મારી સર્વ મીલકત લુંટીને પણ તે મને જીવતો છોડશે નહિ. ॥ ૫૪ ॥

ध्यायन्निति तयोचे स । मा भैः स्वस्थो भव द्विज ॥

यास्यत्यसौ क्षणं स्थित्वा । निशास्त्यद्यापि भूयसी ॥ ५५ ॥

અર્થ:—એમ વિચારમાં પડેલા તે બ્રાહ્મણને શીલવતીએ કહ્યું કે હે બ્રાહ્મણ તું ધીરજ રાખ ? તે તો અહીં ક્ષણવાર રહીને ચાલ્યો જશે, અને હજુ રાત્રી તો ઘણી છે. ॥ ૫૫ ॥

मंजूषायास्तावदस्या । वक्षारं गह्वरोपमं ॥

क्षणमध्यास्व सोऽपि द्रा—क्समुत्थाय तथाकरोत् ॥ ५६ ॥

અર્થ:—માટે તું આ પેટીના ગુફાસરખા ખાનામાં ક્ષણવારસુધી બેશી જા ? ત્યારે તેણે પણ જલદી ઉઠીને તેમજ કર્યું. ॥ ૫૬ ॥

प्रयत्नोपार्जितद्रव्य । इव विप्रे निधीकृते ॥

ददौ श्रेष्टिप्रिया प्रीता । वक्षारे तत्र तालकं ॥ ५७ ॥

અર્થ:—મહેનતવડે ઉપાર્જન કરેલાં ધનનીપેઠે તે બ્રાહ્મણને પેટીમાં પૂરીને ખુશ થયેલી શીલવતીએ તે ખાનાને તાળું આપ્યું. ॥૫૭॥

शंकासंकुचितस्तत्रा—नंतसंतमसि द्विजः ॥

स तस्थौ भाविनरका—वस्थामनुभवन्निव ॥ ५८ ॥

અર્થ:—તે અનંતા અંધારાવાળા ખાનામાં પોતાને થનારી નરકની અવસ્થાને જાણે અનુભવતો હોય નહિ તેમ તે બ્રાહ્મણ શંકાથી સંકોચાઇને તેમાં બેઠો. ॥ ૫૮ ॥

अथोद्घाट्य कपाटौ सा । तलारक्षमवेशयत् ॥

धीवंध्यस्य द्विजस्येव । भक्तिं तस्याप्यदर्शयत् ॥ ५९ ॥

અર્થઃ—પછી કમાડ ઉઘાડીને તેણીએ કોટવાળને ઘરમાં દાખલ કર્યો, તથા તે બ્રાહ્મણની પેઠે તે બુદ્ધિહીન કોટવાળપ્રતે પણ તેણીએ ભક્તિ દેખાડવા માંડી. ॥ ૫૯ ॥

प्राग्वद्वार्त्ताविनोदेन । जातो वेलाव्यतिक्रमः ॥
सा तं स्नपयितुं स्नान—पीठेऽन्यस्मिन्न्यवीविशत् ॥ ६० ॥

અર્થઃ—પછી પૂર્વનીપેઠે વાર્તાવિનોદમાંજ વખત ચાલ્યો ગયો, ત્યારબાદ તેને સ્નાન કરાવવામાટે તેણીએ બીજા બાજોઠપર બેસાડ્યો.

अर्द्धस्नाते गतस्तस्मिन् । द्वितीयः प्रहरो निशः ॥
अस्तनिद्रस्तदा मंत्री । तत्सद्म छन्नमाययौ ॥ ६१ ॥

અર્થઃ—જ્યાં તે અરધું સ્નાન કરી રહ્યો એવામાં રાત્રીનો બીજો પહોર વ્યતીત થયો, ત્યારે નિદ્રા ઉડી જવાથી મંત્રી ગુપ્તરીતે તેણીને ઘેર આવ્યો. ॥ ૬૧ ॥

द्वारि खाट्कारिते तेन । कपाटपुटके शनैः ॥
किमेतदिति संभ्रांत—स्वांतः पप्रच्छ तामसौ ॥ ६२ ॥

અર્થઃ—પછી તેણે બારણામાં ધીરેથી કમાડ ઠોક્યાથી આ વળી શું છે? એમ મનમાં સંભ્રાંત થઇને કોટવાળે તેણીને પૂછ્યું. ॥૬૨॥

तया प्रोक्ते महामात्ये । किं कर्त्तव्यतयाकुलः ॥
कलविंक इव श्येना—त्तस्माद् बाढं बिभाय सः ॥ ६३ ॥

અર્થઃ—ત્યારે તેણીએ મહામંત્રીનું નામ લીધાથી બાજથી જેમ ચકલો તેમ તેનાથી તે અત્યંત ડરવા લાગ્યો. ॥ ૬૩ ॥

सोऽक्षेपि वेपमानोऽर्ध—स्नातो निष्णातया तया ॥
घोरांधकारे वक्षारे । मंजूषाया द्वितीयके ॥ ६४ ॥

અર્થઃ—પછી ધ્રુજતા તથા અર્ધ કરેલા સ્નાનવાળા તે કોટવાલને તે ચતુર શીલવતીએ ઘોર અંધકારવાળા પેટીના બીજા ખાનામાં પૂરી દીધો. ॥ ૬૪ ॥

प्रवेश्याथ प्रियालापै—र्विनोद्यैष तयास्नपि ॥
यावन्मंत्री व्यतीयाय । तावद्यामस्तृतीयकः ॥ ६५ ॥

અર્થઃ—પછી તેણીએ મંત્રીને પ્રવેશ કરાવીને તથા પ્રિય વચનોથી ખુશ કરીને જેવામાં સ્નાન કરાવવા માંડ્યું, તેવામાં રાત્રીનો ત્રીજો પહોર વ્યતીત થયો. ॥ ૬૫ ॥

तुरीयप्रहरस्यादौ । प्रदत्तावसरस्तया ॥
कल्पांतेऽब्धिरिवोदस्था—दुन्मर्यादो महीधवः ॥ ६६ ॥

અર્થ:—હવે ચોથા પહોરની આદિમાં તેણીએ વખત આપેલો હોવાથી કલ્પાંતકાળના સમુદ્રનીપેઠે મર્યાદા તજીને રાજા ઉઠયો. ॥૬૬॥

ध्वांतसाधर्मिकपट—च्छन्नकायो निरायुधः ॥
अनुपानहपदैकः । स्वसौधान्निरगान्नृपः ॥ ६७ ॥

અર્થ:—અંધકારસરખાં વસ્ત્રથી શરીર ઢાંકીને હથિયાર તથા પગરખાંવિનાનો એકાકી રાજા પોતાના મહેલમાંથી નિકલ્યો. ॥ ૬૭ ॥

नाजिज्ञपत्परीवारं । नाप्राक्षीत्कुलमंत्रिणः ॥
किंतु कामग्रहग्रस्तः । प्रस्थितः स्वयमेव सः ॥ ६८ ॥

અર્થ:—તેણે પરિવારને જણાવ્યું નહિ તથા કુલમંત્રીઓને પૂછયું નહિ, પરંતુ કામાતુર થયોથકો તે પોતેજ ત્યાંથી ચાલવા લાગ્યો. ॥૬૮॥

दृशा भयस्पृशा पश्य—न्नवशः स दिशो दश ॥
छन्नच्छन्नैः पदैश्चौर । इवानीये चतुष्पथं ॥ ६९ ॥

અર્થ:—પરવશ થઇને ભયભીત દૃષ્ટિથી દશે દિશાઓતરફ જોતોથકો છાનાછાના પગલાંઓથી ચોરોનીપેઠે તે ચહુટામાં આવ્યો. ॥ ૬૯ ॥

नासापुटस्फुरच्छ्वास—स्तस्या आसाद्य सद्म सः ॥
आच्छोटयन्नखैर्द्वारा—ररीं स्मररुजातुरः ॥ ७० ॥

અર્થ:—છેક નાશિકાસુધી આવેલા શ્વાસવાળો તથા કામરોગથી આતુર થયેલો તે રાજા તેણીના ઘરપાસે આવીને નખોથી બારણાનો આગળીઓ ઠોકવા લાગ્યો. ॥ ૭૦ ॥

कोऽस्ति द्वारीति पृष्टा सा । मंत्रिणा न्यगदन्मृदु ॥
स्यादेष नित्यं मे गेहे । निश्चितागमनो नृपः ॥ ७१ ॥

અર્થ:—બારણે કોણ છે ? એમ મંત્રીએ પૂછવાથી તેણીએ ધીમેથી કહ્યું કે આ વખતે હમેશાં મારે ઘેર આવનારો રાજા હોવો જોઇએ.

युवापि प्रापितः कंप—वातं नाम्ना नृपस्य सः ॥
वक्षारके तयाक्षेपि । मंजूषायास्तृतीयके ॥ ७२ ॥

અર્થ:—યુવાન છતાં પણ રાજાના નામથી તેને કંપવાયુ થયો, ત્યારે તેણીએ તેને પેટીના ત્રીજા ખાનામાં પૂરી દીધો. ॥ ૭૨ ॥

प्रदाय तालकं तत्र । सा द्वारमुद्घाटयत् ॥

प्रवेश्य भूपतिं स्निग्धै—रालापैः समरंजयत् ॥ ७३ ॥

અર્થ:—પછી તેણીએ ત્યાં તાળું દેઇને બારણું ઉઘાડયું તથા રાજાને પ્રવેશ કરાવીને મિષ્ટ વચનોથી ખુશી કર્યો. ॥ ૭૩ ॥

स्नपये त्वं महाराज । रजन्यद्यापि भूयसी ॥

अस्नातांगस्य या केलि—स्तद्धि रासभचेष्टितं ॥ ७४ ॥

અર્થ:—પછી તેણીએ કહ્યું કે હે મહારાજ! આપને હું સ્નાન કરાવું, કેમકે હજુ રાત્રી ઘણી છે, વળી નાહ્યાવિના જે કામક્રીડા કરવી તે ગદ્ધાચાર જેવું છે. ॥ ૭૪ ॥

इति तद्वचसा यावत् । स्नातुं प्रवव्रुते नृपः ॥

संकेतितचरी श्वश्रू—स्तावद् द्वारे स्थिता जगौ ॥ ७५ ॥

અર્થ:—એવી રીતના તેણીના વચનથી જેવામાં રાજા સ્નાન કરવા લાગ્યો તેવામાં સંકેત કરી રાખેલી તેણીની સાસુ બારણે આવીને કહેવા લાગી કે, ॥ ૭૫ ॥

उद्घाटय वधु द्वार—मद्यापि शयितासि किं ॥

तच्छ्रुत्वा तां नृपः केय-मिति भीत इवाभ्यधात् ॥ ७६ ॥

અર્થ:—હે વહુ! દ્વાર ઉઘાડ? હજુસુધી શું સુતી પડી છું? તે સાંભલીને રાજા જાણે ડરી ગયો હોય નહિ તેમ બોલ્યો કે આ વળી કોણ છે? ॥ ૭૬ ॥

हसित्वा सावदद्देव । श्वश्रूर्मे गृहकर्मणि ॥

पृथग्गृहस्थितेयत्र्यां । वेलायां नित्यमेत्यसौ ॥ ७७ ॥

અર્થ:—ત્યારે શીલવતી હસીને બોલી કે જુદા ઘરમાં રહેલી મારી સાસુ હમેશાં ઘરના કામકાજમાટે આ વખતે અહીં આવે છે.

राजा दध्यौ जरत्यापि । गृहीतं दुर्यशो मम ॥

नवयौवनवद्भावि । जगल्लंघनजांघिकं ॥ ७८ ॥

અર્થ:—ત્યારે રાજાએ વિચાર્યું કે આ ડોકરીએ પણ જાણેલો મારો આ અપયશ હવે યુવાન પુરૂષનીપેઠે આખા જગતમાં ફેલાઇ જશે.

आराग्रे सर्षपो वह्नि-शिखायामिव पारदः ॥

स्त्रीस्वभावान्न हृद्यस्या । वार्त्तेयं स्थैर्यमाप्स्यति ॥ ७९ ॥

અર્થ:—સોઇના અગ્ર ભાગપર જેમ સર્ષવ તથા અગ્નિશિખામાં જેમ પારો તેમ સ્ત્રીના સ્વભાવથી આ ડોકરીના હૃદયમાં આ વાત સ્થિર રહેશે નહિ ॥ ૭૯ ॥

वार्धकस्य बलादेषा । निर्भया निरपत्रपा ॥
विगोपयति राजान—मपि रंकमिव क्षणात् ॥ ८० ॥

અર્થ:—વૃદ્ધપણાના બલથી આ ડોકરી નિર્ભય તથા નિર્લજ્જ થઇને ક્ષણવારમાં મને રાજાને પણ રંકનીપેઠે વગોવશે. ॥ ૮૦ ॥

वृद्धामूलोपवादोऽय—महो मे समुपस्थितः ॥
प्रमत्तः सप्रतिष्टश्चे—द्विनष्टस्तर्हि स ध्रुवं ॥ ८१ ॥

અર્થ:—અરે ! મારાપર આ ડોકરીએ જોયેલો અપવાદ આવી પડયો ! જો તે પ્રમત્ત અને પ્રતિષ્ટાવાળો હોત તો ખરેખર નષ્ટ થાત.

म्लानमित्यालपत्तं सा । पुरुषोत्तम मा क्रम ॥
इमामध्यास्व मंजूषां । याति यावज्जरत्यसौ ॥ ८२ ॥

અર્થ:—એવી રીતે જંખવાણા પડી ગયેલા તે રાજાને તેણીએ કહ્યું કે હે પુરૂષોત્તમ ! તું ખેદ ન કર ? જ્યાંસુધી આ ડોકરી પાછી જાય ત્યાંસુધી તું આ પેટીમાં બેશી જા ? ॥ ૮૨ ॥

मंजूषाया अथालीढे । तुर्यवक्षारकं नृपे ॥
सा तालकं दधौ बाढ—महो धैर्यं हि योषितां ॥ ८३ ॥

અર્થ:—પછી રાજા જ્યારે તે પેટીના ચોથા ખાનામાં પેઠો ત્યારે તેણીએ ત્યાં મજબૂત તાળું દીધું, અહો ! સ્ત્રીઓનું પણ ધૈર્ય કેવું હોય છે ! ॥ ૮૩ ॥

न ग्रामपुरराष्ट्रेषु । माति यः सपरिच्छदः ॥
मंजूषागह्वरे सोऽपि । ममौ भूपः स्वदोषतः ॥ ८४ ॥

અર્થ:—જે રાજા પરિવારસહિત ગામ નગર અથવા રાજ્યમાં પણ સમાય નહિ તે પણ પોતાના દોષથી પેટીના ખાનામાં સમાઇ ગયો.

फलकांतरितास्तस्यां । पेटायां ते द्विजादयः ॥
तूष्णीकाः सुचिरं तस्थु—रौष्ट्रिका इव तापसाः ॥ ८५ ॥

અર્થ:—વચ્ચે પાટીયાં જડેલી તે પેટીમાં તે બ્રાહ્મણઆદિક ઔષ્ટ્રિક તાપસોનીપેઠે ઘણા કાળસુધી મૌનપણે રહ્યા. ॥ ૮૫ ॥

विवृत्याथ तया द्वारं । श्वश्रूर्वेश्मन्यवेश्यत ॥
तदीयं कंठमालंब्य । मुक्तकंठमरोदि च ॥ ८६ ॥

અર્થ:—પછી તેણીએ બારણું ઉઘાડીને સાસુને ઘરમાં પ્રવેશ કરાવ્યો, તથા તેણીને કંઠે વળગીને ઘાંટો કહાડીને તે રડવા લાગી. ॥૮૬॥

क्रंदसे किमकस्मात्त्वं । तयेत्युक्ता जगाद सा ॥
किं ब्रुवे मंदभाग्याहं । सोमभूतिर्बभाण यत् ॥ ८७ ॥

અર્થ:—તું અકસ્માત કેમ રડે છે? એમ તેણીએ પૂછવાથી તે શીલવતી બોલી કે, અરે! હું મંદભાગ્યવાળી શું કહું? કેમકે સોમભૂતિ બ્રાહ્મણ કહે છે કે, ॥ ૮૭ ॥

विदेशस्थः समुद्रः प्रा—गुक्तमर्थं मपन्नवान् ॥
आहतो धर्मराजेन । प्राप्तोऽथ सुरसंपदं ॥ ८८ ॥

અર્થ:—વિદેશમાં રહેલા સમુદ્રદત્ત પ્રથમ તો વર્ણવેલો ધનસમૂહ પામ્યા, તથા પછી ધર્મરાજે આદર કરવાથી સુરસંપત્તિ પામ્યા. ॥૮૮॥

श्लेषोक्तिविदुषो वध्वा । व्याहृतं सरलाशया ॥
तयेति प्रतिपेदाना । जज्ञे सापि विलापिनी ॥ ८९ ॥

અર્થ:—શ્લેષોક્તિ એટલે દ્વિઅર્થી વચન બોલવામાં ચતુર એવી વહુએ કહેલું વચન સત્ય માનીને સરલ આશયવાળી તેણીની સાસુ પણ વિલાપ કરવા લાગી. ॥ ૮૯ ॥

विलोक्य प्रातिवेश्मिक्य—स्ते द्वे क्रंदनतत्परे ॥
तत्रैत्य रुरुदुस्तारं । तासां दूरे न दृग्जलं ॥ ९० ॥

અર્થ:—એવી રીતે તેઓ બન્નેને રડતી જોઇને પડોશની સ્ત્રીઓ પણ ત્યાં આવીને મોટેથી રડવા લાગી, કેમકે સ્ત્રીઓની આંખોમાં આંસુ આવવાં કંઇ છેટાં નથી હોતાં. ॥ ૯૦ ॥

सा च वार्त्ता वितस्तार । निखिलेऽपि पुरे क्रमात् ॥
वार्त्ता स्त्रीयानमारूढा । स्याद्वायोरपि जांघिकी ॥ ९१ ॥

અર્થ:—પછી તે વાત અનુક્રમે આખા શહેરમાં ફેલાઇ ગઇ, કેમકે સ્ત્રીરૂપી વાહનપર ચડેલી વાત વાયુથી પણ વેગવાળી થાય છે.

अथेभ्या आययुस्तत्र । कर्तुं तस्योर्ध्वदेहिकं ॥
सर्वेऽपि तद्गृहद्वारि । संभूयैवं मिथोऽभ्यधुः ॥ ९२ ॥

અર્થ:—હવે તેની મરણક્રિયા કરવામાટે ત્યાં શેઠશાહુકારો આવ્યા, તથા તેઓ સઘલા તેના ઘરને બારણે એકઠા થઇને પરસ્પર કહેવા લાગ્યા કે, ॥ ૯૨ ॥

अपुत्र एव दूरस्थः । समुद्रोऽयं व्यपद्यत ॥
अपुत्रस्य भवत्येव । श्री राजकुलगामिनी ॥ ९३ ॥

અર્થ:—આ સમુદ્રદત્ત પરદેશમાં પુત્રરહિતજ મરણ પામ્યો છે, અને પુત્રરહિત મનુષ્યની લક્ષ્મી રાજકુલમાંજ જાય છે. ॥ ૯૩ ॥

राजानुज्ञां विनास्यौकः । प्रवेष्टुं तन्न युज्यते ॥
सुलंघा ज्वलनज्वाला । दुर्लंघं राजशासनं ॥ ९४ ॥

અર્થ:—માટે રાજાના હુકમવિના આના ઘરમાં જવું લાયક નથી, કેમકે અગ્નિની જ્વાલા ઓળંગવી સારી, પરંતુ રાજાના હુકમનું ઉલ્લંઘન કરવું સારૂં નથી. ॥ ૯૪ ॥

इति ते सहिताः सर्वे । भवनं भूभुजो ययुः ॥
नास्थाने न च शुद्धांते । तैस्तदामापि भूपतिः ॥ ९५ ॥

અર્થ:—એમ વિચારીને તેઓ સઘલા રાજમંદિરે ગયા, પરંતુ સભામાં કે જનાનામાં ક્યાંય પણ તેઓને રાજાનો મેલાપ થયો નહિ.

राज्ञोंतरगः सकल—स्तैरपृच्छि परिच्छदः ॥
पुनर्देवहृतस्येव । तस्य शुद्धिं न कोऽप्यवक् ॥ ९६ ॥

અર્થ:—ત્યારે તેઓએ રાજાના સઘલા ખાનગી પરિવારને પૂછ્યું, પરંતુ જાણે કોઇ દેવ તેને હરી ગયો હોય નહિ તેમ કોઇએ પણ તેના સમાચાર કહ્યા નહિ. ॥ ૯૬ ॥

इतरेतरमालोच्य । तेऽथ मंत्रिगृहं ययुः ॥
न तत्र नोपभूपौक—स्तैर्लेभे सचिवस्तदा ॥ ९७ ॥

અર્થ:—પછી તેઓ પરસ્પર વિચાર કરીને મંત્રિને ઘેર ગયા, પરંતુ ત્યાં તેમજ રાજસભામાં પણ તેઓને મંત્રી મલ્યો નહિ. ॥ ૯૭ ॥

आरक्षसिंहदत्तस्य । तेऽथ मंदिरमाययुः ॥
निःशासनो निधिरिव । न लेभे सोऽपि तैस्तदा ॥ ९८ ॥

અર્થ:—ત્યારે તેઓ સિંહદત્ત કોટવાલને ઘેર ગયા, પરંતુ ભાગ્યહીનને નિધાનનીપેઠે તે પણ તેઓને મલ્યો નહિ. ॥ ૯૮ ॥

विलक्षास्ते ततो राज्ञः । कुमारं गुणसागरं ॥
योजितांजलयोऽभ्येत्य । प्रणम्येति व्यजिज्ञपत् ॥ ९९ ॥

અર્થ:—ત્યારે વિલખા પડેલા તેઓ ગુણોના સમુદ્રસરખા રાજાના કુમારપાસે આવીને હાથ જોડી પ્રણામ કરીને વિનંતિ કરવા લાગ્યા કે,

वार्त्तां श्रुत्वाप्यकल्याणीं । समुद्रस्य प्रवासिनः ॥
तद्गेहं न प्रविष्टाः स्मो । यतः सोऽभूदपुत्रकः ॥ २७०० ॥

અર્થ:—વિદેશ ગયેલા સમુદ્રદત્તના મૃત્યુની વાત સાંભલીને પણ અમો તેના ઘરમાં ગયા નથી, કેમકે તે પુત્રરહિત હતો. ॥ २७०० ॥

तत्कुमार प्रसद्याशु । प्रेष्यंतां निजपूरुषाः ॥
दृष्टुं तद्गेहसर्वस्वं । कुर्मो येनोर्ध्वदेहिकं ॥ १ ॥

અર્થ:—માટે હે કુમાર! આપ કૃપા કરીને તેના ઘરની મીલકત તપાસવામાટે આપના માણસોને મોકલો? કે જેથી અમો તેની મરણક્રિયા કરીએ. ॥ १ ॥

सोऽप्यूचे पुण्यवानस्मि । यत्केलिप्रियमद्य मां ॥
गौरव्यास्तातपादाना—मिभ्या अभ्याययुः स्वयं ॥ २ ॥

અર્થ:—ત્યારે તે રાજકુમાર પણ બોલ્યો કે હું પણ પુણ્યવાન છું કે બાલક્રીડા કરતો એવો જે હું, તેનીપાસે પિતાજીના માનીતા એવા તમો શેઠીઆઓ આજે પોતાનીમેળેજ આવેલા છો. ॥ २ ॥

तत्तत्कार्येषु भूपाद्यै—रात्तवित्तफला अपि ॥
पुनः पुनः फलंतीभ्या । द्रुमा नित्यफला इव ॥ ३ ॥

અર્થ:—અમુક અમુક કાર્યપ્રસંગે રાજાઆદિકો જેઓનું ધનરૂપી ફલ જો કે લે છે, તો પણ નિત્ય ફલતાં વૃક્ષોનીપેઠે તે શાહુકારો ફરી ફરીને ફલ્યા કરે છે. ॥ ३ ॥

परं नास्ति ममेदानीं । व्यापारोऽयं शिशोरिव ॥
जीवत्सु तातपादेषु । मंत्र्यारक्षकयोरिव ॥ ४ ॥

અર્થ:—પરંતુ હજુ પિતાજી હયાત છતાં જેમ મંત્રી અને કોટવાલનું તેમ મારે બાલકને હાલમાં આ કાર્ય કરવાનું નથી. ॥ ४ ॥

तैरूचिरे कुमारेंद्र । त्रयोऽप्येते लुलोकिरे ॥
रत्नत्रयमिवाभव्यै—रस्माभिर्न तु लेभिरे ॥ ५ ॥

અર્થ:—ત્યારે તેઓ બોલ્યા કે હે કુમારેંદ્ર! તે ત્રણેની અમોએ તપાસ કરી, પરંતુ અભવ્યોને જેમ (જ્ઞાનાદિક) ત્રણ રત્નો તેમ અમોને તેઓ મલ્યા નહિ. ॥ ५ ॥

कुमारः स्माह संभ्रांत—मना भूमीधवादयः ॥
क्वामी अहो गता राज—रथसारथयस्त्रयः ॥ ६ ॥

અર્થ:—તે સાંભળી મનમાં ગભરાયેલો કુમાર બોલ્યો કે રાજ્યના રથ અને સારથિસરખા તે રાજાઆદિક ક્યાં ગયા? ॥ ६ ॥

चिंतां च पूर्वमेतेषां । करिष्याम्येष वस्ततः ॥
एवं तं वीक्ष्य साटोपं । पुनरूचे महाजनः ॥ ७ ॥

અર્થ:—માટે પ્રથમ હું તેઓની તપાસ કરીશ, અને પછી તમારૂં કાર્ય કરીશ, એવી રીતે તેને આડંબરવાળો જોઇને મહાજને ફરીથી કહ્યું કે, ॥ ७ ॥

ऋजुस्वभाव मा वत्स—भूतो भाणीरिदं वचः ॥
न वेत्सि प्रहरिष्यंति । पुरं छलदृशो द्विषः ॥ ८ ॥

અર્થ:—અરે ભોળા! છોકરમત કરીને તું એમ બોલમાં? તને હજી ખબર નથી, કેમકે કદાચ લાગ જોનારા શત્રુઓ આ નગર લેઇ લેશે. ॥ ८ ॥

पूर्वं विज्ञप्तिमेतेषां । प्रमाणय गुणालय ॥
क्षुत्तृट्पीडास्पृशां वेला—विलंबः सहते न नः ॥ ९ ॥

અર્થ:—માટે હે ગુણવાન! પ્રથમ આ લોકોની વિનંતિ તું સ્વીકાર? કેમકે અમારાથી ભુખ્યા તરસ્યા વિલંબ સહન થઈ શકશે નહિ.

तेनाथ प्रहिता वेश्म । समुद्रस्य स्वमंत्रिणः ॥
गत्वा निरीक्ष्य संवेक्ष्य । यथादृष्टं बभाषिरे ॥ १० ॥

અર્થ:—પછી તે રાજકુમારે પોતાના હજુરીઓને સમુદ્રદત્તને ઘેર મોકલ્યા, તેઓએ પણ ત્યાં જઇ જોઇ તપાસીને જેવું હતું તેવું આવીને કહ્યું કે, ॥ १० ॥

स्वामिन् समुद्रसंबंधि—धनस्याशा विमुच्यतां ॥
तस्यौकः साधुशालाव—दिदानीमस्त्यकिंचनं ॥ ११ ॥

અર્થ:—હે સ્વામી! તમારે સમુદ્રદત્ત શેઠના ધનની આશા છોડી દેવી, કેમકે તેનું ઘર તો સાધુના ઉપાશ્રયનીપેઠે કશી પણ મિલ્કત વિનાનું છે. ॥ ११ ॥

तत् श्रुत्वा विस्मितः प्राह । कुमारः प्रत्ययो न मे ॥
वाचि युष्माकमाकर्णि । यतोऽसौ प्राग्महाधनः ॥ १२ ॥

અર્થ:—તે સાંભળીને વિસ્મય પામેલો કુમાર બોલ્યો કે મને તમારાં વચનપર વિશ્વાસ આવતો નથી, કેમકે પૂર્વે તે મહાધનાઢ્ય સંભળાયો છે. ॥ १२ ॥

स्वयं गतोऽथ सोऽप्यात्त—फलपुष्पद्रुमोपमं ॥
तद्वेश्म सर्वथा निःश्रि । दृष्ट्वा शीलवतीं जगौ ॥ १३ ॥

અર્થ:—પછી તે કુમારે પોતે ત્યાં જઇને પુષ્પફલ તોડી લીધેલાં તે વૃક્ષસરખાં તેના ઘરને સર્વથા ધનરહિત જોઇને શીલવતીને કહ્યું કે,

**कथयावितथं भद्रे । सा विभूतिः क ते गता ॥**

**पश्चादपि हि भोत्स्यंते । सहस्राक्षा महीभुजः ॥ १४ ॥**

અર્થ:—હે ભદ્રે! તું સત્ય કહે? તારી સમૃદ્ધિ કયાં ગઇ? કેમકે હજારો આંખોવાલા રાજાઓને પાછલથી પણ તેની ખબર પડી જશે.

**साथोचे वत्स द्रव्याशा—वेशाद्देशांतरं प्रति ॥**

**पतिर्मे प्रस्थितः सर्वं । गृहसारं सहानयत् ॥ १५ ॥**

અર્થ:—ત્યારે તે બોલી કે હે વત્સ! દ્રવ્ય મેલવવાની આશાના આવેશથી જયારે મારા સ્વામીએ દેસાંતરમાં પ્રસ્થાન કર્યું ત્યારે ઘરની તમામ મીલ્કત તે પોતાની સાથે લેઇ ગયા છે. ॥ ૧૫ ॥

**केवलं मां च मंजूषां । चेमां भारकरीं पथि ॥**

**गृहे मुमोच को वेत्ति । यदस्या अस्ति कोटरे ॥ १६ ॥**

અર્થ:—કેવલ મને અને માર્ગમાં અતિ બોજો કરનારી આ પેટીને તે ઘરમાં મુકી ગયા છે, પરંતુ કોને ખબર કે આ પેટીની અંદર શું હશે! ॥ ૧૬ ॥

**परमार्थानभिज्ञेन । मंजूषेक्षणहर्षिणा ॥**

**ततो भूपसुतादिष्टा । भृत्यास्तां शिरसो दधुः ॥ १७ ॥**

અર્થ:—પછી પરમાર્થ નહિ જાણનારા અને પેટી જોઇને ખુશ થયેલા રાજકુમારે હુકમ કરવાથી તેના નોકરોએ તે પેટી મસ્તકપર ઉપાડી.

**निविष्टो भूमिभृद्यत्र । भूरिकूटः समेखलः ॥**

**सा मंजूषाभवद्युक्तं । वोढ्णां भारकारणं ॥ १८ ॥**

અર્થ:—જે પેટીમાં ઘણા કુટવાળો (શિખરોવાળો) તથા કંદોરાવાળો (મેખલાવાળો) રાજા (પર્વત) બેઠેલો છે, તે પેટી ઉંચકનારાઓને જે ભાર કરનારી થઇ તે યુક્ત છે. ॥ ૧૮ ॥

**भूरिभारेयमित्युक्त—स्तैः प्रीतो भूपभूर्जगौ ॥**

**रत्नस्वर्णादिभिः पूर्णा । मंजूषेयं भविष्यति ॥ १९ ॥**

અર્થ:—અહો આ તો બહુ ભારવાળી છે! એમ તેઓએ કહેવાથી ખુશી થયેલો રાજકુમાર બોલ્યો કે ખરેખર આ પેટી રત્ન તથા સ્વર્ણ આદિકથી ભરેલી હોશે. ॥ ૧૯ ॥

**स्वं धामैत्य सभालोके । लोकमाने सकौतुकं ॥**

**भित्त्वाद्यं तालकमसौ । मंजूषामुदघाटयत् ॥ २० ॥**

અર્થ:—પછી તેણે પોતાને ઘેર આવીને સભાસદોની નજરે કૌતુકપૂર્વક પહેલું તાળું ભાંગીને તે પેટી ઉઘાડી. ॥ ૨૦ ॥

**ततस्तत्रत्यवक्षारा—द्ब्रह्मचिह्नविनाकृतिः ॥**

**प्राच्यात्परिचयाल्लक्ष्यः । प्रादुरासीत् पुरोहितः ॥ २१ ॥**

અર્થ:—ત્યારે તેના ખાનામાંથી બ્રહ્મચિહ્નવિનાની આકૃતિવાળો તથા પૂર્વના પરિચયથી ઓળખી શકાય એવો પુરોહિત પ્રગટ થયો.

**कथमत्रागतोऽसीति । सभ्यैः पृष्टो द्विजो जगौ ॥**

**मा मां पृच्छत पार्षद्याः । पश्यत प्रथमं पुरः ॥ २२ ॥**

અર્થ:—અરે! આમાં શીરીતે તું આવ્યો? એમ સભાસદોએ પૂછવાથી તે બ્રાહ્મણ બોલ્યો કે હે સભાસદો! તમો મને પૂછો નહિ, પરંતુ પહેલાં આગલ તપાસ ચલાવો? ॥ ૨૨ ॥

**तालकेऽथाग्रिमे भिन्ने । तलारक्षो विनिर्ययौ ॥**

**वक्षारकांततः शैल—गह्वरादिव कौशिकः ॥ २३ ॥**

અર્થ:—હવે તે પછીનું તાળું ભાંગવાથી પર્વતની ગુફામાંથી જેમ ઘુવડ તેમ તે ખાનામાંથી કોટવાલ નીકલ્યો. ॥ ૨૩ ॥

**एवं तृतीयतुर्याभ्यां । वक्षाराभ्यां निरीयतुः ॥**

**मंत्री च मेदिनीशश्च । त्रपासंकुचिताननौ ॥ २४ ॥**

અર્થ:—એવી રીતે ત્રીજા અને ચોથા ખાનામાંથી લજ્જાથી સંકોચાયેલા મુખવાળા મંત્રી અને રાજા નિકલ્યા. ॥ ૨૪ ॥

**अपास्तभूषा आपाणि—पादं खलितरंटिताः ॥**

**निर्विशेषाः सदृग्वेषा । जलार्द्रमात्रवाससः ॥ २५ ॥**

અર્થ:—આભુષણવિનાના અને છેક હાથથી પગસુધી ખરડાએલા શરીરવાળા કંઈ પણ તફાવતવિના તુલ્ય વેષવાળા, અને ફક્ત જલથી ભીંજાયેલાં વસ્ત્રવાળા, ॥ ૨૫ ॥

**ईयिवांसो भवपरा—वर्त्तादिव दशांतरं ॥**

**चत्वारस्ते चिरं चित्रं । न चक्रुः कस्य पश्यतः ॥ २६ ॥**

અર્થ:—જાણે સંસારચક્રમાંથી બીજી દશાને પ્રાપ્ત થયા હોય નહિ એવા તે ચારે કયા જોનાર માણસને ઘણા કાળસુધી આશ્ચર્ય ન કરવા લાગ્યા? ॥ ૨૬ ॥

प्राहुर्विनोदिनः केचि—दहो भाग्यं कुमार ते ॥

जिज्ञासिता अमी प्रादु—र्भूताश्च स्वयमेव यत् ॥ २७ ॥

અર્થ:—વળી કેટલાક મશ્કરાઓ બોલ્યા કે હે કુમાર! તારૂં પણ અહોભાગ્ય છે! કેમકે જેઓની તલાસ કરવાની તારી ઇચ્છા હતી તેઓ આ પોતાનીમેળેજ પ્રગટ થયા છે! ॥ ૨૭ ॥

परे प्राहुरहो भक्ता । भूपेऽमात्यादयस्त्रयः ॥

न स्वस्वामिनमत्याक्षु—र्यदीदृक्संकटेऽप्यमी ॥ २८ ॥

અર્થ:—બીજા કેટલાક બોલ્યા કે અહો! આ મંત્રી આદિક ત્રણે રાજાના મહાભક્તો જણાય છે! કેમકે તેઓએ આવા સંકટમાં પણ પોતાના સ્વામીને છોડયો નથી. ॥ ૨૮ ॥

दशां नीतोऽसि केनेमां । तात तं हन्मि वेद्मि चेत् ॥

एवं ब्रुवंतमाटोपा—त्पुत्रं भूपो न्यवारयत् ॥ २९ ॥

અર્થ:—હે પિતાજી! આપના આવા હાલ કોણે કર્યા છે? તેને હું જાણું તો જીવથીજ મારી નાખું, એવી રીતે આડંબરથી બોલતા એવા પોતાના તે પુત્રને રાજાએ અટકાવ્યો, ॥ ૨૯ ॥

जोषं भजैष संरंभो । वृथा तत्त्वं न बुद्ध्यसे ॥

आकारय सदाकार । तामेव श्रेष्ठिनः प्रियां ॥ ३० ॥

અર્થ:— ( અને કહ્યું કે ) હે ઉત્તમ આકૃતિવાળા પુત્ર! તું મૌન રહે, તારો આ જુસ્સો નકામો છે, કેમકે ખરી બિનાની તને માહેતી નથી. હવે શેઠની તે સ્ત્રીનેજ તુ બોલાવ? ॥ ૩૦ ॥

राजाप्यथ समुत्थाय । धौतकायः शुभोदकैः ॥

सिंहासनमलंचक्रे । नव्यशृंगारभासुरः ॥ ३१ ॥

અર્થ:—પછી રાજા પણ ઉઠીને તથા ઉત્તમ જલથી શરીર ધોઇને નવા શ્રૃંગારથી દેદીપ્યમાન થઇને સિંહાસનપર બેઠો. ॥ ૩૧ ॥

द्विजादयोऽपि ते स्नाता । निषेदुः परितो नृपं ॥

नृपाहूताययौ तत्र । तदा सा शीलवत्यपि ॥ ३२ ॥

અર્થ:—વળી તે બ્રાહ્મણઆદિક પણ સ્નાન કરીને રાજાની આસપાસ બેઠા, તથા રાજાએ બોલાવેલી તે શીલવતી પણ તે વખતેજ ત્યાં આવી. ॥ ૩૨ ॥

कुलदेवीमिवाभ्येत्य । मुक्तसिंहासनो नृपः ॥

तां नत्वा प्रणयप्रह्वो । योजितांजलिरस्तुत ॥ ३३ ॥

અર્થ:—ત્યારે રાજા સિંહાસનપરથી ઉતરી સામે આવી પ્રેમપૂર્વક તેણીને નમીને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યો કે, ॥ ૩૩ ॥

त्वं योषिज्जनभूषासि । त्वं वंद्यासि महासति ॥
विकटे संकटेऽपि त्वं । यन्निश्चयमपालयः ॥ ३४ ॥

અર્થ:—હે મહાસતિ! તું સ્ત્રીઓમાં મુકુટસમાન તથા વંદન કરવાલાયક છો, કેમકે આવા વિકટ સંકટમાં પણ તેં તારા શીલવ્રતનું રક્ષણ કર્યું છે. ॥ ૩૪ ॥

वीरा अपि वयं नात्र । यं जेतुं प्रभविष्णवः ॥
त्वया त्वबलयाप्येष । विषमास्त्रो व्यजीयत ॥ ३५ ॥

અર્થ:—અમો સુભટો પણ જેને જીતી શકયા નહિ એવા તે કામદેવને તેં અબલાએ પણ જીતી લીધો. ॥ ૩૫ ॥

विनश्यंति सतीनां हि । शापात्क्ष्मापा अपि क्षणात् ॥
महान् मयि प्रसादोऽयं । जीवन्मुक्तोऽस्मि यत्त्वया ॥ ३६ ॥

અર્થ:—સતીઓના શ્રાપથી રાજાઓ પણ ક્ષણવારમાં વિનષ્ટ થાય છે, પરંતુ તેં તો મારાપર મોટી કૃપા કરી કે મને જીવતો મુકયો.

जननीव सुतस्येद—मागस्त्वं सोढुमर्हसि ॥
गुरोरिव न ते शिक्षा । जीवंतां विस्मरिष्यति ॥ ३७ ॥

અર્થ:—માતા જેમ પુત્રનો તેમ તારે મારો આ અપરાધ માફ કરવો, તથા ગુરૂની જેમ તારી આ શીખામણ હું જીવીશ ત્યાંસુધી ભુલીશ નહિ. ॥ ૩૭ ॥

विद्वान् विद्यावधिर्वंश्यो । गंभीरो गुणवानपि ॥
यत्त्वं विचिकृषे दोषः । स खलु प्राच्यकर्मणां ॥ ३८ ॥

અર્થ:—( ત્યારે શીલવતી બોલી કે ) વિદ્વાન, વિદ્યાઓની સીમાસરખો, કુલીન, ગભીર તથા ગુણવાન એવો પણ તું જે વિકારી થયો તે ખરેખર તારાં પૂર્વકર્મનો દોષ છે. ॥ ૩૮ ॥

प्राज्ञाः परःशताः संति । भुवि शूराः सहस्रशः ॥
जयत्यक्षाणि यः पंच । स वीरोऽतिबलः स हि ॥ ३९ ॥

અર્થ:—આ પૃથ્વીપર સેંકડોગમે વિદ્વાનો તથા હજારોગમે શૂરા માણસો છે, પરંતુ જે પાંચે ઇંદ્રિઓને જીતે છે, તેજ સુભટ તથા અતિબલવાન છે ॥ ૩૯ ॥

भवलक्षसुखं शीलं । विषयाः क्षणसौख्यदाः ॥
विचक्षणः क्षणार्थं को । भवानैकान् विनाशयेत् ॥ ४० ॥

અર્થ:—શીલ લાખોગમે ભવોમાં સુખ દેનારૂં છે, અને વિષયો ક્ષણમાત્ર સુખ આપનારા છે, માટે એક ક્ષણમાટે કયો વિચક્ષણ મનુષ્ય અનેક ભવોનો વિનાશ કરે ? ॥ ૪૦ ॥

या चिंतामणिवज्जन्म—कोटीभिरपि दुर्लभा ॥
विदुषा दुष्यते सेयं । नरता न रताशया ॥ ४१ ॥

અર્થ:—જે મનુષ્યપણું ચિંતામણિ રત્નનીપેઠે ક્રોડાગમે ભવોથી પણ દુર્લભ છે, તેને વિદ્વાન માણસ વિષયવાંછાથી દુષિત કરતો નથી.

ततः परपुरंध्रीस्त्वं । राजन्नाजन्म वर्जय ॥
एवं जययशःकोशै—रतिस्फारः स्फुरिष्यसि ॥ ४२ ॥

અર્થ:—માટે હે રાજન્! તું છેક જીવિતપર્યંત પરસ્ત્રીનો ત્યાગ કર ? અને એમ કર્યાથી તું જય, યશ તથા લક્ષ્મીથી વિસ્તાર પામીને આબાદી મેલવીશ. ॥ ૪૨ ॥

तयैवं स्थापितः शीले । शैलेश इव निश्चलः ॥
स स्वं विश्वं जगौ वृत्तं । राजा सामाजिकाग्रतः ॥ ४३ ॥

અર્થ:—એવી રીતે શીલમાં તેણીએ સ્થિર કરેલા રાજાએ પર્વતનીપેઠે નિશ્ચલ થઇને સભાસદોનીપાસે પોતાનું સઘલું વૃત્તાંત કહી સંભલાવ્યું. ॥ ૪૩ ॥

समक्षं भूभुजस्तस्या । आनीय सदनात्स्वयं ॥
ते लेखाभरणे सोम—भूतिर्भीतस्तदा ददौ ॥ ४४ ॥

અર્થ:—તે વખતે સોમભૂતિ બ્રાહ્મણે ડરીને તે પત્ર તથા આભૂષણ પોતાનીમેળેજ પોતાને ઘેરથી લાવીને રાજાની સમક્ષ તેણીને આપ્યાં. ॥ ૪૪ ॥

चक्रे देशादनर्थाना—मयं मूलमिति द्विजः ॥
राज्ञा बहिर्विहंगेन । नीडाद्दुर्वातितांडवत् ॥ ४५ ॥

અર્થ:—આ અનર્થોનું મૂળ આ બ્રાહ્મણ છે, એમ વિચારીને પક્ષી માળામાંથી જેમ ડાભના કાંટાને તેમ રાજાએ તે બ્રાહ્મણને દેશમાંથી દૂર કર્યો. ॥ ૪૫ ॥

शीलवत्यपि भूपेन । स्वगृहे महितोत्सवैः ॥
परेषां च दुःप्रधर्षा—दहेरिव फणामणिः ॥ ४६ ॥

અર્થ:—અન્યોથી ન પકડી શકાય એવા સર્પની ફ્ણાપર રહેલા મણિસરખી તે શીલવતીને પણ રાજાએ ઉત્સવપૂર્વક પોતાને ઘેર મોકલી. ॥ ૪૬ ॥

समयेऽथ समायातः । समुद्रः स विदेशतः ॥
शीललीलायितं श्रुत्वा । वध्ध्वा बाढममोदत ॥ ४७ ॥

અર્થ:—પછી કેટલેક સમયે વિદેશથી આવેલા સમુદ્રદત્તે પોતાની સ્રીનું તે શીલચેષ્ટિત સાંભળીને તેણીની પ્રશંસા કરી. ॥ ૪૭ ॥

तत्र ज्ञानत्रयखनिः । श्रीशीलगुरुरन्यदा ॥
आगाद्गौरयशःपूर—पूरिताखिलभूतलः ॥ ४८ ॥

અર્થ:—હુવે એક દિવસે નિર્મલ યશના સમુહથી સમસ્ત પૃથ્વીતલને ભરનારા તથા ત્રણ જ્ઞાનની ખાણસરખા શ્રીશીલ નામના ગુરૂ ત્યાં આવ્યા. ॥ ૪૮ ॥

तं नंतुं निर्ययौ भूमा—नमात्यादिभिरन्वितः ॥
दिव्ययानेन गीर्वाणै—रिव त्रिदिवनायकः ॥ ४९ ॥

અર્થ:—ત્યારે દેવોસહિત જેમ ઇંદ્ર તેમ મંત્રિઆદિક સહિત રાજા દિવ્ય વાહનમાં બેશીને તેમને વંદન કરવામાટે ત્યાં આવ્યો. ॥૪૯॥

महौषध्येव सर्वत्र । वध्ध्वा दृष्टप्रभावया ॥
समं समुद्रदत्तोऽपि । ययौ गुरुपदांतिकं ॥ ५० ॥

અર્થ:—પ્રત્યક્ષ પ્રભાવવાળી મહાન ઔષધીસરખી શીલવતી સહિત સમુદ્રદત્ત પણ તે ગુરૂના ચરણોપાસે આવ્યો. ॥ ૫૦ ॥

नत्वा निषण्णे क्रमतो । भूपे लोके च निर्ममे ॥
अपेयीकृतपीयूष—सारिणीं देशनां मुनिः ॥ ५१ ॥

અર્થ:—પછી અનુક્રમે રાજા અને લોકોના બેઠાબાદ તે મુનિરાજ અમૃતની નહેરને પણ જીતનારી ધર્મદેશના દેવા લાગ્યા કે, ॥૫૧॥

देहिनेह भवारामे । विरामभ्रमकारिणा ॥
दुःप्रापोऽनल्पसंकल्प—कल्पद्रुर्मानवो भवः ॥ ५२ ॥

અર્થ:—આ સંસારરૂપી બગીચામાં બેસતા અને ફરતા પ્રાણીને અનેક સંકલ્પોમાટે કલ્પવૃક્ષસરખો મનુષ્યભવ દુર્લભ છે. ॥ ૫૨ ॥

तं प्राप्यापि प्रमादेन । विचारजडबुद्धयः ॥
एरंडमिव मन्वानाः । केऽपि स्युर्दुःखभाजनं ॥ ५३ ॥

અર્થ:—વળી તે મળ્યા છતાં પણ અવિચારી અને જડ બુદ્ધિવાળા કેટલાક પ્રાણીઓ તેને એરંડસમાન જાણીને દુઃખોના ભાજનરૂપ થાય છે. ॥ ૫૩ ॥

भेदाः पंच प्रमादस्य । मदनस्येव सायकाः ॥
व्यामोह्य सर्वं कुर्वंति । ही जनं नरकाध्वगं ॥ ५४ ॥

અર્થ:—કામદેવના બાણસરખા તે પ્રમાદના પાંચ ભેદો છે, કે જેઓ સર્વ લોકોને મોહમાં નાખીને નરકગામી બનાવે છે. ॥ ૫૪ ॥

भेदस्तत्रादिमोऽवादि । सुरालयचर्यपदैः सुरा ॥
चेतना मृतकस्येव । यया मूढस्य नश्यति ॥ ५५ ॥

અર્થ:—દેવોની શ્રેણિથી પૂજનીય ચરણોવાળા જિનેશ્વરોએ તેઓનો મદિરા નામે પહેલો ભેદ કહ્યો છે, કે જેથી શબનીપેઠે મૂઢ માણસનું ચૈતન્ય નાશ પામે છે. ॥ ૫૫ ॥

द्वैतियीकस्तु विषया—स्तत्वालोकस्य दस्यवः ॥
ददतेऽसाध्यमांध्यं ये । काचबिंदुवदंगिनां ॥ ५६ ॥

અર્થ:—તેઓનો બીજો ભેદ તત્વજ્ઞાનને લુંટનારા વિષયો છે, કે જેઓ પડળનીપેઠે પ્રાણીઓને અસાધ્ય અંધાપો આપે છે. ॥ ૫૬ ॥

कषायास्तु तृतीयः स्या—द्भेदो यैराकुलीकृतं ॥
मध्यस्था मन्वते जात—सन्निपातमिवांगिनं ॥ ५७ ॥

અર્થ:—ત્રીજો ભેદ કષાયો છે, કે જેથી વ્યાકુલ થયેલા પ્રાણીને વિદ્વાનો સન્નિપાતવાળા પ્રાણીસરખો માને છે. ॥ ૫૭ ॥

तुर्यो भेदस्तु निद्रा स्या—द्यामिलिंगुसहोदरी ॥
निरुणद्धि दृशावेव । नृणां छायानिषेदुषां ॥ ५८ ॥

અર્થ:—તેઓનો ચોથો ભેદ નિદ્રા છે, કે જે ભિલામાસરખી છે, અને તેની છાયામાં બેઠેલા પ્રાણીઓની તે દૃષ્ટિનેજ રોકી રાખે છે.

चतस्रो विकथाभेदाः । प्रमादः पंचमः स्मृतः ॥
वातूल इव तूलस्य । यः स्थैर्यं हंति चेतसः ॥ ५९ ॥

અર્થ:—વિકથાના ચાર ભેદો છે, અને પાંચમો પ્રમાદ છે, કે જે પવન જેમ રૂના પુમડાંની સ્થિરતાને તેમ ચિત્તની સ્થિરતાનો નાશ કરે છે. ॥ ૫૯ ॥

मोहपंचाननस्यामी । भेदाः पंचाननोपमाः ॥
ग्रसंते नांगिनस्कांस्का—नत्राणान् हरिणानिव ॥ ६० ॥

અર્થ:—મોહરૂપી સિંહના પાંચ મુખોસરખા આ પાંચ ભેદો છે, કે જેઓ શરણવિનાના હરિણોનીપેઠે કયા કયા પ્રાણીઓને ગ્રસી જતા નથી? ॥ ૬૦ ॥

शांतमोहाश्चतुर्ज्ञानाः । श्रुतकेवलिनोऽपि हि ॥
प्रमादपारवश्येन । भ्राम्यंति भवकोटिषु ॥ ६१ ॥

અર્થ:—શાંતમોહવાળા ચતુર્જ્ઞાની શ્રુતકેવલીઓ પણ પ્રમાદને વશ થવાથી ક્રોડોગમે ભવોમાં ભમે છે. ॥ ૬૧ ॥

श्रेयःफले यतध्वं त—दप्रमादधनार्जनाः ॥
न वस्तु दुर्लभं प्राप्य । प्रमाद्यंति सचेतसः ॥ ६२ ॥

અર્થ:—માટે અપ્રમાદરૂપી ધન મેલવીને તમો કલ્યાણકારી ફલ માટે પ્રયત્ન કરો? કેમકે બુદ્ધિવાન માણસો દુર્લભ વસ્તુ પામીને પ્રમાદ કરતા નથી. ॥ ૬૨ ॥

ततः प्रमुदिताः पौरा । गुरो रत्नखनेरिव ॥
संगृह्णंति स्म नियम—रत्नानि स्वस्वशक्तितः ॥ ६३ ॥

અર્થ:—પછી ખુશી થયેલા નગરના તે લોકોએ રત્નોની ખાણમાંથી જેમ તેમ ગુરૂપાસેથી પોતપોતાની શક્તિમુજબ નિયમરૂપી રત્નો ગ્રહણ કર્યાં. ॥ ૬૩ ॥

अथ शीलवती नत्वा । गुरुराजं व्यजिज्ञपत् ॥
अमी राजादयो जाताः । प्रभो किं मयि कामुकाः ॥ ६४ ॥

અર્થ:—હવે શીલવતીએ ગુરૂમહારાજને નમીને વિનંતિ કરી કે હે પ્રભો! આ રાજાઆદિક મારાપ્રતે કેમ રાગી થયા? ॥ ૬૪ ॥

उज्जगार गुरुर्धन्ये । कर्मैव बलवत्खलु ॥
अमी हि प्राग्भवाभ्यासा—द्बभूवुस्त्वयि रागिणः ॥६५॥ तथाहि—

અર્થ:—ત્યારે ગુરૂ બોલ્યા કે હે ધન્યે! કર્મજ ખરેખર બળવાન છે, આ લોકો ખરેખર પૂર્વભવના અભ્યાસથી તારાપ્રતે રાગી થયા હતા. ॥ ૬૫ ॥ તે કહે છે—

जंबूद्वीपेऽत्रैरवत—क्षेत्रे द्युतिलके पुरे ॥
शिवभूतिर्विभूतीनां । महेभ्योऽजनि मंदिरं ॥ ६६ ॥

અર્થ:—આ જંબૂદ્વીપમાં ઐરવતક્ષેત્રમાં દ્યુતિલક નામના નગરમાં ઋદ્ધિના મંદિરસરખો શિવભુતિ નામે એક મોટો શેઠ હતો. ॥ ૬૬ ॥

महाश्रियां सधर्मिण्यां । तस्य शस्यकराकृतिः ॥
अजायत सुतः सिंहः । सिंहस्वप्नेन सूचितः ॥ ६७ ॥

અર્થ:—તેને મહાશ્રી નામની સ્ત્રીથી સિંહસ્વપ્નથી સૂચિત થયેલો મનોહર આકૃતિવાળો સિંહનામે પુત્ર થયો. ॥ ૬૭ ॥

अभूच्चंद्रकलास्वप्ना—च्चंद्रलेखास्य नंदिनी ॥
यौवनं चंद्रलेखेव । वर्धमाना बभार सा ॥ ६८ ॥

અર્થ:—વળી તેને ચંદ્રકલાના સ્વપ્નથી ચંદ્રલેખા નામે પુત્રી થઇ, કે જે ચંદ્રની કલાનીપેઠે વૃદ્ધિ પામીને યૌવનાવસ્થા પામી. ॥ ૬૮ ॥

सिंहो देवश्रियं कन्या—मवन्यां मेनकामिव ॥
महेभ्यसंभवां पित्रो—र्निर्देशादुदयच्छत ॥ ६९ ॥

અર્થ:—હવે તે સિંહ પોતાના માતાપિતાની આજ્ઞાથી પૃથ્વીમાં રહેલી મેનકાસરખી મોટા શાહુકારની દેવશ્રી નામની કન્યા પરણ્યો.

अथ देवधरो भ्राता । शिवभूतेश्च कन्यसः ॥
इयाय व्यवसायेन । कनकोपपदं पुरं ॥ ७० ॥

અર્થ:—હુવે તે નાના શિવભૂતિનો મોટો ભાઇ દેવધર વ્યાપાર નિમિત્તે કનકપુર નામના નગરમાં ગયો. ॥ ૭૦ ॥

इभ्यस्य भाग्यलभ्यस्य । धाम्नि नंदस्य तस्थुषः ॥
तत्र तस्याभवत्तेन । सता मैत्र्यमकृत्रिमं ॥ ७१ ॥

અર્થ:—ત્યાં ભાગ્યથી મળે એવા નંદ નામના શેઠને ઘેર રહેતાં-થકાં તેને તેનીસાથે દિલોજાન મિત્રાઇ થઇ. ॥ ૭૧ ॥

नानागुणधरं सोऽथ । सानंदो नंदनंदनं ॥
युवानं वीक्ष्य योग्याय । तस्मै भ्रातृसुतां ददौ ॥ ७२ ॥

અર્થ:—હુવે વિચિત્રપ્રકારના ગુણોવાળા તે નંદશેઠના યુવાન પુત્રને જોઇને યોગ્ય જાણી તેનાપ્રતે પોતાના ભાઇની દીકરીનું સગપણ કર્યું.

गतः सिंहोऽपि वाणिज्ये । चंपायामिभ्यसूनवे ॥
स्वसख्ये सूरदेवाय । मुदा स्वां नंदिनीमदात् ॥ ७३ ॥

અર્થ:—વળી વ્યાપારમાટે ચંપાનગરીમાં ગયેલા સિંહે પણ પોતાના મિત્ર સૂરદેવ નામના એક શેઠના પુત્રવેરે હર્ષથી પોતાની બહેનનું વેવીશાલ કીધું. ॥ ૭૩ ॥

महाश्रियापि तस्थुष्या । तदा च स्वपितुर्गृहे ॥
स्वसखीसूनवेऽदायि । गुणचंद्राय सा कनी ॥ ७४ ॥

અર્થ:—હવે તે વખતે પોતાને પીયર ગયેલી મહાશ્રીએ પણ પોતાની બહેનપણીના પુત્ર ગુણચંદસાથે પોતાની તે પુત્રીનું સગપણ કર્યું.

अथ चंद्रपुरादागात् । पूर्वसंचितसौहृदः ॥
नाम्ना महेश्वरदत्तः । श्रेष्टी द्युतिलकं पुरं ॥ ७५ ॥

અર્થ:—વળી એવામાં પૂર્વે કરેલી મિત્રાઇવાળો મહેશ્વરદત્ત નામનો શેઠ ચંદ્રપુરથી દ્યુતિલકપુરમાં આવ્યો. ॥ ૭૫ ॥

तमालोक्य प्रमुदितो । शिवभूतिर्ददौ सुतां ॥
प्राग्दत्तां तामजानानः । शंखदत्ताय तद्भुवे ॥ ७६ ॥

અર્થ:—તેને જોઇને ખુશી થયેલા શિવભૂતિએ પૂર્વનાં સગપણોને નહિ જાણવાથી તેના શંખદત્ત નામના પુત્રને પોતાની પુત્રી આપી.

काकतालीयकन्याया—दन्यैश्चाप्यमुनापि च ॥
एकमेव ददे लग्नं । वैवाहिकजनेऽखिले ॥ ७७ ॥

અર્થ:—હવે કાકતાલીય ન્યાયથી બીજાઓએ તથા આ શેઠે પણ વેવાઇઓને એકજ દિવસનું લગ્ન આપ્યું. ॥ ૭૭ ॥

शिवभूतिः समुद्भूत—प्रभूतप्रीतिभाजनं ॥
प्रावीवृतन्महं गेहे । प्रीणितप्रमदाजनं ॥ ७८ ॥

અર્થ:—પછી શિવભુતિએ અત્યંત પ્રીતિ ઉપજાવનારો તથા સ્ત્રીઓને ખુશ કરનારો વિવાહમહોત્સવ પોતાને ઘેર ચાલુ કર્યો.

उलूलध्वनयश्चंद्र—मुखीनीमृदुमंजुलाः ॥
महोत्सवाब्धिवीचीनां । ध्वनितानीव रेजिरे ॥ ७९ ॥

અર્થ:—ચંદ્રસરખાં મુખવાળી સ્ત્રીઓનાં કોમળ મનોહર ગીતોના અવાજો મહોત્સવરૂપી સમુદ્રના મોજાંઓના ધ્વનિઓનીપેઠે શોભવા લાગ્યા. ॥ ૭૯ ॥

स्वजनोत्कलिकाकृष्ट । इवागाल्लग्नवासरः ॥
समं समेयरुस्ते च । वराः परिकरान्विताः ॥ ८० ॥

અર્થ:—સ્વજનોના ઉત્સાહથી જાણે ખેંચાઇ આવ્યો હોય નહિ તેમ લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો, અને તેથી તે ચારે વરો પરિવારસહિત સાથેજ આવી પહોંચ્યા. ॥ ૮૦ ॥

सहसा तान् वरान् वीक्ष्य । चतुरश्चतुरोऽप्यलं ॥
किंकर्त्तव्यतया मूढः । शिवभूतिरभूत्ततः ॥ ८१ ॥

અર્થઃ—એવી રીતે તે ચારે વરોને અચાનક આવેલા જોઇને ચતુર એવો પણ શિવભુતિ હવે શું કરવું ? એમ વિચારમૂઢ થઈ ગયો.

केचित्कोलाहलं चक्रु—श्चुक्रुशुः केऽपि तं जनाः ॥

अन्योन्यं विवदंतेस्म । वराणां स्वजना अपि ॥ ८२ ॥

અર્થઃ—કેટલાકો કોલાહલ કરવા લાગ્યા, અને કેટલાક માણસો તેનાપર ગુસ્સે થવા લાગ્યા, તથા તે વરોનાં સગાંઓ પણ પરસ્પર વિવાદ કરવા લાગ્યા. ॥ ૮૨ ॥

वैसंस्थुल्यमतुल्यं त—द्वीक्ष्य कन्या विषादिनी ॥

विषादिभिर्निहंतुं स्व—मीहतेस्म हताशया ॥ ८३ ॥

અર્થઃ—એવી રીતનો અતુલ્ય કોલાહલ જોઇને ખેદ પામેલી તે નિર્ભાગી કન્યા ઝેરઆદિકથી આત્મઘાત કરવાને ઇચ્છવા લાગી. ॥૮૩॥

सा ततः सातताच्छिन्न—मनोरथपरंपरा ॥

परं पराभवं चिंते । चिंतयंती ययौ वनं ॥ ८४ ॥

અર્થઃ—દુઃખથી છેદાઇ ગઈ છે મનોરથોની શ્રેણિ જેની એવી તે કન્યા આ મહાપરાભવને વિચારતીથકી વનમાં ગઇ. ॥ ૮૪ ॥

अकुंठोत्कंठया मृत्योः । कंठे पाशं क्षिपत्यसौ ॥

यावत्तावद्ध्वनिरभू—न्मुग्धे मा कुरु साहसं ॥ ८५ ॥

અર્થઃ—મૃત્યુની અતિ ઉત્કંઠાથી જેવામાં તે ગળામાં ફાંસો નાખે છે તેવામાં એવો અવાજ થયો કે હે મુગ્ધે તું સાહસ કર નહિ. ॥૮૫॥

निषेधयति मां कश्चि—न्मृत्योर्मर्त्योऽथवा सुरः ॥

चिंतयंतीति सापश्यत् । पुरस्तरुतले मुनिं ॥ ८६ ॥

અર્થઃ—મને કોઇ મનુષ્ય અથવા દેવ મૃત્યુથી નિષેધ કરે છે, એમ વિચારતાંથકાં તેણીએ અગાડીના ભાગમાં વૃક્ષનીચે એક મુનિને જોયા.

तं वीक्ष्य विस्मिता वीक्षा—पन्नतां सा विहाय तां ॥

ववंदे तत्पदद्वंद्व—मद्वंद्वसुखदायकं ॥ ८७ ॥

અર્થઃ—તેમને જોઇને વિસ્મય પામેલી તે કન્યા પોતાનો તે ગભરાટ છોડીને અનુપમ સુખ દેનારા તેમના બન્ને ચરણોને જઇ નમી.

मुनिरूचे महाभागे । किमेवं दुःखभागसि ॥

अपायः किमयं काये । विमाये क्रियते त्वया ॥ ८८ ॥

અર્થ:—ત્યારે મુનિ બોલ્યા કે હે મહાભાગ્યશાલી ! તું આમ શામાટે દુ:ખી જણાય છે ? વળી હે નિષ્કપટી ! તું આ શરીરનો શામાટે વિનાશ કરે છે ? ॥ ૮૮ ॥

सुखं दुःखं भवेन्नृणां । भवे कर्मविपाकतः ॥
अपि पाकरिपुः कर्म—विपाकाच्च न मुच्यते ॥ ८९ ॥

અર્થ:—આ સંસારમાં પ્રાણીઓને સુખ દુ:ખ કર્મોના વિપાકથી થાય છે, કર્મોના વિપાકથી ઈંદ્ર પણ મુક્ત થઇ શકતો નથી. ॥૮૯॥

यतितव्यं ततः कर्म—ध्वंसने धीरचेतसा ॥
खलो यो दंड्यते सैव । भूघनेन घनेन किं ॥ ९० ॥

અર્થ:—માટે ધીરમનવાળાએ કર્મોના વિનાશમાટે યત્ન કરવો જોઇયે, અને તેથી ખલ એવું જે કર્મ તેનેજ શિક્ષા થવી જોઇયે, શરીરને શિક્ષા કરવાથી શું ફાયદો છે ? ॥ ૯૦ ॥

दुःकर्म तत्कथं जेयं । तयेत्युक्ते मुनिर्जगौ ॥
कर्ममर्माविधं धर्म—मेव शर्मकरं श्रय ॥ ९१ ॥

અર્થ:—ત્યારે દુષ્કર્મને શીરીતે જીતવું ? એમ તેણીએ કહ્યાથી મુનિ બોલ્યા કે, કર્મોના મર્મોને ભેદનારા અને સુખ કરનારા ધર્મનોજ તું આશ્રય કર ? ॥ ૯૧ ॥

तया को धर्म इत्युक्ते । यतिरूचे सचेतने ॥
दधाति सर्वधर्मेषु । संयमः सर्वसारतां ॥ ९२ ॥

અર્થ:—કયો ધર્મ ? એમ તેણીએ કહ્યાથી મુનિ બોલ્યા કે હે બુદ્ધિમતિ ! સર્વ ધર્મોમાં સંયમધર્મ સારભૂત છે. ॥ ૯૨ ॥

अपारे खलु संसार—सागरे सारसंयमं ॥
यानपात्रसमं प्राप्य । यांति धीराः परं पदं ॥ ९३ ॥

અર્થ:—આ અપાર સંસારસાગરમાં વહાણસરખા મનોહર સંયમને પામીને ધીરપુરૂષો મોક્ષસ્થાનમાં જાય છે. ॥ ૯૩ ॥

इत्याकर्ण्य सकर्णा सा । संयमं साधुसंनिधौ ॥
आदाय पालयामास । साध्वीभिः संगता चिरं ॥ ९४ ॥

અર્થ:—તે સાંભળીને તે બુદ્ધિવાન કન્યા સાધુપાસે સંયમ લેઇને સાધ્વીઓસાથે રહીને ઘણા કાલસુધી પાલવા લાગી. ॥ ૯૪ ॥

सा प्रांतेऽनशनं प्राप्य । शुद्धाराधनतत्परा ॥
सुरलोके द्वितीयेऽभू—दद्वितीयद्युतिः सुरी ॥ ९५ ॥

અર્થ:—અંતે અનશન લેઇને શુદ્ધ આરાધનાપૂર્વક કાળ કરી બીજા દેવલોકમાં તે અનુપમ કાંતિવાળી દેવી થઇ. ॥ ૯૫ ॥

भुक्त्वा भोगांस्ततश्च्युत्वा । त्वं जाता शीलवत्यसि ॥
प्राग्भवे यावभूतां ते । पितरावधुनापि तौ ॥ ९६ ॥

અર્થ:—ભોગો ભોગવી ત્યાંથી ચવીને તું શીલવતી થઇ, વળી પૂર્વભવમાં જે તારા માતપિતા હુતા તેજ આ ભવમાં પણ છે. ॥૯૬॥

इतश्च तेऽपि चत्वार—श्चतुराग्र्या वरास्तव ॥
वृत्तं विज्ञाय विज्ञायाः । स्वचित्तेऽचिंतयन्निति ॥ ९७ ॥

અર્થ:—હુવે તે ચારે તારા ચતુરશિરોમણિ વરો તારૂં વિદુષીનું વૃત્તાંત જાણીને પોતાના મનમાં વિચારવા લાગ્યા કે, ॥ ૯૭ ॥

हास्यास्पदाः स्वमित्राणां । यास्यामः स्वगृहं कथं ॥
ध्यात्वेति ते वनेऽभूवन् । तपसे तापसास्ततः ॥ ९८ ॥

અર્થ:—આપણા મિત્રોમાં હુાસ્યપાત્ર થયેલા આપણે હુવે પોતાને ઘેર શીરીતે જશું ? એમ વિચારીને તેઓ વનમાં જઇ તાપસ થઇ તપ તપવા લાગ્યા. ॥ ૯૮ ॥

मृत्वा सर्वेऽपि देवेषु । जाता भवनवासिषु ॥
उद्धृतास्ते ततः क्ष्माप—मुख्या भद्रेऽभवन्नमी ॥ ९९ ॥

અર્થ:—પછી મરીને તેઓ સઘલા ભવનવાસી દેવોમાં ઉત્પન્ન થયા, તથા ત્યાંથી ઉધરીને હે ભદ્રે ! તે આ રાજાઆદિક થયા. ॥૯૯॥

पूर्वसंस्कारतस्तेऽत्र । जातास्त्वय्यनुरागिणः ॥
रागद्वेषौ यतो यातो । जन्मकोटीषु जन्मिनां ॥ २८०० ॥

અર્થ:—પૂર્વના સસ્કારથી તેઓ અહીં તારામાં અનુરાગવાળા થયા, કેમકે રાગ અને દ્વેષ ક્રોડાગમે જન્મોમાં પણ પ્રાણીઓની પાછલ જાય છે. ॥ ૨૮૦૦ ॥

पूर्वस्मिश्च भवे योऽभूत् । सोदर्यस्तव वर्यधीः ॥
सांप्रतं सैष ते भर्त्ता । विचित्रं भवनाटकं ॥ १ ॥

અર્થ:—વળી પૂર્વભવમાં ઉત્તમ બુદ્ધિવાળો જે તારો ભાઇ હુતો, તેજ હાલમાં તારો ભર્તાર છે, કેમકે આ સંસારનાટક વિચિત્ર પ્રકારનું છે.

श्रुत्वेति प्रतिबुद्धास्ते । प्रणम्य मुनिपुंगवं ॥
योजितांजलयश्चारु—चारित्राय ययाचिरे ॥ २ ॥

અર્થઃ—તે સાંભળીને તેઓ સઘલા પ્રતિબોધ પામીને મુનિરાજને નમીને હાથ જોડી મનોહર ચારિત્રની માગણી કરવા લાગ્યા. ॥૨॥

अदीक्षयन् मुनिः सर्वान् । शीलवत्या समन्वितान् ॥
सा तेऽपि तेपिरे खड्ग—धारातीव्रतरं तपः ॥ ३ ॥

અર્થઃ—ત્યારે મુનિએ શીલવતીસહિત તેઓ સર્વને દીક્ષા આપી, પછી તે શીલવતી તથા તેઓ સઘળા ખડ્ગધારાસરખું તીવ્ર તપ તપવા લાગ્યા. ॥ ૩ ॥

सर्वे संयममाराध्य । शुद्धध्याना ययुर्दिवं ॥
क्रमेण सिद्धिसौख्यानां । भविष्यंति च भाजनं ॥ ४ ॥

અર્થઃ—પછી તેઓ સઘળા સંયમ આરાધીને શુદ્ધ ધ્યાનથી દેવલોકમાં ગયા, તથા અનુક્રમે તેઓ મોક્ષસુખના ભાજનરૂપ થશે. ॥૪॥

इति यथाजनि शीलवती सती ।
निजसुशीलतया विदिता भुवि ॥
विमलशीलधना भविका जना ।
इह भवंतु तथा सुकृतप्रथाः ॥ ५ ॥

અર્થઃ—એવી રીતે જેમ પોતાના સુશીલપણાથી તે શીલવતી સતી પૃથ્વીમાં પ્રખ્યાત થઇ તેમ હે ભવિક લોકો! તમો આ જગતમાં નિર્મલ શીલરૂપી ધનવાળા થઇને પુણ્યશાલી થાઓ? ॥ ૫ ॥

एकाकिन्यपि सा शील—वती मातर्महासती ॥
यथा तथा वशान्यापि । स्ववशा शीललीलया ॥ ६ ॥

અર્થઃ—માટે હે માતા! એવી રીતે તે શીલવતી એકલી પણ જેમ મહાસતી થઇ તેમ બીજી સ્ત્રી પણ શીલની લીલાથી પોતાના આત્માને વશ રાખી શકે છે. ॥ ૬ ॥

लघोरप्यंब मे शिक्षां । कक्षीकुरु सुखाकरीं ॥
अस्यामंगलरूपस्य । पश्य त्वमपि मा मुखं ॥ ७ ॥

અર્થઃ—વળી હે માતા! મારી બાલકની પણ એક શિખામણ તમો સ્વીકારો? અમંગલરૂપ એવા આ ધમ્મિલનું તમો પણ મુખ ન જુઓ. ॥ ૭ ॥

एवं स्ववर्णनं शृण्वन् । स मौनी प्रेरयन् रथं ॥
कियतीमपि कांतार—भुवं यावदलंघयत् ॥ ८ ॥

અર્થ:—એવી રીતનું પોતાનું વર્ણન સાંભળતોથકો તે માનધારી ધમ્મિલ રથ હુંકારતોથકો જેવામાં કેટલીક વનભુમિ ઓલંગી ગયો,

तावच्छुश्राव शंखादि—वादित्रध्वनिमध्वनि ॥

हयहेषाभटक्ष्वेडा—बंदिवाग्द्विगुणीकृतं ॥ ९ ॥

અર્થ:—તેવામાં તેણે માર્ગમાં ઘોડાઓના હેષારવોથી સુભટોના સિંહનાદોથી તથા બંદીઓની વાણીથી બેવડો થયેલો શંખઆદિક વાદિત્રોનો અવાજ સાંભળ્યો. ॥ ૯ ॥

ददर्श च ध्वजव्रातं । पुरस्ताच्चलदंचलं ॥

वियत्तरंगिणीरंग—त्तरंगभ्रमकारिणं ॥ १० ॥

અર્થ:—વળી તેણે આગળ આકાશગંગાના ઉછળતા મોજાઓના ભ્રમ કરાવનારા ચલાયમાન છેડાઓવાળા પતાકાઓના સમુહને જોયો.

स दध्यौ ये मया चौरः । समरे प्राग्निजघ्निरे ॥

तद्वैरात्किमसावेति । पुरस्तज्ज्ञातिजव्रजः ॥ ११ ॥

અર્થઃ—ત્યારે ધમ્મિલે વિચાર્યું કે પૂર્વે રણસંગ્રામમાં જે ચોરોને મેં માર્યા છે, તેઓના નાતીલાઓનો સમુહ તેઓના વેરથી શું આ સામો આવે છે? ॥ ૧૧ ॥

श्रुत्वा तं तुमुलं भीत्ते । कमलाविमले उभे ॥

मयि जीवति मा भैष्ट—मित्यसौ प्रत्यबोधयत् ॥ १२ ॥

અર્થ:—હવે તેઓનો તે કોલાહલ સાંભળીને કમલા અને વિમલા બન્ને રડવા લાગી, ત્યારે તેણે તેઓને કહ્યું કે મારા જીવતાં તમારે ડરવું નહિ. ॥ ૧૨ ॥

तदा परबलात्तत्र । परित्यक्ताखिलायुधः ॥

सौम्यवेषसुरूपश्च । विपश्चित्कश्चिदाययौ ॥ १३ ॥

અર્થ:—એવામાં ત્યા તે સૈન્યમાંથી સઘળાં હથિયારો છોડીને ઉત્તમ વેષવાળો તથા સુંદર રૂપવાળો કોઇક ચતુર માણસ આવ્યો.

अयं दूतो भवेन्नून—मिति ध्यायिनमभ्यधात् ॥

धम्मिलं स पुमान् मौलि—मौलीकृतकरद्वयः ॥ १४ ॥

અર્થ:—ખરેખર આ દૂત હશે એમ વિચારતા તે ધમ્મિલને મસ્તકપર મુકુટરૂપ કરેલ છે બન્ને હાથો જેણે એવા તે પુરૂષે કહ્યું કે, ॥૧૪॥

आर्यपुत्रायमासन्नो । दृश्यते योजनाचलः ॥

अत्रास्त्यजितसेनाख्यो । वनपल्लीप्रभुर्बली ॥ १५ ॥

અર્થઃ—હે આર્યપુત્ર! આ નજીકમાં જે અંજનાચલ પર્વત દેખાય છે ત્યાં અજીતસેન નામનો વનપલ્લીનો બળવાન સ્વામી રહે છે.

**अर्जुनः स्तेनसेनानी—स्तस्याभूदुत्कटो द्विषन् ॥**

**स त्वया घातितोऽश्रावि । चरेभ्यस्तेन संप्रति ॥ १६ ॥**

અર્થઃ—ચોરોનો સેનાપતિ અર્જુન તેનો મોટો શત્રુ હતો તેને તેં માર્યો એમ ગુપ્ત રાખેલા પુરૂષોના મુખથી તેણે હમણાં સાંભલ્યું છે.

**बंधुबुद्धिं दधानोऽसौ । हृल्लेखोन्मेषिमानसः ॥**

**इहागात् सपरीवारः । संप्रति त्वां दिदृक्षते ॥ १७ ॥**

અર્થઃ—અને તેથી અતિઆનંદિત મનવાળો થઇને તારાપ્રતે બંધુની બુદ્ધિ ધારણ કરતોથકો તે અહીં પરિવાર સહિત આવ્યો છે, અને હવે તને તે મલવાની ઇચ્છા રાખે છે. ॥ ૧૭ ॥

**धम्मिलोऽपि रथं मुक्त्वा । विभीस्तमभिसंचरत् ॥**

**तेन मुक्ततुरंगेण । रंगेणालिंग्य भाषितः ॥ १८ ॥**

અર્થઃ—ત્યારે ધમ્મિલ પણ રથ છોડીને નિર્ભય થઇ તેનીસામે ગયો, ત્યારે અજિતસેન પણ ઘોડાપરથી ઉતરી આનંદથી તેને ભેટીને બોલ્યો કે, ॥ ૧૮ ॥

**त्वयापायि मुखेनाग्निः । पंजरेऽक्षेपि केसरी ॥**

**दांतश्च दृग्विषो भोगी । हतो यदयमर्जुनः ॥ १९ ॥**

અર્થઃ—તેં જે આ અર્જુનને માર્યો છે તેથી તેં મુખવડે અગ્નિપાન કર્યું છે, કેસરીસિંહને પાંજરામાં પૂર્યો છે, તથા દૃષ્ટિવિષ સર્પને તેં દમ્યો છે. ॥ ૧૯ ॥

**अजय्ये भटसंहत्या—ऽर्जुनेऽस्मिन्निहते त्वया ॥**

**निःशल्यहृदयत्वेन । निशि निद्रैति नः सुखं ॥ २० ॥**

અર્થઃ—સુભટોની શ્રેણિથી ન જીતી શકાય એવા તે અર્જુનને મારવાથી હવે અમારાં હૃદયનું શલ્ય નિકળી જવાથી અમોને રાત્રીએ સુખે નિદ્રા આવે છે. ॥ ૨૦ ॥

**ततः प्रसीद नः स्थानं । स्वपादाभ्यां पवित्रय ॥**

**अस्तु लोकस्त्वदालोक—सुधापानप्रमोदभूः ॥ २१ ॥**

અર્થઃ—માટે હવે તું કૃપા કરીને તારાં ચરણોથી અમારૂં સ્થાન પવિત્ર કર? કે જેથી ત્યાંના લોકો તને જોવારૂપ અમૃતપાનથી આનંદિત થાય. ॥ ૨૧ ॥

तेनेत्यभ्यर्थितः पल्लीं । प्रति सोऽचालयद्रथं ॥
न परप्रार्थनाभंगं । वितन्वंति विचक्षणाः ॥ २२ ॥

અર્થ:—એવી રીતે તેણે પ્રાર્થના કર્યાથી ધમ્મિલે તેની પલ્લી તરફ પોતાનો રથ ચલાવ્યો, કેમકે વિચક્ષણ માણસો પરની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. ॥ ૨૨ ॥

स च पल्लीपतिस्तस्य । महोत्सवमचीकरत् ॥
अशनवासघासाद्यं । प्रीत्या सर्वमपूरयत् ॥ २३ ॥

અર્થ:—પછી તે પલ્લીપતિએ તેના સંબંધમાં મહોત્સવ કર્યો, તથા તેનેમાટે ભોજન સ્થાન તથા ઘાસઆદિક સઘલું પ્રીતિપૂર્વક પૂરૂં પાડ્યું.

पूज्यमानो नवनवै—र्वस्त्राद्यैस्तेन सोऽन्वहं ॥
वासराननतिचक्राम । तत्र सौख्यर्द्धिभासुरान् ॥ २४ ॥

અર્થ:—પછી હમેશાં તેના વડે નવાંનવાં વસ્ત્રાદિકોથી સત્કારાતો તે ધમ્મિલ ત્યાં સુખસમૃદ્ધિથી આનંદિત દિવસો વ્યતીત કરવા લાગ્યો.

विधत्ते वर्णनं तस्य । विमला विमलाशया ॥
कमलायाः पुनः कर्ण—कोटरे तत्कटूयते ॥ २५ ॥

અર્થ:—વિમલા તો નિર્મલ આશયથી તે ધમ્મિલની પ્રશંસા કરે છે, પરંતુ કમલાના કાનમાં તે કડવી લાગે છે. ॥ ૨૫ ॥

कदापि प्रापितस्तेन—प्रेमपूरितमानसं ॥
आपृच्छ्याजितसेनं सो—ऽचलच्चंपापुरीमभि ॥ २६ ॥

અર્થ:—ચોરને મારવાથી ખુશ થયેલા હૃદયવાળા તે અજિતસેનની રજા લેઇને ધમ્મિલ ચંપાનગરીતરફ ચાલવા લાગ્યો. ॥ ૨૬ ॥

प्रस्थानैः सोऽनवरतै—श्चंपापरिसरं गतः ॥
संस्थाप्य स्यंदनं सीम्नि । विमलामेवमालपत् ॥ २७ ॥

અર્થ:—અનુક્રમે નિરંતર પ્રયાણોથી તે ચંપાનગરીપાસે પહોંચ્યો, ત્યાં તેની સીમમાં રથને રાખીને વિમલાને કહેવા લાગ્યો કે, ॥૨૭॥

वासाय पत्तनस्यांत—र्निशांतं प्रेक्ष्य मंदिरं ॥
एमि यावद्युवां ताव—दभीते इह तिष्टतं ॥ २८ ॥

અર્થ:—હવે આપણને રહેવામાટે નગરની અંદર હું સગવડવાલું ઘર જોઇને આવું ત્યાંસુધી તમો બન્ને નિર્ભય થઇને અહીં રહો?

विमला स्नेहला प्राह । वत्स स्वच्छोऽसि चेतसा ॥
नगरे सागरे ग्राहा । इव धूर्त्तास्तु भूरिशः ॥ ३१ ॥

અર્થઃ—ત્યારે તે સ્નેહી વિમલા બોલી કે હે વત્સ ! તું સ્વચ્છ ચિત્તવાળો છો, અને સમુદ્રમાં જેમ મગરો તેમ નગરમાં ઘણા ઠગ લોકો હોય છે. ॥ ૩૧ ॥

तैर्वत्स वंचितः कूट—वणिग्भिरिव पामरः ॥
आवयोरसि दुःप्राप—स्तन्मे दोदूयते मनः ॥ ३२ ॥

અર્થઃ—માટે લુચ્ચા વણિકોથી જેમ ભોળો મનુષ્ય તેમ જો તેઓથી તું ઠગાઇ ગયો તો અમોને તારો પત્તો મળવો મુશ્કેલ થશે, માટે તેથી મારૂં મન દુભાય છે. ॥ ૩૨ ॥

अभ्यधाद्धम्मिलो मात—र्न भेतव्यं मनागपि ॥
वंचयेऽहं जगत्सर्वं । न कोऽपि मयि वंचकः ॥ ३३ ॥

અર્થઃ—ત્યારે ધમ્મિલ બોલ્યો કે હે માતાજી ! તમારે જરા પણ ડરવું નહિ, હું સમસ્ત જગતને ઠગું એવો છું, પરંતુ મને કોઇ ઠગે એમ નથી. ॥ ૩૩ ॥

इत्युक्त्वा सोऽचलच्चंपां—प्रति प्रैक्षिष्ट चांतरा ॥
चंद्रां चंद्रांशुसंकाश—वारिसंवर्धिनीं धुनीं ॥ ३४ ॥

અર્થઃ—એમ કહીને તે ચંપાનગરીપ્રતે ચાલ્યો, એવામાં વચ્ચે તેણે ચંદ્રનાં કિરણોસરખાં જલથી વૃદ્ધિપામતી ચંદ્રાનામની નદીને દીઠી.

पद्मासीनेषु भृंगेषु । गायत्सु त्वतिपुष्करा ॥
सभ्यीकृत्य विहंगालीं । या नृत्यत्यूर्मिहस्तकैः ॥ ३५ ॥

અર્થઃ—કમલપર બેઠેલા ભમરાઓ ગાતે છતે જે નદી પક્ષિઓની શ્રેણિને સભાસદરૂપ ગણીને મોજાંઓરૂપી હાથોવડે નાચતી હતી.

निम्नाः कूपा अपेयोब्धिः । सरोऽल्पं भीप्रदा ह्रदाः ॥
हसति स्फारडिंडिर—च्छलाद्यान्यजलाशयान् ॥ ३६ ॥

અર્થઃ—કુવાઓ તો ઉંડા છે, સમુદ્ર પીવાલાયક નથી, તળાવ નાનું હોય છે, અને દ્રહો ભય આપનારા છે, એવી રીતે અન્ય જલાશયોની તે નદી વિસ્તીર્ણ ફીણના મિષથી હાંસી કરતી હતી. ॥૩૬॥

नद्यां तत्रानवद्यांगः । क्रीडन् कुंजरलीलया ॥
विज्ञः स पद्मपत्रेषु । नखच्छेद्यादि निर्ममे ॥ ३७ ॥

અર્થ:—તે નદીમાં મનોહર શરીરવાળો તથા ચતુર એવો તે ધમ્મિલ હાથીનીપેઠે ક્રીડા કરતો થકો કમલપત્રોપર નખથી કોતરણી કરવા લાગ્યો. ॥ ૩૭ ॥

छत्रचामरचक्राद्या—कारवंति मृदूनि च ॥
धन्यपाणितलानीव । पद्मपत्राणि रेजिरे ॥ ३८ ॥

અર્થ:—તેથી છત્ર, ચામર તથા ચક્રઆદિક આકારવાળા ભાગ્યવાન મનુષ્યની હથેળીસરખાં તે કોમળ કમલપત્રો શોભવા લાગ્યાં.

चंद्रायाः सलिलैर्गंगां । गच्छद्भिस्तत्र तान्यपि ॥
निन्यिरे यतिचेतांसि । शुक्लध्यानमिवागमैः ॥ ३९ ॥

અર્થ:—હવે આગમો મુનિઓના મનને જેમ શુકલધ્યાનમાં લેઇ જાય છે, તેમ ગંગામાં જતું ચંદ્રાનું જલ તે કોતરેલાં કમલપત્રોને ગંગામાં લેઇ ગયું. ॥ ૩૯ ॥

रविसेनस्तदा चंपा—धिभूकपिलभूपभूः ॥
तत्र मित्रयुतः क्रीडं—स्तान्यालोकत कौतुकी ॥ ४० ॥

અર્થ:—તે વખતે ચંપાનગરીના કપિલરાજાના પુત્રે ત્યાં મિત્રોસહિત ક્રીડા કરતાંથકાં તે કોતરેલાં કમલપત્રો કૌતુકથી જોયાં. ॥ ૪૦ ॥

कोऽप्यस्ति सरिदोघस्यो—परि नूनं कलानिधिः ॥
दृश्यते यस्य विज्ञान—मिदमित्युन्निनाय सः ॥ ४१ ॥

અર્થ:—ત્યારે તેણે વિચાર્યું કે આ નદીના પ્રવાહની ઉપરવાસ ખરેખર કોઇ કલાવાન મનુષ્ય છે, કે જેની આ ચતુરાઇ નજરે પડે છે.

अत्र तं दत्तसन्मान—मानयेथां कलाविदं ॥
शिक्षयित्वेति जंघालौ । नरौ प्रैषीन्नृपात्मजः ॥ ४२ ॥

અર્થ:—તે કલાવાન માણસને અહીં સન્માનપૂર્વક લાવો, એમ હુકમ કરીને તે રાજપુત્રે ઉતાવળી ચાલના બે માણસોને ત્યાં મોકલ્યા.

कूलं कूलंकषायास्तौ । वीक्ष्यमाणौ समंततः ॥
यत्रास्ते धम्मिलस्तत्रा—गत्यादः सत्यमूचतुः ॥ ४३ ॥

અર્થ:—તે માણસો ચારે બાજુ નદીનો કીનારો જોતાથકા જ્યાં ધમ્મિલ હતો ત્યાં આવીને તેને સત્ય વાત કહેવા લાગ્યા કે, ॥ ૪૩ ॥

कलानिधान विज्ञान—मालोक्य तव भूपभूः ॥
त्वद्दिदृक्षारसाद्धत्ते । निर्निमेषदृशौ दृशौ ॥ ४४ ॥

અર્થ:—હે કલાના ભંડાર! તારી કલા જોઇને રાજપુત્ર તને જોવાની ઇચ્છાના રસથી દેવસરખી નિમેષરહિત આંખોને ધારણ કરી રહ્યો છે.

तत् श्रुत्वा धम्मिलोऽचाली—न्नालीकसदृशाननः ॥
ददर्श च पुरः शूर—मिव दीप्तं नृपांगजं ॥ ४६ ॥

અર્થ:—તે સાંભળીને કમલસરખાં મુખવાળો ધમ્મિલ (તેઓની સાથે) ચાલ્યો, તથા આગળ તેણે સૂર્યસરખા તેજસ્વી રાજકુમારને જોયો.

कुमारेणापि सोऽभ्येत्य । बाहुभ्यां बहु सस्वजे ॥
आपृच्छय स्वागतं चक्रे । वास्तव्यं तत्कलास्तवं ॥ ४७ ॥

અર્થ:—ત્યારે કુમાર પણ તેની સામો આવીને બન્ને હાથોથી તેને ખુબ ભેટયો, પછી તેની ખબરઅંતર પૂછીને તેણે તેનું સન્માન કર્યું, કેમકે તેની કલાની સ્તુતિ યોગ્યજ હતી. ॥ ૪૭ ॥

मच्चेतश्चंद्रकांतस्य । द्रविका तावकी कला ॥
न दिवापि प्रभाभंगं । भजते सौम्य कौतुकं ॥ ४८ ॥

અર્થ:—હે સૌમ્ય! આશ્ચર્યની વાત છે કે મારા મનરૂપી ચંદ્રકાંત મણીને ઝરાવનારી તારી આ કલા દિવસે પણ કાંતિનો ભંગ ધારણ કરતી નથી. ॥ ૪૮ ॥

श्रुतज्ञता समाख्याता । कलयैव तवानया ॥
घनवृष्टिं विना कापि । न रंगति तरंगिणी ॥ ४९ ॥

અર્થ:—આ તારી કલાજ તારૂં શાસ્ત્રોનું જાણપણું સુચવી આપે છે, કેમકે મેઘની વૃષ્ટિવિના નદી કયાંય પણ ઉલ્લાસાયમાન થતી નથી.

पृष्टव्योऽसि कुतः प्रह्व । क्व ते स्वच्छ परिच्छदः ॥
इति तेनोदिते प्राह । धम्मिलोंभोधरध्वनिः ॥ ५० ॥

અર્થ:—વળી હે સજ્જન! તને હું પૂછું છું કે તું કયાંથી આવે છે? તથા તારો નિર્મલ પરિવાર કયાં છે? એવી રીતે તેણે કહ્યાથી મેઘસરખી ધ્વનિવાળો ધમ્મિલ બોલ્યો કે, ॥ ૫૦ ॥

समागमं कुमाराहं । कुशाग्रपुरपत्तनात् ॥
आस्ते मम परीवारः । पुरीपरिसरावनौ ॥ ५१ ॥

અર્થ:—હે કુમાર! હું કુશાગ્રનગરથી આવ્યો છું, તથા મારો પરિવાર નગરના પાદરમાં છે. ॥ ૫૧ ॥

ततः कलावतस्तस्य । वासायावासदित्सया ॥
पुरांतः पुरुषान् प्रैषी—न्मंक्षु क्षितिपतेः सुतः ॥ ५२ ॥

અર્થ:—પછી તે કલાવાન ધમ્મિલને રહેવામાટે અવાસ દેવાની ઇચ્છાથી તે રાજપુત્રે તુરત નગરની અંદર પોતાના માણસોને મોકલ્યા.

**ययौ च स्वयमारामं । कमलाविमलाश्रितं ॥**

**धम्मिल्लेन सहालीन—बंधुरस्कंधसिंधुरः ॥ ५३ ॥**

અર્થ:—અને પોતે ધમ્મિલસહિત મનોહર સ્કંધવાળા હાથીપર બેશીને કમલા અને વિમલાથી આશ્રિત થયેલા વનમાં ગયો. ॥૫૩॥

**कोऽयमेतीति कमला—प्रश्ने विमलयोदितं ॥**

**दिष्ट्या तव प्रियोऽयं सो—ऽभ्येति सिंधुरवाहनः ॥ ५४ ॥**

અર્થ:—આ વળી કોણ આવે છે? એમ કમલાએ પૂછવાથી વિમલા બોલી કે અરે આ તો સારૂં થયું કે તારો આ સ્વામી હાથી પર બેશીને આવે છે. ॥ ૫૪ ॥

**कियान् परिच्छदः प्रापि । पश्यानेन कलावता ॥**

**अहो निरवधिर्भाग्यो—दधिः सुकृतिनां नृणां ॥ ५५ ॥**

અર્થ:—અરે! તું જો તો ખરી કે આને કેટલોબધો પરિવાર મેલવ્યો છે? અહો! પુણ્યશાલી મનુષ્યોનો ભાગ્યરૂપી સમુદ્ર અવધિવિનાનો હોય છે. ॥ ૫૫ ॥

**ऊचे कमलया खेदा—दुद्वहंत्या कल्मषं मुखं ॥**

**देवानां प्रिय एवायं । मातर्मम न तु प्रियः ॥ ५६ ॥**

અર્થ:—ત્યારે કમલા ખેદ પામીને કલુષિત મુખને ધારણ કરતીથકી બોલી કે હે માતા! તે તો દેવાનાં પ્રિય એટલે મૂર્ખ છે, પરંતુ તે મારો પ્રિયતમ નથી. ॥ ૫૬ ॥

**वाच्यं तदेव येन स्या—दकस्माद्देहिनां ज्वरः ॥**

**वद कस्माद्गुरोरेत—दूरीचक्रे त्वया व्रतं ॥ ५७ ॥**

અર્થ:—જેથી પ્રાણીઓને અકસ્માત તાવ ચડે એવુંજ તું બોલે છે, કહે તો ખરી કે આવું વ્રત તેં કયા ગુરૂપાસેથી અંગીકાર કર્યું છે?

**अयमुच्चासनस्थोऽपि । सतां नाश्रयति श्रियं ॥**

**स्नुहिः शैलशिरस्थोऽपि । न हि कल्पद्रुमायते ॥ ५८ ॥**

અર્થ:—આ ધમ્મિલ ઉંચે આસને બેઠા છતાં પણ સંત પુરૂષોની શોભાને ધારી શકે નહિ, કેમકે પર્વતના શિખરપર રહેલું પણ થોરનું વૃક્ષ કલ્પવૃક્ષ થઇ શકતું નથી. ॥ ૫૮ ॥

**असौ भूरिपरीवारो । न मे कौतुकयत्यपि ॥**

**न हि किं वेष्ट्यते लोकैः । कुचेष्टाकृद्विदूषकः ॥ ५९ ॥**

અર્થઃ—વળી તે ઘણા પરિવારવાળો હોવા છતાં પણ મારા મનને આશ્ચર્ય કરી શકે તેમ નથી, કેમકે કુચેષ્ટા કરનારા વિદૂષકની આસપાસ શું લોકો એકઠા થતા નથી? ॥ ૫૯ ॥

एवमालापिनीं तां च । विमलां च रथस्थितां ॥
आदाय प्राविशत्पुर्यां । महेन स महीनसूः ॥ ६० ॥

અર્થઃ—એમ બોલતી તે કમલાને તથા વિમલાને પણ રથમાં બેસાડીને તે રાજપુત્ર મહોત્સવસહિત નગરીમાં દાખલ થયો. ॥૬૦॥

सारसद्मनि संस्थाप्य । पूरयित्वाशनादिकं ॥
वसनाशननिश्चिंतं । कुमारो धम्मिलं व्यधात् ॥ ६१ ॥

અર્થઃ—પછી તેને મનોહર ઘરમાં ઉતારીને તથા ભોજનઆદિક પૂરાં પાડીને તે રાજકુમારે ધમ્મિલને સ્થાન તથા ભોજન માટે નિશ્ચિંત કર્યો. ॥ ૬૧ ॥

तं विलासियशोराशि—प्रकाशितदिगंतरं ॥
न कदापि सदाचार—मिव तत्याज राजसूः ॥ ६२ ॥

અર્થઃ—ફેલાતા યશના સમુહથી દિશાઓને પ્રકાશિત કરનારા તે ધમ્મિલને સદાચારનીપેઠે કોઇ પણ સમયે પોતાથી જુદો પાડયો નહિ.

यत्र ज्ञाने च विज्ञाने । कुमारस्तं परीक्षते ॥
तत्र यच्छत्यसौ जात्य—सुवर्ण इव वर्णिकां ॥ ६३ ॥

અર્થઃ—જે જ્ઞાન અથવા વિજ્ઞાનસંબંધિ કુમાર તેની પરીક્ષા કરે છે, તેમાં તે ઉમદા સુવર્ણનીપેઠે નમુનો આપે છે. ॥ ૬૩ ॥

वनावनिसरःकेलि—कलाभ्यासादि यद्व्यधात् ॥
कुमारस्तस्य सोऽप्यासीत् । तृतीयं चक्षुरक्षतं ॥ ६४ ॥

અર્થઃ—તે રાજકુમાર વનક્રીડા, જલક્રીડા તથા કલાભ્યાસ આદિક જે કંઇ કરતો હતો તેમાં તે ધમ્મિલ તેના ત્રીજા અક્ષયનેત્રરૂપ થઇ પડયો.

धम्मिलस्य कुमारस्य । सौहृदे हृदयालुभिः ॥
रूपाद्भेदोऽस्ति भूधात्वो—रिवादर्शि न चार्थतः ॥ ६५ ॥

અર્થઃ—ધમ્મિલની અને તે રાજકુમારની મિત્રાઇવચ્ચે વિદ્વાનોએ અસૂ અને ભૂધાતુનીપેઠે ફક્ત રૂપથી ભેદ જોયો, પણ અર્થથી જોયો નહિ.

कुमारस्य वयस्या ये । तेऽप्ययुस्तस्य वश्यतां ॥
न हि साहित्यसौहित्यं । दूरे लक्षणलक्षिणः ॥ ६६ ॥

અર્થ:—હવે તે રાજકુમારના જે મિત્રો હતા તેઓ પણ તે ધમ્મિલને વશ થઈ ગયા, કેમકે વ્યાકરણ જાણનારને સાહિત્યનો સાર કંઈ દૂર રહેતો નથી. ॥ ૬૬ ॥

सर्वः पौरजनोऽरंजि । स्वं तेन न पुनर्गृहं ॥

विधुर्धवलयत्येव । जगन्न तु निजं मृगं ॥ ६७ ॥

અર્થ:—એવી રીતે તેણે નગરના સર્વ લોકોને રંજિત કર્યા, પરંતુ પોતાના ઘરને તે રંજિત કરી શક્યો નહિ, કેમકે ચંદ્ર જગતને ઉજ્જવલ કરે છે, પરંતુ પોતાના હરિણને ઉજ્જવલ કરી શકતો નથી.

विदग्धवदनात्तच्चा—श्रावि भूपभुवान्यदा ॥

यद्वा न सुहृदां किंचिद्—दुर्ज्ञेयं ज्ञानिनामिव ॥ ६८ ॥

અર્થ:—એક દિવસે કોઇક ચતુરને મહોડેથી રાજકુમારે તે વૃત્તાંત સાંભળ્યો, કેમકે જ્ઞાનીઓનીપેઠે મિત્રોથી કંઇ અજાણ્યું રહેતું નથી.

तत्परीक्षितुमन्येद्युः । कुमारः सुहृदो जगौ ॥

वयस्याः प्रातरायात । वनं सर्वे सवल्लभाः ॥ ६९ ॥

અર્થ:—પછી તેની પરીક્ષા કરવામાટે એક દિવસે તે રાજકુમારે પોતાના મિત્રોને કહ્યું કે, હે મિત્રો ! પ્રભાતે તમો સઘળાઓએ પોતપોતાની સ્ત્રીઓ સહિત બગીચામાં આવવું. ॥ ૬૯ ॥

मदर्थमयमारंभो । नूनमेवं व्यचिंतयन् ॥

आगत्य धम्मिलो धाम । जीर्णं मंचकमाश्रयत् ॥ ७० ॥

અર્થ:—ખરેખર આ પ્રયાસ મારેમાટેજ કર્યો છે, એમ વિચારીને ધમ્મિલ ઘેર આવીને એક જીર્ણ માંચાપર પડ્યો. ॥ ૭૦ ॥

हिमदग्धांबुजच्छाय—मुखं निःश्वासवर्षिणं ॥

हिता तं हेतुमप्राक्षीद्—दुःखस्य विमला बलात् ॥ ७१ ॥

અર્થ:—હિમથી બળેલાં કમલસરખા મુખવાળા અને નિસાસા નાખતા એવા તે ધમ્મિલને તે હિતેચ્છુ વિમલાએ હઠ લેઇને તેના દુઃખનું કારણ પૂછ્યું. ॥ ૭૧ ॥

स जगौ दैवदोषेण । दुःखं तदुपढौकते ॥

मातर्न माति यत्पाथः—पतिप्रतिमया हृदि ॥ ७२ ॥

અર્થ:—ત્યારે તે બોલ્યો કે હે માતાજી ! કર્મયોગે મારાપર તે દુઃખ આવી પડ્યું છે, કે જે સમુદ્રજેવડું થઇને મારા હૃદયમાં પણ માતું નથી. ॥ ૭૨ ॥

केनापि ज्ञापितो गेह—वृत्तं मम नृपांगभूः ॥

तेनाह्वयति स प्रात—र्मातर्मां सप्रियं वने ॥ ७३ ॥

અર્થ:—કોઇએ પણ મારા ઘરનું વૃત્તાંત રાજપુત્રને જણાવી દીધું છે, અને તેથી તેણે મને પ્રભાતમાં સ્ત્રીસહિત બગીચામાં બોલાવ્યો છે.

यदायास्यति सद्वेषा । श्वरेषा न मया समं ॥

भवितास्मि तदा सर्व—जनानां हास्यभाजनं ॥ ७४ ॥

અર્થ:—માટે જો આ કમલા દ્વેષી થઇને આવતી કાલે મારીસાથે નહિ આવે તો હું સર્વ લોકોપ્રતિ હાસ્યપાત્ર થઇશ. ॥ ७४ ॥

अंब कंबुसदृग्बुद्धि—धाम तत्त्वं तथा कुरु ॥

यथा प्रीतिं विनाप्येति । प्रातरेषा समं मया ॥ ७५ ॥

અર્થ:—માટે હે શંખસરખી નિર્મલ બુદ્ધિના ધામસરખી માતા! તું તેમ કર કે જેથી પ્રભાતે તે પ્રીતિવિના પણ મારીસાથે આવે.

विमलाथ तमाश्वास्य । कमलामुपसृत्य च ॥

मातुः समुचितां तस्यै । शिक्षामक्षामधीर्ददौ ॥ ७६ ॥

અર્થ:—ત્યારે મહાબુદ્ધિવાન તે વિમલા તેને આશ્વાસના આપીને તથા કમલાપાસે જઇને તેણીને માતાને ઉચિત શિખામણ દેવા લાગી કે,

ईयास्त्वं सप्रियः प्रात—र्वनमेवं नृपांगजः ॥

आदिशद्धम्मिलं तेन । प्रातरेष वनंगमी ॥ ७७ ॥

અર્થ:—તારે પ્રભાતે સ્ત્રીસહિત બગીચામાં આવવું એમ રાજપુત્રે ધમ્મિલને હુકમ કર્યો છે, માટે પ્રભાતમાં તે બગીચે જવાનો છે, ॥७७॥

तत्र भर्त्रा समं गच्छे—र्मा भूरत्यंतकोपभूः ॥

प्लोषत्यशेषसौख्यद्रून् । दीप्तः कोपो हि वह्निवत् ॥ ७८ ॥

અર્થ:—માટે તું ભર્તારસાથે ત્યાં જજે, અને હવે અતિ ગુસ્સાવાળી ન થજે, કેમકે દીપાયમાન થયેલો કોપ અગ્નિનીપેઠે સર્વ સુખોરૂપી વૃક્ષોને બાળી નાખે છે. ॥ ७८ ॥

रोचते ते न चेदेष—स्तदा युवसु भूरिषु ॥

वृणुयास्त्वं मनोभीष्ट—मपरं तत्र कंचन ॥ ७९ ॥

અર્થ:—અને કદાચ તને આ ભર્તાર ન રૂચતો હોય તો ત્યાં ઘણા યુવાનીયાઓમાંથી કોઇક બીજા મનગમતા ભર્તારને વરી લેજે. ॥७९॥

वत्से स्वच्छंदता न स्या—त्कदाचन सुखावहा ॥

दृष्टांताद्वसुदत्ताया—स्तथारिदमनस्य च ॥ ८० ॥

અર્થ:—વળી હે વત્સ! સ્વછંદીપણું કોઇ પણ સમયે સુખકારી નીવડે નહિ, તે માટે વસુદત્તા તથા અરિદમનનું દૃષ્ટાંત જાણી લેવું.

मातः सा वसुदत्ता का । को वारिदमनो नृपः ॥
एवं कमलया पृष्टे । निर्व्याजं व्याजहार सा ॥ ८१ ॥

અર્થ:—હે માતા! તે વસુદત્તા કઇ? તથા અરિદમન રાજા કયો? એમ કમલાએ પૂછવાથી તેણી નિષ્કપટપણે બોલી કે, ॥ ८१ ॥

अस्त्यवंती स्रवंतीव । पुरी सत्कमलालया ॥
तत्राभूद्धनदत्ताख्यः । सार्थवाहो महाधनः ॥ ८२ ॥

અર્થ:—ઉત્તમ લક્ષ્મીના ( કમલોના ) સ્થાનસરખી નદીજેવી અવંતી નામની નગરી છે, ત્યાં મહાધનવાન ધનદત્ત નામે સાર્થવાહ રહેતો હતો. ॥ ८२ ॥

धनश्रीरिति तस्यासी—त्प्रिया सीमासुयोषितां ॥
पुत्रो धनवसुः पुत्री । वसुदत्तेति विश्रुता ॥ ८३ ॥

અર્થ:—તેને ઉત્તમ સ્રીઓની સીમાસરખી ધનશ્રી નામની સ્રી હતી, તથા ધનવસુ નામે પુત્ર અને વસુદત્તા નામે પ્રખ્યાત પુત્રી હતી.

धनदेवस्य कौशांब्याः । पुरस्तत्रेयुषः सुतां ॥
वसुदत्तामदत्तासौ । सार्थेशो जातसौहृदः ॥ ८४ ॥

અર્થ:—કોશાંબી નગરીથી ત્યાં આવેલા ધનદેવસાથે મિત્રાઇ થવાથી તે સાર્થવાહે તેને પોતાની વસુદત્તા પુત્રી આપી. ॥ ८४ ॥

व्यवसायबलोपात्तां । श्रियं तां च श्रियोऽधिकां ॥
धनदेवः समादाय । मुदितः स्वपुरीं ययौ ॥ ८५ ॥

અર્થ:—પછી તે ધનદેવ વ્યાપારના બળથી મેળવેલી લક્ષ્મીને તથા લક્ષ્મીથી અધિક તે વસુદત્તાને લેઇને ખુશી થયોથકો પોતાની નગરીમાં ગયો. ॥ ८५ ॥

तत्र लेभे स गार्हस्थ्य—फलं वैषयिकैः सुखैः ॥
पित्रोः सेवातिहेवाकः । समं दयितया तया ॥ ८६ ॥

અર્થ:—ત્યાં માતપિતાની સેવા કરતોથકો તે ધનદેવ તેણીનીસાથે વિષયસુખ ભોગવતોથકો ગૃહસ્થાવાસનું ફલ ભોગવવા લાગ્યો. ॥ ८६ ॥

स काले वसुदत्ताया । द्वौ सुतावुपपीपदत् ॥
यशोधर्मौ जगन्मान्या—वुदार इव संपदि ॥ ८७ ॥

અર્થ:—પછી ઉદાર સંપદાથી જગતને માનનીક એવા યશ અને ધર્મ જેમ ઉત્પન્ન થાય છે, તેમ અવસરે તેને તે વસુદત્તાથી બે પુત્રો ઉત્પન્ન થયા. ॥ ८७ ॥

पुनः सापन्नसत्वाभू-द्यदा प्रीतिप्रदा तदा ॥
धनदेवो धनप्राप्त्यै । जगाम विषयांतरं ॥ ८८ ॥

અર્થ:—વળી પ્રીતિ આપનારી તે વસુદત્તા જ્યારે ફરીને ગર્ભવતી થઇ, ત્યારે ધનદેવ ધન કમાવામાટે દેશાંતરમાં ગયો. ॥ ૮૮ ॥

वसुदत्तान्यदा कंचि-द्यांतमुज्जयिनींप्रति ॥
सार्थं विज्ञा परिज्ञाय । श्वशुरावित्यजिज्ञपत् ॥ ८९ ॥

અર્થ:—પછી એક દિવસે ઉજ્જયિનીતરફ જતા કોઇક સાથને જાણીને તે વસુદત્તાએ પોતાના સાસુસસરાને વિનંતિ કરી કે, ॥૮૯॥

अहं याता विशालायां । मिलनाय पितुश्चिरात् ॥
सांप्रतं सार्थसामग्र्या-मनुज्ञां स्पृहयामि वां ॥ ९० ॥

અર્થ:—હમણા સથવારો છે, માટે હું ઘણેકાળે મારા પિતાને મલવામાટે વિશાલા નગરીએ જઇશ, અને તેમાટે તમારી આજ્ઞાની હું ઇચ્છા રાખું છું. ॥ ૯૦ ॥

अवोचतां ततो न्याय-भासुरं श्वशुरौ वचः ॥
वधु तावदिहैवास्व । यावदेति तव प्रियः ॥ ९१ ॥

અર્થ:—ત્યારે તેણીના સાસુસસરાએ ન્યાયયુક્ત વચન કહ્યું કે, હે વધૂ! જ્યાંસુધી તારો સ્વામી અહીં આવે ત્યાંસુધી તું અહીંજ રહે.

त्वं गुर्वी दूरतोऽवंती । सार्थस्त्वनुपलक्षितः ॥
प्रयाणं तत्त्रिदोषीद-मनुजानीवहे कथं ॥ ९२ ॥

અર્થ:—વળી તું ગર્ભવંતી છે, અને અવંતી નગરી દૂર છે, તેમજ આ સથવારો પણ અજાણ્યો છે, માટે ત્રિદોષવાળા આવા પ્રયાણમાટે અમો તને શીરીતે અનુજ્ઞા આપી શકીયે? ॥ ૯૨ ॥

एवं ताभ्यां निषिद्धापि । तटाभ्यामिव वाहिनी ॥
रसेनाकुलिता स्वैरं । तौ विलुप्य चचाल सा ॥ ९३ ॥

અર્થ:—એવી રીતે કિનારાઓવડે જેમ નદી તેમ તેઓએ નિષેધ્યા છતાં પણ રસાતુર થઇથિકી સ્વેચ્છાચારે તેઓની આજ્ઞા લોપીને તે ત્યાંથી ચાલતી થઇ. ॥ ૯૩ ॥

वाक्यं हितमपि ब्रूया-न्न ह्यरोचकिनः सुधीः ॥
इत्यौदासीन्यमालंब्य । ताववीवलतां न तां ॥ ९४ ॥

અર્થઃ—સુબુદ્ધિ માણસે જેને ન રૂચે તેને હિતવચન પણ કહેવું નહિ, એમ વિચારીને તેઓએ મૌન ધારણ કરીને તેણીને પ્રત્યુત્તર આપ્યો નહિ. ॥ ૯૪ ॥

गृहीतपुत्रद्वितया । सा यावन्निर्ययौ पुरात् ॥
तावत्प्रचलितः सार्थो । ह्रियैव ववले न सा ॥ ९५ ॥

અર્થ:—પછી તે બન્ને પુત્રોને લેઇને જેવામાં નગરથી બહાર નીકળી, તેવામાં સથવારો તો ચાલતો થઇ ગયો હતો, અને તે પણ લાજની મારી પાછી વળી નહિ. ॥ ૯૫ ॥

धावमानापि सा नाप—त्तं सार्थं मंथरा गतौ ॥
सार्थमप्राप्नुवत्येषा । ययावन्येन वर्त्मना ॥ ९६ ॥

અર્થ:—પછી તે દોડતીથકી પણ ધીમી ગતિને લીધે તે સાથને મેલવી શકી નહિ, અને સાર્થ ન મલવાથી તે બીજે માર્ગે નીકળી ગઇ. ॥ ૯૬ ॥

धनदेवः समायासी—त्तस्मिन्नेव दिने गृहे ॥
अपश्यन् दयितां नेत्रो—त्सवां पप्रच्छ मातरं ॥ ९७ ॥

અર્થ:—હવે તેજ દિવસે ધનદેવ પણ ઘેર આવ્યો, અને ત્યાં નેત્રોને આનંદ આપનારી પોતાની સ્ત્રીને નહિ જોવાથી તેણે (પોતાની) માતાને પૂછયું. ॥ ૯૭ ॥

सावदत्पुत्र पुत्राभ्यां । साकमद्यैव दैवतः ॥
वधुर्विधूतशिक्षा न—श्चचालोज्जयिनींप्रति ॥ ९८ ॥

અર્થ:—ત્યારે તે બોલી કે હે પુત્ર ! આજેજ દૈવયોગે અમારી શિખામણ નહિ માનીને તે બન્ને પુત્રોને સાથે લેઇને ઉજ્જયિનીતરફ ગઇ છે. ॥ ૯૮ ॥

निंदन्नंतर्मनस्तस्या । अविमृश्य विधेयतां ॥
कलत्रपुत्रस्नेहेन । सोऽपि तामनुजग्मिवान् ॥ ९९ ॥

અર્થ:—તે સાંભળી મનમાં તેણીના અવિચારી કાર્યને નિંદતોથકો તે ધનદેવ પણ સ્ત્રી અને પુત્રના સ્નેહને લીધે તેણીની પાછલ ગયો.

कथं पथि प्रिये यासि । कथं वा स्यास्यतः सुतौ ॥
इति ध्यानजुषस्तस्य । नाध्वक्लेशो मनोऽदुनोत् ॥ २९०० ॥

અર્થ:—હે પ્રિયે ! તું માર્ગમાં શીરીતે જઇશ ? અથવા પુત્રોના શાહાલ થશે! એમ વિચારતાંથકાં માર્ગના થાકે તેના મનને દુખાવ્યું નહિ.

भ्रमन्ननुक्रमं तस्या । अशरण्यामरण्यगां ॥
खेद्यमानां तनूजाभ्या—मपश्यत्प्रेयसीं पुरः ॥ १ ॥

અર્થ:—પછી તેણીને પગલે પગલે ચાલતા એવા તેણે આધારવિના વનમાં રહેલી તથા બન્ને પુત્રોવડે ખેદ પામતી એવી પોતાની સ્ત્રીને અગાડીના ભાગમાં દીઠી. ॥ ૧ ॥

ततः प्रमुदितः स्वांते । कांते रुष्टेव यासि किं ॥
इति जल्पन्ननल्पेच्छः । प्रियया समगंस्त सः ॥ २ ॥

અર્થ:—ત્યારે મનમાં ખુશી થઇને હે પ્રિયે ! તું રીસાયેલીનીપેઠે કેમ ચાલી જાય છે ? એમ બોલતોથકો ઘણી ઇચ્છા વાલો તે ધનદેવ તેણીને મલ્યો. ॥ ૨ ॥

वल्लभां दृढमालिंग्य । सुतावंके निवेश्य च ॥
स साहसी सहानीतं । भोज्यं तेषां मुदे ददौ ॥ ३ ॥

અર્થ:—પછી પોતાની તે સ્ત્રીને ખૂબ આલિંગન દેઇને તથા બન્ને પુત્રોને ખોળામાં બેસાડીને તે સાહસીકે તેઓને ખુશી કરવામાટે સાથે લાવેલું ભોજન આપ્યું. ॥ ૩ ॥

नभः स्वभवनं मुक्त्वा । प्रतीच्या मिलितस्तदा ॥
गभस्तिः कलयन्नस्तं । तस्यापि तमसूचयत् ॥ ४ ॥

અર્થ:—તે વખતે સૂર્ય પણ આકાશરૂપી પોતાનું ઘર છોડીને પશ્ચિમ દિશાને મળી અસ્ત પામતોથકો તે ધનદેવના અસ્તને પણ સૂચવવા લાગ્યો. ॥ ૪ ॥

विहाय वर्त्म स भज—न्नेकांतं कांतया समं ॥
निशि शय्याकृते धूली—स्तूलीरिव विवेद सः ॥ ५ ॥

અર્થ:—ત્યારે તે માર્ગ છોડીને સ્ત્રીસાથે એકાંતે રહ્યોથકો રાત્રીએ શય્યામાટે ધૂળને પણ ગાદલાંસમાન માનવા લાગ્યો. ॥ ૫ ॥

तदा सा वसुदत्तापि । संगते हृदयंगमे ॥
मेने मनोविनोदाय । तद्वासभवनं वनं ॥ ६ ॥

અર્થ:—તે વસુદત્તા પણ પોતાના સ્વામીના મેલાપથી તે વનને પણ મનને આનંદ આપનારૂં વાસભુવન માનવા લાગી. ॥ ૬ ॥

तत्रस्थैव कुरंगीव । सा सुखं सुषुवे सुतं ॥
सोऽप्यानीय लतागुल्मां—स्तस्या निर्वातमातनोत् ॥ ७ ॥

અર્થ:—પછી ત્યાંજ હરિણીનીપેઠે તેણીએ સુખેથી પુત્રને જન્મ આપ્યો, ત્યારે ધનદેવે પણ વેલડીઓના ગુચ્છાઓ ત્યાં લાવીને તેણીને વાયુના ઉપદ્રવથી રહિત કરી. ॥ ૭ ॥

नवप्रसवगंधोऽस्या । वनस्थं व्याघ्रमाह्वयत् ॥
स जन्मांतरवैरीव । कांतं प्रथममग्रहीत् ॥ ८ ॥

અર્થ:—એવામાં તેણીના નવીન પ્રસવના ગંધે વનમાં રહેલા વાઘને બોલાવ્યો, તથા જન્માંતરના વૈરીનીપેઠે તેણે પ્રથમ તો તેના ભર્તારનેજ ગ્રહણ કર્યો. ॥ ૮ ॥

तां दशां प्रेयसो वीक्ष्य । वसुदत्तापि तापिनी ॥
मूर्च्छामानंच पंचत्व—नाट्यप्रस्तावनामिव ॥ ९ ॥

અર્થ:—પોતાના સ્વામીની તે દશા જોઇને ખેદ પામેલી વસુદત્તા પણ મૃત્યુરૂપી નાટકની પ્રસ્તાવનાસરખી મૂર્છા પામી. ॥ ૯ ॥

स्तन्यं स्तनंधयो जात—मात्रो मात्रोज्झितः पुरः ॥
अविंदंश्च मृतः मात—मूर्च्छाभंगे रुरोद सा ॥ १० ॥

અર્થઃ—જન્મતાંજ માતાએ પાસે છોડી દીધેલો તે ધાવણો બાલક ધાવણ નહિ મલવાથી મૃત્યુ પામ્યો, પછી પ્રભાતે જ્યારે તેની મૂર્છા ઉતરી ત્યારે તે રડવા લાગી કે, ॥ ૧૦ ॥

एकांते कांत कांतारे । कांतां श्वापदसापदि ॥
विहाय हा क्व लीनोऽसि । जल्प जल्प हृदीश्वर ॥ ११ ॥

અર્થ:—હે કાંત! જંગલી પશુઓની આપદાવાળા આ વનમાં મને એકલી છોડીને અરે! તું કયાં ચાલ્યો ગયો? હે હૃદીશ્વર! તું બોલ બોલ? ॥ ૧૧ ॥

तादृक्प्रेमगुणस्थेम । क्षेमंकर गुणाकर ॥
अभ्रच्छायोपमं दत्वा । दर्शनं यासि यासि किं ॥ १२ ॥

અર્થ:—અરે! એવા પ્રેમરૂપી ગુણમાં નિશ્ચલ થયેલા હે ક્ષેમંકર! હે ગુણાકર! વાદળની છાયાસરખું દર્શન દેઇને તું કેમ ચાલ્યો જાય છે?

जानासि व्याघ्र रे पात्र—परीक्षां वनवास्यपि ॥
मां मुक्त्वा निर्गुणां गार—गुणं यत्प्रियमग्रहीः ॥ १३ ॥

અર્થ:—અરે વાઘ! તું જંગલી છતાં પણ પાત્રની પરીક્ષા જાણે છે, કેમકે તેં મને નિર્ગુણીને છોડીને મારા ગુણવાન પ્રિયતમને ગ્રહણ કર્યો. ॥ ૧૩ ॥

रे जात सुविनीतेषु । स्वमेवैकशिरोमणिः ॥

यदशक्तोऽपि जनक—क्षुण्णं मार्गमशिश्रयः ॥ १४ ॥

અર્થઃ—અરે પુત્ર ! વિનીતોમાં પણ તુંજ એક શિરોમણિ છો, કેમકે અશક્ત છતાં પણ તેં પોતાના પિતાનો માર્ગ ગ્રહણ કર્યો. ॥૧૪॥

धिग्मामात्मरुचिध्वस्त—गुरुशिक्षासुखासिकां ॥

विषवल्लीमिव प्रेय—स्तनयक्षयकारिणीं ॥ १५ ॥

અર્થઃ—અરે ! ફક્ત સ્વેચ્છાચારથી સાસુસસરાની શિખામણરૂપી મિઠાઇને તજનારી તથા વિષવલ્લીનીપેઠે પતિપુત્રનો ક્ષય કરનારી એવી મને ધિક્કાર છે ! ॥ ૧૫ ॥

इति शोकाकुला पुत्र—द्वयमादाय साचलत् ॥

सरितं च पुरोऽद्राक्षी—दात्तमूर्त्तिमिवापदां ॥ १६ ॥

અર્થઃ—એવી રીતે શોકથી વ્યાકુલ થયેલી તે વસુદત્તા બન્ને પુત્રોને લેઇને ચાલી, એવામાં આગળ મૂર્તિવંત આપદાસરખી એક નદીને તેણીએ જોઇ, ॥ ૧૬ ॥

तदाकस्माद् घने वृष्टे । जनकात्प्राप्य पर्वतात् ॥

कमलौघं महेलेव । यानृत्यल्लहरीभुजैः ॥ १७ ॥

અર્થઃ—તે વખતે પિતાપાસેથી ધનનો સમુહ મેલવીને જેમ સ્ત્રી તેમ અકસ્માત વરસાદ થવાથી પર્વતમાંથી જલનો સમુહ મેલવીને તે નદી મોજાંઓરૂપી હાથોથી નાચવા લાગી. ॥ ૧૭ ॥

अस्याः पिता स्थिरः शैलः । प्रियो रत्नाकरो महान् ॥

तथापि चपला वक्रा । किं ही नाहमिवासकौ ॥ १८ ॥

અર્થઃ—આનો પિતા સ્થિર એવો પર્વત છે, તથા મહાન રત્નાકર ભર્તાર છે, તોપણ અરેરે ! આ નદી મારીપેઠે શું ચપલ અને વક્ર નથી ?

ध्यात्वेति सरितस्तीरे । बालमेकं मुमोच सा ॥

द्वितीयं पाणिनादाय । स्वयमंतर्विवेश च ॥ १९ ॥

અર્થઃ—એમ વિચારીને તેણીએ એક બાલકને નદીકિનારે મુકયો, અને બીજાને હાથમાં લેઇને પોતે નદીમાં પ્રવેશ કર્યો. ॥ ૧૯ ॥

अस्खलच्चरणस्तस्या । अंतर्नदीशिलातले ॥

तद् दृष्ट्वा तीरगो बालो । निममज्ज सरिज्जले ॥ २० ॥

અર્થઃ—એવામાં નદીમાં રહેલા પત્થરપરથી તેણીનો પગ લપસી ગયો, તે જોઇને કિનારાપર રહેલો બાલક નદીના જલમાં ડુબી ગયો,

श्रोतःसंपातकातर्यात् । पाणिस्थोऽपि सुतश्च्युतः ॥

तस्या मिथ्यात्वमूढाना—मिव धर्मो जिनोदितः ॥ २१ ॥

અર્થ:—જલપ્રવાહના ધસારાને લીધે થયેલા ગભરાટથી, મિથ્યાત્વથી મૂઢ બનેલા માણસોના હાથમાંથી જેમ જૈનધર્મ તેમ તેણીના હાથમાં રહેલો બાલક પણ નદીમાં પડી ગયો. ॥ ૨૧ ॥

वराकी सा नदीपूरे । स्वमंगं धर्तुमक्षमा ॥

वह्यमाना तटस्थस्य । शाखायामलगत्तरोः ॥ २२ ॥

અર્થ:—હવે તે બિચારી રાંકડી નદીના પૂરમાં પોતાનું શરીર ધારણ ન કરી શકવાથી તણાતીથકી કિનારાપર રહેલાં એક વૃક્ષની ડાળીને વળગી પડી. ॥ ૨૨ ॥

सा क्षणाद्वलितश्वासा । भ्रमद्भिस्तत्र तस्करैः ॥

बध्ध्वाबला बलात्सिंह—गुहां पल्लीमनीयत ॥ २३ ॥

અર્થ:—થોડી મુદતે જેટલામાં તેણીનો શ્વાસ વલ્યો તેટલામાં ત્યાં ભમતા ચોરો તે અબલાને બલાત્કારે બાંધીને સિંહગુહા નામની પોતાની પલ્લીમાં લેઇ ગયા. ॥ ૨૩ ॥

स्तेनैः शुश्रूषिताभ्यंगा—दिभिः संप्राप्तपाटवा ॥

समये प्राभृतीचक्रे । चौरचक्रेश्वरस्य सा ॥ २४ ॥

અર્થ:—ત્યાં ચોરોએ તેણીના શરીરપર તૈલમર્દનઆદિક કરવાથી જ્યારે હુશિયારીમાં આવી ત્યારે અવસર જોઇને તેઓએ પોતાના સ્વામીને ભેટ કરી. ॥ ૨૪ ॥

तेनापि लोचनानंदि—रूपा प्रेमातिशालिना ॥

अवरोधपुरंध्रीणां । धौरेयी सा व्यधीयत ॥ २५ ॥

અર્થ:—આંખોને આનંદિત કરનારા રૂપવાળી એવી તેણીને તે અતિપ્રેમી ચોરનાયકે પોતાના અંતઃપુરની સ્ત્રીઓમાં પટરાણી કરી.

तमक्षमाः परिभवं । सोढुमूढाः पुरंध्रयः ॥

तस्याश्छिद्राण्यनिद्रालु—लोचना आलुलोकिरे ॥ २६ ॥

અર્થ:—ત્યારે તે પરાભવ સહન ન કરી શકવાથી તેની પરણેલી સ્ત્રીઓ આંખો ફાડીને તેણીનાં છિદ્રો જોવા લાગી. ॥ ૨૬ ॥

वसुदत्ता सुतं सूता । समये स्वात्मसन्निभं ॥

पुत्रा मातृसमाः प्रायः । पुत्र्यः पितृसमाः पुनः ॥ २७ ॥

અર્થ:—પછી સમય આવ્યે તે વસુદત્તાએ પોતાસરખા એક પુત્રને જન્મ આપ્યો, કેમકે પ્રાયે કરીને પુત્રો માતાસરખા અને પુત્રીઓ પિતાસરખી થાય છે. ॥ ૨૭ ॥

**तदांतःपुरिकाः सर्वा । रोषदष्टोष्टपल्लवाः ॥**

**संभूय स्वामिनं गूढ—रोषैर्वाक्यैर्व्यजिज्ञपन् ॥ २८ ॥**

અર્થ:—ત્યારે સઘલી અંતઃપુરની સ્ત્રીઓ રોષથી હોઠ કરડતીથકી એકઠી થઇને ગુપ્તરોષવાળાં વચનોથી પોતાના સ્વામીને કહેવા લાગી કે,

**विरक्तो यद्यपि स्वामी । वचोऽस्माकं न मन्यते ॥**

**जिह्वा कंडूयते वक्तुं । तथापि स्नेहतो हितं ॥ २९ ॥**

અર્થ:—જો કે વિરક્ત થયેલા સ્વામી અમારૂં વચન માને નહિ તો પણ સ્નેહને લીધે અમારી જીભ હિત કહેવાને તલપી રહી છે.

**इयं परनरासक्ता । नवीना वनिता तव ॥**

**सुतं त्वद्विपरीतास्यं । सुषुवे कथमन्यथा ॥ ॥ ३० ॥**

અર્થ:—આ તમારી નવીન સ્ત્રી પરપુરૂષમાં આસક્ત થયેલી છે, જો એમ ન હોત તો તમારાથી વિપરીત મુખવાળા પુત્રને તે કેમ જન્મ આપે ? ॥ ૩૦ ॥

**बहुप्रिया च या नारी । यो भृत्यो बहुनायकः ॥**

**बहूच्छिष्टं च यद्भक्ष्यं । तद्बुधः परिवर्जयेत् ॥ ३१ ॥**

અર્થ:—જે સ્ત્રી ઘણા ભર્તારવાળી હોય, જે નોકર ઘણા શેઠવાળો હોય, તથા ઘણાઓની એઠી જે ભિક્ષા હોય તેનો ડાહ્યા માણસે ત્યાગ કરવો જોઇયે. ॥ ૩૧ ॥

**ततः स तुच्छधीर्भिल्लः । खड्गे स्वमुखमैक्षत ॥**

**राहुश्यामं बिडालाक्षं । लंबोष्टं नतनाशिकं ॥ ३२ ॥**

અર્થ:—ત્યારે તે તુચ્છ બુદ્ધિવાળા ભિલ્લે ખડ્ગમાં પોતાનું રાહુ-સરખું શ્યામ, બિલાડાજેવી આંખોવાલું, લાંબા હોઠવાલું તથા નમેલા નાકવાલું મુખ જોયું. ॥ ૩૨ ॥

**जातस्यापि ततस्तस्या—पश्यदास्यमसौ रसी ॥**

**इंदुगौरं सरोजाक्षं । बिंबाकारोष्टमुन्नसं ॥ ३३ ॥**

અર્થ:—પછી તેણે ઉત્સુક થઇને તે બાલકનું ચંદ્રસરખું ઉજ્જવલ, કમલસરખી આંખોવાલું, પાકાં ટીંડોરાંસરખા હોઠવાલું તથા ઉંચા નાકવાલું મુખ પણ જોયું. ॥ ૩૩ ॥

पश्यन्नास्यविपर्यास—मसूनां नाशिनासिना ॥

लुलाव कदलीकांड—लावं शावं स निःकृपः ॥ ३४ ॥

અર્થ:—એવી રીતે મુખનું વિપરીતપણું જોઇને તે નિર્દય ભિલ્લે કેળના રોપાનીપેઠે પ્રાણનાશક તલવારથી તે બાલકને કાપી નાખ્યો.

स्तेनैस्तदा तदादेशाद्—दूरं नीत्वोरुरज्जुभिः ॥

अबंधि कंटकाकीर्णे । वसुदत्तापि पादपे ॥ ३५ ॥

અર્થ:—પછી તેજ વખતે તેના હુકમથી ચોરોએ વસુદત્તાને પણ દૂર લેઇ જઇને મજબુત દોરડાંથી કાંટાવાળા વૃક્ષપર બાંધી દીધી. ॥ ૩૫ ॥

तत्र बद्धा निरुद्धाशा । पाशाश्लिष्टेव पक्षिणी ॥

दिशो दशापि पश्यंती । दुःखितेति व्यसादयत् ॥ ३६ ॥

અર્થ:—ત્યાં બંધાયાબાદ નિરાશ થઇને પાશમાં પડેલી પક્ષિણીનીપેઠે દશે દિશાઓતરફ જોતીથકી દુઃખિત થઇને સંતાપ કરવા લાગી કે,

अहो गुरुवचोलोप—कुपितेनेव वेधसा ॥

नरकः प्राघुणीचक्रे । मानवेऽपि भवे मम ॥ ३७ ॥

અર્થ:—અરે! સાસુસસરાના વચનનું ઉલ્લંઘન કરવાથી જાણે આરાપર ગુસ્સે થયેલા વિધાતાએ આ મનુષ્યભવમાં પણ મને નરકાતિથિ કરી છે. ॥ ૩૭ ॥

मार्गभ्रंशे मृतौ पत्यु—र्वियोगे तनुजन्मनां ॥

सरित्प्लावे दृढं बंधे । जीवितात्येन नाच्यवं ॥ ३८ ॥ युग्मं ॥

અર્થ:—કેમકે માર્ગમાં ભુલી પડવાથી, સ્વામીના મૃત્યુથી, પુત્રોના વિયોગથી, નદીના પૂરથી તથા મજબુત બંધનથી પણ મારો જીવ ગયો નહિ. ॥ ૩૮ ॥

कं यजे कं भजे कं वा । भाषये विजने वने ॥

एवं सा दधती खेदं । तत्रैव सुचिरं स्थिता ॥ ३९ ॥

અર્થ:—હવે હું આ નિર્જન વનમાં કોને પૂજું? કોને ભજું? અથવા કોને કહું? એવી રીતે ખેદ કરતીથકી તે ત્યાંજ ઘણા કાલસુધી રહી.

अन्यदोज्जयिनीयायी । नुन्नस्तत्सुकृतैरिव ॥

कोऽपि मध्यंदिने सार्थ—स्तस्थौ तत्रैव कानने ॥ ४० ॥

અર્થ:—એક દિવસે ઉજ્જયિનીતરફ જનારો કોઇક સાર્થ તેણીના પુણ્યોથી જાણે પ્રેરાયો હોય નહિ તેમ મધ્યાહ્નકાળે તેજ વનમાં આવીને ઉતર્યો. ॥ ૪૦ ॥

नरैर्निराशया भ्रांतै—र्बद्धा सादर्शि पादपे ॥

अमोचि च दयासारै—र्बंधनाद्बांधवैरिव ॥ ४१ ॥

અર્થ:—ત્યાં જલની આશાથી ભમતા લોકોએ તેણીને વૃક્ષપર બાંધેલી દીઠી, ત્યારે તેઓએ બંધુઓનીપેઠે દયા લાવીને તેણીને બંધનરહિત કરી. ॥ ૪૧ ॥

आनीय सार्थवाहस्य । तदानीं तैः समर्पिता ॥

तेन पृष्टा निजं वृत्त—मभ्यधत्त च सादितः ॥ ४२ ॥

અર્થ:—પછી તેજ વખતે તેઓએ લાવીને તેણીને સાર્થવાહને સોંપી, અને તેણે પૂછવાથી તેણીએ મૂળથી પોતાનું વૃત્તાંત કહી સંભલાવ્યું.

गंगावीचीवरे दत्वा । चीवरे बहुमानतः ॥

सोऽमनोजवशः प्राह । तां मनोजवतः सुवाक् ॥ ४३ ॥

અર્થ:—ત્યારે તેણે બહુ આદરસત્કારપૂર્વક તેણીને ગંગાના મોજાં સરખા મનોહર વસ્ત્ર આપ્યાં, તથા પછી કામદેવને વશ થયાવિના તેણે મનના સદ્‌ભાવથી તેણીને મિષ્ટવચનોથી કહ્યું કે, ॥ ૪૩ ॥

दधासि पुत्रि किं खेदं । नेदं किं ते कुटुंबकं ॥

मध्यस्थामुष्य सार्थस्य । सुखमुज्जयिनीं व्रज ॥ ४४ ॥

અર્થ:—હે પુત્રિ ! તું શામાટે ખેદ કરે છે ? આ શું તારૂં કુટુંબ નથી ? આ સાર્થની અંદર રહીને તું સુખેથી ઉજ્જયિની જા ?

कृतसातेन सा तेन । प्रीणितेति मृदूक्तिभिः ॥

चचाल निर्विचालस्य । दुःखपूरस्य पारगा ॥ ४५ ॥

અર્થ:—એવી રીતે શાંત કરનારા તે સાર્થવાહે કોમળ વચનોવડે ખુશ કરવાથી તે નિરંતર પડતાં દુઃખોના પાર પામીને ચાલવા લાગી.

सह तेनैव सार्थेन । प्रस्थितोरुपरिच्छदा ॥

जीवंतस्वामिनं नंतु । सुव्रतास्ति तपोधना ॥ ४६ ॥

અર્થ:—હવે તેજ સાર્થનીસાથે મનોહર પરિવારવાળી સુવ્રતા નામની સાધ્વી જીવંતસ્વામીને વાંદવામાટે ચાલતી હતી. ॥ ૪૬ ॥

सा चक्षुःपथमायाता—नंदसुंदरया तया ॥

ववंदे तन्मुखाद्धर्मं । शर्मकारि च शुश्रुवे ॥ ४७ ॥

અર્થ:—આનંદથી સુંદર થયેલી એવી તે વસુદત્તાએ તે સાધ્વીને જોઇને વંદન કર્યું, અને તેણીના મુખથી સુખકારી ધર્મ સાંભલ્યો.

घनव्यसनकल्लोला—ज्जराजन्मजलाकुलात् ॥
आतंकपंकसंकीर्णा—द्भवांभोधेर्बिभाय सा ॥ ४८ ॥

અર્થ:—ત્યારે ઘણાં દુઃખોરૂપી મોજાંઓવાળા, જરાજન્મરૂપી જલથી આકુલ થયેલા, તથા ભયરૂપી કાદવથી ભરેલા એવા સંસાર-સમુદ્રથી તે ડરવા લાગી. ॥ ૪૮ ॥

तं तरीतुं तरीतुंग—स्थिति जग्राह साग्रहा ॥
सार्थनाथमनुज्ञाप्य । व्रतं सा सुव्रतांतिके ॥ ४९ ॥

અર્થ:—તે સંસારસાગરને તરવામાટે તેણીએ તે સાર્થપતિની રજાલેઇને આગ્રહસહિત હોડીસરખી ઉંચી સ્થિતિવાલું ચારિત્ર તે સુવ્રતાસાધ્વીપાસે ગ્રહણ કર્યું. ॥ ૪૯ ॥

ससंवेगा रसं वेगात् । पिबंती समयोदधेः ॥
पुरीमवपुरीहा सा । क्रमादुज्जयिनीं ययौ ॥ ५० ॥

અર્થ:—પછી વૈરાગ્યવાળી તથા સિદ્ધાંતસમુદ્રનો રસ પીતીથકી શરીરની પણ મમતા છોડીને તે અનુક્રમે ઉજયિની નગરીમાં ગઇ.

तत्र पित्रोर्मिलित्वा सा । निजं वृत्तं निवेद्य च ॥
तयोरप्यभवत्तत्वा—वबोधस्य निबंधनं ॥ ५१ ॥

અર્થ:—ત્યાં પોતાના માતપિતાને મળીને તથા તેઓને પોતાનું વૃત્તાંત કહીને તેઓને પણ તત્વજ્ઞાનના કારણરૂપ તે થઇ પડી. ॥૫૧॥

निशम्य वसुदत्ताया—श्चरित्रमिति चित्रकृत् ॥
गुरूणां मंजुला वाचः । कः सुधीरवधीरयेत् ॥ ५२ ॥

અર્થ:—એવી રીતનું વસુદત્તાનું આશ્ચર્યકારી ચરિત્ર સાંભલીને કયો સુબુદ્ધિ માણસ માતાપિતાદિક વડિલની હિતકારી વાણીનું ઉલ્લંઘન કરે? ॥ ૫૨ ॥

अस्तां स्त्रियो न मन्यंते । ये भूपा अपि सद्वचः ॥
ते परैः परिभूयंते । राजारिदमनो यथा ॥ ५३ ॥

અર્થ:—સ્ત્રીઓ તો એકબાજુ રહી, પરંતુ જે રાજાઓ પણ હિતવચન માનતા નથી, તેઓ પણ અરિદમન રાજાનીપેઠે અન્યોથી પરાભવ પામે છે. ॥ ૫૩ ॥

नगरी सारसाहित्य—विद्येवास्ति तमालिनी ॥
वर्ण्यवर्णक्रमास्तोक—श्लोकसद्वृत्तमालिनी ॥ ५४ ॥

અર્થ:—ઉંચ વર્ણના લોકોના ક્રમવાળી ( મનોહર અક્ષરોના ક્રમવાળી ) ઘણી કીર્તિવાળા સદાચારી લોકોથી શોભિતી ( ઘણા શ્લોકો તથા મનોહર કાવ્યોથી ભપકાવાળી ) સાહિત્યવિદ્યાસરખી તમાલિની નામની નગરી છે. ॥ ૫૪ ॥

मराल इव सत्पक्ष—स्तत्रारिदमनो नृपः ॥
पत्नी प्रियमती तस्य । पद्मिनीव गुणालया ॥ ५५ ॥

અર્થ:—ત્યાં ઉત્તમ પક્ષવાળો ( પાંખોવાળો ) હંસસરખો અરિદમન નામે રાજા હતો. અને તેને કમલિનીસરખી ગુણોના (તંતુઓના) સ્થાનવાળી પ્રિયમતી નામે રાણી હતી. ॥ ૫૫ ॥

श्रेष्टी धनपतिस्तत्र । बालमित्रं महीपतेः ॥
हरन्न्यायगुणेनोग्रं । श्रियश्चापल्यदूषणं ॥ ५६ ॥

અર્થ:—ત્યાં પોતાના ન્યાયગુણથી લક્ષ્મીના ચપલપણારૂપ ભયંકર દૂષણને હરનારો અને તે રાજાનો બાલમિત્ર ધનપતિ નામે શેઠ વસતો હતો. ॥ ૫૬ ॥

सूत्रधारोऽभवत्तत्र । दरिद्रो धनदाभिधः ॥
यः स्वाख्यां छेदनार्थेन । दारूपेणाकृतार्थयत् ॥ ५७ ॥

અર્થ:—વળી તે નગરમાં એક ધનદ નામે દરિદ્રી સુતાર રહેતો હતો, કે જેણે છેદનના અર્થવાળા દાધાતુના રૂપવડે પોતાનું નામ કૃતાર્થ કર્યું હતું. ॥ ૫૭ ॥

समये तनये जाते । स च तस्य प्रियापि च ॥
अभूतां परलोकस्य । पांथौ दारिद्र्यदोषतः ॥ ५८ ॥

અર્થ:—પછી જે સમયે તે સુતારને એક પુત્ર થયો ત્યારે તે સુતાર અને તેની સ્ત્રી બન્ને ગરીબાઇનેલીધે મૃત્યુ પામ્યા. ॥ ૫૮ ॥

वर्ध्यमानो विधात्रेव । तनयस्तस्य केवलं ॥
तुषांश्चखाद शालीनां । लीनो धनपतेर्गृहे ॥ ५९ ॥

અર્થ:—કેવલ વિધાતાથીજ પોષાતો એવો તેનો તે પુત્ર ધનપતિ શેઠને ઘેર રહીને ડાંગરના ફોતરાં ખાતો હતો. ॥ ૫૯ ॥

असौ भृशं बुसग्राम—लालसत्वान्महाजनैः ॥
अपभ्रंशगिरा चक्रे । कोकास इति नामभाक् ॥ ६० ॥

અર્થ:—એવી રીતે ઘણા ફોતરાં ખાવાનો લાલચુ હોવાથી મહાજનોએ અપભ્રંશ ભાષામાં તેનું કોકાસ નામ પાડયું. ॥ ૬૦ ॥

पुत्रोऽन्यदा धनपते—र्नाम्ना धनवसुः श्रिये ॥
यियासुर्यवनं द्वीपं । नवं पोतमसज्जयत् ॥ ६१ ॥

અર્થ:—હવે તે ધનપપિશેઠના ધનવસુ નામના પુત્રે એક દિવસે ધન કમાવામાટે યવનદ્વીપે જવાને નવું વહાણ તૈયાર કર્યું ॥ ૬૧ ॥

पण्यौधैः पुण्यनैपुण्यः । सतं पोतमबीभरत् ॥
लाभदैः संयमी चेतो । मूलोत्तरगुणैरिव ॥ ६२ ॥

અર્થ:—પછી સાધુ લાભ દેનારા મૂલોત્તર ગુણોથી જેમ પોતાનું મન ભરે, તેમ કરીયાણાઓના સમૂહથી તે પુણ્યશાલીએ તે વહાણ ભર્યું.

चेटा इवांभसां पत्युः । पोतक्रीडनपंडिताः ॥
सर्वे निर्वेशदानेन । तेनातोष्यंत नाविकाः ॥ ६३ ॥

અર્થ:—સમુદ્રના નોકરસરખા વહાણ ચલાવવામાં ચતુર એવા સર્વે ખલાસીઓને તેણે ધનદાન આપી ખુશી કર્યા. ॥ ૬૩ ॥

आपृच्छय शकुनोत्साह—प्रेरितः पितरौ त्वरी ॥
आरुरोह स बोहित्थं । विमानमिव खेचरः ॥ ६४ ॥

અર્થ:—પછી તે પોતાના માતપિતાની રજા લેઇને શકુનના ઉત્સાહથી પ્રેરાયોથકો વિદ્યાધર જેમ વિમાનપર તેમ તે ઉતાવલથી વહાણપર ચડયો. ॥ ૬૪ ॥

ययाचे स पितुः पार्श्वे । कोक्कासं भक्तिभासुरं ॥
देहशुश्रूषकेऽमुष्मिन् । जायेऽहं सुखभागिति ॥ ६५ ॥

અર્થ:—મારા શરીરની ચાકરી કરનાર જો આ હોય તો મને ઠીક પડશે, એમ કહીને તેણે તે ભક્તિવાન કોક્કાસને પોતાના પિતાપાસે આગણી કરી સાથે લીધો. ॥ ૬૫ ॥

तीर्णोऽब्धिं हनुमान् यस्य । वायो पोतः स्वयं सुखं ॥
साहाय्यात्तस्य पोतोऽयं । प्राप पारं किमद्भुतं ॥ ६६ ॥

અર્થ:—જે વાયુની મદદથી વાયુનો પુત્ર હનુમાન પોતે સુખેથી સમુદ્ર તરી ગયો હતો, તેની મદદથી આ વહાણ પણ કિનારે પહોંચ્યું તેમાં શું આશ્ચર્ય છે? ॥ ૬૬

संप्राप्ते यवनद्वीपे । वार्धौ मुक्त्वा स वाहनं ॥
मिलितेलापतिश्चक्रे । व्यवसायमुपावित् ॥ ६७ ॥

અર્થ:—પછી તે ધનવસુ યવનદ્વીપમાં જઇ સમુદ્રમાં વહાણ છોડી રાજાને મલી યુક્તિપૂર્વક વ્યાપાર કરવા લાગ્યો. ॥ ૬૭ ॥

कर्मण्यग्रोऽपि कोकासो—ऽवकाशं लभते यदा ॥

कुलकस्य तदा तक्ष्णः । प्रयाति निलये स्वयं ॥ ६८ ॥

અર્થ:—કાર્યમાં વ્યગ્ર છતાં પણ જ્યારે તે કોક્કાસને ફુરસદ મલતી ત્યારે તે કુલક નામના સુતારને ઘેર જતો. ॥ ૬૮ ॥

स तु तक्षा क्रमायाते । मर्मज्ञो वास्तुकर्मणि ॥

पाठयत्यशठः पुत्रान् । ते तु सर्वे प्रमादिनः ॥ ६९ ॥

અર્થ:—તે હુશિયાર સુતાર વંશપરંપરાથી ચાલી આવતી પોતાની વાસ્તુવિદ્યામાં પ્રવિણ હોવાથી પોતાના પુત્રોને તે વિદ્યા ભણાવતો હતો, પરંતુ તેઓ સઘલા આળસુ હતા. ॥ ૬૯ ॥

न हि स्वगृहविद्यायां । शिष्यः प्रायेण सादराः ॥

सुरूपायामपि स्वीय—कामिन्यां कामुका इव ॥ ७० ॥

અર્થ:—કેમકે મનોહર રૂપવાળી એવી પણ પોતાની સ્ત્રીમાં જેમ કામી તેમ પ્રાયે કરીને શિષ્યો પોતાના ઘરની વિદ્યામાં આદરવાળા હોતા નથી. ॥ ૭૦ ॥

कलौघे सोऽभियुक्तोऽभूत् । कोकासस्तैरनादृते ॥

भक्ते पिंडोलभोक्तेव । त्यक्ते भूपतिनंदनैः ॥ ७१ ॥

અર્થ:—પછી રાજપુત્રોએ છોડી દીધેલાં ભોજનમાં જેમ વધ્યું ઘટ્યું ખાનારો તેમ તેઓએ ઉપેક્ષેલી કલાઓના સમુહમાં તે કોક્કાસ આદરવાળો થયો. ॥ ૭૧ ॥

तस्याभियोगमालोक्य । कुलकः पुलकं वहन् ॥

तमेवाबीभणन्न स्व—परव्यक्तिर्गुणार्थिनां ॥ ७२ ॥

અર્થ:—તેનો ઉદ્યમ જોઇને તે કુલક સુતાર રોમાંચિત થયોથકો તેનેજ ભણાવવા લાગ્યો, કેમકે ગુણવાન માણસોને સ્વપરનો તફાવત હોતો નથી. ॥ ૭૨ ॥

सोऽपि स्वल्पदिनैः शिल्प—कल्पमस्वल्पमगृहीत् ॥

बुभुक्षितस्य किं वेला—प्रयासः प्राशने लगेत् ॥ ७३ ॥

અર્થ:—તે કોક્કાસે પણ સમસ્ત શિલ્પશાસ્ત્ર થોડા દિવસોમાંજ શીખી લીધું, કેમકે ભુખ્યા માણસને ભોજન કરવામાં શું વખત કે પ્રયાસ લાગે છે? ॥ ૭૩ ॥

लक्ष्मीं च वास्तुविद्यां च । प्राप्य यानेन तेन तौ ॥

धनश्च सूत्रधारश्च । पुनः स्वस्थानमीयतुः ॥ ७४ ॥

અર્થ:—પછી તે ધનવસુ લક્ષ્મીને તથા તે કોક્કાસ સુતાર વાસ્તુ-વિદ્યા મેલવીને તે વહાણપર બેસી ફરીને પોતાના નગરમાં આવ્યા.

आजीवनाय भूपस्य । विज्ञानज्ञापनाय च ॥
काष्टतक्ष्णा सुकाष्टेन । कपोतास्तेन तेनिरे ॥ ७५ ॥

અર્થ:—પોતાની આજીવિકામાટે તથા રાજાને પોતાની કલા દેખાડવામાટે તે સુતારે ઉત્તમ કાષ્ટના હોલાં બનાવ્યાં. ॥ ૭૫ ॥

ते जीवंत इवोड्डीनाः । सत्वरं गगनाध्वना ॥
दुर्भिक्षस्य शिरःशूलं । कुशूलं भूपतेर्ययुः ॥ ७६ ॥

અર્થ:—તે હોલાં જાણે જીવતાં હોય નહિ તેમ તુરત આકાશમાર્ગે ઉડીને દુકાળના મસ્તકમાં શુલસરખા રાજાના અનાજના કોઠારમાં ગયા.

ततः शालिकणव्रातं । निरातंकाः कपोतकाः ॥
उध्धृत्य वार्धकेः पार्श्व—मीयुर्वैवधिका इव ॥ ७७ ॥

અથ:—ત્યાથી તે હોલાં નિર્ભયપણે ચાવલનો સમુહ લેઇને મજુરોનીપેઠે તે સુતારની પાસે આવ્યા. ॥ ૭૭ ॥

तेनानायासलभ्येन । शालिना रसशालिना ॥
सद्वृत्तिं कल्पयामास । परकार्येष्वनादरी ॥ ७८ ॥

અર્થ:—એવી રીતે વિના પ્રયાસે મલતા રસયુક્ત ચાવલવડે કરીને તે કોક્કાસ પરની નોકરીમાં અનાદરવાળો થઇને પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો. ॥ ૭૮ ॥

ह्रियमाणे सदा शालौ । कोशे च कृशतां गते ॥
अदृष्टचारसंचारं । कोशाध्यक्षा नृपं जगुः ॥ ७९ ॥

અર્થ:—એવી રીતે હમેશાં ચાવલ ચોરાવાથી તે કોઠાર જ્યારે ઓછો થઇ ગયો અને ત્યાં કોઇની જાવ આવ જોવામાં ન આવી, ત્યારે કોઠારીએ તે બાબત રાજાને જાહેર કરી. ॥ ૭૯ ॥

मुमोच नृपतिस्तत्र । ततश्छन्नतरांश्चरान् ॥
तेऽपि काष्टकपोतानां ।वृत्तं नृपमजिज्ञपन् ॥ ८० ॥

અર્થ:—ત્યારે રાજાએ ત્યાં પોતાના ગુપ્ત માણસો રાખ્યા, તથા તેઓએ પણ રાજાને તે કાષ્ટનાં હોલાંઓનું વૃત્તાંત જણાવ્યું. ॥૮૦॥

वैज्ञानिकशिरोरत्न—मयं कृतचमत्कृतिः ॥
अहो आहूयतामशु । तानेवं भूभृदादिशत् ॥ ८१ ॥

અર્થઃ—અહો ! આશ્ચર્ય કરનારા તથા કલાવંતોમાં મુકુટ સરખા તે માણસને જલદી બોલાવી લાવો, એમ રાજાએ તેઓને હુકમ કર્યો.

ते कपोतानुसारेण । चरंतश्चतुराश्चराः ॥
प्राहुः कोकासमोकःस्थं । भूपस्त्वामाह्वयेदिति ॥ ८२ ॥

અર્થઃ—ત્યારે તે ચતુર ગુપ્તપુરૂષો તે હોલાઓને અનુસારે જઈને ઘરમાં રહેલા કોકાસને કહેવા લાગ્યા કે તને રાજા બોલાવે છે. ॥૮૨॥

ततः प्रमुदितः कामं । कामधेनुं कलावतां ॥
जगाम भूपतेर्धाम । स्थपतिस्तैः पुरस्कृतैः ॥ ८३ ॥

અર્થઃ—ત્યારે તે સુતાર અત્યંત ખુશી થઈને તેઓને અગાડી કરી પોતે કલાવંતોને કાંમધેનુસરખા રાજમંદિરમાં ગયો. ॥ ૮૩ ॥

साधिताशेषकाष्टौघा । दधाना वास्तवीं श्रियं ॥
नृप स्थपतिविद्येव । जीयाद्राज्य स्थितिस्तव ॥ ८४ ॥

અર્થઃ—હે રાજન્ ! જીતેલ છે સર્વ દિશાઓનો સમુહ જેણે ( સાધેલ છે સર્વ કષ્ટોનો સમુહ જેણે ) સત્ય લક્ષ્મીને ( વાસ્તુવિદ્યાની શોભાને ) ધારણ કરનારી એવી સુતારની વિદ્યાસરખી તમારી રાજ્યસ્થિતિ જય પામો ? ॥ ૮૪ ॥

वास्तुविद्यानवद्यत्व—सूचनैर्वचनैरिति ॥
प्रीणितः पृथिवीप्राणो । वर्धकिनाथ सोऽवदत् ॥ ८५ ॥

અર્થઃ—એવી રીતે વાસ્તુવિદ્યાના અસ્ખલિતપણાને સૂચવનારાં વચનોથી કોકાસે ખુશી કરેલો રાજા બોલ્યો કે, ॥ ૮૫ ॥

त्वं दृष्टश्रुतविज्ञानि—सीमासीममतः शृणु ॥
गिरं बुध विधेह्येवं । यंत्रं गगनगामिनं ॥ ८६ ॥

અર્થઃ—તું જોયેલાં અને સાંભળેલાં વિજ્ઞાનવાળાઓની અવધિસરખો છો, માટે હે ચતુર ! તું મારૂં વચન સાંભલ ? એવી રીતનું આકાશમાં ચાલનારૂં એક યંત્ર તું બનાવ ? ॥ ૮૬ ॥

एवं सस्नेहमाभाष्य । विभुष्य वसनादिना ॥
दत्तातिमानसंमानं । भूपतिर्विससर्जतं ॥ ८७ ॥

અર્થઃ—એવી રીતે તેને સ્નેહપૂર્વક બોલાવીને તથા વસ્ત્રાદિકથી શણગારીને રાજાએ અતિ આદરસત્કાર પૂર્વક તેને વિસર્જન કર્યો.

सोऽविमानविमानश्री—मानापहरणक्षमं ॥
यंत्रं जनद्वयारोह—योग्यं मंक्षु विनिर्ममे ॥ ८८ ॥

અર્થ:—હવે તે કોક્કાસે અનુપમ વિમાનની શોભાના માનને હરવાને સમર્થ તથા બે માણસોને બેસવાલાયક તુરત એક યંત્ર બનાવ્યું. ॥ ૮૮ ॥

दिवसे श्रेयसि क्ष्मापः । समं तेन कलावता ॥
तं दारुयंत्रमारुह्य । खेचरैः सख्यमन्वभूत् ॥ ८९ ॥

અર્થ:—પછી શુભ દિવસે રાજા તે કલાવાનની સાથે તે કાષ્ટયંત્રપર ચડીને ખેચરોસાથે મિત્રાઇનો અનુભવ લેવા લાગ્યો. ॥ ૮૯ ॥

यद्दूरं यद्दुरारोहं । यद्दुर्गं यच्च दुस्तरं ॥
यानेनानेन तत्सर्वं । तस्य केलिगृहं कृतं ॥ ९० ॥

અર્થ:—જે કોઇ સ્થાન દૂર, દુઃખે ચડી શકાય તેવું, દુર્ગમ તથા દુઃખે તરી શકાય તેવું હતું, તે સઘળાં સ્થાનો આ વિમાને તેને ક્રીડાગૃહસરખાં કરી દીધાં ॥ ૯૦ ॥

कदापि पुलिने नद्या । गिरेः शृंगे कदावन ॥
कदाचित्काननक्रोडे । स चिक्रीढ कुतूहली ॥ ९१ ॥

અર્થ:—અને તેથી કોઇ વખતે નદીના પટમાં, કોઇ વખતે પર્વતના શિખરપર તથા કોઇ વખતે વનના મધ્ય ભાગમાં તે કુતુહલી રાજા ક્રીડા કરવા લાગ્યો. ॥ ૯૧ ॥

कामचारं तयोर्वीक्ष्य । प्राह प्रीतिमती प्रियं ॥
अपराद्धं मया किं ते । यद्वंच्ये देशदर्शनात् ॥ ९२ ॥

અર્થ:—એવી રીતે તેઓ બન્નેને ઇચ્છામુજબ ફરતા જોઇને પ્રીતિમતી રાણીએ પોતાના સ્વામીને કહ્યું કે, હે સ્વામી! મેં આપનો શું અપરાધ કર્યો છે? કે મને આપ દેશો દેખાડતા નથી. ॥ ૯૨ ॥

स्वमेव धिन्वसि दूरी—कृत्य स्निग्धमिमं जनं ॥
विश्वंभरेरपि स्वामिन् । दृष्टिः कुक्षिंभरिस्तव ॥ ९३ ॥

અર્થ:—હે સ્વામી! આ સ્નેહી જનને દૂર કરીને આપ પોતેજ જે મોજ માણો છો, તેથી એમ જણાય છે કે આપ જગતનું પોષણ કરનારા છતાં પણ આપની દૃષ્ટિ તો પેટભરીજ છે, ॥ ૯૩ ॥

त्वयि तार्क्ष्य इवादभ्र—देशदर्शिनि भर्त्तरि ॥
न भूप कूपडंमूक—त्वापवादो गतो मम ॥ ९४ ॥

અર્થ:—વલી હે રાજન્! ગરૂડનીપેઠે સર્વ દેશોને જોનારા એવા આપ મારા સ્વામી છતાં મારો કુવાના દેડકાપણાનો અપવાદ ગયો નહિ.

तन्मे पूरयतादेक—यानावस्थानदोहदं ॥

मोहदं वचनं तस्या । इदं तक्ष्णो जगौ नृपः ॥ ९५ ॥

અર્થ:—માટે એક વાહનમાં બેસવાની મારી મનકામના આપ પૂરી કરો? હવે એવી રીતનું મોહ ઉપજાવનારૂં તેણીનું વચન રાજાએ કોક્કાસને કહ્યું. ॥ ૯૫ ॥

स जगावुभयोरेव । यंत्रोऽयं देव वाहकः ॥

सीदत्यधिकसंपर्के—णातिभारेण गौरिव ॥ ९६ ॥

અર્થ:—ત્યારે કોક્કાસ બોલ્યો કે હે દેવ! આ યંત્ર ફક્ત બે મનુષ્યોનેજ બોજો ઉંચકી શકે તેવું છે, પરંતુ જો તેથી વધારે માણસ તેમાં બેસે તો અતિ ભારથી બળદનીપેઠે તે કદાચ ત્રુટી પડે. ॥૯૬॥

एवं नृपो निषिद्धोऽपि । याने पत्नीं न्यविशत् ॥

बलिनोऽप्यबलावाचा । बद्धचंते ही भवस्थितिः ॥ ९७ ॥

અર્થ:—એવી રીતે નિષેધ કર્યા છતાં પણ રાજાએ પોતાની તે સ્ત્રીને તે વાહનમાં બેસાડી, બલવાનો પણ સ્ત્રીના વચનથી બંધાઇ જાય છે, અરેરે! સંસારની સ્થિતિ કેવી છે! ॥ ૯૭ ॥

अहो स्वच्छंदतामंद—तापकर्त्री नृणां भवेत् ॥

जल्पन्निति समं राज्ञा । तत्र तक्षाप्युपाविशत् ॥ ९८ ॥

અર્થ:—અહો! સ્વછંદીપણું માણસોને અત્યંત ખેદ કરનારૂં થાય છે, એમ બોલતોથકો તે કોક્કાસ પણ તે વાહનમાં બેઠો. ॥ ૯૮ ॥

यावद्दूरं ययौ यानं । तावद्भूरिभरार्दिताः ॥

तत्र दुर्वायुहर्त्रीभिः—स्तंत्रीभिः सह कीलिकाः ॥ ९९ ॥

અર્થ:—પછી જેવામાં તે વાહન દૂર ગયું તેવામાં ઘણા ભારથી દુર્વાયુને હરનારી તંત્રીઓસાથે જોડેલી ખીલીઓ નીકળી પડી.

विशीर्णाशेषसंधानो । दधानो जिह्मतां गतौ ॥

क्षणात्क्षोणितले यंत्रो । जरद्रव इवापतत् ॥ ३००० ॥

અર્થ:—અને તેથી તેના સઘલા સાંધાઓ વિખરાઇ જવાથી અને ગતિ અટકી પડવાથી તે યંત્ર બુઢા બલદનીપેઠે એકદમ જમીનપર પટકી પડયું. ॥ ૩૦૦૦ ॥

निःश्रि विप्रतिचारेण । रेणुनेवावगुंठितं ॥

दध दास्यं धराजानि—स्तक्षराजा न्यगद्यत ॥ १ ॥

અર્થ:—એવી રીતે ઉલટી રીતે ચાલવાથી જાણે ધુળથી આચ્છાદિત થયું હોય નહિ તેમ નિસ્તેજ મુખને ધારણ કરનારા તે રાજાને કોક્કાસે કહ્યું કે, ॥ ૧ ॥

राजन्नलं विषादेनः । विषादेनः सुदारुणं ॥

कृतिनो हितकार्युक्त—समुल्लंघनजं विदुः ॥ २ ॥

અર્થ:—હે રાજન્! હુવે ખેદ કરવાથી સર્યું, કેમકે હિતકારીના વચનના ઉલ્લંઘનથી ઉત્પન્ન થયેલાં પાપને વિદ્વાનોએ વિષથી પણ ભયંકર કહેલું છે. ॥ ૨ ॥

अयं ते विद्विषां देश—स्तच्छन्नमिह तिष्टतात् ॥

तक्षोपकरणं किंचि—न्नगराद्यावदानये ॥ ३ ॥

અર્થ:—હુવે આ તારા શત્રુઓનો દેશ છે, માટે અહીં તારે ગુપ્તપણે રહેવું, કે જેટલામા હું નગરમાંથી કંઇક સુતારનું હથિયાર લાવું.

प्रविवेश सदेशस्थं । स तोसलिपुरं ततः ॥

आपृच्छयापृच्छय कस्यापि । तक्ष्णो मंदिरमीयिवान् ॥ ४ ॥

અર્થ:—પછી તે કોક્કાસ નજીક રહેલાં તોસલીપુર નગરમાં ગયો, તથા પૂછતો પૂછતો કોઇક સુતારને ઘેર પહોંચ્યો. ॥ ૪ ॥

ययाचे रथनिर्माणा—कुलं वासीं स तक्षकं ॥

वासीयांचैव तस्याभूत । सूत्रधारत्वसूचिका ॥ ५ ॥

અર્થ:—ત્યાં તેણે રથ બનાવવામાં પડેલા તે સુતારપાસે વાંસલો માગ્યો, અને તે વાંસલાની માગણીજ તે કોક્કાસનું સુતારપણું સૂચવનારી થઇ ॥ ૫ ॥

सोऽभ्यधात् काकजंघस्य । रथोऽयं पृथिवीपतेः ॥

निर्विलंबं मया कार्य—स्तद्वासीं कथमर्पये ॥ ६ ॥

અર્થ:—હુવે તે સુતાર બોલ્યો કે આ કાકજંઘ રાજાનો રથ છે, અને તે મારે તુરત પૂરો કરવો છે, માટે હું તને વાંસલો શીરીતે આપી શકું? ॥ ૬ ॥

कोक्कासः प्राह तन्मुंच । तक्षणीं येन तत्क्षणं ॥

दर्शयामि रथं सिद्धं । कार्यं भाग्यवतामिव ॥ ७ ॥

અર્થ:—ત્યારે કોક્કાસ બોલ્યો કે જો એમ છે તો તું વાંસલો છોડી દે, કે જેથી હું તને ભાગ્યવાનોના કાર્યનીપેઠે ક્ષણવારમાં આ રથ બનાવી આપું. ॥ ૭ ॥

तदा तदर्पितां वासी—मादाय स कलानिधिः ॥
रथे मुहूर्त्तमात्रेण । चक्रद्वयमयोजयत् ॥ ८ ॥

અર્થઃ—ત્યારે તેણે આપેલો વાંસલો લેઇને તે કલાનિધાન કોક્કાસે એ ઘડીમાંજ રથની અંદર બન્ને ચક્રો જોડી દીધાં. ॥ ૮ ॥

हस्तलाघवमन्यस्य । नेदृशं भुवि संभवि ॥
जज्ञावित्यनुमानेन । तं कोकासं स सूत्रभृत ॥ ९ ॥

અર્થઃ—આવી હાથચાલાકી બીજા કોઇની પણ આ પૃથ્વીમાં સંભવતી નથી, એવી રીતના અનુમાનથી તે સુતારે તેને કોક્કાસ તરીકે જાણી લીધો. ॥ ૯ ॥

अन्यां वासीं तवासीन—स्यानानेष्येऽहमित्यसौ ॥
तं विप्रतार्य भूभर्तुः । कोक्कासागमनं जगौ ॥ १० ॥

અર્થઃ—તું અહીં બેઠો છે એટલામાં હું તને બીજો વાંસલો લાવી આપું છું, એમ કહી તેને ઠગીને તેણે રાજાને કોક્કાસનું આગમન સૂચવ્યું. ॥ ૧૦ ॥

अदीधरद्धराधीश—स्तं निजैः सुभटव्रजै ॥
नृणां पुण्यक्षये ख्याति—रेव बंधनिबंधनं ॥ ११ ॥

અર્થઃ—ત્યારે રાજાએ પોતાના સુભટના સમુહથી તેને પકડી મગાવ્યો, કેમકે પુણ્યોનો ક્ષય થવાથી માણસોની પ્રશંસાજ બંધના કારણરૂપ થઇ પડે છે. ॥ ૧૧ ॥

भापयित्वा तममाक्षीत् । सकोप इव कोःपतिः ॥
अरे वद वद क्वास्ति । स शत्रुदमनो नृपः ॥ १२ ॥

અર્થઃ—પછી રાજાએ ગુસ્સે થયેલાનીપેઠે તેને ડરાવીને પૂછ્યું કે, અરે! તું બોલ બોલ કે તે અરિદમન રાજા ક્યાં છે? ॥ ૧૨ ॥

यत्र त्वं ननु तत्रैव । स शत्रुदमनो भवेत् ॥
विरहो युवयोर्वायु—वह्न्योरिव न संभवी ॥ १३ ॥

અર્થઃ—જ્યાં તું ત્યાંજ ખરેખર તે અરિદમન હોવો જોઇયે, કેમકે વાયુ અને અગ્નિનીપેઠે તમારા બન્નેનો વિરહ સંભવી શકતો નથી.

कांदिशीकतया तेन । स्वामिस्थानं न्यवेद्यत ॥
भयाग्नितापिते चित्ते । न तिष्टेद्गुह्यपारदः ॥ १४ ॥

અર્થઃ—ત્યારે તે કોક્કાસે પણ ભયથી ગભરાઇને રાજાનું ઠેકાણું કહી દીધું, કેમકે ભયરૂપી અગ્નિથી તપેલાં મનમાં ગુપ્તવાતરૂપી પારો ઠેરી શકતો નથી. ॥ ૧૪ ॥

सप्रियः स नृपोऽनेनो—दग्रसेनेन जग्रसे ॥

सचेतन इव प्राणी । मोहनीयेन कर्मणा ॥ १५ ॥

અર્થ:—પછી ચૈતન્યવાળા પ્રાણીને જેમ મોહનીય કર્મ, તેમ બળવાન સૈન્યવળે કરીને તે રાજાએ સ્ત્રીસહિત તે અરિદમન રાજાને પકડી લીધો. ॥ ૧૫ ॥

क्रीडाशुकमिवाबद्ध्य । रिपुं स्वाजिरपंजरे ॥

तस्य प्रियां प्रीतिमती—मवरोधे रुरोध सः ॥ १६ ॥

અર્થ:—પછી તેણે તે અરિદમનને ક્રીડા કરવાના પોપટનીપેઠે પોતાના આગણામાં રહેલા પાંજરામાં પૂરીને તેની સ્ત્રી પ્રિયમતીને પોતાના જનાનખાનામાં મોકલી દીધી. ॥ ૧૬ ॥

पार्थिवः प्रार्थयामास । कोकासं स्वकलामिमां ॥

अशेषशेषसद्विद्यान् । कुमारान् मम शिक्षय ॥ १७ ॥

અર્થ:—પછી રાજાએ કોક્કાસને વિનંતિ કરી કે બાકીની સઘળી સદ્વિદ્યાવાળા આ મારા કુમારોને તું તારી કલા શિખાવ? ॥ ૧૭ ॥

तक्षरत्नमथाचख्यौ । कलापीयं कला नृप ॥

न भूपतिसुवां भाति । श्मश्रुश्रीरिव योषितां ॥ १८ ॥

અર્થ:—ત્યારે કોક્કાસ બોલ્યો કે, હે રાજન્! આ કલા પણ જો કે કલા છે, તોપણ સ્ત્રીઓને જેમ દાઢીમુછ તેમ રાજપુત્રોને આ કળા શોભશે નહિ. ॥ ૧૮ ॥

एवं वदन्नपि नृपा—ग्रहतो महितोद्यमः ॥

सकष्टं काष्टकर्मासौ । कुमाराध्यजीगपत् ॥ १९ ॥

અર્થ:—એમ કહ્યા છતાં પણ રાજાના આગ્રહથી તે ઉદ્યમપૂર્વક કેટલીક મુશ્કેલીએ કુમારોને સુતારકામ શિખવવા લાગ્યો. ॥ ૧૯ ॥

क्रीडया निर्मितौ तेन । चारू दारुमयौ हयौ ॥

अयाचिषातां क्षोणींदु—पुत्रावारोढुमन्यदा ॥ २० ॥

અર્થ:—પછી તેણે વિનોમાટે કાષ્ટના બે મનોહર ઘોડા બનાવ્યા, એક દિવસે તે બન્ને ઘોડા બે રાજપુત્રોએ ચડવામાટે તેનીપાસે માગ્યા.

तक्षाचचक्षे धत्तश्चे—द्वत्सौ मत्सौहृदं हृदि ॥

मा याचिष्टां तदावेंता—वेतौ प्रेतौकसोऽध्वगौ ॥ २१ ॥

અર્થ:—ત્યારે કોક્કાસે તેઓને કહ્યું કે હે વત્સ! જો તમો હૃદયમાં મારી મિત્રાઇ ધારણ કરતા હો તો આકાશમાં ગમન કરનારા આ બન્ને ઘોડાઓની તમો માગણી ન કરો. ॥ ૨૧ ॥

एवं निवार्य कार्येण । केनापि व्यापृतोऽभवत् ॥
यदा तक्षा तदा तार्क्ष्यौ—विमौ तावध्यरोहतां ॥ २२ ॥

અર્થ:—એવી રીતે તેઓને નિવારીને જ્યારે કોક્કાસ કંઇક કામે લાગ્યો ત્યારે તે બન્ને રાજકુમારો તે બન્ને ઘોડાપર ચડી બેઠા. ॥૨૨॥

तावर्वंतौ मकुर्वंतौ । वैपुल्ये निर्मदं नभः ॥
उड्डीनौ यैत्रीलामेच्छू । इवादित्यस्य वाजिनां ॥ २३ ॥

અર્થ:—ત્યારે તે બન્ને ઘોડા વિસ્તારમાં આકાશને પણ મદરહિત કરતાથકા સૂર્યના ઘોડાઓની મિત્રાઇ મેળવવા જાણે ઇચ્છતા હોય નહિ તેમ ઉડયા. ॥ ૨૩ ॥

क्षणांतरेऽथ तच्छुद्धिं । मकुर्वति गुरौ जगुः ॥
कुमारा इतरे दारु—वाहवाहनतां तयोः ॥ २४ ॥

અર્થ:—પછી થોડી વારે કોક્કાસ જ્યારે તે ઘોડાઓની તપાસ કરવા લાગ્યો ત્યારે બીજા કુમારોએ તે બન્ને કુમારોનું તે કાષ્ટમય ઘોડાપર ચડવું જણાવ્યું. ॥ ૨૪ ॥

स दध्यावहहा कीह—ग्भारेभे बालचापलं ॥
कुमाराभ्यामजानद्भ्यां । वाजिवारणकीलिकां ॥ २५ ॥

અર્થ:—ત્યારે તેણે વિચાર્યું કે અરેરે ! તે ઘોડાઓને પાછા વાળવાની ખીલી નહિ જાણતા એવા તે કુમારોએ આ કેવું બાલચાલ કર્યું ! ! ॥ ૨૫ ॥

इयता वियता यांतौ । कालेन स्वयमेव तौ ॥
बालौ भविष्यतो हंत । क्षुत्तृट्पीडार्दितौ मृतौ ॥ २६ ॥

અર્થ:—અરેરે ! હવે તે બાલકો આકાશમાં ચાલતા થકા અમુક વખતે ભુખતરસથી દુઃખી થઇને પોતાનીમેળેજ મૃત્યુ પામશે. ॥૨૬॥

पृच्छतः सुतयोः शुद्धिं । राज्ञो दास्ये किमुत्तरं ॥
उपतस्थावनर्थोऽयं । मम प्राणवधावधिः ॥ २७ ॥

અર્થ:—હવે રાજા જ્યારે મને આ પુત્રોમાટે પૂછશે ત્યારે હું શું ઉત્તર આપીશ? આ તો મારા પ્રાણોનો નાશ થવાજેવો અનર્થ આવી પડયો. ॥ ૨૭ ॥

जनाननादुदंतेऽस्मिन् । ज्ञाते मुक्तकृपो नृपः ॥
कोकासमादिशद्वध्यं । कामैत्री भूभुजा सह ॥ २८ ॥

અર્થઃ—પછી લોકોના મુખથી જ્યારે આ વૃત્તાંત જાણ્યું ત્યારે રાજાએ નિર્દય થઇને કોક્કાસને મારી નાખવાનો હુકમ કર્યો; રાજાસાથેની મિત્રાઇ શા કામની છે? ॥ ૨૮ ॥

दधानाङ्गुरुवात्सल्यं । राजपुत्रात्कुतोऽपि सः ॥
भाविनं स्ववधं ज्ञात्वा । चक्रयंत्रं वितेनिवान् ॥ २९ ॥

અર્થઃ—ગુરૂપર પ્રેમ ધરનારા કોઇક રાજપુત્રપાસેથી પોતાનો થનારો વધ જાણીને તેણે એક ચક્રયંત્ર બનાવ્યું. ॥ ૨૯ ॥

कुमारानादिशत्सर्वा—नेष भक्तिभरान्वितान् ॥
आरोहत क्षणं चक्र—मिदं वक्रेतराशयाः ॥ ३० ॥

અર્થઃ—પછી તેણે તે સઘળા ભક્તિવંત કુમારોને કહ્યું કે હે શુભ આશયવાળા કુમારો! તમો થોડીવારસુધી આ ચક્રપર ચડો? ॥૩૦॥

शंखध्वनौ श्रुतेऽस्येमां । भिंदीध्वं मध्यकीलिकां ॥
भविष्यथ ततो देवा । इव व्योविहारिणः ॥ ३१ ॥

અર્થઃ—પછી જ્યારે તમો શંખનો અવાજ સાંભળો ત્યારે તમારે આ ચક્રની વચલી ખીલી ભાંગવી, કે જેથી તમો દેવોનીપેઠે આકાશગામી થશો. ॥ ૩૧ ॥

एवमस्त्विति तैरुक्ते । स निन्ये राजपूरुषैः ॥
वध्यभूमीं गिरेर्दंतं । पोतः कुपवनैरिव ॥ ३२ ॥

અર્થઃ—ઠીક છે એમ જેવામાં તેઓ કહે છે, તેવામાં કુવાયુ જેમ વહાણને પર્વતના ખરાબાપર લઈ જાય છે તેમ રાજાના માણસો તે કોક્કાસને વધભૂમીમાં લઇ ગયા. ॥ ૩૨ ॥

वध्यमानः स तैर्मुक्त—शंकः शंखमपूरयत् ॥
तद्ध्वनेरनु ते जघ्नुः । कुमाराश्चक्रकीलिकां ॥ ३३ ॥

અર્થઃ—પછી જ્યારે તેઓ તેનો વધ કરવા લાગ્યા ત્યારે તેણે નિ:શંક થઇને શંખ વગાડયો, તે શંખધ્વની સાંભલતાંજ તે કુમારોએ તે ચક્રની ખીલી ભાંગી નાખી. ॥ ૩૩ ॥

ततो वारिरुहाकारे । चक्रे संकोचमंचति ॥
राजपुत्रा रटंतोऽपि । व्यलीयंत यथालयः ॥ ३४ ॥

અર્થઃ—તેજ વખતે તે કમલાકાર ચક્ર સંકોચાઇ ગયું, અને તેથી ભમરાઓનીપેઠે બૂમો પાડતા તે સઘળા કુમારો મરણ પામ્યા. ॥૩૪॥

कोकासे निहते ज्ञात्वा । कुमारमरणं नृपः ॥
साधयन्निधनं शोका—द्वैरिभूपमुदच्छिनत् ॥ ३५ ॥

અર્થ:—હવે કોક્કાસને માર્યાબાદ કુમારોનું પણ મૃત્યુ થયેલું જાણીને તે રાજાએ શોકથી આપઘાત કરતાંથકાં તે શત્રુ એવા અરિદમન રાજાને પણ મારી નાખ્યો. ॥ ૩૫ ॥

यथारिदमनो राजा । यथा वा तौ नृपांगजौ ॥
पिनंक्ष्यसि तथा स्वैरा—चारात्त्वमपि नंदिनि ॥ ३६ ॥

અર્થ:—માટે હે પુત્રી! જેમ અરિદમન રાજા અથવા જેમ તે બન્ને રાજપુત્રો તેમ તું પણ સ્વેચ્છાચારથી નાશ પામીશ. ॥ ૩૬ ॥

कलाकौशलसौभाग्य—रूपश्रीशूरतादियुक् ॥
वद त्वं कोविदे तत्किं । न्यूनो येनैष धम्मिलः ॥ ३७ ॥

અર્થ:—વળી આ ધમ્મિલ કલાકૌશલ્ય, સૌભાગ્ય, રૂપ, લક્ષ્મી તથા શૌર્યઆદિક ગુણોવાળો છે, તો હે ચતુર પુત્રી તું કહે કે આ ધમ્મિલમાં હવે શું ન્યુનપણું રહેલું છે? ॥ ૩૭ ॥

एतावद्गुणसंपूर्णः । सारदेहो द्विधापि हि ॥
यद्यसावपि ते नेष्ट—स्तदिष्टः को भविष्यति ॥ ३८ ॥

અર્થ:—આટલા ગુણોથી ભરેલો અને બન્ને પ્રકારે સારભૂત શરીરવાળો આ ધમ્મિલ પણ જો તને પ્રિય નથી લાગતો, તો પછી તને બીજો કોણ પ્રિય થશે? ॥ ૩૮ ॥

अयं विज्ञाय तेऽवज्ञां । यद्यन्यां परिणेष्यति ॥
तदापि त्वदहंकार—हुंकार स्वास्ति का गतिः ॥ ३९ ॥

અર્થ:—હવે આ તારી અવજ્ઞા જાણીને કદાચ બીજી સ્ત્રી પરણશે, તો પછી તારા અહંકારરૂપી હુંકારાની શું ગતિ થશે? ॥૩૯॥

न निर्वहत्यहंकारः । पुरुषैः सह योषितां ॥
सव्यः करः सभूषोऽपि मलस्यैवापनुत्तये ॥ ४० ॥

અર્થ:—પુરૂષોસાથે સ્ત્રીઓનો અહંકાર નભી શકતો નથી, કેમકે આભુષણોવાળો પણ ડાબો હાથ ફક્ત વિષ્ટાનેજ સાફ કરવામાટે ઉપયોગી થાય છે. ॥ ॥ ૪૦ ॥

इति तद्वचनैर्वैद्यौ—षधैरिव हृदि स्थितैः ॥
जीर्णज्वर इव क्षीण—स्तस्या रोषोंगशोषकः ॥ ४१ ॥

અર્થ:—એવી રીતે વૈદ્યના ઔષધસરખાં તેણીના વચનો કમલાના હૃદયમાં દાખલ થવાથી જીર્ણજ્વરનીપેઠે અંગને શોષનારો તેણીનો રોષ ક્ષીણ થયો. ॥ ૪૧ ॥

जगौ चैवं मया मात—र्न जातु त्वं विलंघ्यसे ॥

प्रमाणयिष्यते सर्वं । त्वत्संमतमतः परं ॥ ४२ ॥

અર્થ:—અને તેથી બોલી કે હે માતા! મેં કોઇપણ વખતે તારૂં વચન ઉલ્લંઘ્યું નથી, માટે હવેથી હું તારી સર્વસંમતિને પ્રમાણરૂપ ગણીશ. ॥ ૪૨ ॥

इति तद्वाक्यसिक्तस्य । धम्मिलस्यार्धवृद्धया ॥

पराभवभवस्ताप—व्यापः माप क्षयं क्षणात् ॥ ४३ ॥

અર્થ:—હવે તે અર્ધજરતી વિમલાએ તેણીના તે વચનથી સીંચેલા ધમ્મિલનો પરાભવથી ઉત્પન્ન થયેલો ખેદનો વિસ્તાર ક્ષણવારમાં ક્ષય પામ્યો. ॥ ૪૩ ॥

शांतं तस्य मनोदुःखं । शांता निःश्वासवायवः ॥

शांतं निद्राद्दशोर्वैरं । ततः शांतासुखं निशा ॥ ४४ ॥

અર્થ:—તેના મનનું દુઃખ શાંત થયું તેના નિસાસાના વાયુઓ શાંત થયા, નિદ્રા અને આંખોવચ્ચેનું વૈર શાંત થયું, અને તેથી સુખેસમાધે શાંતિપૂર્વક તેની રાત્રી નિર્ગમન થઇ. ॥ ૪૪ ॥

प्रातर्जातोदयस्यांशो—र्गभस्तिभिरनीयत ॥

धम्मिलस्यास्यकालिम्ना । समं संतमसं शमं ॥ ४५ ॥

અર્થ:—પછી પ્રભાતે ઉદય પામેલા સૂર્યના કિરણોવડે કરીને ધમ્મિલના ઝંખવાણાપણાની સાથે અંધકાર પણ નષ્ટ થયો. ॥ ૪૫ ॥

ततो गंगातरंगाभे । वसानो वाससी रसी ॥

स्वल्पहैमविभूषोंग—वर्णह्नुतिभयादिव ॥ ४६ ॥

અર્થ:—હવે ધમ્મિલે ઉત્સુક થઇને ગંગાના મોજાંસરખાં વસ્ત્ર પહેર્યાં, તથા શરીરના રંગના વિનાશના ભયથી જાણે હોય નહિ તેમ તેણે સૂવર્ણના થોડાં આભૂષણો પહેર્યાં. ॥ ૪૬ ॥

मूर्त्तेनेव प्रमोदेन । चंदनेनांचितोऽभितः ॥

पुष्पस्रग्भिः प्रियाप्रेम—पाशैरिव परिस्कृतः ॥ ४८ ॥

અર્થ:—તથા મૂર્તિવંત હર્ષવડે કરીને હોય નહિ તેમ ચોતરફ ચંદનવડે લીપ્ત થયલો, તથા પોતાની પ્રિયાના પ્રેમરૂપી પાશોવડે કરીને હોય નહિ તેમ પુષ્પમાલાઓથી વિભુષિત થયેલો, ॥ ૪૮ ॥

कमलाविमलालीढ—मारुह्य रथमश्लथं ॥
जगामाराममातन्वन् । स लोकनयनोत्सवं ॥ ४९ ॥

અર્થ:—એવો તે ધમ્મિલ કમલા અને વિમલાથી યુક્ત થયેલો વેગવાળા રથપર બેસીને લોકોની આંખોને આનંદ ઉપજાવતોથકો બગીચામાં ગયો. ॥ ૪૯ ॥

तदा तदाययुः खंड—मखंडद्युति मंडलाः ॥
कुमाराः सस्त्रियोऽन्येऽपि । सरतिस्मरविभ्रमा ॥ ५० ॥

અર્થ:—તે વખતે અવિચ્છિન્ન કાંતિમંડલવાળા તથા રતિસહિત કામદેવનો ભ્રમ ઉપજાવનારા બીજા કુમારો પણ પોતપોતાની સ્ત્રીઓસહિત તે બગીચામાં આવ્યા. ॥ ૫૦ ॥

सह भृत्यगणैः स्वैर—मैरावत इव द्विपैः ॥
अलंचक्रे वनं केलि—भाजनं राजनंदनः ॥ ५१ ॥

અર્થ:—પછી બીજા હાથીઓ સહિત જેમ ઐરાવત તેમ નોકરોના સમુહસહિત તે રાજકુમાર પણ પોતાની મેળેજ તે ક્રીડા કરવાલાયક વનમાં આવ્યો. ॥ ૫૧ ॥

समं मित्रैः कुमारेण । पुष्पावचयनादिकाः ॥
भरेणारेभिरे तत्र । का न काननकेलयः ॥ ५२ ॥

અર્થ:—ત્યાં તે રાજકુમારે પોતના મિત્રોસહિત આનંદથી પુષ્પો વીણવાં આદિક કઇ કઇ વનક્રીડા ન કરી? ॥ ૫૨ ॥

तद्भृत्यैर्मंडपस्तत्रा—स्त्रि ब्रह्मांडजित्वरः ॥
नैकचंद्रोदया यस्मिन् । व्यक्तमौक्तिकतारकाः ॥ ५३ ॥

અર્થ:—વળી ત્યાં તેના નોકરોએ બ્રહ્માંડને પણ જીતનારો એક મંડપ બનાવ્યો, કે જેમાં મોતીઓરૂપી તારાઓવાળા અનેક ચંદ્રવા શોભતા હતા. ॥ ૫૩ ॥

अशनावसरे श्रांतान् । सखीन् मंडपमीयुषः ॥
अबूभुजत्स भूजानि—र्निजान् जनितगौरवः ॥ ५४ ॥

અર્થ:—હવે થાકેલા તે પોતાના મિત્રો ભોજનસમયે જ્યારે તે મંડપમાં આવ્યા ત્યારે તે રાજકુમારે આદરમાનપૂર્વક તેઓને જમાડયા.

ते स्वादुभांजि भुंजाना । नाना भैक्ष्याणि मेनिरे ॥
सुधान् मुधा सुधास्वाद—सादरानपरानपि ॥ ५५ ॥

અર્થ:—તેઓ ત્યાં નાનાપ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન જમતાથકા અમૃતના સ્વાદમાં આદરવાળા બીજા દેવોને પણ તુચ્છ માનવા લાગ્યા.

मुग्धया स्निग्धया सार्धं । विदग्धं प्रियया सह ॥
धम्मिलं प्रेक्ष्य मूर्द्धानं । धुन्वन् दध्यौ धरेषभूः ॥ ५६ ॥

અર્થ:—મુગ્ધ તથા સ્નેહવાળી સ્ત્રીની સાથે રહેલા તે ચતુર ધમ્મિલને જોઇને તે રાજપુત્ર મસ્તક ધુણાવતોથકો વિચારવા લાગ્યો કે, ॥૫૬॥

वधूर्वैधुर्यमस्यापि । यदगद्यत कद्वदैः ॥
तज्जाने सुजनस्यापि । खलाः स्खलितकांक्षिणः ॥ ५७ ॥

અર્થ:—ચુગલખોરોએ આ ધમ્મિલની સ્ત્રીનું પણ જે વિધુરપણું મને જણાવ્યું છે, તેથી હું ધારૂં છું કે દુર્જનો સજ્જનોનું પણ બુરૂં કરવાની ઇચ્છાવાળા હોય છે. ॥ ૫૭ ॥

अनयोस्तादृशः प्रेम—बंधः श्लिष्टो विलोक्यते ॥
स्वरव्यंजनयोः संधौ । यादृग्लाक्षणिकैः कृतः ॥ ५८ ॥

અર્થ:—વ્યાકરણીઓએ સ્વર અને વ્યંજનની સંધીમાં જેવું જોડાણ કર્યું હોય તેવો આ બન્ને વચ્ચેનો પ્રેમબંધ જોડાયેલો દેખાય છે.

भोजनादनु सर्वेपि । स्वां स्वां पत्नीमनर्त्तयन् ॥
बेडामिवाब्धिकल्लोलाः । पटहध्वनिधारिणः ॥ ५९ ॥

અર્થ:—હવે ભોજનબાદ સમુદ્રનાં મોજાંઓ જેમ હોડીને તેમ તેઓ સઘલા મૃદંગ બજાવતાથકા પોતપોતાની સ્ત્રીને નચાવવા લાગ્યા.

कमलां नर्त्तयामास । धम्मिलोऽपि सुधीरधीः ॥
मृदंगध्वनिना गर्जन् । पर्यन्य इव केकिनीं ॥ ६० ॥

અર્થ:—પછી મેઘ જેમ મયુરીને તેમ મૃદંગના અવાજથી ગર્જના કરતા તે બુદ્ધિવાન ધમ્મિલે પણ કમલાને નચાવી. ॥ ૬૦ ॥

मृदंगरंगदं प्रेक्ष्य । प्रेयां समनुरागिणी ॥
भविष्यत्वमतीतानां । दिनानां कमलैहत ॥ ६१ ॥

અર્થ:—તે વખતે મૃદંગનો તાલ દેતા એવા પોતાના પ્રિયતમને જોઇને અનુરાગવાળી થયેલી કમલા ગયેલા દિવસોનો ભવિષ્યકાળ ઇચ્છવા લાગી. ॥ ૬૧ ॥

स्वच्छंदतालतामूलं । प्रतिकूलं गुरुष्वपि ॥
पौनःपौन्येन निंदंती । सा स्वमेवमचिंतयत् ॥ ६२ ॥

અર્થ:—સ્વચ્છંદીપણારૂપી લતાના મૂળસરખા તથા વડીલોપ્રતે પણ પ્રતિકુલ એવા પોતાના આત્માને ફરીફરીને નિંદતી એવી તે કમલા વિચારવા લાગી કે, ॥ ૬૨ ॥

वर्ण्योज्ज्वलगुणस्वर्ण—पूर्णेऽमुष्मिन् निधाविव ॥
हीनभाग्या व्यवाहार्षं । हा श्मशानघटीधिया ॥ ६३ ॥

અર્થ:—વખાણવાલાયક ઉજ્જ્વલ ગુણોરૂપી સ્વર્ણથી ભરેલા નિધાનસરખા આ ધમ્મિલ પ્રતે પણ મેં અભાગણીએ અરેરે! શ્મશાનની હાંડલીની બુદ્ધિપૂર્વક વ્યવહાર કર્યો. ॥ ૬૩ ॥

रक्षिताशेषविपदं । दत्तनिःकंपसंपदं ॥
अमुं कल्पद्रुमल्पद्रु—तुल्यमहमलंभयं ॥ ६४ ॥

અર્થ:—સર્વ આપદાઓથી રક્ષણ કરનાર તથા નિશ્ચલ સંપદા આપનારા એવા આ કલ્પવૃક્ષને મેં તુચ્છ વૃક્ષની બરોબર ગણ્યો.

किं भ्रांता किमु दिङ्मूढा । किं सोन्मादा किमुन्मदा ॥
अभूवं यददामत्र । चिंतारत्ने दृषद्दृशं ॥ ६५ ॥

અર્થ:—શું હું ભ્રમિત થઇ હતી? કે દિગ્મૂઢ બની હતી? કે ઉન્માદી થઇ હતી? કે મદોન્મત્ત થઇ હતી? કે આ ચિંતામણિ રત્નમાં પણ મેં પત્થરની દૃષ્ટિ ધારણ કરી! ॥ ૬૫ ॥

सरघावन्ममानेका—क्रोशदंशशतैरपि ॥
मशाद्रुरिव नाक्षुभ्यत् । सोऽयं जातु मनागपि ॥ ६६ ॥

અર્થ:—મધમાખની માફક મારાં અનેક આક્રોશોરૂપી સેંકડોગમે દંશોથી પણ મહાન વૃક્ષનીપેઠે આ ધમ્મિલ જરા પણ ક્ષોભ પામ્યો નથી. ॥ ૬૬ ॥

तृणदेऽपि पयोदाभि—स्तिरश्चीभिर्न मे तुला ॥
विषदाभिः पयोदेऽपि । भुजंगीभिस्तु सोचिता ॥ ६७ ॥

અર્થ:—ઘાસ દેનારપ્રતે પણ દૂધ આપનારી તિર્યંચીસાથે પણ મારી તુલના થઇ શકે તેમ નથી, પરતુ દૂધ દેનારને પણ ઝેર દેનારી નાગણીસાથે મારી તુલના કરવી ઉચિત છે. ॥ ૬૭ ॥

साध्यायंतीति सप्राणा । दृग्बाणान् विससर्ज तान् ॥
उपर्युपरि विद्धो यै—र्धैर्यप्राणान् मुमोच सः ॥ ६८ ॥

અર્થ:—એમ વિચારતીથકી તે પ્રેમાળ કમલા એવાં તો કટાક્ષોરૂપી બાણો ફેંકવા લાગી કે જેથી ઉપરાઉપર વીંધાયેલો તે ધમ્મિલ પોતાના ધૈર્યરૂપી પ્રાણોને છોડવા લાગ્યો. ॥ ૬૮ ॥

समग्रे सुहृदां वर्गे । स्वं स्वं मंदिरमीयुषि ॥
धम्मिलोऽपि निजं धाम । समं ताभ्यामभूषयत् ॥ ६९ ॥

અર્થ:—પછી સઘળો મિત્રવર્ગ જ્યારે પોતપોતાને ઘેર ગયો, ત્યારે ધમ્મિલ પણ તે બન્નેસહિત પોતાને ઘેર ગયો. ॥ ૬૯ ॥

प्रदीपसाक्षिकं सायं । कमलां परिणीय च ॥
भेजे विलासभवनं । नवसंगमरंगवान् ॥ ७० ॥

અર્થ:—સંધ્યાકાળે દીપકની સાક્ષીએ કમલાને પરણીને તે નવા સંગમના રંગવાળો ધમ્મિલ વિલાસભુવનમાં ગયો. ॥ ૭૦ ॥

पूर्वं हृदा ततो वाचा । कायेनापि ततस्तयोः ॥
तदानीमंतरं लग्नं ।प्रकृतिप्राणिनोरिव ॥ ७१ ॥

અર્થ:—તે વખતે ત્યાં પ્રથમ હૃદયથી પછી વચનથી તથા પછી કાયાથી તેઓ બન્નેનો પ્રકૃતિ અને પ્રાણીસરખો સંગમ થયો. ॥૭૧॥

अन्योऽन्याश्लेषहृल्लेखात्—त्रासिताशेषदुःखयोः ॥
ससाद्यामस्य जामित्वं । चतुर्यामापियामिनी ॥ ७२ ॥

અર્થ:—પરસ્પર આલિંગન કરવાથી હૃદયમાંથી સર્વ દુઃખો નાશ પામવાથી તેઓને ચાર પહોરની રાત્રિ પણ એક પહોરજેવડી લાગી.

मूर्त्यैव बिभ्रतोर्भेदं । हृदात्वेकत्वशालिनोः ॥
जग्मुः कतिचिदज्ञातो—दयास्ता दिवसास्तयोः ॥ ७३ ॥

અર્થ:—ફક્ત શરીરથીજ ભેદવાળા, પરંતુ હૃદયથી એકરૂપ થયેલા એવા તેઓ બન્ને ઉદયાસ્તના જ્ઞાનવિનાજ કેટલાક દિવસો પસાર થયા.

सोऽन्यदा प्रेमकलहे । कलहेमच्छविं प्रियां ॥
जगौ वसंततिलके । मा भूस्त्वमतिकोपना ॥ ७४ ॥

અર્થ:—હવે એક વખતે પ્રેમકલહને પ્રસંગે મનોહર સ્વર્ણસરખી કાંતિવાળી તે કમલાપ્રતે તેણે કહ્યું કે, અરે વસંતતિલકા! તું અતિ કોપાયમાન ન થા! ॥ ૭૪ ॥

वसंततिलकानाम । भूरिमन्युरमन्यत ॥
साक्षसादपि तद्विद्यु—द्गोलसंघट्टदुस्सहं ॥ ७५ ॥

અર્થ:—એવી રીતે (ધમ્મિલના મુખથી નિકળેલા) વસંતતિલકાના નામને અત્યંત ગુસ્સે થયેલી તે કમલા વિજળીનો ગોળો પડવાસરખું દુસ્સહ માનવા લાગી ॥ ૭૫ ॥

भर्तृरागः क्रुधोद्भूत—देहलोहित्यदंभतः ॥
बहिर्वासमदात्तस्या । निर्गच्छंश्चित्तपत्तनात् ॥ ७६ ॥

અર્થ:—ક્રોધથી ઉત્પન્ન થયેલી શરીરની લાલાશના મિષથી ભર્તારપરના રાગે તેણીના ચિત્તરૂપી નગરમાંથી નિકલીને બહાર પડાવ નાખ્યો. ॥ ७६ ॥

त्रोटयंती हृदो हारं । धुन्वती पाणिपल्लवं ॥
किरती रोषहुंकारान् । सोपालंभत धम्मिलं ॥ ७७ ॥

અર્થ:—પછી હૃદયમાંથી હારને તોડતીથકી તથા હાથરૂપી પલ્લવોને કંપાવતીથકી અને ક્રોધથી હુંકારા કરતીથકી તે ધમ્મિલને ઠપકો દેવા લાગી કે, ॥ ૭૭ ॥

चिरं स्वचित्तभूमौ या । त्वया धूर्त्त निधीयता ॥
तदाविःकरणे तेऽद्य । रसना पिशुनायते ॥ ७८ ॥

અર્થ:—અરે ! ધૂર્ત ! પોતાના ચિત્તરૂપી ભુમીમાં જેણીને તેં નિધાનનીપેઠે રાખી મેલી હતી, તેણીને પ્રગટ કરવામાં આજે તારી જીભેજ ચાડી ખાધી છે. ॥ ૭૮ ॥

यन्मया रमसे धूर्त्त । व्यवहारः स केवलं ॥
तत्वतो वसति स्वांते । वसंततिलका तव ॥ ७९ ॥

અર્થ:—વળી હે ધૂર્ત ! તું મારીસાથે જે રમે છે, તે તો કેવલ વ્યવહારમાત્રજ છે, પરંતુ તત્વથી તો તારા હૃદયમાં વસંતતિલકાજ વસી રહી છે. ॥ ૭૯ ॥

ज्ञातोऽसि हृदि तामेव । न्यस्य मां रमयन्नसि ॥
तदेवं भाससे यस्मा—दुद्गारो भक्तसंनिभ ॥ ७९ ॥

અર્થ:—હવે મને માલુમ પડયું કે હૃદયમાં તો તેણીનેજ ચિંતવીને તું મારીસાથે રમે છે, અને તેથીજ આમ બોલે છે, કેમકે ભોજનસરખો ઓટકાર આવે છે. ॥ ૭૯ ॥

वृथैव नार्यो निंद्यंते । ग्रंथकारैः पुरातनैः ॥
निंदार्हास्तु नरा एव । येषु युष्मादृशाः शठाः ॥ ८० ॥

અર્થ:—પુરાતન ગ્રંથકારો સ્ત્રીઓની ફોકટજ નિંદા કરે છે, નિંદવાલાયક તો પુરૂષોજ છે, કે જેઓમાં તારાજેવા લુચ્ચાઓનો સમાવેશ થાય છે. ॥ ૮૦ ॥

भजतामेव सुभगां । मया कितव किं तव ॥

इत्युक्त्वा यावकार्द्रेण सा पादेन जघान तं ॥ ८१ ॥

અર્થ:—માટે અરે લુચ્ચા ! તેજ સુભગાને હુવે તું ભજ ? મારી-સાથે તારે શું પ્રયોજન છે ? એમ કહીને અળતાથી ભીંજેલા પગવડે તેણીએ તેને લાત મારી. ॥ ८१ ॥

ये दृप्ता ये सदाचारा । ये च भारक्षमा भुवि ॥

स्त्रीभिस्तेऽप्यभिभूयंते । रश्मिभिर्वृषभा इव ॥ ८२ ॥

અર્થ:—જે પુરૂષો આ પૃથ્વીમાં અહુંકારી, સદાચારી તથા ભાર ઉપાડવામાટે પણ સમર્થ છે, તેઓ પણ દોરીઓથી જેમ બળદો તેમ સ્ત્રીઓથી પરાભવ પામે છે. ॥ ८२ ॥

महेला अवहीलंति । मार्दवभ्राजिनं जनं ॥

आरोहंति तरोर्मूर्ध्नि । पश्य वल्ल्यः क्षमाभुवः ॥ ८३ ॥

અર્થ:—કોમળતા ધરનારા પુરૂષને સ્ત્રીઓ પજવે છે, જુઓ કે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા (ક્ષમાવાળા) વૃક્ષના છેક મથાળાપર વેલ-ડીઓ ચડી જાય છે. ॥ ૮૩ ॥

वर्षंत्युग्रं बाणजातं । पार्ष्णिघातं प्रकुर्वती ॥

न चाटुभिरपि प्राप । शांतिं सारिचमूरिव ॥ ८४ ॥

અર્થ:—( દુર્વચનોરૂપી ) ભયંકર બાણોને વરસતી તથા પાટુ મારતી એવી શત્રુની સેનાનીપેઠે તે કમલા ધમ્મિલના કાલાવાલાથી પણ શાંત થઇ નહિ. ॥ ८४ ॥

निंदन्नामांतरोद्गार—व्यसनां रसनां निजां ॥

हसनंतः प्रियाधाष्टर्यं । गृहादथ स निर्ययौ ॥ ८५ ॥

અર્થ:—હુવે તે ધમ્મિલ બીજું નામ લેવાના વ્યસનવાળી પોતાની જીભને નિંદતોથકો તથા અંતઃકરણમાં સ્ત્રીની ધૃષ્ટતાને હુસતો થકો ઘરમાંથી નીકળી ગયો. ॥ ८५ ॥

नित्यमंतर्ज्वलत्कृष्णा—गुरुवासितदिग्गणं ॥

निशांते सोऽविशत्किंचि—न्नागौकः श्रीपथांतिके ॥ ८६ ॥

અર્થ:—હુમેશાં બળતા કૃષ્ણાગુરૂથી સુગંધી થયેલ દિશાસમુહવાળા અને રાજમાર્ગમાં રહેલા એવા કોઇક નાગદેવતાના મંદિરમાં તે પરોઢીયે દાખલ થયો. ॥ ८६ ॥

नागदेवं स वंदित्वा । निविष्टो विष्टरे पुरः ॥
अंतश्चित्तं प्रियावृत्तं । यावद्ध्यायन् स तिष्टति ॥ ८७ ॥

અર્થ:—પછી તે નાગદેવને વાંદિને અગાડી આસનપર બેશીને મનમાં સ્ત્રીનું આચરણ ચિંતવતોથકો જેવામા બેઠો છે તેવામાં, ॥૮૭॥

ससखीका कनी कापि । तावत्तत्रायया प्रगे ॥
बोधयंती स्मरं सुप्तं । यूनां पादांगदस्वनैः ॥ ८८ ॥

અર્થ:—પ્રભાતમાં ઝાંઝરના શબ્દોથી યુવાનોના સુતેલા કામદેવને ઉઠાડતીથકી કોઇક કન્યા સખીઓસહિત ત્યાં આવી. ॥ ૮૮ ॥

अनागा नागमभ्यर्च्य । सा यावद्योजितांजलिः ॥
वरदाहे वरं देहि । वरदेहविभासुरं ॥ ८९ ॥

અર્થ:—તે નિષ્કપટી કન્યા નાગને પૂજીને હાથ જોડી એવી રીતે માગવા લાગી કે હે વરદાન આપનારા નાગરાજ! મને તું ઉત્તમ શરીરથી દેદીપ્યમાન વર આપ? ॥ ૮૯ ॥

अथ तद्वीक्षणोत्पन्न—पाणिग्रहमहाग्रहः ॥
धम्मिलः प्राह कल्याणि । सिद्धास्तव मनोरथाः ॥ ९० ॥

અર્થ:—હવે તેણીને જોવાથી ઉત્પન્ન થયેલ છે વિવાહ કરવાનો મહાન આગ્રહ જેને એવો તે ધમ્મિલ બોલ્યો કે હે કલ્યાણિ! તારા મનોરથો તારે સિદ્ધ થયેલાજ સમજવા. ॥ ૯૦ ॥

पश्यंती चलितग्रीवं । सैकताना तमुत्तमं ॥
अमंस्त स्मचौरेण । ह्रियमाणं मनोऽपि न ॥ ॥ ९१ ॥

અર્થ:—ત્યારે પાછું વાળીને તે ઉત્તમ ધમ્મિલને એકી નજરે જોતી એવી તે કન્યા કામદેવરૂપી ચોરવડે હરાતાં (પોતાના) મનને પણ ન જાણવા લાગી. ॥ ૯૧ ॥

सोऽपि तां लोपिताशेष—सुरूपप्रमदामदां ॥
वीक्ष्यानल्पविकल्पाली—तल्पशिल्पित्वमाश्रयत् ॥ ९२ ॥

અર્થ:—તે ધમ્મિલ પણ લોપેલ છે સર્વ ઉત્તમરૂપવાળી સ્ત્રીઓનો મદ જેણીએ એવી તે કન્યાને જોઇને અનેક વિકલ્પોની શ્રેણિરૂપી શય્યાના શિલ્પિપણાનો આશ્રય કરવા લાગ્યો. ॥ ૯૨ ॥

अस्या वर्ष्मणि सौभाग्य—रूपस्नेहत्रिवेणिके ॥
तीर्थे निमज्ज्य मे युक्तं । भेजे दृगनिमेषतां ॥ ९३ ॥

અર્થ:—સૌભાગ્યરૂપ અને સ્નેહરૂપી ત્રિવેણીવાળાં આ કન્યાના શરીરરૂપી તીર્થમાં સ્નાન કરવાથી મારી દૃષ્ટિ જે અનિમેષપણાને પ્રાપ્ત થઇ તે યુક્તજ છે. ॥ ૯૩ ॥

**कमलायाः पदस्तस्य । भद्रं भवतु भूरिशः ॥**

**मया यदीयसंसर्ग—निर्गतेनेयमैक्ष्यत ॥ ९४ ॥**

અર્થ:—કમલાના તે પગનું પણ ઘણુંજ કલ્યાણ થાઓ ? કે જેના સંગથી નિકળેલા એવા મને આ કન્યા નજરે પડી. ॥ ૯૪ ॥

**तस्याः कोपोऽपि दृष्ट्यास्याः । स्पृहणीयो ममाभवत् ॥**

**घनवृष्ट्या निदाघस्य । लुकाकुल इवानिलः ॥ ९५ ॥**

અર્થ:—વળી જેમ લૂથી ભરેલો ઉનાળાનો વાયુ વરસાદ લાવવાથી મનગમતો નીવડે છે, તેમ તેણીનો ગુસ્સો પણ આને જોવાથી મને મનોવાંછિત આપનારો થયો. ॥ ૯૫ ॥

**कमला कुपितेयं च । दर्शिता विधिनैव मे ॥**

**सिचिसूचक एवालं । छिद्रपातनपूरणे ॥ ९६ ॥**

અર્થઃ—કમલા જો ગુસ્સે થઇ તો વિધાતાએ મને આને દેખાડી, માટે પડેલાં છિદ્રને સાંધવામાં સુયો સૂચવનારજ પ્રશંસનીય છે. ॥૯૬॥

**तां सोऽररिसदृक्पक्ष्म—पुटोद्घटनशालिना ॥**

**प्रवेश्य चक्षुर्द्वारेण । मनोवेश्मन्यवीविशत् ॥ ९७ ॥**

અર્થ:—અર્ગલાસરખી પાંપણોના ઉઘડવાથી ખુલ્લાં થયેલાં ચક્ષુરૂપી દ્વારવડે પ્રવેશ કરીને તે તેણીના મનરૂપી મંદિરમાં દાખલ થયો.

**बाला वौयत्यशालाथ । जगौ निर्व्याजगौरवा ॥**

**त्वं कः पंकजसन्नेत्र । कुतो वा समुपागमः ॥ ९८ ॥**

અર્થ:—હવે ઉછાંછલાપણાની શાલાસરખી અને નિષ્કપટ ગૌરવવાળી તે બાલિકા બોલી કે હે કમલાસરખાં લોચનવાળા તું કોણ છો ? તથા ક્યાંથી આવેલ છો ? ॥ ૯૮ ॥

**धम्मिलोऽहं समायातः । कुशाग्रपुरपत्तनात् ॥**

**त्वं च निर्वचने कासि । पृष्टे तेनेति सावदत् ॥ ९९ ॥**

અર્થ:— ( ત્યારે તે બોલ્યો કે ) મારૂં નામ ધમ્મિલ છે, તથા હું કુશાગ્રનગરથી આવ્યો છું. વળી હે નિષ્કપટી ! તું કોણ છે ? એમ તેને પૂછ્યાથી તે બોલી કે, ॥ ૯૯ ॥

आर्य पुर्यामिहैवास्ति । वास्तव्यः सव्यभूतिभूः ॥

सार्थवाहो नागवसु—र्नागश्रीस्तस्य वल्लभा ॥ ३१०० ॥

અર્થ:—હે આર્ય ! આજ નગરમાં ઘણી સમૃદ્ધિવાલો નાગવસુ નામે સાર્થવાહ રહે છે, તેની નાગશ્રી નામની સ્ત્રી છે. ॥ ૩૧૦૦ ॥

अंगजास्मि तयोरेषा । नागदत्तेति नामतः ॥

सदात्र नागमभ्यर्च्य । याचे श्रीपीवरं वरं ॥ १ ॥

અર્થ:—અને તેઓની આ હું નાગદત્તા નામની પુત્રી છું, તથા હમેશાં અહીં નાગદેવને પૂજીને ધનથી પુષ્ટ થયેલા વરની યાચના કરૂં છું. ॥ ૧ ॥

ददे देवेन तुष्टेना—धुना मम भवान् पतिः ॥

इत्युक्त्वा तां गतां गेह—मुवोष विरहानलः ॥ २ ॥

અર્થ:—આજે આ દેવે ખુશી થઇને મને તું સ્વામીતરીકે આપેલો છું, એમ કહી ઘેર ગયેલી એવી તેણીને વિરહાગ્નિ બાળવા લાગ્યો.

ततः सखीभ्यो विज्ञात—वृत्तांतौ पितरौ सुतां ॥

पर्यणाययतां तेन । महोत्सवपुरस्सरं ॥ ३ ॥

અર્થ—પછી તે વૃત્તાંત સખીઓપાસેથી જાણ્યાબાદ તેણીના માતપિતાએ પોતાની તે પુત્રીને મહોત્સવપૂર્વક ધમ્મિલસાથે પરણાવી.

अस्ति तत्र महीभर्तु—स्तनया कपिलाभिधा ॥

यस्या निर्व्याजमाजन्म । सौहृदं नागदत्तया ॥ ४ ॥

અર્થ:—હવે તે નગરના રાજાની કપિલા નામે પુત્રી છે, કે જેણીને છેક જન્મથી તે નાગદત્તાસાથે નિષ્કપટી મિત્રાઇ છે. ॥ ૪ ॥

शुश्राव सा वयस्यायाः । पाणिग्रहमहोत्सवं ॥

नारीहृत्तिमिबंधे च । धीवरं धीवरं वरं ( ? ) ॥ ५ ॥

અર્થ:—તેણીએ પોતાની તે સખીના વિવાહનો તથા સ્ત્રીઓના હૃદયરૂપી મત્સ્યને બાંધવામાં ધીવરસરખા અને ઉત્તમ બુદ્ધિવાલા એવા તેણીના સ્વામીનો વૃત્તાંત સાંભલ્યો. ॥ ૫ ॥

स एव मे वरो भूया—द्भूयस्या किं च चिंतया ॥

इति सा पितरौ प्रीता । स्वयंवरमयाचत् ॥ ६ ॥

અર્થ:—હવે મારો તેજ વર થાઓ ? ઘણી ચિંતાની શી જરૂર છે ? એમ વિચારીને તેણીએ ખુશી થઇને પોતાના માતપિતાપાસે સ્વયંવરની માગણી કરી. ॥ ૬ ॥

ततः पुत्र्यै कृते भृत्यैः । स्वयंवरणमंडपे ॥

क्षत्रेभ्यपुत्रानाहूय । नृपो मंचानभूषयत् ॥ ७ ॥

અર્થ:—પછી પુત્રીમાટે રાજાએ નોકરોમારફતે સ્વયંવર મંડપ રચાવ્યો, તથા ક્ષત્રી અને શાહુકારોના પુત્રોને બોલાવીને ત્યાં ખુરશીઓ શોભાવી. ॥ ૭ ॥

अतृप्तः स्त्रीषु भूयःश्रो—ष्विव भूपः शुभासने ॥

न्यषीदद्धम्मिलोऽप्येत्य । तत्र देवकुमारवत् ॥ ८ ॥

અર્થ:—ઘણાં ધનથી જેમ રાજા તેમ સ્ત્રીઓથી તૃપ્ત નહિ થયેલો એવો તે ધમ્મિલ પણ ત્યાં આવીને દેવકુમારનીપેઠે શુભ આસનપર બેઠો. ॥ ૮ ॥

तदा राजसुतारूढा । नृविमानममानरुक् ॥

वयस्याहस्तविन्यस्त—वरमालाविभूषणा ॥ ९ ॥

અર્થ:—ત્યારે તે અતિ કાંતિવાળી રાજપુત્રી પણ માણસોએ ઉંચકેલી પાલખીપર બેશીને તથા સખીના હાથમાં વરમાલા આપીને ત્યાં આવી. ॥ ૯ ॥

वर्ण्यमानं प्रतिहार्या—वगणय्य गणं नृणां ॥

वृत्तं प्राग्मनसा वव्रे । धम्मिलं वरमालया ॥ १० ॥

અર્થ:—પછી પ્રતિહારીથી વર્ણન કરાતા માણસોના સમુહની અવગણના કરીને પ્રથમજ મનથી વરેલા તે ધમ્મિલને વરમાલાથી તે વરી. ॥ ૧૦ ॥

महद्धर्या भूपतिः साक्षी—कृत्य स्वजनमंडलं ॥

तयोरचीकरच्चारु—पाणिग्रहमहोत्सवं ॥ ११ ॥

અર્થ:—પછી રાજાએ સ્વજનમંડલની સાક્ષીએ મોટી સમૃદ્ધિથી તેઓનો મનોહર વિવાહમહોત્સવ કર્યો. ॥ ૧૧

धम्मिले दृढसौहार्दे । भावुकत्वममन्यत ॥

रविसेनः सिताक्षोद—क्षेपं निष्पन्नपायसे ॥ १२ ॥

અર્થ:—દૃઢ મિત્રાઇવાળા ધમ્મિલના બનેવીપણાને રવિસેન તૈયાર થયેલા દુધપાકમાં સાકરના મેલાપસરખું માનવા લાગ્યો. ॥ ૧૨ ॥

इतश्च प्राणितप्राये । गते प्राणप्रिये गृहात् ॥

सा शून्यमिव मन्वाना । कमला शुचमादधौ ॥ १३ ॥

અર્થ:—હવે ઘરમાંથી પોતાના પ્રાણસમાન ભર્તારના ગયાબાદ તે કમલા સઘલું શૂન્યનીપેઠે માનતીથકી શોક કરવા લાગી. ॥૧૩॥

अतिचक्राम सा शेषं । निशः क्लेशेन भूयसा ॥

विरहव्यथिता बाला । श्रांतः पांथ इवाध्वनः ॥ १४ ॥

અર્થ:—માર્ગથી થાકેલા પંથીનીપેઠે વિરહથી દુઃખિત થયેલી તે બાલિકાએ રાત્રિનો બાકીનો ભાગ ઘણા કલેશથી વ્યતીત કર્યો.

गलदश्रुजलक्लिन्न—नयनांजनयोगतः ॥

मुखमालिन्यमभ्यस्तं । दधाना विललाप सा ॥ १५ ॥

અર્થ:—ગલતા અશ્રુજલથી ભીંજાએલી આંખોમાંથી નિકલતા અંજનના સંયોગથી શીખેલાં મુખમાલિન્યને ધારણ કરતીથકી તે વિલાપ કરવા લાગી કે, ॥ ૧૫ ॥

मया भग्नः सुधाकुंभो । मया दग्धः सुरद्रुमः ॥

मया च चूर्णितश्चिंता—मणिर्यत्प्रोषितः पतिः ॥ १६ ॥

અર્થ:—અરે ! મેં જે પતિનું અપમાન કર્યું તેથી મેં અમૃતનો કુંભ ભાંગી નાખ્યો, કલ્પવૃક્ષને બાળી મેલ્યો, તથા ચિંતામણિરત્નનો ચૂરો કરી નાખ્યો. ॥ ૧૬ ॥

यत्प्रसादाधमर्ण्यं न । शिरोदानेऽपि हीयते ॥

पदा पदातिवदहं । हहा नाथं तमस्पृशं ॥ १७ ॥

અર્થ:—જેની કૃપાના કરજથી મસ્તક દેતાં પણ હું છુટું નહિ તે પતિને પણ અરેરે ! મેં નોકરનીપેઠે પગથી સ્પર્શ કર્યો ! ॥ ૧૭ ॥

रुष्टा तुष्टा च जाताहं । स तु तुष्टः सदाभवत् ॥

रात्रिः श्वेता च कृष्णा च । दिवसस्त्वेकरूपभाक् ॥ १८ ॥

અર્થ:—અરે ! હું તો રોષવાળી પણ થઇ છુ, તેમ સંતોષવાળી પણ થઇ છું, પરંતુ તે તો હમેશાં મારાપર સંતુષ્ટ થયો છે, કેમકે રાત્રી તો શ્વેત તથા શ્યામ પણ હોય છે, પરંતુ દિવસ તો એકરૂપવાળોજ હોય છે. ॥ ૧૮ ॥

प्राग्बभूव नृषु द्वेषः । प्रिये कोपनता ततः ॥

ततो भर्तृवियोगश्च । धिग्मां दुःखमयीं सदा ॥ १९ ॥

અર્થ:—પ્રથમ તો મને પુરૂષોપ્રતે દ્વેષજ થયો હતો, અને પછી પ્રિયતમપ્રતે હું કોપાયમાન થઇ, અને પછી મને ભર્તારનો વિયોગ થયો, માટે સદાની દુઃખણી એવી મને ધિક્કાર છે. ॥ ૧૯ ॥

यद्दा संनिहितः सोऽभू—त्तदा दावायितं रुषा ॥
रोषे क्षीणे वियोगश्च । भर्तुः संवर्त्तकायते ॥ २० ॥

અર્થ:—જ્યારે તે મારી નજદીક હતો, ત્યારે ક્રોધથી હું દાવાનલસરખી થઇ પડી હતી, અને જ્યારે મારો ક્રોધ શાંત થયો ત્યારે સ્વામિનો આ વિયોગ વંટોળીયાસમાન થઇ પડયો છે. ॥ ૨૦ ॥

पादं छिनद्मि किं वाद्मि । विषं वाथ भजे चितां ॥
इति चिंताशताक्रांता । नैषीद् दुःखेन सा दिनान् ॥ २१ ॥

અર્થ:—શું આ મારો પગ હું કાપી નાખું ? અથવા ઝેર ખાઉં ? કે ચિતામાં બળી મરૂં ? એવી રીતે સેંકડોગમે ચિંતાઓથી દબાઇથકી તે દુઃખે દિવસો કહાડવા લાગી. ॥ ૨૧ ॥

अथ स क्ष्माप जामाता । सशृंगारं मतंगजं ॥
आरूढः पुरि बभ्राम । पौरश्रीवीक्षणोद्यमी ॥ २१ ॥

અર્થ:—હવે તે ધમ્મિલ રાજાનો જમાઇ થવાથી શણગારેલા હાથીપર ચડીને નગરના લોકોની શોભા જોવામાટે નગરમાં ભમવા લાગ્યો. ॥ ૨૨ ॥

कपिलाश्लिष्टवामांगो—ऽनुगतोऽनेकसेवकैः ॥
श्रीकरिनिकरग्रस्त—विश्ववैवस्वतातपः ॥ २३ ॥

અર્થ:—કપિલા તેને ડાબે પડખે બેઠી છે, અનેક સેવકો તેની પાછલ ચાલી રહ્યા છે, તથા છત્રોના સમુહથી સૂર્યનો સર્વ તાપ દૂર કરાયેલો છે. ॥ ૨૩ ॥

भूरिभूषणरुग्धाम । भ्रामयन् भामिनीमनः ॥
स संचरन् गृहद्वारं । कमलाया उपेयिवान् ॥ २४ ॥

અર્થ:—ઘણા આભૂષણોની કાંતિવાળો તથા સ્ત્રીઓના મનને ચલાયમાન કરતોથકો તે ધમ્મિલ ચાલતો ચાલતો કમલાના ઘરના દ્વારપાસે આવ્યો. ॥ ૨૪ ॥

तज्ज्ञात्वा त्वरितं स्नात्वा । दधाना शुद्धवाससी ॥
हस्तात्तवरभृंगारा । कमला निरगाद्गृहात् ॥ २५ ॥

અર્થ:—તે જાણીને તુરત સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો પહેરીને તથા હાથમાં ઉત્તમ ઝારી લેઇને કમલા ઘરમાંથી બહાર આવી. ॥ ૨૫ ॥

प्रदक्षिणय्य तं नाथं । दत्तार्घा सस्मितानना ॥
हस्तेनालंब्य सा निन्ये । धम्मिलेन निजांतिकं ॥ २६ ॥

અર્થ:—પછી પોતાના સ્વામીની પ્રદક્ષિણા દેઇને તેણીએ હસતે ચહેરે અર્ઘ્ય દીધું, ત્યારે ધમ્મિલે પણ તેણીને હાથ ઝાલીને પોતાનીપાસે લીધી. ॥ ૨૬ ॥

ततः प्राप्तनृपावासो । वधूत्रयसमन्वितः ॥
अभुनक्सततं सौख्य—मसौ क्षयपराङ्मुखं ॥ २७ ॥

અર્થ:—પછી રાજભુવનમાં જઇને તે ત્રણે સ્ત્રીઓસહિત હમેશાં તે અક્ષય સુખ ભોગવવા લાગ્યો. ॥ ૨૭ ॥

केनापि क्ष्मापतेः पर्ष—न्निषण्णस्यान्यदा हयः ॥
उच्चैरुच्चैःश्रवोगर्वं । खर्वयन् प्राभृतिकृतः ॥ २८ ॥

અર્થ:—હવે એક દિવસે સભામાં બેઠેલા રાજાને કોઇક માણસે ઈંદ્રના ઘોડાના ગર્વને પણ જીતનારો એક ઘોડો ઉંચેપ્રકારે ભેટ કર્યો.

विजितो येन वेगेन । सारंगः सारगाम्यपि ॥
सिषेवे वाहनत्वेन । रंहोऽध्येतुमिवानिलं ॥ २९ ॥

અર્થ:—ચપલ ગતિવાળો હરિણ પણ જેના વેગથી જીતાયોથકો જાણે વેગનો અભ્યાસ કરવામાટે હોય નહિ તેમ પવનનો વાહનરૂપ થઈને તેને સેવવા લાગ્યો. ॥ ૨૯ ॥

अनभ्यासवशान्मा मा—मेष जैषीत्तुरंगमः ॥
इतीव पवनो नित्य—गतित्वं प्रत्यपद्यत ॥ ३० ॥

અર્થ:—અભ્યાસવિના કદાચ મને આ ઘોડો જીતી ન જાય તો ઠીક, એમ વિચારીનેજ જાણે હોય નહિ તેમ પવને તો નિત્યગતિપણુંજ સ્વીકાર્યું છે. ॥ ૩૦ ॥

येन स्ववेगेन जितो गरुत्मा—नपि प्रपन्नः पुरुषं पुराणं ॥
प्रायो धियां धाम भवंति वृद्धा । इत्याशया बुद्धिमिव गृहीतुं ॥३१॥

અર્થ:—પ્રાયેં વૃદ્ધ મનુષ્યો બુદ્ધિના સ્થાનસરખા હોય છે, એવી આશાથી જાણે બુદ્ધિ લેવામાટે હોય નહિ તેમ તે ઘોડાના વેગથી જીતાયેલો ગરૂડ પણ પુરાણ પુરૂષ પાસે એટલે વિષ્ણુપાસે ગયો છે.

दत्तकुंकुमहस्तस्य । कृतनीराजनाविधेः ॥
अदीयतार्वतस्तस्य । पृष्टे पल्ययनं बुधैः ॥ ३२ ॥

અર્થ:—આપેલ છે કુંકુમના હાથા જેનાપર, તથા ઉતારેલ છે આરતી જેની એવા તે ઘોડાની પીઠપર ચતુર માણસોએ પલાણ નાખ્યું. ॥ ૩૨ ॥

वाहं वैहारिकं वेषं । दधानः क्ष्माभृदाज्ञया ॥

पुष्पापूरितधम्मिलो । धम्मिलोऽप्यारुरोह तं ॥ ३३ ॥

અર્થ:—હવે રાજાની આજ્ઞાથી મુસાફરનો વેષ ધારણ કરીને તથા પુષ્પોથી પોતાનો ચોટલો ગુંથીને તે ધમ્મિલ તે ઘોડાપર ચડયો. ॥૩૩॥

वाजी स वाजमव्याज—मारभ्य कशया हतः ॥

प्रखरस्वखुरक्षुण्णं । क्षोणेरप्यस्पृशन् रजः ॥ ३४ ॥

અર્થ:—પછી ચાબુક મારવાથી તે ઘોડા પ્રકટરીતે વાજમાં આવીને પોતાની કઠોર ખરીથી ઉખડેલી રજનો પણ સ્પર્શ નહિ કરતો થકો, ॥ ૩૪ ॥

त्वरयोत्तेरितां धारा—मधिरुढः स पंचमीं ॥

पश्यतोऽपि जनव्रातात् । क्षणाद् दूरीचकार तं ॥ ३५ ॥

અર્થ:—ઝડપથી જોરમાં આવેલી પાંચમી ધારાગતિને પ્રાપ્ત થયો-થકો જોતા એવા લોકોના સમુહથી તે ધમ્મિલને ક્ષણવારમાં દૂર લેઇ ગયો.

न स नागो महांगो वा । नाश्वो नाश्वतरश्च सः ॥

यस्तं जेतुमिवार्वंतं । धावंतमनुधावति ॥ ३६ ॥

અર્થ:—એવો કોઇ હાથી, ઉંટ, ઘોડો કે ખચર નહોતો કે જે તેને જીતવામાટે દોડતા એવા તે ઘોડાની પાછળ દોડી શકે. ॥ ૩૬ ॥

निखिलं क्ष्मातलं धारा—धिरूढमिव दर्शयन् ॥

अशरण्यामरण्यानी—मनयद्धम्मिलं हयः ॥ ३७ ॥

અર્થ:—સમસ્ત પૃથ્વીતલ જાણે તેની ગતિપર ચડયું હોય નહિ તેમ દેખાડતોથકો તે ઘોડો તે ધમ્મિલને એક નિરાધાર વનમાં લેઇ ગયો.

स्थितं तत्र नदीतीरे । स्वयं श्रांततया हयं ॥

स मृदौ भुवि निर्मुक्त—पर्याणं तमवेल्लयत् ॥ ३८ ॥

અર્થ:—પછી એક નદીકિનારે થાકીને પોતાની મેળેજ ઉભા રહેલા તે ઘોડાનું પલાણ ઉતારીને તેને કોમળ ભુમિપર તે ફેરવવા લાગ્યો.

परितः सरितं सूरा—ग्रणीः कनकवालुकां ॥

स भ्रमन्भ्रमुस्वामि—लीलया लंबितं तरौ ॥ ३९ ॥

निविष्टानेकरत्नौघ—करविच्छुरितत्सरुं ॥

वनश्रीवेणिसंकाशं । खड्गमेकमलोकत ॥ ४० ॥ युग्मं ॥

અર્થ:—પછી તે સુભટશિરોમણી ધમ્મિલે સોનેરી રેતીવાળી તે નદીની આસપાસ ઐરાવત હાથીનીપેઠે ભમતાંથકાં વૃક્ષપર લટકાવેલી, ॥ ૩૯ ॥ તથા જડેલા અનેક રત્નોના સમુહના કિરણોથી વૃક્ષને પણ તેજસ્વી કરનારી, અને વનલક્ષ્મીના ચોટલા સરખી એક તલવાર દીઠી. ॥ ૪૦ ॥

**कृपाणं पाणिनादाय । स कोशान्निरवासयत् ॥**

**वंशस्तंबे च तं तैक्ष्ण्य—परीक्षार्थमवाहयत् ॥ ४१ ॥**

અર્થ:—પછી તે તલવારને તેણે હાથમાં લેઇને મ્યાનમાંથી બહાર કહાડી, અને તેના તીક્ષ્ણપણાની પરીક્ષામાટે તેણે તેને વાંસોની ઝાડીપર ચલાવી જોઈ. ॥ ૪૧ ॥

**एकेनैव स घातेना—छिनत् षष्टिं तृणध्वजान् ॥**

**भेत्तुं सिंहस्य का वेला । करिकीकसपिंजरं ॥ ४२ ॥**

અર્થ:—ત્યારે એકજ ઘાથી તેણે સાઠ વાંસોને છેદી નાખ્યા; કેમકે સિંહને હાથીનું હાડપિંજર ભેદતાં કેટલી વાર લાગે ? ॥ ૪૨ ॥

**नुवन्नसेर्निशातत्वं । गणयंश्छिन्नकीचकान् ॥**

**प्रदक्षिणयन् वंशालीं । यावद्गंतुमियेष सः ॥ ४३ ॥**

અર્થ:—પછી તે તલવારના પાણીની પ્રશંસા કરતોથકો તથા છેદેલા વાંસોને ગણતોથકો તે વાંસોની ઝાડીની આસપાસ થઇને જેવામાં તે જવાની ઇચ્છા કરવા લાગ્યો, ॥ ૪૩ ॥

**नररुंडं पृथग्मुंडं । पतितं तावदैक्षत ॥**

**अंतर्वंशीकुडंगस्य । वह्निकुंडं च दीप्तिमत् ॥ ४४ ॥**

અર્થ:—તેવામાં તેણે છેદાઇને જુદા પડેલા મસ્તકવાલું એક માણસનું ધડ ત્યાં પડેલું જોયું, તેમ તે વાંસની ઝાડીની અંદર એક બળતો અગ્નિકુંડ પણ તેણે જોયો. ॥ ૪૪ ॥

**अहो मया नरः कोऽपि । तपस्यन् विजने वने ॥**

**द्विधापि कालरूपेण । खड्गेनानेन चिच्छिदे ॥ ४५ ॥**

અર્થ:—અરે ! મેં આ નિર્જન વનમાં તપ તપતા કોઇક પુરૂષને બન્ને પ્રકારે કાલરૂપ એવા આ ખડ્ગથી છેદી નાખ્યો ! ॥ ૪૫ ॥

**हहा मया नरममुं । निरागसमभिघ्नता ॥**

**मकरव्यालगृध्राणां । पंक्तौ स्वात्मा न्यवेशयत् ॥ ४६ ॥**

અર્થ—અરેરે ! આ નિરપરાધી માણસને મારીને મેં મારા આત્માને મગર, સર્પ તથા ગીધની પંક્તિમાં મેલ્યો ! ॥ ૪૬ ॥

किं तीक्ष्णत्वेन शस्त्रस्य । किं वा प्राणेन तेन मे ॥
यतो निर्मंतुजंतूनां । भवेदेवंविधो वधः ॥ ४७ ॥

અર્થ:—શસ્ત્રનું તે તીક્ષ્ણપણું પણ શું કામનું ? તથા મારા તે પ્રાણ પણ શું કામના ? કે જેથી આવી રીતનો નિરપરાધી પ્રાણીઓનો વધ થાય. ॥ ૪૭ ॥

निषिद्धोऽनर्थदंडोऽयं । गेहिनामर्हतोचितं ॥
यस्मान्नृघातजाता मे । कालिमाभवदाभवं ॥ ४८ ॥

અર્થ:—અરિહંતપ્રભુએ ગૃહસ્થીઓને જે આ અનર્થદંડ નિષેધ્યો છે તે ઉચિતજ છે, કેમકે આથી તો છેક જીવિતપર્યંત મારાપર માણસનું ખુન કરવાનું કલંક આવ્યું. ॥ ૪૮ ॥

इत्युल्लसत्कृपार्द्रेण । निंदन्नात्मानमात्मना ॥
गच्छन् पुरो निरैक्षिष्ट । वापीं तत्र महावने ॥ ४९ ॥

અર્થ:—એવી રીતે ઉલ્લાસાયમાન થયેલી દયાથી આર્દ્ર થયેલા આત્માથી પોતાને નિંદતાંથકાં તથા આગલ ચાલતાંથકાં તેણે તે મહાન જંગલમાં એક વાવ દીઠી. ॥ ૪૯ ॥

यदंतः स्वादुतां धत्ते । वारि विश्वातिशायिनीं ॥
पातालस्थसुधाकुंड—प्रत्यासत्त्येव संभृतं ॥ ५० ॥

અર્થ:—તે વાવમાં ભરેલું પાણી પાતાલમાં રહેલા અમૃતકુંડના સહવાસથી જાણે હોય નહિ તેમ લોકોત્તર સ્વાદને ધારણ કરતું હતું.

यद्यदानीयते पार्श्वे । तत्तदंतर्निरीक्ष्यते ॥
इति या सर्ववस्तूनां । दधात्याकारतामिव ॥ ५१ ॥

અર્થ:—જે જે તેની પાસે લાવવામાં આવતું હતું, તે તે અંદર દેખાતું હતું, અને એવી રીતે તે વાવ જાણે સર્વ વસ્તુઓનો આકાર ધારણ કરતી હતી. ॥ ૫૧ ॥

तत्तीरेऽपश्यदेकां स । कन्यां वापीमिवापरां ॥
स्मेरांभोजमुखीं भ्रांत—भ्रूलतां दृक्तरंगिणीं ॥ ५२ ॥

અર્થ:—તે વાવને કિનારે તેણે પ્રફુલ્લિત કમલસરખાં મુખવાળી, ચલાયમાન ભ્રૃકુટીરૂપી લતાવાળી તથા દૃષ્ટિરૂપી મોજાંઓવાળી જાણે બીજી વાવ હોય નહિ એવી એક કન્યાને દીઠી. ॥ ૫૨ ॥

किमियं जलदेवीति । तस्य चेतसि संशयं ॥

साभिनदूभुवि संक्रांतैः । पद्मभ्रांतिप्रदैः पदैः ॥ ५३ ॥

અર્થ:—શું આ જલદેવી હોશે? એવી રીતે તેના મનમાં ઉત્પન્ન થયેલા સંશયને તેણીએ કમલની ભ્રાંતિ ઉપજાવનારાં પૃથ્વીપર સંક્રાંત થયેલાં પોતાનાં પગલાંઓથી દૂર કર્યો. ॥ ૫૩ ॥

अभ्युपेत्य च सा तेने । तेनेत्यालापगोचरा ॥

श्रीविकासिनि कासि त्वं । कुतो वा किमिहागमः ॥ ५४ ॥

અર્થ:—પછી ધમ્મિલે પાસે જઇને તેણીને બોલાવી કે હે શોભાથી વિકસ્વર થયેલી! તું કોણ છું? અને કયાંથી અહીં આવી છું? ॥૫૪॥

सापि प्रीतिफलैर्नेत्र—जलैरर्घं वितन्वती ॥

खंडयंती गिरा खंड—रसं स्वं वृत्तमब्रवीत् ॥ ५५ ॥

અર્થ:—ત્યારે તે પણ પ્રીતિરૂપી ફલોથી તથા અશ્રુરૂપી જલથી તેની પૂજા કરતીથકી, અને વાણીથી ખાંડના રસને પણ જીતતીથકી પોતાનું વૃત્તાંત કહેવા લાગી કે, ॥ ૫૫ ॥

शृणु वैताढ्यनामास्ति । गिरिर्गौरतरद्युतिः ॥

भारतानां जिनेंद्राणां । यशःपुंज इवांगवान् ॥ ५६ ॥

અર્થ:—સાભળ? ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા જિનેંદ્રોનો જાણે દેહધારી યશનો સમુહ હોય નહિ એવો અતિશ્વેત કાંતિવાળો વૈતાઢય નામે પર્વત છે. ॥ ૫૬ ॥

नीलवृक्षाक्षरश्रेणि—रौप्यपत्रमिव ध्रुवं ॥

यो युगांतक्षणक्षीण—नरबीजाप्तये बभौ ॥ ५७ ॥

અર્થ:—લીલાં વૃક્ષોરૂપી અક્ષરોની શ્રેણિવાલું જાણે શાશ્વતું રૂપાનું પતરૂં હોય નહિ તેમ યુગાંતવખતે નષ્ટ થયેલા મનુષ્યરૂપી બીજની ઉત્પત્તિમાટે તે શોભતો હતો. ॥ ૫૭ ॥

मुख्योऽखिलेषु शैलेषु । भारतेषु बभार यः ॥

सिद्धस्यायतनं रत्न—किरीटमिव मूर्द्धनि ॥ ५८ ॥

અર્થ:—ભરતક્ષેત્રના સઘળા પર્વતોમાં મુખ્ય એવો તે પર્વત પોતાના મસ્તકપર રત્નના મુકુટનીપેઠે સિદ્ધાયતનને ધારણ કરતો હતો.

तत्रास्ति दक्षिणश्रेणेः । श्रियं विश्राणयत्पुरं ॥

सारं शंखपुरं शंख—सदृग्गुणजनव्रतं ॥ ५९ ॥

અર્થ:—ત્યાં દક્ષિણશ્રેણિની શોભાને ધારણ કરનારૂં તથા શંખસરખા ગુણવાળા માણસોના સમુહવાળું શંખપુર નામે મનોહર નગર છે. ॥ ૫૯ ॥

नराणां व्योमचाराणां । यत्सौधेषु ध्वजांचलैः ॥
वातोध्धूतैरयत्नेन । क्षीयते वर्त्मनः क्रमः ॥ ६० ॥

અર્થ:—તે નગરના મહેલોપર રહેલી અને વાયુથી ઉડતી ધ્વજાઓના છેડાઓથી આકાશગામી માણસોનો માર્ગનો થાક કંઇ પણ પ્રયાસવિના દૂર થાય છે. ॥ ૬૦ ॥

पाति पातकनिर्मुक्त—लोकमभ्युदयि जयि ॥
तत्पुरं पुरुषानंदो । भूपालो विजयी जयी ॥ ६१ ॥

અર્થ:—પાપરહિત લોકોવાળા અભ્યુદય તથા જયવાળા એવા તે નગરનું અભ્યુદય તથા જયવાળો પુરૂષાનંદ નામે રાજા રક્ષણ કરે છે.

समरे वैरिकाकोला । अरिष्टफलभोगिनः ॥
यस्यासिदंडमुद्गीर्णं । वीक्ष्याग्र्यं तत्यजुर्न के ॥ ६२ ॥

અર્થ:—રણસંગ્રામમાં દુ:ખરૂપી ફલ ભોગવનારા શત્રુઓરૂપી કયા કાગડાઓ તેની તલવારરૂપી દંડને ઉગામેલો જોઇને ન નાશી ગયા ?

श्यामलास्य प्रिया कामो—न्मत्तपुत्रो यथार्थकः ॥
विश्रुते द्वे सुते विद्यु—न्मती विद्युल्लता तथा ॥ ६३ ॥

અર્થ:—તેને શ્યામલાનામે રાણી હતી, તથા કામોન્મત્ત નામે યથાર્થ પુત્ર હતો, તેમજ વિદ્યુન્મતી અને વિદ્યુલ્લતા નામે બે પુત્રીઓ હતી. ॥ ૬૩ ॥

धर्मघोषयतिर्व्योम—गतिर्मुनिजनप्रियः ॥
मूर्तो धर्म इवाध्यस्त । तत्पुरोद्यानमन्यदा ॥ ६४ ॥

અર્થ:—એક દિવસે તે નગરના ઉદ્યાનમાં આકાશગામી તથા મુનિજનોમાં પ્રિય થયેલો જાણે દેહધારી ધર્મ હોય નહિ એવા ધર્મઘોષ નામે મુનિ પધાર્યા. ॥ ૬૪ ॥

मुनिं विवदिषुर्भूप—स्तत्रागात्सपरिच्छदः ॥
नत्वा नृपे निविष्टे च । विदधे देशनां मुनिः ॥ ६५ ॥

અર્થ:—તે મુનિને વાંદવાની ઇચ્છાથી રાજા ત્યાં પરિવારસહિત ગયો, તથા નમીને તે રાજા બેઠાબાદ મુનિ ધર્મદેશના દેવા લાગ્યા કે,

सदानंदमयीं मुक्ति—नगरीमाप्तुमुत्सुकाः ॥

लिलंघयिषवो यूयं । जना यदि भवाटवीं ॥ ६६ ॥

અર્થ:—હે લોકો ! જો તમો હમેશાં આનંદવાળી મુક્તિનગરીમાં જવાને ઉત્સુક થયા હો, તથા જો આ સંસારરૂપી વનને ઓલંગવાને ઇચ્છતા હો, ॥ ૬૬ ॥

दानशीलतपोभावै—श्चतुर्भिश्चरणैः श्रितं ॥

निषेधविधिसत्पार्श्वं—मत्पुरस्कृतवालधिं ॥ ६७ ॥

અર્થ:—તો દાન, શીલ, તપ અને ભાવરૂપી ચાર પગોવાળા, નિષેધ અને વિધિરૂપી બે પડખાંવાળી આગળ ધરેલી લગામવાળા,

वाग्रोधपट्टकाबद्ध—गुरुगंभीरतोदरं ॥

विवेकसुमहत्पृष्टं । विनयस्कंधबंधुरं ॥ ६८ ॥

અર્થ:—વચનગુપ્તિરૂપી તંગથી બાંધેલા મહાગંભીરતારૂપી ઉદરવાળા, વિવેકરૂપી મોટી પીઠવાળા, વિનયરૂપી સ્કંધથી શોભીતા થયેલા, ॥ ૬૮ ॥

मूलोत्तरगुणग्राम—स्फुरत्केसरमालिकं ॥

सम्यक्त्वशीर्षमुत्सर्गा—पवादश्रुतियामलं ॥ ६९ ॥

અર્થ:—મુલગુણ અને ઉત્તરગુણના સમુહરૂપી સ્ફુરાયમાન થયેલી કેશવાળીવાળા, સમ્યકત્વરૂપી મસ્તકવાળા, ઉત્સર્ગ અને અપવાદરૂપી બન્ને કર્ણોવાળા, ॥ ૬૯ ॥

निःसंगसंगतिप्रोथ—महिंसारसनोदयं ॥

प्रशांतिकविकाश्लिष्ट—क्षीणामिषतपोमुखं ॥ ७० ॥

અર્થ:—નિઃસંગતારૂપી જડબાંવાળા, અહિંસારૂપી જિહ્વાવાળા, શાંતિરૂપી ચોકડાંથી બાંધેલા માંસરહિત તપરૂપી મુખવાળા, ॥૭૦॥

वर्ण्यसाहससौवर्णा—भरणं तेजसोल्वणं ॥

सद्ध्यानबद्धपर्याणं । हृष्यत्स्वाध्यायहेषया ॥ ७१ ॥

અર્થ:—વખાણવાલાયક સાહસરૂપી સ્વર્ણના આભુષણવાળા, મહાતેજવાળા, સદ્ધ્યાનરૂપી બાંધેલા પર્યાણવાળા તથા સ્વાધ્યાયરૂપી હેષારવથી ખુશ થતા, ॥ ૭૧ ॥

भजध्वं श्रुतवल्गात—श्चरत्सरलवर्त्मनि ॥

गुरुराजार्पितं धर्म-हयरत्नं तदुत्तमं ॥ ७२ ॥ सप्तभिः कुलकं ॥

અર્થઃ—અને સિદ્ધાંતરૂપી લગામથી સરલ માર્ગે ચાલનારા ગુરૂ-મહારાજે આપેલા ધર્મરૂપી ઉત્તમ અશ્વરત્નનો તમો સ્વીકાર કરો !

इत्युदित्वा स्थिते साधौ । सभा सा धौतकल्मषा ॥
रराज वाहिनीपूर—प्लुता पुलिनभूरिव ॥ ७३ ॥

અર્થ:—એમ કહીને મુનિરાજ મૌન રહ્યાબાદ તે સભા પાપો ધોવાયાથી નદીના પૂરથી સાફ થયેલા નદીના તળીયાંની ભુમીસરખી શોભવા લાગી. ॥ ૭૩ ॥

पप्रच्छे भूपपत्न्याथ । सम्यग्ज्ञानघनो मुनिः ॥
अनयोर्मम नंदिन्योः । को भावी भगवन् प्रियः ॥ ७४ ॥

અર્થ:—હવે સમ્યગ્ જ્ઞાનરૂપી ધનવાલા તે મુનિને રાણીએ પૂછ્યું કે, હે ભગવન્ ! આ મારી બન્ને પુત્રીઓનો સ્વામી કોણ થશે ?

यः पुत्रहंता पुत्र्योस्ते । स प्रेयानिति साधुना ॥
प्रोक्ते सा रोषतोषाभ्या—माश्लिष्टा स्वगृहं ययौ ॥ ७५ ॥

અર્થ:—તારા પુત્રને જે મારશે તે તારી બન્ને પુત્રીઓનો સ્વામી થશે, એમ મુનિએ કહ્યાથી તે રોષ અને સંતોષ બન્નેથી વ્યાપ્ત થઇને પોતાને ઘેર ગઇ. ॥ ૭૫ ॥

कामोन्मत्तस्ततो विद्या—सिद्धये सोदरीयुतः ॥
अस्या एव तटे नद्या । वरं सौधं विनिर्ममे ॥ ७६ ॥

અર્થ:—પછી તે કામોન્મત્તે પોતાની બહેનો સહિત અહીં આવીને વિદ્યા સાધવામાટે આજ નદીને કિનારે એક મનોહર મહેલ બનાવ્યો.

मणिश्रेणिमयं पश्य । तदेतद् दृश्यते पुरः ॥
स्फुटं स्फटिककैलास—शिखरस्येव वर्णिका ॥ ७७ ॥

અર્થ:—સ્ફટિકમય કૈલાસપર્વતના શિખરના નમુનાસરખો અને મણિઓની પંક્તિઓવાલો તે આ મહેલ પ્રગટ રીતે અગાડીના ભાગમાં દેખાય છે તે તું જો ? ॥ ૭૭ ॥

मंत्रीभ्यखेचरक्ष्माप—वंश्याः षोडश कन्यकाः ॥
मेलयित्वात्र सश्रीका । विद्यादेवीरिवामुचत् ॥ ७८ ॥

અર્થ:—મંત્રી, શાહુકાર, વિદ્યાધર તથા રાજાના વંશમાં ઉત્પન્ન થયેલી તથા શોભાવાલી વિદ્યાદેવીસરખી સોલ કન્યાઓને એકઠી કરીને તેણે આ મહેલમાં રાખી છે. ॥ ૭૮ ॥

श्रीचंद्रा १ श्रीश्च २ गांधारी ३ । श्रीसोमा ४ च विचक्षणा ५ ॥

श्येना ६ विजया ७ सेना ८ च । श्रीदेवी ९ च सुमंगला १० ॥७९॥

અર્થ:—શ્રીચંદ્રા, શ્રી, ગાંધારી, શ્રીસોમા, વિચક્ષણા, શ્યેના, વિજયા, સેના, શ્રીદેવી, સુમંગલા, ॥ ૭૯ ॥

सोममित्रा ११ मित्रवती १२ । श्रीमती १३ च यशोमती १४ ॥

सुमित्रा १५ वसुमित्राहं १६ । मित्रसेनास्मि षोडशी ॥ ८० ॥

અર્થ:—સોમમિત્રા, મિત્રવતી, શ્રીમતી, યશોમતી, સુમિત્રા, વસુમિત્રા અને મિત્રસેના નામની હું શોલમી છું. ॥ ૮૦ ॥

सोऽत्रैव सरितस्तीरे । गहने वंशजालके ॥

धूमपानरतो विद्यां । साधयन्नस्ति खेचरः ॥ ८१ ॥

અર્થ:—વલી તે વિદ્યાધર અહીંજ નદીકિનારે વાંસની ઘાટી ઝાડીમાં ધૂમપાનમાં રક્ત થઇને વિદ્યા સાધે છે. ॥ ૮૧ ॥

तपसानेन सिद्धायां । विद्यायां परिणेष्यति ॥

सर्वा अपि स नो रूप—गर्वखर्वितमन्मथः ॥ ८२ ॥

અર્થ:—રૂપના ગર્વથી હરાવેલ છે કામદેવને જેણે એવો તે વિદ્યાધર આ તપથી વિદ્યા સીધ્યાબાદ અમો સર્વને પરણશે. ॥૮૨॥

त्वदग्रे यन्मयाजल्पि । नेदं स्वमतिकल्पितं ॥

किंतु गोष्टीरसे सर्वं । तथ्यं मया न्यगद्यत ॥ ८३ ॥

અર્થ:—વલી તારીપાસે જે હું આ બોલી છું તે કંઈ મારી મતિકલ્પનાથી બોલી નથી, પરંતુ વાતના રસમાં મેં સઘલું સાચુંજ કહ્યું છે. ॥ ૮૩ ॥

तत् श्रुत्वा धम्मिलो दध्यौ । नूनमेष स खेचरः ॥

यो मया चिच्छिदे लीनो । वंशांतर्वंशलीलया ॥ ८४ ॥

અર્થ:—તે સાંભલીને ધમ્મિલે વિચાર્યું કે મેં વાંસની ક્રીડાથી વાંસની ઝાડીમાં ગુપ્તપણે રહેલા જે પુરૂષને માર્યો છે, તેજ આ વિદ્યાધર છે. ॥ ૮૪ ॥

हहा दुष्टद्विपेनेव । स मया खड्गशुंडया ॥

पक्षिणीनामिवैतासां । भिन्नो विश्रामपादपः ॥ ८५ ॥

અર્થ:—અરેરે ! દુષ્ટ હાથીનીપેઠે ખડ્ગરૂપી સુંઢથી પક્ષિણીઓસરખી આ સ્ત્રીઓનો વિશ્રામવૃક્ષ મેં ભાંગી નાખ્યો છે ! ॥ ૮૫ ॥

उदिते प्राक्प्रिये मेघे । मोघिते मरुता मया ॥
विलापिन्यः कलापिन्य । इव स्थास्यंत्यमूः कथं ॥ ८६ ॥

અર્થ:—આ સ્ત્રીઓના સ્વામીરૂપી મેઘને ઉદય પામતાંજ પવન-નીપેઠે મેં નષ્ટ કર્યાથી મયૂરીઓનીપેઠે વિલાપ કરનારી આ સ્ત્રીઓના હવે શું હાલ થશે? ॥ ૮૬ ॥

विमृश्येति शनैर्बिभ्य—दिव प्रोवाच धम्मिलः ॥
भद्रे तद्घातपापेन । सोऽयं लिप्तोऽस्ति मानवः ॥ ८७ ॥

અર્થ:—એમ વિચારીને બીકણનીપેઠે તે ધમ્મિલ ધીમેથી બોલ્યો કે, હે ભદ્રે! તે વિદ્યાધરના ઘાતના પાપથી આ માણસ વ્યાપ્ત થયો છે.

ततः सा शिरसः कंपा—द्व्यंजयंती मनःशुचं ॥
गद्गदं न्यगदन्नूनं । बलिनी भवितव्यता ॥ ८८ ॥

અર્થ:—ત્યારે મસ્તક ધૂણાવવાથી મનનો શોક પ્રગટ કરતીથકી તે કન્યા ગદ્‌ગદકંઠે બોલી કે ખરેખર ભવિતવ્યતા બલવાન છે. ॥૮૮॥

धम्मिलोऽभिदधे बाले । किमेवं खिद्यसे वृथा ॥
दैवायत्ताः यतः कार्य—सिद्धिः किं तत्र शोचनैः ॥ ८९ ॥

અર્થ:—ત્યારે ધમ્મિલ બોલ્યો કે હે બાલિકા! હવે તું ફોકટ શામાટે ખેદ પામે છે? કેમકે કાર્યની સિદ્ધિ દૈવાધીન છે, તેમાં શોક કરવાથી શું થવાનું છે? ॥ ૮૯ ॥

साह साहसिकोत्तंस । न मे दुःखं मनागपि ॥
चलत्यचलचूलेव । किं वाणी ज्ञानिनो मुनेः ॥ ९० ॥

અર્થ:—ત્યારે તે કન્યા બોલી કે હે સાહસિકશિરોમણિ! મને તો હવે જરા પણ દુઃખ નથી, કેમકે પર્વતના શિખરનીપેઠે શું જ્ઞાની મુનિની વાણી ચલાયમાન થાય છે? ॥ ૯૦ ॥

यावदेतद्भवद्वृत्तं । खेचर्योर्ज्ञापयाम्यहं ॥
तावदत्र प्रतीक्षेथाः । सौधमूर्द्धनि बद्धदृक् ॥ ९१ ॥

અર્થ:—હવે હું જેટલામાં આ તારૂં વૃત્તાંત તેની બન્ને વિદ્યાધરી-બહેનોને જણાવું ત્યાંસુધી તારે આ મહેલની ટોચપર દૃષ્ટિ રાખીને અહીં રાહ જોઇ બેશવું. ॥ ૯૧ ॥

भोत्स्ये रागं मुनिप्रोक्त—प्रियप्राप्त्या तयोर्यदि ॥
रोपयिष्ये पताकां त—द्रक्तां सौधस्य मूर्द्धनि ॥ ९२ ॥

અર્થ:—મુનિએ કહેલા સ્વામીની પ્રાપ્તિથી જો હું તેઓને ખુશી થયેલી જોઇશ તો આ મહેલના શિખરપર હું લાલ રંગની ધજા ચડાવીશ. ॥ ૯૨ ॥

विरागश्चेत्तयोर्भावी । तदा श्वेतां च तामिति ॥
वदंती सा विवेशांतः । प्रासादं सादरैः पदैः ॥ ९३ ॥

અર્થ:—અને જો તેઓ નાખુશ થશે તો હું ત્યાં શ્વેતરંગની ધજા ચડાવીશ, એમ કહીને તે આદરયુક્ત પગલાંઓથી મહેલની અંદર દાખલ થઇ. ॥ ૯૩ ॥

स चातक इवोत्पश्यो—ऽपश्यत्सौधाग्रलंबितां ॥
सितां पताकां वैराग्य—वार्द्धिफेनच्छटामिव ॥ ९४ ॥

અર્થ:—પછી તે ધમ્મિલ ચાતકનીપેઠે ઉંચું જોતો રહ્યો, એવામા તેણે તેઓની નાખુશીરૂપી સમુદ્રના ફીણની છટાસરખી મહેલની ટોંચપર સફેદ ધજાને લટકેલી જોઇ. ॥ ૯૪ ॥

नूनं मयि विरक्ते ते । खेचर्यौ बंधुहंतरि ॥
इत्यसौ शशवद्वृक्षां—तरितः प्रपलायितः ॥ ९५ ॥

અર્થ:—ખરેખર તે બન્ને વિદ્યાધરીઓ પોતાના ભાઇને મારનાર એવા મારાપ્રતે નાખુશ થયેલી છે, એમ વિચારીને તે ધમ્મિલ સસ-લાનીપેઠે વૃક્ષોપાછળ છુપાતો છુપાતો ત્યાંથી નાશી ગયો. ॥ ૯૫ ॥

मा ग्लायतमियं वेला । युवयोश्चिरलालितौ ॥
कंटकादिव्यथा चिंत्या । समये नाधुना पुनः ॥ ९६ ॥

અર્થ:—હે ઘણા કાલસુધી લાડ લડાવેલા પગો ! તમારો આ અવસર છે, માટે તમો થાકશો નહિ, તેમ વળી આ સમયે તમારે કાંટા-આદિકની વેદનાનો પણ વિચાર કરવો નહિ. ॥ ૯૬ ॥

एवं प्रसादयन् पादौ । तद्बलात्त्यक्तभूरिभूः ॥
मुक्त्वाश्वं जीवमादाय । ययौ कंचन कर्बटं ॥ ९७ ॥

અર્થ:—એવી રીતે પગોને હિમ્મત આપતોથકો તેના બળથી ઘણી ભુમિ ઓળંગીને, ઘોડાને પણ તજીને ફક્ત જીવ લેઇને તે કોઇક ગામડામાં ગયો. ॥ ૯૭ ॥

स्थितैः शैलांतरंत्यप्रा—ग्यामाद्धीदृष्टभास्करे ॥
शर्वरीणां त्रियामत्वं । जगृहे यत्र वासरैः ॥ ९८ ॥

અર્થઃ—પર્વતોની વચ્ચે રહેલા તથા છેલા અને પહેલા અરધા અરધા પહોરસુધી જ્યાં સૂર્ય દેખાતો નથી, એવા તે ગામમાં રહેલા દિવસોએ રાત્રિઓનું ત્રિયામપણું ગ્રહણ કર્યું હતું. ॥ ૯૮ ॥

**चंपेशकपिलाख्यस्य । भ्राता रोषेण निर्गतः ॥**

**विदधे वसुदत्तोऽत्र । वासं वसुमतीप्रियः ॥ ९९ ॥**

અર્થઃ—તે ગામમાં ચંપાનગરીના કપિલ નામના રાજાનો વસુદત્ત નામે ભાઇ રીસાઇ નીકલીને રાજા થઇ રહ્યો હતો. ॥ ૯૯ ॥

**तारुण्ये तद्भुवः पद्मा—वत्यास्त्वग्व्याधिना वपुः ॥**

**बबाधे विद्युतो दीप्त्या । फलकाले तिलो यथा ॥ ३२०० ॥**

અર્થઃ—તલનો રોપો ફળસમયે વીજળીના તેજથી જેમ બાધા પામે છે, તેમ તેની પુત્રી પદ્માવતીનું શરીર યુવાવસ્થામાં પણ કુષ્ટરોગથી બાધિત થયું હતું. ॥ ૩૨૦૦ ॥

**प्रविशंस्तत्र दृष्ट्वासौ । कांचिच्छूलकुलां स्त्रियं ॥**

**व्यथामूलं विदन् योग्य—भेषजैस्तामसज्जयत् ॥ १ ॥**

અર્થઃ—હવે તે ગામમાં પ્રવેશ કરતાંજ તેણે કોઇક શૂલરોગથી પીડાતી સ્રીને જોઇ, ત્યારે તેના દુઃખનું કારણ જાણીને ધમ્મિલે તેણીને યોગ્ય ઔષધથી સાજી કરી. ॥ ૧ ॥

**एतज्जनेभ्यो विज्ञाय । विज्ञानन्यायशालिने ॥**

**गृहमानायितायास्मै । बहुमानं ददौ नृपः ॥ २ ॥**

અર્થઃ—આ વૃત્તાંત લોકોના મુખથી રાજાએ જાણીને વિજ્ઞાન અને ન્યાયથી શોભતા તે ધમ્મિલને ઘેર બોલાવીને ઘણું આદરમાન દીધું.

**स कुष्टप्लुष्टलावण्यां । तस्मै कन्यामदर्शयत् ॥**

**स प्राह मम रोगोऽयं । साध्योंभस इवानलः ॥ ३ ॥**

અર્થઃ—પછી તેણે તેને કુષ્ટથી લાવણ્યરહિત થયેલી તે કન્યા દેખાડી, ત્યારે ધમ્મિલ બોલ્યો કે જલથી જેમ અગ્નિ તેમ આ રોગને હું દૂર કરી શકીશ. ॥ ૩ ॥

**शुभेऽहनि समारेभे । स तद्रोगप्रतिक्रियां ॥**

**तया सिध्म शनैः शांतं । विद्ययेवाहिनो विषं ॥ ४ ॥**

અર્થઃ—પછી શુભ દિવસે તેણે તે રોગનો ઉપચાર કરવા માંડયો, અને તેથી વિદ્યાથી જેમ સર્પનું ઝેર તેમ તેણીનો તે કુષ્ટ રોગ ધીમે ધીમે શાંત થયો. ॥ ૪ ॥

सम्यक्कलावते तस्मै । राज्ञा हारलतेव सा ॥

मुक्तामयवपुः पारि—तोषिकस्य पदे ददे ॥ ५ ॥

અર્થ:—પછી રાજાએ રોગરહિત શરીરવાળી તે કન્યાને હારલ- તાનીપેઠે તે ઉત્તમ કલાવાન ધમ્મિલને ઈનામતરીકે આપી. ॥ ૫ ॥

भूभुजान्येद्युरादेशि । न तं पश्यामि कंचन ॥

कपिलेन समं राज्ञा । यः संधिं कुरुते मम ॥ ६ ॥

અર્થ:—પછી એક દિવસે તે રાજા બોલ્યો કે એવો કોઇ પણ માણસ મારા જોવામાં નથી આવતો કે જે કપિલરાજાસાથે મારી સંધી કરાવે. ॥ ૬ ॥

प्राज्याः प्रीतिभिदः संति । केऽपि प्रीतिकरा अपि ॥

भग्नां संदधति प्रीतिं । ये स्वल्पा जगतीह ते ॥ ७ ॥

અર્થ:—પ્રીતિનો ભંગ કરાવનારા ઘણા હોય છે, તેમ કેટલાક પ્રીતિ કરાવનારા પણ હોય છે, પરંતુ જે ભાંગેલી પ્રીતિને સાંધી શકે, એવા આ જગતમાં વિરલાજ હોય છે. ॥ ૭ ॥

गुरुरस्ति कविश्चास्ति । संति व्योम्नि कवीश्वराः ॥

एतेषु कोऽपि संधत्तां । बुधेंदू शनिभास्करौ ॥ ८ ॥

અર્થ:—આકાશમાં ગુરૂ છે, કવિ ( શુક્ર ) છે, અને કવીશ્વરો પણ છે, પરંતુ એમાનો કોઇ બુધ અને ચંદ્રવચ્ચે, તથા શનિ અને સૂર્ય- વચ્ચે સંધિ કરાવનાર નથી. ॥ ૮ ॥

गोत्रप्रभव रंगाढ्य । शुभ्रवर्णक चूर्णक ॥

त्वां विना कोऽपि संधातुं । नेष्टे जर्जरितं गृहं ॥ ९ ॥

અર્થ:—માટે હે ઉત્તમ ગોત્રવાળા ! ( પર્વતમાંથી ઉત્પન્ન થયેલા ) રંગવાળા, તથા સફેદ વર્ણવાળા ચુનાસમાન ધમ્મિલ ! તારાવિના આ જીર્ણ થયેલાં ઘરને સાંધવાને કોઇ સમર્થ નથી. ॥ ૯ ॥

उभे स्वभावतो भिन्ने । संधातुं वस्त्रकर्णिके ॥

त्वमेव सूचि शक्तासि । गुणसंग्रहशालिनी ॥ १० ॥

અર્થ:—સ્વભાવથીજ ભિન્ન એવા વસ્ત્રના બન્ને પોતાને સાંધવાને હે સોઈ! દોરો ગ્રહણ કરવાથી શોભીતી એવી તુંજ સમર્થ છો.

वसुदत्ते वदत्येवं । धम्मिलेनाभ्यधीयत ॥

मामादिश यथा कुर्वे । संधिकार्यमिदं तव ॥ ११ ॥

અર્થ:—એવી રીતે વસુદત્ત રાજાએ કહ્યાથી ધમ્મિલ્લ બોલ્યો કે, હે રાજન્! આપ મને હુકમ ફરમાવો ? કે જેથી તમારૂં આ સંધિ-કાર્ય હું કરી આપું. ॥ ૧૧ ॥

अथासौ पार्थिवाज्ञातः । संजातशकुनोऽचलत् ॥

चंपांप्रति प्रियावक्त्रा—लोकनोत्सुकलोचनः ॥ १२ ॥

અર્થ:—પછી રાજાએ આજ્ઞા આપવાથી શુભ શકુન થયે છતે પોતાની સ્ત્રીનું મુખ જોવાને ઉત્સુક નેત્રોવાળો ધમ્મિલ્લ ચંપાનગરીપ્રતે ચાલતો થયો. ॥ ૧૨ ॥

निघ्नन् मार्गस्य दीर्घत्वं । प्रस्थानैरनवस्थितैः ॥

प्राप चंपामयं पाप—कर्मनिर्मुक्तनागरां ॥ १३ ॥

અર્થ:—અવિચ્છિન્ન પ્રયાણોથી માર્ગની લંબાઇ દૂર કરતોથકો પાપકર્મવિનાના લોકોવાળી ચંપાનગરીમાં તે પહોંચ્યો. ॥ ૧૩ ॥

प्रविष्टोंतर्ददर्शासौ । स्वस्वरक्षपरायणान् ॥

समुत्पिंजतया लोकान् । धावमानानितस्ततः ॥ १४ ॥

અર્થ:—જેવામાં તે નગરની અંદર દાખલ થયો તેવામાં તેણે ભયથી પોતપોતાનું રક્ષણ કરવામાં તત્પર તથા આમતેમ દોડતા લોકોને ત્યાં જોયા. ॥ ૧૪ ॥

किं दवः किं परानीको—पप्लवः किं सरित्प्लवः ॥

पौरक्षोभकृदेवं सो—ऽप्राक्षीत्कंचिद्विचक्षणं ॥ १५ ॥

અર્થ:—નગરના લોકોને ભય ઉપજાવનારો શું દાવાનલ લાગ્યો છે ? કે શત્રુના સૈન્યનો ઉપદ્રવ થયો છે ? કે નદીનું પૂર આવ્યું છે ? એમ તેણે કોઇક વિચક્ષણ માણસને પૂછ્યું. ॥ ૧૫ ॥

सोऽभ्यधाद्भद्र पट्टेभो । भूपस्याद्य स्फुरन्मदः ॥

व्यसनीव श्रुतध्यान—मालानमुदमूलयत् ॥ १६ ॥

અર્થ:—ત્યારે તે બોલ્યો કે હે ભદ્ર ! આજે રાજાના પટ્ટહસ્તીએ મદોન્મત્ત થઇને, વ્યસની માણસ જેમ શ્રુતધ્યાનને તેમ આલાનસ્તં-ભને ઉખેડી નાખ્યો છે. ॥ ૧૬ ॥

स भ्रमन् पातयन् गेहान् । भापयन् सुभटानपि ॥

पुरमक्षोभयन्न्यक्षं । प्राचीवायुरिवांबुधिं ॥ १७ ॥

અર્થ:—તે હાથીએ ભમતાંથકાં, ઘરોને પાડતાંથકાં તથા સુભટોને પણ ડરાવતાંથકાં પૂર્વનો વાયુ જેમ સમુદ્રને તેમ એકદમ નગરને ક્ષોભિત કર્યું છે. ॥ ૧૭ ॥

श्रुत्वेति निर्भयं गच्छ-न्नतुच्छं मंडपं पुरः ॥
विभूषाभाजनजन—व्रातसंकुलमैक्षत ॥ १८ ॥

અર્થ:—તે સાંભલીને નિર્ભયપણે જાતાંથકાં તેણે અગાડીના ભાગમાં વિભુષિત માણસોના સમુહથી ભરેલો એક મંડપ જોયો.

जनव्रातः किमेतावान् । मिलितोऽत्रेति सादरं ॥
तेन पृष्टः समाचष्ट । कोऽपि स्पष्टाक्षरां गिरं ॥ १९ ॥

અર્થ:—અહીં આટલોબધો લોકોનો સમુહ કેમ એકઠો થયો છે? એમ તેણે આદરસહિત પૂછયાથી કોઇએ પ્રગટરીતે તેને કહ્યું કે,

अत्रेंद्रदत्तसार्थेश—सूनुः सागरदत्तकः ॥
लेभे दिशामधिष्टात्री—रिवाष्टौ कुलजाः कनीः ॥ २० ॥

અર્થ:—અહીં ઇંદ્રદત્ત નામના સાર્થપતિના સાગરદત્ત નામના પુત્રે દિશાઓની અધિષ્ટાયિકાસરખી આઠ કુલવાન કન્યાઓ મેલવી છે.

कुमुदा कुमुदानंदा । धनश्रीर्वसुमत्यपि ॥
पद्मश्रीर्विमला देव—कीत्यासां क्रमतोऽभिधाः ॥ २१ ॥

અર્થ:—તેઓના અનુક્રમે કુમુદા, કુમુદાનંદા, ધનશ્રી, વસુમતી, પદ્મશ્રી, વિમલા તથા દેવકી નામો છે. ॥ ૨૧ ॥

युगपत्परिणेतुं ता । इहायातोऽस्ति सागरः ॥
समं स्वजनवर्गेण । तेनायं लोकमेलकः ॥ २२ ॥

અર્થ:—તેઓને એકીહારે પરણુવા માટે અહીં તે સાગરદત્ત સ્વજનપરિવારસહિત આવેલો છે, અને તેથી તે લોકોનો આ મેલાવડો થયો છે. ॥ ૨૨ ॥

तयोर्वार्त्तयतोरेव—मितरेतरमाययौ ॥
तत्रैव स द्विपो दाव । इव केनाप्यवारितः ॥ २३ ॥

અર્થ:—એવી રીતે તેઓ બન્ને જેવામાં પરસ્પર વાર્તાલાપ કરે છે, તેવામાં કોઇથી પણ ન અટકાવી શકાય એવા દાવાનલનીપેઠે તે હાથી ત્યાંજ આવી પહોંચ્યો. ॥ ૨૩ ॥

तं समायातमालोक्य । मुक्तपाणिगृहस्पृहः ॥
वरः परिजनैः साकं । साकंपः मपलायितः ॥ २४ ॥

અર્થ:—તેને આવેલો જોઇને તે વરરાજા તો પરણવાની ઇચ્છા છોડીને કંપતોથકો પરિવારસહિત ત્યાંથી નાશી ગયો. ॥ ૨૪ ॥

नश्यता मंक्षु तास्तेन । बाला नालापिता अपि ॥
स्वार्थभ्रंशे समुत्पन्ने । कोऽपि कस्यापि न प्रियः ॥ २५ ॥

અર્થ:—એકદમ નાશતા એવા તેણે તે કન્યાઓને બોલાવી પણ નહિ, કેમકે સ્વાર્થના નાશવખતે કોઇ કોઇને પ્રિય થતો નથી. ॥૨૫॥

किं कर्त्तव्यजडत्वेन । प्रयाणारूढजीविताः ॥
अशरण्या अचैतन्याः । कन्यास्तत्रैव ताः स्थिताः ॥ २६ ॥

અર્થ:—હવે શું કરવું ? એમ મૂઢ બનીને તે જીવસટોસટને વખતે આધારવિનાની તે કન્યાઓ બેભાન થઇને ત્યાંજ ઉભી રહી. ॥૨૬॥

यावत्कमलिनीमर्दं । ता मृद्गाति मतंगजः ॥
तावद्योध्धुं तमाह्वास्त । धम्मिलो धीरधीरयात् ॥ २७ ॥

અર્થ:—પછી કમલિનીને કચરી નાખવાનીપેઠે જેવામાં તે હાથી તેઓને ચગદી નાખવા જાય છે તેવામાં ધીર બુદ્ધિવાળા તે ધમ્મિલે તે હાથીને લડવામાટે એકદમ બોલાવ્યો કે, ॥ ૨૭ ॥

दीनदृक्षु भयार्त्तासु । बालिकास्वबलासु च ॥
शुंडां व्यापारयन्नाशु । किं न कुंजर लज्जसे ॥ २८ ॥

અર્થ:—અરે હાથી ! દીનદૃષ્ટિવાળી, ભયથી પીડિત થયેલી તથા નિર્બલ એવી આ બાલિકાઓપ્રતે તારી સુંઢને લંબાવતાં તું શું લજાતો નથી? ॥ ૨૮ ॥

यद्यस्ति कापि शक्तिस्ते । तदेषोऽस्मि बली पुरः ॥
गजस्तेनैवमाहूतो । रुषा तंप्रत्यधावत ॥ २९ ॥ युग्मं ॥

અર્થ:—જો તારામાં કંઇ શક્તિ હોય તો આ હું બલવાન તારી સામેજ ઉભો છું, એવી રીતે તેણે હાથીને બોલાવવાથી તે તેનાતરફ દોડયો. ॥ ૨૯ ॥

लघुदेहः परिस्थूरं । शिक्षितोऽपरिशिक्षितं ॥
चिरं स रंगभूर्वामा—वर्त्तमभ्रामयद्गजं ॥ ३० ॥

અર્થ:—ધમ્મિલ નાના શરીરવાળો તથા શિખેલો હતો, હાથી જાડાં શરીરવાળો તથા નહિ શીખેલો હતો, તેથી તે કલાવાન ધમ્મિલે તે હાથીને ઘણા કાળસુધી ડાબી બાજુથી કુદડી ફેરવ્યો. ॥ ૩૦॥

खिन्नं निर्विण्णमुत्पन्न—ग्लानिं मर्जिविवर्जितं ॥
आरुक्षत्स गजं स्कंध—देशे करणलीलया ॥ ३१ ॥

અર્થ:—અને તેથી ખિન્ન થયેલા, થાકેલા, મંદ પડેલા અને ગર્જારવવિનાના તે હાથીના સ્કંધપર તે ધમ્મિલ છલંગ મારીને ચડી ગયો.

निरीक्ष्य स्वस्य दुर्वारं । वारणौद्धत्यवारणं ॥

ह्रियेव न्यग्मुखेनैष । कुंभे तं शृणिनाभिनत् ॥ ३२ ॥

અર્થ:—હાથીની ઉદ્ધતાઇને નિવારવાની પોતાની મુશ્કેલી જાણીને જાણે લજ્જાથી નીચા મુખવાળા થયેલા એવા અંકુશવડે કરીને તેણે તે હાથીના કુંભસ્થલપર જખમ કર્યો. ॥ ૩૨ ॥

सलीलं सोऽथ संचारी । शृण्वन् पौरजनस्तुतिं ॥

बबंध सिंधुरं राज—चतुरे चतुरेश्वरः ॥ ३३ ॥

અર્થ:—પછી તે ચતુરશિરોમણિ ધમ્મિલે લીલાસહિત ચાલતાં થકાં તથા નગરના લોકોની સ્તુતિને સાંભલતાંથકાં તે હાથીને રાજાની હસ્તિશાલામાં બાંધ્યો. ॥ ૩૩ ॥

कलानिरीक्षणाज्जात—चित्रं भूपं ननाम सः ॥

जामातरं निजं राजा—प्युपलक्षयतिस्म तं ॥ ३४ ॥

અર્થ:—પછી કલા જોવાથી આશ્ચર્ય પામેલા રાજાને તે નમ્યો, ત્યારે રાજાએ પણ તેને પોતાના જમાઇ તરીકે ઓળખી કહાડયો.

ससंभ्रमं समुत्थाय । भूजानिस्तं महाभुजं ॥

भुजोपपीडमालिंग्य । पप्रच्छ स्वच्छया गिरा ॥ ३५ ॥

અર્થ:—ત્યારે સંભ્રમસહિત રાજાએ ઉઠીને તે મહાસુભટને બાથમાં લેઇ ભેટીને સ્વચ્છ વચનથી પૂછયું કે, ॥ ૩૫ ॥

चिराद् दृष्टोऽसि वत्स त्वं । दर्शनानंददर्शनः ॥

आविःकुरु निजं वृत्त—मश्वापहरणादिकं ॥ ३६ ॥

અર્થ:—હે વત્સ! જોવામાં આનંદી દર્શનવાળો તું ઘણે કાળે નજરે પડયો છું, હવે ઘોડો તને હરી ગયો, ઇત્યાદિક તારૂં વૃત્તાંત તું પ્રકટ કર? ॥ ૩૬ ॥

ततस्तदुक्तं तद्व्यक्तं । ज्ञात्वा वृत्तांतमादितः ॥

धैर्यं चास्येभदमना—द्ययौ राजा परां मुदं ॥ ३७ ॥

અર્થ:—પછી તેણે પ્રથમથી પ્રકટરીતે કહેલું વૃત્તાંત જાણીને, તથા હાથીને વશ કરવાથી તેનું ધૈર્ય જોઇને રાજા અત્યંત ખુશી થયો.

पुरे महोत्सवमयः । समयस्तज्ज्ञवेदयं ॥

नायकः स्याद्यदि त्वाद—गिति तुष्टाव तं नृपः ॥ ३८ ॥

અર્થ:—જો તારાજેવો આ નગરમાં રક્ષણ કરનાર હોય તો અહીં આવો મહોત્સવમય સમય જાય, એમ રાજાએ તેની સ્તુતિ કરી.

तत्र संप्राप्तसंमान—स्त्रिकलत्र्या गुणोज्ज्वलः ॥
त्रिलिंग्यास्तादृशीभूतः । परशब्द इवामिलत् ॥ ३९ ॥

અર્થ:—એવી રીતે ત્યાં સન્માન પામીને ગુણોથી ઉજ્જવલ થયેલો તે ધમ્મિલ ત્રણે લિંગોમાં તાદૃશ રહેલા પરશબ્દનીપેઠે પોતાની ત્રણે સ્ત્રીઓને મલ્યો. ॥ ૩૯ ॥

गजे शांते गते स्वास्थ्यं । नगरे सागरः पुनः ॥
दधत्पाणिगृहोद्योगं । कन्याभिस्ताभिरौच्यत ॥ ४० ॥

અર્થ:—હવે તે હાથી શાંત થયાબાદ તથા નગર પણ ખેદરહિત થયાબાદ તે સાગરદત્ત જ્યારે પાછી વિવાહની સામગ્રી કરવા લાગ્યો ત્યારે તે કન્યાઓએ તેને કહ્યું કે, ॥ ૪૦ ॥

अस्मान्मृत्युमुखे क्षिप्त्वा । तदा नष्टोऽसि किं शठ ॥
सांप्रतं दर्शयन् प्रेम—पाटवं लज्जसेऽपि न ॥ ४१ ॥

અર્થ:—અરે મૂર્ખ ! તે વખતે તું અમોને મોતના મુખમાં ફેંકીને કેમ નાશી ગયો ? અને હવે પ્રેમચતુરાઇ દેખાડતાં તું શરમાતો પણ નથી ? ॥ ૪૧ ॥

आकृत्या पुरुषोऽसि त्वं । गुणैः स्त्रीभ्योऽपि हीयसे ॥
ईदृक्सत्त्वं प्रियीकुर्मो । वरं त्वामाशया कया ॥ ४२ ॥

અર્થ:—ફક્ત આકારથી તું પુરૂષ છો, પરંતુ ગુણોથી તો સ્ત્રીઓથી પણ નપાવટ છો, માટે તને આવા બાયલાને અમો શું આશાએ અમારો સ્વામી કરીયે ! ! ॥ ૪૨ ॥

नूनं नायं गजो दुष्टः । पूर्वजः किंतु कोऽपि नः ॥
यस्ते प्राचीकटद् वृत्त—मवृत्ते मंगलत्रये ॥ ४३ ॥

અર્થ:—ખરેખર આ કંઇ દુષ્ટ હાથી નહોતો, પરંતુ અમારો કોઇક પૂર્વજ હોવો જોઇયે, કે જેણે ત્રણ મંગળફેરા ફર્યા પહેલાંજ તારૂં આ પરાક્રમ પ્રગટ કરી દેખાડયું. ॥ ૪૩ ॥

वृणुमस्त्वां मियैकात्म—जीवं क्लीबं न तद्वयं ॥
येन प्राणपणैः क्रीता । अस्तु भर्त्ता स एव नः ॥ ४४ ॥

અર્થ:—માટે ફક્ત એક પોતાના જીવનેજ બચાવનારા એવા તને હીજડાને અમો પરણીશું નહિ, જેને પોતાના પ્રાણસાટે અમોને ખરીદી લીધી છે, તેજ અમારો સ્વામી થશે. ॥ ૪૪ ॥

जाते राजकुले तस्मिन् । वादे कारणिकैर्नरैः ॥
स ताभ्यो दूरतश्चक्रे । करेणुभ्य इवोरणः ॥ ४५ ॥

અર્થ:—પછી આ બાબતનો રાજદરબારમાં જ્યારે કેસ ચાલ્યો ત્યારે ન્યાયાધીશોએ હાથણીઓપાસેથી જેમ ઘેટાને તેમ તે સાગરદત્તને તેઓથી દૂર કર્યો. ॥ ૪૫ ॥

अष्टावपि कुमारीस्ता । धम्मिलाय ददे नृपः ॥
सोऽप्याशु परिणिन्ये ता । महोत्सवपुरस्सरं ॥ ४६ ॥

અર્થ:—પછી રાજાએ તે આઠે કુમારીઓ ધમ્મિલને આપી, અને તે પણ તેઓને જલદી મહોત્સવપૂર્વક પરણ્યો. ॥ ૪૬ ॥

तत्प्रेमामृतसुराका—रजनिं प्रमदाकुलं ॥
प्रियं प्राप्य च चित्तांत—रजनि प्रमदाकुलं ॥ ४७ ॥

અર્થ:—તેના પ્રેમરૂપી અમૃતને પુનમની રાત્રિસરખા તે સ્વામીને મેલવીને તે સ્ત્રીઓનો સમુહ મનમાં હર્ષથી વ્યાપ્ત થયો. ॥ ૪૭ ॥

अथासौ वसुदत्तस्य । चंपाधिपतिना सह ॥
संधिकार्यं दृढीचक्रे । लक्षण इव स क्षणात् ॥ ४८ ॥

અર્થ:—પછી તેણે ક્ષણવારમાં વ્યાકરણમાં જેમ તેમ ચંપાના રાજાનીસાથે વસુદત્ત રાજાનું સંધિકાર્ય દઢ કર્યું. ॥ ૪૮ ॥

संधिना तेन संप्रीतः । प्रियप्राप्त्यै समुत्सुकां ॥
चंपायां प्रेषयामास । वसुदत्तः सुतां निजां ॥ ४९ ॥

અર્થ:—તે સંધિથી ખુશ થયેલા વસુદત્તે ભર્તારને મલવાને ઉત્સુક થયેલી પોતાની પુત્રીને ચંપાનગરીમાં મોકલી દીધી. ॥૪૯॥

अयं सुखासनासीनो—ऽन्यदा सौदामिनीमिव ॥
उत्तरंतीं दिवोऽद्राक्षी—द्दीप्तां कांचन योषितं ॥ ५० ॥

અર્થ:—હવે એક દિવસે જ્યારે તે ખુરશીપર બેઠો છે, એવામાં વીજળીનીપેઠે કોઇક તેજસ્વી સ્ત્રીને તેણે આકાશમાંથી ઉતરતી દીઠી.

भूत्वा पुरोऽतिरोषेण । तमुपालभ्य खेचरी ॥
यन्मे बंधुस्त्वया जघ्ने । निर्मंतुर्ध्यानमौनभाक् ॥ ५१ ॥

અર્થઃ—પછી તે વિદ્યાધરી તેની આગળ આવીને અતિરોષથી તેને ઠપકો દેવા લાગી કે, નિરપરાધી તથા ધ્યાનમાં મૌનપણે રહેલા મારા ભાઇને જે તેં માર્યો છે, ॥ ૫૧ ॥

अनौपाधिकवात्सल्य—विशदस्य दयोदधेः ॥
परोपकारसारस्य । तत्किं ते धीर संगतं ॥ ५२ ॥

અર્થ:—તે ઉપાધિરહિત વત્સલતાથી નિર્મલ થયેલા, દયાના સાગર, તથા પરોપકારનેજ સારભૂત ગણનાર એવા તને હે ધીરપુરૂષ! શું ઉચિત છે? ॥ ૫૨ ॥

यच्च मे मद्भगिन्याश्च । शेषकन्यागणस्य च ॥
मनोऽपहृत्य नष्टोऽसि । किं तदप्युचितं तव ॥ ५३ ॥

અર્થ:—વળી મારૂં, મારી બહેનનું અને બીજી કન્યાઓના સમૂહનું પણ મન હરીને જે તું નાશી ગયો છે, તે પણ શું તને ઉચિત છે? ॥ ૫૩ ॥

धम्मिल्लेन ततोऽवादि । सति सत्यं वदंत्यसि ॥
परमाज्ञानिके पापे । नास्त्युपालंभसंभवः ॥ ५४ ॥

અર્થ:—ત્યારે ધમ્મિલ બોલ્યો કે, હે સતિ! તું સઘલું સત્ય કહે છે, પરંતુ અજ્ઞાનથી કરેલાં પાપમાટે ઉપાલંભનો સંભવ હોતો નથી. ॥ ૫૪ ॥

परीक्षितुमहं तैक्ष्ण्यं । छिंदन् कीचकजालकं ॥
यद्बंधुं तव हन्मिस्म । तदज्ञानविजृंभितं ॥ ५५ ॥

અર્થ:—તલવારની તીક્ષ્ણતાની પરીક્ષામાટે વાંસની ઝાડી કાપતાંથકાં મેં જે તારા ભાઇને માર્યો છે, તે અજ્ઞાનનો પ્રતાપ છે. ॥૫૫॥

अपराद्धं मनोरत्ना—पहारेण च यन्मया ॥
शुद्धये तस्य पापस्य । त्वमेवेह गुरूभव ॥ ५६ ॥

અર્થ:—વળી તમારાં મનરૂપી રત્નને ચોરવાથી જે મેં અપરાધ કર્યો છે, તે પાપની શુદ્ધિમાટે હવે તુજ મારા ગુરૂતરીકે થા? ॥૫૬॥

इत्युक्तिभंग्या चित्रीय—माणा प्रोवाच खेचरी ॥
एवमेव भवद्वृत्तं । चित्रसेना तदावदत् ॥ ५७ ॥

અર્થ:—એવી રીતની તેની વચનચતુરાઇથી આશ્ચર્ય પામેલી તે વિદ્યાધરી બોલી કે, તે વખતે ચિત્રસેનાએ એવીજ રીતે તમારૂં વૃત્તાંત અમોને કહ્યું હતું. ॥ ૫૭ ॥

बंधोर्वधे श्रुते स्वस्रा । सममाधिमधामहं ॥

वाचं विचार्य नैर्ग्रंथीं । शोकमस्तोकयं क्षणात् ॥ ५८ ॥

અર્થ:—ભાઇનો વધ સાંભલવાથી બ્હેનનીસાથે મને પણ દુઃખ તો થયું, પરંતુ મુનિની વાણી વિચારીને ક્ષણવારમાં મેં તે શોકને દૂર કર્યો. ॥ ૫૮ ॥

समानय तमत्रेत्या—वाभ्यामुक्तारुरोह सा ॥

सौधस्याधित्यकां तस्य । प्रेम्णः काष्टां परामिव ॥ ५९ ॥

અર્થ:—હવે તેને અહીં લાવ? એમ અમોએ તેણીને કહેવાથી તે ચિત્રસેના જાણે તેના પ્રેમની પરાકાષ્ટપ્રતે હોય નહિ તેમ મહેલની સીડીપર ચડી. ॥ ૫૯ ॥

हर्षाकुलतया भ्रांत—दृष्टिः श्वेतां पताकिकां ॥

सोत्तभ्नातिस्म तत्रास्म—दभाग्यस्येव वल्लरीं ॥ ६० ॥

અર્થ:—પરંતુ હર્ષઘેલી થવાથી તેણીએ દૃષ્ટિવિપર્યાસને લીધે અમારાં અભાગ્યની વેલડીસરખી શ્વેતરંગની ધજા ચડાવી. ॥૬૦॥

आयास्यति किमद्यापि । नायात्यायात एव सः ॥

एवं मिथो वदंत्यास्ताः । कन्या उत्कुंठिताः स्थिताः ॥६१॥

અર્થ:—હવે તે આવશે, અરે! હજુ કેમ આવતો નથી? અરે! તે આ આવ્યો, એમ પરસ્પર કહેતીથકી તે કન્યાઓ ત્યાં ઉત્સુક બનીને તલપાપડ થવા લાગી. ॥ ૬૧ ॥

पताकालोकनाज्ज्ञाते । त्वदनागमनिर्णये ॥

त्वां दृष्टुमभ्रमं भूरि—ग्रामारामाश्रमां क्षमां ॥ ६२ ॥

અર્થ:—પછી પતાકા જોવાથી જ્યારે તમારા નહિ આવવાનો નિર્ણય થયો, ત્યારે તમોને જોવામાટે ઘણા ગામ, બગીચા તથા આશ્રમોવાળી આ પૃથ્વીપર હું ભમી. ॥ ૬૨ ॥

यद्यपि क्वापि नापश्यं । त्वामुलूकीव भास्करं ॥

तथापि भ्रमितो भग्ना । नाहं स्नेहो हि दुस्त्यजः ॥ ६३ ॥

અર્થ:—પરંતુ ઘૂકી જેમ સૂર્યને તેમ તમોને મેં જો કે કયાંય પણ ન જોયા તો પણ હું ભમવાથી થાકી નહિ, કેમકે સ્નેહને તજવો મુશ્કેલ છે ॥ ૬૩ ॥

सामायाताद्य चंपायां । लोचने तृषिते चिरं ॥

रूपे लवणिमानूपे । तवाप्लवमकारयं ॥ ६४ ॥

અર્થ:—પછી આજે અહિં ચંપામાં આવીને ઘણા કાળથી તૃષાતુર થયેલાં મારાં આ નેત્રોને લાવણ્યના કૂપસરખા આ તમારા રૂપમાં મેં સ્નાન કરાવ્યું. ॥ ૬૪ ॥

एषाहं सा च मे जामिः । कन्यकाः षोडशापि ताः ॥
सर्वमेतत्तवैवेति—जल्पंती सा खमुद्ययौ ॥ ६५ ॥

અર્થ:—આ હું, તે મારી બહેન, તથા તે શોલે કન્યાઓ, એ સઘલું તમારૂંજ છે, એમ કહીને તે આકાશમાં ઉડી. ॥ ૬૫ ॥

चक्षुरुद्घाटयत्येष । यावत्तावदलोकत ॥
पुरस्ताद्भामिनीवृंद—मानंदोत्फुल्ललोचनं ॥ ६६ ॥

અર્થ:—પછી જેવામાં તે આંખો ઉઘાડે છે, તેવામાં તેણે આગાડીના ભાગમાં આનંદથી પ્રફુલ્લિત નેત્રોવાળો સ્ત્રીઓનો તે સમુહ દીઠો.

परिणिन्ये स ताः सर्वाः । शर्वाणीरूपजीत्वरीः ॥
कामी न तृप्यति स्त्रीभिः । सरिद्भिरिवोदधिः ॥ ६७ ॥

અર્થ:—પછી ઈંદ્રાણીના રૂપને પણ જીતનારી એવી તે સઘલી કન્યાઓને તે પરણ્યો, કેમકે નદીઓના જલથી જેમ સમુદ્ર તેમ કામી માણસ સ્ત્રીઓથી તૃપ્ત થતો નથી. ॥ ૬૭ ॥

तासां रतिसपत्नीनां । पत्नीनामंगकोऽनिशं ॥
अगाद्भोगात्तरंगाच्च—रंगहंसतुलामसौ ॥ ६८ ॥

અર્થ:—રતિસરખી તે સ્ત્રીઓના નિરંતર ભોગથી ઉલ્લાસાયમાન રંગપૂર્વક તે ધમ્મિલ હંસની તુલ્યતા પામ્યો. ॥ ૬૮ ॥

असौ क्रीडारसे सर्व—मादितो वृत्तमात्मनः ॥
कमलापादघाताद्यं । नवोढास्ता अजिज्ञपत् ॥ ६९ ॥

અર્થ:—પછી તેણે ક્રીડાના રસમાં કમલાએ લાત મારવા આદિકરૂપ પોતાનું સઘલું વૃત્તાંત તે નવી પરણેલી સ્ત્રીઓને જણાવી દીધું.

अन्यदा कमला गोष्ठ्यां । विद्युन्मत्या न्यगद्यत ॥
युक्तं स्वसः प्रियं पादे—नाहंतुं हंत किं तव ॥ ७० ॥

અર્થ:—એક દિવસે વાત નિકલતાં વિદ્યુન્મતીએ કમલાને કહ્યું કે હે બહેન! પોતાના સ્વામીને લાત મારવી એ શું તને યુક્ત છે?

निर्धनोऽपि कुरूपोऽपि । निःश्रीकोऽपि व्यसन्यपि ॥
सेव्यो देव इव प्रेयान् । रामया शुभकाम्यया ॥ ७१ ॥

અર્થ:—નિર્ધન, કદરૂપો, લક્ષ્મી વિનાનો તથા વ્યસની છતાં પણ સ્ત્રીએ પોતાના કલ્યાણની ઇચ્છાથી પોતાના સ્વામીને દેવનીપેઠે આરાધવો જોઇયે. ॥ ૭૧ ॥

धन्ययातिप्रसादेऽपि । नावगण्यः पतिः स्त्रिया ॥
धान्यं पादेन मृद्गाति । नातिघ्रातोऽपि यद्बुधः ॥ ७२ ॥

અર્થ:—અતિ મહેરબાની છતાં પણ ભાગ્યવતી સ્ત્રીએ પતિની અવગણના ન કરવી જોઇયે, કેમકે ડાહ્યો માણસ અતિ ધરાયા છતાં પણ ધાન્યને પગથી કચરતો નથી. ॥ ૭૨ ॥

स विद्वानतिकोपेऽपि । यो जानाति स्वभूमिकां ॥
भूरिकोपापि भूपालं । पराभवति किं प्रजा ॥ ७३ ॥

અર્થ:—અતિ ક્રોધ ચડયા છતાં પણ જે માણસ પોતાનું સ્થાન વિચારે છે, તેજ વિદ્વાન છે. કેમકે અતિ કોપ પામેલી પ્રજા પણ શું રાજાનો પરાભવ કરી શકે છે? ॥ ૭૩ ॥

अथो प्रदर्शयंत्यास्य—विकारं कमलालपत् ॥
मन्ये दोषोऽबलाया मे । सुकरः सखि भाषितुं ॥ ७४ ॥

અર્થ:—હવે પોતાનો મુખવિકાર દેખાડતીથકી કમલા બોલી કે, હે સખિ! હું ધારૂં છું કે મારો અબલાનો દોષ બોલવો સહેલો છે.

परं विमृश हृद्दृष्ट्या । प्रेयसोऽपि किमौचिती ॥
रतिरंगे पुरः पत्न्याः । सपत्नीनामकीर्त्तनं ॥ ७५ ॥

અર્થ:—પરંતુ તું અંતર્દ્રષ્ટિથી વિચાર કે, રતિરંગસમયે સ્ત્રીની-પાસે શોકનું નામ લેવું એ શું ભર્તારને પણ ઉચિત છે? ॥ ૭૫ ॥

अशस्त्रं मारणं मंत्र—हीनमुच्चाटनं परं ॥
निरग्निज्वालनं स्त्रीभिः । सपत्नीनाम मन्यते ॥ ७६ ॥

અર્થ:—કેમકે સ્ત્રીઓ શોકના નામને શસ્ત્રવિનાના મારસરખું, મંત્રરહિત મહા ઉચ્ચાટનસરખું તથા અગ્નિવિના બાળવાસરખું માને છે. ॥ ૭૬ ॥

भगिनीत्युच्यमानापि । सपत्नी न शुभा भवेत् ॥
ख्यातापि शर्कराख्यातो । व्यथयत्येव वालुका ॥ ७७ ॥

અર્થ:—બહેન કહેવાયા છતાં પણ સ્ત્રીને શોક સારી લાગતી નથી, કેમકે શર્કરાના નામથી પ્રખ્યાત એવી પણ વેળુ દુ:ખજ આપે છે.

मृत्युरत्युत्तमो वक्र—नवक्रकचदारणैः ॥

न तु सापत्न्यदुःखेन । जीवितव्यमपि स्त्रियां ॥ ७८ ॥

અર્થ:—વાંકી અને નવી કરવતથી વેરાઇને મરવું અતિ ઉત્તમ છે, પરંતુ શોકના શલ્યથી સ્ત્રીઓને જીવવું પણ સારૂં નથી. ॥૭૮॥

खेचर्यथ जगौ भद्रे । पुरुषः प्रभुरुच्यते ॥

न ह्यसौ हृदयेष्टस्य । गृह्णन्नामापराध्यति ॥ ७९ ॥

અર્થ:—ત્યારે તે વિદ્યાધરી બોલી કે, હે ભદ્રે ! પુરૂષ માલીક કહેવાય છે, અને તેથી તે પોતાના હૃદયને વહાલા માણસનું નામ લેતાં કંઈ અપરાધી થતો નથી. ॥ ૭૯ ॥

परं प्रियतमावज्ञा—कार्येष चरणस्तव ॥

महादंडार्ह एवेति । श्रुत्वा कमलयौच्यत ॥ ८० ॥

અર્થ:—પરંતુ પ્રિયતમની અવજ્ઞા કરનારો આ તારો પગ મહાદંડનેજ લાયક છે, તે સાંભલી કમલા બોલી કે, ॥ ૮૦ ॥

हंहो विद्युल्लतामुख्याः । स्वसारः शृणुताखिलाः ॥

अन्यायभाषिणीं विद्यु—न्मतीं रक्षत रक्षत ॥ ८१ ॥

અર્થ.—અરે ! વિદ્યુલ્લતાઆદિક સઘળી બહેનો ! તમો સાંભલો ? અનુચિત બોલનારી આ વિદ્યુન્મતીને તમો નિવારો? નિવારો? ॥૮૧॥

सर्वा उत्थाय मे पादं । स्नपयध्वं कलैर्जलैः ॥

चंदनेन विलिंपध्व—मंचतानुपमैः सुमैः ॥ ८२ ॥

અર્થ:—તમો સર્વે ઉઠીને મારા આ ચરણને નિર્મલ જલથી સ્નાન કરાવો ? ચંદનથી તેનું લેપન કરો ? તથા અનુપમ પુષ્પોથી તેની પૂજા કરો ? ॥ ૮૨ ॥

अधास्यजिह्मतामेष—श्चेत्पादो मुग्धताडने ॥

तदा कथमलप्स्यध्वं । दयितं यूयमीदृशं ॥ ८३ ॥

અર્થ:—કેમકે તે વખતે આ મારો પગ જો મુગ્ધતાડનથી પાછો હઠયો હોત, તો તમોને આવો ભર્તાર ક્યાંથી મળત ? ॥ ૮૩ ॥

किमीदृगुपकार्येष । पूज्यते ताड्यतेऽथवा ॥

उक्तिभंग्यानया तस्या । न कयाशु विसिष्मये ॥ ८४ ॥

અર્થ:—માટે આવા ઉપકારી આ પગને પૂજવો જોઈયે ! કે મારવો જોઇયે ? એવી રીતની તેણીની વચનચતુરાઇથી કઇ સ્ત્રી એકદમ આશ્ચર્ય ન પામી ? ॥ ૮૪ ॥

विद्युन्मती बभाषेऽथ । स्वामिन् मूर्त्यैव भिन्नयोः ॥

हृदा नास्त्यावयोर्भेद—स्तद्यथातथमादिश ॥ ८५ ॥

અર્થ:—હવે વિદ્યુન્મતી બોલી કે હે સ્વામી ! કેવલ મૂર્તિથીજ ભિન્ન એવા આપણવચ્ચે હૃદયથી કંઇ પણ તફાવત નથી, માટે જેવું હોય તેવું સત્ય કહો ? ॥ ૮૫ ॥

यन्नाम्ना तव लोलाग्रे । दोलालीलान्वभूयत ॥

सा का वसंततिलका । वन्नासु तिलकायिता ॥ ८६ ॥

અર્થ:—જેણીના નામે આપની જિહ્વાના અગ્ર ભાગપર હીંચોળાની લીલા અનુભવેલી છે, એવી સ્ત્રીઓમાં તિલકસરખી વસંતતિલકા કોણ છે ? ॥ ૮૬ ॥

कृत्रिमां दर्शयन् भीतिं । स तां प्रोवाच सुंदरि ॥

मा मा ब्रूहि न किं पार्श्वे । वीक्षसे कोपनं जनं ॥ ८७ ॥

અર્થ:—ત્યારે તે ઉપરઉપરનો કૃત્રિમ ભય દેખાડતોથકો બોલ્યો કે હે સુંદરિ ! તું તે વાત ન બોલ, કેમકે ગુસ્સે થયેલી આ પાસે ઉભેલી કમલાને શું તું નથી જોતી ? ॥ ૮૭ ॥

अनाभोगेन तन्नाम—ग्रहणे या पुराकुपत् ॥

तत्श्लाघां साधुना श्रुत्वा । तत्किं यन्न करिष्यते ॥ ८८ ॥

અર્થ:—અજાણતાં તેણીનું નામ લેવાથી પણ જે આ પૂર્વે કોપાયમાન થઇ હતી, તે તેણીની હમણા પ્રશંસા સાંભળીને શું નહિ કરે ?

कमलाथ जगौ नाथ । किमेवं व्यज्यते भयं ॥

प्राणसर्वस्व विश्वस्तो । विश्वं तच्चरितं वद ॥ ८९ ॥

અર્થ:—ત્યારે કમલા બોલી કે હે સ્વામી ! એમ શામાટે ભય પ્રકટ કરો છો ? હવે હે પ્રાણનાથ ! આપ વિશ્વાસ રાખીને તેણીનું સર્વ વૃત્તાંત કહો ? ॥ ૮૯ ॥

कौतुकोत्तालचित्तासु । सभ्यीभूतासु तास्वथ ॥

आरभद्धम्मिलो वक्तु—मनुभूतां निजां कथां ॥ ९० ॥

અર્થ:—પછી આશ્ચર્યથી ઉત્સુક થયેલી તે સઘલી સ્ત્રીઓ સભાસદરૂપ થયે છતે ધમ્મિલે પોતાની અનુભવેલી કથા કહેવા માંડી.

अस्ति पौरश्रियोदग्रे । कुशाग्रपुरपत्तने ॥

नैकगाणिक्यमाणिक्यं । वसंततिलकाभिधा ॥ ९१ ॥

અર્થ:—લોકોની લક્ષ્મીથી આગળ પડતા કુશાગ્રપુર નામના નગરમાં અનેક ગણિકાઓમાં માણિક્યસરખી વસંતતિલકા નામે ગણિકા છે. ॥ ૯૧ ॥

अहं भूयांसि वर्षाणि । तस्या वेश्मन्यवास्थिषि ॥
तल्लावण्यतरंगिण्यां । कलयन् कलहंसतां ॥ ९२ ॥

અર્થ:—તેણીના લાવણ્યરૂપી નદીમાં રાજહંસપણાને અનુભવતોથકો હું ઘણા વર્ષોસુધી તેણીને ઘેર રહ્યો હતો. ॥ ૯૨ ॥

नाभ्यस्ता न च ये दृष्टा । न वा श्रुतिपथं गताः ॥
तेषु मान्मथभावेषु । सा मय्याचार्यकं दधौ ॥ ९४ ॥

અર્થ:—જેનો મેં અભ્યાસ કર્યો નહોતો, જે મેં દીઠા નહોતા, અથવા જે મેં કાને પણ સાંભલ્યા નહોતા એવા તે કામદેવસંબંધી ભાવો મને શિખાવવામાં તેણીએ આચાર્યની પદવી ધારણ કરી હતી.

सादीदृशत्तया हार्द । सौहार्दं येन मे मनः ॥
अब्धेः पय इवोद्वेलं । तामद्याप्यनुधावति ॥ ९५ ॥

અર્થ:—તેણીએ મને અંતઃકરણપૂર્વક એવો તો સ્નેહ દેખાડયો છે કે સમુદ્રનું જલ જેમ વીરપ્રતે તેમ મારૂં મન હજુ પણ તેણીનાતરફ દોડે છે. ॥ ૯૫ ॥

इत्युक्तितस्तदाकूतं । ज्ञात्वा विद्युन्मती जगौ ॥
तस्याः समानये शुद्धिं । हृद्य यद्यनुमन्यसे ॥ ॥ ९६ ॥

અર્થ:—એવી રીતના વચનથી તેનો અભિપ્રાય જાણીને વિદ્યુન્મતી બોલી કે હે સ્વામી! જો આપની આજ્ઞા હોય તો હું તેની ખબર લાવું. ॥ ૯૬ ॥

रोषणं जनमापृच्छय । यथायोग्यं समाचर ॥
इत्युक्ता तेन कमला—नुज्ञाता सोदडीयत ॥ ९७ ॥

અર્થ:—આ ગુસ્સે થતી કમલાની રજા લેઇને જેમ યોગ્ય લાગે તેમ કર? એમ તેણે કહેવાથી કમલાએ અનુજ્ઞા દેવાથી તે ઉડી.

क्षणांतरे समागत्य । शिरःप्रयोजितांजलिः ॥
सा प्रियं प्राह कुतुकं । कुर्वती भूमिचारिणां ॥ ९८ ॥

અર્થ:—થોડીવારમાં તે પાછી આવીને મસ્તકપર હાથ જોડીને પૃથ્વીપર ચાલનારા મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવતીથકી પોતાના સ્વામીને કહેવા લાગી કે, ॥ ૯૮ ॥

व्योम्ना तदा त्वदाज्ञातः । कांत तत्पुरमीयुषी ॥

प्राविशं पुरुषीभूय । वसंततिलकागृहं ॥ ९९ ॥

અર્થ:—હે સ્વામી ! આપની આજ્ઞાથી હું તે સમયે આકાશમાર્ગે તે નગરમાં ગઇ, તથા પુરૂષરૂપે મેં વસંતતિલકાના ઘરમાં પ્રવેશ કર્યો. ॥ ૯૯ ॥

दुःखेनेवांगलग्नेन । वेष्टितां जीर्णवाससा ॥

मलैः क्लिन्नतनूं मूर्तै—र्दुर्दशास्तबकैरिव ॥ ३३०० ॥

અર્થ:—શરીરે ચોટેલાં દુઃખવડે કરીને જાણે હોય નહિ તેમ જીર્ણ વસ્ત્રથી વીંટાયેલી, તથા મૂર્તિવંત દુર્દશાના ગુચ્છાઓવડે કરીને હોય નહિ તેમ મેલથી ભરેલાં શરીરવાળી, ॥ ૩૩૦૦ ॥

मुक्तामाभरणौघेन । प्रमोदेनेव दूरतः ॥

तदंतस्तां भवन्नाम—जंजपूकामवैक्षिषि ॥ १ ॥ युग्मं ॥

અર્થ:—હર્ષવડે કરીને હોય નહિ તેમ આભૂષણોના સમુહથી દૂર મુકાયેલી, અને આપનું નામ જપતી એવી તે વસંતતિલકાને મેં તે ઘરની અંદર દીઠી. ॥ ૧ ॥

अप्राक्षं कुशलोदंत—मुपसृत्य च तामहं ॥

सा च मां पुरुषं प्रेक्ष्य । न्यग्मुखत्वमशिश्रयत् ॥ २ ॥

અર્થ:—પછી મેં તેણીનીપાસે જઇને કુશલસમાચાર પૂછ્યા, પરંતુ તે મને પુરૂષરૂપે જોઇને નીચું મુખ કરી ગઇ. ॥ ૨ ॥

न दृशापि सतीवेयं । पश्यत्यपरपूरुषं ॥

ध्यात्वेति विद्यया भाक्षं । मुख्यां योषित्तनूमहं ॥ ३ ॥

અર્થ:—આ સ્ત્રી સતીનીપેઠે આંખથી પણ પરપુરૂષને જોતી લાગતી નથી, એમ વિચારીને મેં મારૂં સ્ત્રીનું મુખ્ય રૂપ ધારણ કર્યું.

स्वसः श्वसिहि ते वार्त्ता—शुद्धिं पृच्छति धम्मिलः ॥

मन्मुखेनेत्युपेत्याहं । तामभाषं मनस्विनीं ॥ ४ ॥

અર્થ:—પછી મેં તેણીની પાસે જઇને તે બુદ્ધિવાળી સ્ત્રીને કહ્યું કે, હે બ્હેન ! તું ધીરજ રાખ ? મારા મુખથી ધમ્મિલ તારા કુશલસમાચાર પૂછાવે છે. ॥ ૪ ॥

भवन्नामश्रुतेर्मेघ—गर्जेरिव कलापिनी ॥

प्रमोदमेदुरांगी सा । मह्यमालिंगनं ददौ ॥ ५ ॥

અર્થ:—આપનું નામ સાંભળતાંજ મેઘના ગર્જારવથી જેમ મયૂરી તેમ હર્ષથી રોમાંચિત શરીરવાળી એવી તે વસંતતિલકાએ મને આલિંગન આપ્યું. ॥ ५ ॥

क्वासौ कियत्परीवारः । कथं वा वर्त्तते प्रियः ॥
सैवं शुद्धिं तवाप्राक्षी—दतृप्तेव मुहुर्मुहुः ॥ ६ ॥

અર્થ:—તે મારો પ્રિયતમ ક્યાં છે? તેનો કેટલો પરિવાર છે? તથા તે શીરીતે વર્તે છે? એવી રીતે અતૃપ્તનીપેઠે તેણીએ વારંવાર આપના સમાચાર પૂછ્યા. ॥ ६ ॥

आर्यपुत्रोऽस्ति चंपायां । पदं निःकंपसंपदां ॥
मयेत्युक्ते मुखं तस्या । जिग्ये स्मेरं सरोरुहं ॥ ७ ॥

અર્થ:—તે આર્યપુત્ર અતિસંપદાના ભાજનરૂપ થયાથકા ચંપાનગરીમાં છે, એમ મેં કહ્યાથી તેણીનું મુખ પ્રફુલ્લિત કમલને પણ જીતવા લાગ્યું. ॥ ७ ॥

एकत्रासने संवेश्य । मुक्तसंकोचलोचना ॥
जगाद सादरं सा मां । सामांचितवचस्ततः ॥ ८ ॥

અર્થ:—પછી તેણી મને એકજ આસનપર બેસાડીને સંકોચરહિત નેત્રોવાલી થઇથકી આદરપૂર્વક શાંત વચનોથી કહેવા લાગી કે,

अपि प्रपन्नधौरेयः । प्राणेशो मां यदत्यजत् ॥
नूनं तस्य न दोषोऽयं । दोषोऽयं मम कर्मणः ॥ ९ ॥

અર્થ:—મારા પ્રાણનાથે મહાઋદ્ધિવંત થયા છતાં પણ મને જે તજી દીધી છે, તેમાં ખરેખર તેનો દોષ નથી, પરંતુ તે મારા કર્મનો દોષ છે. ॥ ९ ॥

ग्रीष्मादनु भवेद् वृष्टी—रात्रेरनु भवेद्दिनः ॥
वियोगादनु संयोगः । स्यान्न वेति वद स्वसः ॥ १० ॥

અર્થ:—ઉનાળા પછી વરસાદ થાય, રાત્રિ પછી દિવસ ઉગે, તેમ હે બહેન! તું કહે કે વિયોગ પછી સંયોગ થાય કે નહિ? ॥१०॥

मासेनैति पुनश्चंद्रो । वर्षेणैति पुनर्घनः ॥
कालेनैति पुनर्भर्त्ता । कियतेति वद स्वसः ११

અર્થ:—વળી મહિનાબાદ ચંદ્ર આવે, વર્ષબાદ વરસાદ આવે, તેમ હે બહેન! તું કહે કે ભર્તાર પાછો કેટલે કાળે આવે? ॥११॥

स प्राणाप्यो मम प्राणा—स्ततस्तदपि मे मुदे ॥
अयं सुखी हृषीकार्थ—स्वार्थतुष्टोऽस्ति यत्सदा ॥ १२ ॥

અર્થ:—તે પ્રાણપ્રિય મારા પ્રાણરૂપજ છે, અને તેથી તે જ્યારે હમેશાં પોતાના ઇંદ્રિયાર્થના સ્વાર્થમા સંતુષ્ટ થયેલો છે, તો તે પણ મને હર્ષકારી છે. ॥ ૧૨ ॥

भोगान्न कामये तस्मा—न्न भूषां न पुनः श्रियं ॥
एतदिच्छामि यच्चात्म—चित्तादुत्तारयेन्न मां ॥ १३ ॥

અર્થ:—હું તેની પાસેથી ભોગોની, આભૂષણોની કે ધનની ઇચ્છા કરતી નથી, ફક્ત એટલુંજ ઇચ્છું છું કે તે મને પોતાના મનપરથી ઉતારે નહિ. ॥ ૧૩ ॥

इत्याद्यनल्पतज्जल्प—वाहिकाहं हृदीश्वर ॥
तस्या अनुज्ञयोत्प्लुत्या—गच्छं गगनवर्त्मना ॥ १४ ॥

અર્થ:—હે સ્વામિનાથ! ઇત્યાદિ તેણીના અનેક વચનોનો સંદેશો લાવનારી હું તેણીની રજા લેઇ ઉડીને આકાશમાર્ગે પાછી આવી છું.

हृदयोच्छ्वासरोमांच—नेत्रभ्रूविभ्रमादिना ॥
नाथ जानेऽनुमानेन । यद्भवास्तां दिदृक्षते ॥ १५ ॥

અર્થ:—હવે હે નાથ! આપના હૃદયના શ્વાસોશ્વાસ, રોમાંચ, આંખો તથા ભ્રૂકુટીના વિલાસઆદિક અનુમાનથી હું એમ ધારૂં છું કે આપ તેણીને જોવાની ઉત્કંઠા રાખો છો. ॥ ૧૫ ॥

एवमेवेति तेनोक्ता । तदा सा खेचरेश्वरी ॥
विमानमुपमानस्त्री—कृतस्वर्मंदिरं व्यधात् ॥ १६ ॥

અર્થ:—એમજ છે, એમ તેણે કહેવાથી તે વિદ્યાધરીએ દેવલોકના મંદિરની ઉપમા ધરનારૂં એક વિમાન તૈયાર કર્યું. ॥ ૧૬ ॥

आरुरोह स निःशेष—नारीभिरभितो वृतः ॥
तद्यानमंबुजक्रोड—मिव हंसः सहंसिकः ॥ १७ ॥

અર્થ:—પછી ચોફેરથી તે સર્વ સ્ત્રીઓથી વીંટાયેલો તે ધમ્મિલ હંસીઓસહિત હંસ જેમ કમલપર તેમ તે વિમાનપર ચડયો. ॥૧૭॥

जनयत्तारकभ्रांतिं । दिवा भूचारिणां नृणां ॥
क्षणाद्विमानमुत्प्लुत्य । कुशाग्रपुरमापतत् ॥ १८ ॥

અર્થ:—હવે દિવસે પણ પૃથ્વીપર ચાલનારા મનુષ્યોને તારાઓની ભ્રાંતિ ઉપજાવતું થકું તે વિમાન ક્ષણવારમાં ઉડીને કુશાગ્રપુરમાં આવ્યું. ॥ ૧૮ ॥

विमानं व्योम्नि संस्थाप्य । प्राक् प्रवेशे पुरांतरा ॥
वसंततिलकायाः सो—ऽनभ्रवृष्टिमुदं ददौ ॥ १९ ॥

અર્થ:—પછી તેણે વિમાનને આકાશમાં સ્થાપીને તથા નગરમાં જઇને પ્રથમ વસંતતિલકાને વાદળાંવિનાની વૃષ્ટિસરખો હર્ષ આપ્યો.

अमित्रदमनो भूपः । श्रुत्वा लोकात्तमागतं ॥
महद्धर्या कारयामास । तत्प्रवेशमहोत्सवं ॥ २० ॥

અર્થ:—પછી અમિત્રદમન રાજાએ લોકોના મુખથી તેને આવેલો જાણીને મોટા આડંબરથી તેનો પ્રવેશમહોત્સવ કરાવ્યો. ॥ ૨૦ ॥

भूपस्तस्यालयं तस्मै । कृत्वा विभवपूरितं ॥
ददौ यथा वसंततुः । पिकायाम्रं फलैर्भृतं ॥ २१ ॥

અર્થ:—પછી વસંતઋતુ કોયલને જેમ ફલોથી ભરેલો આંબો આપે તેમ રાજાએ તેને તેનું ઘર સમૃદ્ધિથી ભરપૂર કરીને આપ્યું.

महद्धर्या प्रविशन् लोकै—रालुलोके स्वसद्मतः ॥
दृशा जीवन् जनः किं किं । न पश्येदितिवादिभिः ॥ २२ ॥

અર્થ:—અહો! જીવતો માણસ શું શું નથી જોતો? એમ બોલતાથકા લોકો મહાડંબરથી પ્રવેશ કરતા તે ધમ્મિલને પોતપોતાના ઘરમાંથી નેત્રોવડે જોવા લાગ્યા. ॥ ૨૨ ॥

तदा धनवसुस्तस्य । श्वशुऽरोवसरं विदन् ॥
तत्रायस्रौ वियोगार्त्तां । पुरस्कृत्य यशोमतीं ॥ २३ ॥

અર્થ:—તે વખતે તેનો ધનવસુ નામનો સસરો પણ અવસર જાણીને વિયોગથી પીડાતી યશોમતીને અગાડી કરીને ત્યાં આવ્યો. ॥૨૩॥

मिलनाय समायासी—द्यो यस्तस्य तदा मुदा ॥
स भेजे दानमानाभ्यां । तस्य तस्योत्तमर्णतां ॥ २४ ॥

અર્થ:—તે વખતે જે જે માણસ હર્ષથી તેને મળવા આવ્યા, તે સર્વને દાન અને માનથી સંતુષ્ટ કરીને તેઓના કરજથી મુક્ત થવા લાગ્યો.

स्वपितुः स परिम्लानां । कीर्त्तिवल्लीमजीवयत् ॥
उदारताघनः पुण्य—फलां त्यागजलैः श्रितः ॥ २५ ॥

અર્થ:—પછી પોતાના પિતાની કરમાઇ ગયેલી કીર્તિરૂપી વેલડીને ઉદારતારૂપી વરસાદસરખા અને દાનરૂપી જલવાળા તે ધમ્મિલે ફરીને પ્રફુલ્લિત કરવાથી તે પુણ્યરૂપી ફલ દેનારી થઇ. ॥ ૨૫ ॥

वर्ण्यसौवर्णसत्पीठं । गरीयोऽगुरुधूपनं ॥

अभ्यंतरं चतुःशालं । सोऽन्येद्युः स्वगृहेऽश्रयत् ॥ २६ ॥

અર્થ:—એક દિવસે તે પોતાના ઘરમાં મનોહર અગુરૂના ધુપવાળા અંદરના ચોગાનમાં મનોહર સુવર્ણના બાજોઠપર બેઠો છે, ॥૨૬॥

वसंततिलका प्रोचे । तदा तं सरलाशया ॥

गृहद्वारेऽद्य किं चक्रे । नाथ वेषांतरं त्वया ॥ २७ ॥

અર્થ:—ત્યારે સરલ આશયવાળી વસંતતિલકાએ તેને કહ્યું કે, હે નાથ! આજે ઘરને બારણે આપે બીજો વેષ શામાટે ધારણ કર્યો હતો?

भवन्मनोविनोदाय । तथा चक्रेऽथ तामृजुं ॥

स विप्रतारयन्नेवं । विवेकी हृद्यचिंतयत् ॥ २८ ॥

અર્થ:—તારા મનને આનંદ આપવામાટે મેં તેમ કર્યું હતું, એવી રીતે તે સરલ સ્વભાવવાળી વસંતતિલકાને ઠગતોથકો તે બુદ્ધિવાન ધમ્મિલ મનમાં વિચારવા લાગ્યો કે, ॥ ૨૮ ॥

नान्यद्वेषं चकाराहं । वदत्येवमियं पुनः ॥

इह मन्येऽहमन्येन । भवितव्यं नरेण तत् ॥ २९ ॥

અર્થ:—મેં બીજો વેષ કર્યો નથી, અને આ એમ કહે છે, માટે હું ધારૂં છું કે અહીં કોઇક બીજો પુરૂષ આવેલો હોવો જોઇયે. ॥૨૯॥

विद्यातिरोहिततनु—र्ननु सोऽप्यत्र तिष्टति ॥

न हि दृश्यवपुर्मर्त्यः । स्थातुं शक्तो ममौकसि ॥ ३० ॥

અર્થ:—તે પુરૂષ ખરેખર વિદ્યાથી ગુપ્ત શરીરવાળો થઇને અહીં રહે છે, કેમકે દેખાતા શરીરવાળો માણસ અહીં મારા ઘરમાં રહેવાને સમર્થ નથી. ॥ ૩૦ ॥

ततः स तद्वधोपायं । चिंतयन्नंतरालयं ॥

वितस्ताराशु सिंदूर—रजःपुंजं समंततः ॥ ३१ ॥

અર્થ:—પછી તેણે તેને મારવાનો ઉપાય ચિંતવીને તુરત ઘરની અંદર ચોતરફ સિંધોરના ભુકાનો સમુહ પથરાવ્યો. ॥ ૩૧ ॥

स्वयं च वंचनाचंचुः । पंचाननसदृग्बलः ॥

करे कृपाणमादाय । स प्रच्छन्नमवस्थितः ॥ ३२ ॥

અર્થ:—અને ઠગવામાં કુશલ તથા સિંહસરખો બલવાન તે પોતે હાથમાં તલવાર લેઇને ગુપ્તપણે રહ્યો. ॥ ૩૨ ॥

स तावदाययौ खेटो । विद्यादूरितदर्शनः ॥

अनंगतामिव प्राप्तो—ऽनंगराजस्य शासनात् ॥ ३३ ॥

અર્થ:—એવામાં કામદેવના હુકમથી જાણે અનંગપણાને પ્રાપ્ત થયો હોય નહિ એવો વિદ્યાથી અદૃશ્ય થયેલો તે વિદ્યાધર ત્યાં આવ્યો.

सिंदूरक्षोदसंलग्नां । तस्य पश्यन् पदावलीं ॥

लघुहस्ततया धीरः । स कृपाणमवाहयत् ॥ ३४ ॥

અર્થ:—ત્યારે સીંધોરના ભુકામાં ચોટેલી તેના પગલાંની શ્રેણિને જોઇને તે ધીર ધમ્મિલે હાથચાલાકીથી પોતાની તલવાર ચલાવી.

तेन भाग्यवता खड्गे—नाहतो व्याहितोष्मणा ॥

चित्रमानंच पंचत्वं । द्विखंडोऽपि खगाधमः ॥ ३५ ॥

અર્થ:—તે ભાગ્યવાન ધમ્મિલે તેજસ્વી તલવારથી મારેલો તે નીચ વિદ્યાધર આશ્ચર્ય છે કે બે ટુકડાવાળો થયા છતાં પંચત્વ ( મૃત્યુ ) પામ્યો ! ॥ ૩૫ ॥

भूतधात्रि न किं शिक्षा । त्वयाप्यस्मै व्यतीर्यत ॥

रोषेणेवेति स क्षोणीं । खनित्रेणाखनत्तदा ॥ ३६ ॥

અર્થ:—અરે પૃથ્વીમાતા ! તેં પણ આને શિક્ષા કેમ ન આપી ? એવી રીતના રોષવડે કરીને જાણે હોય નહિ તેમ તેણે તે વખતે કોદાળીથી પૃથ્વીને ખોદી. ॥ ૩૬ ॥

अस्य जंतुमधो यांतं । देहश्चाप्यनुगच्छतु ॥

इति क्षिप्त्वा भुवोऽधस्तं । स उपर्यतनोद्रजः ॥ ३७ ॥

અર્થ:—અધોગતિમાં જતા આના જીવની પાછલ તેના શરીરે પણ જવું જોઇયે, એમ વિચારી તેના શરીરને તે ભૂમીમાં દાટીને ઉપર તેણે ધૂળ નાખી. ॥ ૩૭ ॥

ततस्तस्याभवद्भीति—शंका तद्वधजा हृदि ॥

नूनं समाधिभंगाय । वैरमौजस्विनामपि ॥ ३८ ॥

અર્થ:—પછી તેના હૃદયમાં તેને મારવાથી ડરની શંકા ઉત્પન્ન થઇ, કેમકે વૈર છે તે ખરેખર પરાક્રમીઓના સુખનો પણ નાશ કરનારૂં થાય છે. ॥ ૩૮ ॥

यथा यथा नृणां संपद् । द्विषां कंपस्तथा तथा ॥

विवस्तुः प्रतिपच्चंद्रो । ग्रस्यते न हि राहुणा ॥ ३९ ॥

અર્થ:—જેમ જેમ માણસોને સંપદા મળે છે, તેમ તેમ વૈરીઓતરફનો ડર વધે છે, કેમકે તેજવિનાનો પડવાનો ચંદ્ર કંઈ રાહુથી ગ્રસાતો નથી. ॥ ૩૯ ॥

कंकेलितलमालीनः । स्वगृहोपवनेऽन्यदा ॥
ददर्श दर्शनानंद—करीमेकां मृगीदृशं ॥ ४० ॥

અર્થ:—પછી એક દિવસે તે પોતાના ઘરના બગીચામાં જ્યારે અશોકવૃક્ષનીચે બેઠો હતો, ત્યારે જોવાથીજ આનંદ કરનારી એક સ્ત્રીને ત્યાં તેણે જોઈ. ॥ ૪૦ ॥

चकोरपारणाकाश—वासवारिधिमज्जनैः ॥
पुण्यैरिंदुर्यदास्यत्वं । प्राप्य नित्योदयोऽभवत् ॥ ४१ ॥

અર્થ:—ચકોરપક્ષિઓનાં પારણા, આકાશમાં નિવાસ, તથા સમુદ્રમાં બુડવાઆદિક પુણ્યોથી તે સ્ત્રીનું મુખપણું પામીને ચંદ્ર હમેશના ઉદયવાળો થયો છે. ॥ ૪૧ ॥

अमुं केवलमालोक्य । रागमागान्नृणां गणः ॥
इति देहे दधौ हैमीं । भूषां या न पुनः श्रिये ॥ ४२ ॥

અર્થ:—કેવલ તેણીને જોઇને લોકોનો સમુહ રાગ પામતો હતો, એમ વિચારીને તેણીએ સુવર્ણનાં આભૂષણ ધાર્યાં હતાં, પરંતુ શોભામાટે ધાર્યાં નહોતાં. ॥ ૪૨ ॥

दधती गतिमारोह—द्वक्षोरुहभरालसां ॥
समुपेत्य समाचष्ट । कासि पृष्टेति तेन सा ॥ ४३ ॥

અર્થ:—પ્રફુલ્લિત થતા સ્તનના ભારથી મંદ ગતિને ધારણ કરનારી એવી તે સ્ત્રીની પાસે જઇને ધમ્મિલે પૂછયું કે તું કોણ છો? ત્યારે તે બોલી કે—॥ ૪૩ ॥

अस्ति वैताढ्यभूमींद्र—दक्षिणश्रेणिभूषणं ॥
अशोकपुरमस्तोक—लोकश्रीभासुरं पुरं ॥ ४४ ॥

અર્થ:—વૈતાઢ્ય પર્વતની દક્ષિણશ્રેણિને શોભાવનારૂં તથા લોકોની ઘણી લક્ષ્મીથી દેદીપ્યમાન થયેલું અશોકપુર નામનું નગર છે. ॥૪૪॥

मेघसेनो नृपस्तत्र । वृत्रशत्रुसमस्थितिः ॥
राज्ञी शशिप्रभा तस्य । शशिज्योत्स्नेव निर्मला ॥ ४५ ॥

અર્થ:—ત્યાં ઇંદ્રસરખી સ્થિતિવાળો મેઘસેન નામે રાજા છે, તેને ચંદ્રની કાંતિસરખી નિર્મલ શશિપ્રભા નામે રાણી છે. ॥ ૪૫ ॥

तस्याभूतामपत्ये द्वे । यथा युगलधर्मिणः ॥
पुत्रो मेघजवो नाम । मेघमालाहमंगजा ॥ ४६ ॥

અર્થ:—તે રાજાને યુગલીયાંનીપેઠે મેઘજવ નામે પુત્ર તથા મેઘમાલા નામની હું પુત્રી, એમ બે સંતાનો થયાં. ॥ ૪૬ ॥

नृपोऽन्यदा समं पत्न्या । राज्यसूत्रं विचिंतयन् ॥
मत्वा प्रज्ञप्तिविद्यातो । जगाद सविषादधीः ॥ ४७ ॥

અર્થ:—એક દિવસે તે રાજા સ્ત્રીસહિત રાજ્યતંત્રસંબંધિ વિચાર કરતો હતો, ત્યારે પ્રજ્ઞપ્તિવિદ્યાથી જાણીને તે ખેદયુક્ત થઇને બોલ્યો કે,

पुत्रोऽयं मेघमालाया । भर्त्ता व्यापादयिष्यते ॥
राज्यश्रीस्तदियं देवि । रंस्यतेऽन्यत्र कुत्रचित् ॥ ४८ ॥

અર્થ:—આ પુત્રને મેઘમાલાનો ભર્તાર મારશે, અને તેથી હે દેવી ! આ રાજ્યલક્ષ્મી કોઇક બીજાના હાથમાં જઇ વિલાસ કરશે.

तत् श्रुत्वा दीर्घनिःश्वासा । मुक्तोल्लासा शशिप्रभा ॥
बभार हिमसंभार—प्लुष्टांभोजसखं मुखं ॥ ४९ ॥

અર્થઃ—તે સાંભલીને આનંદરહિત થયેલી શશિપ્રભા લાંબો નિસાસો નાખીને હિમના સમુહથી બળેલા કમલસરખું મુખ ધારણ કરવા લાગી. ॥ ૪૯ ॥

बंधुप्रेम्णा स चाहं चा—वियुक्तावितरेतरं ॥
भ्रामं भ्रामं भुवं भूरि—भंगीभिश्चक्रिवद् भुवं ॥ ५० ॥

અર્થઃ—પછી બંધુના પ્રેમથી તે અને હું પરસ્પર વિયોગરહિત થયાથકા ચક્રીનીપેઠે ઘણા પ્રકારોથી આ પૃથ્વીપર ભમવા લાગ્યા.

इतः सौम्य तृतीयेऽह्नि । कुशाग्रपुरपत्तने ॥
यामि जामेऽहमित्युक्त्वा । बंधुर्मे प्रचचाल सः ॥ ५१ ॥

અર્થ:—પછી હે સૌમ્ય! આજથી ત્રીજે દિવસે હે બહેન ! હું કુશાગ્રપુર નામના નગરમાં જાઉં છું એમ કહીને તે મારો ભાઇ ચાલતો થયો. ॥ ૫૧ ॥

विक्लवाहमपि भ्रातु—र्वियोगे तस्य पृष्टतः ॥
अद्यानवद्यविद्यातो । जातोत्पातायपात्रिह ॥ ५२ ॥

અર્થ:—ત્યારે ભાઇના વિયોગથી હું પણ ગભરાઇને આજે નિર્મલ વિદ્યાથી ઉડીને તેની પાછળ અહીં આવી. ॥ ૫૨ ॥

जनाननादिहाश्रौषं । वधं बंधोस्त्वया कृतं ॥

ततः कोपेन कंपांगी । चेतसीति व्यचिंतयं ॥ ५३ ॥

અર્થ:—અહીં આવ્યા બાદ મેં લોકોના મુખથી સાંભળ્યું કે તમોએ મારા ભાઇનો વધ કર્યો છે, ત્યારે ક્રોધથી કંપતા શરીરવાળી હું મનમાં વિચારવા લાગી કે, ॥ ૫૩ ॥

आयुस्तस्य ध्रुवं क्षीणं । योऽवधीन्मम सोदरं ॥

पुच्छमाच्छिद्य सर्पस्य । कियन्नंदति मानवः ॥ ५४ ॥

અર્થ:—જેણે મારા ભાઇને માર્યો છે, તેનું આયુ ખરેખર ક્ષીણ થયું છે, કેમકે સર્પનું પુંછડું ખેંચીને માણસ કેટલુંક જીવી શકે?

ततस्त्वां हंतुकामाह—मिह सत्वरमागमं ॥

त्वय्यासन्ने तु रोषोऽग्नि—रिव वारिणि मेऽशमत् ॥ ५५ ॥

અર્થ:—પછી હું તમોને મારવાની ઇચ્છાથી તુરત અહીં આવી, પરંતુ જલપાસે જેમ અગ્નિ તેમ તમારાપાસે આવવાથી મારો ક્રોધ શાંત થઇ ગયો. ॥ ૫૫ ॥

तन्मे स्वांगपरिष्वंग—सुधास्वादप्रसादतः ॥

अतिथेस्तथ्यमातिथ्यं । विचारज्ञ समाचर ॥ ५६ ॥

અર્થ:—માટે હે વિચારવંત! હવે આપના શરીરના આલિંગન-રૂપ અમૃતનો સ્વાદ ચખાડીને મારી અતિથિની ખરી પરોણાગત કરો?

तामीदृक्स्नेहलालापां । स दाक्षिण्यैकदीक्षितः ॥

गांधर्वेण विवाहेन । विवाह्यांकमुपानयत् ॥ ५७ ॥

અર્થ:—એવી રીતના સ્નેહયુક્ત વચનોવાળી એવી તેણીને દાક્ષિણતામાં કુશલ એવા તે ધમ્મિલે ગાંધર્વવિવાહથી પરણીને પોતાના ખોળામાં બેશાડી. ॥ ૫૭ ॥

एवं द्वात्रिंशतादारैः । स रेजे पाणिपीडनैः ॥

श्लोकोऽक्षरैर्मुखं दंतैः । पुरुषो लक्षणैरिव ॥ ५८ ॥

અર્થ:—એવી રીતે બત્રીશ કન્યાઓને પરણીને અક્ષરોથી જેમ શ્લોક, દાંતોથી જેમ મુખ, તથા લક્ષણોથી જેમ પુરૂષ તેમ તે ધમ્મિલ શોભવા લાગ્યો. ॥ ૫૮ ॥

भोगान् सोऽभुंक्त कांताभिः । समं ताभिरनारतं ॥

पच्यमानफलानीव । तपःकल्पमहीरुहः ॥ ५९ ॥

અર્થ:—તે સ્ત્રીઓની સાથે તપરૂપી કલ્પવૃક્ષનાં પાકેલાં ફલોસરખા ભોગોને તે નિરંતર ભોગવવા લાગ્યો. ॥ ૫૯ ॥

कमला पद्मनाभाख्यं । लक्ष्मीकेलिनिकेतनं ॥
समये सुषुवे सूनुं । सरसीव सरोरुहं ॥ ६० ॥

અર્થ:—પછી કેટલેક સમયે તલાવડી જેમ કમલને તેમ લક્ષ્મીને ક્રીડા કરવાના ઘરસરખા પદ્મનાભ નામના પુત્રને કમલાએ જન્મ આપ્યો.

सलीलगमनो धीर—ध्वनिः सर्वांगसुंदरः ॥
स्फुटं कुटुंबभारस्य । धुरीण इव सोऽवृधत् ॥ ६१ ॥

અર્થ:—લીલાસહિત ગતિવાળો, ધૈર્યયુક્ત ધ્વનિવાળો તથા સર્વ શરીરે શોભતો એવો તે પુત્ર પ્રકટરીતે કુટુંબનો ભાર ઉપાડનારની-પેઠે વૃદ્ધિ પામવા લાગ્યો. ॥ ૬૧ ॥

एवं दिनेष्वनेकेषु । व्रजत्सु लवलीलया ॥
चतुर्ज्ञानधरस्तत्रा—ययौ धर्मरुचिर्मुनिः ॥ ६२ ॥

અર્થ:—એવી રીતે ક્ષણનીપેઠે અનેક દિવસો ગયાબાદ ત્યાં ચાર જ્ઞાન ધરનારા ધર્મરૂચિ નામે મુનિ પધાર્યા. ॥ ૬૨ ॥

सदोद्योतमया लोक—स्फुरत्तमतमश्छिदः ॥
यं सेवंते सुविहिताः । किरणा इव भास्करं ॥ ६३ ॥

અર્થ:—કિરણો જેમ સૂર્યને તેમ તે મુનિને હમેશાં ઉદ્યોતવાળા અને દુનિયામાં અત્યંત ફેલાતા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનારા સુવિહિત મુનિઓ સેવતા હતા. ॥ ૬૩ ॥

आरक्षकेण तपसा । विकारास्तस्करा इव ॥
यत्पुराद्दुरिता नैव । प्रवेष्टुं पुनरीशते ॥ ६४ ॥

અર્થ:—તપરૂપી આરક્ષકથી ડરેલા વિકારો તસ્કરોનીપેઠે તેના શરીરરૂપી નગરથી દૂર ગયેલા હોવાથી તેમાં ફરીને પ્રવેશજ કરી શકતા નથી. ॥ ૬૪ ॥

यद्वाग्गांभीर्यमध्येतुं । घनो घर्घरितध्वनिः ॥
जलयोगादसंप्राप्त—विद्यो वहति कालिमां ॥ ६५ ॥

અર્થ:—વળી જે મુનિની વાણીની ગંભીરતાનો અભ્યાસ કરવા-માટે ઘર્ઘરધ્વનિવાળો મેઘ વિદ્યા ન મલવાથી જલના યોગથી કાળાશને ધારણ કરે છે. ॥ ૬૫ ॥

नृणामखंडपाखंड—चंडानिलविलोलनैः ॥
विच्छायतां गतां भाव—वल्लीं पल्लवयन् हृदि ॥ ६६ ॥

અર્થ:—અખંડ પાખંડરૂપી ભયકર પવનના ઝપાટાથી માણસોની વિખરાઇ ગયેલી હૃદયમાં રહેલી ભાવરૂપી વેલડીને નવપલ્લવ કરતાથકા,

सदाचारजुषा दक्षो । मलयानिललीलया ॥
पापतापमपाकुर्वन् । भवारण्यभ्रमोद्भवं ॥ ६७ ॥

અર્થ:—સદાચારવાળી મલયાચલના પવનની લીલાથી સંસારરૂપી જંગલમાં ફરવાથી ઉત્પન્ન થયેલા પાપરૂપી તાપને દૂર કરતા, તથા દક્ષ,

विवेकिकोकिलकुले । स्वाध्यायध्वनिवर्द्धनः ॥
सन्मनोरथमाकंदान् । फलयोग्यां दशां नयन् ॥ ६८ ॥

અર્થ:—વિવેકી મનુષ્યોરૂપી કોયલોના સમુહના સ્વાધ્યાયરૂપી ધ્વનિની વૃદ્ધિ કરનારા, તથા સ્વજનોના મનોરથોરૂપી આમ્રવૃક્ષોને ફલલાયક સ્થિતિમાં લેઇ જતા, ॥ ૬૮ ॥

भव्यपांथान् शिववधू—त्कंठया त्वरयन्नलं ॥
आगमार्थरसास्वादे । सादरं विदधज्जनं ॥ ६९ ॥

અર્થ:—ભવ્યોરૂપી પંથિઓને મોક્ષસ્ત્રીને મળવાની ઉત્કંઠાથી એકદમ ઉતાવલ કરાવતા, તથા આગમોના અર્થનો રસ ચાખવામાં લોકોને આદરયુક્ત કરનારા, ॥ ૬૯ ॥

स्मेरयन् सुमनःश्रेणीं । पुरस्कुर्वन् तपःस्थितिं ॥
तन्वन् परमहो दोषा—वतारं तुच्छतां नयन् ॥ ७० ॥

અર્થ:—સજ્જનોની શ્રેણિને ( પુષ્પોની શ્રેણિને ) પ્રફુલ્લિત કરતા, તપની સ્થિતિને અગાડી કરતા, મહાપર્વને ( મોટા દિવસને ) વિસ્તારતા, દોષોની ઉત્પત્તિને ( રાત્રિની ઉત્પત્તિને ) સ્વલ્પ કરતા, ॥૭૦॥

आनंदी कविकीराणां । सदालिभिरभिष्टुतः ॥
स मुनिर्भूषयामास । वनदेशं वसंतवत् ॥७१॥ षड्भिः कुलकं ॥

અર્થ:—કવિરૂપી શુકોને આનંદ આપનારા, સજ્જનોની શ્રેણિથી ( હમેશાં ભમરાઓથી ) સ્તુતિ કરાયેલા એવા તે મુનિ વસંતઋતુનીપેઠે વનના પ્રદેશને શોભાવવા લાગ્યા. ॥ ૭૧ ॥

मुनेर्निनंसया तस्य । निर्ययौ नगरान्नृपः ॥
प्रातः पंकेरुहोपास्त्यै । कुमुदादिव षट्पदः ॥ ७२ ॥

અર્થ:—પ્રભાતમાં કમલને સેવવામાટે કુમુદમાંથી જેમ ભ્રમર નિકળે, તેમ તે મુનિને વાંદવામાટે રાજા નગરમાંથી નિકલ્યો. ॥૭૨॥

**साधुचक्रेशतां धत्ते । स त्रिश्वप्रकटं मुनिः ।।**

**तत्याज राजचिह्नानि । ततस्तद्दर्शने नृपः ।। ७३ ।।**

અર્થ:—મુનિરાજ આ જગતમાં પ્રકટરીતે સાધુઓમાં ચક્રવર્તિપણું ધારણ કરે છે, એમ વિચારીને રાજાએ તેમના દર્શનથી પોતાનાં રાજચિહ્નો છોડી દીધાં. ॥ ૭૩ ॥

**पश्यन् शमसुधांभोधौ । क्रीडतो दांतचेतसः ।।**

**निर्विकारान् प्रसन्नास्य—नयनानभितो मुनीन् ।। ७४ ।।**

અર્થ:—તે મુનિરાજની આસપાસ રહેલા, સમતારૂપી અમૃતસાગરમાં ક્રીડા કરતા, દાંત મનવાળા, નિર્વિકારી તથા પ્રસન્ન મુખવાળા મુનિઓને જોતોથકો, ॥ ૭૪ ॥

**नृपो ननाम निर्नाम—कृतमानो मुनीश्वरं ।।**

**तत्पादाब्जरजो भाल—स्थले तिलकयन् मुदा ।। ७५ ।।**

અર્થ:—તે રાજા અહંકારરહિત થઇને તેમના ચરણકમલની રજને હર્ષથી પોતાના લલાટસ્થલમાં તિલકરૂપ કરતોથકો તે મુનિરાજને નમ્યો.

**ज्ञातोदंतः परिजना—द्धम्मिलोऽपि स धर्मधीः ।।**

**रथारूढो वनं गत्वा । तं मुनिं सप्रियोऽनमत् ।। ७६ ।।**

અર્થ:—તે વખતે તે ધર્મબુદ્ધિવાળો ધમ્મિલ પણ પરિવારમારફતે તે વૃત્તાંત જાણીને પોતાની સ્ત્રીઓસહિત રથમાં બેશી વનમાં જઇને તે મુનિરાજને નમ્યો. ॥ ૭૬ ॥

**नामं नामं निविष्टेसु । नागरेष्वपरेष्वपि ।।**

**आरेभे देशनां धीर—ध्वनिर्मुनिमतल्लिका ।। ७७ ।।**

અર્થ:—વળી નગરના બીજા લોકો પણ નમી નમીને બેશતે છતે તે મુનિમહારાજે પણ મધુર ધ્વનિથી દેશના દેવા માંડી. ॥ ૭૭ ॥

**धर्मो जिनोदितोऽसारे । संसारेऽत्र मलीमसे ।।**

**इवावकरके रत्नं । सभाग्यैरेव लभ्यते ।। ७८ ।।**

અર્થ:—આ અસાર અને મલીન સંસારમાં જિનેશ્વરપ્રભુએ કહેલો ધર્મ કચરાની અંદર રહેલા રત્નની પેઠે ભાગ્યવંતોનેજ મળી શકે છે. ॥ ૭૮ ॥

तं च चंचत्प्रभं प्राप्य । संपत्संपादनक्षमं ॥

पदं मादुः प्रमादस्य । दस्योरिव सचेतसः ॥ ७९ ॥

અર્થ:—ચળકતી પ્રભાવાળા અને સંપદાને મેળવવામાં સમર્થ એવા તે ધર્મને પામીને હે બુદ્ધિવાન મનુષ્યો! ચોરસરખા પ્રમાદને સ્થાન આપશો નહિ. ॥ ૭૯ ॥

तज्ज्ञैः प्रपंचयांचक्रे । प्रमादः स च पंचधा ॥

कषाया विषया मद्यं । निद्रा च विकथा तथा ॥ ८० ॥

અર્થ:—તે ધર્મના જાણકારોએ તે પ્રમાદને કષાય, વિષય, મદ્ય, નિદ્રા, અને વિકથારૂપ પાંચ પ્રકારનો વર્ણવ્યો છે. ॥ ૮૦ ॥

क्रोधाद्यास्तत्र चत्वारः । कषायाः परिकीर्त्तिताः ॥

चतुर्दुर्गतिवासाय । ये स्युः प्रतिभुवोंगिनां ॥ ८१ ॥

અર્થ:—તેમાં ક્રોધાદિક ચાર કષાયો કહેલા છે, કે જે ચાર પ્રકારની દુર્ગતિમાં રહેવામાટે પ્રાણીઓને સાક્ષીરૂપ છે. ॥ ૮૧ ॥

क्रोधं त्यजत भो भव्याः । क्रोधो दव इव क्षणात् ॥

भस्मसात्कुरुते बद्ध—मूलं सुकृतकाननं ॥ ८२ ॥

અર્થ:—માટે હે ભવ્યો! તમો ક્રોધનો ત્યાગ કરો? કેમકે ક્રોધ છે તે દાવાનલનીપેઠે દૃઢમૂલવાળાં પણ પુણ્યરૂપી વનને ભસ્મરૂપ કરી નાખે છે. ॥ ૮૨ ॥

मानो न मानवैर्मान्यो । मद्यपानोपमो ह्ययं ॥

कुरुते चतुरैः शोच्यान् । विचेतीकृत्य देहिनः ॥ ८३ ॥

અર્થ:—વળી માણસોએ માનને પણ ધારણ કરવું નહિ, કેમકે તે મદ્યપાનસમાન છે, વળી તે માણસોને નિશ્ચેતન કરીને વિદ્વાનોને શોચનીય બનાવે છે. ॥ ૮૩ ॥

को मायां भजते धीमान् । माया विषधरीव यत् ॥

मनोबिलाश्रयाज्जात—बलाद्दशति देहिनः ॥ ८४ ॥

અર્થ:—કયો બુદ્ધિવાન માણસ માયાને ભજે? કેમકે તે સર્પણી સરખી છે, અને તે મનરૂપી બિલમાં ભરાઇ જવાથી બલવાન થઇને પ્રાણીને ડંખે છે. ॥ ૮૪ ॥

हेयो लोभस्य संक्षोभः । लोभः कुल्माषबिंदुवत् ॥

विदूषयति यद्दुग्ध—मंजुलं गुणमंडलं ॥ ८५ ॥

અર્થ:—વળી લોભના ક્ષોભનો પણ ત્યાગ કરવો, કેમકે લોભ છે તે બાકળાના બિંદુનીપેઠે દૂધસરખા મનોહર ગુણમંડળને દૂષિત કરે છે. ॥ ૮૫ ॥

रसो गंधस्तथा स्पर्शो । रूपं शब्दश्च विश्रुताः ॥
भवंति विषयाः पंच । पंचेषोर्विशिखा इव ॥ ८६ ॥

અર્થ:—કામદેવના બાણોસરખા રસ, ગંધ, સ્પર્શ, રૂપ, તથા શબ્દ નામના પાંચ પ્રખ્યાત વિષયો છે. ॥ ૮૬ ॥

विहंगभृंगमातंग—पतंगमृगवज्जनं ॥
हंत्येकैकोऽपि विषयो । मिलिताः पंच किं पुनः ॥ ८७ ॥

અર્થ:—તેમાનો એકેક વિષય પણ પક્ષિ, ભમરા, હાથી, પતંગ તથા હરિણનીપેઠે માણસને હણે છે, ત્યારે તે પાંચે એકઠા થયેલાની તો વાતજ શું કરવી? ॥ ૮૭ ॥

विषयेषु विरज्यध्वं । विषमा विषतोऽपि ये ॥
विषमानीयते दूरा—द्विषयास्तु शरीरगाः ॥ ८८ ॥

અર્થ:—માટે તમો તે વિષયોથી વિરક્ત થાઓ? કેમકે તેઓ વિષથી પણ વિષમ છે, વિષ તો દૂરથી લાવવામાં આવે છે, અને વિષયો તો શરીરમાંજ રહેલા છે. ॥ ૮૮ ॥

मा कुरुध्वं सीधुपानेच्छां । तया हि निपतत्यधः ॥
वात्ययेव जनः शिष्ट—प्रतिष्टागिरिशृंगतः ॥ ८९ ॥

અર્થ:—વળી તમો મદ્યપાનની પણ ઈચ્છા ન કરો? કેમકે વાયુથી જેમ તેમ તે મદ્યપાનથી મનુષ્ય ઉત્તમ પ્રશંસારૂપી પર્વતના શિખરપરથી નીચે પટકી પડે છે. ॥ ૮૯ ॥

न निद्राविह्वलैर्भाव्यं । यज्जीवन्नपि निद्रया ॥
भवेत्परभवं प्राप्त । इव प्राणी विचेतनः ॥ ९० ॥

અર્થ:—વલી પ્રાણીઓએ નિદ્રાથી પણ અતિ વ્યાકુલ થવું નહિ, કેમકે નિદ્રાવડે કરીને જીવતો પ્રાણી પણ મૃત્યુ પામેલાનીપેઠે ચૈતન્ય રહિત થાય છે. ॥ ૯૦ ॥

नरेशदेशभक्तस्त्री—भेदतो विकथास्तथा ॥
चतस्रोऽपि कषायाणां । सहोदर्य इवोदिताः ॥ ९१ ॥

અર્થ:—રાજકથા, દેશકથા, ભક્તકથા, તથા સ્ત્રીકથા, એમ ચાર પ્રકારની વિકથાઓ કષાયોની બહેન સરખી કહેલી છે. ॥ ૯૧ ॥

माभूत विकथायत्ता । यत्ताभिर्विवशो जनः ॥
पिशाचकीव भूयांसं । कालं गमयतेऽफलं ॥ ९२ ॥

અર્થ:—માટે પ્રાણીઓએ તે વિકથાને આધીન થવું નહિ, કેમકે તે વિકથાઓથી વિવશ થયેલો પ્રાણી પિશાચકીનીપેઠે ઘણો સમય નિષ્ફલ ગુમાવે છે. ॥ ૯૨ ॥

प्रमादाः प्रसरं प्राप्य । पंच वंचनचंचवः ॥
शूरस्यापि बुधस्यापि । धर्मरत्नं हरंत्यमी ॥ ९३ ॥

અર્થ:—ઠગવામાં કુશલ એવા તે પાંચે પ્રમાદો ફેલાવો પામીને શુરા અને વિદ્વાન મનુષ્યના પણ ધર્મરૂપી રત્નને હરી લે છે. ॥૯૩॥

तत्तद्वारयितुं धीरा । यतध्वमवधानिनः ॥
येन दौर्गत्यभीभेदो—द्भूतां निर्वृतिमाप्नुथ ॥ ९४ ॥

અર્થ:—માટે હે ધીર મનુષ્યો! તે પ્રમાદોને નિવારવામાટે તમો ચીવટપૂર્વક પ્રયત્ન કરો? કે જેથી દુર્ગતિના ભયને ભેદવાથી ઉત્પન્ન થયેલા મોક્ષને મેળવી શકો. ॥ ૯૪ ॥

मुनेरुक्त्यानया पुण्यो—ल्लासभासः सभासदः ॥
जीवन्मुक्तमिवात्मानं । मेनिरे मुदिताशयाः ॥ ९५ ॥

અર્થ:—મુનિના એવી રીતના વચનથી પુણ્યોના ઉલ્લાસથી તેજસ્વી થયેલા સભાસદો આનંદિત આશયવાળા થઇને પોતાના આત્માને જીવન્મુક્તનીપેઠે માનવા લાગ્યા. ॥ ૯૫ ॥

प्रणम्य धम्मिलोऽप्राक्षीत् । तदा तं ज्ञानिनं मुनिं ॥
मम निर्मम को हेतु—स्त्रुटौ वृद्धौ च संपदः ॥ ९६ ॥

અર્થ:—હવે ધમ્મિલે તે જ્ઞાની મુનિને નમીને પૂછ્યું કે, હે નિર્મમ મુનિરાજ! મારી સંપદાના ક્ષય અને વૃદ્ધિનું શું કારણ છે?

सितदंतप्रभादंभा—द्दर्शयन् ज्ञानवर्णिकां ॥
मुनिः प्राग्जन्मवृत्तांतं । तं प्रत्यभिदधे ततः ॥ ९७ ॥

અર્થ:—ત્યારે શ્વેત દાંતોની કાંતિના મિષથી જ્ઞાનનો નમુનો દેખાડતાથકા તે મુનિરાજ તેને તેના પૂર્વભવનું વૃત્તાંત કહેવા લાગ્યા. ॥૯૭॥

अस्त्यत्र भारते क्षेत्रे । भृगुकच्छं महापुरं ॥
यस्य विभस्य वध्वेव । रेवयासेवि सन्निधिः ॥ ९८ ॥

અર્થ:—આ ભરતક્ષેત્રમાં ભૃગુકચ્છ નામે એક મહાન નગર છે, સ્ત્રી જેમ ભર્તારનું તેમ જે નગરનું પડખું રેવા નદી સેવી રહી છે.

महाधनाभिधस्तत्रा—भवत्कौटुंबिकाग्रणीः ॥
मिथ्याश्रुतवचोनीली—रागरंजितमानसः ॥ ९९ ॥

અર્થ:—ત્યાં એક મહાધન નામનો કૌટુંબિકોનો અગ્રેસર રહેતો હતો, પરંતુ તેનું મન મિથ્યાત્વીઓનાં શાસ્ત્રોનાં વચનોરૂપી ગળીના રંગથી રંગાયેલું હતું. ॥ ૯૯ ॥

श्रुतिं न यस्य जैनी वा—क्प्रविवेश कदाचन ॥
मरुदेशं मरालीव । कामगौरिव पक्कणं ॥ ३४०० ॥

અર્થ:—વળી મરૂદેશમાં જેમ હંસણી, તથા દરિદ્રીપ્રતે જેમ કામધેનુ તેમ તેના કર્ણમાં કોઇપણ દીવસે જૈનવચને પ્રવેશ કર્યો નહોતો.

दयाहिंसाविवेकोऽपि । येन मिथ्यादृशा भृशं ॥
जन्मांधेनेव नाबोधि । वासरक्षणदांतरं ॥ १ ॥

અર્થ:—વળી જન્માંધનીપેઠે તે અત્યંત મિથ્યાદૃષ્ટિ મહાધને દિવસે કે રાત્રિએ દયા કે હિંસા વચ્ચેનો તફાવત પણ જાણ્યો નહોતો.

दुर्व्रणस्येव पीडास्य । पत्न्यपि पापपंकिला ॥
सुनंदाह्वस्तयोः पुत्रः । सच्चरित्रः स्वभावतः ॥ २ ॥

અર્થ:—દુષ્ટગુંમડાવાલાને જેમ પીડા તેમ તેની સ્ત્રી પણ પાપોથી મલીન થયેલી હતી, તેઓને સ્વભાવથીજ ઉત્તમ ચારિત્રવાળો સુનંદ નામે પુત્ર હતો. ॥ ૨ ॥

कदाचन गृहे तस्य । सुहृदः केचिदाययुः ॥
स तेषां भूयसीभक्ति—र्भोज्यगौरवमातनोत् ॥ ३ ॥

અર્થ:—હવે એક દિવસે તેને ઘેર કેટલાક મિત્રો આવ્યા ત્યારે તે મહાધન ઘણી ભક્તિપૂર્વક તેઓનો ભોજનસત્કાર કરવા લાગ્યો. ॥૩॥

सुनंदः पितुरादेशा—द्ययौ पलजिघृक्षया ॥
एकेनागंतुना युक्त—स्तदा सौनिकपाटकं ॥ ४ ॥

અર્થ:—તે વખતે પિતાના હુકમથી તે સુનંદ માંસ લેવાની ઇચ્છાથી આવેલા એક પરોણાને સાથે લેઇને કસાઇવાડામાં ગયો. ॥૪॥

विक्रीते प्राक्तने मांसे । नवे त्वक्क्वथिते पशौ ॥
भवितव्यतया तत्र । न ताभ्यां पलमाप्यत ॥ ५ ॥

અર્થ:—ત્યાં પૂર્વનું માંસ વેચાઇ જવાથી, તથા નવો પશુ ચામડીના દરદવાળો હોવાથી ભવિતવ્યતાને યોગે તેઓને માંસ મળ્યું નહિ.

मूर्ते जलचरावर्ते । ततः कैवर्त्तपाटके ॥

तौ जग्मतुर्न तत्रापि । लेभाते प्राग्हतांस्तिमीन् ॥ ६ ॥

અર્થ:—પછી તેઓ મૂર્તિવંત જલચરોની ખાણસરખા મચ્છીમારના પાડામાં ગયા, પરંતુ ત્યાં પણ તેઓને પ્રથમથી મારેલાં મત્સ્ય મલ્યાં નહિ. ॥ ૬ ॥

सुनंदेन निषिद्धोऽपि । तत्र प्राघुर्णकोऽग्रहीत् ॥

जीवंतः शफरान् पंच । क नु मिथ्यादृशां कृपा ॥ ७ ॥

અર્થ:—ત્યારે તે પરોણાએ સુનંદે નિષેધ્યા છતાં પણ ત્યાંથી પાંચ જીવતા મત્સ્યો લીધા, કેમકે મિથ્યાત્વીઓને દયા ક્યાંથી હોય?

व्यावर्त्तोऽसावुपजला—शयं क्वापि जडाशयः ॥

जगौ सुनंदमत्र त्वं । तिष्टेर्यावदुपैम्यहं ॥ ८ ॥

અર્થ:—પછી ત્યાંથી પાછા વળીને તે જડ આશયવાળો પરોણો એક જલાશયપાસે આવીને સુનંદને કહેવા લાગ્યો કે હું હમણા આવું છું ત્યાંસુધી તું અહીં રહેજે. ॥ ૮ ॥

इत्युदित्वा करे तस्य । समर्प्य शफरानसौ ॥

जगाम देहचिंतार्त्तः । सोऽपि तत्रैव तस्थिवान् ॥ ९ ॥

અર્થ:—એમ કહી તેના હાથમાં તે મત્સ્યો સોંપીને તે દેહચિંતામાટે ગયો, અને તે સુનંદ પણ ત્યાંજ બેઠો. ॥ ૯ ॥

दृष्ट्वा जलमनूपस्थं । मीनास्तत्र जलाशये ॥

तेनालोक्यंत ताम्यंतो । मातुरंकमिवार्भकाः ॥ १० ॥

અર્થ:—હવે ત્યાં તે જલાશયમાં નજીક રહેલું જલ જોઇને માતાના ખોળામાં જેમ બાલકો તેમ તે મત્સ્યોને તેણે તડફડતા જોયા. ॥૧૦॥

अभव्यात्मतया जाता—नुकंपः कंपयन् शिरः ॥

बालोऽप्यबालधीधाम । मनसा विममर्श सः ॥ ११ ॥

અર્થ:—ત્યારે તે સુનંદ બાલક હોવા છતાં પણ મહાબુદ્ધિવાન અભવ્ય જીવ હોવાથી દયાયુક્ત થઇને મસ્તક ધુણાવતોથકો મનમાં વિચારવા લાગ્યો કે, ॥ ૧૧ ॥

प्रविष्टा जलदुर्गेऽपि । ही कुकर्मसु कर्मठैः ॥

अन्याया इव बध्यंते । दीना मीना अमी नरैः ॥ १२ ॥

અર્થ:—અરેરે! જલરૂપી કિલ્લામાં ભરાઈ બેઠેલા એવા પણ આ બિચારા મત્સ્યોને નીચ કાર્યમાં આસક્ત થયેલા મનુષ્યો અન્યાય કરનારાઓનીપેઠે બાંધે છે! ॥ ૧૨ ॥

जंतुघातं प्रकुर्वंति । क्षणिकस्वात्मतृप्तये ॥
शीतले शातनोदाय । दवदानमिवाधमाः ॥ १३ ॥

અર્થ:—અધમ માણસો ઠંડીની અસર દૂર કરવામાટે જેમ દાવાનલ સળગાવે, તેમ પોતાના આત્માની ક્ષણિક તૃપ્તિમાટે નીચ માણસો જીવહિંસા કરે છે. ॥ ૧૩ ॥

अपि मृत्युदशां प्राप्ताः । शुश्रूष्यंतेऽत्र केचन ॥
वध्यंते केऽपि जीवंतो—ऽप्यराजकमिदं जगत् ॥ १४ ॥

અર્થ:—મોતની અણીપર પહોંચેલા એવા પણ કેટલાક પ્રાણીઓની આ જગતમાં શુશ્રૂષા કરવામાં આવે છે, અને કેટલાક બિચારા પ્રાણીઓને જીવતાંજ રહેંસી નાખવામાં આવે છે, માટે આ જગત રાજાવિનાનું છે. ॥ ૧૪ ॥

पापप्रेरणया बंधू—न्नरके पातयंति ये ॥
चेत्तेऽपि सुहृदः ख्याता । हंत के तर्हि वैरिणः ॥ १५ ॥

અર્થ:—પાપકાર્યની પ્રેરણા કરીને જે માણસો બંધુઓને નરકમાં પાડે છે, અને તેઓને પણ જો મિત્રો કહેવામાં આવે, તો પછી અરે! વૈરીઓ કોને કહેવા! ॥ ૧૫ ॥

एवं सोऽक्षिपदाबिभ्र—दनुकंपारसं वरं ॥
संवरे संवरव्रातं । संवरे मुनिवन्मनः ॥ १६ ॥

અર્થ:—એવી રીતે ઉત્તમ દયારસને ધારણ કરીને મુનિ જેમ પોતાનું મન સંવરમાં તેમ તેણે તે મત્સ્યોનો સમુહ તે જલકુંડમાં છોડી દીધો. ॥ ૧૬ ॥

आगात्प्राघुर्णकस्ताव—दप्राक्षीच्च क ते रुषा ॥
स प्राह साहसी मीना । मयामुच्यंत वारिणि ॥ १७ ॥

અર્થ:—એવામાં તે પરોણાએ આવીને તેને ક્રોધપૂર્વક પૂછ્યું કે તે મત્સ્યો ક્યાં ગયા? ત્યારે તે પણ સાહસ ધરીને બોલ્યો કે મેં તો તે મત્સ્યોને આ જલમાં છોડી મેલ્યા છે. ॥ ૧૭ ॥

अहो ते चापलं वत्स । न प्राच्यैः सदृशो भवान् ॥
अविमृश्यविधेयत्व—फलं संप्राप्स्यसि स्वयं ॥ १८ ॥

અર્થ:—અરે છોકરા! આ તારૂં ઉછાંછળાપણું કેવું? ખરેખર તું તારા પૂર્વજોજેવો ન નીવડ્યો, આ તારાં વગરવિચાર્યાં કાર્યનું ફલ તું પોતાનીમેળેજ પામીશ. ॥ ૧૮ ॥

एवं निर्भर्त्सयन् बालं । व्यालं क्रोधितया जयन् ॥

जगौ स तस्य दुर्वृत्तं । तत्पितुश्चित्तकल्पितं ॥ १९ ॥

અર્થ:—એવી રીતે ક્રોધીપણાથી સર્પને પણ જીતતો તે પરોણો તે બાલકને નિભ્રંછવા લાગ્યો, અને તેનું આ દુરાચરણ મનમાં રાખીને તેના પિતાને કહી દીધું. ॥ ૧૯ ॥

किमु त्वममुचो मीना—नेवं पितरि पृच्छति ॥

कारणं करुणामेव । निर्विकल्पं जजल्प सः ॥ २० ॥

અર્થ:—તેં મત્સ્યોને શામાટે છોડી મેલ્યા? એમ તેના પિતાએ પૂછવાથી તેણે શંકારહિત દયાને તેના કારણરૂપ જણાવી. ॥ ૨૦ ॥

तात ते मे वयस्याना—मपि प्राणाः प्रिया यथा ॥

सर्वेषामपि जंतूनां । तेऽथ किमु न मन्यसे ॥ २१ ॥

અર્થ:—( વળી તે બોલ્યો કે ) હે પિતાજી ! તમારા, મારા તથા મિત્રોના પણ પ્રાણો જેમ વહાલા છે, તેમ સર્વ પ્રાણીઓના પણ તેવાજ હોય એમ આપ શામાટે માનતા નથી ? ॥ ૨૧ ॥

कुटुंबं वा शरीरं वा । भुक्त्वा भवति दूरतः ॥

आत्मैव सहते जंतु—जातघातनपातकं ॥ २२ ॥

અર્થ:—કુટુંબ અથવા શરીર તો ખાઇપીને દૂર થઇ જાય છે, પરંતુ જીવહિંસાથી ઉત્પન્ન થયેલું પાપ તો આત્માનેજ સહન કરવું પડે છે. ॥ ૨૨ ॥

अमीभिर्वचनैस्तस्य । घृतवच्छीतलैरपि ॥

ज्वरीव तापमधिकं । दधानः प्रालपत्पिता ॥ २३ ॥

અર્થ:—એવી રીતનાં તેનાં ઘૃતસરખાં શીતલ વચનોથી પણ જ્વરાકુલ માણસનીપેઠે અધિક ખેદને ધારણ કરનારો તેનો પિતા બોલ્યો કે, ॥ ૨૩ ॥

रे दुष्ट किं वयं जैना । यदेवं वर्ण्यते दया ॥

न हि चैत्रोत्सवे मैत्र—कुलाचारः प्रवर्त्तते ॥ २४ ॥

અર્થ:—અરે દુષ્ટ ! શું આપણે જૈનીઓ છીયે ! કે જેથી તું આવી રીતે દયાનું વર્ણન કરી રહ્યો છે ! કેમકે ચૈત્રના ઉત્સવમાં કંઇ મૈત્રનો કુલાચાર કરાતો નથી. ॥ ૨૪ ॥

पितुः पितामहस्यापि । त्यजन् मार्गं सुतच्छलात् ॥

त्वमरिष्टं कुलेऽस्माकं । वटे प्लक्षफलं यथा ॥ २५ ॥

અર્થ:—ઝાડમાં પીપળાના ફલનીપેઠે આપદાદાના માર્ગને છોડ-નારો તું ખરેખર પુત્રના મિષથી અમારા કુલમાં અંગારો જાગ્યો છું.

प्रपोष्यंते निजप्राणै—र्ये वयस्याश्चिरागताः ॥

परप्राणान् ददत्तेषां । शंकसे कोऽसि रे शठ ॥ २६ ॥

અર્થ:—અરે દુષ્ટ! ઘણે કાળે આવેલા આ મિત્રોને પોતાના પ્રાણોથી પણ જ્યારે આપણે પોષવા જોઇએ, ત્યારે તેથી ઉલટું પરના પ્રાણો આપતાં પણ શંકા પમાડનારો તું કયાંથી કુલમાં પાકયો?

निर्दयेनेति तेनोक्त्वा । प्रहत्य लगुडादिभिः ॥

दयावानिति बालोऽसौ । स्वगृहान्निरवास्यत ॥ २७ ॥

અર્થ:—એમ કહીને તે નિર્દય મહાધને તે બાળકને દયાલુ જાણી લાકડીઆદિકથી મારીને પોતાના ઘરમાંથી બહાર કહાડી મેલ્યો.

अनुनीतोऽपि लोकेन । कोपं तस्मिन्न सोऽत्यजत् ॥

प्रायेण दीर्घरोषाः स्यु—र्भुजगा इव तादृशाः ॥ २८ ॥

અર્થ:—લોકોએ સમજાવ્યા છતાં પણ તેણે તે બાલકપ્રતેનો કોપ-છોડયો નહિ, કેમકે પ્રાયે કરીને તેવા માણસો સર્પોનીપેઠે દીર્ઘ રોષવાળા હોય છે. ॥ ૨૮ ॥

तिरस्कृतोऽपि बालोऽसौ । न मालिन्यमलंभयत् ॥

पटोपमं दयापुण्यं । पश्चात्तापरजोभरैः ॥ २९ ॥

અર્થ:—એવી રીતે તિરસ્કાર પામ્યા છતાં પણ તે બાળકે પશ્ચા-ત્તાપરૂપી રજના સમુહથી પોતાના વસ્ત્રસરખાં દયાપુણ્યને મલીન કર્યું નહિ. ॥ ૨૯ ॥

कुर्वन् यथातथा वृत्तिं । स प्रकृत्या दयार्द्रया ॥

बालो बद्धमनुष्यायु—रचिरेण व्यपद्यत ॥ ३० ॥

અર્થ:—પછી પોતાના દયાલુ સ્વભાવથી જેમ તેમ આજીવિકા ચલાવીને તે બાળક મનુષ્યનું આયુ બાંધીને તુરત મૃત્યુ પામ્યો.

अस्ति शैलनितंबस्था । पल्ली विषमकंदरा ॥

राजते राजधानीव । पापक्ष्मापस्य या भुवि ॥ ३१ ॥

અર્થ:—પર્વતની મેખલામાં વિષમ ગુફાઓવાળી એક પલ્લી છે, કે જે આ પૃથ્વીપર રહેલા પાપરૂપી રાજાની રાજધાનીસરખી શોભેછે.

मंदरोऽमंदरोषोऽभू—दधिपस्तत्र निःकृपः

वनमाला प्रिया तस्य । भर्तृतुल्यगुणोदया ॥ ३२ ॥

અર્થ:—ત્યાં અત્યંત ક્રોધી અને નિર્દય મંદર નામે રાજા હતો, તેને ભર્તારસરખા ગુણોના ઉદયવાળી વનમાલા નામની સ્ત્રી હતી.

**स च जीवः सुनंदस्य । तस्याः कुक्षाववातरत् ॥**

**समये च प्रसूता सा । तनयं सरभाभिधं ॥ ३३ ॥**

અર્થ:—હવે તે સુનંદનો જીવ તેણીની કુક્ષિએ અવતર્યો, અને તેથી સંપૂર્ણ સમયે તેણીએ સરભ નામના પુત્રને જન્મ આપ્યો.

**कुर्वन् कुलोचिताः केली—र्व्याधमात्रपरिच्छदः ॥**

**स नारीनेत्रविश्राम—स्थानमाप वयः शिशुः ॥ ३४ ॥**

અર્થ:—તે બાળક ફક્ત પારાધિઓના પરિવારવાળો થઇને પોતાના કુલને ઉચિત ક્રીડા કરતોથકો સ્ત્રીઓના નેત્રોને વિશ્રામ કરવાના સ્થાનરૂપ યૌવનવય પામ્યો. ॥ ૩૪ ॥

**अथाकस्मिकरोगेण । मंदरे न्यग्भवं गते ॥**

**न्यवेशि सरभस्तस्य । पट्टे पल्लीमहत्तरैः ॥ ३५ ॥**

અર્થ:—હવે કોઇ આકસ્મિક રોગથી તે મંદરભિલ્લ મરીને નીચી ગતિમાં ગયાબાદ પલ્લીના મુખ્ય લોકોએ તે સરભને તેની પાટે સ્થાપ્યો.

**स्वाः प्रजाः पालयंश्चाप—करः परिकरान्वितः ॥**

**अन्येद्युरुद्यमी पल्ल्या । उपशैलं जगाम सः ॥ ३६ ॥**

અર્થ:—પછી તે પોતાની પ્રજા પાલતોથકો એક દિવસે હાથમાં ધનુષ લેઇને પરિવારસહિત પલ્લીનજીક રહેલા પર્વતપર ગયો. ॥૩૬॥

**तत्र स्थितो ददर्शासौ । नातिदूरे विहारिणः ॥**

**नराग्निरायुधान् कांश्चिद् । भूमिन्यस्तदृशः कृशान् ॥ ३७ ॥**

અર્થ:—ત્યાં રહ્યાથકાં તેણે નજીકમાં ચાલતા, આયુધવિનાના તથા પૃથ્વીપર દૃષ્ટિ રાખનારા કેટલાક દુર્બલ પુરૂષોને જોયા. ॥ ૩૭ ॥

**ततः सोऽचिंतयत्पल्ल्या—मिह ये संति मानवाः ॥**

**विपरीता अमी तेभ्यो । वीक्ष्यंते बत के पुरः ॥ ३८ ॥**

અર્થ:—ત્યારે તે વિચારવા લાગ્યો કે આ પલ્લીમાં જે માણસો રહે છે તેઓથી વિપરીત વેષવાળા વળી આ અગાડી કોણ દેખાય છે?

**ज्ञातं नष्टं धनं दृष्टु—मेषां दृष्टिरधोमुखी ॥**

**निःसंदेहं च देहेऽपि । दौर्बल्यं चिंतया तया ॥ ३९ ॥**

અર્થ:—અહો! હવે માલુમ પડયું, ખોવાએલાં ધનને જોવામાટે આ લોકોએ પોતાની દૃષ્ટિ નીચી રાખી છે, અને ખરેખર તેજ ચિંતાથી તેઓના શરીરમાં પણ દુર્બલતા છે. ॥ ૩૯ ॥

तेनैव कारणेनैते । मंदं मंदं चरिष्णवः ॥
ददुर्देवाय कस्मैचि—त्तदाप्त्यै मूर्द्धजानपि ॥ ४० ॥

અર્થ:—વળી તેજ કારણથી તેઓ મંદ મંદ ચાલે છે, અને તે ધન મેળવવામાટેજ તેઓએ ( માનતાતરીકે ) પોતાના કેશો પણ કોઇક દેવને આપેલા જણાય છે. ॥ ૪૦ ॥

यत्पुनः परितः पल्लीं । भ्राम्यंत्येते निरायुधाः ॥
तदेव चित्रं यन्नात्र । दृष्टः कोऽपि निरायुधः ॥ ४१ ॥

અર્થ:—પરંતુ આ પલ્લીની આસપાસ જે તેઓ હથિયારરહિત ભમે છે તેજ એક આશ્ચર્ય છે, કેમકે અહીં કોઇને હથિયારરહિત દીઠો નથી. ॥ ૪૧ ॥

एवं विकल्पतल्पस्थः । स तेषां सविधं ययौ ॥
धर्मलाभाशिषं चास्मै । ते दयां चक्रिरे स्वयं ॥ ४२ ॥

અર્થ:—એવી રીતે અનેક પ્રકારના વિકલ્પો કરતોથકો તે તેઓની-પાસે ગયો, ત્યારે તેઓએ પણ તેને પોતાનીમેળેજ દયા લાવીને ધર્મ-લાભની આશીષ આપી. ॥ ૪૨ ॥

के यूयं किमिहायाता । भाषिता इति तेन ते ॥
मृदुवाचोचिरे चारु—मुखपोतावृताननाः ॥ ४३ ॥

અર્થ:—તમો કોણ છો? અને અહીં કેમ આવ્યા છો? એવી રીતે તેણે બોલાવ્યાથી તેઓ મુખપર મુહપત્તિ રાખીને મિષ્ટ વચનોથી બોલ્યા કે, ॥ ૪૩ ॥

महानुभाव धर्मज्ञा । धर्मतत्वोपदेशकाः
श्रमणा इति विख्याता । धर्ममार्गे स्थिता वयं ॥ ४४ ॥

અર્થ:—હે મહાનુભાવ! અમો ધર્મ જાણનારા, ધર્મતત્વનો ઉપ-દેશ દેનારા તથા ધર્મમાર્ગમાં રહેનારા શ્રમણ નામથી પ્રખ્યાત થયેલા છીએ. ॥ ૪૪ ॥

क्रामंतः सारसार्थेन । सममेनां गिरिस्थलीं ॥
सार्थभ्रंशाद्भ्रमंतोऽत्र । समाजग्मिम सुंदर ॥ ४५ ॥

અર્થ:—વળી હે સુંદર! અમો એક સથવારાની સાથે ચાલતા હતા, પરંતુ તેથી વિખુટા પડવાથી અમો ભમતા ભમતા અહીં આ ગિરિસ્થલીમાં આવી ચડયા છીયે. ॥ ૪૫ ॥

साधुसंगसमुद्भूत—पुण्योल्लासः सुवासनः ॥
सरभः प्राह को धर्मो । धर्मज्ञा भवतां मतः ॥ ४६ ॥

અર્થ:—સાધુના સંગથી ઉત્પન્ન થયેલા પુણ્યના ઉલ્લાસવાળો તથા સ્વચ્છ વાસનાવાળો તે સરભ બોલ્યો કે, હે ધર્મજ્ઞ મુનિઓ! આપને કયો ધર્મ સમ્મત થયેલો છે? ॥ ૪૬ ॥

अनूचानास्तमूचाना । दृष्ट्वा प्रकृतिभद्रकं ॥
वत्स स्वच्छोऽसि यद्धर्म—विवेकं प्रचिकीर्षसि ॥ ४७ ॥

અર્થ:—ત્યારે તે મુનિઓ તેણે સ્વભાવથી ભદ્રક જાણીને બોલ્યા કે હે વત્સ! ખરેખર તું નિર્મલ હૃદયવાળો છો, કે ધર્મનું વિવેચન કરવાની ઇચ્છા કરે છે. ॥ ૪૭ ॥

समासेनैव धर्मस्य । रहस्यं ब्रूमहे शृणु ॥
परो हि दूयते येन । कार्यं धर्मार्थिना न तत् ॥ ४८ ॥

અર્થ:—હુવે અમો તને સંક્ષેપમાંજ ધર્મનું રહસ્ય કહીયે છીએ તે તું સાંભળ? જેથી પરપ્રાણીને દુ:ખ થાય એવું કાર્ય ધર્માર્થી માણસે કરવું નહિ. ॥ ૪૮ ॥

त्यजेदधिपमन्यायं । वयस्यं दांभिकं त्यजेत् ॥
दृष्टापायं त्यजेद्वासं । त्यजेद्धर्मं दयोज्झितं ॥ ४९ ॥

અર્થ:—અન્યાયી રાજાનો, કપટી મિત્રનો, નુકશાનીવાળા નિવાસનો અને દયારહિત ધર્મનો ત્યાગ કરવો. ॥ ૪૯ ॥

उत्तारयंति पानीया—त्तिमीन् जालेन ये जडाः
ते शंसंति भवे भाव्यं । पानीयोत्तारमात्मनः ॥ ५० ॥

અર્થ:—જે જડ માણસો જાળવડે જલમાંથી મત્સ્યોને ઉતારે છે, તેઓ આ સંસારમાં પોતાનું પાણી પણ ઉતરશે એમ જણાવે છે.

निर्घ्रंत्यशूकराजा ये । शुकराजादिपत्रिभिः ॥
विध्यंते तेऽचिराच्चंचु—घातैर्नरकपत्रिभिः ॥ ५१ ॥

અર્થ:—જે નિર્દયશિરોમણિઓ બાણોથી શુકરાજઆદિકોને મારે છે, તેઓને થોડા કાળમાંજ નરકના પક્ષિઓ ચંચુઘાતોથી વીંધી નાખેછે.

पतंगानां गतिच्छेदो । यैर्वधेन व्यधीयत ॥

आत्मनः सुगतिच्छेदं । तेनिरे ते नराधमाः ॥ ५२ ॥

અર્થ:—જેઓ વધ કરીને પક્ષિઓનો ગતિભંગ કરે છે, તે નીચ માણસો પોતાની સુગતિનો ભંગ કરે છે. ॥ ૫૨ ॥

अमौलिदेहमस्तंभं । गेहं रूपमयौवनं ॥

अवृत्तिक्षेत्रमस्वामि—सैन्यं कुलमनंगजं ॥ ५३ ॥

અર્થ:—જેમ મસ્તકવિના શરીર, સ્તંભવિના ઘર, યૌવનવિના રૂપ, વાડવિના ખેતર, નાયકવિના સૈન્ય, પુત્રવિના કુલ, ॥ ૫૩ ॥

अस्मृतिश्रुतिरज्ञानं । व्रतं धनमनर्जनं ॥

अमूलः पादपो धर्मो । विनश्यत्यदयस्तथा ॥ ५४ ॥

અર્થ:—સ્મરણવિના શાસ્ત્ર, જ્ઞાનવિના ચારિત્ર તથા કમાણીવિના જેમ ધન, અને મૂળવિના જેમ વૃક્ષ તેમ દયાવિનાનો ધર્મ નાશ પામે છે. ॥ ૫૪ ॥

आमंतगजमाकुंथु । यज्जीवो रक्ष्यते क्षितौ ॥

एष एव सतामिष्टो । धर्मो दुःकर्ममर्मभित् ॥ ५५ ॥

અર્થ:—છેક હાથીથી માંડીને કંથવાસુધીના જીવનું રક્ષણ કરવું તેજ દુષ્કર્મોના મર્મોને ભેદનારો ધર્મ સજ્જનોને વહાલો છે. ॥૫૫॥

मुनिभिः सरभः पुण्य—मार्गमित्यवतारितः ॥

स मार्गेऽलीलगत् साधू—नहो तस्य कृतज्ञता ॥ ५६ ॥

અર્થ:—એવી રીતે તે મુનિઓએ સરભને પુણ્યમાર્ગમાં ઉતાર્યો, ત્યારે તેણે પણ તે સાધુઓને માર્ગે ચડાવ્યા, અહો તેનું કૃતજ્ઞપણું કેવું ઉમદું છે! ॥ ૫૬ ॥

सौप्तिकायान्यदा भूरि—भिल्लैः पल्लीपतिर्युतः ॥

आत्तसर्वायुधोऽचाली—त्तेषां ह्येषैव जीविका ॥ ५७ ॥

અર્થ:—હવે એક દિવસે તે સરભપલ્લીપતિ ઘણા ભિલ્લોસહિત સર્વ હથિયારો લેઇને ધાડ પાડવામાટે ચાલ્યો, કેમકે તેઓની એજ આજીવિકા છે. ॥ ૫૭ ॥

तमोरूपास्तमोवेला—मिच्छंतः सौहृदादिव ॥

शबरा आदिनेशास्तं । वने तस्थुर्निलीय ते ॥ ५८ ॥

અર્થ:—અંધકારરૂપ તે ભિલ્લો જાણે મિત્રાઇથીજ અંધકારની વેળાને ઇચ્છતાથકા છેક સૂર્યના આથમવાસુધી વનનાં છુપાઇ રહ્યા.

तदा पुण्योदयाद्वाचः । साधूनां सरभोऽस्मरत् ॥
श्रूणीयंते हि ताश्चित्त—द्विपे कापथचारिणि ॥ ५९ ॥

અર્થ:—એવામાં પુણ્યના ઉદયથી સરભને સાધુઓનાં તે વચનો યાદ આવ્યાં. કેમકે કુમાર્ગે ચાલનારા ચિત્તરૂપી હાથીને અટકાવવામાં તે મુનિવચનો અંકુશસમાન હોય છે. ॥ ૫૯ ॥

शिक्षितः परपीडायाः । परीहारं मुनीश्वरैः ॥
तस्यामेव प्रवृत्तोऽस्मि । धिग्मां दुःशिष्यशेखरं ॥ ६० ॥

અર્થ:—અરે! તે મુનિઓએ પરને પીડા ન ઉપજાવવી, એમ મને શિખામણ આપી છે, અને તેજ પરપીડામાં હું પ્રવૃત્ત થયો છું, માટે મને કુશિષ્યના સરદારને ધિક્કાર છે. ॥ ૬૦ ॥

जनं हत्वा धनं हृत्वा । गोभ्यस्तर्णान् वियोज्य च ॥
अवस्था सैव मे भूयो । भविता पंचषैर्दिनैः ॥ ६१ ॥

અર્થ:—માણસોને મારવાથી, ધન હરવાથી તથા ગાયોથી વાછરડાંઓનો વિયોગ કરાવવાથી મારી પણ પાંચ છ દીવસોમાં તેજ અવસ્થા થશે. ॥ ૬૧ ॥

वृत्तिर्मृगभुजंगानां । सुकरा तृणवायुभिः ॥
मनुजा हंत दुःपुरो—दरा दैवेन चक्रिरे ॥ ६२ ॥

અર્થ:—હરિણ અને સર્પોની પણ ઘાસ અને વાયુથી થતી આજીવિકા સહેલી છે, પરંતુ અરેરે! દૈવે માણસોને દુ:ખે પેટ ભરાય એવા કર્યા છે. ॥ ૬૨ ॥

वरं बुभुक्षासहनं । गहनं सेवितं वरं ॥
न तृप्तिरपि दुःकर्म—प्रभवैर्विभवैः पुनः ॥ ६३ ॥

અર્થ:—ક્ષુધા સહન કરવી સારી, વનમાં નિવાસ કરવો સારો, પરંતુ કુકર્મથી મેળવેલા ધનથી તૃપ્ત થવું પણ સારૂં નથી. ॥ ૬૩ ॥

किमेभिरायुधैर्जंतु—हत्ययेव मलीमसैः ॥
अमीभिः सैनिकैः किं वा । श्वभ्रसंचारसाधकैः ॥ ६४ ॥

અર્થ:—જીવહિંસાથી જાણે મલીન થયેલા એવા આ હથિયારોનું મારે શું પ્રયોજન છે? તથા નરકમાં મોકલનારા આ સૈનિકોનું પણ મારે શું પ્રયોજન છે? ॥ ૬૪ ॥

एवं शमसुधांभोधि—वीचिविमलिताशयः ॥
सोऽचालीदायुधांस्त्यक्त्वा—ऽनापृच्छ्य च परिच्छदं ॥६५॥

અર્થ:—એવી રીતે શાંતતારૂપી અમૃતસાગરના મોજાંઓથી નિર્મલ થયેલા આશયવાળો તે સરભ હથિયારો છોડીને પરિવારની રજા લીધાવિનાજ ત્યાંથી ચાલ્યો ગયો. ॥ ૬૫ ॥

कृपापूर्णमनाः पाप—भीरुर्निर्मुक्तमत्सरः ॥
सद्वृत्तमत्यजन्नित्य—मायुः स स्वमपूरयत् ॥ ६६ ॥

અર્થ:—દયાથી સંપૂર્ણ મનવાળા, પાપોથી ડરેલા તથા મત્સર-રહિત થયેલા તે સરભે હમેશાં પોતાનું સદાચરણ નહિ છોડતાંથકાં પોતાનું આયુ સંપૂર્ણ કર્યું. ॥ ૬૬ ॥

कृत्वा समाधिना कालं । कुशाग्रपुरपत्तने ॥
कुले सुरेंद्रदत्तस्य । धम्मिल त्वमभूः सुतः ॥ ६७ ॥

અર્થ:—પછી સમાધિપૂર્વક કાળ કરીને કુશાગ્રપુર નામના નગરમાં તું સુરેંદ્રદત્તના કુલમાં ધમ્મિલ નામનો પુત્ર થયો. ॥ ૬૭ ॥

यत्प्राग्भवे दयापुण्य—मनन्यतुलितं व्यधाः ॥
पुष्टः क्षीणोऽपि तेनाय—मभवद्विभवस्तव ॥ ६८ ॥

અર્થ:—પૂર્વભવમાં તેં જે અનુપમ દયાપુણ્ય કર્યું, તેથી તારો ક્ષીણ થયેલો વૈભવ પણ પાછો પુષ્ટ થયો. ॥ ૬૮ ॥

गुरोरिति गिरास्मार्षी—द्धम्मिलः प्राच्यजन्मनः ॥
ग्रंथस्य विस्मृतस्येव । विनेयो विनयोज्ज्वलः ॥ ६९ ॥

અર્થ:—વિનયથી નિર્મલ થયેલો શિષ્ય ગુરૂના વચનથી જેમ વિસરેલા ગ્રંથને યાદ કરે તેમ ધમ્મિલે ગુરૂના વચનથી પોતાનો પૂર્વભવ યાદ કર્યો. ॥ ૬૯ ॥

ततो वैराग्यतो रोगे—ष्विव भोगेष्वनादरी ॥
दध्यावध्यात्मबुद्धयासा—विति व्रतरुचिश्चिरं ॥ ७० ॥

અર્થ:—પછી વૈરાગ્યથી રોગોસરખા ભોગોમાં આદરરહિત થઇને ચારિત્રમાં રૂચિ ધારણ કરીને અધ્યાત્મબુદ્ધિથી તે ચિરકાલસુધી વિચારવા લાગ્યો કે, ॥ ૭૦ ॥

अहो मोहाज्जनो जन्म—जराद्यं दूषणव्रजं ॥
न पश्यति भवे कामी । कलत्रमिव दुर्नयं ॥ ७१ ॥

અર્થ:—અહો ! કામી માણસ જેમ દુરાચારી સ્ત્રીને જોતો નથી, તેમ આ સંસારમાં માણસ મોહને લીધે જન્મ, જરાઆદિક દૂષણોના સમુહને જોતો નથી. ॥ ૭૧ ॥

न भोगैर्भूरिभिर्भुक्तै—रुपर्युपरि तृप्यति ॥

संसारे विविधाहारै—र्भस्मकव्याधिमानिव ॥ ७२ ॥

અર્થ:—ભસ્મક વ્યાધિવાળો માણસ જેમ વિવિધ ભોજનથી સંતુષ્ટ થતો નથી, તેમ સંસારી માણસ પણ ઉપરાઉપર ભોગવેલા ઘણા ભોગોથી પણ સંતુષ્ટ થતો નથી. ॥ ७२ ॥

सभुजंगमिवागारं । रजोमिश्रमिवोदकं ॥

सत्रासमिव माणिक्यं । मलक्लिन्नमिवांबरं ॥ ७३ ॥

અર્થ:—માટે સર્પવાળા ઘરની પેઠે, ધુળથી મિશ્ર થયેલા જલની પેઠે, ત્રાસવાળા માણિક્યની પેઠે, મેલથી ભરેલાં વસ્ત્રની પેઠે, ॥૭૩॥

सकंटकमिवाध्वानं । क्रूरकेंद्रमिवोदयं ॥

न स्त्रीकुर्याद् बुधो भूरि—क्लेशं वैषयिकं सुखं ॥ ७४ ॥

અર્થ:—કાંટાવાળા માર્ગનીપેઠે તથા ક્રૂર કેંદ્રવાળા ઉદયનીપેઠે ડાહ્યો માણસ ઘણા કલેશોવાળા વૈષયિક સુખને સ્વીકારતો નથી.

आजन्म यन्महाक्लेश—कोटीभिः समुपार्ज्यते ॥

पश्यतः परकीयं स्या—त्तद्धनं निधनक्षणे ॥ ७५ ॥

અર્થ:—છેક જીવિતપર્યંત ક્રોડાગમે મહાકલેશોથી જે ધન ઉપાર્જન કરાય છે, તે ધન મૃત્યુસમયે જોતજોતામાં પારકું થાય છે. ॥૭૫॥

बिभरांचक्रिरे स्नेहा—द्या निजांगवदंगनाः ॥

पत्युर्मृत्युक्षणे ताः स्युः । स्वस्वार्थप्राप्तितत्पराः ॥ ७६ ॥

અર્થ:—જે સ્ત્રીઓનું સ્નેહથી પોતાના શરીરનીપેઠે પોષણ કરવામાં આવ્યું છે, તેઓ પણ પતિના મૃત્યુસમયે પોતાનો સ્વાર્થ સાધવામાટેજ તત્પર થાય છે. ॥ ७६ ॥

ये स्वतोऽप्यधिकं स्निग्धैः । कवलैः पोषिताः सुताः ॥

तेऽपि दारूणि दत्त्वांते । सुखिता भुंजते धनं ॥ ७७ ॥

અર્થ:—જે પુત્રોને પોતાથી પણ અધિક રીતે સ્નિગ્ધ ભોજનથી પોષવામાં આવ્યા છે, તેઓ પણ અંતસમયે કાષ્ઠો આપીને પછી સુખેથી તે ધન ભોગવે છે. ॥ ७७ ॥

कृत्याकृत्यविचारेण । यदपालि कलेवरं ॥

वैरिण्या जरसा प्रांते । मिलितं तद्विनंक्ष्यति ॥ ७८ ॥

અર્થઃ—કૃત્ય અકૃત્યનો વિચાર કર્યાવિના જે આ શરીરને પોષવામાં આવ્યું છે, તે પણ અંતે વૈરી એવા ઘડપણસાથે મલીને નષ્ટ થાય છે. ॥ ૭૮ ॥

एवं तांडवयंश्चित्त—रंगे नीरागतानटीं ॥
सुगुरोश्चरणौ नत्वा । तत्वार्थीति व्यजिज्ञपत् ॥ ७९ ॥

અર્થઃ—એવી રીતે વૈરાગ્યરૂપી નટીને પોતાના મનરૂપી રંગમંડપમાં નચાવતોથકો તે ધમ્મિલ તે સુગુરૂના ચરણોમાં નમીને તત્વનો અર્થી થયોથકો વિનંતિ કરવા લાગ્યો કે, ॥ ૭૯ ॥

प्रभो भाग्येन दृष्टोऽसि । जंगमस्त्वं सुरद्रुमः ॥
दत्वा दीक्षाफलं तन्मां । सुकृतार्थ कृतार्थय ॥ ८० ॥

અર્થઃ—હે પ્રભો! ભાગ્યોદયથીજ જંગમ કલ્પવૃક્ષસમાન આપ મારી દૃષ્ટિએ પડેલા છો, માટે હે સુકૃતાર્થ! આપ મને દીક્ષારૂપી ફલ આપીને કૃતાર્થ કરો. ॥ ૮૦ ॥

ततः सूरिरमुं मुक्त—मुक्ताभूषमदूषणं ॥
गुरुपादांबुजस्पर्शा—द्धन्यंमन्यमदीक्षयत् ॥ ८१ ॥

અર્થઃ—ત્યારે મોતીઓના આભુષણોથી રહિત થયેલા, દૂષણવિનાના અને ગુરૂના ચરણકમલના સ્પર્શથી પોતાને ધન્ય માનતા એવા તે ધમ્મિલને ગુરૂમહારાજે દીક્ષા આપી. ॥ ૮૧ ॥

विज्ञातश्रमणाचारो । विहरन् गुरुणा सह ॥
अंगान्यधिजगे भक्ति—रंगादेकादशापि सः ॥ ८२ ॥

અર્થઃ—હવે જાણેલ છે સાધુઓનો આચાર જેણે એવા તે ધમ્મિલે ગુરૂસાથે વિહાર કરતાંથકાં ભક્તિના રંગથી અગ્યારે અંગોનો અભ્યાસ કર્યો. ॥ ૮૨ ॥

अधीतशास्त्रसूत्रार्थ—स्मृतिव्यग्रं न तन्मनः ॥
अवकाशमपि नाप । प्रमादैः सह संस्तवे ॥ ८३ ॥

અર્થઃ—ભણેલાં શાસ્ત્રોનાં સૂત્રોનાં અર્થોના સ્મરણમાં આસક્ત થયેલું તેનું મન પ્રમાદસાથે પરિચય કરવામાં અવકાશ પણ પામ્યું નહિ. ॥ ૮૩ ॥

तत्यजे यच्चिरं मुक्त—मपि सांसारिकं सुखं ॥
न जातु तत्र सोऽरंस्त । निर्मोक इव पन्नगः ॥ ८४ ॥

અર્થઃ—ઘણા કાળસુધ ભોગવેલું એવું પણ જે સંસારિક સુખ તેણે તજી દીધું, તે સુખમાં છોડેલી કાંચળીમાં જેમ સર્પ તેમ તે કદાપિ આસક્ત થયો નહિ. ॥ ૮૪ ॥

दृढगाढनवब्रह्म—गुप्तिभित्त्यंतरास्थितं ॥
नारीकटाक्षनाराचै—रविध्यंत न तन्मनः ॥ ८५ ॥

અર્થઃ—દૃઢ અને મજબુત એવી નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓરૂપી ભીંતોની અંદર રહેલું તેનું મન સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી વિંધાયું નહિ. ॥ ૮૫ ॥

शीतवातातपक्लेश—सहने स वनेचरैः ॥
अलक्ष्यत गुरुग्राव—घटितप्रतिमोपमः ॥ ८६ ॥

અર્થઃ—ઠંડી વાયુ અને તાપના કલેશોને સહન કરવામાં વનચરોએ તે ધમ્મિલ મુનિને મહાન પત્થરની ઘડેલી પ્રતિમાસરખા જોયા.

एवंविधविहारेण । विहरन् स महीतले ॥
ज्ञात्वावसितमायुः स्वं । जगृहेऽनशनं सुधीः ॥ ८७ ॥

અર્થઃ—એવી રીતના વિહારથી તે સુબુદ્ધિ ધમ્મિલમુનિએ પૃથ્વીપર વિહાર કરતાંથકાં પોતાના આયુનો અંતકાળ જાણીને અનશન ગ્રહણ કર્યું. ॥ ૮૭ ॥

प्रपद्य त्रिंशताहोभि—रेष संलेखनां सुखं ॥
सद्ध्यानयानमारूढः । कल्पं नाम्नाच्युतं ययौ ॥ ८८ ॥

અર્થઃ—ત્રીશ દિવસોસુધી સુખેથી સંલેખના કરીને ઉત્તમ ધ્યાનરૂપી વાહનપર ચડીને તે અચ્યુત નામના દેવલોકમાં ગયા. ॥ ૮૮ ॥

द्वाविंशतिमसौ तत्र । सागरोपमितीन् सुखं ॥
भुक्त्वा महाविदेहेषु । सत्कुले जन्म लप्स्यते ॥ ८९ ॥

અર્થઃ—ત્યાં તે બાવીસ સાગરોપમનું સુખ ભોગવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુલમાં જન્મ પામશે. ॥ ૮૯ ॥

तत्रापि समये दीक्षा—मुरीकृत्य तपोजलैः ॥
धौतकर्ममलो गंता । तत्त्वतः पदमच्युतं ॥ ९० ॥

અર્થઃ—ત્યાં પણ સમયે દીક્ષા લેઇ તપરૂપી જલથી કર્મરૂપી મેલને ધોઇને તત્વથી મોક્ષસ્થાનમાં જશે. ॥ ૯૦ ॥

एवं बुधश्रुतिसुधाश्रुतिधम्मिलस्य ।
सम्यग्निशम्य चरितं करुणाकरस्य ॥
आमुष्मिकैहिकसुखाय भजंतु जंतु—
रक्षार्थमादरमुदारधियः सदैव ॥ ९१ ॥

અર્થઃ—એવી રીતે દયાની ખાણસરખા તે ધમ્મિલમુનિનું વિદ્વાનોનાં કર્ણોને અમૃતના ઝરણાસરખું ચરિત્ર સમ્યક્પ્રકારે સાંભલીને ઉદાર બુદ્ધિવાળા મનુષ્યો! હમેશાં આ લોક અને પરલોકના સુખમાટે જીવદયામાં આદર કરો? ॥ ૧૧ ॥

॥ इति श्रीजयशेखरसूरींद्रकृतं धम्मिलचरित्रं संपूर्ण ॥

॥ શ્રીજયશેખર સૂરીશ્વરે રચેલા શ્રીધમ્મિલચરિત્રનું
ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ થયું. ॥

॥ श्रीरस्तु ॥

# ॥ प्रशस्तिः ॥

स श्रीनाभिनरेंद्रनंदनजिनः श्रेयांसि देयाच्चिरं ।
यः स्थाम्ना त्रिजगत्पराभवकरं भूपं जिगाय स्मरं ॥
स्कंधद्वंद्वनिलीनकुंतलततिव्याजेन वर्याक्षर—
न्यासं वैरिजयप्रशस्तिरमला तेनैव किं लिख्यते ॥ १ ॥

અર્થ:—જેણે પોતાના બળથી ત્રણે જગતને પરાભવ કરનારા કામદેવરૂપી રાજાને જીતેલો છે, અને તેથીજ જાણે બન્ને ખભાપર લટકતી કેશોની શ્રેણીના મિષથી ઉત્તમ અક્ષરની સ્થાપનાવાળી વૈરિને જીતવાથી નિર્મલ જયપ્રશસ્તિ શું લખી હોય નહિ, એવા તે શ્રીનાભિરાજાના પુત્ર પ્રથમ જિનેશ્વર ચિરકાલસુધી કલ્યાણ આપો?

श्रीसिद्धार्थनरेंद्रवंशतिलकः श्रीवर्धमानो जिन—
स्तत्पट्टे किल पंचमो गणधरः स्वामी सुधर्मा ततः ॥
श्रीजंबूप्रभवादयो गणभृतस्तेषां क्रमेणागतः ।
श्रीमानंचलगच्छ एष विजयी विश्वे चिरं नंदतात् ॥ २ ॥

અર્થ:—શ્રીસિદ્ધાર્થરાજાના વંશમાં તિલકસમાન શ્રીવર્ધમાન જિનેશ્વર થયા, તેમની પાટે પાંચમા ગણધર શ્રીસુધર્માસ્વામી થયા, ત્યારબાદ શ્રીજંબૂસ્વામી તથા પ્રભવસ્વામિ આદિક ગણધરો થયા, અને તેઓના અનુક્રમથી આવેલો આ વિજયવાળો અંચલગચ્છ જગતમાં ચિરકાલસુધી વૃદ્ધિ પામો? ॥ ૨ ॥

तत्रार्यरक्षितगुरुर्जयसिंहसूरिः ।
श्रीधर्मघोषगुरवोऽथ महेंद्रसिंहाः ॥
सिंहप्रभो गणधरोऽजितसिंहसूरि—
र्देवेंद्रसिंहगुरवः परवादिजैत्राः ॥ ३ ॥

અર્થ:—તે અંચલગચ્છમાં શ્રીઆર્યરક્ષિતસૂરિ, જયસિંહસૂરિ, શ્રીધર્મઘોષસૂરિ, મહેંદ્રસિંહસૂરિ, સિંહપ્રભસૂરિ તથા ગણધર એવા અજિતસિંહસૂરિ અને પરવાદીઓને જીતનારા શ્રીદેવેંદ્રસિંહસૂરિ થયા.

धर्मप्रभो गणधरो जितवादिसिंहः ।
श्रीसिंहसूरितिलका गुरवो महेंद्राः ॥
तत्पट्टकाननमनोहरकल्पवृक्षा ।
विश्वे जयंतु सुचिरं गुरुमेरुतुंगाः ॥ ४ ॥

અર્થ:—પછી જીતેલ છે વાદિરૂપી સિંહ જેણે એવા ધર્મપ્રભ નામે ગણધર થયા, પછી શ્રીસિંહતિલકસૂરિ તથા પછી મહેંદ્રપ્રભસૂરિ થયા, તેમની પાટરૂપી વનમાં મનોહર કલ્પવૃક્ષસરખા શ્રીમેરૂતુંગસૂરિ જગતમાં ચિરકાલસુધી જયવંતા વર્તો. ॥ ૪ ॥

महेंद्रप्रभसूरींद्र—पाणिपंकजदीक्षिताः ॥
दक्षमुख्यास्त्रयः शिष्या । अभूवन्निति नामतः ॥ ५ ॥

અર્થ:—શ્રીમહેંદ્રપ્રભસૂરિરાજના હસ્તકમલથી દિક્ષિત થયેલા તથા દક્ષોમાં મુખ્ય નીચેમુજબ નામવાળા ત્રણ શિષ્યો થયા.

श्रीमुनिशेखरसूरिः । श्रीजयशेखरसूरयः ॥
श्रीमेरुतुंगसूरींद्रा—स्ते च पट्टे प्रतिष्ठिताः ॥ ६ ॥

અર્થ:—શ્રીમુનિશેખરસૂરિ, શ્રીજયશેખરસૂરિ, અનેશ્રીમેરૂતુંગસૂરિ. તેઓમાંથી તે મેરૂતુંગસૂરિને પાટપર સ્થાપન કર્યા હતા. ॥૬॥

कविचक्रधरः श्रीमान् । सूरिः श्रीजयशेखरः ॥
नापि वेधा विधातुं य—त्कवित्वगणनां विभुः ॥ ७ ॥

અર્થ:—તેઓમાં શ્રીમાન જયશેખશસૂરિ કવિઓમાં ચક્રવતીસમાન થયા, કે જેની કવિતાની ગણત્રી કરવાને બ્રહ્મા પણ સમર્થ નથી.

प्रबोधचिंतामणिरद्भुतस्तथो—
पदेशचिंतामणिरर्थपेशलः ॥
व्यधायि यैर्जैनकुमारसंभवा—
भिधानतः सूक्तिसुधासरोवरं ॥ ८ ॥

અર્થ:—વળી જેમણે અદ્દભુત એવો પ્રબોધચિંતામણિ નામે ગ્રંથ, અર્થથી મનોહર ઉપદેશચિંતામણિ નામે ગ્રંથ, તથા સુભાષિતરૂપી અમૃતના સરોવરસરખું જૈનકુમારસંભવ નામે મહાકાવ્ય બનાવ્યું છે.

विज्ञार्थितैस्तैः किल धम्मिलस्य ।
प्रशस्यमेतच्चरितं वितेने ॥
निपीयतां तत्र पवित्रपुण्य—
रसः सरस्यामिव भव्यलोकाः ॥ ९ ॥

અર્થ:—વળી વિદ્વાનોએ પ્રાર્થના કરવાથી તેઓએ ધમ્મિલનું આ પ્રશંસાપાત્ર ચરિત્ર રચ્યું છે, માટે તળાવનીપેઠે તેમાં રહેલા પવિત્રપુણ્યરસને હે ભવ્યલોકો! તમો પીઓ? ॥ ૯ ॥

द्विषद्वारिधिचंद्रांक-वर्षे विक्रमभूपतेः ॥
अकारि तन्मनोहारि । पूर्णं गुर्जरमंडले ॥ १० ॥

અર્થ:—વિક્રમરાજાના ચૌદસો બાસઠ ( ૧૪૬૨ ) ના વર્ષમાં આ મનોહર ચરિત્ર ગુજરાત દેશમાં સંપૂર્ણ કર્યું. ॥ ૧૦ ॥

तत्र त्रीणि सहस्राणि । तथा पंचशतानि च ॥
चतस्रोऽनुष्टुभश्चेति । ग्रंथसंख्या विनिश्चिता ॥ ११ ॥

અર્થ:—આ ચરિત્રમાં ત્રણ હજાર પાંચસોને ચાર ( ૩૫૦૪ ) અનુષ્ટુપ્ શ્લોકોની ગ્રંથસંખ્યા નિશ્ચય કરેલી છે. ॥ ૧૧ ॥

यावन्मेरुमहीधरः क्षितितले यावच्च रत्नाकरा ।
यावच्चंद्रदिवाकरौ ग्रहगणा यावन्नभस्तारकाः ॥
भव्यानां शिवमार्गदर्शनविधौ बिभ्रत्प्रदीपायितं ।
तावन्नंदतु धम्मिलस्य चरितं वाच्यं मुनींद्रैश्चिरं ॥ १२ ॥

અર્થ:—જ્યાંસુધી આ પૃથ્વીતલપર મેરૂપર્વત છે, જ્યાંસુધી સમુદ્રો છે, જ્યાંસુધી ચંદ્ર, સૂર્ય અને ગ્રહોના સમુહો છે, તથા જ્યાંસુધી આકાશમાં તારાઓ છે, ત્યાંસુધી ભવ્યલોકોને મોક્ષમાર્ગ દેખાડવાની વિધિમાં દીપકસરખું તથા મુનીશ્વરોથી વંચાતું એવું આ ધમ્મિલનું ચરિત્ર ચિરકાલસુધી સમૃદ્ધિ પામો. ॥ ૧૨ ॥

## ॥ इति प्रशस्तिः ॥

# नीचे मुजब ग्रंथो तैयार छे.

मृगावती चरित्र—श्लोकबद्ध—मलधारी श्री देवप्रभसूरिनी अद्भुत कृतिवाळो आ ग्रंथ अमे बे प्रतो साथे राखी बनते प्रयासे शुद्ध करी छापी तैयार करेल छे. प्रत आकारे सुपर-रोयल १२) पेजी फोर्म श्लोक संख्या १७००) आशरे जाडा कागळमां छतां सर्व कोइ लाभ लई शके ते माटे किं. रु. २) राखी छे.

गौतमपृच्छावृत्ति—आ ग्रंथ साधु साध्वी दरेकने खास उपयोगी छे. प्रभु श्रीमहावीरने गौतम गणधरे अडतालीस प्रश्नो ६४ मागधी गाथामां पूछेला ते मूळ गाथा, तेनी संस्कृत टीका तथा दृष्टांतनी कथाओ सरल भाषामां होवाथी साधारण संस्कृत ज्ञानवाळाने पण उपयोगी छे. प्रत आकारे सुपर रोयल १२) पेजी फोर्ममां श्लोक संख्या १७००) आशरे छे. छतां किं. रु. २)

सम्यक्त्वकौमुदी—गद्य-पद्य-आ ग्रंथमां कथाओ साथे प्रास्ताविक श्लोको घणा मुकेल होवाथी आ मशहूर ग्रंथ व्याख्यानमां वांचवाने तथा साधारण संस्कृत भणेलाने घणो उपयोगी छे. किं. रु. २

(दरेकनुं टपाल खर्च जूदुं समजवुं.)

पुस्तको मलवानुं ठेकाणुं.—

वोठलजो हीरालाल लालन.

सूर्योदय प्रिन्टिंग प्रेस—जामनगर.

अंचलगच्छ स्थापक आर्यरक्षितसूरि पुस्तकोद्धार
खाताना पडतर कीमते वेचाता तैयार—

# जैन ग्रंथो.

उपदेशचिंतामणी सटीक—कर्ता जयशेखरसूरि—भाषांतरसहित
कुल पृष्ट २४००—(चारे भाग साथे मोकलवामां आवे छे) रु. १०

श्रीआदिनाथजीनो रास—(कर्ता दर्शनसागर उपाध्यायजी
—पृष्ट ८००)....रु. ३

श्रीपालराजानो रास—कर्ता न्यानसागरजी.
अर्थसहित—पृष्ट ३००) .... .... रु. २

वर्धमानपद्मसिंह चरित्र—काव्यबद्ध—भाषांतर सहित .... रु. २
" " " " " बुक बांधेली रु. २॥

कल्पसूत्र—( मूळ (बारसो ) .... .... .... .... रु. २

अंचलगच्छनी महोटी पटावली ( गुजराती भाषा अने गुजराती
टाइपमां चोपडी आकारे ) .... .... .... रु. ५

अंचलगच्छी पंचप्रतिक्रमण—( गुजराती टाइप—
चोपडी आकारे ) .... .... .... रु. १॥

( दरेकनुं टपाल खर्च जूदुं समजवुं )

पुस्तको मलवानुं ठेकाणुंः—

वीठलजी हीरालाल लालन.



सूर्योदय प्रिन्टिग प्रेस—जामनगर.